## મુલુન્ડમાં જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા

પૂ.આ.શ્રી વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાના પ્રતાપે શેઠ રમણીકલાલ અમૃતલાલ કુંભણવાળા તરફથી પોતાના મકાન-વિદ્યાવિહારમાં જ્ઞાન પંચમીના મંગળ દિને સહીયારી જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળાનું ઉદ્ઘાટન-વાજતેગાજતે પ્રચંડ મેદની વચ્ચે થયું.

પુદ્ગલ વોસિરાવવાની મંગળ ક્રિયા-જંગી જનમેદનીએ ભાવ-વિભોર બની કરી.

૧૦૫ જણાએ ચોથુ વ્રત ઉચ્ચર્યું. રૂા. ૧૦૧ તથા ચરવળા મુહપત્તિ કટાસણ વિ. ની પ્રભાવના ભાવિકો તરફથી હતી. ત્રણે સ્થળે ચાતુર્માસ બદલતા હજારો ભાવિકો ઉમટ્યા હતા. સંઘપૂજન-સાધર્મિક ભક્તિ વગેરે ત્રણે સ્થળે ત્રણ દિવસ ભવ્ય સામૈયા સાથે ઈસ્ટમાં નૂતન ગૃહમંદિર-ઉપાશ્રય-પાઠશાળા તાજેતરમાં જ નિર્માણ થશે મુલુન્ડના ઈતિહાસમાં સોનેરી પૃષ્ઠે આ ચાતુર્માસ અંકિત થયું છે.

● **મુંબઈ** (શ્રેયસહોલ - બાબુલનાથ) : અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું ઠા. ૨૪ સાથે ચાતુર્માસ ઝાકઝમાળ થયું. પૂજ્યશ્રીના અને પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. ના વાચના-વ્યાખ્યાન જોરદાર ચાલ્યા. દર રવિવારે શિબિર અને જાહેર વ્યાખ્યાનમાં લગભગ ૧૨૦૦ યુવાનો લાભ લેતા હતા. ચાતુર્માસ પરિવર્તન માટે અનેક વિનંતીઓમાંથી પૂ. મુનિરાજશ્રી શોભનવિજયજી મહારાજના સંસારીપણે બંધુ ભાઈશ્રી અરવિંદભાઈ હીરાચંદની વિનંતી માન્ય રખાઈ. કા.સુ. ૧૫ સવારે બાજુના 'તેજકિરણ' બિલ્ડિંગના ચોકમાં બાંધવામાં આવેલ મોટા શ્રી શત્રુંજય પટ આગળ સંઘ સાથે પ્રભુભક્તિ-તીર્થભક્તિ થઈ. તેજકિરણ રહેવાસીઓ તરફથી સવારે નવકારશી સંઘભક્તિ થઈ. બાદ ૯ વાગે ચાતુર્માસ પરિવર્તનનો સંઘ સાથે વરઘોડો ચઢ્યો. તે રાજમાર્ગોએ ફરીને ભાઈશ્રી અરવિંદભાઈને ત્યાં ઊતર્યો. સુંદર માંગલિક પ્રવચન થયા. પૂજ્યશ્રીનો કા.વ. ૨ સવારે 'તેજકિરણ' થી વિહાર હતો એ વખતે મોટી મેદની પૂજ્યશ્રીને વળાવવા આવી. ભાઈઓ તથા બેનોની આંખો આંસુઓથી છલકાઈ રહી હતી, સૌ ભાવના કરી રહ્યા હતા કે ભવિષ્યમાં ધર્મનો આવો અમૂલ્ય લાભ ક્યારે મળશે ! પૂજ્યશ્રી વદ-૩ દાદર જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓની તથા સંઘની ખાસ વિનંતીથી જ્ઞાનમંદિર પધાર્યા. પાંચ દિવસ આનંદઘન સ્તવન ચોવિસી પરની વાચના તથા વ્યાખ્યાનો જોરદાર ચાલ્યા. આગેવાન શ્રાવક શેઠશ્રી દામજીભાઈ જેઠાભાઈ તથા



જ્ઞાનમંદિરના ટ્રસ્ટી શ્રી ભાઈલાલભાઈએ અત્રે રોકાવવા આગ્રહપૂર્વક વિનંતી કરી. પૂજ્યશ્રીએ હમણાં અંધેરી-ઈર્લા ઉપધાનમાળ પ્રસંગે જવાનું નક્કી થયું હોવાથી રોકાવવાની અશક્યતા બતાવી ત્યારે એ પ્રસંગ પછી અત્રે પાછા પધારી એક બે મહિના સ્થિરતા કરીને તત્ત્વવાણીનો અનુપમ લાભ આપવા ભારપૂર્વક આમંત્રણ આપ્યું. ત્યાંથી વિહાર કરી પૂજ્યશ્રી સંઘના ભારે ઉલ્લાસ અને સ્વાગત સામૈયા સાથે કા.વ. ૮ ના અંધેરી ઈર્લાબ્રીજ કરમચંદ હોલમાં પધાર્યા. વાચના-વ્યાખ્યાનો ચાલુ છે. અત્રે મા.સુ. ૨ માળનો તથા પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. ના સંસારી પણે મોટાભાઈ શ્રી ચીમનલાલ મગનલાલની દીક્ષા-વરસીદાનનો વરઘોડો છે. તેમજ સુદ-૩ ઉપધાન માળારોપણ તથા ચીમનભાઈની દીક્ષા છે. અંધેરીથી વિહાર કરી મા.સુ. ૫થી મૌન અગીયારસ સુધી મલાડ ઈષ્ટ જગત્ ગુરુ હીરસૂરિ જૈન ઉપાશ્રયે-ટ્રસ્ટીઓની ખૂબ જ આગ્રહભરી માંગણીથી પધારવાનું અને ત્યાં સ્થિરતા કરવાનો કાર્યક્રમ નક્કી થયો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૧૬,તા.૨૮-૧૨-૧૯૮૫

## તીર્થાધિરાજ શ્રી શત્રુંજય યાત્રાસંઘ

● **અમદાવાદ :** ગીરધરનગરથી ગં. રતનબેન ધૂલજીભાઈ ચંપાલાલ પરિવાર દ્વારા આયોજિત શ્રી સંઘ પૂજ્ય પંન્યાસજી શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં ગીરધરનગર અમદાવાદથી પ્રયાણ કરી ગામોગામ ધર્મપ્રભાવના કરતો પાલીતાણા માગશર સુદ-૩ના પહોંચ્યો... માગશર સુદ-૪ના પૂજ્યપાદ તપસ્વીરત્ન આચાર્યદેવશ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્યદેવશ્રી વિજય નરરત્નસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં તીર્થ માળારોપણનો ભવ્ય પ્રસંગ ઉજવાયો... રસ્તામાં ગામેગામ ધર્મપ્રભાવના અને શાસનપ્રભાવના સુંદર થતી.

● **દાદર :** અત્રેના આરાધનાભુવન સંઘના આરાધક ભાઈશ્રી બાબુભાઈ ભવાનજીએ પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી પોતાના ઘરમાં સુંદર ગૃહજિનમંદિરનું નિર્માણ કર્યું... મલાડ (વેસ્ટ) દેવકરણ મુળજીભાઈ જૈન દેરાસરમાં રહેલા અને કુમુદભાઈ પારેખ કાંદીવલીવાળાના ભરાવેલા શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનની ભવ્ય પ્રતિમાજી માગશર સુદ-૨ના દાદર જ્ઞાનમંદિર પધરાવી ત્યાંથી માગશર સુદ-૪ના વાજતે ગાજતે ભવ્ય વરઘોડા સાથે પૂ. મુનિશ્રી જયતિલકવિજયજી મહારાજની નિશ્રામાં પોતાના ઘરે જિનમંદિરમાં સ્થાપિત કર્યા... સંઘપૂજન થયેલ... પ્રભુજીને પધરાવતા

મકાનના જૈનેતરો પણ એટલા પ્રભાવિત થયા કે રોજ સવારના દર્શન-વંદન કરી રહ્યા છે.

● **બોટાદ :** પૂ.પં.શ્રી યશોભદ્રવિજયજી મહારાજની નિશ્રામાં પૂ. મુનિશ્રી કનકસુંદર વિજયજી મહારાજની પ્રેરણાથી ચોમાસા દરમ્યાન ખૂબ જ સારી આરાધના થઈ. ૨૪૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આહાર શુદ્ધિ પ્રકાશ પુસ્તકનો વ્યવસ્થિત અભ્યાસ કર્યો... ૧૫૦ જેટલા ભાવિકોએ ભવઆલોચના કરી... ૫૦ જેટલા આરાધકોએ વીસસ્થાનક તપ શરૂ કર્યો... ચાર શરણ સ્વીકાર-દુષ્કૃતગર્હા-સુકૃત અનુમોદનમાં લોકો સારા પ્રમાણમાં જોડાયા... ૪૨૫થી વધુ બાળકોએ ફટાકડા નહિ ફોડવાની પ્રતિજ્ઞા કરી... જીવદયાના સારા કાર્યો થયા... મહાજનના ઢોરોને લાડવા ખવડાવવામાં આવ્યા ત્યારે ઢોરોના ચહેરા આનંદિત થઈ ગયા. માંદા ઢોરને નવકાર સંભળાવવાનું ચાલે છે.

● **બેંગ્લોર :** પૂ.પં.શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર તેમજ પૂ. મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં **માંગલીરોડ**માં જિનમંદિરની પ્રતિષ્ઠા ખૂબ જ ઠાઠથી થઈ. લોકોએ ઉછામણીમાં ખૂબ સારો લાભ લીધો... કાયમી પાઠશાળાની સ્થાપના થઈ.

● **પટણા (બિહાર) :** પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજની નિશ્રામાં ચિત્રગુપ્ત નગરમાં ભંવરલાલજી વૈદ્યના ગૃહમંદિરમાં ધર્મપ્રેમી સુશ્રાવિકા તારાબેન કાંકરીયાના ભરાવેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ખૂબ ઠાઠથી ચલ પ્રતિષ્ઠા થઈ...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૨૦,તા.૨૫-૧-૧૯૮૬

● **બોટાદ :** પ.પૂ.પં.શ્રી યશોભદ્રવિજયજી ગણિવરની નિશ્રામાં પ.પૂ. મુનિરાજશ્રી કનકસુંદરવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી અત્રે શ્રી સંઘમાં સારો ઉત્સાહ પ્રવર્ત્યો. પૂ. મુનિરાજશ્રીની વર્ધમાનતપ ૮૦ મી ઓળીના પારણા નિમિત્તે કુલ્લે ૫૦૦૦ આયંબિલ, ૫૦૦૦૦ સામાયિક સવા કરોડ નવકારમંત્ર જાપ વગેરે નિયમો લેવાયા. વળી નાણસમક્ષ ૫૦ આરાધકોએ બાર વ્રત ૧૨ આરાધકોએ ચતુર્થવ્રત ઉચ્ચર્યા. પૂજ્ય મુનિરાજશ્રીની દીક્ષાદિનની અનુમોદના નિમિત્તે ૫૦૦૦ સામાયિક અઢી કરોડ 'અરિહંત' પદના જાપ થયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૨૨,તા.૮-૨-૧૯૮૬

● **સાંચોર :** (રાજસ્થાન) પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય કનકપ્રભસૂરીશ્વરજી



મ. તથા પ.પૂ. ગુણરત્નવિજયજી ગણિવર્યશ્રી નિશ્રામાં ઉપધાન તપની આરાધના ખૂબ સુંદર થઈ. કુલ ત્રણ કરોડ સામુદાયિક આધ્યાત્મિક મંત્ર જાપ, માસખમણ, ૧૮ ઉપવાસ, અઠ્ઠાઈ વગેરે તપસ્યા થઈ; અને અનેક દંપતીઓ અને યુવતીઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત લીધા. ઉપધાન માળાનો વરઘોડો સુંદર નીકળ્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૨૬,તા.૧૫-૩-૧૯૮૬

● **માણેકપુર :** સકલ શાસન હિતેચ્છુ ગીરનાર સહસાવન કલ્યાણ તીર્થ ભૂમિ ઉદ્ધારક પરમ તપસ્વીરત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજને શ્રી શાસન અને સંઘના વિશાળ હિતકાજે છેલ્લા ત્રણ વર્ષથી મહા પ્રભાવિક આયંબિલની તપસ્યા ચાલે છે. એમના સળંગ ચાલુ ૧૦૦૧ આયંબિલ તપની દીર્ઘ તપસ્યા નિમિત્તે શ્રી સંઘે પૂજ્ય મહાતપસ્વી આચાર્યદેવને સપરિવાર અત્રે આમંત્રી સિદ્ધચક્રપૂજન સહિતનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ યોજયો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૨૭,તા.૨૨-૦૩-૧૯૮૬

## ઈર્લાબ્રીજમાં ભવ્ય દીક્ષા મહોત્સવ

વર્ધમાન તપોનિધિ પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચેંબુર મુકામે ઉપધાનતપની માળારોપણ ઉત્સવ સુંદર ઉજવાયો. માળારોપણનો વરઘોડો મુખ્ય રાજમાર્ગોએ ફરેલ. બાદ સંઘવી પુખરાજજી પરિવાર તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં અત્રેના દેરાસરના કંપાઉન્ડમાં લાદી નાખવાની હોઈ ૭૧/- રૂપિયાની ૧ લાદી સાધારણ ખાતે તે લેખે ૩૭૫ લાદીઓ નોંધાયેલ. તેમજ સંઘવી પરિવાર તરફથી સારી રકમ પેઢીમાં સાધારણખાતે લખાવાઈ. શાસનપ્રભાવક પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી ગણીવર મ.ની નિશ્રામાં આ ઉપધાન સારી રીતે થયેલ. પૂ. આચાર્યદેવશ્રી આદિ વિશાળ પરિવાર સુસ્વાગત ઘાટકોપર નવરોજ લેનમાં પધાર્યા. ત્યાં અઠવાડીયાની સ્થિરતામાં પૂજ્યશ્રીની સવારે આનંદઘનજી મ. ના સ્તવન પર વાચના, ૯ થી ૧૦ પૂ.મુનિરાજ શ્રી રત્નસુંદર વિજયજી મ. ના પ્રવચન અને રાત્રે માત્ર પુરુષો માટે ૯ થી ૧૦ પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મ. આદિના પ્રવચનોમાં સંઘે સારી સંખ્યામાં લાભ લીધો. ત્યારબાદ સંઘાણી એસ્ટેટમાં પણ ત્રણે ટાઈમ પ્રવચનોમાં ઠઠ જામતી. માહ સુદ ૧૪ ના

પુદ્ગલ વોસિરાવવાની મંગળ ક્રિયા કરાવતા ૫૮૫ આરાધકોએ આયંબિલ સહિત ક્રિયામાં જોડાયેલ. શેઠશ્રી કાંતિલાલ ધરમચંદ દોશી દેપલાવાળા પરિવાર તરફથી આયંબિલ, ભવ્ય અંગરચના થયેલ. ત્યાંથી મુમુક્ષુ સુમનભાઈની દીક્ષા અંધેરી ઈર્લા મુકામે હોવાથી પૂજ્યશ્રી ચકાલા પધારતા પ્રવચનાદિ થયેલ. પછી સુસ્વાગત ઈર્લા કરમચંદ હોલ પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા. મુંબઈની સુતર બજારની અગ્રગણ્ય પેઢીના માલિક તથા વીજાપુર સત્તાવીશ વિશાશ્રીમાળી જ્ઞાતીના અગ્રગણ્ય સ્વ. વાડીલાલ દોલતરામના સુપુત્ર સ્વ. મૂળચંદભાઈ જેઓ મુંબઈના જૈન સમાજના તથા જ્ઞાતિના પણ અગ્રેસર હતા તેમના સુપુત્ર મુમુક્ષુ સુમનભાઈ ફાગણ સુદ ૩ ના ગુરુવાર સવારે પૂજ્યશ્રી આચાર્ય ભગવંતની નિશ્રામાં ૩ થી ૪ હજારની માનવમેદનીના અત્યંત ઉલ્લાસમય વાતાવરણમાં દીક્ષિત થઈ પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મ. ના શિષ્ય **મુનિરાજશ્રી સંયમદર્શન વિજયજી** બન્યા છે.

સ્વ.પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.ના વિ.સં. ૨૦૧૧ના ઈર્લા ચાતુર્માસના વખતથી જીવનમાં પરિવર્તન આવ્યું, આરાધનાનો ઉલ્લાસ વધવા લાગ્યો. પરિણામે જીવનમાં બે કરોડ નવકાર જાપ, ૯ વાર વિધિપૂર્વક લાખ નવકારનો જાપ, માસક્ષમણ, ૧૬ ઉપવાસ, ૯ અઠ્ઠાઈ, ૬૪ પહોરી પોષધ સિદ્ધિતપાદિ ઘોર તપસ્યા, તેમજ છેલ્લા ૧૬ વર્ષથી નિત્ય એકાસણા, રોજ પ્રભુપૂજા, ઉભય ટંક પ્રતિક્રમણ, તીર્થયાત્રાઓ વગેરે અનેકવિધ આરાધનાઓની સુવાસથી જીવન મઘમઘાયમાન કરતા સુમનભાઈને શાસનપ્રભાવક પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મ.ના ચાતુર્માસ દરમિયાન શ્રી પંચસૂત્ર શાસ્ત્ર પરના પ્રવચનોથી વિશેષ જાગૃતિ આવી. પૂ. આચાર્યદેવશ્રી ઈર્લા ઉપધાનતપ માળા પ્રસંગે પધારતા પૂજ્યશ્રી પાસે ચારિત્રની માંગણી કરતા ફાગણ સુદ ૩ નું મુહૂર્ત ફરમાવાયેલ. સ્વ. વાડીલાલ દોલતરામ પરિવાર તરફથી શ્રી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવનું આયોજન થયેલ. દીક્ષા દિવસે વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળેલ. ઈર્લાસંઘ તથા બીજા અનેક સંઘો તેમજ જ્ઞાતિના અગ્રગણ્યો વગેરે લગભગ ૪ હજારની મેદની વચ્ચે દીક્ષાની ક્રિયા થઈ. ઉપકરણોની ઉછામણી પણ સારી થઈ. એકંદરે દીક્ષા મહોત્સવ સુંદર ઉજવાયો.

તપસ્વીરત્ન પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજીને પંદર ઉપવાસનું પારણું સુંદર રીતે થયું. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજીને પણ સમવસરણ તપની પૂર્ણાહુતિ નિર્વિઘ્ને થઈ. પૂજ્યશ્રી અત્રેથી દાદર તરફ વિહાર કરશે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૨૮,તા.૨૯-૩-૧૯૮૬

● **દયાલશાહ કિલ્લા :** પ.પૂ.પંન્યાસશ્રી જિતેન્દ્ર વિજય ગણિવર મહારાજની નિશ્રામાં અત્રે સુશ્રાવક જયંતિલાલ સિરોડીવાલાની દીક્ષા શાસનપ્રભાવનાપૂર્વક થઈ. એમનું નામ મુનિરાજશ્રી જયેશરત્નવિજયજી રાખી પ.પૂ.ગણિવર શ્રી ગુણરત્નવિજય મ.ના શિષ્ય કરાયા...

● **વાફગામ** (જિ. પુના) : અત્રેના દેરાસરજીની શતાબ્દિ સાલગિરિ અને મંદિરમાં જિનબિંબ પ્રતિષ્ઠા પ્રસંગ તપસ્વી પૂ. મુનિરાજશ્રી કીર્તિરત્નવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી વિશ્વકલ્યાણ વિજયજી મ.ની નિશ્રામાં ખૂબ જ ભવ્ય અને શાસન પ્રભાવનાપૂર્વક ઉજવાયો. મહોત્સવના પાંચેય દિવસ ત્રણેય વખતની નવકારશી, શાનદાર વરઘોડો અને દેવદ્રવ્યની સારી ઉછરામણીથી પ્રસંગ વધુ ઉજમાળ બન્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૩૪,તા.૧૦-૫-૧૯૮૬

● **દયાલશાહ કિલ્લા :** પ.પૂ.શ્રી જિતેન્દ્ર વિજયજી મ.ના શિષ્યરત્ન મુનિશ્રી પ્રીતિરત્નવિજયજી મ. સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. છેલ્લા ૧।।-૨ વર્ષથી લકવાનું દર્દ થયેલ.

## દુષ્કાળ વિભાગના બે હજાર પશુઓનો તપોવનમાં રાહત કેમ્પ

ધંધુકા બાજુના ઓલવાડ વિભાગમાં દુષ્કાળથી પીડિત મરવા પડેલા બે હજાર પશુઓને તપોવન સંસ્કારધામમાં લાવ્યા છે. તપોવનમાં સારામાં સારી માવજત પામી રહ્યા છે. આમાંથી લગભગ એક હજાર પશુઓ (૧ પશુ દીઠ ૨૦૦ રૂા.) નો લાભ નવસારી જૈન સંઘે લીધો છે.

જીવદયાપ્રેમીઓને એક પશુની રક્ષા માટે બસો રૂા. લેખે લાભ લેવા નમ્ર વિનંતી છે.

'વર્ધમાન સંસ્કૃતિધામ' એ નામનો એક કે ડ્રાફટ 'તપોવન પો. કબીલપોર ગામ ધારાગિરિ તા. નવસારી' એ સરનામે મોકલવાનો છે. પાકી પહોંચ આપવામાં આવશે. આપનું દાન ૮૦ જી મુજબ કરમુક્ત રહેશે. વરસાદ થતાં આ પશુઓને માલધારીઓ તેમના વતનમાં લઈ જશે. એમ વ.સં.ધામ સંચાલક મંડળ જણાવે છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૪,અંક-૩૫,તા.૧૭-૫-૧૯૮૬

● **કલકત્તા :** ૯૬ કેનિંગ સ્ટ્રીટ, જૈન શ્વે. મૂ. તપગચ્છ સંઘમાં નવપદજીની આરાધના સુંદર થઈ. ગત વર્ષ ૧૦૨૬૧ આયંબિલ થયેલ અને આ વર્ષના ૬ માસમાં ૪૮૧૫ આયંબિલ થયા. તેમજ અત્રે દેરાસરની બાજુમાં નવું મકાન તૈયાર થતાં તેના ભોંયતળીયે અને ૧લે માળે સમેતશીખરજી અને પૂર્વભારતના તીર્થના યાત્રાએ આવનાર યાત્રિકો માટે ઉતારવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. યાત્રિકોએ પૂર્વે પત્રવ્યવહાર કરી રૂમ બુક કરાવવાથી અનુકૂળતા વધુ રહેશે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૪,અંક-૩૭,તા.૩૧-૫-૧૯૮૬

● **મુંબઈ (ભાયખલા) :** વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ ઘાટકોપર ઓળીની આરાધના કરાવી ભાયખલા શ્રીસંઘની વિનંતી માન્ય કરી વરસીતપના પારણા પ્રસંગે અત્રે પધાર્યા; પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરિજી મ.ના શિષ્યરત્ન પૂ.મુ. શ્રી સૂર્યકાન્તવિજયજી મ. સહિત સંઘના અનેક આરાધકોના વરસીતપનો પારણાનો પ્રસંગ ભવ્ય રીતે ઉજવાયો... ત્યારબાદ વૈશાખ સુદ-૫ ના પૂ. મુનિશ્રી સંયમદર્શનવિજયજી મહારાજ (અંધેરીમાં દીક્ષિત થયેલ શ્રી સુમનભાઈ)ની વડીદીક્ષા પ્રસંગે તેઓના સંસારી કુટુંબીજનોએ સારો લાભ લીધો...

અમલનેર નિવાસી શ્રી વ્રજલાલ કસલચંદ દોશીના સુપુત્ર મુમુક્ષુ દીનેશકુમારનો વૈશાખ સુદ-૧૦નો દીક્ષા પ્રસંગ પણ અત્રે જ ખૂબ ભવ્ય રીતે ઉજવાયો... અમલનેર-રાજનગર-રાજકોટથી અનેક આરાધક ભાઈઓ પધારેલા... વૈશાખ સુદ-૯નો વરસીદાનનો ભવ્ય વરઘોડો વૈશાખ સુદ-૧૦ની દીક્ષામાં મેદની પણ ખૂબ સારા પ્રમાણમાં હતી. મુમુક્ષુ દિનેશકુમારની મુનિશ્રી રત્નસુંદરવિજયજીના શિષ્ય મુનિશ્રી રાજસુંદરવિજયજી તરીકે જાહેર કરાયા... ઘાટકોપર શ્રીસંઘની ચોમાસાની અત્યાગ્રહભરી વિનંતીથી પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી ગણિની જય બોલાવાઈ અને મુલુંડ શ્રીસંઘની ચોમાસાની આગ્રહભરી વિનંતીથી મુનિશ્રી રત્નસુંદરવિજયજીની ‘જય’ બોલાવાઈ...

પૂજ્યશ્રી વિહાર કરી કોટ લોકાગચ્છ જૈન ઉપાશ્રયે પધાર્યા ત્યાં ૫ દિવસ સ્થિરતા કરી. શ્રેષ્ઠીવર્યશ્રી રજનીકાંત મોહનલાલ ઝવેરી તરફથી આયોજિત સિદ્ધચક્ર



પૂજનમાં પધારવાની આગ્રહભરી વિનંતીથી બાબુલનાથ સહસ્રફણા પાર્શ્વનાથ ટ્રસ્ટમાં એક દિવસ રોકાઈ ગોવાલિયાટેંક આરાધનાભુવન સંઘની વિનંતીથી પૂજ્યશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ તથા પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજના પ્રવચનોમાં દૂરદૂરથી લોકો લાભ લઈ રહ્યા છે.

● **વાયડ (પાટણ) :** પૂ.પ. શ્રી ધર્મજીતવિજયજી મહારાજની નિશ્રામાં મુંબઈ વસતા અહીંના વતની શ્રી સેવતીભાઈની દીક્ષાનો પ્રસંગ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો... ગામમાં ઘરદીઠ લાડવાની પ્રભાવના થઈ... ઉપકરણોની સારી બોલી બોલાઈ... શ્રી સેવંતીભાઈને પૂ.પં.શ્રી જયશેખર વિ.મ.ના શિષ્ય મુનિશ્રી સંયમશેખર વિજયજી તરીકે જાહેર કરાયા...

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૪,અંક-૪૧,તા.૨૮-૬-૧૯૮૬

● **અમદાવાદ (પગથીયાનો ઉપાશ્રય) :** અત્રે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય પંન્યાસજી શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં શ્રેષ્ઠી શ્રી ચંદ્રકાંતભાઈ કાંતીલાલભાઈના હસ્તે શ્રી સકલતીર્થના પટ્ટ અને દ્રવ્યાનુયોગના પટ્ટોનું ઉદ્‌ઘાટન થયું, સુસંસ્કારનિધિ ટ્રસ્ટ દ્વારા થતા કાર્યો-બાળ સંસ્કરણ માટે શું શું કાર્ય કરે છે ? ૧૦-૧૨ વાર ‘આહારશુદ્ધિ પ્રકાશ’ પુસ્તકની લેખીત ઈનામી પરીક્ષા, અતિચારની સ્પર્ધામાં ૪૦૦ બાળકોએ લીધેલો ભાગ, નવતત્ત્વની પરીક્ષા, હજારો બાળકોએ કરેલો ફટાકડાનો ત્યાગ, ધાર્મિક શિક્ષકોનાં બહુમાન વગેરે કાર્યોની માહિતી અપાઈ. લોકોની ખૂબ સારી ઉપસ્થિતિ હતી...

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૪,અંક-૪૨,તા.૫-૭-૧૯૮૬

## પ્રાચીન જિનમંદિરોના જીર્ણોદ્ધારની હારમાળા અને પ્રતિષ્ઠા મહોત્સવો

રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ રાજ્યોના મથુરા, આગ્રા, સવાઈ માધવપુર, અલવર, ભરતપુર, અજમેર, ચિતોડ, ઈત્યાદિ જિલ્લાઓના છેક અંદરના ગામોમાં હજારો શ્વેતાંબર જૈનોની વસ્તી છે. આ ગામોમાં આપણા પ્રાચીન મંદિરો છે. પણ છેલ્લા કેટલાય વર્ષોથી આપણા પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજોનું વિચરણ નહિ થવાથી લોકોમાં જાણકારી અને જાગ્રતિનો વિચરણ નહિ થવાથી અભાવ ઊભો થયો હતો. મંદિરોની સ્થિતિ ખૂબ જ જીર્ણ થઈ હતી. આ વિસ્તારોના પલ્લીવાલ,

ઓસવાલ, શ્રીમાલ અને અગ્રવાલ શ્વેતાંબર જૈનો માટે અગીયાર વર્ષ પહેલાં વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનીત પ્રેરણાથી અને તીર્થપ્રભાવક પૂજ્ય આચાર્ય શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન પૂર્વક મુંબઈના શ્રી નટવરલાલ રતનલાલ શાહ, શ્રી રાયચંદ નાનચંદ દોશી (દેપલાવાળા) તથા શ્રી કુમારપાળ વિ. શાહે તબક્કાવાર વ્યવસ્થિત કાર્ય આરંભી દીધું હતું.

તાજેતરમાં ૨૫ એપ્રિલ ૧૯૮૯ થી ૧૭ જુન ૧૯૮૯ સુધીમાં આગ્રા (ગુરુમંદિર) મંડી, હિંડૌન, સાવર, વિજયનગર, શીખરાની અને દેવલીયા ખાતેના જિનાલયોમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવો ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગયા.

કર્ણાટક કેસરી પૂજ્ય આચાર્યશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. આદિઠાણા, તથા વર્ષોથી આ ક્ષેત્રોમાં વિચરણ કરતા તીર્થપ્રભાવક આચાર્યશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી સાધ્વી શુભોદયાશ્રીજી મ. તથા આચાર્યશ્રી ભદ્રંકરસૂરી મ.સા. ના આજ્ઞાવર્તી પૂ. સાધ્વી આત્મપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. આચાર્યશ્રી ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તી સાધ્વી પૂ. દેવેન્દ્રશ્રીજી મ.સા. આદિ પૂજ્ય આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પૂ.સાધ્વી લબ્ધગુણાશ્રીજી મ.સા.ની પુનિત નિશ્રામાં પ્રતિષ્ઠા જિનેન્દ્રભક્તિ મહોત્સવ સહિત ઉજવાયો. દેવલીયા ખાતે પૂજ્ય સાધ્વી વિચક્ષણાશ્રીજી મ.ના શિષ્યા વિદ્વદ્વર્યા પૂજ્યા મણિપ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં ઉજવાયો હતો.

મંદિર જિર્ણોદ્ધારના મુખ્ય આધાર સ્થંભ મુંબઈના શ્રીમતી શોભનાબેન રજનીકાન્ત કેશવલાલ શાહ (થલવાડાવાળા), શ્રી નરેશભાઈ કાન્તીલાલ લલ્લુભાઈ ઝવેરી, શ્રી મધુકાન્તાબેન પ્રતાપરાય દલીચંદ દોશી (દેપલાવાળા) સપરિવાર પ્રસંગોમાં ઉપસ્થિત રહીને આ વિસ્તારના જૈનોને પરમાત્મભક્તિમાં ઉલ્લાસ વધે તે માટે ઉદારતાનું દર્શન કરાવ્યું હતું. એમાંય વિજયનગરની પ્રતિષ્ઠા માટે તો શ્રી પ્રતાપભાઈ મુંબઈથી ૧૫૦ ઉપરાંત ભાવિકોને ભક્તિભાવપૂર્વક વિજયનગર લઈ આવ્યા હતા.

પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં ગુરુદેવોના પ્રવચનો, સાધુ મહારાજ અને સાધ્વી મહારાજોની કઠિન દિનચર્યા, પરમાત્મભક્તિના કાર્યક્રમો, ઉછળતી સાધર્મિક ભક્તિના સમયે આનંદ અને આશ્ચર્યથી આંખ ભીની થઈ જાય તેવા પ્રસંગો ઉપસ્થિત થયા હતા.

એકલા અજમેર જિલ્લાના ૫૦ ઉપરાંત ગામોના દેરાસરો હજીય જીર્ણ અવસ્થામાં ઊભા છે. નાના ગામોમાં વસતા આપણા સાધર્મિક બંધુઓને પરમાત્મ-ભક્તિની વધુ સારી અનુકૂળતા કરી આપવા આ મંદિરના જીર્ણોદ્ધારની ખાસ ખાસ



આવશ્યકતા જણાય છે.

## આભાર અને અનુમોદન

મધુર પ્રવચન ભાષી, પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર, શ્રી ભદ્રગુપ્ત વિજયજી ગણિવરની પ્રેરક પુનિત પ્રેરણાથી ભરતપુર, સવાઈ માધવપુર, અજમેર આદિ જિલ્લાઓના ગામોના પ્રાચીન જિનાલયોના જીર્ણોદ્ધાર માટે નોંધપાત્ર આર્થિક સહકાર પ્રાપ્ત થયો છે. પૂજ્ય પંન્યાસજી મહારાજ તથા યોગદાન આપનાર શ્રી સંઘોનો શ્રી જૈન શ્વેતાંબર પલ્લીવાલ જીર્ણોદ્ધાર કમેટી હિંડૌન કૃતજ્ઞતા વ્યક્ત કરવા પૂર્વક આભાર માને છે.

૧૧૦૦૦/- શ્રી ચંદ્રપ્રભુ મહારાજ જુના જૈન મંદિર, મીન્ટ સ્ટ્રીટ, મદ્રાસ.
૨૬૦૦૦/- શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંદિર, ગાંધીનગર, બેંગલોર.
૩૧૦૦૦/- શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વેતાંમ્બર મંદિર, મહાવીરનગર, ગદગ, કર્ણાટક.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૪૩,તા.૧૯-૭-૧૯૮૯

● **નાકોડા તીર્થ :** પરમ પૂજ્ય મુનિશ્રી ગુણરત્નવિજયજી ગણિવર્યની પાવન નિશ્રામાં તા. ૨૬-૫-૮૯થી ૮-૬-૮૯ સુધી નાકોડા તીર્થ (રાજસ્થાન) ખાતે આધ્યાત્મિક જ્ઞાનશિબિરનું સુંદર આયોજન થયું હતું. મેટ્રીક કૉલેજના યુવાનોને સતત ૧૪ દિવસ જૈન ધર્મની વાચનાઓ આપવામાં આવી હતી. ઉનાળાની રજાઓનો યુવાનોએ સમ્યક્ ઉપયોગમાં કર્યો હતો.

● **પાદરલી :** પરમ પૂજ્ય મુનિશ્રી ગુણરત્નવિજયજી ગણિવર્યની શુભ નિશ્રામાં મુમુક્ષુ શોભાકુમારી (વર્ષ ૨૧) દીક્ષા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. દીક્ષા નિમિત્તે પાંચ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ શાહ કેસરીમલજી પુનમચંદજી તરફથી થયો હતો.

● **જોધપુર :** સૌ પ્રથમવાર ભવોભવના પુદ્ગલ વોસરાવવાનો ભવ્ય કાર્યક્રમ જોધપુર સંઘ માટે પ્રભાવક રહ્યો. તા. ૨૦-૪-૮૯ના દિવસે ૪૦૦ ઉપરાંત ભાઈ બહેનો ઉલ્લાસપૂર્વક આ કાર્યક્રમમાં જોડાયા હતા. પરમ પૂજ્ય મુનિશ્રી ગુણરત્નવિજયજી ગણિવર્યની નિશ્રામાં થયેલ આ પ્રસંગે તપશ્ચર્યાઓ, પ્રભાવનાઓ અનુમોદનીય થઈ હતી. શાશ્વતી ઓળીની સામૂહિક આરાધનામાં પણ આરાધકો

મોટી સંખ્યામાં જોડાયા હતા.

• **મદ્રાસ :** શ્રી કેસરવાડી તીર્થના પવિત્ર વાતાવરણમાં મદ્રાસ અને તામીલનાડુ રાજ્યના યુવાનો માટે ધાર્મિક શિબિરનું આયોજન થયું હતું. શાંતમૂર્તિ પૂ.પં.શ્રી ધર્મગુપ્તવિજયજી ગણિવર્યની નિશ્રામાં થયેલ ધાર્મિક શિબિરમાં સારી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. પ્રભુભક્તિ, વ્રતનિયમ, સામાયિક અને ધાર્મિક અભ્યાસમાં યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

• **બેંગ્લોર :** શ્રી આદિનાથ જૈન તત્ત્વ પ્રશિક્ષણ કેન્દ્ર બેંગ્લોર દ્વારા એકસ્તુત્ય કાર્યક્રમ શરૂ કરાયો છે. મધુર પ્રવચનભાષી પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવરની પ્રેરણાથી ઉપરોક્ત કેન્દ્રે હિંદીભાષી યુવાનોને ધાર્મિક શિક્ષકની તબક્કાવાર તાલીમ આપવાનું તારીખ ૧૨-૬-૮૬થી બેંગ્લોર ખાતે શરૂ કર્યું છે. એસ.એસ.સી. પાસ યુવાનોને ત્રણ વર્ષની તાલીમ માટે પ્રવેશ અપાય છે. દરેક યુવાનને માસિક રૂપિયા ૪૦૦ની સ્કોલરશીપ સહિત રહેવા, જમવાની અને ભણવાની સુંદર સગવડતા કરાઈ છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા યુવાનો આદિનાથ જૈન તત્ત્વ પ્રશિક્ષણ કેન્દ્ર, આદિનાથ જૈન શ્વેતાં. સંઘ, ચીક પેઠ, બેંગ્લોર ખાતે સંપર્ક સાંધે.

• **અહમદનગર :** શાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણાનંદ સૂરીશ્વરજી મ. તથા પ્રખર પ્રવચનકાર પૂજ્ય મુનિવર્યશ્રી જગવલ્લભવિજયજી મહારાજ સાહેબ આદિનો જેઠ સુદ-૪ના રોજ ઉલ્લાસપૂર્વક ચોમાસા પ્રવેશ થઈ ગયો. આ પૂર્વે પૂજ્ય મુનિશ્રી જગવલ્લભવિજયજી મહારાજ આદિની નિશ્રામાં ધંધુકાથી શંખેશ્વર ૨૫૦ યાત્રિકોનો ૧૫ દિવસનો સંઘ નીકળેલ તથા બોરસદ ખાતે મુમુક્ષુ મયણાબેનનો દીક્ષા મહોત્સવ ઉજવાયેલ. નડીયાદ અને ખંભાત ખાતે પણ અનેક પ્રસંગો ઉજવીને પૂજ્યશ્રી ગુરુદેવ પાસે મુંબઈ ખાતે પધાર્યા હતા. કાંદીવલી, ઘાટકોપર ઈત્યાદિ ઉપનગરોમાં અનેરી ધર્મપ્રભાવના કરતા કરાવતા અહમદનગર પધારી ગયા છે. સંઘમાં ૫૦ થી વધુ આરાધકોએ ધર્મચક્ર તપની શરૂઆત કરી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૪૪,તા.૨૬-૭-૧૯૮૬

## વર્ધમાન તપોનિધિ પૂજ્યશ્રીના પાવન પગલે...

સિદ્ધાન્તમહોદધિ સુવિશુદ્ધ સંયમમૂર્તિ કર્મસાહિત્ય નિષ્ણાત સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૧૯મી સ્વર્ગારોહણતિથિએ યોજાયેલ શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગે મલાડ શ્રી હીરસૂરી



જગદ્ગુરુ ટ્રસ્ટ ઉપાશ્રયે પધારેલા પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ સંઘ હિતચિંતક આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ ત્યાં મલાડમાં લગભગ માસકલ્પ કર્યા બાદ અને શ્રીસંઘોની વિનંતીમાં ઈર્લાબ્રીજ અને મલાડની ચોમાસાની વિનંતી સ્વીકારી હોવાથી પર્યુષણા સુધી ઈર્લાબ્રીજ કરમચંદ જૈન પોષધશાળામાં રહેવાનું નિશ્ચિત થતાં ગોરેગામ ચિંતામણિ, જોગેશ્વરી, પારસનગર થઈ અંધેરી શાંતાવાડી ૩ દિવસની સ્થિરતા કરી અષાઢ સુદ ૬ રવિવાર તા. ૧૩-૭-૮૬ના રોજ ભવ્ય સામૈયા સાથે પૂજ્યશ્રીએ ઈર્લાબ્રીજ ચોમાસાનો પ્રવેશ કર્યો...

ચોમાસામાં શ્રીસંઘને અનેક પ્રકારની ધર્મ આરાધનામાં વેગ મળે એ માટે શ્રીસંઘે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ભાવ અરિહંત શ્રી સીમંધર સ્વામી ભગવાનની ભવ્ય પ્રતિમાજીનો પણ નગરપ્રવેશ અષાઢ સુદ ૬ના દિવસે જ હતો... ૩ બેન્ડ, ૨ દેશી બેન્ડ, ૧ ગજરાજ, ૬ અશ્વ, ૩ સાબેલા, અને ૧૫૦૦ થી વધુ ભાવિકોથી વાજતે ગાજતે શ્રી સીમંધર સ્વામી ભગવાનની સાથે પૂજ્ય વર્ધમાન તપોનિધિ આદિ વિશાળ મુનિમંડળથી શોભતી પ્રવેશયાત્રા અનેકને ધર્મપ્રભાવનાનું કારણ બની હતી...

પ્રવેશ બાદ પ્રભુજીની ચલપ્રતિષ્ઠા બાદ કરમચંદ જૈન પોષધશાળાના વિશાળ વ્યાખ્યાન હોલમાં પૂજ્યશ્રીની વૈરાગ્ય નિતરતી પ્રભુવાણી સાંભળવા લોકો પહેલેથી ગોઠવાઈ ગયા... ૧ કલાક પૂજ્યશ્રીએ પ્રવચન કર્યું... શ્રીસંઘે ૫-૫ રૂ.થી સંઘપૂજન તથા સ્વામીવાત્સલ્ય રાખલે...

હાલ રોજ સવારના ૬-૧૫ થી ૬-૪૫ સુધી ઉ. શ્રી યશોવિ. મહારાજની ચોવીસી (સ્તવનો) ઉપર વાચના તેમજ ૯-૦૦ થી ૧૦-૦૦ સુધી કષાય-વિષયોની ભયંકરતા દેખાડતા વૈરાગ્ય નિતરતા પ્રવચનો વર્ધમાન તપોનિધિ પૂજ્યશ્રી આપી રહ્યા છે. તેમજ રાતના ૯-૩૦ થી ૧૦-૧૫ નવતત્ત્વ ઉપર વાચના સિદ્ધાન્ત દિવાકર પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ આપી રહ્યા છે.

અષાઢ વદ ૩ થી પૂજ્યશ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર તેમજ પૂ. સિદ્ધાન્ત દિવાકર આચાર્યશ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ ઉપર પ્રવચન-વાચના આપશે...

દર રવિવારે વિવિધ અનુષ્ઠાન સાથે વિવિધ વિષયો પર પૂર્વના મહાપુરુષો-મહાસતીઓના જીવનકવનનાં ગુણગાન સાથે બપોરના ૩ વાગે જાહેર પ્રવચન રહેશે... મુંબઈ નગર-ઉપનગરમાં વસતા ભાઈ-બહેનોને ખાસ પધારવા વિનંતી છે.

• **ઘાટકોપર :** પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીની આજ્ઞા અને શુભાશિષથી પધારેલા પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં ચાતુર્માસની આરાધનાની શરૂઆત તરીકે ચોમાસી ચૌદશને દિવસે 'પ્રવચન' પદની ઉપવાસથી આરાધના થઈ; ૫૫૦ આરાધકો જોડાયા... સામુદાયિક પારણા થયા... શ્રાવણ સુદ ૩-૪-૫ ના શ્રી સીમંધર સ્વામી ભગવાનના અઠ્ઠમ કરાવવાનું નક્કી કર્યું છે. રોજના વૈરાગ્ય નિતરતા પ્રવચનમાં લોકો દોડાદોડીથી આવી રહ્યા છે.

• **મુલુંડ :** જોશીલા પ્રવચનકાર પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજનો ચાતુર્માસ પ્રવેશ ખૂબ જ શાનદાર થયો... રોજના દૈનિક પ્રવચનોમાં આવતા ભાવિકોને જોતાં લાગે છે કે પર્યુષણા પર્વ બાદ અષાઢ સુદ-૯ થી જ શરૂ થઈ ગયા છે... ચોમાસી ચૌદશના પ્રતિક્રમણની સંખ્યા ૪૦૦ થી વધુ પુરુષોની થઈ... પૂ.આ.શ્રી ભુવનરત્નસૂરિજી મ.ના આજ્ઞાવર્તીની સ્વ. સા. મંજુલાશ્રીજીની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શ્રીસંઘ તરફથી શ્રી અષ્ટાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું આયોજન થયેલું છે... પહેલા જ વ્યાખ્યાનમાં માણસો હોલમાં સમાયા નહિ, તેથી વ્યાખ્યાનની પાટ હોલના નાકે લાવવી પડી જેથી અંદર અને બહાર મંડપમાં પણ લોકો સમાઈ શકે.

• **મલાડ :** હીરસૂરિ જગદ્ગુરુ ટ્રસ્ટમાં ચાતુર્માસ બિરાજમાન પ્રખર વક્તા પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજના ચાલતા ૯ વાગ્યાના દૈનિક પ્રવચનો સાંભળવા લોકો ૮ાા થી પોતાની જગ્યા સંભાળવા લાગ્યા છે... અષાઢ વદ-૬થી શરૂ થતી યુવાનોની રવિવારીય શિબિરમાં ૨૦૦૦ યુવાનો પાસ લઈ ગયા છે. હજી પ્રવાહ ચાલુ છે... દર શનિવારે ચાલતી શિશુસામાયિક શિબિરમાં ૧૪૦૦ જેટલા બાળકો જૈનધર્મનું પ્રાથમિક જ્ઞાન સામાયિકમાં મેળવી રહ્યા છે... ચોમાસી ચૌદશના પ્રવચનમાં ૨ થી ૨ાા હજારની સભામાં લગભગ બધાએ ચારે માસ કંદમૂળ બંધની પ્રતિજ્ઞા કરી; મંગળવારની ચાલતી પ્રશ્નોત્તરી પ્રશ્નોના માર્મિક તાત્ત્વિક અને વાસ્તવિક ઉત્તરો સાંભળવા લોકોના ટોળેટોળા ઉમટી રહ્યા છે...

• **ઈર્લાબ્રીજ :** વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીના વૈરાગ્યમય આધ્યાત્મિક પ્રવચનો ખૂબ જ સારી સંખ્યામાં લોકો એકતાન થઈ સાંભળી રહ્યા છે... રવિવારીય આધ્યાત્મિક જાહેર પ્રવચનશ્રેણી ગોઠવાઈ છે, જેમાં

(૧) અષાઢ વદ-૬ તા. ૨૭-૭-૮૬ના રવિવારે મોક્ષનું ત્રાટક અને અવંતિસુકુમાલ...



(૨) અષાઢ વદ-૧૩ તા. ૩-૮-૮૬ના આત્માના સૌંદર્ય અને સતી દમયંતી...

(૩) શ્રાવણ સુદ-૫ તા. ૧૦-૮-૮૬ના વિષયવાસના અને સખી કે સખો ?

(૪) શ્રાવણ સુદ ૧૨ તા. ૧૭-૮-૮૬ ના બહુત ગઈ થોડી રહી અને ક્ષુલ્લક અણગાર... (૫-૬) શ્રાવણ વદ-૫ અને ૧૧ તા. ૨૪ અને ૩૧ ઓગષ્ટના અનંતની યાત્રા અને પૃથ્વીચંદ ગુણસાગરના વિષયો ઉપર બપોરના ૩ વાગ્યાના જાહેર પ્રવચનો ગોઠવાય છે. અષાઢ વદ-૬ના રવિવારે શ્રી 'અરિહંત' પદના ખીરના એકાસણાનું આયોજન થયેલ... ઘણી જ વિશાળ સંખ્યામાં લોકોએ લાભ લીધો... દૈનિક સવારે ૬ા થી ૬ાા સુધી શ્રી ઉપાધ્યાય યશોવિજયજી નવપદ પૂજા (તત્ત્વપૂર્ણ) ઉપર વાચના અને ૯ થી ૧૦ શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર નમિરાજર્ષિ અધ્યયન ઉપર વૈરાગ્યમય પ્રવચનો ચાલે છે... તેમજ સવારે ૧૦ થી ૧૦ાા સુધી શ્રી 'શ્રાદ્ધવિધિ' પ્રકરણ અને રાત્રે ૯ાા થી ૧૦ા સુધી 'નવતત્ત્વ' પ્રકરણ ઉપર માત્ર પુરુષોની વાચના પૂ. સિદ્ધાન્ત દિવાકર આ.શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ આપી રહ્યા છે...

• **મદ્રાસ :** પૂ.મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજનો ચોમાસાનો પ્રવેશ બહુ જ ભવ્ય રીતે થયો... લગભગ ૧ાા થી ૨ કિલોમીટર ચાલેલું આ સામૈયું, બે બેન્ડ, અનેક ઘોડેસવારો, મહિલામંડળના બેનોની ગાડીઓ, ત્રણ પાઠશાળાની ૫૦૦ થી ૬૦૦ બાળક-બાળિકા ઉપરાંત ૧૫૦૦થી વધુ ભાવિકોથી શોભતું અનેકોનું ધર્મ પમાડવાનું નિમિત્ત આપતું હતું... વૈરાગ્યમય-આધ્યાત્મિક પ્રવચનો લોકોના મનમાં એવા ઘર કરી ગયા છે કે લોકો દૂરદૂરથી સાંભળવા આવી રહ્યા છે.

• **ભારતનગર-ગ્રાંટ રોડ (મુંબઈ) :** વર્ધમાનતપોનિધિ પૂ.આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી ચોમાસું પધારેલા પૂ.મુનિશ્રી રાજરત્ન વિજયજી મહારાજની નિશ્રામાં રોજ શ્રી યોગશાસ્ત્ર અને ધર્મરત્ન પ્રકરણના પ્રવચનો ચાલે છે. દર રવિવારે પ્રભુભક્તિના પ્રોગ્રામો, સમૂહ સામાયિક, વિવિધ અનુષ્ઠાનો, લઘુ શિબિરોનું આયોજન થઈ રહ્યું છે. પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ. પણ સુંદર પ્રવચન આપી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૪,અંક-૪૬,તા.૯-૮-૧૯૮૬

• **ભીવંડી :** (હાલારી વીશા ઓસવાલ ઉપાશ્રય) પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્યદેવશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી અમારી વિનંતીનો સ્વીકાર કરી ચાતુર્માસ

પધારેલા પૂ. મુનિશ્રી નંદીઘોષવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી શીલરત્નવિ. મ.ની નિશ્રામાં ૧૨૫ ઉપરાંત આરાધકોએ અઠ્ઠમ તપની આરાધના કરી... પારણા-અત્તરપારણા-સ્ટીલની થાળી-વાટકી-ગ્લાસની પ્રભાવના થઈ... રવિવારે સારી સંખ્યામાં ખીરના એકાસણા થયા... વ્યાખ્યાનમાં પણ લોકો સારો લાભ લે છે...

● **નડીયાદ** : શાંત સ્વભાવી પૂ.પંન્યાસજી શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની વૈરાગ્ય ભરપુર વાણીથી લોકોએ ચાર માસ માટે વિવિધ નિયમો, બ્રહ્મચર્ય, રાત્રિભોજન ત્યાગના નિયમો લીધા. સાંકળી અઠ્ઠમ, શ્રી અજિતનાથ ભગવાનના સામુદાયિક ૩૦૦ એકાસણા, વગેરે આરાધનાઓ ચાલુ થઈ... 'આહારશુદ્ધિ' ના જાહેર પ્રવચનથી લોકોના હૈયા ગદ્ગદ બની ગયા... અભક્ષ્ય-અનંતકાય ત્યાગ, ઈંડા-માંસ-મદિરા-મધ-માખણ આદિના ત્યાગ કર્યા...

● **પુના** : (બુધવારપેઠ) પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિશ્રી ભુવનસુંદર વિ.મ. તથા પૂ.મુ.શ્રી પુણ્યસુંદર વિ.મ.નો ચોમાસા પ્રવેશ ખૂબ જ ધામધૂમથી થયો... શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્થાપના થઈ... સંઘના ભાઈઓ વ્યાખ્યાન શ્રવણ વિવિધ અનુષ્ઠાનોમાં ખૂબ સારા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે. ભાઈશ્રી બાબુલાલ ભીખાભાઈએ નૂતન ઉપાશ્રયમાં વ્યાખ્યાન પાટ-ત્રિગડું વગેરે ભેટ કર્યા... સંઘે ૩ સંઘપૂજન કર્યા...

● **નવાડીસા** : પૂ. પંન્યાસજી શ્રી જયશેખરવિજયજી મહારાજ આદિ ઠાણા ૩ ચાતુર્માસ પધાર્યા તેથી લોકોમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો છે... પ્રવેશ દિને જ સાંકળીબદ્ધ અઠ્ઠમના બધા જ નામો નોંધાઈ ગયા... શ્રાવણ સુદ ૪-૫-૬ના શ્રી નેમનાથ ભગવાનના અઠ્ઠમતપ કરાવવાની જાહેરાત થઈ. સંઘમાં ઘણો જ ઉલ્લાસ છે.

● **અહમદનગર** : અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય ગુણાનંદસૂરિજી મહારાજની નિશ્રામાં રોજના સવાર-રાતના (પુરુષોના) પૂ. મુનિશ્રી જગવલ્લભ વિ.મ.ના પ્રવચનોમાં લોકો અનેરા ઉત્સાહથી લાભ લઈ રહ્યા છે... સંઘમાં સૌ પ્રથમ ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના પૂજન સહિત સામુદાયિક અઠ્ઠમમાં ૭૦ પુરુષો સહિત ૧૯૦ આરાધકોએ લાભ લીધો... ધર્મચક્ર તપમાં આશરે ૫૦ જેટલા આરાધકો જોડાયા છે...

● **તલેગામ** (ઢમઢેરા) : અત્રે ચોમાસું પધારેલા પૂ. મુનિશ્રી કીર્તિરત્ન વિ.મ. તથા પૂ.મુનિશ્રી વિશ્વકલ્યાણ વિ.મ.ના દૈનિક સવારના અને રાતના (પુરુષોના) પ્રવચનોમાં જૈનેતર પ્રજા પણ લાભ લઈ રહી છે... કેટલાય વર્ષે કે સૌ પ્રથમ



ચોમાસું થતું હોય તેમ સંઘના દરેક સભ્યો ખૂબ જ ઉલ્લાસ-ઉત્સાહવાળા છે... વિવિધ અનુષ્ઠાનો થાય છે... પૂના વગેરેથી ભાવિકો દર્શનાર્થે આવતા રહે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૩૪,અંક-૪૭,તા.૧૬-૮-૧૯૮૬**

● **ઘાટકોપર (મુંબઈ)** : અષાઢ સુદ-૩ તા. ૧૩-૭-૮૬ના રવિવારે સવારના નવ વાગે પૂ. સંયમબોધિ મહારાજના સંસારી પિતાશ્રી વિનોદભાઈ મણીલાલના નિવાસસ્થાને સર્વોન્નતી સોસાયટી હંસોટીલેનથી ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે ભવ્ય સ્વાગતયાત્રાનો પ્રારંભ થયેલ, તથા વિનોદભાઈ તરફથી સકળસંઘને સંઘપૂજન કરાવવામાં આવેલ. કામાલેન, નવરોજીલેન, મહાત્માગાંધી રોડ, વગેરે મુખ્ય માર્ગો પર ફરીને શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયે ચૈત્યવંદન આદિ કરી અજવાળીલેન ચત્રભુજ ઉપાશ્રયમાં સ્વાગતયાત્રા વિરામ પામેલ. ત્યારબાદ પૂજ્ય પં. શ્રી હેમચંદ્રવિજયજી ગણિએ મંગળાચરણ કરીને પૂ. સાધ્વીજી જ્ઞાનવર્ધનાશ્રીજીની વડી દીક્ષાનો પ્રારંભ કરેલો. તથા હિતશિક્ષા ફરમાવેલ. આ પ્રસંગે પાંચ ભાગ્યશાળીઓ તરફથી સંઘપૂજન તથા આમંત્રિતોની સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

પૂજ્યશ્રી હેમચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં અષાઢ સુદ-૧૪ના રવિવારે તા. ૨૦-૭-૮૬ના શ્રી વીસસ્થાનકમાંના ત્રીજા શ્રી પ્રવચન પદની આરાધના રાખવામાં આવેલ. જેમાં ૬૦૦ ભાઈ-બહેનોએ ઉપવાસ તપથી આરાધના કરેલ તથા દેવવંદન, ખમાસમણા, કાઉસ્સગ્ગ વગેરે સહિત વિધિપૂર્વક આરાધના થયેલ, અને એ નિમિત્તે પૂનમે શેઠશ્રી જયંતીલાલ ચોગઠવાળા તથા કાંતિલાલ વનમાળીદાસ તરફથી તપસ્વીઓના પારણા કરાવવામાં આવેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૩૫,અંક-૧,તા.૬-૯-૧૯૮૬**

## ૩૫ મા વર્ષના પ્રારંભે... પાણી અને વાણી.

તંત્રી સ્થાનેથી,

ચોમાસાના દિવસો એટલે પાણી અને વાણીના દિવસો બંને શબ્દો જુદા છે, પણ બોલાય ત્યારે પ્રાસને કારણે થોડુંક સામ્ય જરૂર લાગે. આકાશેથી પાણી વરસે, પૂજ્યોના શ્રીમુખેથી વાણી નીતરે છે. પાણીથી પ્રકૃત્તિ લીલીછમ થાય. વાણી મન

અને આત્મપ્રદેશને હરિયાળા બનાવે. પાણી વડે શરીર સ્વચ્છ થાય. જ્યારે વાણીથી મન અને આત્માના મેલ ધોવાય. પાણીથી કપડાંની સફાઈ, તો વાણી વડે કર્મ-મળની ધોલાઈ થાય, સાથે સાથે આંખ અને અંતરની પણ ધોલાઈ થાય. પાણીમાં ઊંડે પડે તો ડૂબે, વીરવાણીમાં પડે તો પાર ઊતરે.

પાણી વેડફી શકાય, અને વાણી પણ વેડફી શકાય. બંનેનેય વેડફીય શકાય અને વાપરી પણ શકાય. એના ઉપયોગમાં વિકાસ અને દુર ઉપયોગમાં વિનાશ. વેડફાઈ જતાં નદીનાં વહેણને નહેર દ્વારા બંજરભૂમિમાં વાળીને લીલીછમ હરીયાળી બનાવી શકાય છે. પણ નહેરમાં વાળીને કે ડેમમાં નાથીને એ થાય. એ જ રીતે વાણીને પણ વિવેકના તાળે લોકઅપ કરવી પડે, ને મૌન, ભાષાવિવેક, હિતકારી, પ્રિયના આભૂષણોથી શણગારવી પડે. સુથારની જેમ છોલવાનું, જેમ તેમ જેવું તેવું બોલવાનું, લખવાનું, નિંદા, કુથલીમાં જ રસમગ્ન રહેવાનું, દોષ અને દુર્ગુણોના જ પ્રુફરીડર બન્યા રહેવાનું, ઈત્યાદિમાં જીવન નંદનવન નહિ બની શકે. પરમાત્મ સ્તુતિ, સ્તોત્રો, નામસ્મરણ, જાપ, ગુણીજનોની ગુણગાથા, કથા, હિતકારી સદ્‌વાંચન અને શ્રવણમાં સમય લગાવાય તો જ ઘણું બધું હરીયાળું મુલાયમ બનાવી શકાય.

ગુરુદેવોની વાણી મુખેથી વહે છે અને કલમમાંથી નીતરે છે. મુખેથી વહે તે વચન પ્રવચન બની જાય છે. કલમથી નીતરતી ગંગા ગ્રંથશાસ્ત્ર-સાહિત્ય બની રહે છે. આ ગ્રંથો આપણી સંસ્કૃતિના દસ્તાવેજો છે. એમાં મહાપુરુષોના અનુભવ અને અનુભૂતિના હસ્તાક્ષર હોય છે. જે આપણને સાચી દિશા અને દિવ્યદૃષ્ટિ આપે છે. મુક્તિમંજીલ પ્રાપ્ત કરવાનો સુરેખ નકશો (ચાર્ટ) એમના દ્વારા સર્જન પામતા સાહિત્યમાં સ્પષ્ટ આલેખાયેલ હોય છે.

ઊંડો ગહન શાસ્ત્રાભ્યાસ તથા અનુભવ અને અનુભિત દ્વારા આલેખાયેલ સાહિત્યના સદ્‌વાંચનથી અનેરો લાભ આપણને મળે છે. સાચી જીવનદૃષ્ટિ અને સમ્યગ્‌દિશા તરફ આપણને આગળ વધવાનું પ્રેરક બળ મળે છે. જીવન જીવવાની, જીવન ઘડતરની દિવ્ય દૃષ્ટિ સમ્યગ્ સાહિત્યના વાંચનથી વધે છે. વિકસે છે, સારું અન્ન આરોગ્ય માટે હિતકર ગણાય, એનાથી શરીરને પોષણ મળે. શરીર ટકી રહે, પણ શરીરની પાછળ જેની પ્રતિષ્ઠા થઈ છે તે આત્માને પોષણ આપે તેવું સદ્‌વાંચન ગમવું જોઈએ. જે માણસ કચરા જેવું સાહિત્ય વાંચે છે તે સાવ અભણ માણસ કરતાં કોઈ રીતે ચડીયાતો નથી. ગંદા, ગંધાતા ચોપાનિયાંનાં ચેપી જંતુઓ આપણાં મન અને આત્માને ચીપકે નહિ એ માટે ખાસ સાવધ રહેવા જેવું છે.

સદ્‌વાંચનથી હિત છે. એ આત્મહિતકર છે. સદ્‌વાંચનનો પ્રેમી સર્વત્ર સદાય



સુખી રહી શકે છે. કેમ કે સદ્‌વાંચનમાં સુખની ચાવીઓ ભરી પડી છે, તેથી એનો આનંદ પણ વધારે સ્થાયી હોય છે. સારા વિચારો અને સારા સાહિત્યનું વાંચન મગજનો બગીચો છે. સદ્‌વાંચનથી સારા વિચારો ઊગે છે, ઊઘડે છે. ખુલે ખીલે છે. આમ સદ્‌વાંચન ગુણ પુષ્પોની ખીલવણીમાં મૂળભૂત સહાયક બની રહે છે.

દિવ્યદર્શનના ૩૪માં વર્ષના અંતે અને ૩૫ મા વર્ષના આરંભે સદ્‌વાંચન પ્રેમી તમામ મુરબ્બી અને મિત્રોને અંતરનાય અંતરથી અભિનંદન પાઠવું છું. વર્ષ દરમ્યાન સદ્‌વાંચનપ્રેમી મિત્રો અને મુરબ્બીઓના અનેક પત્રો મને મળ્યા છે. પ્રિય સાપ્તાહિક નિયમિત મેળવી સદ્‌વાંચનનો ભરચક લાભ લેનાર ધન્યતા અનુભવે છે. કેમ કે અણીશુદ્ધ શાસ્ત્રાનુસારી અધ્યાત્મવાણીથી પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ કલમને ભારેખમ બનાવ્યા વિના રસમય શૈલીથી સરળ સુબોધ આપે છે. જે દ્વારા સેંકડો નહિ, હવે તો હજારો સદ્‌વાંચન પ્રેમીને દિવ્ય દૃષ્ટિ મળી છે. દિવ્યદર્શન પ્રાપ્ત થયું છે. માટે જ તો વાંચકો લખતા હોય છે કે “દિવ્યદર્શનના વાંચનથી હવે જીવન પહેલાં કરતાં વધુ શુભભાવોથી ભર્યું ભર્યું લાગે છે. સંકલેશપૂર્ણ મનને પરમ શાંતિ અને સમાધાન મળે છે. જીવનદૃષ્ટિ સાથે આત્મદૃષ્ટિનો સૂર્યોદય થયો છે. ધર્મનું સાચું સ્વરૂપ સમજાયું છે. પાપમુક્તિ અને ગુણપ્રાપ્તિની ચાવીઓ મળી છે. કષાયો મંદ અને મોળા પાડવાની કળા શિખાઈ છે. ધર્મપુરુષાર્થનું બળ વધ્યું છે. તથા દૈનિક જીવનમાં વિવેક સાથે વૈરાગ્યનું સિંચન થતું રહ્યું છે.”

કેવો ! કેટલો મોટો ઉપકાર છે ! દિવ્યદર્શનના સમ્યગ્ સાહિત્યનો અને એના સર્જક પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનો ઉપકાર હજીય અવિરતપણે ચાલુ છે.

અમસ્તાય, વાંચવાનું મન થાય તેવું સતત લખતા, તથા કરુણા નીતરતું, વૈરાગ્યસભર અને આત્મહિતકર સાહિત્ય સર્જતા પૂજ્ય ગુરુદેવના ચરણોમાં હું સૌ વાંચક મિત્રો વતી કોટિશઃ વંદન કરું છું.

અગાઉ અને આજ સુધી આપ સૌ વાંચક મિત્રોનો કિંમતી સાથ અને સહકાર મળ્યો છે, મળતો રહ્યો છે, નવા વર્ષે એવા જ અને એથી ય વધારે સ્નેહ અને સદ્‌ભાવપૂર્ણ સહયોગની આશા રાખું છું.

**લિ.**

**કુમારપાળ વિ. શાહના પ્રણામ**

**-તંત્રી, દિવ્યદર્શન સાપ્તાહિક**

## પર્યુષણા મહાપર્વની તથા સંવત્સરીની ભવ્યતમ આરાધના...

**વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાના શિષ્ય-પ્રશિષ્યાદિ સાથે મુંબઈ નગર-ઉપનગરમાં ૨૩ સ્થાનોમાં કરાવેલ.**

(૧) ઈર્લાબ્રીજ શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, (૨) મલાડ (ઈસ્ટ) શ્રી હીરસૂરિ જગત્ ગુરુ જૈન સંઘ, (૩) મુલુંડ (વેસ્ટ) શ્રી જૈન સંઘ, (૪) ઘાટકોપર (વેસ્ટ) શ્રી જૈન સંઘ નવરોજજી લેન, (૫) ઘાટકોપર (ઈસ્ટ) ૬૦ ફૂટ રોડ શ્રી જૈન સંઘ, (૬) ભાંડુપ શ્રી જૈન સંઘ, (૭) સાયન શ્રી જૈન સંઘ, (૮) ગ્રાંટરોડ શ્રી ભારત નગર જૈન સંઘ, (૯) ચોપાટી શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન સંઘ, (૧૦) બાબુલનાથ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન સંઘ, (૧૧) તારદેવ અરવિંદકુંજ સોસાયટી, (૧૨) દાદર શ્રી આરાધના ભુવન જૈન સંઘ, (૧૩) માહિમ શ્રી જૈન સંઘ, (૧૪) વાંદરા શ્રી જૈન સંઘ, (૧૫) ચકાલા શ્રી જૈન સંઘ, (૧૬) અંધેરી ટેકરી અલકા સોસાયટી, (૧૭) અંધેરી શ્રી મહાવીર વિદ્યાલય (૧૮) જોગેશ્વરી શ્રી પારસ નગર જૈન સંઘ, (૧૯) ગોરેગામ શ્રીનગર શ્રી જૈન સંઘ, (૨૦) કાંદીવલી શ્રી દામોદર વાડી જૈન સંઘ, (૨૧) કરજત શ્રી જૈન સંઘ, (૨૨) ભીવંડી શ્રી હાલારી વીસા ઓસવાલ જૈન સંઘ, (૨૩) ભીવંડી શ્રી ઘુંઘટ નગર રત્નચિંતામણિ જૈન સંઘ.

● **સાયન :** અત્રે પૂ. તપસ્વીરત્ન મુનિશ્રી જયસોમવિજયજી મ.ની નિશ્રામાં પૂ. મુનિશ્રી મુક્તિદર્શનવિજયજી મહારાજના પ્રવચનો ખૂબજ તાત્ત્વિક અને હૃદયસ્પર્શી ચાલતા શ્રી સંઘ સાથે ચોમાસામાં બહેનોને સુંદર આરાધના કરાવતા. આ. શ્રી ધનપાલસૂરીશ્વરજી મ.ના સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી મ.ના શિષ્યાઓ તપસ્વિની પૂ.સા.શ્રી અક્ષયનિધિશ્રીજી મ. ૩૦ ઉપવાસ તથા પૂ.સા.શ્રી. જિનદર્શનાશ્રીજી મ. ૩૧ ઉપવાસની ઉગ્રતપસ્યા કરી... અને પારણા ઉપર પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ને સાયન પધરાવવા ૧-૧ ઉપવાસની વધુ તપશ્ચર્યા કરી, ક્રમશઃ ૩૧-૩૨ ઉપવાસના પારણા પ્રસંગે ભા.સુ. ૭ બુધવારે પૂજ્યશ્રીને સાયન સંઘે વિનંતી સહિત વાજતે ગાજતે પોતાના ઉપાશ્રયે પધરાવ્યા. શ્રી સંઘ તરફથી નવકારશીથી સાધર્મિક ભક્તિનો લાભ લીધો. પૂ. સાધ્વીજી મ.ના સંસારી કુટુંબીજનો (અમલનેર) મિશ્રીલાલજી કોઠારી, તથા (અમદાવાદ) કવરલાલ પારેખે સંઘ પૂજન - શ્રી પાર્શ્વનાથ પૂજન આદિનો લાભ લીધો. બંને પૂ. સાધ્વીજી મહારાજે નાનીવયમાં



જ્ઞાન-ધ્યાન-સંયમ સાધના સાથે અપ્રમત્તપણે ખૂબ સુંદર રીતે ઉગ્ર તપશ્ચર્યા કરી છે. સાયન સંઘમાં મોક્ષદંડક તપ વગેરે બીજી પણ ઘણી તપસ્યાઓ થઈ. ઉપજો રેકોર્ડ થઈ.

● **ઘાટકોપર :** અત્રે પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી સંઘે અનેક અનુષ્ઠાનોની આરાધના કરતાં કરતાં શ્રી સીમંધર ભગવાનના ૧૨૦૦ અઠ્ઠમ અને અતિ ભવ્ય વરઘોડા પછી પર્યુષણા મહાપર્વની આરાધના ખૂબજ ભવ્ય રીતે કરી. અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યા સેંકડો લોકોએ કરી. સ્વપ્ન દ્રવ્યમાં પણ આરાધકોએ ખૂબ સારો લાભ લીધો...

● **મલાડ (ઈસ્ટ) :** અત્રે શ્રી હીરસૂરિ જગદ્ગુરુ જૈન ટ્રસ્ટના ઉપાશ્રયે બિરાજમાન પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજની નિશ્રામાં રોજના દૈનિક પ્રવચનોમાં ૧૨૦૦/૧૫૦૦ ની સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે. રવિવારીય યુવા શિબિરમાં ૧૪૦૦ યુવાનોએ લાભ લીધો. પર્યુષણા મહાપર્વની આરાધના ભવ્ય રીતે થઈ; અનેકવિધ તપશ્ચર્યા સાથે ક્રિયાકાંડમાં પણ યુવાનો ખૂબ સારા પ્રમાણમાં જોડાયા... સંવત્સરી મહાપર્વના દિને પ્રતિક્રમણમાં સંવત્સરીસૂત્ર-અજિતશાંતિ-સંતિકરં વગેરે સૂત્રોની બોલીમાં રત્નપુરીના ભાઈઓએ ખૂબ જ સારી રીતે લાભ લીધો. શ્રી રથયાત્રાના વરઘોડામાં પણ આરાધકો સારા પ્રમાણમાં જોડાયા...

● **ઈર્લાબ્રીજ :** અત્રે વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રીના પાવન પગલા ચાતુર્માસના થયા ત્યારથી વિવિધ અનુષ્ઠાનો વાચનાઓ-વૈરાગ્ય ઝરતા પ્રવચનોમાં આરાધકોએ સુંદર લાભ લીધો... પર્યુષણા પર્વમાં તપશ્ચર્યાદિનું લોકોને ઘેલું લાગ્યું હોય તેમ જીવનમાં ૧ થી વધુ ઉપવાસ ન કરનારા કેટલાય આરાધકો અઠ્ઠાઈની આરાધના કરી અણમોલ લાભ લઈ ગયા. અંધેરી ગામમાં વસતાં ઘાણેરાંવના વતની શ્રી સંપતરાજજીએ તો ૩૧ ઉપવાસની મહાન તપશ્ચર્યા પૌષધ સાથે લેખનકાર્ય કરતા કરતાં ખૂબ જ આનંદથી કરી. ભા. સુદ-૯ શુક્રવારે પૂજ્યશ્રીને વાજતે ગાજતે શ્રી સંઘ સાથે પોતાના ઘરે પગલા કરાવ્યા. સંઘપૂજન-સ્વામીભક્તિનો લાભ લીધો અને અંધેરી ગામના શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયમાં શ્રી અષ્ટાપદજીની પૂજાનું આયોજન કરી પૂજ્યશ્રીના મુખે પૂજાના રહસ્યો પોતે સાંભળી અનેકને સંભળાવવાનો લાભ લીધો. શ્રી સોભાગચંદભાઈએ વાજિંત્રોના સાજ સાથે ભક્તિસંગીતની રમઝટ મચાવી. ભા. સુદ-૧૨ રવિવારના શ્રી સંઘનો રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. મલાડથી ચૈત્યપરિપાટી લઈ પધારેલા પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ સહિત ૧૦૦૦ આરાધકો; દાદરથી ચૈત્યપરિપાટી લઈ પધારેલા પૂ. મુનિશ્રી જયસુંદરવિજયજી મહારાજ સહિત ૩૦૦ આરાધકો; ગોરેગામ શ્રીનગરથી

ચૈત્યપરિપાટીમાં પધારેલા ૨૦૦ આરાધકો; માહીમથી ચૈત્યપરિપાટીમાં પધારેલા ૨૦૦ આરાધકો; આ ભવ્ય વરઘોડામાં જોડાયા... વરઘોડા બાદ શિબિર જેવું આયોજન થયું, પૂજ્યોનાં પ્રવચનો થયા... ઈર્લાબ્રીજના શ્રી સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય રખાયું હતું. પછી જાહેર વ્યાખ્યાન થયું.

● **મુલુંડ :** અત્રે પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના ચાતુર્માસના પ્રવેશ દિનથી જ જાણે પર્યુષણા પર્વની આરાધના ચાલુ થઈ ગઈ હોય તેમ લાગે છે. ૧૦૦૦ થી વધુ ખીરના એકાસણા, ૪૫૦ અટ્ઠમ વગેરે વિવિધ અનુષ્ઠાનો સહિત પર્યુષણા પર્વમાં ૫૫૦ થી વધુ અટ્ઠાઈની તપશ્ચર્યા થઈ; પર્યુષણા પર્વ દરમ્યાન રોજ સવારે ૪૦૦૦/૪૫૦૦ આરાધકો અને બપોરે ૧૫૦૦/૨૦૦૦ આરાધકો શાંતિથી પ્રવચન સાંભળવાનો લાભ લઈ રહ્યા હતા. લોકોએ અનેક પ્રકારના નવા નવા અભિગ્રહો લીધા; (૧) 'દેરાસર-ઉપાશ્રયના કમ્પાઉન્ડમાં તો ચતુર્વિધ સંઘમાંથી કોઈની પણ નિંદા કરવી જ નહિ;' (૨) દેરાસરમાં કાજો આપણે જ લેવો... વગેરે.

● **મદ્રાસ :** અત્રે પૂ. મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા પર્વની સુંદર આરાધના થઈ; ૮ માસખમણ ૨૫૦ જેટલી અટ્ઠાઈ ઉપરની તપશ્ચર્યા, ૨૨૫, ચોસઠ પહોરી પૌષધ ૯૬, સમવસરણ તપ, રોજના ૧૫૦૦ થી વધુ આરાધકો પ્રતિક્રમણમાં; અને સંવત્સરી પર્વને દિવસે ૫ થી ૬ હજાર આરાધકોએ શાંતિથી સાથે પ્રતિક્રમણ કર્યું. સ્વપ્નદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યની ઉપજ પણ સારી થઈ; ગુજરાતી વાડીમાં પણ સુંદર આરાધના થઈ.

● **ઈસ્લામપુર (મહારાષ્ટ્ર) :** ૧૦૦-૧૨૫ ઘરની જૈનોની વસતિવાળા આ નાના ગામમાં લગભગ ૩૦ વરસે પહેલી વાર પૂ. સાધ્વીજી મ.નું ચોમાસું થયું. એમાં પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ.ની પ્રેરણાથી સંઘમાં ૨૨ સિદ્ધિતપ, ૩ માસખમણ, ૭૦ જેટલી અટ્ઠાઈ કે તેથી ઉપરની તપશ્ચર્યા, ૩૬ મોક્ષદંડક તપ વગેરે તપશ્ચર્યા પર્યુષણા પર્વમાં થઈ; પૂર્વે નવપદજીના ૯ એકાસણા, ખીરના એકાસણા, આયંબિલ વગેરે અનેક આરાધનાઓ સામુદાયિક થઈ. પૂ. સાધ્વીજી શ્રી માનહંસાશ્રીજી મ. નાની વયમાં માસખમણની ઉગ્રતપસ્યા ખૂબજ સુંદર રીતે પૂર્ણ કરી છે. રોજ બપોરે પૂ. સાધ્વીજી મ.ના પ્રવચનમાં બેનોએ ખૂબ સુંદર લાભ લઈ વિવિધ નિયમો લીધા.

● **તળેગામ (ઢમઢેરા) :** અહીં પૂ. મુનિશ્રી કીર્તિરત્ન વિ.મ. તથા પૂ.મુ.શ્રી વિશ્વકલ્યાણ વિ.મ.ની નિશ્રામાં સંઘમાં અટ્ઠમ-પંચપરમેષ્ઠી આરાધના-દીપકવ્રત-અક્ષયનિધિ-પૌષધ-આદિ વિવિધ આરાધનાની અનુમોદનાર્થે દશ દિવસનો ભવ્ય જિનભક્તિ મહોત્સવ રાખેલો છે. અહીં પણ કેટલાય વરસો પછી ચાતુર્માસ હોવાથી સંઘમાં ધર્મની ધામધૂમ મચી.



● **જોગેશ્વરી (પારસનગર) :** અત્રે **પૂ.મુનિશ્રી પદ્મસેન વિજયજી મહારાજ** તથા પૂ. મુનિશ્રી સૂર્યોદય વિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સુંદર થઈ. બારમાસી દેવ દ્રવ્ય-સાધારણ દ્રવ્યની બોલીઓ સારી થઈ. ૩ સિદ્ધિતપ-૩૧ અટ્ઠાઈ-ક્ષીરસમુદ્ર આદિ તપસ્યા; પારણા; ભવ્ય વરઘોડો, ૨ સ્વામિવાત્સલ્ય થયા.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૫,અંક-૪,તા.૨૭-૯-૧૯૮૬**

● **નેર :** અત્રે પૂ. મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા પર્વની સુંદર આરાધના થઈ. ૫ માસખમણ, અનેક અટ્ઠાઈ કે તેથી વધુ તપસ્યા, ૫૦ જેટલા ચોસઠ પહોરી પૌષધ થયા. વિવિધ અનુષ્ઠાનો-દૈનિક પ્રવચનોથી લોકોમાં અનેરો ઉત્સાહ આવેલો છે.

● **ભીવંડી :** શ્રી હાલારી વીસા ઓસવાલ તપગચ્છ શ્વે.મૂર્તિ સંઘમાં પધારેલા પૂ. મુનિરાજશ્રી નંદીઘોષવિજયજી મહારાજ તથા પૂ.મુ. શ્રી શીલરત્ન વિ.મ.ની નિશ્રામાં ૧૩૫ થી વધુ અટ્ઠાઈ વગેરે તપશ્ચર્યા-વરઘોડાનું ઘી-દેવદ્રવ્ય-સૂત્રબોલી વગેરે ઉપજ સુંદર થઈ; સંઘ સ્વામિવાત્સલ્ય થયા... ઘુંઘટનગરમાં પણ પજુસણ સાચવ્યા.

● **નવાડીસા :** પૂ.પં. શ્રી જયશેખરવિજયજી મ.ની નિશ્રામાં ચાર શરણ સ્વીકાર, સુકૃત અનુમોદના, દુષ્કૃતગર્હામાં ૧૬૦૦ જેટલા આરાધકો જોડાયા. શ્રી નેમનાથ ભગવાનના અટ્ઠમ થયા... દર રવિવારે સુસંસ્કારવર્ગના ૩ કલાકના પ્રવચનમાં ૫૦૦ જેટલા બાળકો જોડાયા. પર્યુષણા દરમ્યાન અનેકવિધ નાનીમોટી તપસ્યાઓમાં લોકોએ ભાગ લીધો; ૧૭૦ જેટલા આરાધકો ચોસઠ પહોરી પૌષધમાં જોડાયા...

● **કરજત (રાયગઢ) :** અત્રે પૂ. મુનિશ્રી વિશ્વાનંદ વિ.મ.ની નિશ્રામાં ખીરના એકાસણા, દીપકવ્રત, છટ્ઠતપ, અટ્ઠમતપ, વગેરે અનુષ્ઠાનોમાં લોકોએ સારો લાભ લીધો. દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય-જીવદયા વગેરેમાં લોકોએ સારી રકમ વાપરી. એક ઉપવાસથી સમૂહમાં પારણા થયા. સ્વામીવાત્સલ્ય અને ભવ્ય વરઘોડો નીકળ્યો.

● **નડિયાદ :** અત્રે પૂ.પં. શ્રી રાજેન્દ્ર વિ.મ.ની નિશ્રામાં ચોમાસા દરમિયાન સિદ્ધિતપ-મોક્ષદંડક તપ-ભદ્રતપ-અટ્ઠમતપ વગેરે અનેક આરાધનાઓ થઈ, પર્યુષણા પર્વમાં અટ્ઠાઈ, તેથી વધુ તપસ્યામાં ઘણા આરાધકો જોડાયા... રથયાત્રાનો વરઘોડો-

સ્વામીવાત્સલ્ય-ચૈત્યપરિપાટી ભવ્ય રીતે ઉજવાયા... દૈનિક પ્રવચનોમાં લોકો ખૂબ સારો લાભ લઈ રહ્યા છે...

● **પિંડવાડા :** અત્રે પૂ. ગણિશ્રી વીરશેખર વિજયજી મ. આદિ ઠાણાના પ્રવેશથી જ બબ્બે સાકળીબદ્ધ અઠ્ઠમો, અઠ્ઠાઈ મહોત્સવ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમો, શત્રુંજયમોદક તપ, નવપદના નવ એકાસણાં, ખીરના એકાસણા, વગેરે સામુદાયિક તપો થયા. ઉપરાંતમાં પર્વ પર્યુષણામાં અઠ્ઠાઈ વગેરે તપસ્યાઓ, ચોસઠ પહોરી પૌષધો સારા પ્રમાણમાં થયા. ઝાડોલી શ્રીસંઘને પણ પર્યુષણા પર્વની આરાધના કરાવી.

● **જાલોર :** અત્રે પૂ. ગણિશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં ચોમાસાના પ્રવેશથી સાકળીબદ્ધ રોજના અઠ્ઠમ, આયંબિલો ઉપરાંત શ્રી સીમંધર સ્વામીના અઠ્ઠમો; ૧૭૦ જિનની નીવી; અરિહંતના એકાસણા પચરંગી તપ વગેરે તપસ્યા સામુદાયિક થઈ; પર્વ પર્યુષણામાં બહારથી અનેક આરાધકો આરાધના કરવા આવેલા હતા... ૮૫ ચોસઠ પહોરી પૌષધ, ૫ માસખમણ; અનેક અઠ્ઠાઈ કે તેથી વધુ તપસ્યા આદિ થવા સાથે જ્ઞાનદ્રવ્ય-દેવદ્રવ્યની સારી ઉપજ થઈ; લોકો ખૂબ સારી સંખ્યામાં પ્રવચન શ્રવણ લાભ લઈ રહ્યા છે.

● **દાદર (જ્ઞાનમંદિર) :** અત્રે પૂ.આ. શ્રી કીર્તિચંદ્રસૂરિજી મ.ની નિશ્રામાં ખૂબ સુંદર ધર્મારાધના ચાલી રહી છે. ૪૦ જેટલા સંઘપૂજન થયા. સંઘમાં વિવિધ અનુષ્ઠાનો-તપસ્યા-ભવ્ય પર્યુષણાની આરાધના-ઉપજ શ્રી રથયાત્રાનો વરઘોડો નીકળ્યો... દશેરાથી ઉપધાન તપની આરાધના શરૂ થનાર છે.

● **નારલાઈ (રાજસ્થાન) :** અત્રે પૂ.પં. શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજની શુભ નિશ્રામાં શ્રીસંઘમાં વિવિધ અનુષ્ઠાનો સામુદાયિક થયા. પર્વ પર્યુષણામાં નાના ગામમાં પણ ૬ માસખમણ; અઠ્ઠાઈ અને તેથી વધુ તપસ્યા ૬૪; સિદ્ધિતપ ૬; તપની સાથોસાથ સ્વપ્નદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યની સારી ઊપજ થઈ; અનેક તપની અનુમોદનાર્થે ભા. સુદ-૫ ને મંગળવારથી અનેક પૂજન-૧૬ સ્વામીવાત્સલ્ય સહિત આઠ દિવસનો ભવ્ય જિનભક્તિ મહોત્સવ થયો... દશેરાથી શ્રી મહામંગળકારી ઉપધાનતપની આરાધના શરૂ થશે.

● **અહમદનગર :** અત્રે પૂ.આ. શ્રી વિજય ગુણાનંદસૂરિજી મહારાજની નિશ્રામાં; પૂ.મુનિશ્રી જગવલ્લભવિજયજી મહારાજની પ્રેરણાથી સંઘમાં અઠ્ઠાઈ કે તેથી વધુ ૧૦૮ તપસ્યા, બધાને ૭૦-૭૦, રૂા.ની પ્રભાવના. ૬૩ સંઘપૂજન; ૩ જિનભક્તિ મહોત્સવ; ૩ સ્વામિવાત્સલ્ય; ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના ૧૯૦ અઠ્ઠમ,



વીસસ્થાનકના ઉપવાસ ૫૨૫ આરાધક; ધર્મચક્રતપ-૫૧; સિદ્ધિતપ-૪, સંઘમાં કાયમી સર્વસાધારણની તિથિયોજનામાં સુંદર સહકાર; જ્ઞાનદ્રવ્ય-દેવદ્રવ્યમાં સારી ઉપજ, વદ-૯ થી દશ દિવસનો જિનભક્તિ મહોત્સવનું આયોજન થયું છે. રોજ પ્રવચનમાં સારી સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે.

● **મલાડ :** (હીરસૂરિ જગદ્ગુરુ જૈન ટ્રસ્ટનો ઉપાશ્રય) ૧૮૦૦ થી ૨૦૦૦ આરાધકોની ચૈત્યપરિપાટી લઈ ચાલતા ચાલતાં ૧૦ કિલોમીટર દૂર ઇરલાબ્રીજ જૈન સંઘમાં બિરાજમાન વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને વંદનાર્થે આવેલા પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજ સહિત મલાડના શ્રીસંઘના અતિ આગ્રહને કારણે તા. ૨૧-૯-૮૬ ના રવિવારે સવારના પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રીની મલાડ પધરામણી થઈ; સામૈયામાં ૮-૩૦ વાગ્યે શરૂઆતથી જ સેંકડો-હજારો આરાધકોની સ્વાગત કરવા માટે હાજરી હતી... દબદબાભર્યા સામૈયાથી પૂજ્યશ્રીને ટ્રસ્ટના ઉપાશ્રયે પધરાવ્યા... સ્વાગતગીત માંગલિક પછી પૂજ્યશ્રીનું વૈરાગ્યનીતરતું પ્રવચન ૧ કલાક ચાલ્યું... શ્રોતાજનોએ પ્રવચન ગંગામાં સ્નાન કરતાં '૧૪ નિયમ' ધારવાની પ્રતિજ્ઞા લઈને ઊઠ્યા... ત્યારબાદ શિબિરના શેષ પ્રવચન બપોરે જાહેર પ્રવચન પૂ. મુનિશ્રી હેમરત્નવિજયજી મ.ના હતા. તા. ૨૮-૯-૮૬ રવિવારના શ્રી 'રત્નપુરી' આરાધક સંઘના ભાઈઓ તરફથી તેઓના આંગણે રત્નપુરીમાં જ શિબિરનું આયોજન પૂજ્ય આચાર્યદેવશ્રીની નિશ્રામાં થયેલું છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૫,તા.૪-૧૦-૧૯૮૬

## મલાડમાં અદ્ભુત સામૈયું અને શિબિર

● **મલાડ :** અત્રેથી પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્ન વિ.મ.ની નિશ્રામાં ૧૪૦૦ શિબિરાર્થીઓનો તા. ૧૪-૯-૮૬ ના રોજ ચૈત્યપરિપાટીનો ભવ્ય વરઘોડો ૧૦ કિ.મી.નો લાંબો રૂટ પગપાળા પસાર કરીને ઈર્લા મુકામે પહોંચ્યો હતો. દેવાધિદેવશ્રીના દર્શન વંદન કર્યા બાદ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પાવનકારી નિશ્રામાં પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવચન અને ત્યાં શિબિર પ્રવચન પૂ. હેમરત્ન વિ. મહારાજે આપેલ. ત્યાં પૂ. આચાર્યદેવશ્રીને આવતી શિબિર અંગે મલાડ પધારવા માટે આગ્રહભરી વિનંતી કરવામાં આવી હતી. પૂજ્યશ્રી વિનંતીનો સ્વીકાર કરીને તા. ૨૧-૯-

૮૬ના રોજ મલાડ મુકામે પધાર્યા હતા. ભવ્ય સ્વાગતયાત્રા મલાડના રાજમાર્ગો પર ફરીને ૧૦ વાગે દફતરી રોડ જગદ્ગુરુ જૈન ઉપાશ્રયે પહોંચી હતી. વિશાળ પ્રવચન હોલ માનવ મેદનીથી ઊભરાઈ ગયો હતો. સ્વાગતગીત પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રીએ સંવેગ અને વિરાગ ઝરતું પ્રવચન રજૂ કરીને શ્રોતાઓનાં હૃદયને હચમચાવી દીધા હતા. અનેક લોકોએ '૧૪ નિયમ' ધારવાના નિયમો લીધા. ત્યારબાદ પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્ન વિ.મ. સાહેબનાં શિબિરના પ્રવચનો બપોરનાં એક વાગ્યા સુધી ચાલ્યા હતા. અને બપોરે જૈન મહાભારત પર જાહેર પ્રવચન પણ તેઓશ્રીએ જ ફરમાવ્યું હતું. સવારે પ્રવચન બાદ સાકરના પડાની પ્રભાવના ભાગ્યશાળી ભાઈઓ તરફથી કરવામાં આવી હતી. પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનાં દૈનિક પ્રવચનોમાં પણ વિશાલ સમુદાય ઉપસ્થિત થતો હતો. તા. ૨૮-૯-૮૬ રવિવારના રોજ શિબિરનું આયોજન 'રત્નપુરી'માં વસતા ભાઈઓ તરફથી તેમની બિલ્ડિંગના ઘરઆંગણે કરવામાં આવ્યું હતું. રવિવારે સવારે ૮ાા વાગે ૪૫ આગમ સૂત્રોના ભવ્ય વરઘોડામાં તથા પૂજ્યશ્રીના સ્વાગતમાં ગજરાજ, ઘોડા, દિગ્કુમારીકા, ૪૫ આગમ પુરુષનો ભવ્યપટ તથા મસ્તક પર આગમ સૂત્રોને ધારણ કરતી બહેનો, બે બેન્ડ વાજા, ભક્તિવાહિની શિશુ સામાયિક શિબિરના બાળકો વગેરે અનેક ચીજો સામેલ કરવામાં આવી હતી. ભવ્ય વરઘોડાના દર્શન માટે રોડના બે ય કિનારે વિશાલ માનવ મેદની કતારબંધ ગોઠવાઈ ગઈ હતી. બરાબર ૧૦ વાગે વરઘોડો રત્નપુરી જિનાલયે પહોંચ્યો ત્યારે જગ્યા રોકવા માટે પહેલેથી આવીને ગોઠવાઈ ગયેલા શ્રોતાજનોથી આખો સભામંડપ ખીચોખીચ ઊભરાઈ ગયો હતો. પાઠશાળાની બાલિકાઓએ સ્વાગતગીત પૂર્ણ કર્યા બાદ સ્વ. શેઠશ્રી દેવચંદ માણેકચંદના પરિવાર તરફથી પણ ગુરુપૂજન કરવામાં આવ્યું હતું. પ્રવચન બાદ ઉપરોક્ત બે ય પરિવાર તરફથી અલગ અલગ સંઘપૂજન પણ રાખવામાં આવ્યું હતું. આજનું શિબિરનું પ્રથમ પ્રવચન પૂજ્ય આચાર્યદેવશ્રીએ ફરમાવ્યું હતું. અરિહંત પરમાત્માના અગણિત ઉપકારને રજૂ કરતાં અમેરિકાના મોટર મેન્યુફેક્ચર્સનું દૃષ્ટાંત ધારાવાહી ઈંગ્લીશ ભાષામાં રજૂ કરીને યુવાનોના કાન ઊંચા કરી દીધા હતા. પૂજ્ય આચાર્યશ્રીનું પ્રવચન પૂર્ણ થયા બાદ પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્ન વિ.મ. સાહેબે શિબિરનાં દિનચર્યા અને આહાર શુદ્ધિના પ્રવચનો રજૂ કર્યા હતા. આહાર શુદ્ધિના પ્રવચનમાં તમામ યુવાનોએ ઈંડા-માંસ, આમલેટ, ચીઝ અને અન્ય ખાદ્યપ્રાણીજ ચીજોના ત્યાગની પ્રતિજ્ઞાગ્રહણ કરી હતી. બપોરના એક વાગે શિબિર પૂર્ણ થતાં રત્નપુરીના ભાગ્યશાળીઓ તરફથી શિબિરાર્થી યુવાનોની તથા બહારથી પધારેલા મહેમાનોની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા શ્રી હીરસૂરીશ્વરજી ટ્રસ્ટ ઉપાશ્રયના



હોલમાં રાખવામાં આવી હતી. બપોરે ૨ાા વાગે શરૂ થનારા જૈન મહાભારતના જાહેર પ્રવચનમાં ચારથી પાંચ હજારની વિરાટ મેદનીએ બપોરે ૧ાા વાગ્યાથી જગ્યા કબજે કરવાનો પ્રયત્ન શરૂ કરી દીધો હતો. પૂજ્ય આચાર્યદેવશ્રી પાટે પધાર્યા ત્યારે સભામંડપ આખો ખીચોખીચ એકદમ ટાઈટ ભરાઈ ચૂક્યો હતો. આજના પ્રવચનમાં અતિથી વિશેષ રૂપે બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી એ.ડી. તાતેડ એમ.એલ.એ. શ્રી ચંદ્રકાંત ગોશલીયા, સુશ્રાવક શેઠશ્રી અમૃતલાલ ગોળાવાળા આદિ પધાર્યા હતા. તે સહુનું અભિવાદન સુશ્રાવક કુમારપાળ વિ. શાહે કર્યું હતું. તેમના બહુમાનની વિધિ રત્નપુરીના ભાઈઓએ કરી હતી. મહેમાનોએ પોતાના ઉદ્બોધન પૂર્ણ બાદ પૂજ્ય આચાર્યદેવશ્રીએ છેલ્લી ૩૦ મિનિટનું પ્રવચન ફરમાવ્યું હતું અને જૈન દર્શનની સાચી અહિંસા શું છે ? તે વાતને વિવિધ દાખલા અને દૃષ્ટાંતો સાથે તર્ક સંગત રીતે રજૂ કરી હતી. જેનું શ્રવણ કરતાં હાઈકોર્ટના જજ પણ આનંદથી ડોલી ઊઠ્યા હતા. બરાબર ૪/૩૦ કલાકે સભાનું વિસર્જન થયું હતું. બપોરે પણ રત્નપુરીના ભાઈઓ તરફથી સંઘપૂજન રાખવામાં આવ્યું હતું. પ્રવચન બાદ તરત જ પૂજ્ય આચાર્યદેવશ્રીએ પોતાનો વિહાર ઈર્લા તરફ લંબાવ્યો હતો. પૂજ્યશ્રીને વળાવવા માટે વિશાળ માનવ મહેરામણ ઊમટ્યો હતો. જિનશાસનના શૌર્યભર્યા નારાઓથી યુવાનોએ દિગંતને ગજાવી મૂક્યું હતું. આમ પૂજ્યશ્રીની આઠ દિવસની ટૂંકી સ્થિરતા મલાડ શ્રીસંઘ માટે યાદગાર અને ઐતિહાસિક બની રહી હતી...

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૭,તા.૨૫-૧૦-૧૯૮૬

● **દાદર :** અત્રે આરાધનાભવન સંઘ તરફથી નવા ખરીદેલા પાઠશાળાના મકાનનો ઉદ્ઘાટન અને નામકરણની વિધિનો ભવ્ય સમારોહ વિજયાદશમી (દશેરા)ના શુભ દિવસે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘની ખાસ વિનંતીથી પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સપરિવાર અંધેરીથી ખાસ પધાર્યા હતા. પૂજ્યશ્રીની નિશ્રામાં મકાન સાથે જેમનું નામ જોડવામાં આવ્યું હતું તે શેઠ દામજી પદમશીએ મંગળાચરણપૂર્વક તાળું ખોલીને ઉદ્ઘાટન વિધિ કરી હતી. પછી મકાનમાં પૂજ્યશ્રીના મંગલાચરણ બાદ માસ્તર વેલજીભાઈએ સભાને સ્વરચિત જિનશાસન... ગીત મધુરા સ્વરે ઝીલાવ્યું હતું, અને પ્રાસ્તાવિક વક્તવ્ય કરતાં જણાવ્યું હતું કે ૪૦-૪૦ વરસથી ચાલતી આ પાઠશાળાના મકાનમાં સ્થિરતાથી કામ કરશે. આની સગવડ કરવા માટે શેઠ દામજીભાઈ પદમશીનો સંઘ આભાર

માને છે, અને માબાપોને છોકરા છોકરીઓને પાઠશાળામાં મોકલવા આગ્રહભરી વિનંતી કરે છે. આ પ્રસંગે ધાર્મિક શિક્ષણ સંઘના પ્રમુખ કાર્યકર શ્રી ચીમનલાલ પાલીતાણાકરે પણ પ્રોત્સાહક સુંદર વક્તવ્ય કરેલ. ત્યારબાદ પૂ. આચાર્યદેવશ્રીએ પ્રવચન કરતાં ફરમાવ્યું કે 'માનવ જન્મ જેટલો ઊંચો છે, એટલું માનવજીવન ઊંચું બનવું જોઈએ. એ મોક્ષસાધક જ્ઞાન-તપ અને સંયમની સાધનાથી બની શકે.' એમાં પહેલું સમ્યગ્જ્ઞાન કેટલું અગત્યનું છે, એ ઉપમિતિ શાસ્ત્રના દ્રમક (ભિખારી)ના દૃષ્ટાંતથી સમજાવ્યું હતું અને છોકરાઓને પાઠશાળાએ મોકલવા પૂજ્યશ્રીએ પ્રોત્સાહન આપતાં, સભાએ છોકરા પાઠશાળાએ જે દિવસે ન આવે એના દંડરૂપે પોતાને કાચો ગોળ-ત્યાગનો નિયમ કર્યો હતો... આ સમારોહ પ્રસંગે બે ભાઈઓ તરફથી સંઘપૂજન કરવામાં આવેલ.

આ સમારોહ પૂર્ણ થતાં નજીકના શાંતિનાથ દેરાસરના ઉપાશ્રયમાં અંધેરી શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી મુદ્રિત થયેલ જ્ઞાનસાર (ઇંગ્રેજી અનુવાદ સાથે,) ધ્યાન વિચાર (હિંદી અનુવાદ સાથે) અને ચિદાનંદજી સ્વરોદયજ્ઞાન (ગુજ. અનુવાદ સાથે) આ ત્રણ પુસ્તકોનો વિમોચન સમારોહ રાખવામાં આવ્યો હતો. આ માટે સાહિત્ય વિકાસ મંડળના અધ્યક્ષ શેઠશ્રી જગુભાઈ તથા શેઠશ્રી ચંદ્રકાંત અમૃતલાલ દોશીની વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં આ સમારોહ યોજવામાં આવેલ. અતિથિ વિશેષ તરીકે શેઠશ્રી જે.આર. શાહ પધારેલા. ઉપરાંત જ્ઞાનસારનો અંગ્રેજી અનુવાદ કરનાર ડૉ. ગોપાણી તથા મુંબઈ યુનિ.ના પ્રો. રમણભાઈ ડાક્ટરેટ અને દાદર સંઘના અગ્રણીઓ તથા શ્રી સંઘની સારી ઉપસ્થિતિ હતી. પૂજ્યશ્રીના મંગળાચરણ પછી પંડીત ગિરીશભાઈએ સંસ્થાનો સુંદર પરિચય આપ્યો. શેઠશ્રી ચંદ્રકાન્તભાઈએ ત્રણે પુસ્તકોનો પરિચય આપતાં સ્વરોદયજ્ઞાન પુસ્તક પર પોતે કરેલ ચિંતનનો ખ્યાલ આપેલ. બાદ સાહિત્ય વિકાસ મંડળના પ્રમુખ શેઠશ્રી જગુભાઈ દોશીએ મંગલ દીવો પ્રગટાવી જ્ઞાનપૂજન કરી પુસ્તકોનું વિમોચન જાહેર કર્યું. ત્યારબાદ જ્ઞાનસારના ઓનરરી અનુવાદકર્તા ડૉ. ગોપાણીનું શાલ વગેરેથી બહુમાન કર્યું. ડૉ. ગોપાણીએ પોતાના વક્તવ્યમાં ગ્રંથનો મહિમા ગાયો...

પૂ. આચાર્યદેવશ્રીએ પ્રવચનમાં ફરમાવ્યું કે સમ્યગજ્ઞાનની પ્રાપ્તિના અણમોલ સાધનભૂત આવા જ્ઞાનસારાદિ પુસ્તકોનો સ્વાધ્યાય અત્યંત જરૂરી છે. પરંતુ આજે દુઃખ એ વાતનું છે કે ઘરમાં આવા સુંદર પુસ્તકો જ વસાવાતા નથી તેથી પુસ્તક-પ્રકાશકોની ફરિયાદ રહે છે, કે પુસ્તકોના મુદ્રણમાં રોકાયેલા પૈસા એમજ રોકાયા રહે છે. પુનાના અગ્રણી પોપટલાલ રામચંદ શાહ મને કહે 'સાહેબ આપ બીજી બાધાઓ આપો છો સાથે આ બાધા આપો કે વર્ષે અમુક રકમના ધાર્મિક પુસ્તકો ખરીદવા.' ત્યારે લોકો ફરિયાદ કરે છે કે 'ઘરમાં બહુ પુસ્તકોને સાચવવાની જગા નથી રહેતી,' પણ આમને હું પૂછું કે ઘરમાં બે બાબા વધે પછી મોટા થયે એની વહુરો વધે, તો એ બધા સાચવી શકાય છે. ગુનો માત્ર સારા પુસ્તકોનો ! ઘરમાં સારા પુસ્તક પડ્યા હોય તો ફુરસદના અવસરે નવી પ્રજાને એ વાંચવાની તક રહે છે. સ્નેહી મિત્રમંડળમાં એ વાંચવા આપી પ્રચારી શકાય છે. અમદાવાદના સ્વ. શેઠ મયાભાઈ લક્ષ્મીચંદ એકવાર **'ધ્યાન અને જીવન'** પુસ્તકની ૫ નકલ દિલ્હી લઈ ગયા, સ્નેહીઓમાં વાંચવા આપી કહ્યું વાંચી લઈને પાછા આપજો જેથી બીજાઓને વાંચવા આપી શકાય. પણ પછીથી જ્યારે પાછા માગ્યા ત્યારે પેલા કહે 'અમારે આ ફરી ફરી વાંચવા રાખવા છે પાછા નહિ આપીએ તમે બીજા ખરીદી લેજો' છેવટે એ ભક્ત શ્રાવકે કહ્યું 'સાહેબ, મારા તરફથી ૫૦૦ નકલ નવી છપાવી આપશો.' કહેવાનું તાત્પર્ય, સારા પુસ્તકોનાં સર્જન અને પ્રચાર આજના કાળના નાસ્તિકવાદ-જડવાદ-વિલાસવાદને પોષનારા સાહિત્યના ધૂમ પ્રચારની સામે અતિશય જરૂરી છે... અને પ્રાંતે પં. ગિરીશભાઈએ આ ભવ્ય સમારોહમાં સૌ સહાયકોનો આભાર માન્યો હતો.

| **- પુસ્તક પ્રાપ્તિ માટે -** | | મૂલ્ય |
|---|---|---|
| જૈન સાહિત્ય વિકાસ મંડળ | જ્ઞાનસાર (ઇંગ્લીશ) | રૂા. ૫૦ |
| ૯૬, બી.એસ.વી.રોડ, | ધ્યાનવિચાર (હિંદી) | રૂા. ૧૫ |
| ઈરલા બ્રીજ, | સ્વરોદયજ્ઞાન (ગુજરાતી) | રૂા. ૨૦ |
| **મુંબઈ**-૪૦૦૦૫૬. | | |

● **અહમદનગર :** પ.પૂ.આ. દેવ ગુણાનંદસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.ની પ્રેરણાથી અત્રેના સંઘમાં તપશ્ચર્યાઓ ઉજવણી નિમિત્તે શ્રી સંઘ તરફથી ૭ પૂજનો અને ૫ છોડના ઉજમણા સાથે ભવ્ય દશાન્હિકા જિનભક્તિ મહોત્સવ ઉજવાયો. તે ઉત્સવના બીજા દિવસે ભણાવાયેલ પંચનમસ્કારચક્ર મહાપૂજન (પ્રથમ દિવસ)માં પ્રભુજી તથા માંડલામાં સ્થાપેલ અર્હં આ બંનેની મધ્યમાં રહેલ શ્રીફળમાંથી અચાનક અમીધારા ચાલુ થઈ હતી જે ધારા લગભગ ૫ કલાક સુધી સતતપણે ચાલુ હતી. અને એક વાટકી પાણી ધારણ કરવાની ક્ષમતાવાળા તે શ્રીફળમાંથી લગભગ ૧॥ લોટા જેટલું પાણી નીકળ્યું હતું જે પૂજનમાં ઉપસ્થિત ૮૦૦-૧૦૦૦ ભાવુકોએ પોતાની નજરે નિહાળી કૃતાર્થ બન્યા હતાં.

મહારાષ્ટ્રમાં પ્રથમવાર ધર્મચક્રનો વરઘોડો ખૂબ જ ઠાઠપૂર્વક નીકળ્યો હતો.

જેમા લીંબડીની દાંડીયારાસ મંડળી સર્વધર્મીઓને માટે આકર્ષણનું સ્થાન બની શાસનપ્રભાવનામાં સહાયક બની હતી. ઉત્સવ દરમિયાન આયોજિત ધર્મચક્ર આલેખન સ્પર્ધામાં ૪૦ સ્પર્ધકો જોડાણા હતાં તેનાં વિજેતાઓમાં પ્રથમ પાંચ નંબરમાં ૧૩ સ્પર્ધકો વિજયી બન્યાં હતાં. તે સર્વે વિજેતાઓ તથા સ્પર્ધકોનો સત્કાર કરવામાં આવ્યો હતો. તેમજ સર્વે ધર્મચક્ર તપના તપસ્વીઓનું બહુમાન શ્રી સંઘ તરફથી મહારાષ્ટ્રરત્ન અમલનેર નિવાસી શ્રી મિશ્રીલાલજી કોઠારીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. દેવદ્રવ્ય, સાધારણદ્રવ્ય તથા જીવદયાદિની ઉપજ ખૂબ જ સારી થઈ હતી.

● **આઘોઈ** : અત્રે પૂ.આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરિજી મહારાજની આજ્ઞાવર્તિની પૂ.સા. શ્રી ચંદ્રરેખાશ્રીજી આદિ ઠાણા ૬ ની નિશ્રામાં સંઘમાં ૩૪ આરાધકોએ શ્રેણીતપની આરાધના કરી માસખમણ-સિદ્ધિતપ-પંચરંગીતપ-અક્ષયનિધિતપ-શ્રી પાર્શ્વનાથ ભગવાનના અટ્ઠમ વગેરે આરાધના સંઘમાં સામુદાયિક રીતે સારી સંખ્યામાં થઈ. સા. શ્રી ચારુવદનાશ્રીજીએ વીસસ્થાનકની ત્રણ ઓળીની સળંગ ૨૦-૨૦ ઉપવાસથી આરાધના કરી. સુંદર રીતે જિનભક્તિ મહોત્સવ થયો...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૮,તા.૮-૧૧-૧૯૮૬

● **કૃષ્ણગંજ (સિરોહી) રાજસ્થાનથી ગુજરાત પદયાત્રા સંઘ** : અત્રેથી પરમ પૂજ્ય યુવક-જાગૃતિ-પ્રેરક ગણિવર્ય શ્રી ગુણરત્નવિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રી શંખેશ્વર તીર્થ સુધી પદયાત્રા તા. ૨૮-૧૧-૮૬ થી પ્રારંભ થશે ! આ પદયાત્રા ૧૮ દિવસની હશે. એમાં રોજ સવારે સામૂહિક પ્રાર્થના પછી બે કલાક પદયાત્રા ચાલુ થશે. બપોરે ૨ વાગે આધ્યાત્મિક પ્રવચન થશે. ગામે ગામ જન જનમાં નૈતિકતા, અહિંસા, શરાબ-ત્યાગ, જુગાર-ત્યાગ, આદિનો સંદેશ પહોંચાડવા માટે શંકરલાલજી ચિમનાજી દ્વારા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં ૫૦૦ પાદયાત્રી ભાગ લેશે. ભાગ લેવા ઇચ્છુક વ્યક્તિએ શા. શંકરલાલ ચિમનાજી, મુ.પો. કૃષ્ણગંજ, જિલ્લા સિરોહી (રાજ.)ના સરનામે તા. ૧૫-૧૧-૮૬ સુધી પત્રવ્યવહારથી સંપર્ક કરવો.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૯,તા.૧૫-૧૧-૧૯૮૬

● **સાયનમાં યાદગાર મહાપૂજા** : અત્રે પૂ. તપસ્વી મુનિરાજ જયસોમ-વિજયજી મ.ની પ્રેરણાથી આસો સુદ-૧૦ પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા અને વદ-૨ નાણસમક્ષ ૧૨ વ્રત બીજા વ્રતો જીવનભર બ્રહ્મચર્ય વગેરે ઉચ્ચરાવવામાં આવેલ. સમજૂતી ખૂબ સારી રીતે આપવાથી ઘણાને ડર નીકળી જવાથી વ્રતોમાં ઉલ્લાસથી જોડાયા પ.પૂ. જયસોમ વિ.મ.ની ૧૦૨ મી ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે અત્રે સંઘ તરફથી અઢ્ઢાઈ મહોત્સવ સિદ્ધચક્ર પૂજન સારા ઉજવાયા. આસો વદ-૭ શનિવારે ૧૦૨મી ઓળીના પારણે શ્રીમતી મંજુલાબેન છગનલાલ લક્ષ્મીચંદે ૫૮૧ આયંબિલ બોલીને સિદ્ધાંત દિવાકર પ.પૂ.આ. દેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. તથા તપસ્વી મ. આદિ સહિત ચતુર્વિધ સંઘને પોતાના ઘરે પધરામણી કરાવી ગુરુપૂજન, સંઘપૂજન આદિનો લાભ લીધો. સંઘમાં લાભ લેવા માટે ૧૦૨ આંબિલ ૫૧ આંબિલ કુલ ૧૪૦૦ આંબેલ બોલીને ભાગ્યશાળીઓએ લાભ લીધો. પૂ. જયસોમ વિ.મ.ના સંસારી સંબંધી તરફથી સંઘપૂજન કરવામાં આવ્યું. શ્રીસંઘ તરફથી સવારની નવકારશી કરાવવામાં આવી.

પ.પૂ. જયસોમ વિ.મ.ને ૧૦૨ મી ઓળી નિમિત્તે સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજીના શિષ્યા સાધ્વીજી શ્રી અક્ષયનિધિશ્રીજી તથા સાધ્વીજી શ્રી જિનદર્શનાશ્રીજી મ.ના માસખમણ નિમિત્તે સંઘ તરફથી મહાપૂજાનું ભવ્યાતિભવ્ય આયોજન આસો વદ-૮ રવિવારે રાખવામાં આવેલ મહાપૂજામાં ભગવાનની સુંદરમાં સુંદર આંગી અશોકભાઈએ બનાવી હતી. ગભારાની ભીંતો ઉપર ફૂલોની લટકતી માળાઓ પ્રભુજીની આગળ બે ઘોડા જાણે ચાલી ન રહ્યા હોય એવી રીતે ગોઠવેલા. બહારના મંડપમાં ચારે બાજુ દીવાલો બારીઓ ઉપર ફૂલોની માળાઓ ઉપરના છત ઉપર ટોપલીઓને ફૂલોથી શણગારી અંદર લાઈટ મૂકવામાં આવેલ. મધ્યભાગમાં પીઠિકાને સુશોભિત કરી તેમાં પાંખડીવાળું કમળ ગોઠવી તેના ઉપર ચૌમુખજી ભગવાન બિરાજમાન કરવામાં આવેલ. તેની આગળ બે મોટા સફેદ હંસો ગોઠવવામાં આવેલ. આગળ ચાંદીના સિંહાસન પર ભગવાન આગળ બે મોટા સફેદ ઘોડા, ચાલવાની ફરસી પર મુલાયમ જાજમ શોભતી. દેરાસરની બહાર ઓટલા ઉપર બે મોટી પુતળી સાડીથી સજ્જ કરેલ જે ઘડાથી પાણીની ધાર કરી રહી હતી. જમણી બાજુમાં આગમ પુરુષ સાથે ૪૫ આગમોની પ્રતો કલરીંગ નામ સાથે ગોઠવેલ હતી આગળ ઓટલા પર સમવસરણની રચના સુંદર ચિત્રો સાથે કરવામાં આવેલ તેના

ઉપર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને બિરાજમાન કરવામાં આવેલ જાણે દેશના ન આપતા હોય તેવી ગોઠવણી કરવામાં આવેલ. તેની આગળ વચલા પગથીઆનો રસ્તો બંધ કરી ત્યાં ફુવારો ગોઠવેલ બંને બાજુના પગથીઆના બે સાઈડ ઉપર ફૂલની કમાનો ફૂલની માળા ફૂલોથી સુશોભિત કરવામાં આવેલ. મલાડથી આવેલા નાના નાના બાળક બાળિકાઓને સુંદર વસ્ત્રોથી પરી આદિના ડ્રેસથી તૈયાર કરી ઊભા રાખવામાં આવેલ હતા. તેઓ લોકો ઉપર સુંદર દ્રવ્યો ને ગુલાબજળનો છંટકાવ કરી રહ્યા હતા, ભગવાનની આગળ બે છોકરાઓ છડીદાર તરીકે ઊભા હતા.

રસ્તા ઉપરના ૩ દરવાજા આગળ ૩ મોટા ગેટ પંચરંગી ફૂલોથી સુશોભિત કરાયેલ ફૂલોનું ભવ્ય તોરણ મૂકેલ, રોડની બે સાઈડ ઉપર પડદા સાથે કમાનો, લાઈટીંગ પ્રવેશ કરવા બે મોટા ગેટ મોટા મોટા તોરણો જાણે ઈન્દ્રપુરીમાં જવાનો મોટો ગેટ, દેરાસરની સામે ફૂટપાથ ઉપર વિલેપાર્લાનું પ્રખ્યાત બેન્ડ મધુર સૂરાવલી પ્રસરાવી રહેલ.

દેરાસરની શીખર ઉપરથી ઠેઠ નીચે સુધી જુદી જુદી જાતના રંગની લાઈટો ચળકી રહી. આજુબાજુના મકાનો પણ શણગારેલ જેથી બધું ઈન્દ્રપુરી જેવું શોભી રહ્યું હતું.

આ મહાપૂજા અહીં પ્રથમવાર હોવાથી તેના ઉદ્‌ઘાટનનો ચડાવો બે હજાર એકમાં બોલીને ભાઈબીજ મિત્રમંડળ સાયનવાળાના સભ્યોએ લઈ સિદ્ધાંત દિવાકર પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાધુ સાધ્વી ગણાદિ ચતુર્વિધ સંઘ સાથે દીપક પ્રગટાવી સાંજે ૬ાા વાગે ૐ પુણ્યાહં ૐ પુણ્યાહંના નારાઓ સાથે પ્રવેશ કરી દર્શન ચૈત્યવંદન ઉલ્લાસપૂર્વક કરી બહાર નીકળેલ. ત્યારબાદ સંઘને દર્શન માટે લાઈનબદ્ધ કરી દર્શન કરાવવામાં આવતા. કલાકે ખડા રહીને પણ દર્શન મળતાં અહોભાગ્ય કે અહીં દર્શન મળ્યા. જન્મ સફળ થયો. ચારે બાજુ પ્રચારથી દૂર દૂર પરાઓમાંથી લોકો આવવા લાગ્યા. રાત્રે ૧૨ વાગ્યા સુધી લાઈન ચાલુ જ હતી. ૧૨ાા સુધી મલાડના યુવાન ભાઈઓએ એવી ભક્તિ જમાવી કે ઊઠવાનું મન ન થાય. બીજા દિવસે પણ ૧૦ વાગ્યા સુધી લોકો દર્શન માટે આવવા લાગ્યા.

ભગવાનની ૧૦૮ દીવાની આરતીના ચડાવા માટે પડાપડી હતી.

બહારથી જોનારને એમ લાગે કે બહારથી આટલી બધી શોભા છે તો અંદર કેટલી બધી હશે ? જ્યાં દરવાજામાં પગ મૂક્યો ને જુએ છે તો શું સુંદર દેરાસર ? શું આ દેવવિમાનનું તો મંદિર નથી ને ? ક્ષણવાર એવો વિચાર આવી જાય એવી રીતે શણગારવામાં આવેલ...



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૧૦,તા.૨૨-૧૧-૧૯૮૬

## ભવ્ય અંજનશલાકા મહોત્સવ

તપોવન સંસ્કારધામ (નવસારી) મધ્યે વર્ધમાન તપોનિધિ પ્રભાવક પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ; સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ આદિ પૂ. ગુરુભગવંતોની પાવનકારી નિશ્રામાં મહા સુદ-૩ રવિવાર તા. ૧-૨-૮૭ ના રોજ શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા થનાર છે... તેનો મહોત્સવ પોષ વદમાં શરૂ થશે...

જે ભાગ્યશાળીઓને પોતાના પ્રતિમાજી અંજનશલાકા કરાવવા હોય તેમને પોષ સુદ-૫, ૪ જાન્યુઆરી સુધીમાં અમને નીચેના સ્થળે પોતાના પ્રતિમાજી પહોંચતા કરવા વિનંતી છે...

**તા.ક. :** મહા સુદ-૧૫ સુધીમાં, અંજનશલાકા માટે લાવેલા પ્રભુજીને અન્ય સ્થળે લઈ જવાના રહેશે.

વધુ વિગત માટે મહોત્સવ સ્થળે સંપર્ક કરવા વિનંતી...

આ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં લાભ લેવાની ઈચ્છાવાળા ભાગ્યશાળીએ નીચેના સ્થળે સંપર્ક સાધવા વિનંતી.

સ્થળ : લિ. **વર્ધમાન જૈન ટ્રસ્ટ, તપોવન સંસ્કાર ધામ, (નવસારી)**

**તપોવન સંસ્કાર ધામ**

કબીરપોર-ધારાગિરિ, **નવસારી.** પિન : ૩૯૬૪૨૪. ફોન : ૩૯૫૯ (ગુજરાત)

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૧૧,તા.૨૯-૧૧-૧૯૮૬

● **નવાડીસા (બનાસકાંઠા) :** અત્રે પૂ.પં. શ્રી જયશેખરવિજયજી મહારાજ, પૂ. મુનિશ્રી કનકસુંદરવિજયજી મહારાજની નિશ્રામાં તા. ૪-૧૧-૮૬ થી ૧૪-૧૧-૮૬ સુધી ૧૧ દિવસ ચાલેલા શ્રી જૈન ધાર્મિક જ્ઞાનસત્રમાં લગભગ ૯૦ થી વધુ યુવકોએ ભાગ લીધો... સૂત્ર-અર્થ રહસ્ય, જૈનાચાર, જૈન તત્ત્વજ્ઞાન-મોક્ષમાર્ગ-પ્રતાપી પૂર્વજોના દૃષ્ટાંતો વગેરે જ્ઞાનને યુવકોએ ખૂબ સારી રીતે ઝીલ્યું... શ્રીસંઘે પણ આ જ્ઞાનસત્રમાં વાચનાનો સારો લાભ લીધો. શ્રીસંઘના જુદા જુદા ભાગ્યશાળીઓએ અગ્યારે દિવસે જ્ઞાનપિપાસુ યુવકોની સાધર્મિક ભક્તિનો લાભ લીધો.

● **દાદર :** પ.પૂ. આ.શ્રી વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં થયેલ ઉપધાનનો માળારોપણ પ્રસંગ સુંદર ઊજવાયો. ભવ્ય વરઘોડો નીકળેલ. પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ વિશાળ પરિવાર ઉપધાનકારક શ્રી મૂલચંદજી પરમારના અતિ આગ્રહને લીધે પધારતા ઉલ્લાસ ઘણો વધ્યો. માળારોપણ નિમિત્તે ૨૫ છોડનું ઉદ્યાપન, શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ, સ્વામિવાત્સલ્ય આદિ પ્રભાવક રીતે થયું. માળારોપણની ઉછામણી સારી થઈ.

● **પુના બુધવારપેઠ :** પ.પૂ. મુનિશ્રી ભુવનસુંદર વિજયજી મ.શ્રીની નિશ્રામાં ચાતુર્માસની આરાધના સુંદર થયેલ. અત્રે **શ્રી બાબુલાલ ભીખાભાઈ પરિવાર** તરફથી શ્રી શત્રુંજય ગિરિરાજનો ભવ્ય અને વિશાળ પટ નવો તૈયાર થતા અઢાર અભિષેક થયા અને **નૂતન પટ** બુધવારપેઠમાં બાંધવામાં આવ્યો. ગોડિજી સંઘમંદિરનો સકળ સંઘ બુધવારપેઠ સંઘ આદિ યાત્રા કરવા પધારતા અનેરો આનંદ ઊમટ્યો. શ્રી બાબુભાઈ તરફથી ભાતુ-સાકરના પાણીથી સંઘભક્તિ કરેલ. પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મ.નું ચાતુર્માસ પરિવર્તન શ્રી બાબુભાઈને ત્યાં પધારતા પ્રવચન-સંઘપૂજનાદિ થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૮૬

● **કૃષ્ણગંજ (સિરોહી)**થી શંખેશ્વરજી મહાતીર્થ સંઘ ગણિવર્ય શ્રી ગુણરત્નવિજયજી મ. આદિ ૨૧ સાધુ સાધ્વીજી મ.ની નિશ્રામાં પગપાળા સંઘનું પ્રયાણ તા. ૨૮/૧૧ ના ભવ્ય રીતે થયું. આધ્યાત્મિક પ્રવચન, આધ્યાત્મિક પ્રદર્શની અને ધાર્મિક નૃત્ય અને પ્રભુભક્તિના પ્રોગ્રામ ગામોગામ થઈ રહ્યા છે. તા. ૧૫/૧૨ ના માલારોપણ થનાર છે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૧૫,તા.૨૭-૧૨-૧૯૮૬

## મુંબઈ મલાડ ઈસ્ટને આંગણે ઉજવાયેલ એક અભૂતપૂર્વ અને યાદગાર આરાધના

## 'સામૂહિક અષ્ટપ્રકારી જિનપૂજા'

● ગલિએ ગલિમાંથી બેન્ડ બાજા સાથે જિનપૂજા કરવા માટે નીકળેલા ભાગ્યશાળીઓ.

● ૭૦૦૦ નરનારીઓની એક સાથે પૂજાનાં વસ્ત્રોમાં ઉપસ્થિતિ.

● ૩૦૦૦ દર્શનાર્થીઓની ઉભરાયેલી ભીડ.

● અભૂતપૂર્વ ઉછામણીઓનો રંગ.

● ગજરાજ દ્વારા પ્રભુની પુષ્પપૂજા.

● સંજય પટેલ દ્વારા એક ભાવવાહી ભક્તિ નૃત્ય.

● ચાર પ્રકારના આહારથી તથા ૨॥ ફૂટની હાઈટવાળા મોદક વડે પ્રભુની નૈવેદ્ય પૂજા.

● ૭૦૦૦ ઝળહળતા દીવાઓથી પરમાત્માની આરતિ.

● પૂજકોએ અર્પણ કરેલ વિશિષ્ટ પૂજા દ્રવ્યો.

### આંખે દેખ્યો અહેવાલ

તા. ૧૫-૧૧-૮૬ ના રોજ પ્રવચનમાં એક જાહેરાત કરવામાં આવી કે ૩૦-૧૧-૮૬ને રવિવારના રોજ આપ કોઈ ગેરહાજર ન રહેશો. તે દિવસે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. શું આયોજન છે ? તે અત્યારે તો સસ્પેન્સમાં રાખવામાં આવે છે, પણ અવસરે તેની જાણ કરવામાં આવશે. સકલ શ્રીસંઘમાં ચાતકડોળે રાહ જોવાઈ રહી કે શું કાર્યક્રમ હશે ? કેવું આયોજન હશે ? અંતે વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા જ્યારે મલાડ પધાર્યા ત્યારે તેઓશ્રીની પાવનકારી નિશ્રામાં તા. ૨૬-૧૧-૮૬ના રોજ પૂજ્ય મુનિરાજ હેમરત્નવિજયજી મહારાજે મહામંગલકારી એ કાર્યક્રમની રૂપરેખા પ્રવચનમાં સમજાવી અને સકલ શ્રીસંઘના હૈયાં હર્ષના હિલોળે ચડાવી દીધાં. એ કાર્યક્રમ હતો. **'અષ્ટપ્રકારી જિનપૂજા.'**

અષ્ટપ્રકારી જિનપૂજા એ આમ તો રોજની ક્રિયા હોવા છતાં પણ ૩૦-૧૧-

'૮૯ રવિવારની જિનપૂજા એ એક આશ્ચર્ય હતું. એક અભિનવ અનુભવ હતો. સતત ત્રણ દિવસ સુધી પ્રભુભક્તિ અને જિનપૂજાના વિષય પર હૃદય હલાવી મૂકે તેવા પ્રવચનો થયા. અને એનું પરિણામ એ આવ્યું કે ૭૦૦૦ માનવોની વિરાટ મેદનીએ સમૂહમાં એકી સાથે જિનપૂજાનો અપૂર્વ લાભ મેળવ્યો.

હે પ્રિય વાચક ! પ્રભુપૂજાના ભવ્ય કાર્યક્રમમાં તું કેમ ગેરહાજર રહ્યો ? ખેર હવે અક્ષરદેહે એ કાર્યક્રમનાં દર્શન કરીને તું તારા નયનને અને અંતરને પાવન કરજે.

તા. ૩૦-૧૧-'૮૯નું પરોઢ થયું આરાધનામાં બેસનારા જિનપૂજકો આજે રોજ કરતા વહેલા જાગ્રત થયા. નવકાર મંત્રનું સ્મરણ કરી સહુ પાવન થયાં. કુંભકર્ણના પ્રિયમિત્ર ગણાતા અને આઠ વાગે જાગનારા જુવાનોએ સવારે ૬ વાગે ગુલાબી ઠંડી વચ્ચે પણ રજાઈ ફગાવી દઈને તેમના માટે સંન્યાસ લેવા જેટલું કપરું કાર્ય કરી બતાવ્યું.

જલ્દી જલ્દી પ્રભાતના કાર્યો પતાવી દઈને ઘરેઘરનાં તમામ મેમ્બરો સ્નાન કરીને તૈયાર થયાં. સહુએ પૂજાનાં વસ્ત્રો પહેર્યાં. શક્તિ અનુસાર અલંકારોને ધારણ કર્યા. પરિવારના તમામ સભ્યોના હાથમાં અષ્ટપ્રકારી પૂજાના થાળ મૂકવામાં આવ્યા. અને સહુએ ઘરેથી પ્રસ્થાનની તૈયારી કરી. એટલામાં તો બેન્ડના સૂર સંભળાવા લાગ્યા અને આડોસીપાડોશી બધા પૂજાના થાળો લઈ લઈને જિનપૂજાના વસ્ત્રોમાં ચારે કોરની બિલ્ડિંગોમાંથી નીકળવા લાગ્યા. રે ! ઘડિયાલે જ્યારે નવના ડંકા પાડ્યા તો મલાડ નગરીના રાજમાર્ગો જિનપૂજકોએ કબજે કરી લીધા. જ્યાં જુઓ ત્યાં પૂજાના વસ્ત્રોમાં શોભતા જિનપૂજકો જ દેખાવા લાગ્યા ! જુદા જુદા લત્તામાંથી જુદા જુદા બેન્ડ સાથે નરનારીઓ માંગલિક ગીતો અને પ્રભાતિયાં ગાતાં ગાતાં વિશાળ પૂજામંડપ ભણી વરઘોડા સહ ચાલવા લાગ્યાં. એટીકેટમાં ફરનારા યુવાનોએ અને ફેશનના વ્યવસનમાં ફસાઈ ગયેલી યુવતિઓએ આજે પોતાના એ ફેશનેબલ વસ્ત્રોને ફગાવી દીધા હતા અને પૂજાનાં વસ્ત્રોને ધારણ કર્યા હતાં ! જીવનનો એક નવો રસ ચાખવાનો ચાન્સ તેમણે સહર્ષ ઝડપી લીધો હતો. ચાલતાં ચાલતાં આ પૂજકો વર્ષીદાન ઉછાળી રહ્યા હતા. ગરીબોને, યાચકોને છૂટે હાથે દાન આપી રહ્યા હતા. પ્રભુના શાસનની પ્રભાવના વધે તે રીતે જિનપૂજકો વિશાળ સમૂહમાં આગળ વધી રહ્યા હતા. રામલીલા મેદાનમાં ઊભા કરાયેલા વિશાળ રંગમંડપના દ્વાર પાસે ભાવિકો આવી પહોંચ્યા અને પાદ પ્રક્ષાલન કરીને જેવા આગળ વધ્યા કે એમના પર તરત જ નાનકડી પરીઓએ ગુલાબ જલનાં છંટકાવ કરીને તેમનું સ્વાગત કર્યું. થોડા આગળ વધ્યા એટલે સૌભાગ્યવંતી બહેનોએ શ્રાવિકાઓના



કપાળમાં અને યુવાનોએ ભાઈઓના કપાળમાં ચંદનનું તિલક કર્યું અને તેની પર બાદલું છાંટીને લલાટને દમકતું અને ચમકતું કરી દીધું. થોડા આગળ વધ્યા તો તેમના હસ્તે નાડાછડી બાંધી આપવામાં આવી. થોડા આગળ વધ્યા તો કાઉન્ટર પરથી તેમને પૂજા માટે પુષ્પો આપવામાં આવ્યા અને ભાવિકો ઘરેથી પ્રક્ષાલ માટે લાવેલ જલ અને દૂધ મોટા ડ્રમમાં ખાલી કરી દેવામાં આવ્યું.

આટલી પ્રાથમિક વિધિ પતાવીને ભાવિકો પૂજાના મંડપમાં પ્રવેશ્યા તો એક અપૂર્વ દૃશ્ય દેખાયું. વસ્ત્રનો મંડપ જાણે દેવવિમાન સમાન દીપી રહ્યો હતો. વિશાળ મંડપના કેન્દ્રસ્થાને ૪ ફૂટ ઉંચા રાજસિંહાસન પર પરમાત્મા પાર્શ્વનાથ પ્રભુની ૨૧ ઇંચી શ્યામવર્ણી સપ્તફણા સમલંકૃત પ્રતિમા શોભી રહી હતી. બેય બાજુ ઈન્દ્ર મહારાજો પ્રભુને ચામર વીંઝી રહ્યા હતા. ૧૦૦ ફૂટ લાંબા સ્ટેજ પર પ્રભુની બેય બાજુ શ્રી ઋષભદેવથી મહાવીર સ્વામી સુધીની ૨૪ પ્રતિમાઓ જરીયન વેદિકા પર બે વિભાગમાં શોભી રહી હતી. આ ભવ્ય દૃશ્યને જોતાં જ દર્શનાર્થીઓના મસ્તક નમી જતાં હતાં. અને શબ્દો સરી પડતા હતા. 'નમો જિણાણં'.

એકથી બાર ભગવાનની સમક્ષ ભાઈઓ ગોઠવાયા. તેરથી ચોવીસ ભગવાનની સમક્ષ બહેનો ગોઠવાયા. અને મંડપના વચલા ગાળામાં પૂજ્યપાદ ગુરુદેવો, સંગીતકારો, વાજિંત્રવાદકો, નૃત્યકારો, ઈન્દ્રો, દિગ્કુમારીકા આદિ પરિવાર ગોઠવાયો. જોતજોતામાં તો ઠેકઠેકાણેથી બેન્ડવાજા સહ વરઘોડા આવવા લાગ્યા. ભાવિકો પૂજાના થાળ સાથે ઊભરાવા લાગ્યા. દરીયા જેવું મોટું પેટ ધરાવતો રંગમંડપ પણ ક્ષણ વારમાં તો છલોછલ ભરાઈ ગયો. થોડીવારમાં તો માનવ મહેરામણ દરિયાના મોજાની જેમ ઉછળવા અને ઉભરાવવા લાગ્યો. મંડપની બહાર ઉભરાતી મેદનીએ પડદામાંથી ડોકીયાં કરવાના ચાલુ કર્યા અને ધીરેધીરે કરતાં સાઈડના બધા પડદાઓને છોડી નાખીને પ્રભુદર્શન માટે આતુર નયનોએ તૃપ્તિનો માર્ગ મોકળો કરી દીધો.

ભાવિકો નિસીહિ, પ્રણામ અને પ્રદક્ષિણા ત્રિકનો વિધિવત્ અમલ કરીને બેઠા બાદ છડીદારે છડી પોકારી,- "સોનેકી છડી, રૂપેકી મશાલ, જરીયન કે જામે, મોતનકી માલા આજુસે બાજુસે નિગાહ રકખો ! જીવદયા પ્રતિપાલક મહાધિરાજા-ધિરાજ શ્રી પાર્શ્વનાથ પ્રભુકો ઘણી ખમ્મા ! ઘણી ખમ્મા ! ત્યાર બાદ પરમાત્માની સ્તુતિનો મંગલ પ્રારંભ થયો. તાર સ્વરમાં અને સંગીતનાં સૂરમાં એક પછી એક ભાવવાહી સ્તુતિઓ વહેવા લાગી. ભક્તિના દિવ્ય આંદોલનો પેદા થવા લાગ્યા. અને જ્યાં 'દયાસિંધુ ! દયાસિંધુ ! દયા કરજે ! દયા કરજે !' સ્તુતિ આવી ત્યારે

તો પબ્લિક ગાંડીતૂર બની, હૃદય વીણાના તાર હલાવી નાખે એવા મીઠા મધુર અને મંજુલ સ્વરો ગુંજવા લાગ્યા. પાપીઓના હૃદય પણ પલળી ગયા, નયન રડી પડ્યાં, કંઠ રૂંધાઈ ગયા અને સંસાર વિસ્મૃત થઈ ગયો. સહુ ડોલવા લાગ્યા ઝીલવા લાગ્યા અને પ્રભુભક્તિમાં મસ્ત બનીને મહાલવા લાગ્યા.

દશ સ્તુતિનું ગાન પૂર્ણ થયા બાદ મૂળનાયક ભગવાનની અષ્ટપ્રકારી જિનપૂજાની આઠ ઉછામણી, ૨૪ ભગવાનની અષ્ટપ્રકારી જિનપૂજાની ૨૪ ઉછામણી, આરતિ મંગળદીવો તથા શાંતિકળશની ઉછામણીનો પ્રારંભ થયો. સમયના અભાવે ટેટાની શેર ફૂટે તેમ ધડાધડ અને ફટાફટ આદેશો અપાતા ગયા અને ભાવિકો ગાંડાતૂર બનીને મનમૂકીને ચડાવા બોલવા લાગ્યા. પ્રિયવાચક ! તે ઘડીનું દૃશ્ય ઘડીવાર માટે તો જાણે શેર બજારની તેજીને યાદ કરાવી દે તેવું હતું. પૂજાના આદેશો પ્રાપ્ત કરનારા ભાગ્યશાળીઓ પોતપોતાના ભગવાન સામે ગોઠવાઈ ગયા !

પ્રભુજીનાં અભિષેકની ધન્ય પળ નજીકમાં આવવા લાગી ઈન્દ્રમહારાજાઓ, દિક્કુમારીકાઓ અને વાજિંત્રવાદકો સહુ સાવધાન થઈ ગયા.

૧૮ અભિષેકનાં પડિકાં, સર્વઔષધિ, પંચામૃત, ગંધોદક, તીર્થોદક, ૧૦૮ કૂવાનું પાણી અને સુગંધી પદાર્થોના સંમિશ્રણ વડે તૈયાર કરવામાં આવેલ વિશિષ્ટ સ્નાત્ર જલનો ૧૦૮ નાળચાવાળો સુવર્ણ કળશ ગ્રહણ કરીને ઋષભનું રૂપ ધારણ કરીને આદેશ લેનારા પુણ્યાત્મા પ્રભુની પડખે ઊભા રહ્યા. જલપૂજાનો દૂહો તાર સ્વરે એક સાથે બોલવામાં આવ્યો અને પછી મંત્ર બોલી જેવું સ્વાહા પદ બોલવામાં આવ્યું કે તુરત જ પરમાત્માનો અભિષેક ચાલુ થયો.

અભિષેકની ધારા જેવી પ્રભુજીના અંગ પર પડી કે તરત જ બારબાર ઈન્દ્ર મહારાજાઓ ચામર ઢાળવા લાગ્યા. દિગ્કુમારીકાઓ પંખા વીંઝવા લાગી. બ્રાહ્મણો શંખનાદ કરવા લાગ્યા. વાજિંત્રો વાગવા લાગ્યા. બેન્ડનાં સૂરો છેડાવા લાગ્યા. ભાવિકોની તાલીઓના તાલ સંભળાવા લાગ્યા. વર્ષીદાન ઉછળવા લાગ્યું. અને પ્રત્યેક કંઠમાં ''મેરુ શિખર નવરાવે હો સુરપતિ'' એ કાવ્ય ઘુંટાવા લાગ્યું.

હે પ્રિય વાચક ! તે ઘડી તે પળ ખરેખર ધન્ય હતી. તે પળ ''જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય તે સુરનર ખેચરા''ને યાદ કરાવનારી પાવન ઘડી પાવન પળ હતી. દશ હજાર ભક્ત હૃદયો ત્યારે ગુમભાન બની નાચવા લાગ્યા હતા. ભક્તિરસમાં એકાકાર બનીને સહુ ડોલી રહ્યા હતા. ડોલતાં ડોલતાં અડખે પડખે બેઠેલા ભક્તોને એક બીજાના ધક્કા પણ લાગી જતા હતા. છતાં પણ આજે કોઈએ તેની નોંધ લીધી ન હતી. કેમ કે કોઈને આ બાબતનું કશું ભાન જ રહ્યું ન હતું.



પ્રિય વાચક ! આ અભિષેક પૂજા એટલે પરમાત્માનો રાજ્યાભિષેક હતો. આપણા હૃદય સિંહાસન પરથી મોહરાજાને પદભ્રષ્ટ કરીને એ હૃદયરાજ્યના સિંહાસને ત્રણ લોકના ધણી વિશ્વસમ્રાટ દેવાધિદેવને બિરાજમાન કરવાના હતા. રાજા ગાદીએ બેસે અને પ્રજા આનંદિત ન થાય એવું બને ખરું ?

પરમાત્માનો રાજ્યભિષેક થયો તેના બહુમાનમાં ભાદરણ નગરનાં સંજયકુમાર પટેલે એક ભાવવાહી ભક્તિ નૃત્ય પેશ કર્યું અને ભાવિકોના ઉછળતા ઉમંગમાં એક ઔર બઢતી કરી !

ભાવવાહી ભક્તિનૃત્ય પૂર્ણ થયા બાદ, ચંદનપૂજા અને પુષ્પપૂજાના દૂહા અને કાવ્ય ક્રમશઃ બોલાયા,-

હે પ્રિયવાચક ! જ્યાં પુષ્પપૂજા પૂર્ણ થઈ ત્યાં એક અજબ ગજબનું આશ્ચર્ય સર્જાયું. તું સ્વસ્થ થઈને સાંભળ ! ભાદરણ નગરનો સંઘ તો આજે વાજતે ગાજતે લગભગ ૫૦૦ ભાવિકો સાથે જિનપૂજા કરવા માટે આવ્યો હતો, પ્રભુના શાસનની પ્રભાવના વધે તે માટે તેઓએ એક ગજરાજની ગોઠવણ કરી હતી. ઉછામણી બોલીને ઈન્દ્ર મહારાજાનો ડ્રેસ પહેરીને રાજેશભાઈ એ ગજરાજ પર સવાર થયા હતા. અને હાથીના હોદેથી વર્ષીદાન દેતાં દેતાં સકલ શ્રીસંઘ પૂજામંડપમાં આવી પહોંચ્યા હતા. હાથીની સર્વીસ પૂર્ણ થઈ ગઈ હતી. ખુલ્લા મેદાનમાં તે હાથી રમણ કરી રહ્યો હતો, પણ જ્યારે પુષ્પપૂજા પૂર્ણ થઈ ત્યારે એ ગજરાજે પોતાનો પંથ બદલ્યો અને મંડપના એક ખૂણેથી અંદર પ્રવેશ કર્યો. ઘડીવાર તો સહુનાં શ્વાસ અદ્ધર થઈ ગયા કે શું અમારા પર આ આકર્ષણ કરશે ? સહુ સ્તબ્ધ થઈ ગયા. થાંભલા જેવા પગ ! સુંપડા જેવા કાન ! નગારા જેવું પેટ ! પાઈપ જેવી સૂંઢ ! અને ઝીણી ઝીણી આંખોવાળા આ વિશાળકાય પ્રાણીને જોઈને એકવાર તો બધા ભયભીત બની ગયા પણ જ્યારે ઉપર બેઠેલા માવતે હાથ ઊંચો કરીને 'સબ સલામત'નું સીગ્નલ બતાડ્યું ત્યારે સહુના શ્વાસ હેઠા બેઠા !

ગજરાજ તો એની મસ્તી ભરી ચાલથી આગળ વધ્યો અને જ્યાં મૂળનાયક ભગવાન બિરાજિત હતા ત્યાં આવી ઊભો રહ્યો ! માન અને અભિમાનના સ્વભાવવાળા આ પ્રાણીના લલાટમાં મોટો ચાંલ્લો કરી બાદલો છાંટ્યો ! પછી તેમના સમક્ષમાં ફૂલનો થાળ ધરાવવામાં આવ્યો. ગજરાજે પોતાની સૂંઢમાં ફૂલો ગ્રહણ કર્યા અને સૂંઢ ઊંચી કરીને પરમાત્માની ઉપર પુષ્પવૃષ્ટિ કરી ! લોકો અચરિજ પામી ગયા, અને તેજ ઘડીએ સહુએ એક પૂજાની કડી ઉપાડી લીધી.

**'કાઉસગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે વનહાથી તિહાં એક આવે,**

**જળ સૂંઢ ભરી ન્હવરાવે, જિનઅંગે કમળ ચઢાવે રે,**
**મનમોહન સુંદર મેળા, ધન્ય લોકનગર ધન્ય વેળા.'**

અંતે ગજરાજે શ્રીફળ વધેરીને પ્રભુને નમસ્કાર કરીને પુંઠ ન પડે તે રીતે પાછે પગલે વિદાય લીધી !

પ્રિયવાચક ! પરમાત્માની પુષ્પપૂજા કરતા આ વિશાળકાય પ્રાણીને જોઈને સહુએ એક અપૂર્વ લહાવો માણ્યાનો અનુભવ કર્યો.

ત્યારબાદ ધૂપપૂજા, દીપકપૂજા થઈ અને અક્ષતપૂજાનો વારો આવ્યો. ૧૦ બાય ૧૦'નો નંદ્યાવર્ત સ્વસ્તિક આલેખવામાં આવ્યો હતો. ૧। શેર અખંડ અક્ષત વડે અક્ષતપૂજા થઈ. હવે પરમાત્માની નૈવેદ્ય વડે પૂજા કરવાની હતી. ૧૦ ફૂટના નંદ્યાવર્ત પર શોભે તેવો ૨॥ ફૂટ ઉંચો મોદક બનાવવામાં આવ્યો હતો. ચારે પ્રકારના આહારોના થાળ તૈયાર કરવામાં આવ્યા હતા.

(૧) **અશનં :-** નામના એક થાળમાં બધી રસોઈ ગોઠવવામાં આવી હતી. જેમાં કંસાર દૂધપાક પુરી કેશરી દૂધ, રોટલી, ચોળી, મગ, મસુર, લીલા ચણા, વાલ, ગટ્ટા, પત્તેવડી, હાંડવો, ઈત્યાદિ ચીજોનો સમાવેશ થતો હતો. (૨) **પાનં :-** નામના બીજા થાળમાં જાતજાતનાં પીણાં મૂકવામાં આવ્યા હતાં. જેમાં તજ લવીંગનું પાણી, લીંબુનું શરબત, રોઝનું શરબત, કાચી કેરીનું શરબત, કેશરનું શરબત, કાલાખટ્ટાનું શરબત આદિનો સમાવેશ થતો હતો. કાચના પારદર્શક ગ્લાસમાં આ બધા ડ્રીંક્સ જુદા જુદા કલરમાં શોભી રહ્યા હતા. (૩) **ખાદિમ :-** નામના ત્રીજા થાળમાં વિવિધ ફળો અને ડ્રાયફ્રુટ (મેવા) ગોઠવવામાં આવ્યા હતા. જેમાં શ્રીફળ નારંગી, મોસંબી, સફરજન, ચીકું, કેળાં, બીજોરું, પપૈયુ, આદિ ફળો તથા બદામ, કાજુ, દ્રાક્ષ, પીસ્તાં, અખરોટ, આદિ મેવાનો પણ સમાવેશ થતો હતો. (૪) **સ્વાદિમ :-** નામના ચોથા થાળમાં કલ્પવૃક્ષની આકૃતિમાં વિવિધ પ્રકારના મુખવાસ મૂકવામાં આવ્યા હતા. જેમાં નાગરવેલનાં પાન, તજ, લવીંગ, એલચી, સોપારી, કલકત્તા મસાલા, વરીયાળી, ધાણાની દાળ, આદિ ચીજોનો સમાવેશ થતો હતો.

નૈવેદ્ય પૂજાનો દૂહો અને મંત્ર બોલાયા બાદ તુર્ત જ ૨॥ ફૂટની હેન્ડસમ હાઈટ ધરાવતા મોદકને અને ચારે પ્રકારના આહારના થાળને પ્રભુ સમક્ષ ધરીને સ્વસ્તિક પર ચડાવવામાં આવ્યા હતા !

રે ! મીઠા મીઠા ભોજનીયા જમાડીને જમાઈરાજને ખુશ કરનારી જનતાએ આજે જિનરાજ સમક્ષ આવા ઉંચા ભોજનના થાળ રજૂ કરીને એક અપૂર્વાનંદ અને હર્ષ અનુભવ્યો હતો.



પ્રિય વાચક ! આવી હર્ષોલ્લાસપૂર્વકની વિધિવત્ ભક્તિ આપણને સહુને અણાહારી પદ પમાડવામાં સહાયક બને છે. આ ભવ પરભવમાં સર્વત્ર જયમંગલ કરનારી બને છે.

હવે ફળપૂજાનો સમય થયો મોટા શ્રીફળ સફરજન અને પાઈનેપલના થાળ ભરીને પૂજકો ઊભા રહ્યા. દૂહો અને મંત્ર બોલાયા બાદ ભક્તજનોએ શિવફળની માંગણીના પ્રતિક સમા ફળોને સિદ્ધશિલાના આલેખન પર અર્પણ કર્યા. જિનેશ્વરદેવની અષ્ટપ્રકારી દ્રવ્યપૂજા પૂર્ણ થઈ. હવે સહુ ભાવપૂજામાં દાખલ થવા ઉત્સુક બન્યા. ત્રીજી નિસીહિના પરિપાલન સાથે ચૈત્યવંદનમાં પ્રવેશ કર્યો.

**"નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેશ્વરો."**

એ ચૈત્યવંદનના ધ્રુવપદે સહુના હૃદય હલાવી નાખ્યાં પછી સહુએ એક સાથે ગીતવાદન સહિત સ્તવન જમાવી પરમાત્માની ભાવભક્તિ કરી. ચૈત્યવંદન પૂર્ણ કર્યું.

પ્રિયવાચક ! હવે એક અપૂર્વ અને આલાગ્રાન્ડ દૃશ્યની તૈયારી થવા લાગી. એ દૃશ્ય હતું પરમાત્માની આરતિ !!! કેન્દ્રસ્થાને પ્રભુની સમક્ષમાં ૧૦૮ દીવાની આરતિ ઝળહળી ઉઠી. ભાવિકોનાં હૈયાં ઝાલ્યા રહી ન શક્યાં. સહુએ પોતપોતાની થાળીમાં માટીના કોડીયામાં દીપક પ્રગટાવ્યો અને સહુ ઊભા થયા. એક સાથે ૭૦૦૦ દીવડાઓના ઝરમર ઝરમર પ્રકાશથી વાતાવરણ દીપી ઊઠ્યું.

હરિણૈગમેષી દેવનું સ્વરૂપ ધારણ કરી ઉભેલા ઘંટવાદકોએ ઘંટારવ શરૂ કર્યો એ સહુનાં મુખે સ્વરો રમવા લાગ્યા. **"જય જય આરતિ આદિ જિણંદા !** નાભિરાયા મરૂદેવીકો નંદા."

ઘંટનાદ, વાજિંત્રનાદ થવા લાગ્યા. વચ્ચે વચ્ચે શંખધ્વનિ થતો રહ્યો. ચામર વીંઝાતા રહ્યા, વીંઝણા વાયુ વીકુર્વી રહ્યા, પ્રિયવાચક ! આવા ભક્તિરસ ભીના વાતાવરણમાં સાત સાત હજાર દીપશીખાઓ જ્યારે દૃષ્ટિગોચર થતી ત્યારે લાગતું કે ટમટમતા તારલીયા સાથે જાણે આજે આકાશ પણ નીચે આવી પહોંચ્યું છે કે શું ? આરતિ અને મંગળદીવો ઉતરી ગયા બાદ શાંતિકળશની માંગલિક વિધિ શરૂ થઈ. રજતના કુંભમાં શાંતિધારા પડવા લાગી. અને અર્હદ્ મહાપૂજન અંતર્ગત બૃહત્ શાંતિ સ્નાત્રની ઉદ્ઘોષણા શરૂ થઈ. સહુ તન્મય બની એ શાંતિપાઠનું મંગલ શ્રવણ કરતા રહ્યા.

પ્રિયવાચક ! આ શાંતિકળશનો માંગલિક વિધિ પૂર્ણ થયો ત્યારે સવારે જે ઘડિયાલમાં ૮ વાગ્યાનો સમય જોઈને ભાવિકોએ ઘર છોડ્યું હતું તે ઘડિયાલ અત્યારે એક વાગ્યાનો સમય સૂચવી રહી હતી. પણ તેની સામે જોનાર ઘરમાં કોઈ હાજર

ન હતું !

સતત પાંચ કલાક સુધી ચાલેલા આ ધારાવાહી કાર્યક્રમમાં ભાવિકો એવા ગુલતાન બની ગયા હતા કે આજે તેમને સમયનું પણ ભાન રહ્યું ન હતું. આખરે છેલ્લે વિદાય ● વેળાએ આવ્યો શરણે તુમારા... ● ભવોભવ તુમ ચરણોની સેવા... ● ઉપસર્ગા ! ક્ષયં યાંતિ... ● અને સર્વમંગલ માંગલ્યં... ના શ્લોકો ભાવવાહી સ્વરે ગાવામાં આવ્યા અને અક્ષતનાં વધામણા કરીને સહુ વિખેરાયા !

પ્રિયવાચક ! આજના આ કાર્યક્રમમાં ઘરનાં તમામ સભ્યો જોડાયા હોવાથી આજે કીચનરૂમમાં સ્ટ્રાઈક હતી. આ વાતને પહેલેથી જ ધ્યાનમાં લઈને ભાવિકોની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા શ્રીસંઘ તરફથી રાખવામાં આવી હતી.

પૂજકોએ પૂજાના વસ્ત્રોનું પરિવર્તન કરીને ભોજનકક્ષમાં પ્રવેશ કર્યો હતો. પણ ભજનરસને ચાખ્યા બાદ આજે ભોજનરસમાં કોઈને કાંઈ રસ રહ્યો ન હતો. બે કોળીયા જમ્યા ન જમ્યા અને ત્યાં ''જૈન મહાભારત'' પરનાં આખરી જાહેર પ્રવચનનો બેલ વાગ્યો ! અને ભાવિકો દોડાદોડ કરતા પાછા પ્રવચનકક્ષમાં આવી પહોંચ્યા ! દોઢ કલાકના પ્રવચનમાં પૂજ્ય મુનિરાજશ્રીએ સમગ્ર મહાભારતની સ્ટોરી પર એક સિંહાવલોકન રજૂ કરવા સાથે પાંચ પાંડવોના ૨૦ ક્રોડ મુનિઓ સાથેના નિર્વાણ પ્રસંગને વર્ણવીને સહુનાં નયણે નીર વહેતાં કરી દીધાં હતાં.

પ્રિય વાચક ! આજનો આ દિવસ ધન્ય હતો ! આજની ઘડી રળીયામણી હતી. આજની ભક્તિ યાદગાર અને અપૂર્વ હતી !

વહાલાવાચક ! આવા કાર્યક્રમમાં તું હાજર ન રહી શક્યો તેનું દુઃખ તને જરૂર થશે જ પણ 'કરણ કરાવણ અનુમોદન સરીખો ફલ નીપજાયો.'' એ ન્યાયે તું પણ આ અહેવાલ વારંવાર વાંચી સુકૃત અનુમોદનાનો સહભાગી બનજે એજ અભિલાષા વ્યક્ત કરીને અષ્ટપ્રકારી જિનપૂજાના આંખે દેખ્યા અહેવાલને વર્ણવીને વિરમું છું.

**પરમાત્માની પરમભક્તિ જેમને મલાડનાં આંગણે ખેંચી લાવી**

- પૂજ્યપાદ ગણિવર્ય શ્રી વિમલસેનવિજયજી મહારાજ
- પૂજ્યપાદ તપસ્વી મુનિરાજ શ્રી જયસોમવિજયજી મહારાજ
- પૂજ્યપાદ મુનિરાજ શ્રી નંદીભૂષણવિજયજી મહારાજ
- પૂજ્યપાદ મુનિરાજ શ્રી નંદીશ્વરવિજયજી મહારાજ

**જેમનો સાથ અને સહયોગ અનુમોદનીય હતો.**

**વેષભૂષા** : વિજયકુમાર શાહ



**સંગીત** : પીનાકીન શાહ, શૈલેષ શાહ

**મંગલગૃહ** : પ્રકાશ શાહ, હેમચંદ્ર શાહ

**બેન્ડ** : શ્રેયાંસનાથ સ્વામી સ્વયંસેવક મંડળ

**નૃત્ય** : સંજય પટેલ, મહેશ શાહ

**શોભાયાત્રા** : શ્રી ભાદરણનગર / રાજેશપાર્ક / સુભાષલેનનાં ભાઈઓ.

**સુસ્વાગતમ્** : શ્રી રત્નપુરી પાઠશાળા અને મહિલામંડળ

**મોદક નિર્માણ** : પદ્માબેન શાહ

**નૈવેદ્ય પૂજા** : શરદકુમાર અને દિવ્યકાંત (પપ્પુ) આદિ દેવાણી પરિવારના ૪ થાળ.

**બુકસ્ટોલ** : દેવેન્દ્ર શાહ, અતુલ શાહ - જલ્પેશ શાહ

**પ્રચાર / પ્રિન્ટીંગ** : પ્રવિણ શાહ, હિમાંશુ શાહ

**ગજરાજ** : ભાદરણ નગરનાં ભાઈઓ

**સુશોભન** : ધર્મેન્દ્ર શાહ

**સહકાર** : ઝવેરીબંધુઓ મલાડ ઈસ્ટ

**જન જનનાં અંતરનાદ**

● અરે ! મને તો શું સુઝ્યું તે મેં તો મારી છોડીને સાસરેથી તેડાવી દીધી. મેં તો કહી દીધેલું કે બેટા ! સાસુ ના પાડે તો પગે પડીને રજા લઈને ગમે તેમ કરીને રવિવારે આવી જજે. જીંદગીમાં આવું જોવા નહિ મળે ! અને એ આવી. તો ફાવી ગઈ. મનખા આખામાં આવું તો કદીયે ભાળ્યું નો'તું ધન ઘડી ! ધન ભાગ !

● ભઈ ! પેલાનું નૃત્ય તો કહેવું પડે હોં અજૈન હોવા છતાં તેના મોં પરના ભાવ દેખ્યા હોય તો લાગે કે જાણે જૈનનો દીકરો હશે અને રોજ ભગવાન સામે નાચતો હશે.

● અરે ! પેલો હાથી ખરો કહેવાય. આટલા માણસની વચ્ચે બચારો સીધે સીધો આવ્યો અને ફૂલ ચડાવીને સીધે સીધો જતો રહ્યો હોં ! ગજબ કે'વાય ને ? કોક પુનશાળી જીવ હશે ! નહિતર જાનવરના ખોળીયે પ્રભુની પૂજા કયાંથી મળે !

● પેલા ઈન્દ્રો જોયા ? શું એમના કપડાં ! શું એમના મુગટ ! અને શું એમની ભક્તિ ! મારા રોયા ! ચામર લઈને નાચે તો લાગે કે જાણે સાક્ષાત્ ઈન્દ્રો ઝુમી રહ્યા છે.

• અરે ગાંડા ! કયાં ગયો તો ? તને કહી તો ગઈતી કે બેટા ! ગમે તેમ થાય તો ય આરતિના ટાઈમે આવી જજે. છતાં ન આવ્યો. મૂરખા ! તારો જનમારો ફોક ગયો શું આજે આરતિ ઉતરી છે. શું દીવા ઝળહળ્યા છે. અને શું લોક ગાંડું બન્યું છે. આવડી મોટી ઉંમરે મારા આખા જીવતરમાં મેં આવું ભાળ્યું નથી ! બેટા ! અફસોસ ! આવી ભૂલ કદી કરીશ મા !

• મહારાજ સાહેબ ! આવો પ્રોગ્રામ ફરીવાર કરાવો. અમે રહી ગયા. અમારે બહારગામ જવું પડે તેમ હતું. ચાલે તેમ ન હતું. અમે કાલે ઘેર આવ્યા અને સહુના મોંઢે વાતો સાંભળી. હૈયું ભરાઈ ગયું રોઈ રોઈને આંખો સુઝી ગઈ. સાહેબ ! કહોને ફરી આવી ભક્તિ કયારે કરાવશો ?

• રે તમને ખબર પડી ? ના. શું થયું કહો તો ખરા. અરે આજની પૂજામાં લોકોએ ચઢાવેલી સામગ્રીનું લીસ્ટ સાંભળવા જેવું છે.

| | |
|---|---|
| ૧૧ કોથળા ભરીને ફ્રુટ | ૨૫ થાળા ભરીને નૈવેદ્ય |
| ડોલોની ડોલો ભરાય તેટલું દૂધ | મોટો ડ્રમ ભરાય તેટલું જલ |
| એક મોટો વાડકો ભરાય તેટલું કેસર | કુંડીઓ ભરાય તેટલું ઘી. |

ધૂપનાં પડિકા, ચોખા, બરાસનો કોઈ હિસાબ જ નથી. ખરેખર ગજબ

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૧૬,તા.૩-૧-૧૯૮૭

• **નડીયાદ :** પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ.શ્રીની નિશ્રામાં ચાતુર્માસ આરાધના સુંદર થઈ. વિદ્યાર્થીઓમાં સારી જાગૃતિ આવી. ૧૮૦ વિદ્યાર્થીઓને ધાર્મિક ઉપકરણો અપાયા. દિવાળી શિબિરમાં ૭૦ બાળકોએ પૂ. મુનિશ્રી ભદ્રયશવિજયજી મ. પાસે વાચના લીધી પ્રભાવનાદિ સારા થયા.

• **નરસંડા :** પૂ.આ.શ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મ. તથા પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ સુંદર ઊજવાયો. પાંચ દિવસ સ્વામિવાત્સલ્ય, સાધારણખાતાની ટીપ વગેરે સારા થયા. શ્રી ચંદુભાઈ તથા મણિભાઈના પરિવારે ઉદારતાપૂર્વક સારો લાભ લીધો.

**તીરૂપુર (તામીલનાડુ) :** મૌન એકાદશીના રોજ શુભ મુહૂર્તે નૂતન નિર્મિત શ્રી સુવિધિનાથ સ્વામી જૈન મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ઊજવાઈ ગયો. પૂ. પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિ આદિ કોઈમ્બતુર ચોમાસું પૂર્ણ કરી અત્રે પધાર્યા. પ્રતિષ્ઠા નિમિત્તે જિનભક્તિ કાર્યક્રમો ગોઠવાયા હતા. સ્થાનિય



સંઘના ૩૫ પરિવારો સહિત આસપાસમાં વસતા સેંકડો સાધર્મિકોએ પ્રસંગોમાં હાજરી આપી હતી. આ પ્રતિષ્ઠા પછી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પૂ.પં. ભદ્રગુપ્તવિજયજી ગણિ તથા પૂજ્ય મુનિશ્રી ભદ્રબાહુવિજયજી મહારાજ દ્વારા આલેખિત ગુજરાતી, હિંદી અને અંગ્રેજી અગિયાર પુસ્તકોનો વિમોચન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુંબઈ, સોલાપુર, મહેસાણા, બેંગલોર, મદ્રાસ, કોઈમ્બતુર ઈત્યાદિ સ્થળોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજસ્થાનના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોના અબોલ જીવોને બચાવી લેવા માટે પૂજ્ય પંન્યાસજી દ્વારા દર્દભરી અપીલ થતાં ૧૦ મિનિટમાં જ જીવદયા માટે ૮૦ હજાર રૂપિયા ટપોટપ નોંધાઈ ગયા હતા. પુસ્તક વિમોચન સમારંભનું સંચાલન મુંબઈના શ્રી કુમારપાળ વિ. શાહે કર્યું હતું.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૧૭,તા.૧૦-૧-૧૯૮૭

• **માલેગામ :** ગુજરાત રાજ્યમાંથી કોઈ પણ ગાય-બળદ-વાછરડા આદિ પશુઓ રોડ-રેલ કે સમુદ્ર માર્ગે મહારાષ્ટ્રમાં લઈ જવાની કાયદેસર મનાઈ છે છતાં પણ જનતાની કે સત્તાવાળાઓની એવી જાગૃતિના અભાવમાં ગેરકાયદે પશુઓ લઈ જવાઈને મુંબઈના દેવનાર આદિના કતલખાનાઓમાં વેચાતા હોવાના સમાચારો મળે છે. અત્રેની કૃષિ ગો સેવા સંઘના અધ્યક્ષ કેસરીચંદજી મહેતા આદિએ જુદા જુદા ગામોના જીવદયા પ્રેમીઓ તથા સરકારી અધિકારી વગેરેના સહકારથી ભિલાડ-નવસારી-લાજપુર (સુરત) વાપી આદિ અનેક સ્થળો પરથી ગેરકાયદે આવી રીતે કતલખાને લઈ જવાતા સેંકડો ગાય-બળદ-વાછરડા બચાવી જીવદયાનું મહાન કામ કર્યું છે. જીવદયાની આવી જ કાર્યવાહી અખીલ ભારતીય હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈ પણ કરે છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના ગામેગામના જીવદયાના પ્રેમીઓ જો જાગૃત થાય તો આવી સંસ્થાઓના અને સરકારના સહકારથી જીવદયાનું મહાન કાર્ય કરી ઉચ્ચ પુણ્ય ઉપાર્જી શકે છે.

આ સંસ્થાઓને આર્થિક રીતે સદ્ધર કરવાથી પણ જીવદયાના મહાન કાર્યમાં મદદરૂપ થઈ શકાય છે.

• **મુંબઈ-કોટન ગ્રીન :** મલાડના પંડિત જેઠાલાલ ભારમલ શાહ અત્રે પર્યુષણા પર્વની આરાધના કરાવવા આવતા સારી ધર્મ આરાધના થવા પામી. છેલ્લા દશેક

વર્ષોથી સ્વપ્ન ઉછરામણીની બોલીઓ દશ આની-છ આનીના હિસાબથી અનુક્રમે દેવદ્રવ્ય અને સાધારણ ખાતામાં લઈ જવાતી હતી. પંડિતજીએ સ્વપ્નદ્રવ્ય આવક સાધારણમાં લઈ જવાની બાબતને અશાસ્ત્રીય તરીકે અત્રેના ટ્રસ્ટી વગેરેને સમજાવતા બધાએ ખૂબ ખુશી થઈ સ્વપ્ન ઉછરામણીની સંપૂર્ણ રકમ શાસ્ત્રાનુસારે દેવદ્રવ્યમાં લઈ જવાનું નક્કી કર્યું. સાધારણના ખર્ચ માટે નિભાવ ફંડની રૂા. ૩૫૦૦૦ની ટીપ થઈ.

● **બેલગામ :** વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી અત્રે પૂજ્ય મુનિવરો શ્રી અભયશેખરવિજય મ. શ્રી જિનહંસવિજય મ. આદિ અત્રે ચાતુર્માસાર્થે પધારતા નિત્ય વ્યાખ્યાન, સાંકળી અઠ્ઠમ, સામુદાયિક અઠ્ઠમ, વિવિધ આરાધનાઓના એકાસણા આદિની આરાધના ઉલ્લાસપૂર્વક થઈ રહી છે. પર્યુષણા મહાપર્વની આરાધના તથા તપસ્યા આદિ નિમિત્તક સિદ્ધચક્રપૂજન પૂજાઓ વગેરે સુંદર રીતે ભણાવાયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૧૮,તા.૧૭-૧-૧૯૮૭

● **શંખેશ્વર :** પ.પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી ગણિવર આદિ ઠાણાની શુભ નિશ્રામાં નીકળેલ કૃષ્ણનગર (રાજસ્થાન)ના છ'રી' પાળતા શ્રી સંઘનો અત્રે ભવ્ય પ્રવેશ થયો. સંઘવી ભોગીભાઈ, અમૃતભાઈ, ચંદ્રકાન્તભાઈની તીર્થમાળ ઉલ્લાસપૂર્વક થઈ, ત્રણ ભાવિકોએ યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો. પોષ દશમીના ૧૯૦૦ અઠ્ઠમ થયા જે પૈકીના ૩૫૦ છ'રી' પાળતા શ્રી સંઘના યાત્રિકોએ કરેલ. પારણા હિરાચંદ જેરૂપજી પાદરલીવાળા તરફથી થયા. પાર્શ્વચિંતામણિ પૂજન અને પ્રભુજીની ૧ લાખ પુષ્પથી ભવ્ય અંગરચના થઈ.

● **દૌંડ (પૂના-મહારાષ્ટ્ર) :** તલેગાંવ - ઢમઢેરામાં પૂજનીય ભગવંતનો પ્રવેશ મહોત્સવ કરાવી પ.પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી આદિ ઠાણા અત્રે પધારતા પ્રેરણા કરતાં અત્રેના ઉપાશ્રયમાં દેવદ્રવ્ય વપરાયેલું તેમાં એક લાખ રૂપિયાની ટીપ તથા બે લાખની બોલી થતા દેવદ્રવ્યની શુદ્ધિ થઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૨૦/૨૧,તા.૭-૨-૧૯૮૭

● **તપોવન :-** પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ આદિ ઠાણાએ મુંબઈથી તપોવન સંસ્કારધામના વિહારમાં માર્ગમાં ઉમરગામ સ્ટેશન, ખતલવાડા,



ફણસા, સરીગામ, ભીલાડ, અચ્છારી, નરોલી, સેલવાસ, બગવાડા, ઉદવાડા, પારડી, વલસાડ, ગણદેવી વગેરે ગામોગામ વ્યાખ્યાન આદિમાં ગુજરાત, કચ્છના લાગલગાટ બીજા દુષ્કાળને અનુલક્ષી રાહત અંગે પ્રેરણા કરતાં લગભગ ત્રણ લાખ રૂા. જેવી રકમ એકઠી થઈ. એમાં ખૂબી તો એ કે મોચી, દરજી, પટેલ, ખેડૂત, રાજપૂત, સોલંકી આદિવાસી, બસ કન્ડકટર વગેરેએ પણ પોતાની ભાવના અનુસાર દુષ્કાળ રાહતમાં ફાળો લખાવ્યો. કેટલાક ગામમાં તો કોઈ વખત ન થઈ હોય તેટલી ફાળાની રકમ થઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૨૨/૨૩,તા.૨૧-૨-૧૯૮૭

● **કરબટીયા** (મહેસાણા) :- પ.પૂ.પં. શ્રી જગચ્ચંદ્રવિજયજી ગણીવર આદિ ઠા.ની નિશ્રામાં અત્રે ઉદારતા વ્યવસ્થા ક્રિયાશુદ્ધિ આદિની સુવાસપૂર્વક ઉપધાન તપની પૂર્ણાહૂતિ થતાં માળારોપણ પ્રસંગે જિનભક્તિસ્વરૂપ મહોત્સવ શાસન પ્રભાવનાપૂર્વક ઉજવાયો. જૈનો માટે તો રોજના સ્વામીવાત્સલ્ય હતા જ ઉપરાંત છેલ્લા દિવસે જૈન જૈનેતર આખા ગામનું બે ટંકનું જમણું થયું. ઉપધાન દરમ્યાન જૈન જૈનેતર ભાઈઓ સમક્ષ રાત્રિ પ્રવચન, સાધ્વીજી દ્વારા બેનોને પ્રવચન તથા શાળાના ૬૦૦-૭૦૦ વિદ્યાર્થી-શિક્ષકો સમક્ષ પ્રવચનો સારા થયા. દેવદ્રવ્ય-જીવદયા-માનવ રાહત વગેરેની સારી રકમ થઈ. જૈનેતરોનો સારો એવો વર્ગ જિનમંદિરે દર્શન, ગુરુવંદન-જૈન તિલક ધારણ કરવા, કંદમૂળ આદિ ત્યાગ કરી સાધુ-સાધ્વીને સુપાત્રદાન વગેરેનો આગ્રહી બન્યો. મુનિરાજશ્રી કનકસુંદરવિજય મહારાજે શાળામાં પ્રવચનો દ્વારા સંસ્કાર સિંચન કર્યું.

● **અખીલ ભારતીય હિંસા નિવારણ સંઘ, અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈના સંયુક્ત ઉપક્રમે ગુજરાત ખાતે પશુરાહત કેમ્પનો આરંભ કરુણાભીનું નિવેદન**

ગુજરાતની ધરતી ઉપર સતત બીજે વરસે પણ દુષ્કાળના ઓળા ઊતર્યા છે. ઘાસ અને પાણીના અભાવે મૂંગા અબોલ જીવો ટળવળી રહ્યા છે. આપણી સામે આવી પડેલો આ એક ગંભીર પડકાર છે. ગયા વર્ષે આપણે દુષ્કાળગ્રસ્ત ૮ હજાર ઢોરોને નીભાવવા માટે પશુ રાહત કેમ્પ સફળતાપૂર્વક ચલાવ્યો હતો.

આ વર્ષે ઊભી થયેલી અતિ ગંભીર અછતની સ્થિતિનાં કારણે બમણા વેગથી દુષ્કાળ રાહત કાર્ય શરૂ કરી દેવાયું છે. ધોળકા તાલુકામાં અમદાવાદ ધોળકા

રોડ ઉપરના શેખડી ગામની આસપાસની જમીનો ઉપર પ્રાથમિક બધી જ વ્યવસ્થાઓ ઊભી કરીને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોના હજારો અબોલ જીવોને આ વર્ષના જુલાઈ માસ સુધી સાચવવાનો અમારો આ વિનમ્ર પ્રયાસ છે.

આપ પણ આ રીતે લાભ લઈ શકશો.

● એક ઢોરને અછતના આખા સમયગાળા દરમ્યાન નીભાવવા માટે રૂપિયા પાંચસો આપીને.

● રૂપિયા ૨ લાખ આપી એક હજાર ઢોરને નિભાવવાના આખા એક વાડાનું નામકરણ કરાવીને.

● તન, મન અને સમયનો ભોગ આપી કેમ્પમાં આવી સેવાનો હાથ લંબાવી શકશો. નહિતો છેવટે

● ગામમાં જીવદયા માટે સૌ કોઈને પ્રેરક શબ્દો કહી શકશો.

**નોંધ :-** ચેક અથવા ડ્રાફ્ટ ઉપરોક્ત સંસ્થાઓના કોઈ પણ નામે મોકલી શકશો. બંને સંસ્થાઓને ઈન્કમટેક્ષ માફીપાત્ર છે.

લિ. આપનો વિનમ્ર

**અખિલ ભારતીય**

**હિંસા નિવારણ સંઘ**

**૩૫, મનીષ સોસાયટી, નારણપુરા,**

**અમદાવાદ-૩૮૦૦૧૩, ટે.ન.૪૬૨૪૦૮**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૨૯,તા.૪-૪-૧૯૮૭

● **સુરત :** પરમ પૂજ્ય પં.શ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર મહારાજ તથા પરમ પૂજ્ય પં. શ્રી હેમચંદ્રવિજયજી ગણિવર મહારાજ આદિ તપોવન સંસ્કારધામ ખાતે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કરાવી સુરત શહેરમાં પધાર્યા છે. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પુનીત આશીર્વાદપૂર્વક પૂજ્ય પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબે જીવદયા માટેની જોરદાર જેહાદ ઉપાડી છે. ગુજરાતના ભીષણ દુકાળમાંથી અબોલ જીવોને ઉગારવાની અને એમની નિભાવવાની યોજના માટે પ્રચંડ પ્રેરણા આપવાનો પુરુષાર્થ શરૂ કર્યો છે. પૂજ્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ, પૂજ્ય મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજ પણ આ કાર્યને કેન્દ્રમાં રાખી સુરતથી અમદાવાદ તરફ વિહારયાત્રા આગળ ધપાવી રહ્યા છે. પૂજ્ય પં. શ્રીના જીવદયાના કાર્યમાં આ પ્રવચનકાર મુનિભગવંતો પણ યોગદાન આપી રહ્યા છે.

સુરતની ધર્મપ્રેમી જનતા પ્રવચનકાર પૂજ્ય પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના પ્રવચનોથી ભાવવિભોર બની ઊઠી હતી. આંખ અને અંતરને ભીંજાવી નાખનારા પ્રવચનોની જાદુઈ અસરથી જીવદયાનું ભંડોળ છલકાઈ ગયું.

જીવદયા માટે વર્ધમાન સંસ્કૃતિધામ દ્વારા થઈ રહેલું આ ભંડોળ મુંગા ઢોરોથી છલકાઈ રહેલી પાંજરાપોળો, ભણસાલી ટ્રસ્ટ, વર્ધમાન સેવા કેન્દ્ર તથા હિંસા નિવારણ સંઘને આવશ્યકતા મુજબ અપાશે. પૂજ્ય પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ મુંબઈ જવા માટે વિહારયાત્રા આગળ ધપાવી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૭

## પરમતપસ્વીના પુનીત પગલે પાવન થયેલું પુનાનગર

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ;** શાસ્ત્રાધ્યાપનકુશળ પૂ. આચાર્યશ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ; સિદ્ધાંત દિવાકર પૂ. આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા ૬૦ નાસિક નગરમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ સચિત્ર ગ્રંથ પ્રકાશન સમારોહ પ્રસંગ પૂર્ણ થયા બાદ વિહાર કરી પુના તરફ પધારતાં સિન્નર મુકામે ભવ્ય સામૈયા સહ પ્રવેશ થયો... પ્રવચનોમાં વિશાળ મેદનીએ લાભ લીધો... સંગમનેર પધારતાં ખૂબ જ ભાવવાહી ગહુલીઓ પૂજ્યશ્રીના ૭૭ વર્ષના નિમિત્ત લઈને ૭૭ શ્રીફળ ૭૭ નૈવેદ્ય ૭૭ દીવડા વગેરેથી સુશોભિત ગહુંલીઓ, દા.ત. રસ્તા પર ભારતનો નકશો બોર્ડર પર દીવડાઓ,... વગેરેથી અનેરું સામૈયું, વિરાટ મેદનીમાં પ્રવચનો... તથા પૂજ્યશ્રીના શ્રીમુખે અરિહંતભક્તિ વિશેષ કરવા મળે તે માટે પૂજાનું આયોજન કર્યું; તે રસ્તાના ગામોમાં પણ સંગમનેર સંઘના ભાઈઓ પૂજાના આયોજન કરતા ગયા... ઓતુર અને જુન્નર શ્રીસંઘની અત્યાગ્રહભરી વિનંતીના હિસાબે પોતાનો વિહાર થોડો વધારીને પણ પૂજ્યશ્રી ઓતુર-જુન્નર પધાર્યા... ઓતુરમાં પૂજ્યશ્રીની પધરામણીથી આનંદવિભોર બની જઈ શ્રીસંઘે સ્વામીવાત્સલ્ય રાખ્યું... અને સામૈયા-પ્રવચનોમાં સારી સંખ્યામાં લાભ લીધો... પૂજ્યશ્રી જુન્નર પધારતાં બોર્ડિંગના બાળશ્રાવકો સહિત શ્રીસંઘે પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું, જાણે ચાતુર્માસ પ્રવેશ ન

હોય... બોર્ડિંગમાં અને સંઘમંદિરે થતાં પ્રવચનોમાં ઘણી સારી સંખ્યામાં લોકોએ જુદા જુદા નિયમો લીધા... જેવા કે રોજ સતત મોક્ષ યાદ આવે તે માટે 'નમો સિદ્ધાણં'ની માળાઓ; કલાકે નવકાર; સ્નાન પહેલા પાટલો-કપડા જોઈ લેવા કે કોઈ જીવ તો નથી ને ? રોજ ખાવાના ટંક; વગેરે... બોર્ડિંગમાં ધર્મી જીવન બનાવવાની તાલિમ લઈ રહેલા બાળકોનું શિક્ષણ પણ ખાસ આદરણીય છે... અને તે માટે બંસીલાલ કર્ણાવટની અથાગ મહેનત પણ આદર માંગી લે તેવી છે... મંચરમાં પૂજ્યશ્રીના પ્રવેશ માટે થનગનાટ કરી રહેલા શ્રીસંઘે પૂજ્યશ્રીજીનું શાનદાર સામૈયું કર્યું... પ્રવચનમાં તો જ્યારે જુઓ ત્યારે લોકોનો પ્રવાહ ગજબનો હતો... સ્વ. બાબુલાલ ગોકળદાસના જીવનમાં થયેલા સુકૃતોની અનુમોદનાર્થે તેમના સુપુત્રો પ્રકાશભાઈ બીપીનભાઈ વગેરેએ શ્રી ભક્તામર પૂજનનું આયોજન કરેલું... તેમાં પણ શ્રીસંઘે ખૂબ જ સારો લાભ લીધો... શ્રી કુમારપાળ ઉત્તમચંદ સમદડીયાએ પોતાના ઘરે પૂજ્યશ્રીના સંઘસહિત પગલા કરાવી ૫-૫ રૂા.થી સંઘપૂજન કર્યું... શ્રીસંઘમાં જીવદયાનું મહત્ત્વ સમજાવતાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારના જીવોને માટે થોડીક જ વારમાં ૨૧/૨૨ હજાર જેવી રકમ થઈ ગઈ... પુના સંઘમંદિર શ્રી ગોડીજી પાર્શ્વનાથ ટ્રસ્ટના અગ્રગણ્ય ટ્રસ્ટીઓ શ્રી પોપટલાલ રામચંદ; ચંદુભાઈ; સૂર્યકાન્તભાઈ; શાંતિલાલજી વગેરેએ પૂજ્યશ્રીને પુનામાં સંઘમંદિરમાં જ પધારવા આગ્રહભરી વિનંતી સાથે; વૈ. સુદ ૬ ના શ્રી સિદ્ધચક્રમંદિરની પ્રતિષ્ઠા માટે અને ચાલુ સાલના ચાતુર્માસ માટે પૂજ્ય ગુરુભગવંતોની આગ્રહભરી માંગણી મૂકી... ખેડ-ચાકણ-કાસારવાડી અને ખડકીમાં પણ પૂજ્યશ્રીના ભવ્ય સામૈયા-વિશાળ જનમેદનીમાં પ્રવચનો તથા જુદા જુદા નિયમો થયા. ખડકીમાં નવા થઈ રહેલા આરાધના ભવનમાં કાર્ય ઝડપી થાય તે માટે પૂજ્યશ્રીનો ખાસ વાસક્ષેપ નંખાવ્યો ૨૭-૩-૮૭ ના પુના શહેરમાં (બુધવારપેઠ શ્રી સુધર્માસ્વામી જૈન સંઘના ઉપાશ્રયે) પૂજ્યશ્રીના ભવ્ય પ્રવેશ માટે જુદા જુદા પરા-સંઘના અગ્રગણ્યો સહિત ૨ થી ૨॥ હજાર ભાગ્યશાળીઓ પધારેલા.

પુના શહેરના બિલ્ડર ડી.એસ. કુલકર્ણીએ ૬૦ સાધુ સાથે પ્રભાવક જૈનાચાર્ય પધારી રહેલા જાણી બુધવારપેઠમાં પોતાનું તૈયાર કરેલું ૩ માળનું 'કેશવ' બિલ્ડિંગમાં પૂજ્યશ્રીને પધરાવવા આખું મકાન આપી દીધું અને 'સકાળ' દૈનિકમાં પૂજ્યશ્રીના પ્રવેશની વિશિષ્ટ જાહેરાત પોતે આપી... પોતાનું આંગણું પાવન થઈ ગયાના હર્ષોલ્લાસથી આનંદિત થયા અને પૂજ્યશ્રીના પ્રવચનોમાં ખાસ લાભ લેતા હતા... ૨૮-૩-૮૭ ના પૂજ્યશ્રી સામૈયા સહ શ્રી પંચદશા ઓસવાલ સંઘની વિનંતીથી સોનારની ધર્મશાળામાં પધાર્યા હતા; ૨૯-૩-૮૭ ના શ્રી સંઘમંદિર શ્રી ગોડીજી



પાર્શ્વનાથ જૈન મંદિરમાં પૂજ્યશ્રી ભવ્ય સામૈયા સાથે પધારેલા... બપોરના સોનારની ધર્મશાળામાં થયેલા જાહેર પ્રવચન બાદ ન્યુ ટીમ્બર માર્કેટ ભવાનીપેઠની આગ્રહભરી વિનંતીથી સામૈયા સહિત ન્યુ ટીમ્બર માર્કેટના ઉપાશ્રયે પધાર્યા... તા. ૩૦-૩-૮૭ ના રોજ લશ્કર પુના સંઘની વિનંતીથી પૂજ્યશ્રી ગજરાજથી શોભતા ભવ્ય સામૈયા સાથે પધાર્યા... પ્રભુદાસ પી. શાહ પરિવાર તરફથી શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજનનું આયોજન થયેલું...

પુના શહેરમાં તો પૂજ્યશ્રીના સાનિધ્યમાં વીતેલા ૪ દિવસમાં શ્રીસંઘે પોતાના ગૃહકાર્યોને બાજુમાં મૂકી પ્રવચન-પૂજન આદિમાં ખૂબ જ લાભ લીધો...

પૂજ્યશ્રીએ પુના શહેર દરમ્યાન પ્રવચનનો મુખ્ય પ્રવાહ જીવદયા તરફ વાળેલો... એક બાજુ દેશમાં દુષ્કાળ વ્યાપેલો છે તો બીજી બાજુ ૧૨-૨-૮૭ના રોજ કોર્ટ દ્વારા; પોલીસની સહાયથી ગેરકાયદેસર કતલ થતી ગાયો અને વાછરડાને ઉગારીને અનેક જીવદયા પ્રેમી યુવાનોએ આ જાનવરોને જીવનનિર્વાહ માટે પુના પાંજરાપોળ ટ્રસ્ટ-ભોજાપુરમાં વસવાટ કરાવેલો છે તેના માટે ઘાસચારાની સખત જરૂર હતી તે પણ પૂજ્યશ્રીના મનમાં હતું... દરેક સંઘમાં જીવદયા માટે આ અંગે અપીલ કરતાં ભાવુકો મન મૂકીને લાભ લેતા હતા... ૧૧૧૧ રૂા.ના ૧ દિવસના નિર્વાહ તરીકે લોકો દિવસો નોંધાવતા હતા...

તા. ૩૦-૩-૮૭ ના રોજ પૂજ્યશ્રીએ પુના શહેરથી પોતાનો વિહાર કોલ્હાપુર તરફ લંબાવેલો છે... કોલ્હાપુરમાં પૂજ્યશ્રીનો ૧૯-૪-૮૭ ના રોજ પ્રવેશની સંભાવના છે... પૂજ્યશ્રી સાથે પત્રવ્યવહાર માટે નીચેના સ્થળે સંપર્ક સાધવો.

**C/o. પ્રવીણચંદ્ર રમણીકલાલ વડેચા**
**પોસ્ટ બોક્સ નં. ૨૦૩, શાહુપુરી, કોલ્હાપુર-૪૧૬૦૦૧ M.S.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૩૧/૩૨,તા.૨૫-૪-૧૯૮૭

● **મદ્રાસ :-** પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી આદિનું અત્રે જૈન આરાધના ભવન મિન્ટ સ્ટ્રીટમાં શાનદાર ચાતુર્માસ થયા બાદ તેઓ પૂ.ની નિશ્રામાં અત્રેથી કુલપાકજી તીર્થનો ૫૦ દિવસનો, ૭૦૬ કિ.મી.ના અંતરનો પદયાત્રા સંઘ નીકળ્યો. ગામોગામ શાસનપ્રભાવક કરતો શ્રી યાત્રા સંઘ તા. ૨૯-૩-૮૭ના રોજ કુલપાકજીમાં નિર્વિઘ્ને પહોંચ્યો. જ્યાં તા. ૩૧-૩-૮૭ ના રોજ બે હજાર માણસોની જંગી મેદની વચ્ચે દાનવીર કેવળચંદજી ખડોડ આદિ સંઘપતિઓને તીર્થમાળા પહેરાવવામાં આવી.

તીર્થમાળાની બોલીની ઉપજ ખૂબ સુંદર થઈ. નૂતન આયંબિલ ભવન ઉપર નામકરણ માટે પણ સારી રકમ દાનમાં મળી. પૂજ્ય મુનિરાજશ્રી અત્રેથી વિહાર કરી હૈદ્રાબાદ થઈ સિકંદ્રાબાદ ચાતુર્માસ માટે પધારશે.

● **આમોદ (જિ. ભરૂચ)** :- પૂ.પં. શ્રી હેમચંદ્રવિજયજી ગણીવર, પૂ.પં.શ્રી જગચ્ચંદ્રવિજયજી ગણી, પૂ. મુનિવર શ્રી હેમરત્નવિજયજી, કનકસુંદરવિજયજી, આદિનું અત્રે મિલન થતાં વ્યાખ્યાન શ્રેણિઓ ગોઠવાઈ, સારા અભિગ્રહો લેવાયા. જીવદયા અંગે પ્રવચનોમાં પ્રેરણા કરતાં સારી એવી રકમ એકઠી થઈ... તપસ્વી મુનિરાજશ્રી વિશ્વરત્નવિજયજી મહારાજનું ૭૪ મી વર્ધમાન તપની ઓળીનું પારણા પ્રસંગે શ્રીસંઘમાં સામુદાયિક આયંબિલ જાપ વગેરેની આરાધના થઈ. તપસ્વી મુનિની નિર્દોષ ગોચરી આદિની ચર્યાથી ઈતરો પ્રભાવિત થયા...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૩૮,તા.૬-૬-૧૯૮૭

● **માલેગાંવ** : અત્રેના કૃષિ ગો. સેવા સંઘ (૯૯ તિલકરોડ-માલેગાંવ)ના અધ્યક્ષ તેમજ અખિલ મહારાષ્ટ્ર કૃષિ ગો. સેવા સંઘના અધ્યક્ષ શ્રી કેશરીચંદ મહેતા આદિ મધ્યપ્રદેશના નીમચ શહેરમાં પશુહાટનું નિરીક્ષણ કરવા ગયેલા. અહીંથી હજારોની સંખ્યામાં ગાય બળદ વાછરડા વગેરે કતલ કરવા માટે ભારતભરમાં વેચવા જતા હોય છે. ત્યાંના અને આસપાસના પશુહાટમાં અનધિકૃત વેચાવા માટે આવેલા ૩૯૧ ગાય વાછરડા વગેરેને શ્રીયુત મહેતાએ કલેકટરની સહાયથી જપ્ત કરાવી મંદસોર ગોપાલકૃષ્ણ ગોશાળામાં જમા કરાવ્યા. પાછા ફરતા રતલામની પાસેથી પણ ૧૮૭ ગાય વાછરડા જે અનધિકૃત કતલ માટે દાહોદ-ગુજરાત જતા હતા તે જપ્ત કરાવી રતલામ ગોરક્ષણ સંસ્થાને સુપ્રત કરાવ્યા. માલેગાંવ કૃષિ ગો. સેવા સંઘ તરફથી શ્રી કેશરીચંદજી મહેતા આ રીતે અવારનવાર અનધિકૃત કતલ માટે જતા પશુઓને બચાવવાનું કામ કરતા હોય છે. તેથી આ સંસ્થાને સારી આર્થિક મદદ કરવાથી જીવરક્ષાના કામને સારી પુષ્ટિ મળશે...

નીમચપશુહાટમાં જોરદાર ઘબરાહટ થયેલ છે. વરસોથી કસાઈ લોકો આ ક્ષેત્રથી લાખો ગાય વાછરડા બેલ ખરીદ કરી કરી મહારાષ્ટ્ર, ગુજરાત, ઓરીસા, બંગાલ તરફ લઈ જઈ માંસ ચામડાનો મોટા પાયા પર વ્યાપાર કરતા હતા.

ફેબ્રુઆરી મહિનામાં પૂના શહેરના ભવાનીપેઠ કતલખાના પર પોલીસ સહાયથી છાપો નાખી 91 (Nintyone) ગાય વાછરડા કસાઈના ચંગુલમાંથી છોડાવી



પૂનાના બ્યુટી વિધાઉટ ક્રુઅલટીના ચેઅરપરસન ડાયનારત્નાગરને સંભળાવી તેમજ તે જીવોને બચાવવા ચારાપાણીની વ્યવસ્થા પૂનાના શ્રીયુત દીપકભાઈ શાહ એવોએ ઘણી જ મહેનત લઈ કામ કરેલ છે. હમણાં તે પ્રાણીઓ બધા પૂના-ભોસરી પાંજરાપોળમાં રાખેલ છે. આ જીવો મહારાષ્ટ્ર રાજ્ય પ્રાણી સંરક્ષણ કાયદા ૧૯૭૬ના આધારે બચાવવામાં આવ્યા હતા. માલેગાંવના શ્રી કેશરીચંદ મહેતા પૂના જઈ પોલીસ કમિશનરને મળી અને પોલીસમાં કંપલેન્ટ દાખિલ કરી છાપો નખાવ્યો હતો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૩૯,તા.૧૩-૬-૧૯૮૭

● **કરાડ** : નૂતન પૂ. આચાર્યદેવશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ અત્રે સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે એમના ગુણાનુવાદ કરતાં લોકો સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીના ગુણશ્રવણથી પ્રભાવિત અને આનંદિત થયા. સંઘપૂજન થયું. પૂજ્યશ્રીએ અત્રેથી સંઘમંદિર, પૂના ખાતે ચાતુર્માસ અર્થે વિહાર કરેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૫,અંક-૪૩/૪૪,તા.૨૫-૭-૧૯૮૭

● **નીમચ (મ.પ્ર.)** :- માલેગાંવ કૃષિ ગૌ. સેવા સંઘના અધ્યક્ષ શ્રી કેશરીચંદ મહેતાના પ્રયાસથી નીમચમાં ગોરક્ષા સમિતિની સ્થાપના કરાયી હતી. આ સમિતિ દ્વારા કાર્યાન્વિત કરાયેલી બદનાવર પોલિસે નીમચથી કલ્યાણ (મુંબઈ)ના કતલખાને લઈ જવાતા ૧૩૧ પશુઓને જપ્ત કર્યા છે. આ પશુઓમાં ગાયો અને પશુઓ છે. ભૂખ્યા તરસ્યા પશુઓની ઘાસ પાણીની વ્યવસ્થા ઉદારદીલ લોકોએ કરી છે. મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન આદિની સરહદ ઉપર જો આ રીતે તકેદારી રખાય તો ગેરકાયદેસર થતી પશુહત્યા અટકવાની ખૂબ શકયતા છે. શ્રી કેશરીચંદ મહેતાને આવી સુંદર કાર્યવાહી બદલ શતશઃ ધન્યવાદ !

● **કોલ્હાપુર** :- સાંગલીનગરે જૈન આધ્યાત્મિક શિબિર પૂર્ણાહૂતિ બાદ જયસિંગપુર-ઇચલકરંજી-નીપાણી આદિ નગરોમાં ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં કરતાં વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણા અત્રે કોલ્હાપુરનગરે મહાવીરનગર સોસાયટીમાં પધાર્યા. મહાવીરનગર

સોસાયટીના નૂતન જિનાલયમાં શ્રી વાસુપૂજ્ય સ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા પૂ.પાદશ્રીના શુભ હસ્તે માગસર માસમાં કરવાની શ્રી સંઘની અત્યંત આગ્રહભરી વિનંતિનો પૂજ્યશ્રીએ સ્વીકાર કર્યો. અહીંથી પૂજ્યશ્રી ગુજરી સંઘમાં એક સપ્તાહ માટે પધાર્યા... રોજના પ્રવચનોમાં લોકો ખૂબ સારા પ્રમાણમાં ઉમટ્યા. ત્યારબાદ પૂજ્યશ્રી ગુજરી સંઘમાં એક સપ્તાહ માટે પધાર્યા... રોજના પ્રવચનોમાં લોકો ખૂબ સારા પ્રમાણમાં ઉમટ્યા... ત્યારબાદ પૂજ્યશ્રી લક્ષ્મીપુરી સંઘના ઉપાશ્રયે પધાર્યા અત્રે લક્ષ્મીપુરીમાં વર્ષો જુના આરાધક શ્રાવક શ્રી પુનમચંદજી દોલાજી ગાંધીના ૨૭૫૧ આયંબિલ તપની પૂર્ણાહુતિ પ્રસંગે તેમના તરફથી આયોજિત શ્રી સિદ્ધચક્રપૂજન લઘુશાંતિસ્નાત્ર આદિ સહ અષ્ટાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પ્રસંગે પૂજ્યપાદશ્રી પધાર્યા. પ્રસંગ ખૂબ સુંદર રીતે ઉજવાયો. છેલ્લા દિવસે નાણ સમક્ષ ભાવિકોએ ચતુર્થવ્રત - ૧૨ વ્રત - વીસસ્થાનક તપ આદિ વિવિધ વ્રતો તપો ઉચ્ચરેલ. પાંચ સંપૂર્ણ ચતુર્થવ્રતધારી સહિત તમામ વ્રત ઉચ્ચરનારાનું શ્રી સંઘે તથા જુદા જુદા અનુમોદકોએ પ્રભાવના આદિથી બહુમાન કર્યું. અત્રેના શ્રી મુનિસુવ્રતસ્વામીજી જૈન મંદિર આદિનો છેલ્લા ૫૦ વર્ષથી નિસ્વાર્થ વહીવટ કરતાં તપસ્વીશ્રી પૂનમચંદજીનું સંઘે બહુમાન કર્યું...

અષાઢ સુદી દશમીનો દિવસ એટલે શાહુપુરી કોલ્હાપુર શ્રીસંઘ માટે મંગળમય દિવસ-અનેરા આનંદનો દિવસ અત્રેનો શ્રીસંઘ વર્ષોથી પૂજ્યપાદશ્રીને ચાતુર્માસ માટે વિનંતિ કરતો હતો. એ પૂજ્યપાદશ્રીએ સ્વીકારીયું ત્યારથી શ્રીસંઘ આનંદવિભોર બની ગયો હતો... આજરોજ અત્રે પૂજ્યપાદશ્રી આદિ ઠા. ૨૫નો સંઘના અનેરા ઉત્સાહમય વાતાવરણમાં ઠાઠમાઠથી ધામધૂમપૂર્વક ભવ્ય સામૈયા સહ હીરાભુવન શાહુપુરીમાં પ્રવેશ થયો. માંગલિક પ્રવચનના અંતે સંઘપૂજનો થયા. દરરોજ વૈરાગ્ય ઝરતા પ્રવચનો ચાલે છે. જેમાં પૂજ્યપાદશ્રી અનેરા વૈરાગ્ય રંગથી જિનવાણી પીરસે છે.

નૂતન ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી ગણિવર તથા પંન્યાસપ્રવર શ્રી જગચ્ચંદ્રવિજયજી ગણિવર પણ પૂજ્યપાદશ્રી સાથે બિરાજમાન છે.

સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા તથા વ્યાખ્યાતા મુનિશ્રી જયસુંદરવિજય આદિ ઠાણાને અત્રે ગુજરી સંઘની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ માટે મોકલતાં ગુજરી સંઘમાં પણ આરાધનામાં અનેરો ઉલ્લાસ આવી ગયો છે.





● **અમદાવાદ :-** નારણપુરામાં બિરાજમાન પૂ. મુનિરાજ શ્રી હેમરત્નવિજય મહારાજ આદિના ચાતુર્માસથી અત્રે ધર્મીજનોમાં ભારી જાગૃતિ આવી છે. દેવકીનંદન, શાંતિનગર, વિજયનગર, અંકુર, ઝવેરીપાર્ક આદિ વિસ્તારમાંથી લોકો પ્રવચન સુણવા દોડી આવે છે. અઠ્ઠમની આરાધનામાં છસો ઉપર આરાધકો જોડાયા જે પૈકીના લગભગ ૫૦૦ આરાધકોને તો જિંદગીનો સૌ પ્રથમવાર અઠ્ઠમ હતો. રવિવારીય આધ્યાત્મિક શિબિરમાં સુરત, નડિયાદ, મહેસાણા, બારેજડી આદિના દૂર દૂરના વિસ્તારથી યુવાનો જિનવાણી માણવા આવે છે. બાળકોની શિશુશિબિરમાં ૩૫૦ બાળકો જોડાયા છે. અને યુવાનોની શિબિરમાં ૭૦૦ યુવાનો જોડાયા છે.

● **અમદાવાદ :-** ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રના મોટા ભાગોમાં અને રાજસ્થાન અને મહારાષ્ટ્રના અમુક ભાગોમાં દુષ્કાળની ભયંકર પરિસ્થિતિએ માઝા મૂકી છે રોજી રોટીની તો મુશીબત છે જ પણ કયાંક કયાંક પાણીની પણ ખૂબ જ વિકટ સ્થિતિ છે. લોકો અર્ધભૂખા જેવા ટળવળે છે તો પશુઓ ઘાસચારા પાણી વિના કાં મરી રહ્યા છે અથવા મરવાને વાંકે રહ્યા છે. મુંબઈ વર્ધમાન સેવા કેન્દ્રના સંચાલક કુમારપાળ વિ. શાહ અને અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ અમદાવાદના કલ્પેશ વિ. શાહ મૂંગા પ્રાણીઓ અને અર્ધભૂખ્યા માનવોની વહારે ધાયા છે. છેલ્લા ઘણા માસોથી આ કામ માટે ભેખ લઈને બેઠા છે. કુમારપાળ પોતાના કામ, ધંધા માટે મુંબઈ જવાનું કરતા નથી તો કલ્પેશ પોતાની પત્નીના સુવાવડ પ્રસંગને પણ સાચવવાનું ભૂલી ગયા છે.

દુષ્કાળની મહાભયંકરતા કેવી કે માલધારીઓ પોતાના પશુઓને રાત્રિના સમયે રાહત માટે ખોલાયેલા કેમ્પોમાં ચૂપકીથી મૂકી જાય છે. તો નાના નાના ભૂલકાઓને પણ માબાપો એ જ રીતે કેમ્પ નજીકમાં છોડી દે છે. એમને ચૂપકીથી એ પ્રમાણે કરતાં કોઈ જોઈ જાય અને પૂછે તો જવાબ મળે છે. 'આ અમારું બાળક નથી.' અત્યારે ગુજરાતમાં ઘાસ અને ઘઉંના ભાવોમાં એકસરખાપણું પ્રવર્તે છે.

ઉદારદિલ ધર્માત્મા પાલનપુરવાળા ભણશાળી કુટુંબીજનો દ્વારા ચાલતા કેમ્પોમાં ઘાસના અભાવે પશુઓ ટળવળી રહ્યા છે. આક્રંદ કરી રહ્યા છે. એમની ૬૦ ટ્રકો ઘાસ મેળવવા દોડાદોડીમાં છે પણ ઘાસ કયાં છે ?

માનવીય શક્તિઓ જ્યાં થાકીને અટકે છે ત્યાં આધ્યાત્મિક શક્તિઓ ફાવતી હોય છે. હવે તો '**प्रार्थनातः एव इष्ट सिद्धिः**' એ જિનવચનને મનમાં રાખી દરેક

ધર્મપ્રેમીએ શક્ય તન મન ધન સહાય સાથે પોતપોતાના ઈષ્ટદેવો સમક્ષ પોતાની માતૃભાષામાં પ્રાર્થનાનું માધ્યમ અપનાવવું જરૂરી છે. **'રક્ષિતો ધર્મો રક્ષતિ'** એ વચનાનુસાર વધુ ને વધુ ધર્માराધન પ્રાર્થના કરીએ કે હે પરમકૃપાળુ પરમાત્મા ! આ અબોલ પ્રાણીઓ અને અર્ધભૂખ્યા માનવોની અશાતા-અશાંતિનાં દુઃખ ટાળો પ્રભુ !

● **કોલ્હાપુર-શાહુપુરી** :- વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાના અત્રે ચાતુર્માસ પ્રવેશ બાદ શ્રી સંઘમાં ધર્મપ્રવૃત્તિની ભરતી આવી છે. વૈરાગ્ય અને તત્ત્વ રહસ્ય પિરસતા પૂ. પાદશ્રીના ધર્મબિન્દુ શાસ્ત્ર અને સમરાદિત્ય કેવળી મહર્ષિ ચરિત્ર પરના દરરોજના વ્યાખ્યાનમાં તથા સવારે આનંદઘનજી ચોવીશી પર વાચનામાં શ્રોતાઓને અદ્ભુત અવનવું સાંભળવાનો આનંદ તરવરતો હોય છે. દર રવિવારે ચાલુ વ્યાખ્યાન ઉપરાંત બપોરના જુદા જુદા વિષયો પર રોમાંચક શૈલીમાં જાહેર પ્રવચન અને જુદા જુદા અનુષ્ઠાનો જેવા કે ખીરના એકાસણા સાથે અરિહંતપદનો જાપ, નવકારમંત્રનો જાપ, ૨૪ જિનેશ્વરના કલ્યાણકોની સામુદાયિક આરાધના સિદ્ધપદની આરાધનાં, ગિરિરાજશ્રી સિદ્ધાચલજી તથા ક્રોડો મુનિવરોને ૯૯ વંદના વગેરેમાં લોકો સારા ઉલ્લાસપૂર્વક જોડાયા. ભયંકર દુષ્કાળથી પીડીત મૂંગા પશુઓ અને અર્ધભૂખ્યા માનવોના દુઃખ નિવારણાર્થે જાપપૂર્વક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમની આરાધનામાં ભાવિકોનો ઉમંગ ખૂબ સુંદર વર્તાતો હતો... રાત્રિના યુવાનો-પુરુષો માટે વ્યાખ્યાનોમાં સારી સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે.

સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મ.ના સાંનિધ્યમાં દરરોજ બપોરના માત્ર બેનો પુરતા વ્યાખ્યાનમાં ખૂબ સારી હાજરી નજરે જોવા મળે છે.

● **લક્ષ્મીપુરી** (કોલ્હાપુર)માં વસતા શ્રી શાંતિલાલ હુકમીચંદજી રાઠોડના ધર્મપત્નીએ ૩૧ ઉપવાસની તપસ્યા નિર્વિઘ્ને પૂર્ણ થતા પૂ. પાદશ્રી આદિ ઠાણા સહ ચતુર્વિધશ્રી સંઘના એમના ઘેર પગલા થયા, સંઘપૂજન થયું. સમગ્ર કોલ્હાપુરના તમામ અઠ્ઠમતપના તપસ્વીઓના સામુદાયિક પારણા થયા.

પોતાના દાદીમાં સુશ્રાવિકા ચંદ્રાબેનના ત્રણેય ઉપધાન, શ્રી સિદ્ધગિરિજી નવ્વાણું યાત્રા, ચત્તારિ અઠ્ઠદસ દોય વગેરે ઘણી જ તપસ્યા અને માતુશ્રી સુશ્રાવિકા સો. શાલિનીબેનના ઉપધાન, વીસસ્થાનક તપ આદિ અનેકવિધ ધર્માનુષ્ઠાનોની અનુમોદના નિમિત્તક અષ્ટોત્તરી બૃહત્શાંતિસ્નાત્ર મહાપૂજન - શ્રી સંઘસાધર્મિક વાત્સલ્યપૂર્વકનો પંચાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ તેમના પરિવાર (દોશી ડોંગરચંદ



કાશીરામ પરિવાર) તરફથી પ્રભુભક્તિની રમઝટતાપૂર્વક ઉજવાયો.

મહારાષ્ટ્ર તથા દક્ષિણ ભારતના જુદા જુદા સંઘોની ચાતુર્માસ બાદ પ્રતિષ્ઠા આદિ પ્રસંગોમાં પધારી નિશ્રા આપવાની વિનંતીઓ અત્યારથી જ પૂ.પાદશ્રીને આવવા લાગી છે.

● એ જ રીતે ગુજરીશ્રી સંઘમાં (કોલ્હાપુર) સિદ્ધાંત દિવાકર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. વિદ્વદ્વર્ય શ્રી જયસુંદરવિજય મ.સા.ના મુખથી નિકળતી જિનવાણીથી શ્રોતાઓ ધર્મમાં આગળ વધી રહ્યા છે.

સમગ્ર કોલ્હાપુરમાં ૫૦ આસપાસ સિદ્ધિતપ તથા અનેક માસખમણની તપસ્યા ચાલી રહી છે.

સાધ્વીશ્રી શીલપ્રજ્ઞાશ્રીજીને માસખમણની આરાધના પૂજ્યશ્રીની નિશ્રામાં ખૂબ સારી રીતે થઈ તેની અનુમોદનાર્થે તેમના કુટુંબીજનો તરફથી સંઘપૂજન-પરમાત્માને આંગી-શાહુપુરી સંઘના દરેક સભ્યોને ઘેર મીઠાઈના પેકેટની પ્રભાવના વગેરે થયું...

**દક્ષિણ મહારાષ્ટ્રના જૈનો સહિત આર્યમાનવો દુષ્કાળ નિવારણ માટે લાગી ગયા આધ્યાત્મિક સાધનામાં**

સમગ્ર ભારતભરના અનેક રાજ્યોમાં ગુજરાત-રાજસ્થાન-મહારાષ્ટ્ર-કચ્છ-સૌરાષ્ટ્ર-બનાસકાંઠા-સાબરકાંઠા વગેરેમાં વ્યાપી ગયેલા કાળઝાળ દુષ્કાળથી હજારો અને લાખો જાનવરો ઘાસ અને પાણી વિના તરફડી રહ્યા છે... ભૂખમરાના ભોગ બની મૃત્યુને શરણ થઈ રહ્યા છે... જીવંત પ્રાણીગણ પણ મોતના વાંકે જીવી રહ્યા છે...

'શિવમસ્તુ સર્વ જગતઃ'ની ઉચ્ચતમ ભાવનાને વરેલા જિનશાસનના સભ્યો પોતાની શક્તિ મુજબ આર્થિક સહાય દ્વારા દુષ્કાળ નિવારવાના તનતોડ પ્રયત્નો કરી રહ્યા છે...

કુદરતની સામે ધર્મસત્તા જ ટકી શકે અને ક્રૂર બનેલી કુદરતને ફેરવવા ધર્મના શરણે જવું. એ પ્રત્યેક આર્ય માનવની ફરજ થઈ પડે છે... સાચા હૃદયથી કરેલી પરમાત્માની પ્રાર્થનાના અચૂક દુષ્કાળને મિટાવી દેશે...

તમામ જૈન ભાઈઓ બહેનોને નમ્ર અપીલ છે કે દુષ્કાળ નિવારણ થાય... અબોલ અને મુંગા પ્રાણીના જીવન ટકી જાય... માનવોને મરવાના વિચારોય ન કરવા પડે એ માટે બને તેટલા વધુ તપ-જપ-ત્યાગ-પ્રાર્થના-પરમાત્મભક્તિમાં સહુને લાગી જવા ભલામણ છે... આવી અનેક વાતો દાખલા દલીલથી સમજાવી ૧૩ ઓગસ્ટના રોજ કોલ્હાપુરમાં પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્યદેવશ્રીની નિશ્રામાં થયેલ

'દુષ્કાળ નિવારણ આધ્યાત્મિક માર્ગદર્શન'ની વિરાટ સભામાં નીચે પ્રમાણે માર્ગદર્શન અપાયું...

''તા. ૧૫-૧૬-૧૭ ઓગસ્ટ સરકારી રજાના દિવસો છે. એ દિવસોમાં અઠ્ઠમ (૩ ઉપવાસ), ન થાય તો ૩ આયંબિલ, ન થાય તો ૩ એકાસણા એ ય શક્ય ન બને તો ૩ દિવસ દુધ-ઘી બિલકુલ બંધ કરી **''ॐ ह्रीं अर्हं नम:''**ની ત્રણેય દિવસ ૮૧-૮૧ માળા ગણવી.. સાથો સાથ પરમાત્માની પૂજા-સ્નાત્ર મહોત્સવ અને નીચે મુજબની પ્રાર્થના સામુદાયિક રીતે પરમાત્મા પાસે ૭-૯-૨૧ કે ૨૭ વાર કરવી.

**''ओं क्षेमं भवतु सुभिक्षं सस्यं निष्पद्यतां जयतु-धर्म:**
**शाम्यन्तु सर्व रोगा: ये केचिदुपद्रवालोके ॥''**

જૈનેતર ભાઈઓને ખાસ ભલામણ છે કે તપ ન થઈ શકે તો આ ત્રણ દિવસ જુગાર-શિકાર-દારૂ-માંસ-અસદાચાર આદિ બંધ કરી તમારા ઈષ્ટ દેવતાને પણ તમે મુંગા-અબોલ પ્રાણીના જીવનરક્ષા માટે પ્રાર્થના કરો... જાપ કરો...''

કોલ્હાપુર અને દક્ષિણ મહારાષ્ટ્રના આજુબાજુમાં વસતા અનેક આર્ય માનવોએ જૈનાચાર્યના આ પ્રતિસાદને ઝીલી લીધો છે, અને દુષ્કાળ નિવારણ માટે આરાધના પ્રાર્થનામાં જોડાયા છે.

**● દુષ્કાળ નિવારણાર્થે આધ્યાત્મિક સાધનાનું માર્ગદર્શન આપતા વર્ધમાનતપોનિધિ પૂજ્યશ્રી**

**● કોલ્હાપુર :-** વર્ધમાનતપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. સિદ્ધાન્ત દિવાકર આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થયેલ ભારતભરમાં વ્યાપી ગયેલાં ભીષણ દુષ્કાળના નિવારણ માટે તા. ૧૩ ઓગસ્ટના ગુરુવારે એક જાહેર સભામાં કોલ્હાપુર જિલ્લાધિકારી શ્રી નંદકુમાર, મહારાષ્ટ્ર રાજ્ય હેલ્થ સેક્રેટરી શ્રી પી.ડી. જોસેફ, નગરાધ્યક્ષ શ્રી પી.ટી. પાટીલ, નગરના પ્રતિષ્ઠિત આગેવાનો, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, અને અનેક નગરજનોની હાજરી હતી. સભાને ઉદ્બોધન કરતા પૂજ્ય મુનિરાજશ્રી જયસુંદરવિજય મહારાજે ૧૨ મી અને પંદરમી સદીના દુષ્કાળ રાહત માટે ભગીરથ દાન કરનારા દાખલાઓ આપી જીવદયા માટે દાનની જોરદાર અપીલ કરી હતી. પૂ. આચાર્યદેવશ્રીએ પ્રભુને પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવી રોજ ૨-૩ કાળ હૃદયની પ્રાર્થના કરવા તથા શક્તિ અનુસાર ત્યાગ તપસ્યા વગેરે કરવા ઉપદેશ આપ્યો હતો.



આજે જ્યારે રોજના સેંકડો હજારો જાનવરો ભૂખમરા અને પાણીથી તરફડીયા મારતાં મોતના મુખમાં ધકેલાતા જાય છે... ● અગણિત માનવો મોતના મુખમાં ધકેલાતા જાય છે...● દાનવીરોએ દાન માટે રકમના વરસાદ વરસાવા અતિ જરૂરી છે... પૃથ્વીના કણ કણ કે પાણીના ટીપેટીપામાં રહેલા દરેક જીવોને બચાવનાર પરમતારક પરમાત્માના શાસનમાં આવેલા આપણે આપણી આંખ સામે જાનવરો કે માનવોને મરતા જોવાશે ? ● આપણે કાને એમની ભયંકર ચીસો અને આક્રંદ સંભળાશે ? આપણાથી બેસી ન જ રહેવાય... ઉઠો જાગો અને સૌ આધ્યાત્મિક બળ વધારો... ધર્મમાર્ગમાં જોડાઓ... મરતા કે તરફડતા પ્રાણીગણને બચાવો.

સરકારની સબસીડી કે દાનવીરોના દાન એ ભૂખમરામાં કદાચ મદદગાર બની જશે પણ પાણીના તરસ્યા એના કંઠ શી રીતે ઠરશે ? શી રીતે આંખોના આંસુ સૂકાશે ?

વિજ્ઞાનની શક્તિ જ્યાં કામ નથી લાગતી ત્યાં કામ લાગે છે પરમાત્માની ભક્તિ...

સૌ મનમૂકીને પરમાત્માની ભક્તિ-પૂજા-ભાવના-આરાધના-તપ-ત્યાગ-જાપ-કાઉસ્સગ્ગ વગેરેમાં જોડાઓ. સાચા ભાવની ભક્તિ જલદી ફળ આપશે...

તા. ૧૫-૧૬-૧૭ ઓગસ્ટ લગભગ રજાના દિવસો છે. એ ત્રણ દિવસ ઉપવાસ-આયંબિલ અથવા એકાસણા કરો. એ ય ન થાય તો ૩ દિવસ ઘી-દૂધ બંધ કરો, અને રોજ ૮૧-૮૧ માળા **''ॐ ह्रीं अर्हं नम:''**ની ગણી ત્રણ દિવસમાં ૨૫૦૦૦ નો જાપ કરો... ગદ્ય-પદ્ય જેવી આવડે તેવી સાચા દિલથી પરમાત્માને પ્રાર્થના કરો... 'દુષ્કાળ નિવારણાર્થં કરેમિકાઉસ્સગ્ગં' ૪ લોગસ્સ 'સાગરવરગંભીરા' સુધીનો કાઉસ્સગ્ગ કરો... પરમાત્મા પાસે હાથ જોડી સામુદાયિક નીચેનો શ્લોક ૭-૯-૨૧-૨૭ વાર બોલો.

**''ओं क्षेमं भवतु सुभिक्षं सस्यं निष्पद्यतां जयतु-धर्म:**
**शाम्यन्तु सर्व रोगा: ये केचिदुपद्रवालोके ॥''**

ત્રણ દિવસની આરાધના પછી પણ પ્રાર્થના-જાપ કાઉસ્સગ્ગ વગેરે શક્ય હોય તો રોજ ચાલુ રાખો. વગેરે વાતો ખૂબ જ સારી રીતે સમજાવી... સભાની પૂર્ણાહૂતિ વખતે આખી સભાને ૧ સામુદાયિક ગદ્ય પ્રાર્થના કેટલાક શાંતિદાયક શ્લોકોની પ્રાર્થના કરાવી... લોકોએ ખૂબ સારો પ્રતિસાદ આપ્યો...

શાહુપુરી શ્રીસંઘે કોલ્હાપુર જિલ્લાધિકારી શ્રી નંદકુમારને જીવદયા-જીવરક્ષા માટે ૫૦૦૦ રૂા.નો ચેક અર્પણ કર્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૧,તા.૫-૯-૧૯૮૭

• **અમદાવાદ-સાબરમતી :** અત્રે પુખરાજ રાયચંદ ટ્રસ્ટ નિર્મિત નૂતન આરાધનાભવનમાં સ્થવિર પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજય મહારાજા તથા જોશીલા પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજય મહારાજ આદિ ઠાણા ચાતુર્માસાર્થે પધારતાં ધર્મારાધનામાં જબરદસ્ત વેગ આવ્યો છે... દરરોજના વ્યાખ્યાનમાં આશરે ૧૬૦૦-૧૮૦૦ શ્રોતાઓની હાજરી, સાંકળી અઠ્ઠાઈ, દરરોજના નવા નવા પચ્ચક્ખાણથી સિરીયલ અટ્ઠમ આદિથી વાતાવરણ બહુ ધર્મમય બન્યું છે... રક્ષાબંધનના દિવસે પૂ. પ્રવચનકાર મુનિરાજશ્રીનું અત્રેની સેન્ટ્રલ જેલમાં પ્રવચન થતાં આશરે ૧૫૦૦ જેટલા કેદીઓને પ્રાથમિક ધર્મનો સુંદર બોધ મળ્યો હતો... દુષ્કાળ-પીડિતોને રાહત માટે અને સાધર્મિક ભક્તિ નિમિત્તે એક જ દિવસના પ્રવચનમાં ખૂબ સુંદર ટીપ થઈ હતી...

• **પૂના :** અત્રેના શ્રી સંઘમંદિરમાં ઘણા વર્ષે મહાન ત્યાગી નિસ્પૃહી શાસન પ્રભાવક નૂતન આચાર્ય પૂ. રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ આદિ ચાતુર્માસાર્થે પધારતાં સંઘમાં ધર્મની સુંદર જાગૃતિ આવી છે. બાળજીવોને પણ સમજાય તેવી મધુરભાષી સુંદર શૈલીમાં વ્યાખ્યાન સાંભળવા મળતાં લોકોની હાજરી ખૂબ વધવાથી બાજુની સોનાર ધર્મશાળા ભાડે રાખવી પડી છે અને ત્યાં દરરોજ પ્રવચન થાય છે. રાત્રિના તત્ત્વજ્ઞાન વર્ગમાં પૂ. મુનિરાજશ્રી ભદ્રયશવિજયજી મ.સા. યુવાનોને સરળભાષામાં ગહન તત્ત્વોનો બોધ કરાવે છે. બુધવારપેઠમાં પણ આ જ મુનિરાજશ્રીના પ્રવચનથી સુંદર ધર્મજાગૃતિ આવી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૨,તા.૧૨-૯-૧૯૮૭

• **યેરવડા** (પૂના) : વર્ધમાનતપોનિધિ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવન-ભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્નો પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મ.નો અત્રે ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી જ શ્રી સંઘમાં આનંદપૂર્વક અનેક તપસ્યાઓ જેવી કે સાંકળી અટ્ઠમ, ચંદનબાળાના અટ્ઠમ, અભિગ્રહના અટ્ઠમ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અટ્ઠમ, શ્રી પંચપરમેષ્ઠિ પદના સામુદાયિક એકાસણા આદિ થયા છે. યુવાનોમાં ધર્મ જાગૃતિ સારી આવી છે. પર્યુષણા મહાપર્વની આરાધના ખૂબ જ ઉમંગ, ઉલ્લાસપૂર્વક થઈ.



પર્વાધિરાજને અનુલક્ષી માસખમણ, સોળભથ્થા, સિદ્ધિતપ, પંદર ઉપવાસ અગ્યાર ઉપવાસ, નવ ઉપવાસ, અઠ્ઠાઈઓ તથા અટ્ઠમની તપસ્યા વગેરે સુંદર થયા. તપસ્યાના ઉદ્યાપનરૂપે પંચાહ્નિકા જિનભક્તિ મહોત્સવ યોજાયો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૩,તા.૧૯-૯-૧૯૮૭

• **બારામતી** (પૂના જિ.) : વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ જ્યારથી પોતાના શિષ્યરત્નો પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજય તથા પૂ.મુનિરાજશ્રી મતિસુંદરવિજય ઠાણા બેને અત્રે ચાતુર્માસ માટે મોકલ્યા છે ત્યારથી અત્રે ધર્મારાધનાના જાણે પૂર ઊમટ્યા છે... પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજય મ.શ્રીની વૈરાગ્યવાહિની દેશના તથા રાત્રિએ યુવાનો માટેના પ્રવચનો આદિથી લોકો પ્રભાવિત થતાં અઢાર ઉપવાસ, સોળ ઉપવાસ, બાર ઉપવાસ, અગિયાર ઉપવાસ, દશ ઉપવાસ, નવ ઉપવાસ, અઠ્ઠાઈઓ સિદ્ધિતપ ક્ષીર સમુદ્ર તપ, સાંકળી અટ્ઠમ, ચંદનબાળા અટ્ઠમ આદિ તપસ્યા અને નવપદજીના નવ એકાસણા, પ્રવેશ વખતે આયંબિલ, ૬૪ પ્રહરી પૌષધ આદિ ધર્માનુષ્ઠાનોથી નગર ધર્મભૂમિમય બની ગયું છે. સાધર્મિક વાત્સલ્યો, સંઘપૂજનો થયા, દેવદ્રવ્યની સારી ઉપજ સુંદર થઈ. સાધર્મિક ભક્તિ માટે અને જીવદયા-અનુકંપા માટે શ્રી સંઘના આરાધકોએ સારો ફાળો આપ્યો... પૂજ્યશ્રીએ ચાતુર્માસ પૂર્વે પણ એક માસ જેવી અત્રે સ્થિરતા કરી સુંદર વૈરાગ્યમય જિનવાણી વહેવરાવેલી. પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદર વિ. મ.શ્રીને ૫૫ વ.ત. ઓળી અને પૂ. મુનિરાજશ્રી મતિસુંદર વિ.મ.ને ૧૫ ઓળી તથા અઠ્ઠાઈની તપસ્યા સુખરૂપ થઈ.

• **પૂના :** વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ નૂતન આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાના અત્રે શ્રી ગોડીજી પાર્શ્વનાથ સંઘ મંદિરના ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ દિવસથી જ ખૂબ સુંદર આરાધનાઓ અને તપસ્યાઓ ચાલુ છે... મહાપર્વની આરાધના, તપસ્યા આદિથી અદ્ભુત થઈ...

**ખાસ તો** પૂજ્યશ્રીના શાસ્ત્રાનુસારી ઉપદેશથી શ્રીસંઘે દેવદ્રવ્યના ચઢાવા પર સાધારણનો જે મણ દીઠ રૂા. ૦-૭૫ સરચાર્જ ૨૦૩૯ ચૈત્ર સુદ-૧ થી દાખલ કરેલ તે, તે દિવસથી રદ બાતલ કરીને હવે તે બધી જ રકમ દેવદ્રવ્યમાં લઈ જવાનું શ્રી સંઘે ઠરાવ્યું છે. આમ કરાવવા દ્વારા પૂજ્યશ્રીએ શ્રી સંઘને ખૂબ જ શાસ્ત્રાનુસારી

સન્માર્ગ પર દોરી શ્રી સંઘ પર મહાન ઉપકાર કર્યો છે. શ્રી સંઘ પણ આ માટે ખૂબ જ ધન્યવાદને પાત્ર બન્યો છે.

પૂજ્યશ્રીની વૈરાગ્યવાસિત દેશનાના પગલે શ્રી સંઘના આરાધકોએ ધનની મૂર્ચ્છા સારી ઉતારી પરિણામે આયંબિલખાતાની તિથિઓ સારી નોંધાઈ. ગોડીજી મંદિર જિર્ણોદ્ધાર ફંડમાં સુંદર રકમ જમા થઈ, અન્ય ઉછામણીઓ પણ સુંદર થઈ.

● **બેંગલોર :** વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર અધ્યાપનકુશળ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજા, પૂ. મુનિરાજશ્રી દિવ્યરત્નવિજય મ., પૂ. મુનિરાજશ્રી અજિતશેખરવિજયજી મ., પૂ. મુનિરાજશ્રી શિવસુંદરવિજય મ. આદિ ઠાણા તથા પૂ. સાધ્વી શ્રી અનંતપ્રભાશ્રીજી આદિ ઠાણા છ ના ચાતુર્માસ પ્રવેશ દિવસથી જ અત્રે અનેકવિધ ધર્મારાધનાઓ થઈ રહી છે... પૂ. મુનિરાજશ્રી અજિતશેખરવિજય મ.ના સંવેગ વૈરાગ્ય નિતરતા હિન્દી ભાષામાં વ્યાખ્યાન શ્રવણથી, અને રવિવારીય શિબિરથી શ્રી સંઘમાં ધર્મચેતનાની સવિશેષ જાગૃતિ આવી છે. તપસ્યાઓનો આંક ખૂબ અનુમોદનીય બન્યો છે. ૩૫ ઉપવાસ, ત્રણ મૃત્યુંજય તપ, અભૂતપૂર્વ ૧૦૧ સિદ્ધિતપ, ૨૭ ઉપવાસ, ૨૨, ૨૧, ૧૬, ૧૫, ૧૧, ૧૦, ૯ તથા ૧૧૫ અઠ્ઠાઈ તપ, ૧૩ કાઠિયાનિગ્રહ તપ, સમવસરણ તપ, મેરુપર્વત તપ આદિની આરાધનાથી નગરમાં તપધર્મનો જયજયકાર વર્તેલ છે. રવિવારીય શિબિરમાં ૩૦૦ યુવાનો તાત્ત્વિક બોધ ઝીલે છે.

શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમમાં ૫૦૦ આરાધકો, ક્ષીરના એકાસણામાં ૬૦૦ની સંખ્યા, બકરી ઈદના સામુદાયિક ૫૦૦ આયંબિલ વગેરેથી ચાતુર્માસ દેદીપ્યમાન બન્યું. દેરાસરજીની શુદ્ધિના કાર્યમાં ૧૫૦ યુવાનો ઉપરાંત બાળકો-વૃદ્ધોએ જોડાઈ અત્રેના ઇતિહાસમાં સૌપ્રથમ મંદિરજીની શુદ્ધિ કરી. આ પ્રકર્ષ પુણ્યના પ્રતાપે જ જાણે એ જ વખતે મેઘરાજાએ જોરદાર વરસી શિખરની શુદ્ધિ કરી આપી. આ ચમત્કારિક પ્રસંગથી યુવાવર્ગમાં ભારે ઉત્સાહ વ્યાપી ગયો... ઉદારદીલ માંગીલાલજી સાગરમલ દ્વારા સિદ્ધિતપના તપસ્વીઓની સામુદાયિક બેસણામાં અદ્ભુત અને અપૂર્વ ભક્તિ કરાઈ. પર્યુષણપર્વમાં પૂ. મુનિરાજશ્રીના મુખેથી તર્કબદ્ધ અને સરળ શૈલીમાં રજૂ થયેલ ગણધરવાર સાંભળીને શ્રોતાઓ અત્યંત ખુશીમાં આવી ગયેલા...

● **નિપાણી :-** પૂ.પાદ વર્ધમાનતપોનિધિ આચાર્ય-દેવેશશ્રીના શિષ્યરત્નો પૂ. મુનિભગવંતશ્રી જયતિલકવિજય મ. તથા તપસ્વીરત્ન, મુનિરાજશ્રી જયસોમવિજય



મ.ના ચાતુર્માસ પ્રવેશ માત્રથી અત્રે શ્રી સંઘમાં ધર્મનો જયજયકાર વ્યાપ્યો છે.

દર રવિવારે કે વિશિષ્ટ દિવસોએ જુદા જુદા ધર્મ અનુષ્ઠાનો, પ્રવેશના દિવસે, આયંબિલ વદરરોજ ભક્તામર સ્તોત્રપાઠ, ગણધર દેવવંદન, વર્ધમાનતપ ઓળીનાં પાયા, ૧૭૦ ભગવાનની સામુદાયિક આરાધના, ૧૨૦ જિનવર કલ્યાણકની સામુદાયિક આરાધના, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ, દુષ્કાળ પીડિત રાહત માટે તપસ્યા દર રવિવારે પાઠશાળાના બાળકોનો સામુદાયિક અભ્યાસ વગેરે અનેક ધર્મ પ્રવૃત્તિથી વાતાવરણમાં ધર્મ વ્યાપી ગયો છે.

મુનિરાજશ્રી જયતિલકવિજય મ.શ્રીના વચનો શ્રોતાઓના કાનને એવા મધુર લાગે - સંગીતમય લાગે કે તેઓ પોતાના તન, મનનું જાણે ભાન ભૂલી જઈ જિનવચન સાંભળવામાં તલ્લીન થઈ જાય...

તપસ્વીરત્ન પૂ. મુનિરાજશ્રી ૧૦૪ શ્રી વ.ત.ઓળીની અપ્રમત આરાધનાની અનુમોદના નિમિત્તે શ્રી સંઘે બે મહાપૂજનો સહિત, પંચાહ્નિકા મહોત્સવ નક્કી કર્યો છે.

બંને પૂ.મુનિરાજોના વૈરાગ્યમય ઉપદેશથી લોકોની ધનમૂર્ચ્છા રૂડી રીતે ઉતરી અને દેવદ્રવ્યના ચડાવા શાસનપ્રભાવક વરઘોડો જીવદયાની ટીપ વગેરે ખૂબ સુંદર થયા...

● **દાદર (વે.) :-** પૂ.આ. વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી અત્રે આરાધના ભવનમાં વિરાજિત પૂ.મુનિરાજશ્રી કનકસુંદરવિજય મ. આદિની શુભ નિશ્રામાં ચાતુર્માસ તથા પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે થઈ. પૂ. મહારાજશ્રીના રોજના ત્રણ અને રવિવારિય શિબિરના વૈરાગ્યભર્યા પ્રવચનોથી દરરોજ એક અઠ્ઠમના નવા પચ્ચક્ખાણ તથા આઠેક આયંબિલ રોજ શ્રી સંઘપૂજન સામુદાયિક વ.ત. આયંબિલ ઓળીના પાયા, દુષ્કૃતગર્હા, અરિહંતપદ ઉણોદરીવ્રત કોળિયાવ્રત, વીશસ્થાનક તપ, પચરંગી તપ, દુષ્કાળ પીડિત રાહતના અઠ્ઠમ, એક જ મગદ્રવ્યના આયંબિલ ૨૫૦. ૧૦૮ શ્રી પાશ્વનાથ ભગવાનના ૨૨૫ જેટલા અઠ્ઠમો, ભક્તામર સ્તોત્રની ત્રણ દિવસીય આરાધના, શ્રેણિતપ, ધર્મચક્રતપ, સિદ્ધિતપ, ક્ષીર સમુદ્ર તપ આદિ આરાધનાઓ તથા તપસ્યા થઈ. બે ભવ્ય રથાયાત્રા, બે સ્વામી વાત્સલ્ય ચાર ચૈત્યપરિપાટીઓ, જિનભક્તિસ્વરૂપ પંચાહ્નિકા મહોત્સવ ગેરેના આયોજનથી દાદરમાં ધર્મમય વાતાવરણ જામ્યું છે.

● **કોલ્હાપુર :-** અત્રે બેંગલોર શ્રી સંઘના ૨૫ થી ય વધુ આગેવાન ભાઈઓ પૂજ્ય આચાર્યદેવશ્રીને સપરિવાર બેંગ્લોર લઈ જવા જબરદસ્ત તૈયારી કરી વિનંતિ કરવા આવેલો. સેંકડોની સંખ્યામાં આરાધકોની સાથે પૂજ્યશ્રી આચાર્યદેવ શ્રીમદ્

ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ને કોલ્હાપુર નજીક શ્રી કુંભોજગિરિ તીર્થથી ઠેઠ સાડા છસો કિલોમીટર દૂર બેંગ્લોર પાંચ સંઘપતિથી આયોજિત છ'રી' પાળતા સંઘ સહિત લઈ જવા આવેલા. શ્રી બેંગ્લોર સંઘનો અતિશય ઉલ્લાસ ઉમંગ અને અત્યંત આગ્રહભરી વિનંતીને કારણે વરસોથી પૂજ્યશ્રીના સાનિધ્યને ઝંખતા શ્રી બેંગ્લોર સંઘને શાસનના કોઈ મહત્ત્વના પ્રસંગાદિનો અપવાદ રાખી બેંગ્લોર આવવાની ભાવના પ્રદર્શિત કરતાં અત્યંત આનંદના હર્ષારવથી બેંગ્લોર શ્રી સંઘે જયજારરવ કરી ઉપાશ્રય આખો ગજવી દીધો.

મહાવીરનગર (કોલ્હાપુર) શ્રી સંઘના મંદિરની પ્રતિષ્ઠાદિ મહત્ત્વના પ્રસંગો બાદ પૂજ્યશ્રી બેંગ્લોર તરફ પ્રયાણ કરશે.

પૂ. મુનિરાજશ્રી હરિઘોષવિજય મ.ના શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ અઠ્ઠમ તથા વર્ધમાન તપ આયંબિલની ૫૬ ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ નિમિત્તેક શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહ ત્રિદિવસિય શ્રી જિનભક્તિ સ્વરૂપ મહોત્સવ પૂજ્ય મુનિરાજશ્રીના સંસારી ધર્મપત્ની સૌ કલાવતીબેન અને સંસારીપુત્રો દિનેશચંદ્ર અને સુરેશચંદ્ર આદિ તરફથી બહુ જ રૂડી રીતે ઉજવાયો... વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા. પૂ. મુનિરાજશ્રી નંદીભુષણવિજય મ.(પૂ.મુનિરાજશ્રીના સંસારીપુત્ર) આદિ ચતુર્વિધ શ્રી સંઘ, પારણાના દિવસે શેઠશ્રી દિનેશચંદ્રના ઉતારે પધારતા ૧૦૮ અઠ્ઠમ, ૧૦૮ ઉપવાસ, ૧૦૮ આયંબિલ, ૧૦૮ એકાસણા, ૧૦૮ બેસણા, ૧૦૮ પોરિસિ રાત્રિભોજન ત્યાગ વગેરે સુંદર નિયમો લેવાયા...

અત્રેના શ્રી શાંતિનાથ જિનપ્રસાદે શ્રી લઘુ ભક્તામર પૂજન તથા પૂ.પાદ આચાર્યદેવેશશ્રીના ૫૩ વર્ષના દીર્ઘ સુવિશુદ્ધ સંયમની અનુમોદના નિમિત્તે સાધિષ્ઠાયક શ્રી પાર્શ્વનાથ પૂજન ભારે ઠાઠથી ભણાવાયા...

જંગમતીર્થ સ્વરૂપ પૂ. આચાર્યદેવેશશ્રી આદિના વંદનાદિ નિમિત્તે અમલનેર, અહમદનગર, બારામતી, સાંગલી, કોરેગામ, કરાડ, નિપાણી, નરગુંદ, બેંગ્લોર, બેલગામ, ધોલવડ, પૂના, ઘોડેગામ, વડગામ, ઈચલકરંજી આદિ સ્થળોના શ્રી સંઘો અત્રે પધારતા, અહીંના શ્રી સંઘ તરફથી એમની સુંદર ભક્તિ કરાઈ...

● **સિકન્દરાબાદ :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજય મહારાજ આદિ ઠાણા અત્રે ચાતુર્માસ માટે પધાર્યા. ત્યારથી જ સંઘમાં ધર્મજાગૃતિ સારી આવી છે. પ્રવચનમાં ઘણી સારી સંખ્યામાં લોકો લાભ લેતા વ્યાખ્યાન માટે બીજો મોટો હોલ રાખવો પડ્યો છે. અઠ્ઠાઈ અને તેથી ઉપરની સંખ્યા ૧૯ થઈ. ગુજરાતી અને



રાજસ્થાની ભાઈઓએ એક સંપીથી સાથે સંવત્સરી પ્રતિક્રમણ કર્યું.

● **હૈદ્રાબાદ** બેગમબઝારમાં ત્રણ સાધુ ભગવંતોની નિશ્રામાં બહુ જ સારી આરાધના થઈ છે.

બંને સ્થળે દેવદ્રવ્યાદિની સુંદર ઉપજ થઈ છે.

● **ગોકાક (કર્ણાટક) :-** વર્ધમાનતપોનિધિ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા અને આશીર્વાદથી પૂ.મુનિરાજશ્રી નંદિઘોષવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજ શ્રી કીર્તિરત્નવિજય મહારાજની ચાતુર્માસ માટે અત્રે આગમનથી અત્રેના શ્રી સંઘમાં ધાર્મિક આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ જામ્યું છે. સાંકળી અઠ્ઠમ, દરરોજ પ્રવચનો, સવારે ભક્તામર સ્તોત્ર પાઠ સમૂહ પરમાત્મ ભક્તિ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ, ચંદનબાળાના અઠ્ઠમ, ક્ષીર સમુદ્ર તપ, દુષ્કાળ પીડિત રાહત માટે વિશિષ્ટ આરાધના, ચાર માસક્ષમણ, પૂ. મુનિરાજશ્રી કીર્તિરત્નવિજય મહારાજશ્રીની વર્ધમાન તપની ૯૭મી ઓળીની આરાધના વગેરેથી વાતાવરણ આરાધનામય બન્યું.

● **વડગામ-પેઠ (કોલ્હાપુર) :-** પૂ.પાદ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યો પૂ.મુનિરાજશ્રી રાજરત્નવિજય મહારાજ તથા પૂ.મુનિરાજ શ્રી હર્ષબોધિવિજય મહારાજ ચાતુર્માસ માટે પધારતાં અત્રેના શ્રી સંઘમાં આરાધનાના પૂર ઉમટ્યા છે... ત્રીશેક જૈન ઘરવાળા આ ગામમાં પૂ. મુનિરાજશ્રી રાજરત્નવિજય મહારાજે પ્રભાવક વ્યાખ્યાનોની એવી જ્યોત જલાવી કે પર્વાધિરાજ નિમિત્તે ૧૮ સિદ્ધિતપ ૧૨ માસખમણ જેવી ઉગ્ર તપસ્યાઓ થઈ. ઉપરાંત સોળ, પંદર, અગિયાર અઠ્ઠાઈઓની પણ મોટી સંખ્યામાં તપસ્યાઓ થઈ. દેવદ્રવ્ય આદિની આવક ખૂબ સુંદર થઈ. પર્યુષણા પર્વના ત્રણ વકલાક ચાલેલા વરઘોડામાં યુવાનોના અત્યંત ઉલ્લાસના કારણે જૈનેતરોમાં શાસનની મહાન પ્રભાવના થઈ. આખા ચોમાસા દરમ્યાન મહાન શ્રી જિનવચન સાંભળવા માટે શ્રી સંઘે સવારના ૧૦ાા સુધી દુકાનો બંધ રાખવાનું ઠરાવ્યું છે.

● **સાંગલી (મહારાષ્ટ્ર) :-** વર્ધમાન તપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશશ્રીના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ધર્મજિતસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. પંન્યાસશ્રી જયશેખરવિજય ગણી. મ.સા. આદિ ઠાણા બારની ચોમાસાના પ્રવેશથી જ જાણે ધર્મની મોસમ શરૂ થઈ છે. ૨૨ આરાધકોની મહાન સિદ્ધિતપની મંગળમય પૂર્ણાહૂતિ નિમિત્તે ૧૧ છોડના ઉદ્યાપન તથા છ મહાપૂજનો સહિત ભવ્ય રીતે જિનભક્તિ સ્વરૂપ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. પર્યુષણા મહાપર્વની

આરાધના તથા દેવદ્રવ્યાદિની ઉપજ સુંદર થઈ. શ્રી સંઘમાં સોળ, અગ્યાર, અઠ્ઠાઈ, આદિની તપસ્યાઓ પણ ઘણી થઈ.

આજુબાજુના જયસિંગપુર, મીરજ, માધવનગર, સાંગલી આદિ સ્થળોએ પર્વાધિરાજની આરાધના માટે સાધુઓ મોકલાતા ત્યાં પણ આરાધના સુંદર થઈ. દેવદ્રવ્યાદિની આવક પણ સુંદર થઈ. માધવનગરથી કવલાપુરની ચૈત્યપરિપાટીમાં સારી સંખ્યાએ જિનદર્શનાદિનો લાભ લીધો. મીરજમાં પણ ચૈત્યપરિપાટીનું આયોજન રૂડી રીતે પાર પડ્યું...

વિજ્યાદશમીથી અત્રે ઉપધાન આરાધના શરૂ થવાનું નક્કી થતાં તેની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે.

● **કોલ્હાપુર**ના આંગણે વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા સપરિવાર પધાર્યા છે. ત્યારથી અત્રેના શાહુપુરી, ગુજરી, લક્ષ્મીપુરી, મહાવીરનગર સોસાયટી આદિ શ્રી સંઘોમાં ધર્મનો વરસાદ વરસી રહ્યો છે. શાહુપુરી શ્રી સંઘમાં પૂ.પાદશ્રીની નિશ્રામાં અને ગુજરીથી સંઘમાં સિદ્ધાંતદિવાકર પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં જોરદાર આરાધના થઈ. મહાવીરનગર સોસાયટી અને લક્ષ્મીપુરી શ્રી સંઘમાં પણ પર્યુષણા પર્વ નિમિત્તે સાધુઓ મોકલાયા. ૪૮ સિદ્ધિતપ, પીસ્તાલીશ ઉપવાસ, ૧૮ માસક્ષમણ, ૨૫૦ આસપાસ અઠ્ઠાઈ અને તેથી ઉપરની તપસ્યા, લગભગ ૪૦૦ અઠ્ઠમ તથા તેથી ઉપર ૪, ૫, ૬, ૭ ઉપવાસ આદિની ઐતિહાસિક સૌ પ્રથમ તપસ્યાથી કોલ્હાપુર તપોભૂમિમય બની ગયું. પૂજ્યોના પગલે વૈરાગ્યમય દેશનાથી લોકોની ધનમૂર્ચ્છા પણ સારી ઉતરી જેના ફળરૂપે દેવદ્રવ્યાદિની ઉછામણી, જીવદયા આદિની ટીપમાં સારી રકમ પ્રાપ્ત થઈ... સ્વામી વાત્સલ્ય, પ્રભાવના આદિ પણ સુંદર રીતે થયા...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૪/૫,તા.૩-૧૦-૧૯૮૭

● **બીકાનેર (રાજ.) :** વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી અત્રે ગણિવર્ય પૂ. ગુણરત્નવિજય મ. ઠાણા બાર ચાતુર્માસાર્થે પધાર્યા છે. પૂજ્યશ્રીની સંવેગ વૈરાગ્યગર્ભિત દેશનાથી સંઘમાં આરાધના-તપસ્યાઓ ખૂબ સુંદર અને અભૂતપૂર્વ થઈ. વરસાદના અભાવમાં ખૂબ ગરમી હોવા છતાં એક પૂ. મુનિરાજશ્રીને ૧૨ ઉપવાસ, ત્રણ મુનિભગવંતોને



અઠ્ઠાઈ ઉપરાંત શ્રી સંઘમાં દુષ્કાળપીડિત રાહત નિમિત્તે ૩૨૫ ઉપવાસ અને પર્યુષણા પર્વ આરાધના નિમિત્તક સોળ ઉપવાસ, પંદર ઉપવાસ, તેર-બાર-દશ-નવ ઉપવાસ અને અઠ્ઠાઈની તપસ્યા, ચોસઠ પ્રહરી પૌષધ વગેરેથી ક્ષેત્ર તપોભૂમિ બની ગયું. જીવદયાની ટીપ બહુ સારી થઈ. તપસ્વીઓ અને આરાધકોના બહુમાન થયા...

શેઠશ્રી ધનરાજ તિલોકચંદ કપૂરચંદ ઢઢ્ઢા પરિવાર તરફથી આસો સુદ-૧૦થી અત્રે શરૂ થનાર ઉપધાનની તૈયારીઓ આરંભાઈ ગઈ છે...

● **બ્યાવર :** પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પં.શ્રી જિતેન્દ્રવિજય ગણિવર મહારાજ આદિના ચાતુર્માસ પ્રવેશથી જ અત્રે પૂ. પંન્યાસજી મહારાજના સંવેગ વૈરાગ્યગર્ભિત વ્યાખ્યાનથી ધર્મની સુંદર જાગૃતિ આવી છે... શ્રી અરિહંત આદિની આરાધના માટે પાંચ વખત ક્ષીરના એકાસણા, દુષ્કાળપીડિત રાહત માટેનાં ૯૦ અઠ્ઠમ, બે સાધ્વીજીની માસખમણની ઉગ્ર તપસ્યા વગેરેથી ચાતુર્માસ ધર્મારાધનામય બન્યું છે... અત્રે વરસાદ નહિવત્ પડવાથી ત્રીજો દુષ્કાળ છે. પશુઓની સ્થિતિ ખૂબ ભયંકર છે. દાતાઓને પોતાની અસાર લક્ષ્મીને જીવદયાના સારા કાર્યમાં લગાવવાનો અણમોલ અવસર છે.

**રકમ મોકલવાનું સરનામું** હસંરાજજી શ્રોફ ૨૨ બાફણાગલ્લી. **બ્યાવર.**

● **મલાડ (E) :** અત્રે શ્રી હીરસૂરિ જગદ્ગુરુ જૈન શ્વે.મૂ.પૂ. ટ્રસ્ટના ઉપાશ્રયે, વર્ધમાન તપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ. આદિ ઠાણા પાંચ ચાતુર્માસ માટે પધારતા ધર્મ આરાધનાના પૂર ઊમટ્યા છે. પૂજ્યશ્રી શ્રાદ્ધવિધિ અને કુમારપાળ ચરિત્ર પરના રોમાંચક વ્યાખ્યાનના પ્રભાવે પ્રવેશદિને માંગલિક આયંબિલ, અખંડ સાંકળી અઠ્ઠમતપ, ૧૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૨૭૫ અઠ્ઠમ તપ, નવ લાખ નવકારના જાપ સાથે નવ એકાસણા, ૧૧૫ ધર્મચક્ર તપ, ૨ સિદ્ધિતપ, ત્રણ પાંચસો આયંબિલ, ૨ માસખમણ, ૬૮ અઠ્ઠાઈ, બકરીઈદના અને દુષ્કાળપીડિત રાહત માટે ૨૫૦-૨૫૦ આયંબિલ બે દિવસ ભવ્યાતિભવ્ય ૧૦૮ શ્રી પાર્શ્વનાથ પૂજન આદિની સુંદર તપસ્યા-આરાધનાઓ થઈ. પૂ. મુનિરાજશ્રીના સંયમ પર્યાય જીવનના ૨૫ વર્ષની પૂર્ણાહુતિ, તથા તપશ્ચર્યાની અનુમોદના આદિ નિમિત્તે પાંચ મહાપૂજનો તથા પાંચ છોડના ઉજમણા સહિત જિનભક્તિસ્વરૂપ નવાહ્નિકા મહોત્સવનું ભવ્ય આયોજન થયેલ છે.

## મહાવીરજી તીર્થ અંગે અગત્યનું

• **જયપુર :** શ્રી મહાવીરજી તીર્થમાં દિગંબરો સાથેના વિવાદનો કેસ શ્રાદ્ધરત્ન નારાયણલાલજી પલ્લવીવાલ અને બીજા પક્ષકારોના નામે શ્રી જૈન શ્વેતાંબર (મૂર્તિપૂજક) શ્રી મહાવીરજી તીર્થ રક્ષા સમિતિના નામથી ચાલતો હતો. નારાયણલાલજીનો તા. ૬-૧૨-૮૬ ના રોજ સ્વર્ગવાસ થવાથી એમની જગ્યાએ એમના પુત્રરત્નો સુશ્રાવક ભગવાનદાસજી અને ઉત્તમચંદજીએ કેસમાં સામેલ થવા માટે ન્યાયાલયમાં દરખાસ્ત દાખલ કરેલી જેની સામે દિગંબરોએ વાંધો ઉઠાવેલ. જિલ્લા ન્યાયાલયે લાંબી સુનાવણી બાદ ફેંસલો તીર્થરક્ષા સમિતિના પક્ષમાં આપતા દિગંબરોએ રાજસ્થાન હાયકોર્ટ, જયપુરમાં અપીલ દાખલ કરેલી જેનો ચૂકાદો પણ સમિતિની તરફેણમાં આવેલ છે. તીર્થકક્ષાના કામમાં સારી એવી રકમની જરૂર પડતી હોય છે. દાતાઓ સમિતિના નામે, પલ્લીવાલ હાઉસ, ઘીવાલોંકા રસ્તા, જયપુર ૩ ના સરનામે રકમ મોકલશે તો એમને મહાન તીર્થભક્તિનો લાભ મળશે...

• **નિપાણી :** અત્રે પૂ. મુનિરાજશ્રી જયતિલકવિજય મહારાજ આદિની નિશ્રામાં તપસ્વીરત્ન પૂ. મુનિરાજશ્રી જયસોમવિજય મ.સા.ની ૧૦૪મી વ.ત. ઓળીની નિર્વિઘ્ન સમાપ્તિ નિમિત્તક ત્રણ પૂજનો સહિતનો પંચાહ્નિકા મહોત્સવ ખૂબ અદ્‌ભુત રીતે ઊજવાયો... પૂજા અને પૂજનોના નકરા ઉપરાંત ચઢાવા સુંદર થયા. ભક્તામરપૂજન અને ઝવેરાતની આંગી સૌપ્રથમ થતાં લોકમાં ઉત્સાહ ઘણો સારો હતો. પ્રભુદર્શનમાં લોકોનો ધસારો ખૂબ રહ્યો. વરઘોડો શાસન પ્રભાવના-પૂર્વકનો નગરના માર્ગ પર ત્રણ કલાક ફર્યો. છપ્પન દિક્કુમારીઓનો મહોત્સવ મેરુશિખર આદિ પૂર્વક અંજનશલાવત્ ભવ્ય રીતે ઊજવાતા લોકોનો રસ ખૂબ જળવાઈ રહ્યો... લોકમાં બોલાઈ રહ્યું છે, 'આવું ચોમાસું સૌપ્રથમ વખત જ થયું છે.'

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૬,તા.૧૦-૧૦-૧૯૮૭

• **માલેગામ :** ગુજરાત રાજ્યમાંથી કોઈ પણ ગાય-બળદ-વાછરડા આદિ પશુઓ રોડ-રેલ કે સમુદ્ર માર્ગે મહારાષ્ટ્રમાં લઈ જવાની કાયદેસર મનાઈ છે છતાં પણ જનતાની કે સત્તાવાળાઓની એવી જાગૃતિના અભાવમાં ગેરકાયદે પશુઓ લઈ જવાઈને મુંબઈના દેવનાર આદિના કતલખાનાઓમાં વેચાતા હોવાના સમાચારો મળે છે અત્રેની કૃષિ ગો સેવા સંઘના અધ્યક્ષ કેસરીચંદજી મહેતા આદિએ જુદા



જુદા ગામોના જીવદયા પ્રેમીઓ તથા સરકારી અધિકારી વગેરેના સહકારથી ભિલાડ-નવસારી-લાજપુર (સુરત) વાપી આદિ અનેક સ્થળો પરથી ગેરકાયદે આવી રીતે કતલખાને લઈ જવાના સેંકડો ગાય-બળદ-વાછરડા બચાવી જીવદયાનું મહાન કામ કર્યું છે. જીવદયાની આવી જ કાર્યવાહી અખીલ ભારતીય હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈ પણ કરે છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના ગામેગામના જીવદયા પ્રેમીઓ જો જાગૃત થાય તો આવી સંસ્થાઓના અને સરકારના સહકારથી જીવદયાનું મહાન કાર્ય કરી ઉચ્ચ પુણ્ય ઉપાર્જી શકે છે.

આ સંસ્થાઓને આર્થિક રીતે સદ્ધર કરવાથી પણ જીવદયાના મહાન કાર્યમાં મદદરૂપ થઈ શકાય છે.

• **મુંબઈ-કોટન ગ્રીન :** મલાડના પંડિત જેઠાલાલ ભારમલ શાહ અત્રે પર્યુષણા પર્વની આરાધના કરાવવા આવતા સારી ધર્મ આરાધના થવા પામી. છેલ્લા દશેક વર્ષોથી સ્વપ્ન ઉછમરામણીની બોલીઓ દશ આની-છ આનીના હિસાબથી અનુક્રમે દેવદ્રવ્ય અને સાધારણ ખાતામાં લઈ જવાતી હતી. પંડિતજીએ સ્વપ્નદ્રવ્ય આવક સાધારણમાં લઈ જવાની બાબતને અશાસ્ત્રીય તરીકે અત્રેના ટ્રસ્ટી વગેરેને સમજાવતા બધાએ ખૂબ ખુશી થઈ સ્વપ્ન ઉછરામણીની સંપૂર્ણ રકમ શાસ્ત્રાનુસારે દેવદ્રવ્યમાં લઈ જવાનું નક્કી કર્યું. સાધારણના ખર્ચ માટે નિભાવ ફંડની રૂા. ૩૫૦૦૦ ની ટીપ થઈ.

## જૈન તત્ત્વજ્ઞાનના રેકઝીન ચાર્ટ

**સુસંસ્કારનિધિ ટ્રસ્ટ :** ભરતકુમાર ચતુરદાસ, ૮૬૮, કાળુસીની પોળ, કાલુપુર, **અમદાવાદ-૧** તરફથી જણાવવાનું કે જૈન તત્ત્વજ્ઞાનની વાચનામાં-શિબિરમાં-પાઠશાળામાં સરલ રીતે તત્ત્વબોધ કરાવવા અતિ ઉપયોગી ૧૪ રાજલોક, ૯ તત્ત્વ. ૮ કર્મ, ૬ લેશ્યા, જીવના ૫૬૩ ભેદ, સકલતીર્થ, જંબૂદ્વીપ-અઢીદ્વીપ-૧૪ ગુણસ્થાનક, ૨૨ અભક્ષ્ય, જ્યોતિષ ચક્ર વગેરે ૧૫ ચાર્ટો રૂા. એક હજારમાં મળશે. પરિમિત સેટ છે. જે વહેલો તે પહેલો.

સકલતીર્થ-અઢીદ્વીપ-જંબૂદ્વીપના છૂટક ચાર્ટ ૧૦૦/-માં મળશે. મુંબઈમાં હીરજી દેરાજ ગાલા C/o, દામજી મોણશીની કું. ૨૩, કેશવજી નાયક રોડ, મુંબઈ-૯ થી મળશે. ૧૫ ચાર્ટની સમજૂતીનું પુસ્તક 'જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલી પ્રકાશ' રૂા. ૧૦/-માં મળશે. કાર્ડ .પર છાપેલા ૧૬ ચિત્રોનું સંપૂટ ૧૦/- મળશે.

• **બેલગામ :** વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી અત્રે પૂજ્ય મુનિવરો શ્રી અભયશેખરવિજય મ. શ્રી જિનહંસવિજય મ. આદિ અત્રે ચાતુર્માસાર્થે પધારતા નિત્ય વ્યાખ્યાન, સાંકળી અઠ્ઠમ, સામુદાયિક અઠ્ઠમ, વિવિધ આરાધનાઓના એકાસણા આદિની આરાધના ઉલ્લાસપૂર્વક થઈ રહી છે. પર્યુષણા મહાપર્વની આરાધના તથા તપસ્યા આદિ નિમિત્તક સિદ્ધચક્રપૂજન પૂજાઓ વગેરે સુંદર રીતે ભણાવાયા.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૩૬,અંક-૭,તા.૧૭-૧૦-૧૯૮૭

● **અજીમગંજ** (બંગાળ) : સાધ્વીશ્રી ચારૂયશાશ્રીજી મ.સા. તથા સાધ્વીશ્રી કારુણ્યયશાશ્રીજી આદિ ઠાણાના અત્રેના ચાતુર્માસમાં જિનવાણી દ્વારા લોકોને ધર્માભિમુખ કરાયા. અહીં જૈનોની માત્ર ૪૦ ઘરની વસ્તી છે ૫૩ વર્ષ પૂર્વે સાધુનું ચોમાસું થયેલ. સાધ્વીજીનું ચોમાસું તો પૂર્વે કદી પણ થયેલ જ નહિ એટલે લોકો સાધુ-સાધ્વીના આચારથી પણ અજ્ઞાત હતા. અહીં વર્ષોથી સાધારણ દ્રવ્ય અને દેવદ્રવ્યનો હિસાબ એક જ સંયુક્ત હતો. સાધ્વીજીની શાસ્ત્રાનુસારી સમજણ દ્વારા તે અલગ કરાવાયો. સાધારણના ખર્ચને પહોંચી વળવા રૂા. ૬૦૦૦૦ની ઉપજ કરાવાઈ. પાંચ માસખમણ, છ સિદ્ધિતપ, દસ ઉપવાસ, અઠ્ઠાઈ વગેરે તપસ્યાઓ ખૂબ સુંદર થઈ.

● **દાદરમાં** સ્વ. પૂ.પા.આ. શ્રી વિ. લબ્ધિવિક્રમસૂરીના શિષ્ય પૂ.પા.આ.શ્રી વિ. જિનભદ્રસૂરી મ.સા.ની નિશ્રામાં શ્રી જ્ઞાનમંદિર તથા પૂ. કનકસુંદરવિજય મહારાજ આદિ ઠા.ની નિશ્રામાં આરાધનાભુવન સંઘે સાથે મળી નીચે મુજબ આરાધનાઓ અતિ ઉલ્લાસપૂર્વક કરી. ઘણા તપના પારણા-પ્રભાવનાદિ પણ સાથે થયા. ૧૦૮ શ્રી પાર્શ્વનાથના અઠ્ઠમો (૨૨૫) શ્રી જીવોની શાંતિ માટેના મગદ્રવ્યના આયંબિલ (૨૫૦) શ્રી ભક્તામરની ત્રણ દિવસ (નીવિ. એકા. આયંબિલ)થી આરાધના (૨૫૦) બે વાર આંગીની સ્પર્ધા તથા નંદાવર્ત સાથિયાની સ્પર્ધા થઈ. પર્યુષણામાં ઉપવાસ સંખ્યા ૩૦/૬, ૧૬/૫, ૧૧/૯, ૧૦/૩, ૯/૩, ૮/૧૪૬, ચૌ પૌષધ ૪૦ આસપાસ આદિ આરાધનાઓ ઉલ્લાસપૂર્વક થઈ. આરાધનાભુવનમાં કા.સુદ-૩ થી ૧૧ દિવસીય શિબિર નક્કી થઈ છે.

● **અમદાવાદ - નારણપુરા** : વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજય મ.સા. આદિની નિશ્રામાં અત્રેના શ્રી સંઘમાં એક સુંદર કાર્યક્રમનું આયોજન થયું હતું. દેશમાંથી આસુરી તત્ત્વોનો પ્રભાવ નાશ પામે તથા ગુજરાત અને બીજા રાજ્યોમાં જે દુષ્કાળની ભયંકર પરિસ્થિતિ છે તેમાંથી મુંગા ઢોર અને ગરીબ પ્રજા હેમખેમ પાર ઉતરે અને તે માટે જોઈતી મદદ મળી રહે આવા શુભ આશયથી અચિંત્ય ચિંતામણી શ્રી અરિહંત દેવને પ્રાર્થના અને દશ હજાર દીવડાની આરતી ઉતારાઈ હતી. નારણપુરા દેરાસરના ત્રણે રસ્તાઓ ઉપર હજારો ભાઈ બહેનો આરતી ઉતારતા એ મંગળમય અપૂર્વ દશ્ય જોવા હજારોની સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

● **અમદાવાદ** : સંસારીપક્ષે પોતાના પુત્ર મહારાજશ્રી રાજરત્નવિજય મહારાજ આદિની શુભ નિશ્રામાં, ૩૦ જૈન કુટુંબવાળા નાનકડા પેઠ-વડગામ નામે ગામડામાં ૧૮ સિદ્ધિતપ, ૧૨ માસખમણ આદિ ઉગ્ર તપસ્યાની અને દેવદ્રવ્યાદિની સુંદરઉપજની અનુમોદના નિમિત્તે નેમચંદ ડોસાભાઈ તરફથી અત્રે નવપદજીની પૂજા ખૂબ ઉલ્લાસપૂર્વક ભણાવાઈ...

● **બ્યાવર** : વર્ધમાનતપોનીધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન ૪૦૦ અઠ્ઠમના તપસ્વી, જીર્ણ જિનાલયોદ્ધારક પંન્યાસશ્રી જિતેન્દ્ર વિજયજી ગણિવર મહારાજ આદિના અત્રેના ચાતુર્માસ પ્રવેશથી જ ધર્મારાધનાની મોસમ શરૂ થઈ છે. સામુદાયિક અઠ્ઠમ, અરિહંતપદનો સમૂહ-જાપ, અઠ્ઠાઈઓ, ક્ષીરસમુદ્ર, ચંદનબાળાના અઠ્ઠમ, શાંતિસ્નાત્ર મહોત્સવ, તપસ્યાનો વરઘોડો, શ્રી મહાવીરજન્મ વાચનના દિવસે વરઘોડો વગેરેથી શહેર ધર્મમય બન્યું છે. પર્યુષણા બાદ પણ વ્યાખ્યાનમાં શ્રોતાઓની ઉપસ્થિતિ દિવસે દિવસે વધી રહી છે. આસો સુદી ૧૦ થી શરૂ થતા ઉપધાનની તડામાર તૈયારીઓ થઈ ચૂકી છે. ચાતુર્માસ બાદ સુમેલ ગામે પ્રતિષ્ઠા અને પછીથી દયાળશા કિલ્લાથી નાગેશ્વર પરાસલીના છ'રી' પાળતા સંઘના નિર્ણયથી આરાધકોમાં આનંદ આનંદ પ્રવર્ત્યો છે...

● **મલાડ** (ઇસ્ટ) : પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજય મ.સા. આદિની નિશ્રામાં ૧૪૦ તપસ્વીઓને શ્રી ધર્મચક્રતપની આરાધના ૮૨ દિવસ સુંદર ચાલી. ૧૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય પૂજન સાથે ૨૭૫ અઠ્ઠમથી પ્રારંભ થયો. પર્યુષણાના તપની અને ધર્મચક્ર તપની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ, ૧૧ કર્તવ્યોની ઉજમણી, ચૈત્યપરિપાટીમાં ૨૦૦ યુવકો સહિત ૫૦૦ ભાવુકોની પદયાત્રા, શ્રી ઋષિમંડલપૂજન, પંચનમસ્કારપૂજન આદિ પૂજનો ઉજમણા સાથે નવાહ્નિકા મહોત્સવ, ધર્મચક્રનો ભવ્યાતિભવ્ય વરઘોડો, વર્ષીદાન વગેરેથી સુંદર ધર્મપ્રભાવના થઈ. દેવાધિદેવ શ્રી શ્રેયાંસનાથ સ્વામીના મંદિરે મહાપૂજા જોઈ લગભગ ૨૫૦૦૦ માનવો પાવન થયા.

## '૧૦૮ પાર્શ્વતીર્થ દર્શન' ભવ્ય આલ્બમ ઘર-ઘરનો અલંકાર

**એકેક તીર્થના ભવ્ય ઇતિહાસ આલેખન સાથે** ૧૦૮ શ્રી પાર્શ્વનાથ તીર્થદર્શન ગ્રંથનો પહેલો ભાગ પ્રગટ થતાં ચારે બાજુથી એના માટે પ્રશંસાના શુભ સંદેશાઓ મળ્યા છે. બીજો ભાગ ટૂંક સમયમાં પ્રગટ થશે. જુદા જુદા તીર્થમાં બિરાજમાન ૧૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવંતોની આબેહૂબ પ્રતિકૃતિઓનું દર્શન કરાવતા આ ગ્રંથનું અવગાહન ચિત્તમાં જિનદર્શન સ્મરણ દ્વારા શુભ ભાવોની છોળો ઉછળાવે છે. આકર્ષક આર્ટપેપર પર બે ખંડમાં આલેખાયેલા આ ગ્રંથની બંને ભાગની કિંમત માત્ર **રૂા. ૬૫૦/-** રાખવામાં આવી છે. પ્રાપ્તિસ્થાન (૧) કુમારપાળ વિ. શાહ; ૬૮, ગુલાલવાડી, મુંબઈ-૪ (૨) મહારાષ્ટ્રભુવન જૈન ધર્મશાળા તળેટીરોડ, પાલીતાણા (૩) રાહુલ ઓટો કોર્પોરેશન ૪૦/૪૧ કેબી કોમર્શિયલ સેન્ટર, દીનબાઈ ટાવર પાસે, અમદાવાદ-૧.

● **કોલ્હાપુર** : વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા અત્રે શાહુપુરી ઉપાશ્રયમાં બિરાજમાન છે. એઓ પૂજ્યની આજ્ઞાથી સિદ્ધાંતદિવાકર આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા અત્રે ગુજરી વિભાગ ઉપાશ્રયમાં ચોમાસું બિરાજે છે. પૂજ્યોની સંવેગ વૈરાગ્ય નિતરતી દેશનાના પગલે સારા શહેરમા ૪૫ ઉપવાસ, ૧૭ માસખમણ, ૫૧ સિદ્ધિતપ, ૧૨ ચત્તારિ અઠ્ઠ આદિની ભવ્ય તપસ્યાથી પર્યુષણા પર્વની મંગળમય આરાધનાની શરણાઈ ગુંજી ઊઠી. એ તપસ્યા આદિની અનુમોદના નિમિત્તે જિનેશ્વર ભક્તિસ્વરૂપ અઠ્ઠાઈ મહોત્સવ અને શ્રાવિકા બેનોના ૨૦ સ્થાનકતપની આરાધનાની અનુમોદના નિમિત્તે ૧૫ છોડનું ઉજમણું અત્રે ગુજરી સંઘના ઉપક્રમે સુંદર અને ભવ્ય રીતે પૂર્ણ થયા. શાહુપુરીથી પૂજ્યશ્રી સપરિવાર આ પ્રસંગે પધારતા ઉત્સવના આઠે દિવસ પૂજ્યશ્રીનો 'આત્મસૌંદર્ય એવં મહાસતી મદનરેખા', 'શીલધર્મની અમર કહાની યાને કામવિજેતા શ્રી સ્થૂલિભદ્ર', 'કલ્યાણમિત્રનું કર્તવ્ય અને મંત્રી તેતલીપુત્ર તથા પોટ્ટીલા' 'ગુસ્સો-શેતાનનો ઠસ્સો એવં અચુંકારી ભટ્ટા' આદિ વિવિધ વિષયો પર અને શ્રીપાળ મયણાના જીવન પ્રસંગો આશ્રયીને સંવેગ વૈરાગ્યસભર વ્યાખ્યાન થતાં લોકોમાં ધર્મભાવનાની વૃદ્ધિ થઈ. અનોખી અને લાક્ષણિક શૈલીમાં સવિશેષ અર્થ સહિત અષ્ટાપદની પૂજા પૂજ્યશ્રીના મુખેથી સાંભળતા કાંઈક અવનવું મળ્યાનો શ્રોતાઓને અનુભવ થયો. શ્રી સિદ્ધચક્રપૂજન, વીશસ્થાનકપૂજન અને શ્રી લઘુ શાંતિસ્નાત્ર ખૂબ ઠાઠથી ભણાવાતા લોકોનો રસ સારો જળવાઈ રહ્યો.



### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૮,તા.૩૧-૧૦-૧૯૮૭

● **બેંગલોર** : વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર અધ્યાપનકુશળ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા. ચારની નિશ્રામાં અત્રેના શ્રી આદિનાથ શ્વે. જૈન સંઘના ઉપક્રમે ૩૩ છોડના ભવ્ય ઉદ્યાપન સહ નવ દિવસીય શ્રી જિનેશ્વરભક્તિરૂપ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. એમાં સમસ્ત જિનાલયની પૂજા સ્વરૂપ મહાપૂજા બેંગલોરના ઇતિહાસમાં સૌ પ્રથમ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાતાં ભાવિકોના હૈયાં હિલોળ ચઢ્યા. હીરામોતીની ઝગમગાટવાળી અતિ અદ્ભુત અરિહંતદેવોની અંગરચના, આકર્ષક પંચરંગી ફૂલોની સજાવટથી મહેકતું શ્રી જિનગર્ભગૃહ, રંગબેરંગી પતાકાઓનો ફરફરાટ, નાનકડી પુષ્પવાટિકાની આભા જેવો દેખાવ, સમવસરણની આબેહૂબ રચના, ભક્તામર રંગોળી વગેરેથી જિનમંદિરની સજાવટ, રાજાથી માંડી વિદૂષકના વેશમાં રહેલા બાળકો સાથેની ગમ્મત. છપ્પન દિક્કુમારિકાઓનો જિનજન્મ સમયે પોતપોતાની કરણી બજાવ્યાનો આત્માનંદ, અત્તરના છાંટણા, નાના નાના જીવનોપયોગી નિયમોની પ્રભાવના કરતી ચીઠ્ઠીઓ, જિન અભિષેકના નમણજળનો આંખને શીતળ સ્પર્શ અને દુષ્કાળ પીડિતો માટે શક્તિ અનુસાર દાન આદિ દ્વારા બેનમૂન બનેલી આ મહાપૂજાના દર્શનનો લાભ આશરે ૪૦૦૦૦ ભવિકાઓ લઈ જીવનના એક મહાન લહાવો લીધાનો ખૂબ સંતોષ અનુભવ્યો.

લગભગ વૈશાખ માસમાં, વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશશ્રીની કુંભોજગીરિથી બેંગલોરના છ'રી' પાલિત સંઘ સહિત અત્રે પધરામણીના દિવસોની ભવ્ય જીવો કાગના ડોળે રાહ જોઈ રહ્યા છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૧૧,તા.૨૧-૧૧-૧૯૮૭

● **કોલ્હાપુર** : અત્રે મહાવીરનગર સોસાયટીમાં નૂતન દેરાસરજી નિર્માણ બાદ તેમાં અરિહંતદેવ શ્રી વાસુપૂજ્ય સ્વામી આદિના જિનબિંબોને વર્ધમાન તપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા સિદ્ધાંતદિવાકર પૂ. આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વર મહારાજા આદિના શુભ હસ્તે ગાદીનશીન કરવાનું નિર્ણિત થતાં શ્રી સંઘમાં હર્ષનું મોઝું ફરી વળ્યું. આ અંગે જિનભક્તિ

મહોત્સવ ઉજવવા માટે જુદા જુદા દિવસોના ખર્ચ આદિ પેટે ઉછામણી બોલાતા અણધારી મોટી રકમના ચઢાવા શ્રી સંઘના ઉછળતા ઉલ્લાસપૂર્વક બોલાયા. માગશર સુદ-૧૦ ના રોજ નક્કી થયેલી પ્રતિષ્ઠા માટે શ્રી સંઘ જોરદાર તૈયારીમાં લાગી ગયો છે. સોનામાં સુગંધની જેમ **પૂજ્ય મુનિવરશ્રી પદ્મસેનવિજયજીને ગણિ પદવી પ્રદાન** કરવા માટેની શ્રી સંઘની માગણીનો સ્વીકાર થતાં શ્રી સંઘના આનંદમાં વૃદ્ધિ થઈ છે. ગણિપદવી માગશર સુદ-૬ ના રોજ પ્રદાન કરાશે. કાર્તિકીપૂનમના રોજ ચાતુર્માસ પૂર્ણાહુતિ બાદ પૂજ્યપાદશ્રીના ઠાણાઓ ઠાણા માટેની અનેક માંગણીઓ આવેલી જેમાંથી ડીસાવાળા શેઠશ્રી પ્રવિણચંદ્ર રમણિકલાલ કું. માંગણી સ્વીકારાતા એઓ તરફથી ખૂબ જ ઉલ્લાસપૂર્વક પૂજ્યશ્રી આદિને પોતાના ઘેર પધરાવાયા. સદ્દ્રવ્ય આદિ પાંચ 'સ'કારની દુર્લભતા પર પૂજ્યશ્રીના મનનીય પ્રવચન બાદ સકળ શ્રી સંઘે શત્રુંજયના પટની ભાવવિભોર બની યાત્રા કરી; સંઘપૂજન થયા, સકળ શ્રી સંઘની જમણવાર જેવી જ ભાતીથી ભક્તિ થઈ.

આચાર્યશ્રી વિજય ધર્મજિતસૂરીશ્વર મહારાજાની નિશ્રામાં ચાલતા ઉપધાનની માળાના પ્રસંગ પર પૂ.પાદશ્રી સાંગલી પધારી પુનઃ અત્રે પ્રતિષ્ઠા પ્રસંગે પધારશે.

હિન્દુ એકતા સમિતિના ઉપક્રમે અત્રે પદ્મા ગર્લ્સ હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં અતિ મોટા મંડપમાં એકઠી થયેલી હિન્દુ પ્રજા સમક્ષ પૂજ્યશ્રીના જાહેર પ્રવચનમાં આર્ય સંસ્કૃતિની રક્ષા, સદાચાર, ભક્ષ્યાભક્ષ્ય વિવેક, મેકોલે પદ્ધતિની આજની કોન્વેન્ટ સ્કૂલો દ્વારા અપાતા ખતરનાક શિક્ષણ વગેરે વિષય પર ખૂબ સુંદર માર્ગદર્શન અપાતાં શ્રોતાઓને ખૂબ સુંદર બોધ મળ્યો. આર્ય સંસ્કૃતિની રક્ષા ખાતર ઝઝુમનાર છત્રપતિ શિવાજી, જોગીદાસ ખુમાણ જેવા બહારવટિયાના દૃષ્ટાંતો દ્વારા શીલ અને સદાચારની વાતો કરાતાં શ્રોતાઓ ચોકન્ના બન્યા અને તેમણે તાળિયોના ગડગડાટથી ખુશી પ્રગટ કરી...

● **ધોળકા :** અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈના સંયુક્ત ઉપક્રમથી અત્રેના નજીકના ગામોમાં બે વિભાગમાં જુદા જુદા બે પશુ રાહત કેન્દ્રોની શરૂઆત થઈ ચૂકી છે. બે કેમ્પોમાં ૮ થી ૧૦ ગામડાઓના આશરે ૧૦ હજાર ઢોરોને જીવતદાન મળે એ રીતે વ્યવસ્થા ગોઠવાઈ છે. ગુજરાત કચ્છ કાઠિયાવાડ આદિમાં ઢોરો અને લોકો ખૂબ જ ખરાબ સ્થિતિમાં આવી પડ્યા છે. ચોતરફથી કાકલૂદીભરી માંગણીઓ આવતી રહે છે. દુષ્કાળની બિહામણી પરિસ્થિતિ શબ્દોથી સમજાવી શકાય એવી નથી. સંસ્થાના સેવાભાવી કાર્યકરો કુમારપાળ વિ. શાહ, કલ્પેશ વિ. શાહ, જયેશ ભણસાળી વગેરે સવારથી



રાત સુધી સતત રખડતા દોડતા રહીને જીવોને શાતા આપવા માટે તન મનથી શક્ય એટલું બધું જ કરી છૂટવામાં મસ્ત છે.

ઓરિસ્સા પ્રાંતના કાલાહાંડી અને કોરાપુર જિલ્લાઓમાં ગરીબીમાં સબડતા હજારો લોકો અછતને કારણે ભૂખમરાનો ભોગ બન્યા છે. ગયા વરસે તો અછત હતી જ. એમાં આ વરસ પણ નિષ્ફળ જતાં ખેતીવાળાને ખેતી નથી અને મજૂરોને મજૂરીના ય વાંધા છે. ભૂખનું દુઃખ ભાંગવા જંગલની જમીનોમાં ઊગી નીકળતી ઝેરી વનસ્પતિ ખાઈ જવાથી અનેક લોકો જાન ગુમાવી બેસે છે. ભૂખમરાથી પીડાતા લોકો રોગનો પણ ભોગ બની જીવન પૂર્ણ કરે છે. પત્રકારો સહિત કુમારપાળ વિ. શાહે આ ક્ષેત્રમાં જઈ ભૂતપૂર્વ શિબિરના યુવાનો આદિના સહકારથી કપડા અનાજ વિતરણની વ્યવસ્થા ગોઠવી છે. સરકારી તંત્રને પણ જાગૃતિમાં આણ્યું છે.

એ જ રીતે જાલોર જિલ્લામાં પણ પશુ રાહત કેન્દ્ર ગોઠવાયું છે. બંને સંસ્થાને આર્થિક રીતે સદ્ધર કરવા દ્વારા જીવદયા-માનવ રાહતના કાર્યોમાં સહભાગી થઈ અઢળક પુણ્ય બાંધવાના દિવસો પુણ્યશાળીને મળ્યા છે.

● **અમદાવાદ :** પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજય મહારાજ આદિ ઠાણાની અત્રે નારણપુરામાં સફળ ચાતુર્માસ પૂર્ણાહુતિ બાદ ચાતુર્માસ પરિવર્તનનો લાભ ખઢાણાવાળા શેઠશ્રી અંબાલાલ ઝવેરચંદના પુત્રો ભૂપેન્દ્રભાઈ, પ્રકાશભાઈ વગેરેએ લીધો. શ્રી સંઘના લગભગ ૯૦૦ આરાધકોનો પોતાના ગૃહ આંગણે વ્યાખ્યાન શ્રવણ શત્રુંજય પટની યાત્રા આદિ બાદ, ઉલ્લાસપૂર્વક નવકારશીથી ભક્તિનો લાભ લીધો. આ પૂર્વે ૧૦૦૦૦ માણસોની વિશાળ મેદની વચ્ચે પરમકૃપાળુ તીર્થંકરદેવની સમક્ષ મંગળ દીવો ઉતારવાનો પણ મહાન લહાવો એમણે સુંદર ઘીની બોલી બોલીને લીધેલો. વળી પૂર્વે અઠ્ઠમ તપના આરાધકોના ઉત્તરપારણા-પારણાનો પણ લાભ એમને મળતાં એમણે સંઘની ખૂબ સરસ ભક્તિ કરેલી.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૩૬,અંક-૧૩/૧૪,તા.૧૨-૧૨-૧૯૮૭**

● **સાંગલી (મહારાષ્ટ્ર) :** વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની અસીમ આશીર્વાદથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ધર્મજીતસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સાંગલી નગરે પ્રથમવાર મહામંગલકારી શ્રી ઉપધાન તપની આરાધનાનો વિજયાદશમીથી પ્રારંભ થયેલ ૧૨૫, આરાધકો જોડાયા. ૧૫ વર્ષથી નીચેના ૧૫ જેટલા બાલ-બાલિકાઓ પણ જોડાયા

અને ખૂબ ઉલ્લાસથી આરાધના કરેલી.

ઉપધાન તપ માલારોપણ નિમિત્તે આયોજિત થયેલા ભવ્ય પંચાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવમાં પધારવાની શ્રી સાંગલી જૈન સંઘની આગ્રહપૂર્ણ વિનંતીથી કોલ્હાપુરથી ઉગ્ર વિહાર કરી ન્યાયવિશારદ્ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. તથા સિદ્ધાંતદિવાકર પૂ. આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. વિશાલ મુનિગણ સાથે સાંગલી પધાર્યા. શ્રી અષ્ટાપદજી મહાપૂજા,- શ્રી સૂરીમંત્ર મહાપૂજન,- શ્રી શાંતિસ્નાત્ર તથા પૂજા ભાવના આદિ કાર્યક્રમો ભાવિકોની વિશાલ ઉપસ્થિતિ સમક્ષ અત્યંત ઠાઠપૂર્વક થયા. માલારોપણ નિમિત્તક ભવ્ય વરઘોડો ત્રણ કલાક ચાલ્યો. છેલ્લા બે દિવસે, મુંબઈના અશોકભાઈએ પ્રભુજીને કરેલ ભવ્ય અંગરચનાના દર્શને જનમેળો ઊમટેલો. માલારોપણના ચડાવામાં પણ ધારણા કરતા બમણી ઉપજ થઈ, સ્વામીવાત્સલ્યો પણ થયા હતા.

કારતક વદ ચતુર્દશીએ માળારોપણનો ભવ્ય સમારોહ થયો. વિશાળ મંડપ વિરાટમેદનીથી ચિક્કાર ભરાયેલો. ગુરુપૂજનનો તથા કામલી ઓઢાડવાના પણ સુંદર ચડાવા થયા. ટૂંકમાં સાંગલીમાં થયેલા યશસ્વી ચાતુર્માસના તાજ સમો શ્રી ઉપધાન તપનો અદ્ભુત અવસર બની ગયો.

ઉપધાન માળારોપણની ઉપજમાંથી ઉદારતાથી ઘણી મોટી રકમ બહારગામના જીર્ણોદ્ધારના કાર્યોમાં તુરત જ જાહેર કરીને શ્રી સાંગલી જૈન સંઘે એક અવ્વલ આદર્શ પૂરો પાડ્યો છે.

## મહારાષ્ટ્રમાં ધર્મપ્રભાવનાની રેલમછેલ

• **કોલ્હાપુર :** અત્રે શાહુપુરીમાં શાનદાર ચાતુર્માસ બાદ સાંગલીમાં શ્રી ઉપધાનતપ માળારોપણ પ્રસંગે અપૂર્વ શાસન પ્રભાવના કરીને વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા, પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ધર્મજિત્સૂરીશ્વરજી મ.સા. તથા ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજય ગણિ મ.સા. આદિ વિશાળ મુનિગણની અત્રેના શ્રી મહાવીરનગર જૈન સંઘની આગ્રહભરી વિનંતીને અવધારીને શ્રી વાસુપૂજ્ય સ્વામીના મનોહર જિનમંદિરના ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધરામણી થઈ. ડેકોરેશનથી દેવનગરી જેવા શોભતા મહાવીરનગર સોસાયટીના 'પ્રેમભાનુનગર'માં માગશર સુદ-૪ થી ભવ્ય અષ્ટાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવનો પ્રારંભ થયો. અનેક મનોહર ચલ રચનાઓ પ્રભુજીની ભવ્ય અંગરચનાઓ અને સંગીતની સુરાવલીઓથી સૌના હૈયા હેલે ચઢ્યા.



પૂજ્યપાદશ્રીની મર્મવેધક પ્રવચનોથી ઉત્સાહ ખૂબ વધ્યો. સાથે પૂ. મુનિરાજશ્રી પદ્મસેનવિજયજી મ.ને ગણિપદ પ્રદાન તથા સાધ્વીશ્રી વૈરાગ્યનિધિશ્રીજીને વડીદીક્ષાના ધન્ય અવસરો ભવ્ય રીતે ઉજવાયા. આ પ્રસંગે પૂજ્ય આચાર્યદેવશ્રીને ગુરુપૂજન કરવાની ઉછરામણી બોલાયેલ ત્યારબાદ પૂજ્ય આચાર્યદેવશ્રીને કામળી, તેમજ નૂતન ગણિવરને કામળી અને ગુરુપૂજનની ઉછામણી થતાં **નૂતન ગણિવરશ્રીના સંસારી કુટુંબીઓએ લાભ લીધો.** પટનો લાભ **રતિલાલ ગેનાજી**એ લીધેલ. અંતે નૂતન ગણિવરના સંસારી કુટુંબી તરફથી તેમજ સાધ્વીજી મ.ના કુટુંબી તરફથી એમ બે સંઘપૂજન થયા. કલકત્તાવાળા શ્રીમતી સરોજબેન વસંતલાલ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ. બપોરે શ્રી ઉવસગ્ગહર મહાપૂજન થયું. નૂતન ગણિવરના કુટુંબી તરફથી લાખેણી ભવ્ય અંગરચના થઈ. મહાપૂજનો, મહાપૂજાઓ અને ભાવનાઓમાં સંગીતકારોએ જિનભક્તિની રમઝટ બોલાવી. સંઘના સૌ ભાવુકોનો ઉત્સાહ આસમાને ચઢ્યો તે સુદ-૭ પ્રતિષ્ઠા અંગેની ઉછામણી મન મૂકીને બોલ્યા. દેવદ્રવ્ય તથા સાધારણખાતાની ઉપજ કલ્પના બહારની થઈ. મા. સુદ-૯ ભવ્ય વરઘોડો ચઢ્યો. સુદ-૧૦ની સુપ્રભાતે શરણાઈની સૂરાવલીઓથી અને બેન્ડ વાજાના બુલંદ નાદો ગાજી રહ્યા. ઠેરઠેરથી ઊભરાયેલા ભાવુકોનો મહેરામણ ઊમટેલો હતો. હસ્તિરાજ પર આરૂઢ થઈને એક ભાગ્યશાળીએ જિનાલયના દ્વાર પર તોરણ બાંધ્યું. ત્યારબાદ શુભમુહૂર્તે ગગનભેદી જયનાદો અને હર્ષનાદો વચ્ચે બારમાં તીર્થપતિ શ્રી વાસુપૂજ્યસ્વામી મનોહર જિનાલયના મૂળનાયકપદે ગાદીનશીન થયા. પ્રભુ-પ્રતિષ્ટાનું આ અદ્ભુત દૃશ્ય નિહાળીને કેટલાય ભાવુકોના હૃદયમંદિરમાં પણ પરમાત્માની પધરામણી થઈ. સુદ-૧૧ પ્રભાતે મોટી બોલીપૂર્વક દ્વારોદ્ઘાટનનો મંગળ પ્રસંગ ભવ્ય ઉજવાયો.

અત્રેથી પૂજ્યો કુંભોજગીરી મહાતીર્થમાં પોષદશમીના અઠ્ઠમ કરાવવા પધારશે. ત્યારબાદ મહાવદમાં કુંભોજગીરી તીર્થથી બેંગલોરના છ'રી' પાલિત સંઘ સાથે બેંગલોર તરફ વિહારની વકી છે.

• **પૂના :** પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. મુનિરાજશ્રી ભદ્રયશવિજયજી મ.સા. આદિના સદુપદેશથી અત્રે શિબિર પરીક્ષાઓ વગેરે જે યોજાયા હતા તેમાં આ પ્રમાણે ઈનામો અપાયા.

- ૧ વર્ષ માટે ફટાકડા ત્યાગ વગેરે ૮ નિયમ લેનારને ૧ થેલી, સાપડો, ડબ્બીમાળા,
- રત્નાકર પચ્ચિશિની મૌખિક સ્પર્ધામાં રૂા. ૪૬૦/- તથા દરેકને ચરવલો.

- નવતત્ત્વની પરીક્ષામાં તથા 'તત્ત્વજ્ઞાનથી શું લાભ થયો' તે નિબંધ હરિફાઈમાં સર્વેનું બહુમાન
- પુનાના સર્વ ધાર્મિક શિક્ષક શિક્ષિકા બેનોનું સુસંસ્કારનિધિ ટ્રસ્ટ તરફથી દરેકને રૂા. ૫૧,
- શિબિરનો લાભ લેનાર ફુલચંદ દાનમલ સંઘવી પરિવારના સાત સભ્યોનું પૂજાની જોડ તથા કામળી શ્રીફળ રૂપિયો.
- ૧ વર્ષ માટે ટી.વી. ત્યાગ કરનારનું વિશેષ બહુમાન કરાયું. પૂજ્યશ્રીએ બલસાણા (જિ. ધુળિયા)માં મહા મહિનામાં થનાર પ્રતિષ્ઠા પ્રસંગને અનુલક્ષીને અત્રેથી તે તરફ વિહાર કર્યો છે.

● **બારામતી (મહારાષ્ટ્ર)** : આરાધના તથા તપસ્યાથી યશસ્વી બનેલ ચાતુર્માસની પૂર્ણાહુતિ પ્રસંગે જ પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજય મહારાજની વર્ધમાન તપ આયંબિલની ૫૬ મી ઓળીના પારણાનો પ્રસંગ આવતાં અત્રે શ્રી સંઘમાં આનંદની હેલી ચડી. પૂજ્યશ્રીને પારણું કરાવવા પ્રસંગે ભવ્યોએ ૨૦૦૦ આયંબિલ કરવાનો નિર્ણય, ૨૭ દંપતીએ ચતુર્થવ્રત, સિદ્ધચક્રપૂજન અને અનુકંપાની સુંદર ટીપ થઈ. કાર્તિકી પૂનમના રોજ શ્રી શત્રુંજયના પટ સમક્ષ સવિશેષ સ્તવનાવાળી થઈ. સમસ્ત સંઘની નવકારશીથી ભક્તિ, સંઘપૂજન વગેરેથી સાધર્મિક ભ્રાતૃભાવમાં અનેરી વૃદ્ધિ થઈ. પૂ. મુનિરાજશ્રી અત્રેથી વાઈ ગામે જિનભક્તિ મહોત્સવ નિમિત્તે પધાર્યા છે.

● **પૂના** : પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ધનપાળસૂરીશ્વરજી મહારાજા પૂજ્ય આચાર્યદેવ રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિ સમુદાયની શુભ નિશ્રામાં અત્રે ગુલટેકરીમાં શેઠ શાંતિલાલજી મુથાના ગૃહમંદિરની પ્રતિષ્ઠા શાનદાર ઉજવાઈ.

● **પૂના** : પૂજ્ય મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજય મહારાજ આદિ ઠાણાની શુભનિશ્રામાં આકુર્ડી (વિઠ્ઠલવાડી) જિનમંદિરમાં ચલ પ્રતિષ્ઠાનો પ્રસંગ ખૂબ જોરદાર ઉજવાયો. પ્રવચનમાં દેરાસરજી નિભાવ તથા સાધારણ ઉપજ કુલ રૂા. એક લાખથી અધિક થઈ. ઉપાશ્રય અંગે જગ્યાનું પણ નક્કી થતાં સંઘમાં આનંદની વૃદ્ધિ થઈ. ત્યાંથી પૂજ્યો કાસરવાડી પધાર્યા. અત્રે નાનું જિનગૃહમંદિર હતું તે બાજુમાં બીજી જગા લઈ સાથે મેળવી આરસના જિનબિંબોનું ત્રિગડું પધરાવવાનું નક્કી થયું. મૂળનાયક પ્રભુ તરીકે શ્રી નમિનાથ ભગવાન બિરાજમાન કરાશે. પછીથી ખડકી પધારતાં ઉપાશ્રય **(શ્રી પ્રેમસૂરીશ્વરજી આરાધનાભવન)**ના બાંધકામનો ખર્ચ વધતા પહેલાં જે ચાર ટ્રસ્ટી ભાઈઓએ સારી રકમ દાન આપેલ તે ફરીથી એટલી રકમ આપવાનું નક્કી થયું.



### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૩૬,અંક-૧૫,તા.૧૯-૧૨-૧૯૮૭

મહારાષ્ટ્રના એક નાનકડા ગામમાં કૉલેજના બાંધકામ માટે દાન આપવાનો રાજકીય પુરુષોનો અનુરોધ થતાં ત્યાંના જૈન આગેવાનોએ પોતાના ખીસ્સામાંથી તે રકમ આપવાના બદલે રૂા. એક લાખ જેવી રકમ દેરાસરજીના દેવદ્રવ્ય ખાતામાંથી આપેલી. પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મહારાજ આદિ ઠાણા ત્યાં પધાર્યા. ચૌદ દિવસમાં ૨૬ પ્રવચનો આપી દેવદ્રવ્ય આદિની શાસ્ત્રીય વ્યવસ્થા સમજાવી. આ અંગેની ટીપ કરાવી દેવદ્રવ્ય શુદ્ધિ કરાવી. શ્રી સંઘને મહાન અનર્થમાંથી બચાવવાનું કાર્ય કર્યું છે, જૈન આગેવાનો પણ સાચી સમજણ ઝીલી ધન્યવાદને પાત્ર બન્યા છે.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૩૬,અંક-૧૭/૧૮,તા.૯-૧-૧૯૮૮

● **કુંભોજગીરી** : મહાવીરનગર (કોલ્હાપુર)ના ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ બાદ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવની ખુશાલી તરીકે શ્રી મહાવીરનગર જૈનસંઘ આયોજિત શ્રી કુંભોજગીરી પદયાત્રા પ્રવાસમાં અનેક યાત્રિકો સહિત કોલ્હાપુરથી વિહાર કરીને વિશાળ શ્રમણ સમુદાય સાથે વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણા ૫૧ શ્રી કુંભોજ તીર્થ કમિટીની આગ્રહભરી વિનંતીને અવધારીને કુંભોજ તીર્થમાં પધાર્યા. શ્રી કુંભોજ તીર્થ કમિટીનાં ઉપક્રમે ત્રેવીસમાં તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ પરમાત્માના જન્મ કલ્યાણક તથા દીક્ષા કલ્યાણક નિમિત્તે સામુદાયિક ત્રિદિવસીય આરાધનાનું આયોજન થયું હતું. મહારાષ્ટ્ર કર્ણાટક અને ગુજરાતના અનેક ગામોમાંથી વિશાળ સંખ્યામાં આરાધકો ઉપસ્થિત થયા હતા. ૨૦૦ થી વધુ ભાવુકોએ અઠ્ઠમ તપથી તથા અનેક ભાવુકોએ આયંબિલ તથા એકાસણાથી વિધિપૂર્વક કલ્યાણકોની આરાધના અપૂર્વ ઉલ્લાસથી કરી. કલ્યાણકોની આરાધનાના આ સમગ્ર આયોજનનો આર્થિક લાભ ગોરેગાંવ (મુંબઈ) નિવાસી શેઠ જુહારમલજી પુખરાજજી મનરૂપજી સાકરીયાએ લીધો હતો. ત્રણે દિવસ પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ પૂજા ભાવના આદિ ભક્તિ કાર્યક્રમો અને ભક્તિપ્રેરક પ્રવચનોથી આરાધકોનો ઉલ્લાસ ખૂબ વધ્યો હતો

માગશર વદ દશમીનાં દિવસે મહારાષ્ટ્ર તથા કર્ણાટકનાં જૈન સંઘોનાં વહીવટદાર આગેવાનોનાં એક વિશિષ્ટ સંમેલનનું પણ તીર્થ કમિટીએ આયોજન કર્યું

હતું. આ સંમેલનમાં મોટી સંખ્યામાં ટ્રસ્ટીઓ અને આગેવાનોએ હાજરી આપી હતી. પૂજ્ય ગુરુદેવોએ સાતક્ષેત્રની વ્યવસ્થાઓ અને વહીવટની પદ્ધતિ અંગે સચોટ અને સરળ શાસ્ત્રીય માર્ગદર્શન આપ્યું હતું. જેનાથી સાતક્ષેત્રના ધનની ઘણી શુદ્ધિ થવાની સંભવિત બની છે.

પોષ દશમીના મેળામાં વિશાળ સંખ્યામાં ઠેર ઠેરથી ભાવુકો ઉપસ્થિત થયા હતા. શ્રી કુંભોજ તીર્થ કમિટીએ પૂજ્યપાદ આચાર્ય ભગવંતનાં સાનિધ્યમાં પોષ સુદ બારશથી તા. ૩૧-૧૨-૮૭ થી શ્રી નમસ્કાર મહામંત્રની વિશિષ્ટ આરાધનાનાં ૨૧ દિવસનાં એક આરાધના કાર્યક્રમની જાહેર કરતા સકલ સંઘમાં ખૂબ આનંદ વ્યાપ્યો હતો. આ આરાધના નિમિત્તે પૂજ્યપાદશ્રી હમણાં શ્રી કુંભોજ સ્થિરતા કરશે.

**અધિવેશન**માં વિદ્વદ્વર્ય પૂ. મુનિરાજશ્રી જયસુંદરવિજય મહારાજે લગભગ અઢી કલાક સુધી સાતક્ષેત્રની અર્થ વ્યવસ્થા અંગે વિષદ્ છણાવટ કરેલી. એમનો કહેવાનો સાર એ હતો કે દેવદ્રવ્યમાંથી જિનમંદિર અને જિનમૂર્તિ અંગેના ખર્ચ સિવાયના કોઈ ખર્ચા કરાય નહિ. પછી સામાજિક કાર્યો જેવા કે લગ્નની વાડી, દવાખાનાના, સ્કૂલ, કૉલેજ વગેરે કાર્યો તો સાતક્ષેત્રના ધનમાંથી કરાય જ શાના ? દેવદ્રવ્ય આદિની રકમ એકઠી કરી બેન્કોમાં મૂકી દેવી એ આજના કાળે જરા પણ યોગ્ય નથી. દેવદ્રવ્યની રકમ જ્યાં જ્યાં જિનમંદિરોના જિર્ણોદ્ધાર થતા હોય ત્યાં અને જરૂરવાળા સ્થાને જ્યાં નૂતન મંદિરો થતાં હોય ત્યાં મોકલી દેવી એ જ અનેક ગીતાર્થ આચાર્યોએ કરેલી દેવદ્રવ્યની સાચી અને સારી વ્યવસ્થા છે.

પૂ. મુનિરાજશ્રી કીર્તિરત્ન વિજય મ.ના માગશર વદ-૧૨ ના ૯૮મી વર્ધમાન તપ ઓળીના પારણા નિમિત્તે તપ ઉછામણી તરીકે આયંબિલની ઉછામણી બોલાઈ જેમાં પેઠ વડગામ નિવાસી તેજપાલ ગુલાબચંદ રાઠોડ કુટુંબે ૨૩૦૧ આયંબિલની ઉછામણી બોલી લાભ લીધો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૧૯,તા.૬-૨-૧૯૮૮

● **સાંગલી (મહારાષ્ટ્ર)** : વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પરમતારક નિશ્રામાં અત્રે મહા વદમાં ઉજવાનાર અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગની ભવ્ય તૈયારી ચાલી રહી છે. પૂજ્યશ્રીએ પોતાના શિષ્ય મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી આદિ ઠા.ને અત્રે અગાઉથી મોકલતા



શ્રી સંઘમાં પ્રવચન શ્રવણ આદિથી સારી જાગૃતિ આવી છે. સાધારણ ખર્ચ ખાતે સારી ટીપ ભેગી થઈ. બે દિવસ માટે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રગુપ્તસૂરિવર આદિ પધારતાં સંઘમાં ખૂબ જ ઉત્સાહવૃદ્ધિ થઈ. સુંદર ભવ્ય ૪૧"ના ભગવાનના પ્રતિમાજી અંજનવિધિ માટે પધારતા ભવ્ય વરઘોડો નીકળ્યો. જૈનેતરો ભગવાનને જોઈ જોઈ પ્રભાવિત થયા. છ સંઘ જમણ નક્કી થયા, અંજનશલાકા પ્રસંગની સુંદર ઉછામણીઓ થઈ.

● **ઈસ્લામપુરા (મહારાષ્ટ્ર)** : પૂ.પા. વર્ધમાનતપોનિધિ આ.ભ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ને અમારા સંઘે શેષકાળમાં પધારી લાભ આપવા વિનંતી કરતાં પૂજ્યશ્રી શ્રી સૂરિમંત્રની આરાધનામાં જોડાયેલ હોવાથી તેઓશ્રીએ કૃપા કરી પોતાના શિષ્ય-પ્રશિષ્યો પૂ.મુ. શ્રી જયતિલક વિ.મ. તથા પૂ.મુ. શ્રી વરબોધિ વિ.મ. આદિ ઠાણા ૭ ને મોકલી આપ્યા હતા. સામૈયા સહિત ગામમાં પધાર્યા ત્યારથી બંને પૂ. ગુરુવરોના વ્યાખ્યાનો ચાલતા શ્રી સંઘમાં ઉલ્લાસ વધ્યો છે. પાઠશાળા ચાલુ થઈ છે. બાળકોના પ્રોત્સાહનાદિ માટે સારી ઈનામો યોજના થઈ છે લગભગ ૧૨૫ જેટલા બાળકો પાઠશાળામાં લાભ લઈ રહ્યા છે. પ્રધ્યાપક વર્ધમાનભાઈ પોતાનાં કિંમતી સમયનો ભોગ આપી બાળકોને ભણાવે છે. સુકૃત-અનુમોદના, દુષ્કૃત ગર્હાદિની આરાધનાના સમૂહ આયંબિલ-એકાસણાની ભક્તિ થઈ. બાર વ્રતો નાણ સમક્ષ ઉચ્ચર્યા. શ્રી શાંતિનાથ ભ. તથા શ્રી સિદ્ધચક્રયંત્ર ભરાવવાની ઉછામણીની રકમ સારી થઈ. એની અંજનવિધિ પૂજ્યશ્રીજીના વરદ હસ્તે સાંગલીમાં થશે. પૂ.મુ. શ્રી હર્ષબોધિ વિ.મ.ની પ્રેરણાથી શ્રી વાસુપૂજ્ય સેવામંડળના યુવકોના સહકારથી શ્રી જ્ઞાનભંડાર વ્યવસ્થિત કરાયો. તેના ઉદ્ઘાટનની ઉછામણી પણ સારી થઈ. યુવકો જિનભક્તિ, સદ્વાંચન વગેરેમાં રસ લેતાં થયા. ૨૫ દિવસની સ્થિરતા દરમિયાન ચાતુર્માસની જેમ સંઘના ઘણા કાર્યો થતાં ઉલ્લાસ વધ્યો છે. સાંગલી શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા બાદ અત્રે પધારવા પૂજ્યશ્રીને આગ્રહપૂર્વક વિનંતી થઈ છે.

● **પાબલ (મહારાષ્ટ્ર)** : વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણ વિજયજી મ. આદિની નિશ્રામાં અત્રે પદ્મમણિ તીર્થના શીલાન્યાસની વિધિ ખૂબ ભવ્ય રીતે ઉજવાઈ. અત્રેનું મંદિર જીર્ણ થતાં શ્રી સંઘે એનો જિર્ણોદ્ધાર કરવાનો નિર્ણય કરેલ છે. શીલાન્યાસ પ્રસંગ પર જિર્ણોદ્ધારની સુંદર ટીપ, લગભગ ૧૫૦૦ ભાવિકોની હાજરી, લોકોનો ઉત્સાહ, સ્થાનિક સંઘ દ્વારા પ્રસંગની સુંદર વ્યવસ્થા

વગેરે નોંધનીય રહ્યા... પૂ.મુનિશ્રી અત્રેથી નૂતન શિખરબંધ દેરાસરના શીલાન્યાસ પ્રસંગ પર કવઠા મુકામે, પછીથી રાજગુરુનગરે પ્રતિષ્ઠા પ્રસંગે અને ખડકી મુકામે નૂતન ઉપાશ્રયના ઉદ્ઘાટન પ્રસંગે પધારવાનું સંભવિત છે. આ પ્રદેશમાં પૂ. મુનિરાજશ્રી સુંદર શાસનકાર્યો કરી રહ્યા છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૬,અંક-૨૦,તા.૧૩-૨-૧૯૮૮**

મહારાષ્ટ્રના શત્રુંજયગીરિસમા કુંભોજ તીર્થમાં **કુંભોજ તીર્થમંડણ** શ્રી જગવલ્લભ પાર્શ્વનાથની શીતલ છાયામાં અત્રે સંઘસહિતચિંતક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા વિશાળ પરિવાર સાથે બિરાજમાન છે. એઓશ્રીની સાનિધ્યમાં ત્રણ મહાત્માઓને પદ પ્રદાનના પુણ્ય અવસર નિમિત્તે મહા સુદ-૭ ને સોમવારથી શાન્તિસ્નાત્રસહ ભવ્ય પરામાત્મ ભક્તિ મહોત્સવ ઉજવાયો. મહા સુદ-૭ ના દિને શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલયની ૧૧૮મી વર્ષગાંઠ હોવાથી ધ્વજારોપણ આદિ મંગલ કાર્યક્રમો થયા. આ પદપ્રદાનનાં પુનીત અવસરે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક, આંધ્રપ્રદેશ આદિ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ભાવુકો ઉપસ્થિત થયા હતા; અને એમણે સાધર્મિક ભક્તિ આદિનો લાભ લીધો હતો.

મહા સુદ-૧૦ ના શુભ મુહૂર્તે ધર્મશાળાના વિશાળ પટાંગણમાં બાંધેલા મંડપમાં પદ પ્રદાનની મંગળ વિધિનો પ્રારંભ થયો. સકળ સંઘના અપૂર્વ ઉલ્લાસ વચ્ચે પૂજ્યપાદશ્રીએ પૂ. ગણિવર **શ્રી વિમલસેનવિજયજીને પંન્યાસ પદે,** પૂ. મુનિરાજશ્રી **ધર્મગુપ્તવિજયજીને પ્રવર્તક પ્રવર પદે** અને તપસ્વી પૂ. મુનિરાજશ્રી **યોગીન્દ્ર વિજયજીને પ્રવર્તક પદે** આરૂઢ કર્યા. પૂજ્યપાદશ્રીને તથા નૂતન પદસ્થોને કામળી ઓઢાડવા આદિની અનેક ઉછામણીઓમાં સારી ઉપજ થઈ.

અનેક ગામોનાં સંઘોએ પૂજ્યપાદશ્રીને ચાતુર્માસ માટે સાધુ ભગવંતો આપવા હૃદયસ્પર્શી વિનંતીઓ કરી. શાંતિસ્નાત્રનો લાભ સુરત નિવાસી શેઠ ડી. સુભાષચંદ્ર એન્ડ કું. તરફથી લેવાયો.

અત્રેથી પૂજ્યપાદશ્રી સાંગલી નગરે આયોજિત ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સાંગલી પધારશે ત્યારબાદ એઓશ્રીની શુભ નિશ્રામાં ફાગણ વદ-૩ ના રોજ કુંભોજગીરિથી બેંગલોર તરફ છ'રી' પાલિત શ્રી યાત્રાસંઘનું પ્રયાણ નક્કી થયું છે.



● ભારત સરકાર તરફથી આવક વેરા કાયદા બિલ નંબર ૧૯૮૭ કલમ નંબર ૨ (૨૪) (IIA) ૧૦ છૂટ (iv) (v) કલમ નં. ૮૦ એફ (૨) (સી) (૮)માં ધર્માદા સંસ્થાઓ માટે જે સુધારો લોકસભાએ તથા રાજ્ય સભાએ પ્રસાર કરેલ છે; તે સુધારાઓ તમામ ધાર્મિક સંસ્થાઓ અને તેમના ધાર્મિક તત્ત્વો સિદ્ધાંતો અને પરંપરા વગેરેને મોટા આઘાત રૂપ છે. અત્રેના પૂ. આચાર્ય ભગવંતની અધ્યક્ષતામાં દક્ષિણ ભારતના અનેક સંઘોની ઉપસ્થિતિમાં આ સુધારાનો પ્રખર વિરોધ જણાવતો અને આ સુધારો સંપૂર્ણપણે રદ કરવામાં આવે એવી વિનંતી સાથેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરાયેલ છે. ગામોગામના સંઘો આવો ઠરાવ કરી ભારત સરકારને મોકલી આપે તે ખૂબ જરૂરી છે.

● **પેઠ વડગામ** અત્રેના જૈનસંઘ તથા શ્રેષ્ઠીવર્ય શ્રી કેસરીમલ ધુડાજી રાઠોડની જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ અંગે આગ્રહપૂર્ણ વિનંતીને અવધારીને વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા વિશાલ મુનિગણ સાથે મહા સુદમાં અત્રે પધારતા અત્યંત ઉલ્લાસથી તેઓશ્રીનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું.

પિતાજી કેસરીમલજી તથા માતુશ્રી સૌ. માલુબેનના સુકૃતોની અનુમોદનાર્થે તેમના પરિવારે ખાસ કરીને અતિભવ્ય ત્રણ દિવસનાં મહાપ્રભાવી શ્રી અર્હદ્ મહાપૂજનનું આયોજન કરેલ એથી સંઘમાં પરમાત્મ ભક્તિનું અદ્ભુત વાતાવરણ સર્જાયું હતું. મહા સુદ-૮ ના દિવસે પ્રભુજીની સવા લાખ પુષ્પોની ભવ્યાતિભવ્ય અંગરચના કરવામાં આવી હતી. મનોરમ્ય રોશનીથી સુશોભિત ભવ્ય જિનાલયમાં મનોહર પુષ્પોનાં ઢેર વચ્ચે પ્રભુજી અદ્ભુત શોભી રહ્યા હતા. રૂપરૂપના અંબારસમા ત્રિલોકનાથને નિરખવા જૈન જૈનેતર ૧૦૦૦૦થી વધુ દર્શનાર્થીઓનાં ટોળા રાતના ૧ વાગ્યા સુધી ઊમટ્યા હતા. કરાડના શ્રી સંભવનાથ જૈન મંડળે આ મનોહર અંગરચના કરી હતી. વડગામના શ્રી શાંતિનાથ જિનાલયની ૭૫ મી સાલગીરીનો પ્રસંગ પણ ખૂબ રૂડી રીતે ઉજવાયો.

● **કવઠા** (મહારાષ્ટ્ર) વર્ધમાન તપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજયજી આદિ ઠાણા ત્રણની શુભ નિશ્રામાં અત્રેના નૂતન શિખરબંધ જિનમંદિરનો શીલાન્યાસ વિધિ-પ્રસંગ ભારે ઠાઠથી ઉજવાયો... પૂ. મુનિરાજશ્રીના પ્રસંગાનુરૂપ પ્રવચનથી ૦।  કલાકમાં જ મંદિર-નિર્માણની ખૂબ સુંદર ટીપ થઈ. નૂતન ઉપાશ્રય-ધર્મશાળા માટે સારું દાન મળ્યું. સ્થાનકવાસીઓ પણ પ્રસંગની રૂડી ઉજવણીથી પ્રભાવિત થયા.

● ● ●

• **ઘાટકોપર (મુંબઈ) :** F.Y. B.Com. અને C.A. Entranee ની પરીક્ષામાં પાસ થયેલ અને C.A. ના અભ્યાસ માટેની તૈયારી કરી રહેલ પોતાના નવજુવાન તેજસ્વી પુત્ર સ્નેહલને પૂ. પંન્યાસ શ્રી હેમચંદ્રવિજયજી ગણિ મ. પાસે સંયમ અપાવી મુનિશ્રી સંયમબોધિ બનાવ્યા પછી એમની સંયમ પ્રાપ્તિથી પ્રોત્સાહિત થઈ એમના સંસારી પિતા વિનોદભાઈ માતા હંસાબેન બાળ બ્રહ્મચારિણી ભગિની કાશ્મીરાબેન અને વડીલભાઈ જિજ્ઞેશકુમાર પણ સંસાર ત્યાગના પંથે વિચરવા ઉગ્ર ભાવનાવાળા બન્યા. વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજા પાસે સંયમની શુભ આજ્ઞા અને મુહૂર્ત લઈ ચારે આત્માઓ આનંદવિભોર બની ગયા.

ધાર્મિક સંસ્કારોની પ્રબળતાવાળા હંસાબેન બાળપણથી જ ચારિત્રની ભાવનાવાળા છતાં કર્મ સંયોગે એમને સંસારમાં પાડ્યા. દરરોજ નવકારશી, સ્વદ્રવ્યથી પ્રભુપૂજા, ચોવિહાર, ચાતુર્માસમાં બેસણા, પર્વતિથિએ આયંબિલ, નવપદની ઓળીઓ, વર્ધમાનતપની ઓળીઓ, કર્મસૂદન તપની ઓળીઓથી મઘમઘાયમાન જીવનવાળા હંસાબેને કુટુંબમાં પણ ધર્મમય વાતાવરણ જમાવ્યું, અને પરિણામે (૧) એમના પતિ વિનોદરાય (B.Sc. Jeeh) (૨) પોતે (૩) સુપુત્રી બાળ બ્રહ્મચારિણી કાશ્મીરાબેન (B.A.) અને (૪) સુપુત્ર જિજ્ઞેશકુમારની દીક્ષા સમારોહ ઘાટકોપરમાં શ્રી સંઘના અત્યંત ઉલ્લાસ અને ઉત્સાહમય વાતાવરણમાં વૈરાગ્યદેશનાદાતા પૂ. પંન્યાસશ્રી હેમચંદ્રવિજયજી ગણિવરની અને સરળ સ્વભાવી પૂ. સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી આદિની શુભ નિશ્રામાં ઉજવાયો. નૂતન દીક્ષિતોના નામ અનુક્રમે મુનિશ્રી (૧) વિવેકદર્શનવિજયજી (૨) જિનબોધિવિજયજી સાધ્વીશ્રી (૩) હિતરક્ષાશ્રીજી અને (૪) કુલરક્ષાશ્રીજી... જાહેર કરાતાં વાતાવરણ જયજયકારમય બન્યું...

• **બલસાણા (ધુળિયા મહારાષ્ટ્ર) :** અગ્યારમી સદીના ૩૧ ઈંચના અલૌકિક ભવ્ય શ્યામવર્ણના પરિકર સહિતના શ્રી વિમળનાથ ભગવાન આદિના પ્રતિમાજીને અત્રેના નૂતન મનોહર ભવ્ય શિખરબંધી જિનાલયમાં ગાદીનશીન કરવાનો પ્રસંગ વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્નો પૂ. આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી તથા પૂ. વિદ્યાનંદવિજયજી મ. આદિ વિશાળ સાધુ-સાધ્વીગણની શુભ નિશ્રામાં જિનેન્દ્રભક્તિસ્વરૂપ શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક ખૂબ જ ભવ્ય રીતે ઉજવાયો... ભગવાનના રથયાત્રાના વરઘોડાની સાથે જ નેરનિવાસી મુમુક્ષુ નયનાબેન તથા શિરપુર નિવાસી મુમુક્ષુ રેખાબેનનો દીક્ષાના વરસીદાનનો વરઘોડો ભવ્ય રીતે



નીકળતાં ઈતરો પણ ખૂબ જ પ્રભાવિત થયા. મહારાષ્ટ્ર-ખાનદેશ પ્રદેશનું આ એક અજોડ તીર્થ બનશે એમ ભાવિકો બોલી રહ્યા છે. પ્રતિષ્ઠા બાદ પ્રતિમાજીનું તેજ ખૂબ વધ્યું છે એમ પણ દર્શનાર્થીઓ જણાવે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૨૧,તા.૨૦-૨-૧૯૮૮

• **ચાસ (પૂના) :** પાબલ કવઠા આદિ સ્થળે શાસન પ્રભાવક કાર્યો બાદ વર્ધમાન તપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય રત્નો પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણ વિજય મ. આદિ ઠાણા નાનકડા ચાસ ગામે પધાર્યા. ગામમાં પૂરાણું સુંદર જિનમંદિર, અને સ્થાનકવાસી ૧૦ ઘરો પણ હાલ મૂર્તિપૂજક ઘર એક પણ ખુલ્લુ ન હોવાથી બહારગામ રહેતા અત્રેના ગામવાળાઓ પ્રતિમાજી અન્યત્ર પધરાવવાના વિચારવાળા હતા. પૂજ્ય મુનિવરો અત્રે પધારતાં ત્રણ દિવસ સુંદર પ્રવચનો થયા. અઢાર અભિષેક, ધ્વજારોપણ, સાધારણ ખાતાની સુંદર ટીપ, દર મહિના ખર્ચરૂપે રૂા. ૨૨૫/- ના નામની નોંધણી, કાયમી નિભાવની તિથિ યોજના, ટ્રસ્ટની સ્થાપના થઈ અને અનેક વ્યક્તિઓને જિનપૂજા અને જિનદર્શનના અભિગ્રહ લેવાયા તેથી જિનમંદિર અત્રે જ સુંદર રીતે રહેવાનું નક્કી થયું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૨૨,તા.૨૭-૨-૧૯૮૮

**પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજય ગણિવરના પુસ્તકો** ૧. અનુપ્રેક્ષા ૨. નમસ્કાર દોહન ૩. જૈનમાર્ગની પીછાન ૪. પરમેષ્ઠિ નમસ્કાર ૫. પ્રવચન સુધા ૬. નમસ્કાર મિમાંસા ૭. કલ્યાણ શ્રદ્ધાંજલિ ૮. પ્રતિમાપૂજન ૯. નિત સમરો નવકાર ૧૦ મંત્ર ભલો નવકાર તથા હિન્દી ૧૧. ચિંતનકી ચિનગારી ૧૨. ચિંતનકે ફૂલ ૧૩. સમત્વ યોગકી સાધના વગેરે ખરીદવા મળો. એ.વિ. શાહ, સી.એ., ૪૦૮ અરિહંત, ચોથો માળો, અમદાવાદી સ્ટ્રીટ, લોખંડ બઝાર, મુંબઈ-૯.

## • નેપાળમાં નવી રોશની

(૧) **ફારવીશગંજ :** અત્રે ૧૨૦ વર્ષ પૂરાણા શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના જિનમંદિરનો જિર્ણોદ્ધાર કલકત્તા નિવાસી શ્રીમતી તારાબેન કાંકરિયાની ઉદારતા

અને શ્રી સંઘના પ્રયત્નથી થતા શિખબરબંધી ભવ્ય આકર્ષક જિનમંદિરનું નિર્માણ થયું. પ્રતિષ્ઠા પ્રસંગ જિનેન્દ્રભક્તિ સ્વરૂપ શાંતિસ્નાત્ર આદિ સહ શાસનપ્રભાવનાપૂર્વક પૂ. આચાર્યશ્રી વિજય વારિષેણસૂરિજી મહારાજા આદિ ઠા. ૪ ની નિશ્રામાં ઉજવાયો. નેપાલમાં આવનાર ભાવિકોને દર્શન પૂજનનો લાભ લેવા જેવો છે.

(૨) **ફુલકાદ :** નેપાળની બોર્ડર ઉપરના આ ગામે પૂ. આચાર્યદેવશ્રી આદિ મુનિવરોની નિશ્રામાં ગૃહ જિનમંદિરમાં ચલ પ્રતિષ્ઠા થઈ. જિંદગીમાં પ્રથમવાર સાધુ ભગવંતોના દર્શન થતા ભવ્યો ખૂબ ઉત્સાહિત બન્યા. અત્રેના પ્રદેશમાં મંદિરમાર્ગી સાધુઓનો વિહાર થાય તો ઘણો લાભ થાય એમ જાણકારો જણાવે છે.

(૩) **વિરાટનગર :** નેપાળ ભૂમિમાં પૂજ્ય આચાર્યદેવશ્રી આદિના પધારવાથી સુંદર સામૈયું, પ્રવચનમાં સારી હાજરી વગેરે નોંધપાત્ર રહ્યા. ગૃહ જિનમંદિર બનાવવાનું નક્કી થયું. નેપાળમાં ઘણી જગાએ જૈનોની વસ્તી છે. કઠમંડુમાં જૈનમંદિર છે.

● **દેહુરોડ :** પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દક્ષસૂરીશ્વરજી મ. સાહેબની પાવન નિશ્રામાં અહીં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ શાનદાર ઉજવાયો. ઉલ્લાસ અપાર હતો. રેકોર્ડ ઉપજ થઈ. આ જિનમંદિર નિર્માણ કરવામાં પ્રમુખ-પ્રેરણા વર્ધમાનતપોનિધિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબની હતી. તેમના શિષ્યરત્નો પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદર વિ.મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી પુણ્યસુંદર મ.સા.નું ત્યાં ચાતુર્માસ થયેલ ત્યારે તેઓશ્રીની નિશ્રામાં ખનન તથા શિલાન્યાસ થયેલ. ઉપકારીના ઉપકારને યાદ કરીને દેહુરોડ શ્રી સંઘ બસ લઈને સાંગલી પધારેલ. પૂજ્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબને ૭ કામળી વહોરાવી ગુરુપૂજન આદિ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરેલ.

● ● ●

વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રી વિજય રાજેન્દ્રસૂરિજી મહારાજની નિશ્રામાં અમલનેર મુકામે એક

**ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ આયોજન...**

મહારાષ્ટ્ર દેશોદ્ધારક વૈરાગ્યવારિધિ આચાર્યદેવ શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સહિષ્ણુતામૂર્તિ પરમગુરુભક્ત આચાર્યદેવ શ્રી વિજય ત્રિલોચનસૂરિશ્વરજી મહારાજની વાર્ષિક ૧૦ મી સ્વર્ગારોહણ તિથિ (ફાગણ વદ-૪) તથા વિદુષી સાધ્વીજી શ્રી રોહિણાશ્રીજી મ.ની પ્રથમ માસિક સ્વર્ગારોહણ તિથિ (ફાગણ સુદ-૧૩) પ્રસંગે અમલનેર શ્રીસંઘે શ્રી શાંતિસ્નાત્ર-સિદ્ધચક્રપૂજન-



વરઘોડો-સંઘજમણ-અનુકંપા-જીવદયા વગેરે અનેક કાર્યક્રમો સહિત અષ્ટાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું મહારાષ્ટ્ર રત્ન શ્રી મિશ્રીલાલજી વગેરે આગેવાનોએ આયોજન કરેલું છે... સૌને પધારવા નમ્ર વિનંતી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૨૪,તા.૧૨-૩-૧૯૮૮

● **જાલોર :** વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી એમના પ્રશિષ્યરત્ન પૂ. મુનિવરશ્રી ગુણરત્નવિજયજી ગણિવરની પંન્યાસપદવી જિનેન્દ્રભક્તિ સ્વરૂપ મહોત્સવ અને શાસનપ્રભાવનાપૂર્વક અત્રે ઠાઠથી ઉજવાઈ. રાજસ્થાનમાં ચાલી રહેલા સતત ત્રીજા દુષ્કાળને અનુલક્ષીને પ્રસંગોચિત ૧૦૦૦ પશુઓને એક મહિના સુધી ઘાસ પાણીની વ્યવસ્થા કરાતા જૈનોના જીવદયાપ્રેમની સારી છાપ ઉઠી. આવી પદપ્રદાનવિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં થઈ.

● **ધોળકા :** હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈ દ્વારા દુષ્કાળ રાહતનું કાર્ય મોટા પાયે ચાલી રહ્યું છે. એક માત્ર અમદાવાદ જિલ્લાના અસરગ્રસ્ત ધોળકા અને ધંધુકા તાલુકાના પાંચ પશુરાહત કેમ્પોમાં જ દસ હજાર ઉપરાંતની સંખ્યામાં ઢોરોને નિભાવવામાં આવી રહ્યા છે. સાથે આ તાલુકાના દુષ્કાળ પીડિત ત્રણ હજાર કુટુંબો માટે માનવ રાહતનું મોટું કાર્ય ઉપાડીને સમગ્ર વિસ્તારમાં સંસ્થાએ લોક ચાહના મેળવી છે.

સંસ્થાના માનવ રાહત કાર્યોને વેગ આપવા માટે કે.ટી. મહેતા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ટ્રસ્ટી શ્રી શશીકાન્તભાઈ મહેતાએ ત્રણ ટન દૂધનો પાવડર અને વીટામીન 'એ'ની ગોળીઓ તાકીદે મોકલી આપીને સેવા કાર્યોમાં કરુણાભીનો સાથ આપ્યો છે. વિષમ અને વિકટ સ્થિતિ વધતી જ જાય છે, તેમ સજ્જનોના હૃદયમાં દયા અને કરુણાની ભાવના વિકસતી જાય છે.

## ● પાંજરાપોળોને ચાલીસ ટ્રક ઘાસ ભેટ

● **ધોળકા :** તાજેતરમાં 'નામનાની કામના વિના' અબોલ જીવો માટે કરુણાભીના હૈયે જીવદયાપ્રેમી કુટુંબના એક મોભી મુંબઈથી ધોળકા દોડી આવ્યા હતા. એમણે સાંભળેલું કે કેટલીક પાંજરાપોળોમાં આર્થિક કટોકટીને કારણે ઢોરોની યાતનાઓ વધી રહી છે. 'દુઃખ જોઈને દ્રવી ઊઠે અને દુઃખ દૂર કરવા દોડી જાય

એ માણસ.' આ સત્યને સુપેરે સમજેલા આ પરિવારના મોભી જૈનાચાર્ય પૂ.પાદ આચાર્યદેવ રામચંદ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી પ્રેરાઈને દુકાળ રાહત કાર્યોમાં કાર્યરત હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈના ધોળકા ખાતેના કાર્યાલયમાં દોડી આવ્યા હતા. આવીને ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની ૧૫ જેટલી પાંજરાપોળોને ચાલીસ ટ્રક ઘાસ મોકલી આપવાની મૌન ઈચ્છા વ્યક્ત કરી હતી. સંસ્થાએ તો માત્ર નિમિત્ત બનીને એમની ભાવનાને તાકીદના ધોરણે હાથ ધરી સાથ આપ્યો હતો. ધરતી દુકાળથી સૂકી શુષ્ક બનતી જાય છે. તેમ તેમ દયાળુ હૈયે કરુણાની વહેતી ગંગા અનેક અબોલ જીવોના જીવન લીલાછમ બનાવવાની પ્રેરણા પણ આપે જ છે. ઉપરવાળો જે કુટુંબો ઉપર મુશળધાર વરસ્યો છે, તેવા સંપત્તિવાળા આગળ આવશે તો દુકાળની આપત્તિ અવસરમાં બદલાઈ જશે એમાં શંકા નથી જ નથી.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૬,અંક-૨૫,તા.૧૯-૩-૧૯૮૮**

● **કોલ્હાપુર :** પૂ. મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મ.ને ઈસ્લામપુર તરફ જતાં વિહારમાં છ ફીટના ખાડામાં પડી જવાથી હાથે, પગે જે ફ્રેક્ચર થયેલું તે બંનેના સફળ ઓપરેશન બીજા સર્જન ડૉક્ટરોના સહકાર સાથે અત્રેના હાડકાના સ્પેશ્યાલીસ્ટ સેવાભાવી ડૉ. શીરકેના હાથે થતાં પૂ. મુનિરાજશ્રી આબાદ બચી જવાનો સર્વત્ર આનંદ પ્રસર્યો છે. સિદ્ધાંતદિવાકર પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની સાથે પૂજ્ય મુનિવર અત્રે શાતામાં બિરાજે છે. કોલ્હાપુરનો સંઘ ખડે પગે સેવાનો લાભ લઈ સુંદર પુણ્યભાગી બની રહ્યો છે.

### ● ભાયખલામાં શાનદાર આચાર્ય/પદ પ્રદાન સમારોહ...

પ.પૂ. સિદ્ધાંતમહોદધિ આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ પૂ.આ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પુનીત આજ્ઞા તથા આશીર્વાદથી તેઓશ્રીના પ્રશિષ્યરત્ન પ.પૂ.**પં. હેમચંદ્રવિજયજી ગણિવર્ય** ભાયખલા મુકામે ફા.વ. ૩ના રવિવારે આચાર્ય પદ પર આરૂઢ થયા.

તેની ઉજવણીરૂપે અષ્ટાહ્નિકા મહોત્સવ દરમિયાન પ્રથમ દિવસે શ્રી પંચનમસ્કાર મહાપૂજન તથા સ્વામિવાત્સલ્ય રાખેલ. ફા.વ. ૧ ના શુક્રવારે રચાયેલ ભવ્યાતિભવ્ય મહાપૂજાનો સ્વર્ગની સૃષ્ટિ સમો સોનેરી શણગાર... કે જેમાં ● આકર્ષક પ્રવેશદ્વાર ● ચોતરફ ફેલાતી ફૂલોની ફોરમ ● ઈન્દ્ર ઈન્દ્રાણીઓ દ્વારા



પુષ્પવૃષ્ટિથી થતા દર્શનાર્થીઓના દિવ્ય સ્વાગત ● કર્ણકાંત મધુર બેંડપાર્ટી, અત્તરના ફૂવારાઓ ● ઊડતા ગરૂડો ને ખેલતા મયુરોની મનોરમ રચનાઓ ● ઝુલતા ઝુમ્મરો ને પરમાત્માની અનોખી અંગરચના... રૂપેરી રચનાઓ ● રંગોળીઓ ને લાખો ફૂલોથી મઘમઘાયમાન રંગમંડપનું અલબેલું આયોજન હતું... ૯ વાગે પદપ્રદાતા પૂ.આ.શ્રી જિનપ્રભસૂરિ મ.નું સંખ્યાબંધ સાજનો સભર અદ્ભુત સામૈયુ ને મહાપૂજાના ઉદ્ઘાટન બાદ હૈયાના હરખ ને અપૂર્વ ઉત્સાહ ઉમંગ સાથે હજારો પુણ્યાત્માઓ દૂર સુદૂરથી આવી દર્શનીય મહાપૂજાના દર્શન કરી પાવન થયા હતા.

ફા.વ. ૨ ના શનિવારે ૨૦ વિહરમાન પરમાત્માની ભવ્ય રથયાત્રા નીકળી હતી. તેમાં ય નાસિકના ઢોલતાસા લિંમડીવાળા ભરવાડોના દાંડીયારાસ ૨૦ વિહરમાન ભગવાનની શણગાર સજ્જ બનેલી બગીઓ, જોસીલા બેંડો... ઘોડાઓ... અનુકંપાની ગાડીઓ, રથ... ભાવભીની ભક્તિવાહીનીના ભાવુક ભજનો... ને ગગનભેદી નારાઓ દ્વારા વાતાવરણ અતિઉલ્લસીત ને આનંદમય બની ઊઠ્યું હતું. ને સાત સાત દિવસથી હજારો આત્મહૈયા અપૂર્વ ઉમળકા સાથે જેની ઝંખના કરી રહ્યા હતા તે ફા.વ. ૩ નો રવિવાર આવી ગયો. લગ્ન(-મુહૂર્ત) સમય વહેલો હોવા છતાં સવારથી અનરાધાર વરસતી માનવ વૃષ્ટિથી મહોત્સવ મંડપ છલકી ગયો હતો. ક્રિયાકાળની ગમગીન શાંતિ બાદ ઉછામણીના સમયે અદમ્ય ઉત્સાહથી ઉછળતા ગુરુભક્તિ સભર ભાવભીના નારાઓના પ્રચંડ પોકારોએ સૌના દિલ ડોલાવી દીધા... મન મૂકીને બોલાતી પ્રત્યેક ઊછામણીઓનો રંગ જાણે ઈર્ષ્યાથી જંગે ચઢ્યો હોય તેમ એકબીજાથી આગળ વધતો જ રહ્યો... ને અંતે

- આચાર્ય પદ પ્રદાનની એ પુનીત ક્ષણ વખતના જયનાદના ગગનભેદી ગર્જારવો.
- સૌ કોઈના હૈયામાં હીલોળે ચઢેલો અનહદ આનંદ ને, ઉમંગ
- પ્રસંગાનુરૂપ ભાવવાહી ભક્તિગીતો નૃત્યો ને ગહુલીઓ...
- હૈયાના હેત ને અંતરના અગમ્ય આશીર્વાદથી અપાતા અક્ષતનાં વધામણાઓ...
- આ બધું સૌને સદા માટે યાદગાર બની રહેશે...

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૬,અંક-૨૭,તા.૨-૪-૧૯૮૮**

● **જયપુર :** શ્રી મહાવીરજી તીર્થરક્ષા કમિટીના આગેવાન નારાયણલાલજી સ્વર્ગવાસી થતાં એમના પુત્રો ઉત્તમચંદજી અને ભગવાનદાસજીને દીગંબરો સામેના

તીર્થરક્ષાના કેઈસમાં પક્ષકાર તરીકે દાખલ કરવા સામે દીગંબરોએ વાંધો લઈ રાજસ્થાન હાઈકોર્ટમાં જે અપીલ કરેલી તે રદ કરીને હાઈકોર્ટે નિર્ણય આપતાં શ્વેતાંબરો વતી ઉક્ત બે ભાઈઓને પક્ષકાર તરીકે ડિસ્ટ્રિક્ટ કોર્ટે જે દાખલ કર્યા હતા તેને વ્યાજબી ઠરાવ્યું છે. શ્રી મહાવીરજી તીર્થરક્ષા કમીટી, પલ્લીવાલ હાઉસ, ઘીવાલોંકા રાસ્તા જયપુરની તીર્થરક્ષા માટેની કામગીરી અનુમોદનીય છે. આ કામે દેવદ્રવ્યની અથવા અંગત રકમ જો સમિતિને મોકલાય તો તીર્થરક્ષાના કાર્યમાં સારી સહાયક બની એમાં વેગ લાવનારી બનશે.

• **અમલનેર** : સ્વ. પૂ. આચાર્યશ્રી વિજય રૈવતસૂરીશ્વરજી મહારાજા, અજાતશત્રુ સ્વ. પૂ. મુનિશ્રી હિતેશ્વરવિજયજી, સ્વ. સાધ્વીશ્રી રોહિણાશ્રીજીના સંયમજીવનની અનુમોદના અને સ્વ. તપોરત્ન પૂ. આચાર્યશ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજાની દશમી વાર્ષિક સ્વર્ગવાસતિથિ નિમિત્તે અત્રે પૂ. આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિની શુભ નિશ્રામાં ૧૭ છોડના ઉદ્યાપનપૂર્વક અટ્ઠાઈ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. સાધ્વીશ્રી કલ્પનિધિશ્રીજીના ૫૦૦ આયંબિલના તપની અનુમોદના નિમિત્તે નવપદપૂજન ભણાવાયું. સ્વ.પૂ. આચાર્યદેવેશ શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજાના સદ્ભુત અદ્ભુત ગુણોનું વ્યાખ્યાન થતાં શ્રોતાઓ સારા ભાવિત બન્યા. પૂજ્ય આચાર્યદેવશ્રીનું ચાતુર્માસ અમલનેર નક્કી થતા સંઘમાં આનંદ વ્યાપી ગયો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૩૩,તા.૧૪-૫-૧૯૮૮

## ૨૪ તીર્થંકર ભગવાનના કલ્યાણકોનો મહિમા વધારવા એક સુંદર અનુકરણ

• **મુંબઈ**માં સેન્ડહર્સ્ટ રોડ શ્રી ચંદ્રપ્રભસ્વામીના દેરાસરે નીચે મુજબ જાહેરાત લખાયેલ છે.

અત્રે જિનાલયમાં બિરાજમાન ભગવંતશ્રીના કલ્યાણકના દિવસોએ તે તે ભગવંતની પ્રક્ષાલ પૂજાનું ઘી બોલાવાય છે, અને આદેશ લેનારને પ્રક્ષાલ-પૂજાનો લાભ મળે છે. જ્યાં તે તે ભગવંતના પ્રતિમાજી ન હોય તો પંચ ધાતુના ચોવીસી ભગવંતના પ્રક્ષાલ-પૂજાનો લાભ, મૂળનાયકજીના પ્રક્ષાલ-પૂજા સાથે અપાય છે તો આ અનેરો લાભ લેવા સકળ સંઘને વિનંતી છે. લી. શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ તથા શ્રી પ્રાર્થનાસમાજ જૈન સંઘ.



• **અમલનેર** : વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિની પુનીત નિશ્રામાં સ્વ. સાધ્વીશ્રી રોહિણાશ્રીજીના આજ્ઞાવર્તી ચાર સાધ્વીજી મહારાજ તથા બે શ્રાવિકા બેનોના વરસીતપની અનુમોદના નિમિત્તક પંચાહ્નિકા જિનભક્તિ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો, શ્રી ગિરુઆ પાર્શ્વનાથ જૈન મંદિરની ૩૭ મી સાલગીરીની ભવ્ય ઉજવણી થઈ; ધજાના ચઢાવા સુંદર થયા, નૂતન બંધાવાયેલ ઉપાશ્રય અને આયંબિલભવનના નામકરણવિધિ સુંદર રીતે ઉજવાઈ અને ઉપાશ્રયનું નામ પૂ.આ. **શ્રી વિજય યશોદેવસૂરિજી ઉપાશ્રય** રખાયું.

વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશશ્રીની સંવેગ વૈરાગ્યવૃદ્ધિ કરતી લગભગ ૬૮ વાચનાઓની પ્રસાદી પીરસતું **'સ્વાધ્યાયનો સ્વાધ્યાય'** નામનું પુસ્તકનો પ્રકાશન સમારોહ સુંદર રીતે ઉજવાયો. સાધુ સાધ્વીને ભેટ મળશે. ગૃહસ્થોને માટે કિંમત રૂા. ૭/- સાત રખાઈ છે. **પ્રાપ્તિસ્થાન** ભરતકુમાર ચતુરદાસ, ૮૬૮, કાળુશીની પોળ, કાળુપુર, અમદાવાદ-૧.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૩૪/૩૫,તા.૨૮-૫-૧૯૮૮

• **દક્ષિણ મહારાષ્ટ્ર** : વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજય મ. તથા તપસ્વી મુનિરાજશ્રી યશોવિજય મ.ની શુભ પ્રેરણાથી ઈસ્લામપુરા-વડગામની વચ્ચેના તાંદુલવાડી ગામે ઉપાશ્રય કરવાનું નક્કી થયું. જેમાં ઈસ્લામપુરા શ્રી સંઘને પ્રવચનમાં અને મિટિંગમાં સમજાવાતા રૂા. ૮૦૦૦૦/- જેવી ટીપ થઈ, અને તૈયાર મકાન ખરીદાયું... કોરેગાંવમાં પૂ. મુનિવરની પ્રેરણાથી દરેક ચઢાવામાંથી ૪૦% જે સાધારણ ખાતામાં લઈ જવાતા હતા તે દૂર કરવાનું નક્કી થયું; સાધારણના આવકના ઉપાયો યોજવાનું અને પૂર્વના દેવદ્રવ્યના અશુદ્ધ વહીવટની શુદ્ધિ કરવાનું પણ નક્કી થયું. વર્ષોથી પરોણાગત રહેલા શ્રી જિનબિંબોને મુનિવરની પ્રેરણાથી યોગ્ય મુહૂર્તે પ્રતિષ્ઠા કરવાનું નક્કી થતાં સંઘમાં આનંદ પ્રવર્ત્યો છે...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૩૬,તા.૪-૬-૧૯૮૮

• **કોલ્હાપુર** : પૂ. તપસ્વીરત્ન મુનિરાજશ્રી જયસોમ વિજય મ.ની વ.ત.ની

૧૦૬ મી ઓળીના પારણા પર શેઠ કનૈયાલાલ બલદોટાએ ઘરના ૪-૫ જણા સાથે ૧૦૬ દિવસ પ્રતિક્રમણ કરવાનું નક્કી કર્યું. તપસ્વીરત્ન મહારાજને ચતુર્વિધ શ્રી સંઘ સાથે વાજતે ગાજતે પોતાના ઘરે લઈ ગયા. સંઘપૂજન, ગુરુપૂજન, પ્રભાવના, વ્યાખ્યાન આદિથી સારો લાભ લીધો. મુંબઈ-પીંપળગામથી પૂ. મુનિરાજશ્રીના સંબંધીઓ આવ્યા હતા. તેમના તરફથી પૂજા પ્રભાવના રાખેલ...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૩૭,તા.૧૧-૬-૧૯૮૮

## ગુણાનુવાદ સભા

● **અમદાવાદ :-** વૈ.વ. ૧૧ તા. ના રોજ વિદ્યાશાળાના ઉપાશ્રયે સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા શિલ્પશાસ્ત્ર વિશારદ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે બંને મહાપુરુષોના ગુણાનુવાદની સભા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મ. (ડહેલાવાળા), પૂ.આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવર્યોની પાવન નિશ્રામાં રાખવામાં આવી હતી. વિશાળ જનમેદની સમક્ષ ઉપરોક્ત પૂજ્ય આચાર્યદેવોએ તથા પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ, પૂ. મુનિશ્રી હેમરત્ન વિ.મ. આદિએ સ્વર્ગસ્થ બંને આચાર્યદેવોના જીવનપ્રસંગો ભાવવાહી શૈલીમાં રજૂ કર્યા હતા. સુશ્રાવક મફતલાલ પંડિત તથા શેઠશ્રી રમણલાલ વજેચંદે બંને પૂજ્યોના સ્વાનુભવો રજૂ કર્યા હતા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૩૮/૩૯,તા.૨૫-૬-૧૯૮૮

● **એદલાબાદ :** પૂ. આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શુભ હસ્તે થનારી અત્રેના શ્રી જિનમંદિર શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાની તૈયારીઓ શ્રી સંઘ દ્વારા ચાલી રહી છે. ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ, નવકારશી જમણ, સાધર્મિક વાત્સલ્ય, રથયાત્રાનો વરઘોડો તથા ધાપુબેન કસ્તુરચંદ રાંકા નિર્મિત નૂતન જૈન ઉપાશ્રયનું ઉદ્ઘાટન વગેરે ભવ્ય આયોજન નક્કી થયા છે.

● ● ●



## કે.ટી. મહેતા પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટનો માનવરાહત અને જીવદયા સંબંધી કાર્યનો અહેવાલ. (ટ્રસ્ટીની કલમે)

"જિન સેવા સાર્થક ત્યારે જ ગણાય કે જ્યારે
જીવ સેવા અને જન સેવા પણ સાથે જ હોય"

- પ.પૂ. જંબુવિજયજી મહારાજશ્રી

ગુજરાત સતત બીજા વર્ષે પણ દુષ્કાળની યાતનામાં મુકાણું. પશુધન બચાવવાનો એક સહિયારો સઘન મહાપુરુષાર્થ સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ સાથે મળીને આદર્યો. આ સાથે જનસેવાના પણ ઘણાં ઘણાં સત્કાર્યો થયા. અમારા ટ્રસ્ટે, દેવ-ગુરુ કૃપાથી, જીવસેવા અને જનસેવાનો યત્કિંચિત લાભ લીધો છે. આ સમયે વિદેશમાં વસતા આપણાં ભારતીય શ્રેષ્ઠિઓની ઉદાર સખાવતો અને અન્ય સેવાભાવી ટ્રસ્ટોની ગણનાપાત્ર સહાયથી આ કાર્યનું ફલક અમો વધારી શક્યા છીએ. ટ્રસ્ટના કાર્યોની વિગત સંક્ષિપ્તમાં અત્રે આપેલ છે. ગ્રામિણ વિસ્તારમાં સેવાના અમારા કાર્યને અમે વિવિધ રીતે ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.

**નિરણ કેન્દ્રો** (૮,૫૦૦ પશુઓ માટે) : પ્રવર્તમાન સતત ત્રીજા દુષ્કાળના વર્ષમાં પશુધન નિભાવવા અને સારા વરસાદે તે ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી સરકાર અને સમાજે સહિયારો સઘન પ્રયાસ આદર્યો ત્યારે અમારા ટ્રસ્ટે કેટલ કેમ્પ અને નિરણ કેન્દ્રોના વિવિધ પાસાઓનો વિચાર કરી, નિરણ કેન્દ્રો ખોલવાનો નિર્ણય કર્યો. આજ સુધીમાં તબક્કાવાર ૨૦ ગામડાઓમાં નિરણ કેન્દ્રો ખોલેલ છે. જે દ્વારા ૨૦૦૦ લાભાર્થીઓ વચ્ચે ૮૫૦૦ પશુઓનો નિભાવ થયો છે. તા. ૩૧-૫-૮૮ સુધીમાં ૨,૭૬,૮૦૦ મણ (૫૫૩૬ ટન) શેરડીનું બધા નિરણ કેન્દ્રો વચ્ચે વિતરણ કરવામાં આવ્યું છે. આ શેરડી લાભાર્થીઓનો રૂા. ૫/૫૦ મણ લેખે વિતરણ કરવામાં આવે છે, જેનો બજાર ભાવ અંદાજિત રૂા. ૧૧/- થી રૂા. ૧૨/- મણ એકનો છે.

**ઘાસ વિતરણ** (૭૦૦ ટન) : ૭૦૦ ટન ઘાસ મણ એક રૂા. ૧૮/- ના રાહત દરે વિતરણ કરેલ છે જેનો બજાર ભાવ અંદાજિત રૂા. ૨૮/- મણ એકનો છે.

**૮૨ છાશ કેન્દ્રો :** જીવદયાની સાથે જનસેવાના આશયથી મુખ્યત્વે ગામડામાં જ્યાં કોઈ રોજી-રોટીનું સાધન નથી રહ્યું તેવી જગ્યાઓમાં ગરમીના દિવસોમાં દરેક સામાન્ય જનને ઉપયોગી થઈ શકાય તે હેતુથી ૮૨ છાશ કેન્દ્રો ખોલેલા છે. દરેક કેન્દ્ર ઉપરથી સરેરાશ એક કુટુંબને ૧ લીટર છાશ આપવામાં આવે છે. આ રીતે

૧૧૪૫૦ કુટુંબોની અંદાજિત ૫૭૨૫૦ વ્યક્તિઓને છાશ દરરોજ પહોંચાડવામાં આવે છે. આ વિસ્તૃત કાર્યમાં અમોને રાજકોટ જિલ્લાના કલેકટર સાહેબ અને દુષ્કાળ પીડિત સહાયતા સમિતિનો અનેરો સાથે સાંપડ્યો છે. તેઓ દ્વારા ઉક્ત છાશ કેન્દ્રો પૈકી અનુક્રમે ૩૦ અને ૩૫ કેન્દ્રોનું સંચાલન થાય છે. રોજબરોજની વ્યવસ્થા કરી આપવા માટે અમો તેમના આભારી છીએ.

**સુખડી વિતરણ** (૨,૦૦,૦૦૦ કિલો) : ગરીબ-દુષ્કાળમાં પીડાતી ગામડાની પ્રજાને પૌષ્ટિક આહાર રૂપે ચોખ્ખા ઘીની સુખડી બનાવી ૧૫ જૂન ૮૮ સુધીમાં અંદાજિત ૨,૦૦,૦૦૦ કિલો (૨૦૦ ટન) સુખડીનું વિતરણ રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર અને ભાવનગર જીલ્લાઓમાં થશે. આ પૈકી ૩૧ મે ૮૮ સુધીમાં અંદાજિત ૧,૮૦,૦૦૦ કિલોનું વિતરણ થયેલ છે.

**કપડાં વિતરણ** (૧૦૦૦ જોડી) : અમોને દિવાળીબહેન મોહનલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ભેટ મળેલ કપડાં અંદાજિત ૫૦૦ ગરમ સુટનું ભેટ વિતરણ ગામડાઓમાં કરેલ છે. સાથોસાથ તેટલી જ સાડીઓનું પણ ભેટ વિતરણ કરેલ છે.

**રતાંધળાપણું નિવારણ** (૧,૦૦,૦૦૦ ગોળી) : પૌષ્ટિક આહારના અભાવે ખાસ કરીને બાળકોમાં રતાંધળાપણું આવી જાય છે, આ નિવારવા અમોને ભેટ મળેલ ૧,૦૦,૦૦૦ વિટામીન 'એ' ગોળીનું વિતરણ સુખડી વિતરણની સાથોસાથ કરેલ છે.

**કેટલ કેમ્પ - પાંજરાપોળને સહાય** : દુષ્કાળના કપરા-કાળમાં ઘણી બધી સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતાના વ્યાપમાં દુષ્કાળની ભીંસમાંથી પશુધનને બચાવવા જીવદયાનું અનેરું કાર્ય હાથમાં લીધેલ છે. આ કાર્યમાં મદદરૂપ થવા માટે વિવિધ પાંજરાપોળ - કેટલ કેમ્પોને રૂા. ૭,૦૦,૦૦૦/- ની રોકડ સહાય અમારા ટ્રસ્ટ મારફત અપાયેલ છે.

**ઋણ સ્વીકાર** : ૧. અમારા ટ્રસ્ટના માધ્યમ દ્વારા થયેલ આવી વિવિધ પ્રવૃત્તિઓનો ખરો યશ અમારા સ્નેહી શેઠશ્રી કીર્તિલાલ મણીલાલ મહેતા પરિવારને જાય છે. જેઓએ અમારું પીઠબળ બની દાનનો પ્રવાહ વહેવડાવ્યો છે. છાશ કેન્દ્રો માટે ૨૫ ટન મીલ્ક પાવડર અને સુખડી માટે ૨૫ ટન ઘી અને ૫૦ ટન ખાંડ ભેટ આપવા બદલ તેઓના આભારી છીએ. ૨. અમારા લંડનના દાતા શ્રી અરુણભાઈ દોશી (સી.એમ. દોશી ચેરીટેબલ ટ્રસ્ટ)ના અમો ખૂબ આભારી છીએ. જેમણે દરેક કાર્યમાં તન મન ધનથી અમોને હુંફાળો સહકાર આપ્યો છે. ૩. જીવન મંગલમ્ સંઘના સ્વામી મહાદેવાનંદજી અને ભુપેન્દ્રભાઈનો આભાર શી રીતે માનવો ? તેઓના સાથ વગર અમારા કોઈ પણ કાર્યો થઈ શક્યા ન હોત. ૪. નામી - અનામી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓના અમો ખૂબ આભારી છીએ. જેમણે અમારી સાથે સુખડી અને છાશ વિતરણમાં તન મન અને ધનથી સહયોગ આપી આ દુષ્કાળના વર્ષમાં ઉત્તમ કાર્યનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ૫. સૌરાષ્ટ્ર પેપર બોર્ડ પરિવારના અમો ઋણી છીએ જેમણે આ સઘળા કાર્યો માટે અમોને પ્રેરક બળ પૂરું પાડ્યું છે. ૬. અમારા નિરણ કેન્દ્રોના ગામોનો અમો હાર્દિક આભાર માનીએ છીએ જેમણે અમોને આવું કાર્ય કરવાની સોનેરી તક પૂરી પાડી. આ (અમારા ટ્રસ્ટને આપેલ દાન આવકવેરાની કલમ ૮૦ જી મુજબ કર મુક્તિને પાત્ર છે.)



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૪૦,તા.૨-૭-૧૯૮૮

● **મૈસુર** : અત્રેના શ્રી સુમતિનાથજી જૈન મંદિરને સાઠ વર્ષ પૂર્ણ થતાં હોઈ હીરક મહોત્સવ પ્રસંગ વર્ધમાન તપોનિધિ પૂ.આ. દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની શુભ નિશ્રામાં ઊજવવાનો મનોરથ થતાં પૂજ્યશ્રીને બેંગલોર મુકામે વિનંતી કરતાં એઓશ્રીએ પોતાના શિષ્યરત્નો **પૂ. ગણિવર્યશ્રી પદ્મસેનવિજય મ., મુનિવરશ્રી કલ્પરત્નવિજય મ., મુનિવરશ્રી સૂર્યોદયવિજય મ.**ને મોકલવા કૃપા કરી. એઓશ્રી બેંગલોરથી વિહાર કરી પધારતાં ભવ્ય સ્વાગત થયું, પ્રવચન, પ્રભાવના સંઘપૂજનાદિ થયા. જેઠ સુદ-૫ ના રોજ મંદિરજી પર ધ્વજારોપણ બાદ વિશાળ વિશિષ્ટ વરઘોડો નીકળેલ, શ્રી ઉવસગ્ગહરં મહાપૂજન ઠાઠથી ભણાવાયું. પૂ. ગણિવર્યાદિએ અત્રેથી ભદ્રાવતી (જિ. સીમોગા-કર્ણાટક) ચાતુર્માસાર્થે વિહાર કરેલ છે.

● **(અમદાવાદનો એક શિબિર વિદ્યાર્થી હમણાં જ બેંગલોર જયનગરમાં થયેલ શિબિરમાં આવ્યો હતો. એનો પત્ર અત્રે સમાચારરૂપે છાપીએ છીએ-સંપાદક)**

તા. ૧૮-૬-૮૮, અમદાવાદ.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ચરણ કમલમાં ૧૦૦૮ વંદના સ્વીકારશોજી. આપ સુખશાતામાં હશો, એવી જ અભિલાષા છે.

આપની નિશ્રામાં જે જ્ઞાન અને વાત્સલ્યના અમી ઝરણાં પ્રાપ્ત થયાં એના દ્વારા જીવન સુવાસમય બની ગયું છે.

રોજ પ્રાતઃ ઊઠીને પ્રતિક્રમણ-ભક્તામર, બાંધી નવકારવાળી (ત્રણ ગઢના સમવસરણનું સ્મરણ કરી)નો જાપ કોઈ પણ કાર્ય પહેલાં, 'નમો અરિહંતાણં'નું

સ્મરણ, રોજ એક ટાઈમ પ્રતિક્રમણ ભગવાનનો ચરણ સ્પર્શ, ચૈત્યવંદન આદિ આરાધના કરતા **ધર્મદૃષ્ટિ જીવન સાગરમાં પથરાયેલાં મહા શૂન્યવાદમાં ઉલ્લાસની લહેરો વહેવા માંડી છે.** જીવન જીવવાની મજા આવવા માંડી છે.

અને આમાંય આપે જે સૂત્ર આપેલું "જલ જલ મેરા તન તું જલે તો મેરે કર્મ જલે" એને તો મેં જીવનનો Sentiment તરીકે અપનાવી લીધો છે. જ્યારે પણ કોઈ તકલીફ કે દુઃખ સમીપ આવે - ત્યારે હું આ જ સૂત્રનું સ્મરણ કરું છું અને દુઃખ ટળી જાય છે.

ચિરાગ પી. શાહ, 'પાયલ' આપનો દર્શનાભિલાષી, **ચિરાગ**
સી-૪ લાવણ્ય સોસાયટી, નવા વિકાસગૃહ, પાલડી, અમદાવાદ-૭.

## "દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૩૬,અંક-૪૧,તા.૯-૭-૧૯૮૮

૪૦૦૦૦ પશુઓની રક્ષા અને હજારો માનવોની રાહતનું કાર્ય જેમની માનદ રાહબરી નીચે ચાલી રહ્યું છે તે જીવદયાપ્રેમી શ્રાદ્ધરત્ન કુમારપાળ વિ. શાહના પત્રનો ઉપયોગી અંશ અત્રે પ્રગટ કરીએ છીએ. પત્ર પોતે જ ઘણું ઘણું કહી જાય છે.

**પત્ર :** આ તરફના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સારો કહેવાય તેવો પહેલો વરસાદ તો શું વાછોટ પણ ઊડી નથી. બધું સુકુભઠ પડ્યું છે. સૌના જીવ હવે ઊંચા થયા. ધારણાઓ ધરાશાયી થતી જોઈને ધ્રૂજી જવાય છે. વૈજ્ઞાનિકોના મંતવ્યો અને વરતારાઓ એમની વિરુદ્ધ જતા દેખાઈ રહ્યા છે. અમને પણ પાકી પૂર્ણ શ્રદ્ધા હતી કે ૧૫ જૂન સુધીમાં તો ગુજરાતનું આકાશ રીઝી જશે. એ હિસાબે અમે ઘાસ સ્ટોક, માણસ વ્યવસ્થા ઈત્યાદિ ગોઠવ્યું હતું. આજે ૨૩મી જૂનની સમી સાંજે ગોડાઉન છે પણ ગોડાઉનમાં ઘાસ નથી તે છતાં ય કેમ્પોમાં ઢોર છલોછલ ભર્યા પડ્યા છે. આજે અમો બધા કાર્યકરો તાકીદની વિચારણા કરવા માટે ભારે હૈયે સાથે બેઠા હામ અને હિંમતપૂર્વક ૩૦ જૂન સુધી દૃઢતા અને ધીરતાપૂર્વક કામ આગળ ધપાવવાનો મક્કમ નિર્ધાર કરીને ચોતરફ ઘાસ ખરીદી માટે દોડી ગયા છીએ. ખરીદીમાંથી આવીને ભારે માનસિક તાણ તનાવ અને ટેન્શનના બોજ નીચે આપને આ પત્ર લખી રહ્યો છું.

**દ. કુમારપાળ વિ. શાહના આત્મવંદન** ૩૬ કલિકુંડ સો. **ધોળકા.**



## "દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૩૬,અંક-૪૨,તા.૧૬-૭-૧૯૮૮

● **ભાલક :** પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ. આદિ ઠાણા દ્વિ. જેઠ સુદ ૯ ના દિવસે પોતાની જન્મભૂમિમાં પધાર્યા હતા. તે નિમિત્તે હૈદ્રાબાદ-અમદાવાદ આદિ સ્થળોએથી ભાલકના વતનીઓ દોડી આવ્યા હતા. ગામના દરેક ઘરો પણ ખુલી ગયા હતા. સવાર-બપોર-સાંજે ત્રણે ટાઈમ સકલ શ્રી સંઘનું સાધર્મિક વાત્સલ્ય સ્વ. શ્રી જોઈતારામના સુપુત્રો રમણિકભાઈ તથા રજનીભાઈ (હૈદ્રાબાદ) તરફથી રાખવામાં આવ્યું હતું. પૂ.શ્રીનું સામૈયા પછી પ્રવચન બપોરે પૂજા સાંજે પુનઃ પ્રવચન, અને રાત્રે ભાવના આદિ ભરચક કાર્યક્રમ રહ્યો. ગામના સરપંચશ્રીની વિનંતીથી સ્કૂલના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો માટે એક પ્રવચન શાળાના પટાંગણમાં પણ રાખવામાં આવ્યું હતું. પૂજ્ય મુનિરાજશ્રી પાલનપુર થઈને ડીસામાં અષાઢ સુદ ૬ ના ચાતુર્માસ પ્રવેશ કરશે.

(પત્ર વ્યવહાર સરનામુ - રમેશચંદ્ર રમણિકલાલ, ગાંધીચોક, નવા ડીસા)

● **બલસાણા તીર્થ** (જિ. ધુળિયા) : અત્રે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ રાજેન્દ્રસૂરિવર મ. તથા પૂ. મુનિરાજ શ્રી વિદ્યાનંદ વિજયજી મ.ની પુણ્યનિશ્રામાં શ્યામવર્ણના મનોરંજક શ્રી વિમળનાથ ભગવાનના પ્રભાવક પ્રતિમાજી બડી ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠિત થયા પછી આ ભગવાનના અધિષ્ઠાયક યક્ષ યક્ષિણી આદિની જાગૃતિ સારી લાગે છે એમ નીચેના ચમત્કારિક પ્રસંગોથી સમજી શકાય છે.

(૧) જમીનમાંથી ભગવંતના પ્રતિમાજી મળ્યા. મૂર્તિ ઘણી ભારે. કેટલાય માણસોથી ઉઠાવવી મુશ્કેલ પડી છતાં નવકાર અને પ્રભુના નામ-જાપપૂર્વક પ્રભુને પ્રાર્થના કરી પછી ઉઠાવતાં માત્ર બે જ વ્યક્તિ ઉઠાવી શકી.

(૨) એક પડોશીએ 'મંદિરનો પાયો પોતાનો વિઘ્નકર્તા છે' એવું સમજી પાયો પૂરી દીધો. બીજે જ દિવસે કેમ જાણે એને અચાનક આફત આવી તે ભાઈને પોતાના દુષ્કૃતનો પશ્ચાત્તાપ થયો, એ ભગવાનના ભક્ત બન્યા.

(૩) ગામ નાનકડું છતાં કામ ઉપાડતાં પ્રભુના પ્રભાવે રૂા. ૫-૭ લાખ જેવી રકમ દેરાસરજી આદિ માટે બહારથી મળી ગઈ.

(૪) નવ ઉપવાસના પારણે એક ઈતર બાઈ અવાચક અને મડદા જેવી બની ગઈ હતી. ભગવાન શ્રી વિમળનાથના નામપૂર્વક મંત્રિત રાખ લગાડવાથી સાજી થઈ ગઈ.

(૫) ચાર માણસ માટે જ ખીચડી બનાવાયેલી. સૂર્યાસ્ત પૂર્વે યાત્રિક મહેમાનો

આવ્યા... નવી રસોઈ બનાવવાનો વખત નહોતો. શ્રી વિમળનાથ ભગવાનને પ્રાર્થનાથી બધાએ પેટ ભરીને ખાધું ! ઘરના પણ બધા જમ્યા ! અને છતાં રસોઈ વધી !

(૬) બે વેપારી બલસાણા યાત્રાર્થે આવતા હતા. ભયંકર ગરમીના કારણે અને માર્ગમાં પાણી ન મળવાથી તરસ લાગેલી એમાં ૪-૫ કિલોમીટર ધૂમ તાપમાં ચાલવાના પ્રસંગથી તરસ ઓર વધી. રસ્તામાં મુસાફર મળ્યો એણે ખેતરમાં લઈ જઈ પાણી પાયું. બધા સાથે ચાલ્યા. વેપારીએ પાછળ જોયું તો મુસાફર અલોપ !

(૭) મુનિશ્રી કુલવર્ધનવિજયજીનો ગળાનો દુઃખાવો, તાવ વગેરે શ્રી વિમળનાથ ભ.ના જાપથી દૂર થયો.

(૮) બલસાણાના એક નાના વ્યાપારીને પાછી ન મળી શકે એવી ઉઘરાણી ભગવંતની પૂજા શરૂ કરી એટલે તુરત જ મળી ગઈ.

(૯) કમળીના સિરિયસ દર્દી એક બેનને ભગવાનના જાપથી નિરોગિતા મળી.

(૧૦) પ્રતિષ્ઠાના દિવસો નજીક હતા. પણ પ્રભુની બેઠક સાથે પરિકરનું લેવલ કેમે ય મળતું નહોતું. સોમપુરાએ ભગવાનને પ્રાર્થના કરી તો પરિકર તુરત જ ફીટ થઈ ગયું.

(૧૧) નંદરબારના એક વ્યાપારીના પત્નીને બલસાણા જિનમંદિર દર્શનથી વ્યંતર સંબંધી ઉપદ્રવ દૂર થયો.

(૧૨) દારૂના વ્યસની એક ભાઈને ઘરમાં કોઈ ચાહતું નહોતું. અત્રે શ્રી જિનમંદિરે દર્શન કરવાનું શરૂ થતા ઘરનાનો અણગમો અને દારૂ બંને દૂર થયા.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૪૩/૪૪,તા.૩૦-૭-૧૯૮૮

● **અમલનેર :** ૩૦-૬-૮૮ ને દિવસ લગભગ ૧૦૦૦ ઘરની વસ્તીનું ગામ સાહુખેડામાં અચાનક આગ લાગી. ૭૫ ઘર બળીને રાખ થઈ ગયા. ગરીબ લોકો નિરાધાર બની ગયા. અમલનેર સમાચાર પહોંચ્યા... પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી અમલનેર શ્રી સંઘ નિરાધાર લોકોની સહાયે દોડ્યો... સારી એવી ટીપ થઈ અને જેમના ઘર બળી ગયા હતા... તે નિરાધાર પરિવારને ૧ બોરી જુવાર, ૮-૧૦ દિવસ ત્રણ ટંક જમવાની વ્યવસ્થા, વાસણો, કપડાં આદિ અપાયાં.

બેંગલોર બિરાજમાન વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સાહેબને સમાચાર પહોંચતા તેઓશ્રીની પ્રેરણાથી પણ સારી એવી રકમ બેંગલોર સંઘ તરફથી અનુકંપાદાનમાં પહોંચાડાઈ હતી...



## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૬,અંક-૪૬,તા.૧૩-૮-૧૯૮૮

● **બેંગ્લોર :** પરમ શાસન પ્રભાવક વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ જ્યારથી બેંગલોર નગરમાં પધાર્યા ત્યારથી અત્રેની જૈન જનતામાં આરાધનાનો અનેરો ઉલ્લાસ આવી ગયો છે. પૂજ્યશ્રી ગાંધીનગરમાં બિરાજમાન હતા ત્યારે રોજના ત્રણ ટાઈમ પ્રવચનથી ગાંધીનગર શ્રી સંઘમાં અપાર આનંદ ફેલાયો હતો. અષાઢ સુદ-૭ ના દિવસે પૂજ્યશ્રીનો વિશાળ પરિવાર સહિત ચિકપેટમાં શાનદાર સ્વાગત સહિત પ્રવેશ થયો. શ્રી સંઘમાં માંગલિકના સેંકડો આયંબિલ થયેલા. પૂજ્યશ્રીના પાવન પ્રવેશથી જ આખા ચોમાસા માટે રોજના એક અટ્ઠમની આરાધના તથા સાંકળીબદ્ધ અઠ્ઠાઈનો પ્રારંભ થયો. ભાવિકોએ તપસ્વીઓના બહુમાનરૂપે વિવિધ પ્રભાવનાની પણ જાહેરાત કરી હતી.

પછીના રવિવારે સકળસંઘનું જાહેર પ્રવચન થયું. તેમાં ૧૬ રવિવારીય શિબિરનું આયોજન નક્કી થયું. શિબિર-કાર્યકર્તા યુવાસંયમી શ્રી કુમારપાળ વિ. શાહનું રાત્રે ૮-૩૦ થી ૯-૩૦ સુધી સુંદર જોરદાર ભાષણ થયું. યુવાનોની શિબિરમાં પૂ. આચાર્યદેવ આદિ પ્રવચન આપશે, બેનોની શિબિરમાં પૂ. સાધ્વીજી મ. પ્રવચન આપશે.

ચોમાસી ચૌદશના દિવસે પૂજ્યશ્રીની નિશ્રામાં સૂત્ર વહોરાવવાની જોરદાર રેકર્ડરૂપ બોલીઓ થઈ. કુલ ૧૦ હજાર મણ ઘી થયું. આ જ દિવસથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની આરાધનાના અટ્ઠમ થયાં જેમાં ૫૦૦ ઉપર આરાધકોએ તપ કરી જાપ કર્યો. બધા આરાધકોને આગળથી અંતરપારણારૂપ ભક્તિ નિમિત્તે ૫૦૦ ગ્રામ ગુંદરપાક અપાયો હતો.

ઉપદેશમાળા તથા સમરાઇચ્ચ કહા (સમરાદિત્ય કેવળી ચરિત્ર) આ બે શાસ્ત્રોનું વાચન અષાઢ વદ બીજથી શરૂ થયું છે. આ રીતે પૂજ્યશ્રીના પાવન પગલે કર્ણાટકની ધરતી ધર્મપ્રકાશથી રોશનીમંત બની છે...

● **બેંગલોરમાં રવિવારીય શિબિર** અત્રે પરમારાધ્યપાદ વર્ધમાનતપોનિધિ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબની પાવન નિશ્રામાં ઉપદેશમાલા શાસ્ત્ર વાંચન તથા ભાવનાધિકારે સમરાદિત્ય કેવળી ચરિત્રનું વાંચનનો પ્રારંભ

ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયો હતો. પૂજ્યશ્રીની પાવનકારી છત્રછાયામાં અનેક આરાધકો અઠ્ઠાઈતપ, મોક્ષદંડકતપ, સિદ્ધિતપ આદિ આરાધના કરી રહ્યા છે.

રવિવારના બપોરના ૨ વાગે દીપક પ્રજ્વલનપૂર્વક યુવકોની ૧૯ રવિવારીય શિબિરનો પ્રારંભ થયો. સમય પૂર્વે જ પૂજ્યશ્રીની વાણી સાંભળવા આખો હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો... અડધા લોકોને નીચે મેદાનમાં જ ઊભા રહેવું પડેલ. ચત્તારિમંગળ અને મંગળ પ્રાર્થનાપૂર્વક પ્રોગ્રામ શરૂ થયો. દીપક પ્રજ્વલન કરનાર તથા પુસ્તક વહોરાવનાર દાતાઓએ શિબિર માટે સારી રકમની જાહેરાત થઈ. ૪ા વાગ્યા સુધી સુંદર કાર્યક્રમ ચાલ્યો. પૂજ્યશ્રી આદિના જીવનમાં ધાર્મિક શિક્ષણ સંસ્કરણની મહત્તા અંગે પ્રભાવક પ્રવચન થયાં. એક ભાઈ તરફથી પધારેલા પ્રત્યેકની સાધર્મિક ભક્તિ થઈ... શિસ્તપાલનાર્થે શ્રી સંઘે શિબિરની પ્રવેશ ફી રાખી હોવા છતાં છપાયેલ બધા જ પાસ વહેંચાઈ ગયા... હવે, બીજા નવા પાસ છપાવવાની વાત ચાલી છે. સોમવારના દિવસે પ્રવર્તકરત્ન પૂજ્યપાદ યોગીન્દ્રવિજયજી મ. સાહેબની ૧૦૦ મી ઓળી એકવાર પૂર્ણ થયા પછી ફરીથી કરેલ ૪૦ મી ઓળીનું પારણું અઠ્ઠમતપ ઉપર આવ્યું. ચતુર્વિધ સંઘ સાથે તપસ્વીના બહુમાન માટે બોલી બોલવાની ખૂબ સ્પર્ધા ચાલી ને ૧૫ હજાર રૂા. સુધી પહોંચી. બોલી લેનાર ભાગ્યશાળીને ત્યાં પૂજ્યશ્રી સહિત સકલ શ્રી સંઘ વાજતેગાજતે પધાર્યો... ત્યાં ગુરુપૂજન-સંઘપૂજન થયા... ત્યાં આયંબિલો કરવાનો અભિગ્રહ અપાયા. આ રીતે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં અહીં ધર્મની ફૂલબહાર ખીલી છે.

## ● પાદરલી (રાજ.)માં અભૂતપૂર્વ ઉત્સવ... આચાર્ય પદ-પ્રદાન અને ૧૧ દીક્ષાઓનો પ્રસંગ...!

પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના આદેશથી મેવાડદેશોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. પંન્યાસજી **શ્રી ગુણરત્નવિજયજી ગણિવર**ને જિનશાસનની શાનસમી આચાર્ય પદવીથી અલંકૃત કરાયા. રાજસ્થાનની ધરા ધન્ય-ધન્ય બની ગઈ... રાજસ્થાનના આગેવાનો હર્ષવિભોર અને ગાંડા-ઘેલા બની ગયા...

પંન્યાસપ્રવરશ્રીના સાંસારિક ભાઈ શેઠશ્રી તિકમચંદજી અને ભત્રીજા શ્રીયુત્ જિનદાસજીની આગ્રહભરી વિનંતીથી આચાર્ય પદ-પ્રદાન મહોત્સવ જન્મભૂમિ પાદરલી (જિ. જાલોર (રાજ.))માં જ કરવાનો નિર્ણય લેવાયો.

● **સોનામાં સુગંધ :** આજ પ્રસંગે અપૂર્વ ભાગ્યોદયે ૧૧ દીક્ષાઓ અને ૨



વડી દીક્ષાઓનો પણ અવસર સાંપડ્યો... ભાવનગર (દાઠા)ના મુમુક્ષુ શ્રી ભોગીભાઈ સલોત, શ્રીમતી ગુણીબેન ભોગીભાઈ સલોત, હર્ષાકુમારી ભોગીભાઈ, તખતગઢ નિવાસી શ્રી ચંદનમલજી, શ્રીમતી મંછાબેન ચંદનમલજી, મણોરા નિવાસી સંજયકુમાર અને કુસુમકુમારી (ભાઈ-બેન), તખતગઢ નિવાસી લીલાકુમારી, ભંવરીકુમારી, પાદરલી નિવાસી વાસંતીકુમારી અને દમયંતીકુમારી (બંને સગીબહેનો)ની દીક્ષા દ્વિ જેઠ સુદ-૧૦ ના દિવસે કરાવવાની જય બોલાઈ. દિવસે દિવસે મરુદેશમાં... જ્યાં પાણીના બુંદ-બુંદ માટે માણસો તરસતા હોય ત્યાં વૈરાગ્ય-રસનો ધોધ વહાવતા પૂજ્ય ગુરુદેવનો પુણ્ય પ્રતાપ જ છે કે આજે ઠેર-ઠેર ભર-જોબનમાં વિષય સુખોને લાત મારીને નીકળી જતા મુમુક્ષુઓ દેખાય છે.

રાજસ્થાનનું આ પરમ સૌભાગ્ય છે... હજી તખતગઢની ૧૨ દીક્ષાઓનો અનેરો ઠાઠ ગાજી રહ્યો હતો ત્યાં તો આ નવો પ્રસંગ નજીકના જ પાદરલીમાં આચાર્યપદવીની સાથે ૧૧ દીક્ષાઓનો બન્યો એ ખરેખર સોનામાં સુગંધી મળ્યા જેવો થયો.

● **શુભ પ્રવેશ :** મેવાડદેશોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મ. તથા યુવક જાગૃતિપ્રેરક પૂ. પંન્યાસપ્રવરશ્રી ગુણરત્ન વિ.મ. આદિ અને વિદુષી સાધ્વીશ્રી પુણ્યરેખાશ્રીજી અને પૂ.સા. પદ્મસેનાશ્રીજી આદિ ૫૪ સાધુ-સાધ્વીઓનો દ્વિ જેઠ સુદ-૪ તા. ૧૮-૬-૮૮ ના દિવસે પાદરલીનગરમાં ભવ્ય પ્રવેશ થયો. એ સામૈયામાં બેન્ડબાજા, ૩૬ બેડાવાળી બેનો, વિશાલ સાજન શોભી રહ્યું હતું. ૩૬ ગહુંલી થઈ અપાર માનવમેદની ઊમટી પડેલી... ઉપાશ્રયમાં પ્રવેશ કરી, પૂજ્ય ગુરુદેવોએ સુમધુર વચનોવડે જનતાને સંબોધી...

● **મંગલ મહોત્સવ :** દ્વિ જેઠ સુદ-૪ થી અઠ્ઠાઈ મહોત્સવનો શુભારંભ થયો. પૂજા અને ભાવનાઓમાં સંગીતકાર, ઓરકેસ્ટ્રા કલાકારો, સંગીતની રમઝટ મચાવતા, આખા ગામમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ. પાદરલી સંઘના કાર્યકરોમાં દરેક પ્રસંગને દીપાવવાની ભાવના રમી રહી. ગલી ગલીમાં તોરણો અને લાઈટોના ડેકોરેશનથી પાદરલી એક દેવનગરી સમી બની ગઈ હતી. ૪૫ આગમોના છોડ સાથે વિશાળ ઉજમણું જેમાં સમવસરણ, ૫ ભંડાર, ૫ પાલખીઓ અને ચૌદ સ્વપ્નોના ૩ સેટ વગેરે ઉપકરણોનો સંગ્રહ, આધ્યાત્મિક જ્ઞાન પ્રદર્શિની, મહારાષ્ટ્રના કલાકારોના હાથે કંડારાયેલી રંગોળી, મુકુન્દની રચનાઓ અને અનેક અભૂતપૂર્વ વિશેષાકર્ષણ સાથે Electronics ના ચલચિત્રનું પ્રદર્શન હતું. દરરોજ પૂજ્યોના પ્રવચનોમાં જૈન-જૈનેતર પ્રજા એકરસ બનતી. આ પ્રસંગ પર મુંબઈ, અમદાવાદ, કલકત્તા, જોધપુર, બીકાનેર આદિ વિવિધ ગામ-નગરોમાંથી ભક્તજનો આવ્યા હતા.

જેઠ સુદ-૯ મુમુક્ષુઓના ઘરે પગલા થતાં પૂજ્ય મેવાડદેશોદ્ધારક આચાર્યદેવશ્રીના પ્રેરક પ્રવચન પછી મુનિશ્રી રવિરત્ન વિ. મહારાજે ભાવવાહી શૈલીમાં ગુરુદેવશ્રીના ગુણાનુવાદ કર્યા. મુનિશ્રી સંયમરત્ન વિ.મ. એ પોતાની જોશભરી વાણીનો રસથાળ પીરસ્યો અને ત્યાર પછી મુનિશ્રી રશ્મિરત્ન વિ.મ.સા.એ જનતાને સારી ઉદ્‌બોધિત કરી. એનાઉન્સર ઓમપ્રકાશના સફળ સંચાલનથી પ્રજા એકતાન બની ગઈ. એમના મુખથી દરેક પ્રવચનની પૂર્વે પ્રવચનકાર મુનિઓનો પરિચય અને પ્રવચનના અંતે તેના સારભૂત તથ્યોની જાણની સાથે જ પ્રસંગાનુરૂપ શેર-શાયરીઓનો પ્રજા રસાસ્વાદ કરતી. અંતે ભાવિ આચાર્ય પંન્યાસપ્રવરશ્રીના કર્મ મર્મભેદી પ્રવચનો સાંભળી જનતા જનાર્દન અત્યંત ભાવવિભોર બની ગઈ હતી.

દીક્ષાર્થીઓનો રોજ સંધ્યા દર્શન, ચૈત્યપરિપાટી (બંદોલી) રાખવામાં આવી હતી. બે હાથી, ઘોડા, રથ અને શણગારેલી ગાડીઓ સાથે વરસીદાનનો વરઘોડો ચડ્યો. ચોમેર ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ ! મુમુક્ષુઓ શણગારેલી ગાડીઓમાં શોભતા હતા. એ દિવસે જિનમંદિરની મહાપૂજાના દર્શનાર્થે મોડી રાત સુધી પ્રજા ઉમટેલી... જેના એક વિશિષ્ટ આકર્ષણમાં ૪૫ ફૂટ લાંબો બોગદો (ટનલ) એમાં વિવિધ પૂતળીઓની રચનાઓ આદિ હતું. શ્રી આદિનાથ પ્રભુની હીરામોતી અને સોનાના વરસની મનમોહક આંગીઓ રચાયેલી.

### • દ્વિ. જેઠ સુદ-૧૦ની ધન્યઘડી... ધન્યપળ... •

આજ ખરેખર સોનાનો સૂરજ ઊગ્યો-ગામ બહાર સ્કૂલના પ્રાંગણમાં બંધાયેલા મંડપમાં વાજતે ગાજતે ગુરુદેવો પધાર્યા. મંડપના ખૂણા-ખૂણામાં હર્ષ વ્યાપી ગયો. જય-જયકારના ગગનભેદી નાદો થયા. હકડેઠઠ વિશાલ મંડપ ભરાઈ ગયેલ. પૂજ્ય ગુરુદેવો સ્ટેજ ઉપરની પાટ પર બિરાજીત થયા. માઈક પર કોમેન્ટ્રી આપનાર ઓમપ્રકાશભાઈ ઊભા હતા. આચાર્યદેવ શ્રી વિજય જિતેન્દ્રસૂરી મ.સા.ના વરદ હસ્તે આચાર્ય પદવી દીક્ષા-વડીદીક્ષાઓની ક્રિયા ચાલુ થઈ... પંન્યાસ-પ્રવરશ્રીને બૃહદ્‌નંદી સૂત્ર સંભળાવવાનો લાભ મુનિશ્રી રશ્મિરત્ન વિ.મ.ને મળ્યો. દરમિયાન આચાર્યપદ અને દીક્ષા-મહોત્સવના બે વિશેષાંકો "જય સોમનાથ" અને "જય જલંધર" ભાવિકોના હાથમાં પહોંચી ગયા, તેથી જ્યારે દીક્ષાની ક્રિયા શરૂ થવા માંડી ત્યારે દરેક દીક્ષાર્થીનો પરિચય વિશેષાંક દ્વારા અને એલાઉન્સમેન્ટ દ્વારા મળતાં, લોકોમાં ઉત્સુકતા વધી, બધા એકતાન થઈ સાંભળતા હતા. ઓઘો મળતાની સાથે જ મુમુક્ષુઓ નાચી ઊઠ્યા. ત્યાર પછી આચાર્યપદ-પ્રદાનની શેષ ક્રિયા પૂરી કરવામાં આવી. આસન, સૂરીમંત્રનો પટ, કાંબલી, ગુરુપૂજનના ચઢાવા અદ્‌ભુત થયા.



નૂતન દીક્ષીતોને પાતરા વહોરાવવાનો ચઢાવો પણ ખૂબ જ ઉમંગથી બોલાયો.

શ્રીયુત્ ઓમપ્રકાશની સુંદર કોમેન્ટ્રીથી દૂર-દૂર બેઠેલા માણસોને પણ સ્ટેજ પરના પ્રોગ્રામની મિનિટ-મિનિટની જાણકારી સારી રીતે ને સરળતાથી મળતી. આચાર્યપદની અંતિમ વિધિ રૂપે સૂરિમન્ત્ર સંભળાવ્યા બાદ મેવાડદેશોદ્ધારક આચાર્યદેવશ્રી વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.એ ચતુર્વિધ સંઘ સાથે નૂતન આચાર્યશ્રીને દ્વાદશાવર્ત વંદન કર્યા. તે વખતે જિનશાસનની નિરાળી અને અનુપમ વિધિનો સાક્ષાત્કાર જનતાને થયો. તે વખતે પોતાના ગુરુદેવ આચાર્યદેવશ્રીના વંદન લેતા નૂતન આચાર્યશ્રીના આંખોમાં આવેલા આંસુઓ બધાની આંખોમાં પ્રતિબિંબિત થયા...

તે પછી ચાતુર્માસ માટે ઉદયપુરના સંઘે અને પાલીના સંઘે ખૂબ જ આગ્રહભરી વિનંતી કરી. પૂ. ગુરુદેવ વર્ધમાન-તપોનિધિ આચાર્યદેવશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી મેવાડદેશોદ્ધારક આચાર્યદેવશ્રીના ચાતુર્માસની જય ઉદયપુર માટે બોલાઈ અને પાલી માટે નૂતન આચાર્યદેવશ્રી અને સાધ્વીરત્ના પુણ્યરેખાશ્રીની જય બોલાઈ. સર્વત્ર જયજયકારનો નાદ પ્રસરિત થયો.

મહોત્સવની સમાપ્તિ બાદ પ.પૂ. મેવાડદેશોદ્ધારક શ્રી આચાર્યદેવશ્રીનો વિહાર રાની... દયાલશાહકિલ્લા તરફ થયો અને ઉદયપુરમાં અષાઢ સુધી ૧૧ ના ઉત્સાહપૂર્વક ચાતુર્માસ પ્રવેશ થયો.

યુવક-જાગૃતિપ્રેરક નૂતન આચાર્યદેવશ્રીનો વિહાર તખતગઢ તરફ થયો. ત્યાં હજારીમલજી પન્નાજી હાડા તરફથી ૧૦ વડીદીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું.

### • નૂતન મુનિઓ અને સાધ્વીજી ભગવંતોના નામ •

ભોગીભાઈ - મુનિશ્રી ભાગ્યેશરત્ન વિ.મ.સા., ચંદનમલજી - મુનિશ્રી દેવેશરત્ન વિ.મ.સા., સંજયકુમાર - મુનિશ્રી જિનેન્દ્રરત્ન વિ.મ.સા. ગુણીબેન - સા. ગીર્વાણરેખાશ્રીજી; મંછાબેન - સા. મધુરરેખાશ્રીજી. લીલાકુમારી ! સા. લલિતાંગરેખાશ્રી; ભંવરીકુમારી - સા. ભાવિતરેખાશ્રીજી; વાસંતીકુમારી - સા. વિરક્તરેખાશ્રીજી; દમયન્તીકુમારી - સા. હેમંતરેખાશ્રીજી, કુસુમકુમારી - સા. કલ્પેશરેખાશ્રીજી. હર્ષાકુમારી - સા. હિતજ્ઞરેખાશ્રીજી. રાખવામાં આવ્યા.

તદનંતર નૂતન આચાર્યદેવશ્રી વિહાર કરતા ગુંદોજ પધાર્યા. ત્યાં અષાઢ સુદી ૬ ના દિવસે ભાવિતરેખાશ્રીજીની વડી દીક્ષા કરવામાં આવી. ત્યાર પછી નૂતન આચાર્યદેવશ્રીનો અષાઢ સુદી ૯ ના દિવસે ધામધૂમપૂર્વક પાલી નગરમાં ચાતુર્માસ હેતુ પ્રવેશ થયો.

● **નવા ડીસા :** વર્ધમાનતપોનિધિ પરમશાસનપ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજય મ. આદિ ઠાણા અત્રે ચાતુર્માસાર્થે પધારતા અહીં જૈનો તેમજ સમગ્ર ભારે આમ જનતામાં ધર્મની ભારે મોસમ આવી છે. રવિવારીય જૈન મહાભારત પરના જાહેર પ્રવચનોમાં ૭૦૦૦ જેટલા શ્રોતાની હાજરી, દૈનિક પ્રવચનમાં ૧૫૦૦ લગભગ હાજરી વિરાટ હોલ પણ નાનો પડે છે. શિશુશિબિરમાં ૭૦૦ બાળકોની ઉપસ્થિતિ યુવાશિબિરમાં ૩૦૦ યુવાનોની હાજરી, ૨૪ તીર્થંકર શ્રેણીતપ, ૪૫ આગમ તપ, જિનાલયમાં મહાપૂજા, આરતી, ૩૦૦૦ જેટલા નરનારીઓના રાત્રિભોજન ત્યાગના પચ્ચક્ખાણ વગેરેથી વાતાવરણમાં ધર્મની શરણાઈ ગુંજી રહી છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૭,અંક-૫/૬,તા.૮-૧૦-૧૯૮૮**

● **વડનગર :-** વડોદરાના જીવદયાપ્રેમી પ્રજાવત્સલ સયાજીરાવ ગાયકવાડ સરકારે મહેસાણા જિલ્લાના જુદા જુદા ૧૫ ગામોના પવિત્ર તળાવોમાં માછલાં પકડવા-મારવાના પ્રતિબંધ જાહેર કરેલ. મહેસાણા જિલ્લાના કલેકટરે એક હુકમ દ્વારા આ પ્રતિબંધ રદ કરી માછલા પકડવા આદિનું ખુલ્લું કરેલ છે. તમામ અહિંસાપ્રેમીઓએ આ અમાનુષી નિર્દય હુકમ સામે અવાજ ઉઠાવવો ખૂબ જરૂરી છે.

નાનકડો શ્રી વડનગરનો સંઘ આ હુકમ રદ કરાવવા માટે અથાગ મહેનત કરી રહ્યો છે. એને આર્થિક સહાયની પણ જરૂર છે.

જિલ્લા કલેકટરશ્રીને અપીલ છે કે અહિંસાપ્રેમી જનતાની લાગણી લક્ષમાં લઈ પુનઃ તળાવ પરની માછીમારી બંધ કરાવે. યાદ રહે અબોલ જીવોની રક્ષામાં જ પ્રજાની આબાદી અને રાજ્યની સહીસલામતી છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૭,અંક-૭,તા.૧૫-૧૦-૧૯૮૮**

શાસન પ્રભાવક વર્ધમાન તપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ મહારાષ્ટ્ર-ગુજરાત-રાજસ્થાન-કર્ણાટક આદિ સ્થળોએ પોતાના આજ્ઞાવર્તી મુનિવરો આદિને ચાતુર્માસ માટે મોકલેલા. ત્યાં થયેલ શાસન-ધર્મ પ્રભાવનાની ઝાંખી માત્ર અત્રે આપેલ છે.

● **(૧) અમલનેર :** પૂ.આ.શ્રી વિજય રાજેન્દ્રસૂરિવર મ.સા. આદિની



નિશ્રામાં અત્રે સાંકળી અઠ્ઠમ, સાંકળી આયંબિલ, સામુદાયિક દીપક એકાસણ, નીવિ આયંબિલ સાથે અરિહંતપદની, શ્રી પાર્શ્વનાથ પ્રભુની, શ્રી સીમંધરસ્વામીની આરાધના તથા ૧૭૦ જિનની આરાધના અઠ્ઠમથી થયેલી. પૂ. મુનિરાજશ્રી વિદ્યાનંદ વિજય મ.ને ચાલુ ભગવતીજીના જોગમાં ૮૭મી વર્ધમાન ઓળી, પૂ. મુનિરાજશ્રી ધર્મયશવિજય મ.શ્રીને સતત ૫૦૦ આયંબિલની તપસ્યામાં ૬૧મી વર્ધમાન ઓળી ચાલુ છે, મુનિરાજશ્રી કુલવર્ધનવિજયજી મ. ને એકાંતર ૫૦૦ આયંબિલની તપસ્યામાં આચારાંગ જોગની સાધના, બાલમુનિશ્રી અભયવર્ધનવિજયજીને ૧૬મી વર્ધમાનઓળી ચાલુ છે. ચાતુર્માસમાં ૩૩ વ્યક્તિએ ચતુર્થવ્રત આદિ વ્રત નિયમો કર્યા છે.

શ્રી સંઘમાં થયેલ તપશ્ચર્યા આદિ સુકૃતોની અનુમોદના માટે શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ રૂડી રીતે ઉજવાયો.

● **(૨) નંદુરબાર...** પૂ. મુનિરાજશ્રી નંદિઘોષવિજય મ. તથા પૂ. મુનિવરશ્રી કીર્તિરત્ન વિ.મ.ની શુભનિશ્રામાં ચાતુર્માસમાં વિધવિધ અનુષ્ઠાનો જેવા કે દર શનિવારે શિશુશિબિર, દર રવિવારે ભક્તામર સ્તોત્રપાઠ દૈનિક પ્રવચન, ઉપરાંત રવિવારે જાહેરપ્રવચન, વર્ધમાનતપના પાયા, શંખેશ્વર પાર્શ્વનાથ ભ. ના અઠ્ઠમતપની સામુદાયિક આરાધના આદિ તથા પર્યુષણમાં બે સોળ ભથ્થા-અઠ્ઠાઈ તથા એ ઉપરની ૨૪ તપસ્યાની અનુમોદના નિમિત્તક સિદ્ધચક્રપૂજન સહ અષ્ટાહ્નિકા મહોત્સવ, મુનિરાજશ્રી કીર્તિરત્ન વિ.મ.ની ૯૯મી વર્ધમાન ઓળીનું પારણું વગેરે રૂડી રીતે થયા... પૂજ્ય મુનિવર્યોની નિશ્રામાં ઉપધાન કરાવવા માટે શ્રી સંઘ સુંદર તૈયારીમાં લાગી ગયો છે.

● **(૩) ઉદયપુર** (રાજસ્થાન) **:** પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિતેન્દ્રસૂરિવર મ. આદિ શુભનિશ્રામાં પર્યુષણાની ખૂબ સુંદર આરાધના થઈ. શ્રી સંઘમાં ત્રણ માસખમણ, ૬૩ અઠ્ઠાઈઓ, ઉપરાંત પૂ. મુનિરાજશ્રી પુણ્યરત્ન વિ.મ.ને વર્ધમાન ૬૩મી ઓળીમાં અઠ્ઠાઈ અપ્રમત્તપણે થઈ. મુનિરાજશ્રી કુલચંદ્ર વિ.મ. ને તબિયતની એટલી અનુકૂળતા નહિ છતાં ભગવતીજીના જોગમાં આરાધના સુંદર ચાલે છે. શ્રી સંઘમાં ઉપધાન કરવાની વિચારણા ચાલે છે.

● **(૪) ભીવંડી...** પ્રવર્તકપ્રવર શ્રી ધર્મગુપ્તવિજય મ. આદિની તારક નિશ્રામાં શ્રી સંઘમાં માસખમણ, ૧૨૭ જેટલી અઠ્ઠાઈ અને ઉપરની તપસ્યા, સ્વપ્નદ્રવ્ય અને સાધારણ દ્રવ્યની આવક સુંદર થઈ. રથયાત્રાનો વરઘોડો ભવ્ય નીકળ્યો. કલ્યાણરોડ ઉપરના ઉપાશ્રયે પણ સાધુઓ મોકલાયા હતા; અને ત્યાં પણ પર્વારાધના ખૂબ રૂડી રીતે થઈ.

• (૫) **દાદર** (મુંબઈ) : સ્થવીર પૂ. મુનિરાજશ્રી નંદીવર્ધનવિજય મ. તથા પૂ. મુનિવરશ્રી અક્ષયબોધિ વિ.મ. તથા મહાબોધિ વિ.મ. ચાતુર્માસ માટે પધારતા અત્રે શ્રી આરાધનાભવનમાં આરાધનાના પૂર ઉમટ્યા છે. વ્યાખ્યાતા મુનિવરશ્રી મહાબોધિ વિ.મ.ના દૈનિક અને રવિવારીય પ્રવચનમાં શ્રોતાગણ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત થતા વર્તક હોલ અને ડીસીલ્વા સ્કૂલમાં વ્યાખ્યાન રખાયા. ત્રણ માસખમણ અને અઠ્ઠાઈ અને તે ઉપરની ૧૩૩ જેટલી મોટી સંખ્યામાં તપસ્યા થઈ. વરઘોડો અતિ શાનદાર અને શાસનપ્રભાવક બન્યો. સાધર્મિકભક્તિ સંગીતસહ શ્રી જિનેન્દ્રભક્તિ અત્રેના ઇતિહાસના અભૂતપૂર્વ રહી. શ્રી સંઘ ઉપાશ્રયને મોટો બનાવવા વિચારી રહ્યો છે.

• (૬) **બંગારપેટ** (કર્ણાટક) : ચાતુર્માસ માટે નૂતન આ.દેવશ્રી વિજય જગચ્ચંદ્રસૂરિવર મ.ના આદિના પગલે શ્રી સંઘમાં સિદ્ધિતપ, ધર્મચક્રતપ, સમવસરણ તપ, અઠ્ઠાઈ, સાંકળી અઠ્ઠમ, સામુદાયિક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ. ના અઠ્ઠમ. શ્રી નેમિનાથ ભ. ના અઠ્ઠમ, નવકારના નવ એકાસણા આદિ ઉપરાંત રવિવારીય શિબિર વગેરે આરાધનાઓ સુંદર થઈ. પૂ. મુનિરાજશ્રી કનકસુંદર વિ.મ. ને વર્ધમાન ૮૮મી ઓળી પૂ. અભયચંદ્ર વિ. મ. ને ૫૬મી ઓળી, પૂ. નૂતન મુનિવર શ્રી પદ્માનંદ વિ.મ. ને ૭૦મી ઓળી વગેરેની આરાધનાથી શ્રી સંઘમાં ત્યાગ-તપની ખૂબ સુંદર ખુશબુ પ્રસરી.

KGFમાં પર્યુષણા કરાવવા પૂ. તપસ્વી મુનિરાજશ્રી કનકસુંદર વિજય મ. આદિ પધારતા ૪૧ ઉપવાસ, માસખમણ વગેરે તપસ્યાઓ ખૂબ સુંદર થઈ; વરઘોડો, તપસ્વી બહુમાન ક્ષમાપના પ્રસંગ સારી રીતે ઉજવાયા.

• (૭) **દાવણગેરે** : પૂ. મુનિરાજશ્રી રાજરત્નવિજય મ. તથા પૂ. મુનિવર શ્રી યશોવિજયજી મ. ના ચાતુર્માસ આગમનથી શ્રી સંઘમાં આરાધનાની ભરતી આવી. રવિવારીય શિબિર, શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભ. ના સામુદાયિક અઠ્ઠમ, ખીરના ૯ એકાસણાથી નવકારમંત્રની આરાધના, ત્રણ માસખમણ ૮ ધર્મચક્રતપ, ૨૭ સિદ્ધિતપ, મોક્ષદંડકતપ, ૪૯ અઠ્ઠાઈ અને તે ઉપરનો તપ વગેરેથી ચોમાસું ઝાકઝમાળ બન્યું. તપશ્ચર્યા આદિની અનુમોદના નિમિત્તે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન સહ નવાહ્નિકા મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

• (૮) **બારડોલી** (સુરત) : પૂ. મુનિરાજશ્રી અશ્વસેનવિજય મ. અને વ્યાખ્યાતા મુનિવરશ્રી વીરરત્નવિજય મ. નું અત્રે ચાતુર્માસ થતા માસખમણ સિદ્ધિતપ, મોક્ષદંડક તપ, સાંકળી અઠ્ઠમ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ. ના સામુદાયિક



અઠ્ઠમ, નવ એકાસણા સાથે મહામંત્ર નવકારની આરાધના, ખીરના એકાસણા સાથે અરિહંતપદની અખંડ આરાધના, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભ. ના સમૂહ આયંબિલ, દીપક વ્રતના એકાસણા, વિશાળ સંખ્યામાં અઠ્ઠાઈ તપ વગેરે થતાં તપસ્યાનું વાતાવરણ સર્જાયું છે. શ્રી યોગશાસ્ત્ર અને શ્રી વિક્રમ ચરિત્ર પર આધારિત દૈનિક પ્રવચન અને રવિવારીય જાહેર વ્યાખ્યાનોથી શ્રી સંઘમાં ઉત્સાહની ઊર્મિ ઊછળી રહી છે.

• (૯) **હુબલી** (કર્ણાટક) : સિદ્ધાન્ત દિવાકર પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરિજી મ.સા.નો આત્રે ધામધૂમથી પ્રવેશ થયો ત્યારથી માંડીને શ્રી સંઘમાં આનંદ સાથે આરાધનાનું મોજું ફરી વળ્યું છે. લોકો દૂર દૂરથી વ્યાખ્યાન સાંભળવા દોડી આવે છે. રોજ ઓછામાં ઓછું એક સાંકળી અઠ્ઠમનું પચ્ચક્ખાણ થાય છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ વગેરે તપશ્ચર્યાઓ પણ સારી સંખ્યામાં થઈ છે. શનિ-રવિ બાળકો માટે સામાયિક શબિર ચાલુ છે. (૧) પર્યુષણ પર્વમાં ઘણી મોટી સંખ્યામાં સિદ્ધિતપ-માસક્ષમણ-અઠ્ઠાઈ-અઠ્ઠમ-ચોસઠ પહેરી પૌષધ વગેરેની આરાધના સુંદર રીતે થઈ. તપસ્વીઓના પારણા કરાવવા માટે ચઢાવાની ઉપજ ઘણી સારી થઈ. એ રીતે દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય-સાધારણ ખાતાની પણ ઉપજ ઘણી સારી થઈ છે. (૨) તપશ્ચર્યાની અનુમોદનાર્થે આસો મહીને થનારા અઠ્ઠાઈ ઓચ્છવમાં પૂજા-પૂજનોના ચઢાવા પણ ખૂબ સારા થયા. શ્રી સંઘમાં ખૂબ જ ઉલ્લાસ પ્રવર્તે છે અને શ્રી સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં દશેરાથી ઉપધાન તપની આરાધના કરાવવાનો શુભ નિર્ધાર કર્યો છે. તથા (૩) બેંગ્લોરમાં નિર્માણાધીન જંગી કતલખાનાના પ્રખર વિરોધની ઘણી કાર્યવાહી થઈ છે. અને ચાલુ છે.

શ્રી જૈન સેવા ટ્રસ્ટની સાધારણની ઉપજ માટે રૂા. ૩૬૦ની ઉપજ માટેની કૂપનો પણ સારી એવી ખપી છે.

• (૧૦) **પાલી** : નૂતન આચાર્યદેવશ્રી વિજય ગુણરત્નસૂરિવર મ.ની તારક નિશ્રામાં દૈનિક અને રવિવારીય પ્રવચનોમાં ખૂબ સુંદર હાજરી, વિવિધ અનુષ્ઠાનો જેવા કે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ. ના સામુદાયિક ૩૦૦ અઠ્ઠમ, શ્રી પાર્શ્વનાથ ભ. ના મોક્ષ કલ્યાણક નિમિત્તક ૪૫૦ આયંબિલ, અરિહંતપદના ૬૫૦ ખીરના એકાસણ, પચરંગી તપ આદિ સુંદર થયા. પર્યુષણા પર્વની આરાધના-તપસ્યા ખૂબ અનુમોદનીય રહી. મુનિરાજશ્રી ઉદ્યોતરત્નવિજયજીએ ૩૩ ઉપવાસ, મુનિવર શ્રી ભાગ્યેશરત્નવિજયજી અઠ્ઠાઈ, મુનિરાજશ્રી દેવેશરત્નવિજયજી ૧૨ ઉપવાસ, સાધ્વીજી તપોરેખાશ્રીજીને માસખમણ, બીજા ત્રણ સાધ્વીઓને અઠ્ઠાઈ, શ્રી સંઘમાં અનેક માસખમણો, સિદ્ધિતપ, આદિ અનેક વિવિધ તપસ્યાઓથી ચાતુર્માસ તપસૂર્યથી

જાજવલ્યમાન બન્યું. શ્રી સંઘ ઉપધાન કરાવવાના મનોરથ સેવી રહ્યો છે.

• **(૧૧) અહમદનગર :** પૂ. મુનિરાજશ્રી જગવલ્લભ વિજય મ. આદિના ચાતુર્માસ પ્રવેશથી જ સાંકળી અઠ્ઠમ, નવકાર મહામંત્રની ૬૮ દિવસની આરાધના, સામુદાયિક અઠ્ઠમ તપ ઉપરાંત પર્યુષણામાં શ્રી સંઘમાં સોળ ઉપવાસ આદિ અનેક મોટી તપસ્યા, ભવ્ય વરઘોડો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ આદિથી સુંદર ધર્મપ્રભાવના થઈ.

• **(૧૨) ગાંધીનગર** (બેંગ્લોર) : પૂ. આચાર્યશ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મ., પૂ. સ્થવીર મુનિવરશ્રી જયતિલક વિજય મ., પ્રવચનકાર તપસ્વી મુનિવરશ્રી વરબોધિ વિજય મ. આદિઠાણાના અત્રે ચાતુર્માસ પ્રવેશથી જ અત્રે અનુષ્ઠાનો, તપસ્યાની રેલંછેલ ચાલી રહી છે. પર્યુષણા મહાપર્વમાં માસખમણ, ધર્મચક્રતપ, મોક્ષદંડક તપ, અઠ્ઠાઈ આદિ સો આસપાસની મોટી તપસ્યાની અનુમોદના નિમિત્તે શ્રી શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ મહા ઠાઠથી ઉજવાયો.

• **(૧૩) નવા ડીસા...** પ.પૂ.વ્યાખ્યાતા મુનિવરશ્રી હેમરત્નવિજય મ.સા. આદિના અત્રેના ચાતુર્માસથી શ્રી સંઘમાં અને જૈનેતર પ્રજામાં ધર્મારાધના મહાસાગરમાં ભરતી આવી છે. દૈનિક પ્રવચન-રવિવારીય જાહેર પ્રવચન-શિશુશિબિર -યુવાનોની શિબિરમાં અભૂતપૂર્વ હાજરી રહે છે. રવિવારીય જાહેર પ્રવચનમાં ૮૦૦૦ થી ઉપરના શ્રોતાઓ જિનવાણી શ્રવણ કરી ધન્યતા અનુભવે છે. સ્વપ્નદ્રવ્ય બોલી આદિ ખૂબ સુંદર થઈ. તપસ્યાઓ ખૂબ અનુમોદનીય રહી. યુવાનોમાં ખૂબ સુંદર જાગૃતિ આવી.

• **(૧૪) રાજકોટ** (માંડવીચોક) : સ્થવિર પૂ. દેવસુંદર વિજય મ.સા. તથા જોશીલા વ્યાખ્યાતા પૂ. રત્નસુંદર વિજય મ.સા. ના અત્રે ચાતુર્માસથી જિનવાણી મેઘવર્ષામાં સંઘ સ્નાન કરી નાચી રહ્યો છે. દરરોજના પ્રવચનમાં, રવિવારીય પ્રવચનમાં અત્રેના મોટો પ્રવચન હોલ પણ અગાઉથી ભરાઈ જાય છે. શિબિરનું આયોજન થતાં યુવાનો ખૂબ ખુશીમાં આવીગયા છે. ૧૦૦૦ વિદ્યાર્થીઓના નામ થોડી જ વારમાં લખાઈ જતા રહી ગયેલા અનેક શુશ્રૂષાપ્રેમી યુવાનો મોડા પડ્યાનો અફસોસ કરે છે, પૂજ્યશ્રીના પ્રવચનથી ખૂબ જાગૃતિ આવી છે.

• **(૧૫) મુલુન્ડ** (મુંબઈ) : નૂતન પૂ. આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિજી મ. આદિના ચાતુર્માસ પ્રવેશથી આરંભી અત્રે શ્રી સંઘમાં આરાધનાના પૂર ઉમટ્યા છે. શ્રી સીમંધર સ્વામીજીના અઠ્ઠમની ૧૫૦૦ જેટલી રેકર્ડ સંખ્યામાં નાના બાળકોની પણ સમાવેશ થાય છે. વીશ વિહરગામ જિનનો વરઘોડો અત્રેના ઇતિહાસમાં અભૂતપૂર્વ રહ્યો. નૂતન મુનિરાજશ્રી જિનબોધી વિજયને સિદ્ધિતપ, મુનિરાજશ્રી કલ્યાણબોધિ



વિજયજીને વર્ધમાન ૫૬મી ઓળી વગેરેથી શ્રી સંઘમાં સવિશેષ જાગૃતિ આવી. પૂજ્ય આચાર્યદેવની વૈરાગ્યરસ ભરપૂર વાણીની ખૂબ ઊંડી અસર થઈ રહી છે.

• **(૧૬) ભદ્રાવતી** (કર્ણાટક) **: પૂ. ગણિવર શ્રી પદ્મસેનવિજય મ.** તથા વ્યાખ્યાતા મુનિવર શ્રી કલ્પરત્નવિજય મ. તથા વ્યાખ્યાતા મુનિવર શ્રી સૂર્યોદયવિજય મ.સા.ના અત્રેના ચાતુર્માસમાં શ્રી સંઘમાં ખૂબ જ ધર્મ-જાગૃતિ આવી. સત્તર ઉપવાસ, સોળ ઉપવાસ, અઠ્ઠાઈ વગેરે સુંદર તપસ્યાઓ થઈ, સાધારણની તથા સ્વપ્ન બોલીનું આવક સારી થઈ. મહા મહિનામાં અત્રે થનાર અંજનશલાકા પ્રતિષ્ઠાની શ્રી સંઘ તૈયારીમાં લાગેલો છે. બેંગ્લોરમાં થનાર કતલખાના વિરોધી પ્રવૃત્તિ પણ ખૂબ પ્રશંસનીય બની.

• **(૧૭) પાલેજ** (ગુજરાત) : પૂ. મુનિરાજશ્રી મુક્તિદર્શનવિજયજી આદિઠાણા ના અત્રેના ચોમાસામાં સવાર અને રાત્રિ (માત્ર પુરુષો) પ્રવચનથી શ્રી સંઘમાં ખૂબ સારી જાગૃતિ આવી છે; યુવાન વર્ગ સારો જોડાયો છે. શ્રી સંઘમાં તપસ્યાઓ સુંદર થઈ. વિશેષતા આ થઈ કે (૧) સીત્તેર જેટલા ભાવિકોએ ભવ આલોચના કરી, તેમજ (૨) સાધર્મિક વાત્સલ્ય સાથે જ ગરીબોમાં અનુકંપાની સુંદર કાર્યવાહી થઈ. (૩) વરઘોડો ભવ્ય નીકળ્યો.

• **બેરમો** (બિહાર) પૂર્વ ભારતના આ નાનકડા ગામમાં પૂ. સાધ્વીજીશ્રી ચારુયશાશ્રીજી તથા સાધ્વીશ્રી કરુણાયશાશ્રીજીનું ચાતુર્માસ થતાં અઠવાડિક સામુહિક એકાસણા, સાંકળી અઠ્ઠમ. રવિવારીય બહેનોની શિબિર, પર્યુષણામાં ત્રણ માસખમણ, ૮ સોળ ભથ્થા, વગેરે ૩૩ મોટી તપસ્યા આદિ થયા. ચૈત્રમાં ૧૧ દિવસીય બેનોની શિબિર થયેલા ઉપદેશના ફળરૂપે ચાસગામમાં લગભગ બધા જ ઘરમાં કંદમૂળ ત્યાગ થયો. સ્થાનકવાસી ઘરોમાં વિદળ બંધ થયું.

## દક્ષિણ ભારતના આરાધકોને ઉપધાન તપની આરાધનાનો અનુપમ અવસર

• **બેંગ્લોર :** વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુ-સૂરીશ્વરજી** મહારાજ સાહેબની પુનીતનિશ્રામાં બેંગ્લોર જયનગર ખાતે ઉપધાન તપની મંગળમય આરાધના કરાવવાનું નક્કી થયું છે. પ્રવેશનું પ્રથમ મુહૂર્ત **કારતક સુ. ૯ શુક્રવાર તા. ૧૮-૧૧-૮૮** તથા દ્વિતીય મુહૂર્ત **કારતક સુ. ૧૧ રવિવાર તા. ૨૦-૧૧-૮૮.**

• **હુબલી :** પૂજ્ય આચાર્યશ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી મહારાજ** સાહેબની

નિશ્રામાં હુબલી (કર્ણાટક)માં થનાર ઉપધાન તપનું પ્રથમ પ્રવેશ મુહૂર્ત આસો સુદી ૧૪ સોમવાર ૨૪/૧૦/૮૮ તથા દ્વિતીય મુહૂર્ત કાર્તિક વદી ૨ બુધવાર ૨૬/૧૦/૮૮નું છે.

● **વાવ :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય કલાપૂર્ણસૂરિવર મ. ના અત્રેના ચાતુર્માસમાં આરાધના સુંદર ચાલે છે, ચાર માસખમણ, અઠ્ઠાઈ ઉપરની ૧૪૦ તપસ્યા, ૨૫ સિદ્ધિતપ આદિથી તપધર્મની શરણાઈ ગુંજી ઉઠી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૮,તા.૨૨-૧૦-૧૯૮૮

## જિનશાસનની પ્રભાવના કસાઈ પોતાનો ધંધો છોડે છે

● **નવા ડીસા :** પૂ.મુનિરાજશ્રી હેમરત્નવિજય મ.સા.ની નિશ્રામાં અત્રે ભવ્ય વરઘોડાઓ તથા એમના જાહેર પ્રવચનો, શિબિર પ્રવચનો આદિની ઘેર ઘેર ચર્ચાતી વાતોથી પ્રભાવિત બની કસાઈ શીવદયાળે સમગ્ર ડીસાનું પોતાનું એક માત્ર કસાઈખાનું બંધ કરવાનો નિર્ણય કરી લીધો, પોતાના છરા, કાતરો, હથિયારો, વીસ વરસનું કસાઈના ધંધાનું લાઈસન્સ એણે છોડી દીધા અને હવે આ ધંધો નહિ કરવાનું કોર્ટમાં એફિડેવિટ કર્યું. એના આ ઉત્તમ કાર્યનું અનુમોદન અત્રેના શ્રી સંઘે એનું જાહેરમાં બહુમાન દ્વાર કર્યું.

પૂ. મુનિવરના અત્રેની કૉલેજમાં જાહેર પ્રવચનની ખૂબ સારી અસર પડેલી છે.

● **બારડોલી :** વર્ધમાનતપોનિધિશ્રીજીના નિશ્રાવર્તી પૂ. મુનિરાજશ્રી અશ્વસેનવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી વીરરત્નવિજય મ. સાહેબના પધારવાથી શ્રીસંઘમાં અદ્‌ભુત જાગૃતિ આવી છે. તપની અનુમોદનાર્થે ભાદરવા વદ-૫ થી અહીં ૧૧ દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ જ ઠાઠ પૂર્વક ઉજવાયો. અગિયારે દિવસ શ્રી સાધર્મિક વાત્સલ્ય થયા.

● **ભાવનગર :** આચાર્યદેવશ્રી પૂજ્યપાદ શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબના અત્રે પ્રવેશથી જ શ્રી સંઘમાં આનંદ આનંદ છવાયો છે. ભાવનગર શ્રી સંઘમાં ઇતિહાસમાં પ્રથમવાર ૮૧૦ જેટલા આરાધકોએ ૪૩ દિવસનો મહાન સિદ્ધિતપ કર્યો... જેમાં ૧૨૫ જેટલાં તો ૧૦ થી ૧૫ વર્ષ સુધીના બાળક-બાલિકાઓ તથા ૨૦૦ થી પણ વધારે યુવાન ભાઈ બહેનોએ આરાધના કરી હતી... પ્રત્યેક તપસ્વીને લગભગ પાંચ હજાર આસપાસનો પ્રભાવના દ્વારા બહુમાન કાર્યક્રમ પણ ખૂબ જ ઉલ્લાસથી ચિક્કાર મેદની વચ્ચે ઉજવાયો.



● **રાજકોટ :** પૂજ્યશ્રીના પ્રશિષ્યરત્ન યુવાજાગૃતિ પ્રેરક જોશીલા પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી રત્નસુદર વિજયજી મ. સાહેબની રવિવારીય શિબિરનો પ્રારંભ થતાં ૧ હજારથી પણ વધારે યુવાનો સફેદ વસ્ત્રમાં મુનિશ્રીને સાંભળવા આવ્યા હતા. મુનિશ્રીએ પણ યુવાનોમાં જૈનત્વની દાઝ જગાવી હતી...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૯/૧૦,તા.૫-૧૧-૧૯૮૮

● **બેંગ્લોર :** અત્રે પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ પધાર્યા છે ત્યારથી જ તપશ્ચર્યા. જ્ઞાન, ધ્યાન આદિનો મોટો સમારોહ જામેલો છે પૂજ્યશ્રીની નિશ્રામાં પર્યુષણા મહાપર્વ ભારે તપસ્યાઓ ધર્મબોલીઓ વગેરેથી ઉજવાયા. પૂજ્યશ્રીના શિષ્યોએ આજુબાજુના સ્થળ જેમકે દાદાવાડી, કોન્ટોન્મેન્ટ, જયનગર, ગાંધીનગર, મહાવીરસ્વામીજી દેરાસર, નગરાજપેઠ યશવંતપુરમ્ આદિ સ્થળોએ પર્યુષણ કરાવીને ખૂબ ખૂબ શાસનપ્રભાવના કરી.

ચિકપેટમાં પ્રતિદિન સુંદર-રોચક વ્યાખ્યાન ચાલે છે. પાઠશાળાનો ઈનામી મેળાવડો ટાઉનહોલમાં યોજાયો... લગભગ ૧૩૦૦ જેટલા પાઠશાળાના બાળકોને પ્રભાવના-ઈનામ અપાયા. ૯૪ ધર્મચક્ર તપ ૧૨ માસખમણ તથા ૧૩ સિદ્ધિતપ આદિ તપસ્વીઓનાં શાનદાર બહુમાન થયા... પાંચ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ આનંદપૂર્વક થયો. સંગીતકાર અશોક ગેમાવતે ભક્તોની ભારે ભીડ વચ્ચે સંઘને ભક્તિરસમાં ઝિલાવ્યો. ૧૦ રવિવાર સુધી ચાલેલી રવિવારીય શિબિરની પરીક્ષા લેવાઈ અને ૨૨ હજારના ઈનામો તથા સાધર્મિક જમણ સુંદર રીતે થયા. આ રીતે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં બેંગ્લોરમાં ઉલ્લાસથી આરાધના ચાલી રહી છે...

કારતક સુદ-૯ થી અત્રેના ઉપનગર જયનગરમાં ઉપધાનતપ પ્રારંભ થશે. પોષ દશમી પછી વિહાર કરીને મહાસુદમાં અંજનશલાકા નિમિત્તે પૂજયશ્રી પ્રાયઃ ભદ્રાવતી પહોંચશે... પૂજ્યશ્રીના આગામી ચાતુર્માસ માટે મદ્રાસ સંઘ તલસી રહ્યો છે. વિનંતી કરવા આવી ગયો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૧૧,તા.૧૯-૧૧-૧૯૮૮

## સરકારી અધિકારીઓનું ગોઝારું કૃત્ય
## જૈનસંઘની ધાર્મિક ભાવનાઓ પર કુઠારા ઘાત

• **જેસલમેર :** ઐતિહાસિક આ નગરીના ભવ્ય કલાત્મક અને પ્રાચીન જૈનમંદિરો પોતાના અદ્‌ભુત સ્થાપત્ય કળા અને પવિત્રતાના કારણે માત્ર ભારતમાં જ નહિ પણ સમસ્ત વિશ્વમાં સુપ્રસિદ્ધ છે. પીળા પથ્થરથી બનાવાયેલા અહીંના મંદિરોમાં જૈન ધર્મના ચોવીશે તીર્થંકરોની કલાપૂર્ણ હજારો પ્રતિમાઓ શ્રદ્ધાળુઓના દિલને મુગ્ધ કરે છે. વળી જૈનધર્મનું અતિ પ્રાચીનતમ તાડપત્ર પર લિખિત સાહિત્ય વિદ્વાનોની જ્ઞાનપિપાસા તૃપ્ત કરતું હજારો વર્ષથી અહીં સંગૃહીત છે. આ બધાનું સંચાલન શ્રી જેસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ જેસલમેર છેલ્લા ૨૭ વર્ષોથી વિધિપૂર્વક કરી રહ્યો છે.

ગઈ તારીખ ૧૯ સપ્ટેમ્બરના અર્ધરાત્રિમાં ટ્રસ્ટના જેસલમેરમાં રહેલા પ્રધાન કાર્યાલયમાં ભારત સરકારના ઈન્કમટેક્ષ ખાતા દ્વારા નિષ્કારણક જ અત્યંત સુનિયોજિત ઢંગથી છાપો મારવાની અત્યંત ઘૃણાજનક અને નિન્દનીય કાર્યવાહી કરવામાં આવી. ઈન્કમટેક્ષ અધિકારીઓ ટ્રસ્ટની તીજોરીના તાળા તોડીને ભંડાર તોડીને ટ્રસ્ટના લાખો રૂપિયાના સુવર્ણના દાગીનાઓ જપ્ત કરી પોતાની સાથે લઈ ગયા. અત્રે જણાવવું જરૂરી છે કે આ દાગીનાઓ ગોલ્ડ બોંડ અધિનિયમાનુસાર વિધિપૂર્વક સરકારમાં નોંધાવાયેલ હતા. અધિકારીઓને શ્રીસંઘના ભાઈઓએ ઘણું સમજાવ્યા પણ અધિકારીઓ હઠપૂર્વક જવેરાત આદિ લઈ ગયા.

ઈન્કમટેક્ષ અધિકારીઓના આ ગોઝારા નિંદનીય કૃત્યથી સમસ્ત શ્રદ્ધાળુ જૈન તથા ઇતર જનતાની લાગણી અત્યંત દુભાઈ છે. ધર્મનિરપેક્ષ દેશમાં આ રીતે જનતાની આસ્થા અને વિશ્વાસની સાથે ક્યારેક આડખીલી ઊભી ન કરાવી જોઈએ. આનાથી ભારતના જૈન સંઘો ખૂબ જ દુઃખી થયા છે.

ભારતના વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીને આ કિસ્સામાં દરમ્યાનગિરિ કરી જપ્ત સામગ્રી તુરંત જેસલમેર શ્રી સંઘને પરત મળે એવી કાર્યવાહી શીઘ્ર કરવા ખાસ અપીલ છે.

સમસ્ત શ્રી જૈન સંઘો અને ધર્મપ્રેમી જનતા આ ગોઝારા કૃત્યના વિરોધમાં ઠરાવ-પત્રો-તારો વડાપ્રધાન શ્રી રાજીવગાંધી, દિલ્હીને શીઘ્ર મોકલી આપે એ ખાસ જરૂરી છે. સરકારમાં લાગવગ ધરાવતા ધર્મપ્રેમીઓ પોતાના પદાધિકારનો ઉપયોગ કરી આ કેસમાં દરમ્યાનગીરી કરી જલ્દીથી જૈનશાસનની સંપત્તિ પાછી મેળવી આપવા સહાયક બને એ ખૂબ અવશ્ય છે.

• **નવા ડીસા :** પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજય મ. ની નિશ્રામાં અત્રે શ્રી



જિનમંદિરમાં ભવ્ય મહાપૂજાની રચના થતા હજારો જૈનો અને ઇતરો પ્રભુજીના દર્શન માટે ઉલટ્યા હતા. સાક્ષાત્ દેવવિમાન જેવી દેદીપ્યમાન શોભા ધરાવતા શ્રી મહાવીરસ્વામીજી મંદિર જોતા લોકો જીવનમાં કાંઈક અવનવું જોવાની તાજજુબી અનુભવતા હતા.

• **ડીસા :** પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ. ની નિશ્રામાં અત્રે શ્રી મહાવીર જિનાલયમાં સમૂહ આરતિ અને મહાપૂજાનો કાર્યક્રમ ખૂબ શાસનપ્રભાવન પૂર્વક થયો. તે વખતે પાવરહાઉસમાં મશીન બળી જવાથી લાઈટ મળવાની જરા પણ શક્યતા નહોતી. દેવાધિદેવ અને ગુરુભગવંતોને પ્રાર્થના કરી સંકલ્પ કરવાથી માત્ર ૧૦ મિનિટમાં જ લાઈટ આવી જવાના ચમત્કારથી લોકો ચકિત થયા. વીસ હજારથી માનવમેદનીએ ઘંટનાદો વચ્ચે આરતી આયોજનમાં લાભ લીધો. લગભગ એક કલાક સુધી ૨૦ હજાર દીવડાઓથી પ્રભુજીની આરતી ઊતરી પંજાબી, સીંધી, મુસલમાન સુધ્ધાં દર્શન આદિથી પાવન થયા.

**મહાપૂજા**માં દેરાસરજીને એવું સજાવવામાં આવેલું, કે માનો દેવવિમાન જ જોઈ લો. ૪૫ છોડ એની નીચે ૪૫ જૈનાગમો, કમળબદ્ધ નવકારચિત્ર, ગહૂંલી મંત્રાધિરાજ નવકારની રચના, જિનમંદિર-નિર્માણ આદિ ૩૦૦ જેટલી વેરાયટીઓ વગેરેથી દર્શનાર્થીઓની ખૂબ ભાવવૃદ્ધિ થઈ.

પૂ. મુનિરાજશ્રી કોલેજ પ્રવચનથી પ્રભાવિત થઈ ત્યાંના પ્રિન્સિપાલ, પ્રોફેસરો આદિએ સાત વ્યસનોને તિલાંજલી આપી.

• **કોલ્હાપુર :** સહજાનંદી સ્વ.પૂ.આ.શ્રી ધર્મજિત સૂ.મ.ના શિષ્યરત્ન પ.પૂ.આ.ભગવંત શ્રી જયશેખર સૂ.મ.સા. આદિઠાણા ૧૦ની નિશ્રામાં અત્રે લક્ષ્મીપુરી મધ્યે સંઘવી સુરતમલજી દરજાજી પરિવાર તરફથી આ.સુદ-૧૪ થી ઉપધાનનો શુભ પ્રારંભ થયો છે જેમાં લગભગ ૭૫ જેટલા આરાધકો જોડાયા છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૩૭,અંક-૧૩/૧૪,તા.૧૦-૧૨-૧૯૮૮

• **કોલ્હાપુર :** પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયશેખરસૂરિવર મહારાજાની શુભ નિશ્રામાં અત્રે ઉપધાન તપમાં ૭૨ આરાધકો ખૂબ સુંદર આરાધના કરી રહ્યા છે. ઉપધાનતપ કરાવનાર શાહ ભભૂતમલજીની જોરદાર ઉદારતાની શ્રી સંઘ ખૂબ અનુમોદના કરતો સંભળાય છે. સાંગલી મુકામે અંજનશલાકા પ્રતિષ્ઠા તથા વાયડ

નિવાસી અતુલકુમારની દીક્ષા પ્રસંગે પૂજ્ય આચાર્યદેવશ્રી ઉપધાનમાળા બાદ સાંગલી પધારશે, જ્યાં અત્યારથી જ પ્રસંગની જોરદાર તૈયારી આરંભાઈ છે.

● **કલ્યાણ :** પૂ. મુનિરાજશ્રી વિશ્વાનંદવિજય મ.સા. આદિના અત્રે ચાતુર્માસથી શ્રી સંઘમાં સારી જાગૃતિ આવી છે. દિવાળી વેકેશનમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓની શિબિર સુંદર થઈ. નવપદજીની ઓળીમાં આરાધકોની સંખ્યા ખૂબ સુંદર રહી. વર્ધમાન આયંબિલ પાયાવાળાનું તથા દિવાળીના છઠ્ઠ તપ કરનારનું શ્રી સંઘે સુંદર બહુમાન કર્યું.

● ● ●

● **બેંગલોર** (જયનગર) :- અત્રે શાસનપ્રભાવક પરમારાધ્યપાદ્ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં કારતક સુદ ૯ થી ઉપધાનતપ ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રારંભ થયો.

કુલ ૧૮૦ જેટલા આરાધકો ઉપધાનતપમાં બેઠેલા છે. તેમાં ૧૧૦ જેટલાં તો પ્રથમ ઉપધાનતપ - માળવાળા છે. ઉપધાનતપની માળાનો મહોત્સવ પોષ સુદ એકમ, ૮ જાન્યુઆરી, રવિવારના શુભ દિવસે થશે. ત્યારબાદ પૂજ્યશ્રી સપરિવાર ભદ્રાવતી પધારવાના છે. જ્યાં મહાસુદ ૧૩ના શુભ દિવસે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ છે.

અત્રેના ઉદાર શ્રાવક ચેલાવાસવાળા શ્રી ચંપાલાલજી સિંઘવી, અત્રેથી ૫૦૦ યાત્રિકોનો શ્રી સમ્મેતશિખરજી આદિ તીર્થયાત્રાનો, ૩૦ દિવસનો ટ્રેન દ્વારા યાત્રિક સંઘ લઈ જાય છે. પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં તેનો મંગળ સમારોહ થતાં પૂજ્યપાદશ્રીજીએ નિત્ય બેસણા, પ્રતિક્રમણ, રાત્રિભોજન ત્યાગ, હોટલ-સિનેમા ટી.વી. ત્યાગ, પત્તા-પાનાં ત્યાગ, અભક્ષ્યત્યાગ, બ્રહ્મચર્યપાલન આદિનો સુંદર ઉપદેશ આપ્યો હતો.

પોષ સુદ ૧ સુધી પૂજ્યશ્રી સાથે પત્ર વ્યવહાર :

| | |
|---|---|
| C/o., Jain Swe. Temple | C/o., શ્રી જૈન મંદિર |
| 4th Block, | જયનગર બસ સ્ટેન્ડ પાસે, |
| Near Jaynagar Bus stand, | ૪થા વબ્લોક, |
| Banglore-560011 | બેંગલોર-૫૬૦૦૧૧. |

● **અહમદનગર** :- પૂ. મુનિરાજશ્રી જગવલ્લભ વિજય મ.ની શુભ નિશ્રામાં



સ્વ.પૂ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.ની ૧૭ મી સ્વર્ગારોહણ તિથિના દિવસે ચૈત્યપરિપાટી શોભાયાત્રા - ગુણાનુવાદ સંઘપૂજનો થયેલ, કા. ૧૫ કલિકાલસર્વજ્ઞથી હેમચંદ્રાચાર્ય મ.ની ૯ મી શતાબ્દી નિમિત્તે, શ્રી ગૌતમસ્વામી મહાપૂજન થયેલ. દ્વાદશવ્રતોચ્ચારણ સારી સંખ્યામાં થયા.

● **રાજકોટ** :- અત્રે પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજની ૪ રવિવાર ચાલેલી શિબિરમાં સિંધી-મુસલમાન-લુહાણા-પટેલ બ્રાહ્મણ - રજપુત યુવાનો ઉપરાંત સ્વતંત્ર હોસ્પીટલ ચલાવનારા સર્જન ડોકટરો, ફીજીશીયનો એમ.ડી. ડોકટરોએ તો લાભ લીધો પણ જુગારમાં રોજની ૧૦-૨૦ હજારની હાર-જીત કરનારાઓ પણ શિબિરના પાસ માટે દોડધામ કરી રહ્યા હતા... ૨૫૦ થી વધુ સ્થાનકવાસી યુવાનોએ પણ લાભ લીધો... માત્ર ચાર રવિવારીય શિબિરનો ભક્તિખર્ચો યુવાનોએ ૯૫૦૦૦ સુધી પહોંચાડી દીધો... પોતાના પોકેટ ખર્ચા બંધ કરી આમાં લાભ લેવામાં પડી ગયા... છેલ્લા રવિવારે યુવાનોનો ધસારો કલ્પનાતીત હતો... ૧૦ થી ૩ સુધીના એકધારા સતત ચાલેલા પૂ. મુનિશ્રીના પ્રવચનમાં અંતે થયેલા સંમેલન પછી વકીલ અને ડોકટર યુવાનો પણ પૂ.મુનિશ્રીના પગ પકડી ધ્રુસકે ધ્રુસકે રડીને પોતાના પાપીષ્ટ જીવનના પાપોને ધોતા હતા.

ડો. હેડગેવારજી જન્મ શતાબ્દી ઉજવણીના એક ભાગરૂપ રાજકોટ મહાનગરનાં સ્વયંસેવકોના એકત્રીકરણ સંમેલનને સંબોધતા પૂ. મુનિશ્રીએ કહ્યું હતું કે હિંદુ રાષ્ટ્રની કલ્પના સાથે ભારતીય સંસ્કૃતિના ગુણ ગાઈ અને જતન કરવાના સંઘના ઉમદા અને પાયાના કામ માટે કોઈપણ ટીકા કરે અને કોમવાદી કહે તેના માટે સંઘે કોઈ ચિંતા કરવાની કે પરવા કરવાની જરૂર નથી. પણ હજુ પોતાના કામનો વધુ ને વધુ વિસ્તાર કરે તે આવશ્યક જ નહી પરંતુ અનિવાર્ય પણ છે.

ઉપરોક્ત ઉદ્‌ગારો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાજકોટ મહાનગરના સ્વયંસેવકોના એકત્રીકરણમાં પ્રસિદ્ધ જૈન મુનિ અને તત્ત્વચિંતક શ્રી રત્નસુંદરવિજયજી મહારાજે ઉચ્ચારેલ.

શ્રી રત્નસુંદરવિજયજી મહારાજે ભારતીય સંસ્કૃતિને દુનિયાની શ્રેષ્ઠતમ સંસ્કૃતિ ગણાવતા જણાવેલ કે આ દેશ અગાઉ સંતપ્રધાન અને કૃષિપ્રધાન હતો. રાજકારણ અને સતાકારણની ઉપર સંતોનો પ્રભાવ અને અંકુશ હતો. શિવાજી મહારાજના હિંદુ સામ્રાજ્યના સંપૂર્ણ અધિકારી ગુરુ રામદાસ હતા. જ્યારે આજે દેશ સત્તાપ્રધાન અને માત્ર ઉદ્યોગપ્રધાન રહેલ છે. અને તેને કારણે સમાજમાં અનાચાર તેમજ ભ્રષ્ટાચાર ફાલ્યા ફુલ્યા છે, ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પાસેથી સમાજ ગુરુ

રામદાસ જેવા સંતોના રાજકારણ પર પ્રત્યક્ષ અંકુશની અપેક્ષા રાખી રહેલ છે અને દિલ્હીના તખ્ત ઉપર સંત સત્તાને જોવા સમાજ ઝંખી રહેલ છે. તેમણે આ સનાતન સત્યના સમર્થનમાં ચોટદાર ઉદાહરણો આપી જણાવેલ કે જંગલના સિંહ વનરાજને ભૂલથી છાપરા ઉપર ચડી ગયેલ બકરી જેમ પડકાર કરે તેવી સ્થિતિ આજે સત્તાકારણમાં રહેલ વ્યક્તિઓની છે. સંઘે આવા સત્તાના છાપરે ચડેલા બકરાઓને હેઠા ઉતારવા જ રહ્યા.

વર્તમાન રાજકીય સ્થિતિ ઉપર પ્રકાશ પાડતા તેઓએ જણાવેલ કે સંસ્કૃતિને નેવે મુકી આપણા શાસકો આજે બીનસાંપ્રદાયીકતાના નામે સમાજને વ્યાપક નુકસાન કરી રહેલ છે ત્યારે સંઘ જેવી સંસ્કૃતિરક્ષક સંસ્થાઓએ પોતાની ભૂમિકાને વધુ તેજીલી અને સઘન બનાવવી પડશે.

ડો. હેગડેવરજીને ભાવભરી અંજલી આપતાં તેમણે જણાવેલ કે ડોકટરસાહેબની નિષ્કલંક અને પુરુષાર્થયુક્ત નિષ્ઠાને કારણે આજે સંઘ એક બીજમાંથી વિશાળ વટવૃક્ષ બને છે. જન્મ શતાબ્દી વર્ષ દરમ્યાન વધુ ને વધુ હિંદુ સમાજના સભ્યો સંઘ સાથે સંમિલિત થાય તે સમયનો તકાજો છે.

પ્રવચન અગાઉ જાણીતા શ્રેષ્ઠી શ્રી શશીભાઈ મહેતાએ સંઘ વટવૃક્ષનું બીજ નામક પુસ્તકનું વિમોચન કરેલ.

શરૂઆતમાં મહાનગર સંઘ ચાલક શ્રી રમેશભાઈ શુકલએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વતી સૌનું સ્વાગત કરી મહેમાનોનો પરિચય આપેલ. જન્મ શતાબ્દી વર્ષ ઉજવવા પાછળની કલ્પના અને કાર્યક્રમોની માહિતી રાજકોટ વિભાગના પ્રચારક શ્રી હરિભાઈ રાવલે આપેલ.

- ભારતમૈયાના ગુણ ગાનારાઓને કોઈ કોમવાદી કહે તો પરવાહ કરશો નહિ.
- સંતપ્રધાન અને કૃષિપ્રધાન દેશ આજે ઉદ્યોગ અને સત્તાપ્રધાન થયો છે.
- બિનસાંપ્રદાયિકતાના નામે સંસ્કૃતિ નેવે મૂકાઈ છે : સંઘ વધુ કાર્યશીલ બને.
- **બકરી છાપરે ચડી સિંહને પડકારે છે !**

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૩૭,અંક-૧૬,તા.૨૪-૧૨-૧૯૮૮**

● **મંડાર** (સિરોહી) નિવાસી સુશ્રાવિકા રતનબહેન મંગળચંદજી ચૌધરી જયપુરમાં દીવાળીની રાત્રે સ્વર્ગવાસી થયા. પોતાની ૭૮ વર્ષની જીંદગીમાં એમણે કરેલી આરાધના નીચે જણાવેલ છે, જે ખૂબ જ અનુમોદનીય છે.



નમસ્કાર મંત્રાદિના ત્રણે ઉપધાન, બે વર્ષીતપ, શત્રુંજયગીરિ નવાણું યાત્રા, હસ્તગીરિ નવાણું યાત્રા, આબુગીરિ નવાણું યાત્રા, તલાજાગીરિ નવાણું યાત્રા, માસખમણ, સોળ ઉપવાસ, દશ ઉપવાસ, ચત્તારી અઠ્ઠ દસ દોય, એક સાલમાં છ અઠ્ઠાઈ, ઈન્દ્રિય જય તપ, ચાર ચોવીસી-કષાય જય તપ, એકસો વીશ કલ્યાણક તપ, અગ્યાર અંગ તપ, નવકાર તપ, ચૌદ પૂર્વ તપ, ચતુર્દશી તપ, પંચમેરુ તપ, વર્ધમાન તપ, અક્ષયનિધિ તપ, રોહિણી તપ, વીશ સ્થાનક તપ, મૌન એકાદશી તપ, ક્ષીર સમુદ્ર તપ, પોષદશમી તપ, શત્રુંજય તપ, બાવન જિનાલય તપ, સિદ્ધિ તપ, શ્રેણી તપ, છ માસી તપ, ચાર માસી તપ, ત્રણ માસી તપ, બે માસી તપ, દોઢ માસી તપ.

'આ કાળમાં ધર્મ કેવી રીતે થઈ શકે ?' એવું પૂછવાવાળાને શ્રાવિકા રતનબેનનો મૌન આરાધના દ્વારા આ સચોટ જવાબ છે.

● **પાલેજ :** પૂ. મુનિરાજશ્રી મુક્તિદર્શનવિજય મ. આદિઠાણા ત્રણની નિશ્રામાં અત્રે શ્રી જિનેન્દ્ર સ્નાત્ર મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. ભવ્ય વરઘોડો-રથયાત્રા અનુકંપા વરસીદાન સહિત આખા ગામમાં ફર્યો. ભવ્ય સ્નાત્ર મહોત્સવ પાંચ કલાક ચાલ્યો. ૧૫૦૦ માણસની હાજરી હતી. પાંચ કલાક સુધી સતત પબ્લિક બેસી રહી હતી. પ્રભુભક્તિની રેલમછેલ પ્રસરી. જીવદયાની રૂા. ૯૨૦૦ ની ટીપ પણ થઈ, પાલેજમાં પૂજ્ય મુનિરાજશ્રીના સદુપદેશથી લગભગ ૧૧૫ જેટલી ભવ આલોચના થઈ; યુવાવર્ગ શ્રદ્ધાવાળો બન્યો.

પૂજ્ય મુનિવરો અત્રેથી આમોદ પધારતા ત્યાં વ્યાખ્યાનો સુંદર થયા. રાત્રે માત્ર પુરુષોના વ્યાખ્યાનમાં ૧૦૦ થી ૧૨૫ ની હાજરી રહી. પાલેજથી એક બસમાં ભાવિકો ગંધાર યાત્રાર્થે અને પૂજ્ય મુનિવર્યોના દર્શનાર્થે આવેલ...

## ● રાજકોટના આંગણે યોજાઈ ગયેલ દેરાસર શુદ્ધિનો ભવ્ય કાર્યક્રમ

દિવાળીના દિવસે ઘર સાફ કરવાનું આપણને યાદ આવ્યું, વાસણ સાફ કરવાનું બહેનોને યાદ આવ્યું, ફર્નીચર પણ આપણે સાફ કરાવ્યું, દુકાનોને પણ આપણે રંગરોગાન કરાવ્યા, પણ યાદ ન આવ્યું પરમાત્મા જિનેશ્વરદેવનું મંદિર !

એ મંદિરની શુદ્ધિ તો આપણાં આત્માની શુદ્ધિ કરનારી બને તેમ છે. એ મંદિર સાફ કરવાનું સદ્‌ભાગ્ય જેને મળે એને દુનિયામાં ક્યાંય સાફ કરવાનું (નોકર તરીકે) રહેતું નથી. શુદ્ધ કરવો હોય આત્માને તો પરમાત્માના મંદિરની શુદ્ધિ કરવા કટિબદ્ધ બનો.

રાજકોટ માંડવીચોક જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય મુનિરાજશ્રી

રત્નસુંદરવિજય મહારાજની પ્રેરણાને ઝીલીને તેઓશ્રીની જ પ્રેરણાથી સ્થપાયેલ શ્રી 'સુપાર્શ્વનાથ સ્વામી જૈન યુવક મંડળે' દહેરાસર શુદ્ધિના આ મહાન કર્તવ્યને અમલી બનાવવાનો દૃઢ નિર્ધાર કર્યો.

તાજેતરમાં રવિવારના વહેલી સવારથી દેરાસર શુદ્ધિ માટે મંદિરમાં યુવકોનો ધસારો શરૂ થયો. ૧૦ વાગ્યા સુધીમાં તો ખૂબ સારી સંખ્યામાં યુવકો આવી ગયા. દેરાસરની સ્થાપનાનો ૧૬૯ વર્ષ થયા પણ આ રીતે અત્યંત યતનાપૂર્વક યુવાન ભાઈઓ અને બહેનો દ્વારા દેરાસર શુદ્ધિ થાય એવો કદાચ આ પ્રથમ જ પ્રસંગ હતો. યુવાનોના હૈયા હિલોળે ચઢ્યા હતાં. ઘરમાં કપરકાબી પણ ન ઉપાડનાર યુવાનો અહીંયા દેરાસરનો કાજો કાઢવા માટે પડાપડી કરતાં હતાં. એ દૃશ્ય તો જેણે નિહાળ્યું હોય એને જ ખ્યાલ આવે. આ કાર્યમાં જાણીતા ડૉક્ટરો, વકીલો, બેન્ક ઑફિસરો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓ સાથે ગૃહીણીઓ જોડાયેલ હતા.

શીખરથી માંડીને છેક પગથિયાં સુધી, છતથી માંડીને પગથિયાં સુધી અને પરમાત્મા આદિનાથની મોટી મૂર્તિથી માંડીને નાનામાં નાની ધાતુની મૂર્તિની પણ શુદ્ધિ અત્યંત ઉલ્લાસ સાથે કરવામાં આવી. સવારના ૯ વાગે ચાલુ થયેલો આ કાર્યક્રમ બપોરના લગભગ ૨ વાગે પરિપૂર્ણ થયો. દેરાસરના કળશ વાટકી રકાબી ત્રિગડા વગેરેની શુદ્ધિ બહેનોએ ખૂબ જ કાળજીપૂર્વક કરી.

દેરાસર શુદ્ધિ બાદ યુવાનો અત્યંત હર્ષમાં આવીને મનમૂકીને નાચ્યા. છેલ્લે પૂજ્યશ્રી સાથે સહુ ભાઈઓ અને બહેનોએ પરમાત્મા આદિનાથ સનમુખ ભાવવાહી ચૈત્યવંદન કર્યું, ત્યારબાદ ઉપસ્થિત સહુની પૂ.મુ.શ્રી પદ્મસુંદરવિજય મહારાજની ૧૫મી દીક્ષા તિથિની અનુમોદના નિમિત્તે તેઓશ્રીના સંસારી પિતાશ્રી રાયચંદ નાનચંદ દોશી તરફથી સાધર્મિક ભક્તિ થઈ. તથા મંડળના યુવાન પ્રમુખ શ્રી તરુણ કોઠારી તરફથી સહુનું સંઘપૂજન કરવામાં આવ્યું.

'સુપાર્શ્વનાથ સ્વામી જૈન યુવક મંડળ'ની સ્થાપના થયા બાદ સૌથી પ્રથમ અનુષ્ઠાનના કેન્દ્રમાં પરમાત્મા ભક્તિની તક મળી એનો મંડળના સહુ સભ્યોને અમાપ આનંદ હતો. વારંવાર આવા અનુષ્ઠાનો યોજાય અને કર્મનિર્જરાની તક મળ્યા કરે એવી ભાવના મનમાં લઈને સહુ ત્યાંથી છૂટા પડ્યા. રાજકોટને આંગણે યોજાયેલ દેરાસરમાં શુદ્ધિનો આ ભવ્ય કાર્યક્રમ સહુના દીલમાં અનેરો આનંદ પ્રગટાવી ગયો.

● રાજકોટ દેરાસરજીના શુદ્ધિકરણમાં જાણીતા યુવાન એડવોકેટ શ્રી પંકજ કોઠારીના ૪ વરસના પુત્ર ભાવિને સવારના ૯ થી બપોરના ૩ સુધી ભાગ લીધો



હતો. કાર્યક્રમનું આ એક વિશેષ આકર્ષણ બની રહ્યું હતું.

● રાજકોટ દેરાસરજી શુદ્ધિનો સંપૂર્ણ ખર્ચ એક ૩૮ વર્ષના યુવાન સ્થાનકવાસી ભાઈએ આપ્યો. જિંદગીમાં પહેલી જ વાર એ પૂજાના કપડાં પહેરી મંદિરના ગભારામાં દાખલ થયા. પૂજાનું કેસર પણ એણે જાતે જ પોતાનું ઘરનું વાટ્યું. ભગવંતની પહેલી પૂજાનો લાભ પણ મોટો ચડાવો બોલી એણે જ લીધો. જાણે સાક્ષાત્ જિનેશ્વર ભેટ્યાના અત્યંત હર્ષાવેશમાં પછીથી એ મન મૂકીને નાચ્યો...

**● દયામય આર્યસંસ્કૃતિના વિનાશ માટેની આધુનિક વિજ્ઞાન અને સરકાર તરફથી ભ્રામક શબ્દોની માયાજાળ**

વિટામીન એટલે વાસ્તવિક જીવનશક્તિ એ ઘઉં વગેરે અનાજમાં ભરપૂર હોય છે. માટે જ બહુ શાક-ફળાદિ નહિ ખાનારા રાજસ્થાની લોકો સુદૃઢ શરીરવાળા અને લાંબુ આયુષ્ય અને સુંદર આરોગ્ય ધરાવતા હતા. અનાજની આ જીવનશક્તિને ભૂલાવીને આજે લોકોને વિટામીન્સની ગોળીઓ અને ઇન્જેકશનોના માર્ગે ઘસડી જવામાં આવે છે, અને એથી અનાજના આ ત્રણે ગુણો ગુમાવાય છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૧૭,તા.૩૧-૧૨-૧૯૮૮

**● બેંગ્લોર :** વર્ધમાનતપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં ચાલી રહેલા ઉપધાનતપ આરાધનામાં ૧૮૦ આરાધકોમાં ૧૧૧ તપસ્વીઓ પોષ સુદ-૧ના પૂજ્યશ્રીની નિશ્રામાં મહામંગળકારી મોક્ષની માળા પરિધાન કરશે...

આ ઉપધાનતપ આરાધનામાં ૪ બાળક-બાળિકા તો ૧૦ વર્ષની અંદરના છે... અને દક્ષેશકુમાર ૭ વર્ષની ઉંમરમાં ખૂબ જ સાત્ત્વિકતાપૂર્વક ઉપધાનતપની આરાધના કરી રહ્યો છે... ધન્ય તપસ્વી... ધન્ય તપસ્વી...

પૂજ્યશ્રી માલારોપણ પ્રસંગ બાદ વિહાર કરી ભદ્રાવતી (શિમોગા) પધારશે... જ્યાં મહા સુદ-૫ થી સુદ-૧૩ સુધી નવનિર્મિત જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે અંજનશલાકા મહોત્સવ નક્કી થયેલ છે...



**કમલકુમાર ઉ. વ. ૧૦**
**દક્ષેશકુમાર ઉ. વ. ૭**
**ફાલ્ગુની ઉ. વ. ૧૦**



**દક્ષેશકુમાર ઉ. વ. ૭**





● **કોલ્હાપુર :** વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આ. દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી શ્રી લક્ષ્મીપુરી જૈન સંઘ કોલ્હાપુરમાં સ્વ. પૂ.આ.ભ.શ્રી વિજય ધર્મજિતસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ.આ.દેવશ્રી જયશેખર-સૂરીશ્વરજી મ. નું ચોમાસું ઝાકઝમાળ થયું. અનેકવિધ તપશ્ચર્યાઓ, અનુષ્ઠાનો, ઉત્સવો અને વિદ્વદ્વર્ય પૂ.મુનિશ્રી અભયશેખર મ.સા.ના વિરાગ નીતરતાં વ્યાખ્યાનોથી સંઘમાં અપૂર્વ જાગૃતિ આવી. તથા આ ચાતુર્માસમાં જ થયેલી પૂ.આ. દેવશ્રીની સૂરિમંત્રના પ્રસ્થાનની આરાધના તથા વયોવૃદ્ધ તપસ્વી મુનિશ્રી સોમતિલક વિ.મ.સા.ની મહાન “શ્રી ગુણરત્નસંવત્સર” તપની દીર્ઘ આરાધના (ચાલુ) વગેરેથી પૂજયોનું આ ચાતુર્માસ શ્રી સંઘ માટે અત્યંત યાદગાર બની રહ્યું. સંઘવી સુરતમલજી દરજાજી પરિવાર તરફથી ઉપધાન તપ થયાં. ૭૫ જેટલા આરાધકોએ અત્યંત ઉલ્લાસથી ઉપધાન તપની અનુપમ આરાધના કરી. સંઘવી પરિવાર અદ્ભુત ઉદારતા દાખવીને આરાધકોની સુંદર ભક્તિ કરી. શ્રી લક્ષ્મીપુરી જૈન સંઘ અંતર્ગત ઉપધાનતપ સમિતિએ સુંદર વ્યવસ્થા કરી. માળારોપણ નિકટ આવતાં સંઘમાં તે નિમિત્તે શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા શ્રી શાન્તિસ્નાત્રથી યુક્ત ખૂબ સુંદર ઉજવાયો અને ભવ્ય શોભાયાત્રા કોલ્હાપુરમાં ત્રણ કલાક ફરી. માળારોપણની ઉછામણીમાં તો સંઘનો ઉલ્લાસ અને ઉછરંગ આસમાને ચડ્યો. વિક્રમસ્વરૂપ ન ધારેલી ઉપજ થઈ. માળારોપણની સમગ્ર ઉપજને વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા જિનાલયોનાં જિર્ણોદ્ધાર તથા નિર્માણના કાર્યોમાં તુરત જ મોકલી આપવાનો સંઘનો નિર્ણય સંઘના ટ્રસ્ટી શ્રી સોનમલજીએ જાહેર કરીને ભારતભરનાં સંઘો માટે એક ઉત્તમ આદર્શ પૂરો પાડ્યો. ઉપધાનતપ અને માળારોપણનો આ પ્રસંગ સમગ્ર કોલ્હાપુરના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયો. પૂ.આ.દેવશ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મા. સુદ-૧૩ ના શુભ દિને કોલ્હાપુરથી કુંભોજતીર્થના પદયાત્રા સુંદર રીતે સંપન્ન થઈ. સાંગલીમાં પૂ. આચાર્યદેવના શુભ હસ્તે મહા મહિનામાં થનાર અંજનશલાકા પ્રતિષ્ઠા તથા મુમુક્ષુ અતુલકુમારની દીક્ષા માટે ત્યાંના શ્રી સંઘમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● **પાલી :** અત્રે આચાર્યદેવ પૂ. ગુણરત્નસૂરિવર મ. ની નિશ્રામાં ૨૩૫ આરાધકો સુંદર રીતે ઉપધાનની મહામંગળકારી આરાધના કરી રહ્યા છે. પાલી જિલ્લામાં બીજા પાંચ સ્થળે ઉપધાન ચાલુ છે. સારા ઉત્તમભાવવાળા આરાધકો રૂડી

રીતે આરાધના કરી રહ્યા છે.

● **નંદરબાર** : અત્રે ચાતુર્માસસ્થિત પૂ. મુનિરાજશ્રી નંદિઘોષવિજયજી મ. તથા પૂ. તપસ્વી મુનિરાજશ્રી કીર્તિરત્નવિજયજી મ.સા. તથા સાધ્વીશ્રી શ્રી વિરાગમાલાશ્રીજી મ. આદિની નિશ્રામાં મહામંગળકારી ઉપધાનતપની આરાધનાના નિર્વિઘ્ન રૂડી રીતીએ સમાપ્તિ બાદ ઉપધાનતપ માળારોપણનો પ્રસંગ ખૂબ જ આનંદપૂર્વક શાંતિથી પૂર્ણ થયો. માળારોપણનો વરઘોડો નંદરબારના રસ્તાઓ પર પાંચ કલાક ફર્યો. એમાં ત્રીશ શણગારાયેલી ગાડીઓ, બે બેન્ડ, અભૂતપૂર્વ સાજન વગેરે ખૂબ શાસનપ્રભાવક બન્યા. માળાની બોલી સારી થઈ. ચાતુર્માસ અને ઉપધાન બંને અત્રેના ઈતિહાસમાં રેકર્ડબ્રેકરૂપ થયા.

પ્રસંગ પર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ધનપાળસૂરીશ્વરજી મ., પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. મુનિરાજશ્રી વિદ્યાનંદવિજય મ. આદિની સપરિવાર હાજરીથી શાસનશોભા ખૂબ વધી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૧૯,તા.૧૪-૧-૧૯૮૯

● **કુંભોજગિરિ** : પ.પૂ.આ.દેવશ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં શ્રી સમાજસેવા મંડલ દ્વારા કોલ્હાપુરથી મહારાષ્ટ્રના શત્રુંજયગિરિ સમા શ્રી કુંભોજગિરિ તીર્થ પદયાત્રા સંઘનું આયોજન ખૂબ જ આનંદ-ઉલ્લાસપૂર્વક થયું. લગભગ ૨૦૦ જેટલા પદયાત્રીઓમાં મોટી સંખ્યા યુવાનવર્ગની હતી. એ આ પદયાત્રા સંઘની એક વિશેષતા હતી. ત્રણ દિવસના સંપર્કમાં યુવકોએ સારા નિયમો કર્યાં.

● ● ●

## દેશનું પશુધન ગેરકાયદે કતલખાને જાય છે, એને અટકાવો

શું આપને ખબર છે કે ભારતના બંધારણ મુજબ દેશમાં ગાય-ગાયના વાછડા,-ભેંશ વગેરે દૂધાળા ઢોર, ખેતી આદિના કામમાં ઉપયોગી બળદ વગેરેની કતલ કાયદેસર બંધ છે ? શું આપને ખબર છે કે આવા કાયદાઓ વિદ્યમાન છતાં રાજસ્થાન, ગુજરાત-મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ આદિમાંથી સગર્ભા ગાયો સહિત હજારો પશુઓ દરરોજ ટ્રકો દ્વારા મુંબઈના દેવનાર આદિ કતલખાના માટે લઈ જવાય છે. અરે આવી કતલ માટે પાકિસ્તાનમાં પણ પશુધનનું હરણ થઈ રહ્યું છે, એવા



સમાચાર છે. તમો દેશની આ મહાન સંપત્તિના રક્ષણમાં તમારી શક્તિ અનુસાર તન મન ધનથી સહાયક બની અઢળક પુણ્યભાગી બની શકો છો. જો દરેક હાઈવે પર સજાગતા પેટ્રોલિંગ વગેરે ચાલુ રહે તો હજારો પશુઓને અભયદાન આપી શકાય છે. આ માટે પત્રવ્યવહારથી અને રૂબરૂ માર્ગદર્શન મેળવવા તમારે અખિલ ભારતીય જીવ સંરક્ષક સમિતિના મંત્રી કેસરીચંદ મહેતા, તિલક રોડ, **માલેગાંવ** (જિ.નાસિક)નો સંપર્ક સાધવો જરૂરી બને... યાદ રહે પશુઓના અસ્તિત્વ વગર આર્યમાનવનું અસ્તિત્વ ટકવું અશક્ય છે...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૨૦,તા.૨૮-૧-૧૯૮૯

● **કોચીન** : નાતાલની રજાઓ દરમ્યાન કેરળ રાજયના કોચીન શહેરમાં જૈન યુવાન યુવતીઓને સમ્યગ્જ્ઞાન અને સંસ્કાર ઘડતર માટે ધાર્મિક શિબિર યોજવામાં આવી હતી. જૈન શ્વેતા. મૂર્તિ સંઘ કોચીન દ્વારા યોજવામાં આવેલ શિબિરનું સંચાલન અને બધા જ વિષયોનું અધ્યાપન કાર્ય શ્રી કુમારપાળ વિ. શાહ મુંબઈ અને એમના સહયોગી શ્રી જ્યોતિકુમાર વિ. શાહ (અજીમગંજ) એ કર્યું હતું. યુવાન યુવતીઓની લેખિત મૌખિક પરીક્ષાઓ પણ લેવામાં આવી હતી. જેમાં જિતેશ એ. વોરા, રાજીવ જી. શાહ અને પરેશ ડી. મહેતાએ પ્રથમ, બીજો અને ત્રીજા નંબરે પાસ થવાનું ગૌરવ મેળવ્યું હતું. શ્રી સંઘે તમામ શિબિરાર્થીઓને ૧૮૦ રૂપિયા દરેકને રોકડા સહિત અનેક અનેક સામગ્રીઓ પ્રભાવના રૂપે આપી હતી. શ્રી સંઘના પ્રમુખ શ્રી વીશનજીભાઈ, મંત્રી શ્રી પ્રવીણભાઈ તથા સેવાભાવી શ્રી પ્રફુલ્લભાઈ વગેરેનું યોગદાન અનુમોદનીય હતું. વ્યવહારિક ઉચ્ચ શિક્ષણમાં તેજ ગણાતાં કેરળ રાજયના આ યુવાનો ઉચ્ચ બૌધિક સ્તરના હોવા છતાંય વિરતીના વંદનીય પરિણામોવાળા હતા. શિબિરાર્થીઓએ જૈન તત્ત્વજ્ઞાનથી ભાવિત થતા રહીને કંદમૂળ, રાત્રિભોજન, સાતવ્યસન, ત્યાગના નિયમો સહિત નવ લાખ નવકાર જાપ, રોજ દર્શન પૂજાના નિયમો સમજપૂર્વક લીધા હતા. વિદાય સમારંભ સમયે વિખૂટા પડતાં સૌની આંખની પાંપણ પલળેલી હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૨૧/૨૨,તા.૧૧-૨-૧૯૮૯

● **દાવણગિરિ** : સિદ્ધાંતદિવાકર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય

જયઘોષસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં એમના શિષ્ય તપસ્વીરત્ન પૂ. મુનિરાજશ્રી જયસોમવિજય મ. નો ૧૦૭મી વ.ત. ઓળી તથા ગણિપ્રદાન મહોત્સવ ખૂબ ઠાઠ અને શાસનપ્રભાવકપૂર્વક પૂર્ણ થયો. પ્રસંગ પર આજુબાજુના સંઘો ઉપરાંત મુંબઈ નાસિક પીપળગાંવ વગેરેના આરાધકોની સારી સંખ્યાથી પ્રસંગ ખૂબ ઉજ્વળ બન્યો, પાઠશાળા, સાધારણ આદિની ઉપજ સારી થઈ. બોલીઓ સારી બોલાઈ. પૂ. આચાર્યભગવંત આદિ અત્રેથી ભદ્રાવતી તરફ વિહાર કરી ગયા છે.

• • •

## પૂજ્ય ગુરુદેવશ્રીનો કર્ણાટકની ભૂમિમાં વિહાર

• **ભદ્રાવતી** (કર્ણાટક) પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબને ચાલુ વિહારમાં હૃદયરોગનો હુમલો થવાથી ચિંતાજનક શારીરિક અસ્વસ્થતા ઊભી થઈ હતી. શ્રી બેંગ્લોર, ટુમકુર ભદ્રાવતી આદિ અનેક સંઘોના તથા નિષ્ણાત ડૉક્ટરોની સેવા સહકાર સમયસરનો મળી રહ્યો હતો. દેવગુરુ અને ધર્મની અચિંત્યકૃપાના અદૃષ્ટ પ્રભાવે પૂજ્ય ગુરુદેવનો નિરંતર સ્વાસ્થ્ય સુધારો થઈ રહ્યો છે. પૂર્વનિર્ધારીત કાર્યક્રમ અનુસાર ભદ્રાવતી (જિ. શીમોગા) ખાતે તારીખ ૧૭ મીએ થનાર ભવ્ય અંજનશલાકા મહોત્સવ પ્રસંગે પધારવા માટે તારીખ ૪/૨/૮૯ના રોજ ટુમકુરથી વિહારયાત્રા શરૂ કરી રહ્યા છે. પ્રાયઃ ૧૫/૨/૮૯ આસપાસ ભદ્રાવતી નગરમાં પૂજ્યશ્રીનું પદાર્પણ થશે.

• **સંગમનેર** (મહા.) : પૂ.પં.શ્રી ધનેશ્વરવિજય ગણિવર મ. ની નિશ્રામાં ચાલેલ ઉપધાનમાં પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજય મ.ના વ્યાખ્યાનથી સારી ધર્મપ્રભાવના થઈ. ઉપધાનમાં ૭-૮-૯ વર્ષની ઉંમરના સિદ્ધાર્થ, અતુલ. શ્રેણિક ઉપરાંત બે ડૉક્ટરો તથા દસથી સોળ વર્ષના પણ અનેક આરાધકોએ રંગ રાખ્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૨૪,તા.૨૫-૨-૧૯૮૯

## પાલઘર (મુંબઈ)માં થનારા નવા કતલખાના અંગે વિરોધ નોંધાવો

• **પાલઘર** (મુંબઈ) : ભીવંડીની પ્રજાની તીવ્ર વિરોધથી ૨ વર્ષથી કતલખાનું બંધ રાખવામાં આવેલ હતું. મેફકો કું. તરફથી કતલખાના અંગેની આધુનિક સામગ્રી ખરીદાઈ ગઈ છે. આ કતલખાનું હવે પાલઘરમાં દૂધ વિકાસ પ્રકલ્પની



જગ્યામાં થશે. જેમાં રોજના સેંકડો પશુઓ કપાશે. જેની દુર્ગંધીથી પાલઘરનું હવામાન ભયંકર દુર્ગંધથી દૂષિત થશે. પાલઘર રહેવાસીઓમાં રોગચાળો થશે. તેમજ નજીકમાં હૉસ્પિટલ હોઈને દર્દીઓને મહાત્રાસ થશે. દેશનું મહામૂલુ પશુધન ખતમ કરીને પ્રજામા હિંસાચાર ફેલાવવાનું અધમ કૃત્ય સરકાર કરી રહી છે. તેને કાયદાની કલમથી રોકી શકાય છે. માટે જીવદયાપ્રેમી ભારતવાસીઓ જાગૃત બની પોતાનો વિરોધ નોંધાવે પ્રધાનમંત્રી શ્રી શરદ પવાર મહારાષ્ટ્ર સચિવાલય, મુંબઈ-૩૨.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૨૫/૨૬,તા.૧૧-૩-૧૯૮૯

• **સાંગલી :** પંચપ્રસ્થાનારાધક પૂ. આચાર્યશ્રી વિજય જયશેખરસૂરિવર મ. ની નિશ્રામાં અત્રે જવાહરનગર સોસાયટીમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગ ખૂબ સુંદર અને ધર્મ-શાસનપ્રભાવક પૂર્વક ઉજવાયો. મહોત્સવ દરમ્યાન આખા સંઘની તથા સોસાયટીમાં વસતા તમામ ઈતરોની ત્રણે ટાઈમની નોકારશી થઈ. જેમાં એક દિવસે નવકારશીનો લાભ એક બ્રાહ્મણ ભાઈએ લીધો. અંજનશલાકા પ્રતિષ્ઠા આદિના ચઢાવા ખૂબ સુંદર થયા. ઉજવણી ભાવના વગેરેમાં હાજરી ખૂબ અનુમોદનીય રહી.

વાયડ નિવાસી યુવાન મુમુક્ષુ અતુલકુમારની દીક્ષાનો પ્રસંગ ઠાઠથી ઉજવાયો, એમને એમના પિતામુનિશ્રી સંયમશેખરવિજયજીના શિષ્ય જાહેર કરાયા.

અત્રેના ગણપતિપેઠના મંદિરનો જિર્ણોદ્ધાર નક્કી થયો છે. નૂતન જિનાલયમાં ત્રણ ભગવાન પધરાવવાની બોલી સુંદર થઈ. બોલીના દિવસે નવકારશી જમણનો લાભ સોસાયટીના વૈષ્ણવભાઈએ લીધો.

ગુણરત્ન સંવત્સર તપના મહાન તપસ્વી મુનિરાજશ્રી સોમતિલકવિજય મ. ને હાલ ૧૩ ઉપવાસના પારણે ૧૩ ચાલી રહ્યા છે એમના આ ભીષ્મ તપનું ઉજમણું ઠાઠથી કરવા કોલ્હાપુર સંઘ સમસ્તને આદેશ આપતા શ્રી સંઘમાં અત્યંત હર્ષની લાગણી પ્રસરી છે.

• • •

## આબુ-દેલવાડાના જૈનમંદિરો પર સરકારનું આક્રમણ !

"આબુ દેલવાડાના પવિત્ર શ્રી જિનમંદિરો અને જિનમૂર્તિઓને રાજસ્થાન સરકારે રાષ્ટ્રીય સંપત્તિ તરીકે જાહેર કરી પોતાની કમિટી બનાવી છે." એવા

સમાચાર જે પ્રાપ્ત થયા છે તે ખરા હોય તો કયા ભવ્યજીવને આઘાત નહિ થાય?

વિમળમંત્રી, વસ્તુપાળ-તેજપાળ, કુમારપાળના ઓ વારસદારો જાગો ! સંગઠ્ઠિત બનો ! સરકારના આવા અન્યાયી ઘોર જુલ્મી હુકમ સામે તમારો અવાજ ઊઠાવો ! આપણા પવિત્ર મંદિર-મૂર્તિઓને સરકારી તંત્રના વહીવટમાં જતા અટકાવો.

તમારો પ્રચંડ વિરોધ ભારતના વડાપ્રધાન રાજીવ ગાંધી તથા રાજસ્થાન સરકારના મુખ્યપ્રધાન, સચિવાલય, જયપુરને જલ્દી મળે તે રીતે તાર પત્રો આદિ દ્વારા જલ્દીથી મોકલશો.

આવા પવિત્ર મંદિર-મૂર્તિઓ બચશે તો જ આર્યપ્રજાનું આર્યત્વ બચશે, સંસ્કૃતિની રક્ષા થશે...

જાગો ! બુલંદ અવાજ ઊઠાવો !

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૩૦/૩૧,તા.૧૫-૪-૧૯૮૯

## કર્ણાટકમાં પ.પૂ.વર્ધમાન તપોનિધિશ્રીજીના પાવન પગલે

● **સિમોગા :** વર્ધમાનતપોનિધિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે ભદ્રાવતીની અંજનશલાકા પ્રતિષ્ઠા ભવ્ય રીતે આનંદ સંપન્ન કરાવીને અત્રે પધાર્યા. સિમોગા જિલ્લાનું શહેર છે. જિનમંદિર કાચકામથી બહુ આકર્ષક અને નયનરમ્ય છે. ઉલ્લાસી શ્રી સંઘે શાનદાર સામૈયું કર્યું. રોજ બે વાર વ્યાખ્યાન થતાં વ્યાખ્યાનમાં સારી સારી પ્રભાવના તથા બપોરે જિનેન્દ્રભક્તિરૂપ પૂજા ભણાવાતી હતી.

પૂજ્યશ્રીને શ્રીસંઘે ખૂબ આગ્રહપૂર્વક વધારે રોકી રાખીને મંદિરજીમાં અઢાર અભિષેકોની વિધિ શાનદાર રીતે કરાવ્યો. નૂતન કરાવાયેલા ૪ ભવ્ય પટ્ટો તથા તીર્થંકર ભગવાનની પ્રતિમાજી મળી કુલ ૧૪ બોલીની ૧। થી ૧॥ લાખ જેટલી રેકોર્ડ ઉછામણી થઈ હતી. બેંગ્લોરથી આવેલા નિષ્ણાત વિધિકાર શેઠશ્રી નથમલજીએ અભિષેક વિધિ કરાવી. જીવદયાની સુંદર ટીપ થઈ. શ્રી સંઘજમણ અને પૂજ્યશ્રીને કામળી ઓઢાડવાની બોલી સુંદર થયી.

● **ભદ્રાવતી :** પૂજ્યપાદશ્રીજીની નિશ્રામાં શ્રી ભદ્રાવતી સંઘમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ સુંદર ઉજવાયો હતો. તેથી શ્રી સંઘના ભારે હર્ષોલ્લાસ-પૂર્વકના આગ્રહથી પૂજ્યશ્રીના ભદ્રાવતીમાં ફરીથી પાવન પગલા થયા. પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં તથા શ્રી સંઘની મિટિંગમાં દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, વૈયાવચ્ચ દ્રવ્ય આદિની વ્યવસ્થાનું શાસ્ત્રીય રીતે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. એક દંપતીએ પૂજ્યશ્રીજીના શ્રીમુખે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું.

● **તરીકેરે :** ભદ્રાવતીમાં પૂજ્યશ્રીના હાથે અંજનશલાકા થયેલ શ્રી સીમંધર સ્વામી ભગવાનનું ગૃહમંદિર હજુ હમણાં જ અહીં થયેલ. પૂજ્યશ્રીની સામૈયાપૂર્વક પધરામણી થતાં અને પૂજ્યશ્રી તરફથી પ્રવચનમાં સુંદર પ્રેરણા મળતાં શ્રી સંઘનો ઉલ્લાસ વધ્યો. અહીં જિનમંદિર તથા ધર્મશાળા નિર્માણ કરવાનું નક્કી થયું. પૂજ્યશ્રીની પ્રેરણાથી બંને માટે પણ સુંદર ટીપ પણ થવા પામી.

● **બીરુર :** તરીકેરેથી બીરુર પધાર્યા. અહીં સુંદર અને ભવ્ય શ્રી વિમલનાથ ભગવાનનું મંદિર છે. પરંતુ ૧૩ વર્ષથી ભગવાનની પ્રતિષ્ઠા થઈ ન હતી. પૂજ્યશ્રીનાં માર્ગદર્શન અને પ્રેરણાથી શ્રી સંઘે આવતા વર્ષમાં પૂજ્યશ્રી આપે તે મુહૂર્તમાં પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું અને એ મુહૂર્તે પ્રતિષ્ઠા ન કરાવાય તો પછીથી ઘી અને સાકર ત્યાગની પૂજ્યશ્રીના શ્રીમુખે સકલશ્રી સંઘે પ્રતિજ્ઞા કરી હતી.

● **અરસીકેરે :** વચ્ચેના ગામ કડુર પૂજ્યશ્રી સામૈયા સહિત પધાર્યા અને વ્યાખ્યાનાદિનો લાભ આપ્યો. અત્રે પૂજ્યશ્રીનો ભવ્યપ્રવેશ થયો. શ્રી સંઘના ભારે ઉલ્લાસ સાથે અહીં ત્રણ દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાયો.

● **ટિપટુર :** પૂજ્યશ્રીનું જોરદાર પ્રવેશ સામૈયું થયું. શ્રી સંઘે પાંચ વર્ષ પહેલા દેવદ્રવ્યના ૨॥ લાખ રૂપિયા ઉપાશ્રય બનાવવામાં વાપરી નાખ્યા હતા. વળી જિનમંદિરના ખાત મુહૂર્ત-શિલાન્યાસ પછી ૧૫ વર્ષથી નિર્માણકાર્ય અટકેલું હતું.

પૂજ્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનની અત્રેના શ્રી ઉપાશ્રયમાં નામાદિ આપવાની ઉછામણી ખૂબ જ સુંદર થવા પામી... અને વ્યાજ સાથે દેવદ્રવ્યની રકમ ભરપાઈ કરવાની શ્રી સંઘને સગવડ મળી. અમુક અમુક વ્યક્તિગત લોન આપવાનું નક્કી થયું. ઉપાશ્રયમાં આચાર્યોના ફોટા મૂકવા રૂા. ૫-૫ હજાર નક્કી થયા.

મંદિરજી નિર્માણનું કાર્ય ઝડપથી શરૂ કરવાની શ્રી સંઘે પ્રતિજ્ઞા કરી અને બેંગ્લોર મુકામે પૂજ્યશ્રીની નિશ્રામાં વૈશાખ સુદ-૪ ના અંજનશલાકા થવાના છે ત્યારે અત્રેના ચાર પ્રતિમાજી ભરાવવાનું પણ નક્કી થયું. ચાર પ્રતિમાજીની બોલી પણ સારી થવાથી દેવદ્રવ્યને પણ સારો ટેકો મળ્યો. શ્રી પાર્શ્વનાથ પૂજન પણ

ઠાઠથી ભણાવાયું અને શ્રીફળની પ્રભાવના થઈ.

આ રીતે પુણ્યનિધિ પૂજ્યપાદશ્રીજી પાવન પગલે પગલે કર્ણાટકમાં અનેરી શાસનપ્રભાવના થઈ રહી છે. બેંગ્લોર અંજનશલાકા-પ્રતિષ્ઠા માટે પૂજ્યશ્રી પધારી રહ્યા છે. ચૈત્રી ઓળી પ્રાયઃ ચિકપેટ બેંગ્લોરમાં થશે.

**ચંદરાઈપટ્ટના** (કર્ણાટક) : પૂ. મુનિરાજશ્રી કનકસુંદરવિજય મ. ની નિશ્રામાં એમના સ્થવીર શિષ્ય મુનિરાજશ્રી પદ્માનંદવિજય મ. ને વર્ધમાન ૭૧મી આયંબિલની ઓળી ઉપર જ સીધી ૭૨મી ઓળી શરૂ થઈ છે. ઓળીની અનુમોદનાર્થે છ ભવ્યોને યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રત, ત્રણ આરાધકોને અનુક્રમે ૮૯, ૮૧, ૭૧ ઉપવાસ કરવાનો નિર્ણય, એક યુવાનને યાવજ્જીવ દર વરસે છ માસ બ્રહ્મચર્યપાલન દર મહિને બે ઉપવાસ આદિ આરાધના નક્કી થઈ. પૂ. મુનિરાજશ્રીના પ્રવચનોથી ૨૫ ભવ્યોએ જિનપૂજાના અને ૭૦ ભવ્યોએ જિનમંદિરે દર્શનના નિયમ લીધા. અરિહંત-સિદ્ધ આચાર્યની આરાધના નિમિત્તક ત્રણ દિવસ સામુદાયિક નીવિ એકાસણા થયા. તપસ્વીના પારણા નિમિત્તક, વાજતે ગાજતે તપસ્વીને પોતાને ત્યાં લઈ જવાયા. સંઘપૂજન થયું. પાંડવપુર ટાઉનમાં જિનમંદિર-ઉપાશ્રય નિર્માણ નક્કી થયા.

● **ભાવનગર** : પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજા આદિઠાણા અત્રે ત્રણેક અઠવાડિયા માટે પધારતા દરરોજ પ્રવચનમાં અને રવિવારના પ્રવચનોમાં શ્રોતાઓની ચિક્કાર હાજરી, રાધનપુરી બજારનો નૂતન ઉપાશ્રય House Full થતા જાહેર પ્રવચન ટાઉન હોલમાં રખાયું તે પણ નાનો પડ્યો. બે દિવસની યુવા શિબિરમાં અત્રેના યુવાનો ઉપરાંત આજુબાજુના શિહોર, સોનગઢ, ઘોઘા, પાલીતાણા વગેરેના યુવાનોએ લાભ સારો લીધો. શિશુશિબિરમાં ૭૦૦ જેટલા બાળકો જોડાયા અત્રેથી શ્રી સિદ્ધગિરિની પદયાત્રામાં ૨૦૦ થી ઉપર યુવાનો જોડાયા. પૂજ્ય મુનિરાજશ્રીની અત્રેની સ્થિરતા દરમ્યાન પ્રવચનો અને આરાધનાની જાણે હેલી ચઢી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૩૩,તા.૬-૫-૧૯૮૯

● **સુરત** : પૂ. હેમરત્નવિજય મ.સા. આદિઠાણા અત્રે પધારતા વાડીના ઉપાશ્રયમાં નવપદજીની ઓળીમાં પ્રવચનમાં હાજરી ચિક્કાર રહી. ચૈત્ર સુદ-૧૩ શ્રી મહાવીર ભગવાનના જન્મ કલ્યાણકની રથયાત્રાનો વરઘોડો ભવ્ય નીકળ્યો. પૂ. મુનિરાજશ્રીનું જાહેર પ્રવચન સનાતન હોલમાં થતાં ભવ્યોએ જિનવાણી અમૃતરસ પાન કર્યું. સુરત શહેરની સમગ્ર પાઠશાળાની બાળક-બાળિકાઓ તેમજ ૧૫ થી



૪૫ વર્ષના યુવાનોની ભવ્ય ચૈત્યપરિપાટી નીકળી. કાજીના મેદાનમાં ભિક્ષુકોને અનુકંપાદાન અપાયું, તથા દવાખાનાઓમાં જરૂરિયાતવાળાઓને ફળ વિતરણ કરાયું. પૂ. ગણિવર્યશ્રી વિદ્યાનંદવિજય મ. તથા પૂ. મુનિવરનું અત્રે અટવાગેટ ચાતુર્માસ નક્કી થયેલ છે.

● **બેંગ્લોર** : પરમશાસનપ્રભાવક વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં અત્રે શ્રી સિદ્ધચક્રપૂજન સહિત પાંચ દિવસીય શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. ચિકપેટ સંઘની વિનંતીથી પૂ. પાદશ્રી ચૈત્રી ઓળીની આરાધના કરવા પધાર્યા લગભગ ૪૦૦ આરાધકોએ અને ૨૪ મુનિવરોએ વર્ધમાન આયંબિલ અને શ્રી નવપદજીની ઓળીની આરાધના કરી.

● **મૈસુર** : તપસ્વી પૂ. મુનિરાજશ્રી કનકસુંદરવિજય મ.સા. આદિઠાણા તથા પૂ. સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ. આદિની પાવન નિશ્રામાં અત્રે ૧૧ દિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન સુંદર રીતે થયું. પૂ. મુનિવરશ્રી દરરોજ પાંચ વિષયો પર યુવાનો અને બાળકોને પ્રવચન આપતા. પૂ. સાધ્વી મહારાજોએ અલગ સ્થાને બહેનો તથા કન્યાઓને શિબિર પ્રવચન દ્વારા શુભ સંસ્કાર રેડ્યા. શિબિરને અંતે પરીક્ષા લેવાઈ અને ઈનામો અપાયા. બેનોને આકર્ષણ એટલું બધું થયું કે પૂ. સાધ્વીજી મ. ને ચોમાસું મૈસુરમાં કરવા ખૂબ આગ્રહ કરેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૩૫/૩૬,તા.૨૭-૫-૧૯૮૯

● **મંડિયા** (કર્ણાટક) : મૈસુરમાં શાનદાર આધ્યાત્મિક શિબિર સંપન્ન થયા બાદ તપસ્વી પૂ. મુનિરાજશ્રી કનકસુંદર વિજય મ. આદિઠાણા ૨ અત્રે પધારતા એમની ૮૯મી વર્ધમાન આયંબિલ ઓળીનું પારણું સુંદર રીતે ઉજવાયું. અત્રે ચાર દિવસની શિબિરમાં જૈન ચાર્ટો દ્વારા તત્ત્વોની સમજ સારી અપાઈ. અત્રે આયંબિલખાતુ શરૂ કરવાની ટીપ શરૂ થઈ. પ્રતિષ્ઠા સુધી ઓછામાં ઓછું એક આયંબિલ કરવાનું નક્કી થયું. મદુર અને રામનગર બંને સ્થળે ગૃહજૈનમંદિર કરવાના અભિગ્રહ અપાયા.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૭,અંક-૩૭,તા.૩-૬-૧૯૮૯

## પૂજ્યશ્રીના પાવન પગલે બેંગ્લોરથી સદાશિવનગરમાં શ્રી સીમંધરસ્વામીની ચલ-પ્રતિષ્ઠા

ગત ચાતુર્માસ દરમ્યાન પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના પ્રશિષ્ય પૂ. મુનિ વરબોધિ વિ.મ.ના ઉપદેશથી સુશ્રાવક પુખરાજ એચ. શાહે પોતાના ગૃહઆંગણે પ્રભુજીને પધરાવવા અત્રેના અંજનશલાકા પ્રસંગમાં ૯”ના શ્રી સીમંધરસ્વામી ભગવાન ભરાવ્યા. વૈશાખ સુદ-૧૦ ના દિવસે ખૂબ જ ઠાઠપૂર્વક પૂજ્યશ્રી વિશાલ પરિવાર સાથે પધાર્યા. આમંત્રિત વર્ગ પણ સારો હતો. શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા થઈ, તમામની સાધર્મિક ભક્તિ કરવામાં આવી.

આજના યુગમાં ધર્મજ્ઞાનથી વંચિત રહી આડે માર્ગે વહી જતી નવી પ્રજાને ધર્મમાર્ગે લાવવા એમણે હિંદી સાહિત્યની બહુ જરૂર દેખાડી ને પોતે લાભ લેવા ઈચ્છા વ્યક્ત કરી.

● **શ્રીરામપુર** (અહમદનગર-મહારાષ્ટ્ર) પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજય મ. નો ગણિપદ પ્રદાન પ્રસંગ જિનવર ભક્તિ સ્વરૂપ બૃહદ્ શાંતિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક પૂ.પં.શ્રી ધનેશ્વરવિજયગણિ મહારાજ આદિની પાવક નિશ્રામાં અત્રે ભવ્ય રીતે ઉજવાયો. સાથે જ ભારતભરના આજ સુધીમાં ધર્મચક્રતપ કરનાર તપસ્વીઓનો સત્કાર સમારંભ અને ૨૭ છોડનું ઉજમણું સુંદર રીતે થયું.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૭,અંક-૩૮,તા.૧૦-૬-૧૯૮૯

● **ચાલીસગાંવ** : વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિઠાણા અત્રે વર્ષો પૂર્વ પધારી મંદિર બનાવવા અંગેની જાગૃતિ આપેલી. એઓ પૂજ્યના આશીર્વાદથી અત્રે ચરમ તીર્થપતિશ્રી મહાવીરસ્વામી આદિ જિનબિંબોની અંજનશલાકા અને નૂતન મંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. પર્યાયસ્થવીર મુનિરાજશ્રી નંદીઘોષવિજયજી મ. આદિ વિશાળ પરિવારની શુભનિશ્રામાં ખૂબ ભવ્ય રીતે સંપન્ન થયો. પ્રસંગ નિમિત્તક શાંતિસ્નાત્ર સહિત શ્રી જિનભક્તિ સ્વરૂપ અઠ્ઠાઈ મહોત્સવ પણ ખૂબ ઠાઠથી ઉજવાયો. ઘીની ઉછરામણી-બોલીઓ ધારણા બહાર ઘણી જ સારી થઈ. પૂ. મુનિરાજશ્રી નંદીઘોષ વિજય મ. તથા પૂ. કીર્તિરત્ન વિજય મ. અને પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય



રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજે પ્રસંગ પર અગાઉથી પધારી પ્રવચન અંગત ઉપદેશ અને માર્ગદર્શન દ્વારા સારો ટેમ્પો જગાડવાથી પ્રસંગ ખૂબ દેદીપ્યમાન બન્યો. કચ્છી ભાઈઓ, બહારગામવાળાઓએ તથા ગામનાં સ્થાનિક લોકોએ સારા એવા ચઢાવા લીધા. ધીમે ધીમે રકમ આવી દેરાસર દેવવિમાન જેવું બની જશે. પરિકર સાથે ૩૧” ઈંચના મહાવીર પ્રભુની પ્રતિમાની મુદ્રા સુંદર છે. શ્રી લક્ષ્મીચંદ કેશવજી માડણની વિશાળ વખારનાં ભાગમાં પંચકલ્યાણકની ઉજવણી સુંદર થઈ. જમવાનું પણ ત્યાં હોઈને સારી એવી હાજરી તથા ઉછામણી થઈ. ધુલિયાથી ભવ્ય રથ, નાસિકથી હાથી, દીક્ષા કલ્યાણકનો અતિ ભવ્ય વરઘોડો, પ્રભુજી તરફથી વરસીદાન, ૫૬ દિક્કુમારી, મહિલામંડળની ટ્રકો, ઘોડેસવાર, ઈન્દ્રધજાની ગાડી **ભવ્ય**. લોકો ઉપસ્થિતિ વિરોધ હતો તેમણે પણ સારા ચઢાવા બોલી પ્રતિષ્ઠા કરી ઉછરામણીનો રંગ સારો રહ્યો. સવારનાં સાધર્મિક ભક્તિ-બપોરના નવકારશી-સાંજના ૬/૩૦ વાગે રસોડું બંધ. રાત્રિભોજન ત્યાગ સારો થયો. અપૂર્વનિધીશ્રીજીની વડીદીક્ષા થયેલ. બે દંપતીઓએ જીવનભર બ્રહ્મચર્ય - નરસિંહરાવ કોઠારીને ત્યાં ઘર દેરાસર થયું. સંગીતકાર પ્રદીપભાઈ ઠાકુરની મંડળી આવેલ.

હાલમાં પાઠશાળા ચાલુ થઈ છે બાળકો ૩૦ જેટલા આવે છે. વ્યાખ્યાનમાં સ્થાનકવાસી-કચ્છીવર્ગ સારો લાભ લે છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૭,અંક-૩૯,તા.૨૪-૬-૧૯૮૯

પૂ.આચાર્યશ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજના અનુમોદનીય ગુણો અને પ્રસંગોનું સંકલન કરવાનો અમારો ઈરાદો છે, એથી જે જે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા આદિ શ્રી સંઘને વિનંતી છે કે તેઓ એમની બાબતના પોતાના અનુભવો અમને લખી જણાવે.

વળી એમણે ઘણાને જુદા જુદા શાસ્ત્રો વગેરેનો અભ્યાસ કરાવ્યો છે અને એ અંગેની નોટો પણ કરાવરાવી છે. એ નોટો એકત્રિત કરીને જુદી જુદી પુસ્તિકારૂપે છપાવવા ગણત્રી છે. આપની પાસેની આવી નોટોની ઝેરોક્ષ કોપી અમોને શીઘ્ર મોકલાવશો એ જ.

લિ. મુનિ વરબોધિવિજય
Shri Chandraprabha Jain Naya Temple, 142, Mint Road Madras.

## જિનશાસનના તેજસ્વી સિતારા સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજની સુરતમાં ગુણાનુવાદ સભામાંથી કાંઈક

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય નવિનસૂરીશ્વરજી મહારાજ આદિ અનેક મુનિવરોની પાવન નિશ્રામાં શેઠ નેમુભાઈની વાડીના ઉપાશ્રયે સ્વ. પૂજ્યશ્રીની ગુણાનુવાદ સભા રાખવામાં આવેલ. જેમાં,

પૂ.આ. શ્રીમદ્ વિજય હિરણ્યપ્રભસૂરીશ્વરજી મહારાજે અનેક પ્રસંગો બતાવીને જણાવ્યું હતું કે "અમે જ્યારે જ્યારે મળ્યા ત્યારે તેમના સ્નેહભીના સ્વભાવનો સારો અનુભવ થયો. જ્ઞાનની તો એ મૂર્તિ હતા. આવા મહાન આત્માના જવાથી સંઘને ભારે ખોટ પડી છે.

આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે સમુદાય કરતાં ને પક્ષ કરતાં ય શાસન મહાન છે. શાસનનાં હિત માટે સામાચારીનું કાંઈક જતું કરવું પડે તે કરવાની ઉદારતા હોવી જોઈએ. આવી ઉદારતાના પ્રભાવે જ આજે એક પુણ્યાત્માના ગુણાનુવાદમાં તમે ત્રણ ત્રણ સમુદાયને એક પાટે સાથે બેઠેલા જોઈ શકો છો.

પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય રાજયશસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હતું કે, અમે એકવાર મળ્યા ત્યારે તેમણે એક સૂત્ર આપેલું કે "કંઠીબંધા ભક્તોને ક્યારે ય સામેથી બોલાવવા નહિ." બહુ સાચી વાત હતી. કંઠી બાંધી હોય એટલે એકના જ દુરાગ્રહમાં હોય, પછી બાકી બધા જ તેને ખોટા લાગે. આજનો કહેવાતો અનુયાયી વર્ગ હકીકતમાં અનુયાયી જ નથી. અનુયાયી તો તે કહેવાય કે જે ગુરુની પાછળ ચાલે. આ તો ગુરુને પોતાની પાછળ ચલાવે છે ! અમારા પરમોપકારી પૂજ્ય સ્વ. ગુરુદેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજે 'જૈનં જયંતિ શાસનમ્'નો નાદ ગૂંજતો કરેલો. શાસનને નજરમાં રાખો અને પછી બધું વિચારો. આજે શાસન કરતાં પક્ષને નજરમાં લઈને વિચારવામાં આવે છે; તેથી શાસનની હીલના કરનારી પ્રવૃત્તિ કરતાં સંકોચ નથી. સ્વ. પૂ. ગુણાનંદસૂરીશ્વરજી મ. સહુની વચ્ચેથી એકાએક ચાલ્યા ગયા. એક ટેક્ષી આગળની મોટરને ઓવરટેક કરવા આવીને ટક્કર મારીને જતી રહી, શી વાત છે ? પણ એ ટક્કરમાં આપણે તો એક મહાન વિભૂતિ ગુમાવી બેઠા ! વર્તમાન કાળે અરાજકતા !



પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજે પૂજ્યશ્રીના ગૃહસ્થાવાસથી માંડીને સ્વર્ગવાસ સુધીના અનેક પ્રસંગો સભા સમક્ષ મૂકીને સહુની આંખડી ભીંજવી દીધી હતી. પૂજ્ય મુનિશ્રીએ જણાવ્યું હતું કે પૂ. ગુણાનંદસૂરીશ્વરજી મ.નો અકસ્માત-પ્રસંગ ભલભલાને વૈરાગ્ય કરાવે એવો હતો. તત્ત્વાર્થ સૂત્રના સાતમા અધ્યાયમાં એક નાનકડું સૂત્ર છે.

**'જગત્કાય-સ્વભાવૌ ચ સંવેગ વૈરાગ્યાર્થમ્ !'** જગતમાં બનતી ઘટનાઓ અને કાયાનો સ્વભાવ અંતમાં વૈરાગ્ય અને ધર્મપ્રેમ જગાડે એવા (૧) મચ્છુનો ડેમ ફાટ્યો અને પાંચ હજાર નરનારીઓ તણાઈ ગયા ! લાખો પશુઓ મોતના મુખમાં ધકેલાઈ ગયા ! (૨) ભોપાલમાં ઝેરી ગેસ ફાટ્યો, અને દશ હજાર માણસો ગુંગળાઈને મરી ગયા ! (૩) અમદાવાદ પાસે પ્લેન સળગી ઊઠ્યું અને ૧૩૦ માણસો સ્વાહા થઈ ગયા. (૪) મોસ્કોમાં ભૂકંપ થયો અને ૫૦,૦૦૦ માણસો ધરતીમાં સમાઈ ગયા, સાવ સેન્ડવીચ બની ગયા. આવી વિશ્વની ઘટનાઓ જાણ્યા બાદ આત્મામાં વૈરાગ્ય જાગવો જોઈએ. પણ આજના કાળે માણસના હૈયાં ધિઠ્ઠાં બનાવી દીધાં છે. એને બધું જ કોઠે પડી ગયું છે. છાપું વાંચીને આરામથી ચા પી લે છે !

(૫) સગર ચક્રવર્તીએ ૬૦,૦૦૦ પુત્રોના મોત સાંભળીને અંતરને વૈરાગ્યથી ભીનું ભીનું બનાવી દીધું હતું. (૬) હનુમાનજી આથમતી સંધ્યાને જોઈને વૈરાગી બની ગયા હતા. (૭) ગૌતમબુદ્ધ કરમાયેલા ગુલાબને જોઈને વિરાગી બન્યા હતા. પૂર્વે આવા સામાન્ય પ્રસંગમાં વૈરાગ્ય ! ને આજે ખતરનાક પ્રસંગ જોઈ વૈરાગ્ય નહિ ? શાસનની શાનસમાં મહાન આત્માના આ રીતના સ્વર્ગવાસ-સમાચાર વૈરાગ્ય પામવા માટે બસ છે.

પૂ. ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ આ જન્મમાં મૂળ લિંગાયત કોમમાં જન્મીને એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરીને પૂ. આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સંપર્કમાં આવી વૈરાગ્યવાસિત, દીક્ષિત અને એઓશ્રીના કૃપાપાત્ર બન્યા હતા. પોતાના પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના અદના સેવક હતા. મોટા ધુરંધર જ્ઞાનપયોગી હોવા છતાં પૂજ્ય ગુરુદેવ પાસે એક નાનકડા બાળક બનીને ઊભા રહી જતા અમે અનેકવાર જોયા છે. પૂજ્ય ગુરુદેવશ્રી પણ તેમના ઉપર એટલા જ પ્રસન્ન હતા. ગુરુદેવ પોતાના વરદ હસ્તે તેઓશ્રીને તૃતીયપદે બિરાજિત કર્યા હતા.

આ મહાપુરુષ પાસે પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખર વિ. ગણિ મ. મુનિરાજશ્રી

રત્નસુંદર વિ. મ. આદિ સમુદાયના અનેક મુનિઓ ભણ્યા હતા. હું પોતે પણ તેઓશ્રી પાસે ભણ્યો છું. ઉપમિતિ, હારિભદ્રીય દશવૈકાલિક, વિશેષાવશ્યક ભાષ્ય આદિ અનેક ગ્રંથોનું અધ્યયન તેઓશ્રીએ અનેકને કરાવેલું. ધુલિયાના મારા પ્રથમ ચાતુર્માસમાં હું તેઓશ્રીની સાથે હતો ત્યારે તો મને વ્યાખ્યાન વાંચતા પણ આવડતું ન હતું છતાં પૂજ્ય ગુરુદેવે મને મોકલેલો. પૂ.આ. શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ.ની તબીયત તો નરમ રહેતી, તેથી તેઓ પ્રવચન તો આપતા ન હતા. પણ પ્રવચનના પોઈન્ટની તેઓશ્રી મને નોટિસ કરાવતા. સમુદાયના સાધુ માટે એમણે જે મહેનત કરી છે તે ખરેખર અનુમોદનીય જ નહિ ચિરસ્મરણીય છે.

અમે સમુદાયના સાધુઓ જેટલું જ્ઞાન તેમની પાસેથી મેળવ્યું, તેટલું જ્ઞાન જો પંડિતો પાસેથી મેળવ્યું હોત તો કદાચ જૈન સંઘના ૨૫ લાખ રૂપીયા ખર્ચાઈ જાત તો ય તેઓશ્રી જેવું આપી શક્યા તેવું પંડિતો ન આપી શકત. આવા જ્ઞાનપયોગીના વિરહથી અમને સહુને જ નહીં સમગ્ર જૈનસંઘ-શાસનને એક ન પૂરી શકાય એવી ભારે ખોટ પડી છે. તેઓશ્રીના ગુણાનુવાદ કરીને તેમના જેવા ગુણ આપણામાં જાગે એવી અભિલાષા સહ વિરમું છું.

• • •

• **રાણકપુરજી તીર્થ** : પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ.સાહેબના પાવન સાનિધ્યમાં તેઓ દ્વારા ૨૩મી શિબિર સાનંદ સંપન્ન થઈ. દીક્ષાન્ત સમારોહમાં પૂ. આચાર્ય મહારાજે જણાવ્યું કે શિબિરમાં વિદ્યાર્થીને પંડિત ન બનાવી શકાય પરંતુ જીવન જીવવાની ઉત્તમ કલા અવશ્ય ભણાવી શકાય છે. જેથી યુવાનોનું જીવન ઉજ્જવળ બને.

આ પ્રસંગે રાનીવાળા ગજરાજજી તરફથી આવતા વર્ષે વરકાણાજીમાં શિબિર કરવાની વિનંતી થઈ અને તેઓ દ્વારા બધા વિદ્યાર્થીની પંચતીર્થયાત્રા કરાવાઈ.

પૂજ્યશ્રીનું આગામી ચાતુર્માસ શિરોહીમાં નક્કી થયું છે. પ્રવેશ દિન ૧૨-૭-૮૯ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૪૨,તા.૧૫-૭-૧૯૮૯

• **કોલ્હાપુર** : ઉગ્રતપસ્વી સ્વ. મુનિરાજશ્રી સોમતિલક વિજય મહારાજે ગુણસંવત્સર તપની ભીષ્મ તપસ્યા આદરેલી. ૧૬ માસના કુલ તપની સાધનાના ૧૩માં મહિને જ એઓ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. એમની છેલ્લી ઈચ્છા અનુસાર



અત્રે શ્રી સંઘમાં સામુદાયિકરૂપ શ્રી ગુણસંવત્સર તપની આરાધના સુંદર થઈ અને તે નિમિત્તે પૂ.આ.શ્રી જિનેન્દ્રભક્તિસ્વરૂપ પંચાહ્નિકા મહોત્સવ સુંદર રીતે ઉજવાયો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૭,અંક-૪૩,તા.૨૨-૭-૧૯૮૯

## પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબનોમદ્રાસ શહેરમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

પરમશાસન પ્રભાવક, દ્વિશતાધિકમુનિગણનેતા પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ આદિઠાણા ૩૩ નો મદ્રાસ નગરમાં અષાઢ સુદ-૬ રવિવાર તા. ૯-૭-૮૯ના શુભ દિવસે સવારે ૯ વાગે શાનદાર પ્રવેશ થયો...

પૂજ્યશ્રીનું બેંગ્લોરમાં યશસ્વી-જળહળતું ચાતુર્માસ થયા બાદ મદ્રાસ તરફ પદાર્પણ થયું. રસ્તાના વિહારમાં અનેકવિધ શાસન પ્રભાવના થઈ. રાનીપેટ, કાંચીપુરમ્, શ્રી પેરમ્બતુર આદિમાં જિનમંદિર નિર્માણનું નક્કી થયું.

પૂજ્યશ્રી મદ્રાસ નગરમાં પ્રવેશ પહેલા ૭ દિવસ પધાર્યા. કેસરવાડી તીર્થમાં ભવ્ય સ્નાત્રપૂજા મહોત્સવનું આયોજન થયેલ. ત્યાં હજારો ભાવિકોની મેદની ઉમટી હતી. કેસરવાડીથી મામ્બલમ્, પેરમ્બૂર, દાદાવાડી, ટ્રીપલ્લીકેન, મૈલાપુર, મહાવીર કોલોની, અરિહંત કોલોની, રાયપેટા, પોરુર આદિ સ્થળોએ શ્રી જૈન સંઘની વિનંતીથી પધાર્યા. ત્યાં પ્રવચન આદિ દ્વારા અનેકવિધ શાસન પ્રભાવના થઈ.

અષાઢ સુદ-૬ રવિવારનો દિવસ મદ્રાસ માટે સ્વર્ણિમ બની ગયો. પૂજ્યશ્રીનો ભવ્ય પ્રવેસ ભારે ઠાઠપૂર્વક થયો. ૧૦ સજાવેલી ગાડીઓ, પાઠશાળાના બાળક-બાળિકાઓ, બેન્ડો તથા સંગીતકારોથી વાતાવરણ હર્ષથી ભરાઈ ગયું. પૂજ્યશ્રીના ઉપાશ્રયના પ્રવેશ વખતે કલાત્મક ૩૬ ગહૂંલીઓ થઈ. જેનું પૂરા સમાજમાં ખૂબ આકર્ષણ થયું.

બે કલાક મદ્રાસ નગરમાં વરઘોડો ફર્યો. ઠેર ઠેર ગહૂંલી આદિ થઈ. હજારો નરનારી સાથે પૂજ્યશ્રીનો શ્રી જૈન આરાધના ભવન ઉપાશ્રયમાં પ્રવેશ થયો. જયજય નાદના હર્ષોચ્ચારથી ઉપાશ્રય ગુંજી ઉઠ્યો.

પૂજ્યશ્રીનું તથા પૂ. મુનિશ્રી જયસુંદર વિ.મ. નું જોરદાર મંગળ પ્રવેશ વ્યાખ્યાન થયું. તામિલનાડું સરકાર વતી તેના ખાદ્યમંત્રી શ્રી આરકાટ એન. વીરાસ્વામીએ પૂજ્યશ્રીનું શાલ ઓઢાડવાપૂર્વક સ્વાગત કર્યું અને જૈનધર્મ તથા તેના ત્યાગી મુનિઓનાં તપ-ત્યાગ-અહિંસાની પ્રશંસા કરી.

મદ્રાસ સિટીમાંથી અનેક શ્રી સંઘોએ ચાતુર્માસ માટે મુનિઓ આપવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ (૧) ગુજરાતી વાડી, (૨) મૈલાપુર, (૩) વેપેરી (મહાવીર કોલોની) માટે સાધુ આપવાની સમ્મતિ જણાવી. આ પ્રસંગે 'A Key to happy life' પુસ્તકનું ઉદ્ઘાટન થયું. બેંગ્લોર, મુંબઈ, ધોળકા, અમદાવાદ આદિથી અનેક ભક્તજનો પૂજ્યશ્રીના પાવન પ્રવેશ ઉપર પધાર્યા હતા.

● **કોલ્હાપુર** : પૂ.આ.શ્રી વિજય જયશેખરસૂરિજી મ.ની નિશ્રામાં પૂ.મુ. અભયશેખર વિ.મ. ના ઉપદેશથી સ્વ. તપસ્વી મુનિરાજશ્રી સોમતિલક વિ.મ.ને જે દિવસે ગુણરત્ન સંવત્સર તપ પૂર્ણ થતો હતો એ જ દિવસે પૂર્ણ થાય એ રીતે સામુદાયિક ગુણરત્ન સંવત્સર તપ સંઘમાં કરાવ્યો... શંકા હતી કે શેષકાળમાં ૧૬-૧૫ વગેરે ઉપવાસ કરનારા કઈ રીતે તૈયાર થાય ? પણ ૧૪ જૂનથી બે તપસ્વીઓએ ૧૬ ના પચ્ચ લીધા. ૧૫ જૂનથી બે ૧૫ ના પચ્ચ, ૧૬ જૂનથી બે જણાએ ૧૪નાં અને ઉત્તરોત્તર પચ્ચ૦ થયા... રોજ વાજતે ગાજતે પચ્ચ૦ લેવા આવતા - સુંદર મંગળાચરણપૂર્વક ચતુર્વિધ સંઘની હાજરીમાં ભારે ઉલ્લાસના વાતાવરણમાં પચ્ચ૦ થતા. ૧૬ થી ૧૨ ઉપ.વાળા બબ્બે આરાધકો ૧૧ થી ૭ વાળા ૩-૩, ૬ વાળા ૪, ૫ ઉપવાસવાળા ૫, ૪ ઉપવાસવાળા ૬, ૩ વાળા ૮, ૨ વાળા ૧૦ અને ૧ ઉપ.વાળા ૧૫ આરાધકો થયા. સાથે અઠ્ઠમ ૧૦૮ થયા, બાળકોમાં છઠ્ઠ-૩૦, ને ઉપ. ૬૦ થયા. રોજ સંઘપૂજન-વરઘોડો ભવ્ય નીકળ્યો. લગભગ ૨૦૦૦ જેટલી પ્રભાવના થઈ. તપશ્ચર્યાના દિવસોમાં મેઘરાજાએ મહેર કરી.

● ● ●

સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના સમુદાયના સાધુઓનું વિ.સં. ૨૦૪૫ ● **ચાતુર્માસ લિસ્ટ** ●

(૧) પૂ.આ.શ્રી વિ. હિમાંશુ સૂ.મ., પૂ.આ.શ્રી નરરત્ન સૂ.મ.
જૈન દેરાસર, પ્રહલાદ પ્લોટ, **રાજકોટ.**

(૨) પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુ સૂ.મ., પૂ.આ.શ્રી જયઘોષ સૂ.મ.
JAIN Aradhana Bhavan
351, MINT STREET, MADRAS (T.N.)

(૩) પૂ.આ.શ્રી વિ. ધનપાલ સૂ.મ.
જૈન ઉપાશ્રય - પગડબંધ લેન, **નાસિક.** (M.S.)

(૪) પૂ.આ.શ્રી વિ. ભદ્રગુપ્ત સૂ.મ., કરમચંદ જૈન પૌષધશાલા,
106, S. V. Road, Irala Brige (W.) Bombay.

(૫) પૂ.આ.શ્રી વિ. રાજેન્દ્ર સૂ.મ., જૈન આરાધના ભવન,
289, S. K. Bole Road, Dadar (W.) Bombay.

(૬) પૂ.આ.શ્રી વિ. હેમચંદ્ર સૂ.મ., શ્રી વર્ધમાન ભક્તિ જૈન સંઘ,
શાંતિલાલ મોદી રોડ - ઈરાનીવાડી, Kandiwali (W.) Bombay.

(૭) પૂ.આ.શ્રી જિતેન્દ્ર સૂ.મ.
શ્વેતાંબર જૈન મંદિર, **ઘાણેરાવ** (Rajasthan).

(૮) પૂ.આ.શ્રી વિ. જયશેખર સૂ.મ., શ્રી શ્વેતા. પાર્શ્વનાથ જૈન મંદિર,
૬૯-અ, મહાવીર નગર, **સાંગલી.** (M.S.).

(૯) પૂ.આ.શ્રી વિ. જગચ્ચંદ્ર સૂ.મ.
Shri Gujarati Swe. Moortipujak Jain Shangh
90 Mint Street MADRAS (T.N.)

(૧૦) પૂ.આ.શ્રી વિ. ગુણરત્ન સૂ.મ.
શ્રી હીરસૂરીશ્વરજી જૈન ઉપાશ્રય, જૈન વિશી, સોનારવાડા. **સિરોહી.** (Raj.)

(૧૦/૨) પૂ.ઉપાધ્યાય શ્રી યશોભદ્ર વિ.મ., પૂ. મુ. શ્રી વરબોધિ વિ.મ.
Shri Veperi Jain Shangh
59, E. V. K. Sampat Road, VEPERI MADRAS.

(૧૧) પૂ.પં.શ્રી ચંદ્રશેખર વિ. ગણિ
તપોવન-સંસ્કારધામ. પો. કબીરપોર, **મુ. ધારાગિરિ** (જી.વલસાડ) નવસારી.

(૧૨) પૂ.પં.શ્રી વિમલસેન વિ.મ. ગણિ, પૂ.મુ.શ્રી નંદિભૂષણ વિ.મ.
Swe. Jian Temple, Ram mandir Road, **TIPTUR** (Karnatak).

(૧૩) પૂ.પં. શ્રી ધનેશ્વર વિ. ગણિ, પૂ. જગવલ્લભ વિ. ગણિ ગોડીજી પાર્શ્વનાથ,
જૈન ટેમ્પલ, ૧૧૦, ગુરુવાર પેઠ, **પૂના.** (M. S.).

(૧૪) પૂ.મુ.શ્રી વિદ્યાનંદ વિ. ગણિ, મુ.શ્રી હેમરત્ન વિ.મ.
નૂતન ઉપાશ્રય અઠવા ગેટ - નાનપરા, **સુરત.** (Guj.).

(૧૫) પૂ.મુ.શ્રી કુલચંદ વિ.મ.ગણિ
આદિનાથ જૈન મંદિર, સ્ટે. શિરોહી રોડ. **ઝાડોલી.** (Raj.)

(૧૬) પૂ.પ્ર.પં. શ્રી ધર્મગુપ્ત વિ.મ., શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘ
૧૩ સાઈનાથનગર, આગ્રારોડ, **સાંઘાણી એસ્ટેટ.** ઘાટકોપર (W.) Bombay.

(૧૭) મુ. શ્રી નંદીઘોષ વિ.મ.
જૈન શ્વેતાંબર મંદિર - Aurangabad (M.S.).

(૧૮) પૂ.મુ.શ્રી નયરત્ન વિ.મ.
તપગચ્છ જૈન ઉપાશ્રય, **ગઢસીવાના.** (વાયા બાલોતરા) (Raj.)

(૧૯) પૂ.મુ.શ્રી અશ્વસેન / વીરરત્ન વિ.મ.
જૈન ધર્મશાળા, સ્ટે. શિરોહી રોડ, **પિંડવાડા.** (જિ. શિરોહી) (Raj.)

(૨૦) પૂ.મુ.શ્રી જયચંદ્ર વિ.મ.
ચિંતામણી પાર્શ્વનાથ જૈન મંદિર, મધુમતી - **નવસારી.**

(૨૧) પૂ.મુ.શ્રી દેવસુંદર વિ.મ., પૂ.મુ.શ્રી રત્નસુંદર વિ.મ.
જૈન ઉપાશ્રય, વાણીયાવાડ, મોટો ડેલો, **ભૂજ.** (કચ્છ.) **ગુજરાત.**

(૨૨) પૂ.મુ.શ્રી કનકસુંદર વિ.મ.
Jain Temple, Old Town, N. S.T. Road, Bhadrawati (Karnatak).

(૨૩) પૂ.મુ.શ્રી વિશ્વાનંદ વિ.મ.
શ્રી શ્વેતાંબર જૈન ઉપાશ્રય, ૧૨૧ વીર સાવરકર માર્ગ, **માહિમ.** Bombay.

(૨૪) પૂ.મુ.શ્રી ચંદ્રજિત્ વિ.મ.
નૂતન જૈન ઉપાશ્રય, ખોડા લીમડા, **પાલનપુર.** (B.K.) (Guj.)

(૨૫) પૂ.મુ.શ્રી નિપુણચંદ્ર વિ.મ.
વિશા ઓશવાલ જૈન ઉપાશ્રય, માણેકચોક, **ખંભાત.** (Guj.).

(૨૬) પૂ.મુ.શ્રી ઈન્દ્રયશ વિ.મ.
શ્રી જૈન શ્વેતા. મૂર્તિ. જૈન સંઘ, ૧૪૪ જૈન સોસાયટી, **સાયન.** (W.) Bombay.

(૨૭) મુ.શ્રી જીનહંસ વિ. કલ્પરત્ન વિ.મ.
JAIN Bhavan, 129, Kacheri Road, MAILAPUR, MADRAS.

(૨૮) પૂ.મુ.શ્રી દિવ્યરત્ન / અજીતશેખર વિ.મ.
Shri Sambhavnath Jain Temple - Jain Temple Street, Vijaywada

(૨૯) પૂ.મુ.શ્રી મુક્તિદર્શન વિ.મ., હીરસૂરી જૈન ઉપાશ્રય,
D. S. B. સ્કૂલલેન દેનાબેંક પાસે, દફતરી રોડ, **મલાડ.** (E.) Bombay.

(૩૦) મુ.શ્રી વિશ્વકલ્યાણ વિ.મ.
શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન મંદિર, જુના બજાર **ખડકી.** પૂના.

(૩૧) પૂ.મુ.શ્રી કીર્તિદર્શન વિ.મ.
જૈન ઉપાશ્રય, સરદાર બાગ, **બારડોલી.** (જી. સુરત) (Guj.)





● **ઘાણેરાવ :** પૂ. આચાર્યદેવશ્રી વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ચાતુર્માસના પ્રવેશ દિવસથી જ અત્રે ઉત્સાહ ખૂબ સારો છે. પ્રવેશના દિવસે પૂજ્યશ્રીને કામળી વહોરાવવાનો ચડાવો સારો થયો. વ્યાખ્યાનના બે ગ્રંથો વહોરાવવાની મોટી બોલી થઈ. વ્યાખ્યાનમાં દરરોજ ૧/- એક રૂપિયાની પ્રભાવના અને મહેમાનોની ભોજનની ભક્તિબાદ તિલક કરીને ૫/- રૂા. ની પહેરામણીથી બહુમાન કરાય છે.

પૂજ્યશ્રીના સંસારીપુત્ર જિનદાસની દુકાન દ્વારા દયાળશા કિલ્લા પર શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર બંધાય છે.

ઉદયપુર જિલ્લામાં પાખણ્ડ નામનું ગામ છે. જૈનોના ૧૫ ઘરો છે. ત્યાં દેરાસર નહોતું તે પૂજ્યશ્રીની પ્રેરણાથી સ્થાનકમાં જ નવા દેરાસરની સ્થાપના કરાયી. ૨૫ ઈંચના રમણીય ભગવાન બિરાજમાન કરાયા છે. પ્રભુ સાસનનો અચિંત્ય મહિમા છે. વર્ષોથી ઉન્માર્ગે ચડેલા પણ સન્માર્ગે વળી જાય છે.

● **ટીપટુર** (કર્ણાટક) : પ.પૂ.શ્રી વિમળસેનવિજયજી ગણિવર મ., પૂ. મુનિરાજશ્રી નંદિભૂષણ વિજય મ. આદિઠાણા ના અત્રે ચાતુર્માસ પ્રવેશથી જ ધર્મારાધનામાં વેગ આવ્યો છે. નૂતન જિનાલયની શીલાન્યાસ વિધિ ખૂબ ઉલ્લાસપૂર્વક ઉજવાઈ, ખૂબ વરસાદ છતાં વ્યાખ્યાનમાં મહાવીર જન્મવાચન દિન જેટલું લોક હાજર હતું. પ્રસંગ પર ઉછામણીઓ સુંદર થઈ. સાધર્મિક વાત્સલ્યનો લાભ શ્રી અરનાથ જૈન યુવક મંડળને મળ્યો... બે વખતના વ્યાખ્યાન-શિબિર આદિ દ્વારા વાતાવરણ ધર્મમય બન્યું છે...

● **અમદાવાદ :** રાજનગર સો. સંઘ અને નેમચંદ ડોસાભાઈ (સ્વ.મુનિરાજશ્રી રાજરત્નવિજયજી મ.ના સંસારીપણે પિતાશ્રી) આદિ તરફથી, સ્વ. મુનિરાજશ્રી રાજરત્નવિજય મ. ની દીર્ઘકાલીન સુંદર સંયમ આરાધના નિમિત્તક અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહ શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ખૂબ સુંદર રીતે ઉજવાયો. અષ્ટોત્તરી સ્નાત્રના દિવસે દર્શન કરવા આવનાર તમામને ભાતુ અપાયું. જીવદયાની ટીપ અને બીજી બોલીઓ સુંદર થઈ.

• **સુરત :** અત્રે પૂ. મુનિરાજશ્રી વિદ્યાનંદવિજય ગણિવર મ. તથા વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજય મ.ની નિશ્રામાં અત્રે દૈનિક પ્રવચન, રવિવારીય જાહેર પ્રવચન, શનિવારિય શિશુ સામાયિક શિબિર વગેરેથી અત્રે ચતુર્વિધ શ્રીસંઘમાં આરાધનાની નવી ચેતના આવી છે. દરરોજ વ્યાખ્યાનમાં ૨૫૦૦ ની હાજરી અને રવિવારના જાહેર પ્રવચનમાં ૭૦૦૦ની મેદની. ૨૪ તીર્થંકર સમૂહ શ્રેણી તપની આરાધનામાં ૧૨૦૦ આરાધકોએ એકાસણા કરી શ્વેત ફૂલ પર નવકારનો જાપ કરેલ. જાહેર પ્રવચનમાં સુરતના તમામ વિસ્તારોમાંથી લોકો જિનવાણી સુધાપાન માટે દોડી આવે છે.

• **મુંબઈ :** ભૂતપૂર્વ શિબિર સંચાલક અત્રેના શેઠશ્રી કેશુભાઈ શાહ અને એમના પરિવાર રજનીભાઈ, ભાવિકભાઈ આદિ તરફથી આયોજિત ૧૦૮ ભવ્યોને સંમેતશિખરજી તથા આજુબાજુના તીર્થોમાં ૧૮ દિવસના તીર્થયાત્રા પ્રવાસમાં નીચે મુજબ વિગતો બની...

• રાત્રિભોજન વગેરેનો સંપૂર્ણ ત્યાગ રહ્યો.

• ૯ લાખ નવકાર મંત્રનો જાપ થયો.

• યાત્રિકો અને આયોજકો તરફથી ૧૨૧૦૦૦ જેવી રકમ તીર્થ આદિની ટીપોમાં ભરાવાઈ.

• દરરોજ બાર વ્રતધારી શ્રાવકો, તપસ્વીઓ આદિ અલગ અલગ વ્યક્તિના બહુમાન થયા.

• પાવાપુરીજી તીર્થમાં ભગવાન શ્રી મહાવીરદેવની નિર્વાણ ભૂમિ પર બધા યાત્રિકોએ 'જય જય નંદા જય જય ભદ્દા' નો એક કલાક સુધી નાદ લગાવ્યો; જેથી યાત્રિકોને ભગવાન નિર્વાણ વખતના દૃશ્ય અને અવાજોની જાણે ઝાંખી થઈ.

• અયોધ્યા બનારસ આદિ જિનવર કલ્યાણભૂમિ પર તે તે કલ્યાણકને આશ્રયીને સૌએ મોટેથી સામુદાયિક જાપ કર્યા-સાંભળ્યા.

• ગુણિયાજી તીર્થમાં શ્રી ગૌતમ સ્વામીનો જાપ અને સ્તવનો આદિની ભક્તિમાં યાત્રિકો રસતરબોળ બન્યા.

• ક્ષત્રિયકુંડમાં ૨૪મા શ્રી મહાવીરદેવની ૨૪-૨૪ પુષ્પ-ફળ-દીપક આદિથી ચઢાવા પૂર્વક ભવ્ય રીતીએ થઈ.

શિખરજીમાં મુખ્ય ગભારામાં બધા જ ભગવાનની સુંદર અંગરચના કરાવાઈ.



એકએક તીર્થમાં આયોજકો તરફથી પૂજાનો સામાન ભેટ કરાયો.

• આયોજકો તરફથી અગાઉથી જ યાત્રિકોને ચાંદીની વાટકીની પ્રભાવના કરાઈ અને એ જ વાટકીથી તીર્થોમાં પૂજા થઈ.

**ખાસ તો...** પં. શ્રી પૂનમચંદભાઈ કે. શાહની પ્રેરણાથી આજીવન તત્ત્વજ્ઞાનના અભ્યાસી બ્રહ્મચારીણી ૩૨ વર્ષના મુમુક્ષુ કુ. દીપ્તિબેન દ્વારા લગભગ એક મહિનાની મહેનત કર્યા બાદ ૨૦ થી ૨૨ જીવવિચાર, નવતત્ત્વ, ભક્ષ્યાભક્ષ્યવિચાર, પંચપરમેષ્ઠી, પ્રતિક્રમણના સૂત્રો, જૈન ધર્મના સિદ્ધાંતો, નવકાર મંત્રની વિવિધતા વગેરે વિષયક ૨૦ જેટલી ઈનામી જ્ઞાનામૃત સ્પર્ધાઓ યોજાઈ. આ સ્પર્ધાના પદાર્થોની વિચારણા - આપ-લે વગેરેમાં યાત્રિકોને રોકી લેવામાં આવ્યા જેથી પાનાબાજી નિંદા-કૂથળી, આડાઅવળા ફાંફાં મારવાનું વગેરે automatic દૂર થયું.

શિખરજીમાં એક યાત્રિક તપસ્વી બેન ઉપરથી ઉતરતાં રસ્તો ભૂલી જતાં રાત્રે ૮ થી ૧૨ સુધી જીપ ડોળી આદિ દ્વારા શોધખોળ ચાલી. સવારે છ વાગે એક યાત્રિક બેન દ્વારા જણાવાયું કે મને સ્વપ્નમાં ભોમિયાજી દ્વારા જણાવાયું છે કે બેન સાંજે સાત વાગે સહી સલામત સ્થાને પહોંચી ગયા છે અને સવારે નવ વાગે આવી જશે. સવારે ૯-૦૦ વાગે કહ્યા મુજબ બનતા બધાના દિલમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શાસનરક્ષક દેવનો જય જયકાર થયો.

કેન્સલ થયેલી ટ્રેનનું ૧૦૮ યાત્રિકોનું રિઝર્વેશન બીજી ટ્રેઈનમાં countinue થતા યાત્રિકોમાં શ્રદ્ધા વધી.

• **શિરોહી :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અત્રે ધર્મારાધનની ફૂલ-બહાર ખીલી છે. પૂજ્ય મુનિરાજશ્રી ધર્મેશરત્નવિજય મ. ને સ્વાધ્યાય આદિપૂર્વક અપ્રમત્તતાથી ૩૧ ઉપવાસ, પૂ. સાધ્વીશ્રી કુમુદરેખાશ્રીજીને ૩૬ ઉપવાસ, સામુદાયિક શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ભ. ના અઠ્ઠમ, ખીરના એકાસણ, વીશસ્થાનક તપ, આદિમાં આરાધકોની સારી સંખ્યા, દરરોજના પ્રવચનમાં ૭૦૦ જેટલી અને રવિવારીય પ્રવચનમાં ૧૧૦૦ જેટલી હાજરી, રવિવારીય શિબિરમાં ૧૦૦ જેટલા યુવાનોની હાજરી આદિથી વાતાવરણ મઘમઘાયમાન બન્યું છે.

• **મુંબઈ** (ઘાટકોપર-સાંઘાણી) : પ્ર.પ.મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજય મ.સા. આદિઠાણાના અત્રે ચાતુર્માસ પ્રવેશથી જ ચતુર્વિધ શ્રી સંઘમાં તપસ્યા-અનુષ્ઠાનઆદિમાં સારી ઉજમાળતા આવી છે. દરરોજ એક નવા અઠ્ઠમના પચ્ચક્ખાણ, કર્મસુદનતપ, લૂખી નિવિ, સ્વદ્રવ્યથી સામુદાયિક અષ્ટપ્રકારી જિનપૂજામાં

૭૦૦ આરાધકોની ઝળહળતી જિનભક્તિ, કુમારપાળ મહારાજની જેમ આરતી ઉતારવામાં ખૂબ સારો ચડાવો, સામુદાયિક અટ્ઠમમાં સારી સંખ્યા ઉપરાંત ૩૦ જેટલા નાના બાળકો-બાળિકાઓની વ.ત. ૬૦મી ઓળીના પારણે અને સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રીજીના વર્ધમાન ૪૧મી ઓળીના પારણે શ્રી સંઘમાં સામાયિક આદિના સારા ચઢાવા વગેરેથી ચોમાસું ઝગઝગાયમાન બન્યું છે.

● **મદ્રાસ :** અત્રેના શ્રી સંઘને મહાન સદ્ભાગ્યની લોટરી લાગી ગઈ છે. પરમ શાસન પ્રભાવક, વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ જ્યારથી શ્રી જૈન આરાધના ભવનમાં પધાર્યા છે ત્યારથી વ્યાખ્યાનશ્રવણ અને તપ-ત્યાગની ખૂબ જ સુંદર અને ધમધોકાર પ્રવૃત્તિ ચાલી રહી છે.

વહેલી સવારે ૬ થી ૬ાા સૂત્રોના અજ્ઞાત રહસ્યો પર વાચના, ફરી ૭ા થી ૭ાા પાઠશાળાના મોટા વિદ્યાર્થીઓને વાચના, ૮ાા થી ૧૦ યોગદૃષ્ટિ અને સમરાદિત્ય પર ભરચક્ર સંવેગ વૈરાગ્ય ગર્ભિત પ્રવચન, રાતના ૮ાા થી ૯ાા યુવાનોને જ્ઞાનગોષ્ઠિ આદિ ચાલે છે. યુવાનો તો શું, પણ વૃદ્ધોને ય લાગે છે કે અત્યાર સુધીમાં આવું કાંઈ સાંભળવા મળ્યું નહિ. સૂત્ર-રહસ્યોમાં તે તે સૂત્ર બોલાય ત્યારે કેવા કેવા વિવિધ ચિત્ર નજર સામે આબેહૂબ દેખાય, એમાં ક્રિયા ખરેખરી ભાવક્રિયા થાય, ચિત્ત એમાં તરબોળ થવાથી બીજા-ત્રીજા વિચારો બંધ થઈ જાય, વગેરેની ટેકનિક જાણવા મળે છે. દા.ત. 'લોગસ્સ' સૂત્ર બોલતા ૧ લી ગાથા વખતે અનંત અરિહંત દેખાય, એમાં વચલા કોલમમાં ૨-૩-૪ થી ગાથા વખતે ગાથાના પદ પ્રમાણે...

| | | |
|---|---|---|
| ○ ○ | ○ | ○ ○ ○ |
| ○ ○ ○ | ○ ○ ○ | ○ ○ |
| ○ ○ | ○ ○ | ○ |
| ○ | ○ ○ | ○ ○ |

...ભગવાન દેખાય. ૫મી-૬ઠ્ઠી ગાથા વખતે વળી અનંત ભગવાન જોવાના, ૭મી વખતે માથે સિદ્ધશિલા પર અનંત સિદ્ધ જોવાના. આવી રીતે સૂત્રે સૂત્રે નવીનતાઓ જાણવા મળે છે.

સંઘમાં પ્રતિદિન ત્રણ ત્રણ આરાધકોને અટ્ઠમની આરાધનામાં પચ્ચક્ખાણ તથા ૮-૮ દિવસે એકેક આરાધકને અટ્ઠાઈની આરાધનાના પચ્ચ. ચાલી રહેલ છે. વ્યાખ્યાન બાદ પ્રતિદિન સિદ્ધિતપ અને ધર્મચક્રતપવાળા આરાધકોની સામુદાયિક



દેવવંદન આદિ આરાધના સુંદર રીતે ચાલી રહી છે. સિદ્ધિતપના પારણા અને અંતરવારણાની બોલી પણ હજારોની રકમથી બોલાય છે. રવિ-રવિવારે વિવિધ તપોનાં અનુષ્ઠાન પણ થાય છે. શ્રા. સુદ-૫ થી ૬/૨ એમ ત્રણ દિવસના નેમિનાથ પરમાત્માના અટ્ઠમની આરાધના ૨૦૦ આરાધકોએ કરી. શ્રી અરિહંતપદની એકાસણની આરાધના ૮૦૦ ભાવિકોએ કરી જેમાં પ્રત્યેક ૫૦,૦૦૦ **'અરિહંત'** પદનો જાપ કર્યો. સામુદાયિક ૨૦ સ્થાનકતપની આરાધનામાં પાઠશાળાના બાળક-બાલિકાઓ સહિત ૬૫૦ આરાધકોએ ઉપવાસપૂર્વક એકેક પદની આરાધના કરી. વિશેષ મજા તો રવિવાર રવિવારે વિવિધ પ્રકારના તપ-અનુષ્ઠાનની આરાધના સાથે સજ્ઝાય સહિત જુદા જુદા વિષય પર બોધક જાહેર પ્રવચનોમાં આવે છે. પ્રતિદિનના વ્યાખ્યાનમાં વિશાળ ઉપાશ્રય ખીચોખીચ ભરાઈ જાય છે. મદ્રાસની ધર્મપ્રિય જનતા ખૂબ ભાવપૂર્વક વ્યાખ્યાન શ્રવણાદિનો લાભ લઈ રહી છે.

શ્રી સંઘે અત્રે બંધાઈ રહેલા વિશાળકાય ત્રણ મજલાના મનોરમ જિનમંદિરની પ્રતિષ્ઠા અંજનશલાકા પૂજ્યશ્રી દ્વારા થાય તેની ખૂબ જ ભાવપૂર્ણ જોરદાર વિનંતી કરી છે. તે પૂજ્યશ્રીએ સહર્ષ સ્વીકારી છે. હવે તે અંગેના મુહૂર્ત તપાસાઈ રહ્યા છે. શ્રી સંઘે દિવાળી બાદ ઉપધાન કરાવવાની જાહેરાત કરી છે. પૂ. મુનિરાજશ્રી મતિસુંદરવિજય મ.ની માસખમણની તપશ્ચર્યામાં અપ્રમત્તતા જોઈ ભાવિકો ખૂબ મુગ્ધ બન્યા છે. પારણા પર શાસનપ્રભાવના થાય એવા આયોજન થયા છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** વર્ષ-૩૮,અંક-૧,તા.૨-૯-૧૯૮૯

● **ભુજ :** સ્થવીર મુનિરાજશ્રી દેવસુંદરવિજય મહારાજ તથા જોશીલા વ્યાખ્યાતા મુનિવર શ્રી રત્નસુંદરવિજય મહારાજ આદિના અત્રેના ચાતુર્માસથી ધર્મજાગૃતિ ખૂબ સુંદર આવી છે. રોજના પ્રવચનમાં ૧૬૦૦-૧૭૦૦ની હાજરી, રવિવારે ૩૦૦૦ જેટલી હાજરી અને એમાં પણ ૩-૪ દિવસે એકાદ નિયમ તો અચૂક લેવાય છે. અત્યાર સુધીમાં નીચેના નિયમો લગભગ આખી સભાએ સ્વેચ્છાએ લીધા...

- દિવસમાં સ્નાન ૧ વખતથી વધુ ન કરવું.
- સ્નાનમાં પાણી એક બાલટીથી વધુ ન વાપરવું.
- સ્નાનમાં સાબુનો ઉપયોગ અઠવાડિયામાં એક વખતથી વધુ ન કરવો.
- ટી.વી./સિનેમા રાતના ૧૦ થી સવારના છ સુધીના ટાઈમમાં ન જોવા.

● ક્રોધ થાય તો અમુક દંડ

● રોજ ૧૫ મિનિટ નવું ગોખવું.

પર્યુષણ બાદ શિબિર આયોજન નક્કી થયું છે.

બાળકો અતિચાર સુધી ગોખે એ માટે આકર્ષક ઈનામ આપવાની જાહેરાત થઈ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૬,તા.૭-૧૦-૧૯૮૯

## ખંભાતના આંગણે સૌ પ્રથમવાર યોજાયેલ ઐતિહાસિક મહાપૂજાનું અનુષ્ઠાન

શ્રી વિશા ઓસવાળા જૈન ઉપાશ્રયે પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના પ્રશિષ્યરત્ન શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નો પ.પૂ. મુનિરાજશ્રી નિપુણચંદ્રવિજયજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ મ.સા. ના પાવન પગલાં થતાં જ શ્રી સંઘમાં આરાધનાનું સુંદર વાતાવરણ સર્જાયેલ છે. દર રવિવારીય વિવિધ અનુષ્ઠાનો તેમજ પર્યુષણ મહાપર્વની ઐતિહાસિક આરાધનાઓની અનુમોદનાર્થે ભા.વદ-૨ રવિવારે તા. ૧૭-૯-૮૯ના ભવ્યાતિભવ્ય મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ. જેમાં પરમાત્માની ઝવેરાતની ભવ્ય અંગરચના ફૂલોની સજાવટ ધુપ અત્તરની મહેક રંગબેરંગી લાઈટો દીપકની રોશની, વિવિધ રચનાઓ, બાળક-બાળિકાઓનું ભવ્ય સ્વાગત જેમાં પાવાપુરી જલમંદિર સમેતશીખરજી તીર્થ, મધુવન દશાર્ણભદ્રની ભવ્ય સવારી, પાંચ પાંડવો, ચામર વિંજતા ઈન્દ્રો, પરમાત્માને પીઠ ઉપર બેસાડી કળા કરતો મોર, છડીદારો... ચેપલીનો... ફોજદારોના ડ્રેસયુક્ત બાળકો... આમ અનેક વૈવિધ્ય અને વિશેષતાપૂર્ણ મહાપૂજાનું ભા.વદ-૨ રવિવારે બપોરે ૩ વાગે વાજતે ગાજતે ઉદ્ઘાટન થયેલ. ઉદ્ઘાટનથી માંડી રાત્રે ૧૦-૩૦ વાગ્યા સુધી દર્શનાર્થીઓને અભૂતપૂર્વ ધસારો રહેલ... બીજા દિવસે પણ જૈન જૈનેતરો દર્શનાર્થે ઉમટેલા... ત્રીજા દિવસે ૧૦ વાગ્યાથી ૧ વાગ્યા સુધી ખંભાતની ૯ સ્કૂલોના વિદ્યાર્થી વિદ્યાર્થીઓ શિક્ષક શિક્ષીકાઓ દર્શનાર્થે પધારેલા. મહાપૂજાનાં દર્શન કર્યાં બાદ દરેકના મુખમાંથી અનુમોદના ઉદ્ગારો પ્રશંસાના શબ્દો નીકળતા હતા કે શું ભગવાનની આંગી શું પરમાત્માની શોભા ? શું યુવાનોની મહેનત ? શું રચનાઓની ભવ્યતા આપણા તો આજ મન નયન અને જીવન ધન્ય બની ગયા.



ટુંકમાં ખંભાતના ઇતિહાસમાં યાદગાર અને અનુમોદનીય એવી આ મહાપૂજા થયેલ.

● **ટીપટુર (કર્ણાટક) :** પ.પૂ.શ્રી વિમળસેનવિજયગણિ મ.સા. ની નિશ્રામાં અત્રે ચાતુર્માસિક આરાધના ખૂબ સુંદર ચાલી રહી છે. પર્યુષણા પર્વમાં સ્વપ્નદ્રવ્ય આદિ ઉપજ દર વર્ષ કરતાં પાંચ ગણી વધુ થઈ. ૩૫ ઘરની જૈનોની વસ્તીમાં અઢ્ઢાઈ અને તેની ઉપરની તપસ્યા ૩૦ ઉપર થઈ. પૂ. વ્યાખ્યાતા મુનિવર શ્રી નંદીભૂષણવિજયજી મ.સા.ની ક્ષમાપના પરના પ્રવચનથી અનેક કુટુંબોમાં કલહ દૂર થઈ શાંતિ પ્રસરી.

ટીપટુરના આગેવાન શ્રાવક મનસુખલાલ મણિલાલ શાહ લખે છે.

"પર્વ પહેલા એક વ્યાખ્યાન રવિવારના બપોરના ૩॥ થી ૫॥ સુધી પૂ. મુનિરાજશ્રી નંદીભૂષણવિજયજી મ.સા.નું રાખેલ. એ વ્યાખ્યાન એટલું બધું અસરકારક નિવડ્યું કે બધાને મનોમન ખૂબ જ શાંતિ થયેલ. ૨/૩ કિસ્સામાં તો ક્ષમાપનાના રહસ્યો જાણ્યા પછી અંદરોઅંદર એકબીજાને ખમાવેલ અને ક્ષમાપના આપેલ અને લીધેલ તેઓના ઘરમાંથી કંકાસ નીકળી ગયા યા એક વાત તો વ્યાખ્યાનથી ચોક્કસ બની ગઈ કે તેઓના ઘરસંસારમાં વેરઝેર મરી ગયા અને સોનામાં સુગંધ ભળે તે પ્રમાણે એકબીજાના થઈ ગયા. મુનિ ભગવંતની વાણીમાં કેટલો જાદુ છે કે બધાને મેગનેટની જેમ ખેંચે છે..."

● **ભુજ :** સ્થવિર પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજય મ. ની શુભ નિશ્રામાં પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિવર શ્રી રત્નસુંદરવિજયજી મ. ના નદીના ધોધ જેવા વહેતા પ્રવચન પ્રવાહથી અત્રે શાસનપ્રભાવના સુંદર થઈ. પર્યુષણા પર્વની આરાધના ખૂબ ઉલ્લાસમય થઈ છે. સુપનાની ઉછામણીમાં પૂર્વના બધા જ રેકર્ડ તૂટી ગયા. મહાવીર જન્મ વાચન પછી રાત્રિભોજન ન થાય એની તકેદારી રખાઈ.

સાતેય ગચ્છનો રથયાત્રાનો વરઘોડો ખૂબ શાસન પ્રભાવક બન્યો. પર્યુષણના બધા જ વ્યાખ્યાનો વ્યાખ્યાતા મુનિરાજે વાંચ્યા. લોકોની હાજરી સુંદર રહી.

ચાતુર્માસ બાદ કચ્છની પચંતીર્થીનો પંદર દિવસીય છ'રી' પાળતો યાત્રાસંઘ કાઢવા માટે એક સ્થાનકવાસી ભાઈ સ્વયં તૈયાર થયા, ને સંઘને વિનંતી કરતાં એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. છેલ્લા ૫૦ વરસમાં પંચતીર્થીનો આ છ'રી' પાળતો યાત્રાસંઘ પહેલો છે.

પર્યુષણા બાદ પાંચ રવિવારીય શિબિરની જાહેરાત થતા ૮૦૦ જેટલા પાસ વહેંચાઈ ગયા. શિબિર જાહેરાતથી યુવાનો ખૂબ આનંદ ઉમંગમાં છે.

• **સાંગલી (મહારાષ્ટ્ર)** : પંચપ્રસ્થાનારાધક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયશેખરસૂરીશ્વરજી મ. તથા વિદ્વદ્વર્ય વ્યાખ્યાતા મુનિવર શ્રી અભયશેખરવિજયજી મ. આદિ ઠાણા ૧૦ની નિશ્રામાં ચાતુર્માસિક તથા મહાપર્વની આરાધના સુંદર થઈ. માસખમણ ધર્મચક્ર આદિ તપસ્યાઓ પણ જોરદાર થઈ. સ્વપ્નદ્રવ્ય ઉપજ એ નવકારશી જમણ આદિ સુંદર થયા.

આજુબાજુના જયસિંગપુર, માધવનગર, મીરજ વગેરે સ્થળે સાધુઓ મોકલવાથી બધે જ આરાધના રૂડી થઈ જયસિંગપુરમાં વર્ષોથી તૈયાર થયેલ નૂતન જિનાલયમાં પ્રતિષ્ઠાનું નક્કી થતા શ્રી સંઘમાં આનંદ છવાયો.

• **વિજયવાડા** : તપસ્વી પૂ. મુનિરાજશ્રી દિવ્યરત્નવિજયજી મ. વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી અજિતશેખરવિજયજી મ. આદિ ઠાણાના અત્રેના ચાતુર્માસમાં શ્રી સંઘમાં ધર્મનો રંગ વધતો ચાલ્યો છે. રોજના વ્યાખ્યાનમાં ૭૦૦ થી હોલ ભરાઈ જતો તેથી પર્યુષણાના વ્યાખ્યાનમાં બીજી સગવડ કરાયી તો ૧૨૦૦ લોકો લાભ લેતા શ્રી સંઘમાં બે માસક્ષમણ, ૧૬ સિદ્ધિતપ, ૫૨ અઠ્ઠાઈ આદિ અનેક તપસ્યા સુંદર થઈ. એનો વરઘોડો શાસનપ્રભાવક બન્યો. યુવા શિબિર અને બાળકોની શિબિરમાં જિનવાણીનો લાભ સારો લેવાય છે.

તપસ્વી પૂ. મુનિરાજશ્રી દિવ્યરત્નવિજયજી મ.ની વર્ધમાન ૮૧મી ઓળીના પારણાનો લાભ પાડીવવાળા પુખરાજજીએ ૫૦૦ સળંગ આયંબિલની ઘોષણા દ્વારા કર્યો. સ્થાનિક પત્રકારો પ્રભાવિત થતા તપસ્વીના તથા જૈન ધર્મના સિદ્ધાંતોની પ્રશંસા કરતા લખાણ દૈનિક આદિ પત્રોમાં ચમક્યા.

• **મલાડ (ઈસ્ટ)** : પૂ. મુક્તિદર્શનવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં અત્રે ચાતુર્માસ અને પર્વ દરમ્યાન વ્યાખ્યાનાદિમાં લોકોની હાજરી ઉલ્લાસ સારા રહ્યા. ૭૦ જેટલા ભવ્યોએ ભવ આલોચના દ્વારા શુદ્ધિ કરી. હજી નવા નવા જોડાઈ રહ્યા છે. ચાર વર્ષની ઉંમરની બાળિકાની અઠ્ઠાઈથી જૈનો અને ઈતરો પણ પ્રભાવિત થયા.

• **વેપેરી (મદ્રાસ)** : અહીં ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી ગણિવર મ. તથા વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી વરબોધિવિજયજી મ. સાહેબની શુભ પ્રેરણા દ્વારા વેપેરી શ્રી જૈન સંઘને સમગ્ર મદ્રાસના માસખમણ અને તેથી ઉપરના તથા સિદ્ધિતપ, શ્રેણિતપ, ભદ્રતપ આદિના આરાધક તપસ્વીઓના બહુમાનનો એક સમારંભ થયો. રવિવાર તા. ૧૮-૯-૧૯૮૯ની સવારે પરમ શાસન પ્રભાવક વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય



ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ સપરિવાર આરાધના ભવનથી સુસ્વાગત વેપેરી પધાર્યા. અત્રે મોટા શિખરબંધી દેરાસરની આવશ્યકતા હોઈ પૂજ્યશ્રીનું ધર્મસ્થાનના મહત્ત્વ પર પ્રેરક પ્રવચન થયું. બાદમાં તપસ્વીઓનાં બહુમાનની બોલીઓ ખૂબ જ સુંદર બોલાઈ. લગભગ ૮૦ જેટલા તપસ્વીઓનું શાલ તથા ચાંદીના ધર્મોપકરણ દ્વારા સુંદર બહુમાન થયું. પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી બલસાણાતીર્થ માટે નિભાવની ટીપની પ્રેરણા કરતાં સુંદર ટીપ થઈ હતી.

• **સિરોહી (રાજસ્થાન)** : પૂ.આ.શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી ચાલુ સાંકળી અઠ્ઠમ, ૧૭૦ ભગવાનની આરાધના, રવિવારિય શિબિર, જાહેર પ્રવચન માસખમણો, સિદ્ધિતપ આદિથી ધર્મપ્રભાવના સારી રેલાઈ.

• **જામનગર** : પૂ. આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ૨૨૫ જેટલા સિદ્ધિતપ - ૩૦ માસખમણ આદિ અનેકવિધ તપશ્ચર્યાઓ થઈ; **ચાર વર્ષના બાળક 'સાગરે' અઠ્ઠાઈતપ કરી** જૈન શાસનના તપધર્મનો ડંકો વગાડ્યો. (મલાડમાં ચાર વર્ષની બેબીએ પણ અઠ્ઠાઈ કરેલ.)

શ્રાવણ વદ-૬ના રોજ સામુહિક સ્નાત્ર, ભવ્ય લાખેણી આંગી, સામુહિક આરતી થયેલ. સ્નાત્ર મહોત્સવ બાદ શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના ગભારામાં ધાતુની પ્રતિમાજી અને શ્રી સિદ્ધચક્રજી આદિ સઘળા જિનેશ્વરબિંબોનાં નવે અંગોમાંથી અમીઝરણા ધારાબદ્ધ શરૂ થયા. બાદ મૂળનાયક શ્રી આદીશ્વર દાદા, શ્રી ગૌતમ સ્વામીજી આદિ અનેક પ્રતિમાજીમાંથી અમીઝરણાં શરૂ થયા. શ્રી પાર્શ્વનાથ ગભારામાં તો બે અઠવાડિયા સુધી એ ચાલુ રહ્યા. અમીઝરણા શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની કલ્યાણ મંદિર સ્તોત્રથી પુષ્પપૂજા થઈ ત્યારે વાંસળીની સૂરાવલિનો અગમ્ય અવાજ જિનાલયમાંથી સંભળાતાં શ્રી સંઘના ભાવોલ્લાસમાં ખૂબ વૃદ્ધિ થઈ. "વિષમકાળ જિનબિંબ-જિનાગમ ભવિયણકું આધારા" એ પંક્તિનો જાણે સાક્ષાત્કાર થયો.

• **મલાડ (ઈસ્ટ) મુંબઈ** : વર્ધમાન તપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વજી મ. ની આજ્ઞાથી અત્રે ચાતુર્માસ બિરાજમાન મુનિરાજશ્રી મુક્તિદર્શનવિજય મ. ની પાવન નિશ્રામાં ચાર વર્ષની બાળા રિદ્ધિકુમારીએ અઠ્ઠાઈની મહાન તપસ્યા કરી આરાધકો અને ઈતરોને આશ્ચર્ય મુગ્ધ કર્યા છે. મૂળ પાલીતાણાના રહીશ એમના પિતા હરેશકુમાર દીયોરા અને માતા ભાવનાબેનને પણ ધન્યવાદ છે.



**રિધ્ધિ હરેશકુમાર દીયોરા**
**માતા ભાવનાબેન મૂળ ગામ**
**પાલીતાણા...**
**હાલ વંદના એપાર્ટમેન્ટસ**
**સુભાષલેન, મલાડ(ઈ.)**



**સાગર દીલીપ સુતરીયા**
**ઉંમર વર્ષ૪**
**અટ્ઠાઈ તપસ્યા**
**જામનગર**



● **જામનગર :** 'મન હોય તો માળવે જવાય' તે કહેવતે જામનગર શહેરના સવા ચાર વર્ષના એક જૈન બાળકે યથાર્થ કરી બતાવી છે. જૈનોના પર્યુષણ પર્વ આવે એટલે નાના-મોટા સૌ પોતપોતાની રીતે તપશ્ચર્યાઓ કરતા હોય છે. જૈનોનું પર્યુષણ પર્વ એટલે તપ, ત્યાગ, દાન, સેવા, સત્સંગ, ઉપાસના અને ધર્મ પ્રભાવનાનું એક આધ્યાત્મિક પર્વ છે.

જામનગરમાં કલ્યાણજીના મંદિર પાસે રહેતા અને સત્યસાંઈ સ્કૂલમાં કે.જી.માં અભ્યાસ કરતો બાળક સાગર દિલીપકુમાર સુતરીયાએ માત્ર સવા ચાર વર્ષની નાની વયે ચાલુ વર્ષે શ્રી વિશા શ્રીમાળી તપગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ દરમિયાન બિરાજી રહેલા પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં આઠ ઉપવાસ (અટ્ઠાઈ)ની ઉગ્ર તપશ્ચર્યા કરીને જામનગરના ઇતિહાસમાં અને સમગ્ર જૈન સંઘમાં અપૂર્વ સિદ્ધિ મેળવી છે.

સાગર સુતરીયાના મોટીબાને આ વર્ષે સિદ્ધિતપ અને ૮૬મી આયંબિલ તપની ઉગ્રતપશ્ચર્યા હતી અને તેમની પ્રેરણાથી આ સવા ચાર વર્ષના બાળકે અટ્ઠાઈ તપની ઉગ્ર તપશ્ચર્યા કરી ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં કદાચ નામ નોંધાવી જશે.

દાદાશ્રી સંપતભાઈ સુતરીયા પણ ઘણા જ ધર્માનુરાગી છે અને આખું કુટુંબ પણ ધર્માનુરાગી હોવાથી તેમજ માતા શ્રીમતી દીનાબેન દિલીપકુમાર અને પિતા શ્રી દિલીપકુમાર સંપતલાલ સુતરીયાની પ્રેરણાથી તા. ૧૦-૬-૧૯૮૯ના રોજ જન્મેલા ચિ. સાગર સુતરીયાએ જૈન સંઘમાં અને જામનગરના ઇતિહાસમાં અટ્ઠાઈ તપની ઉગ્ર આરાધના કરી એક અનેરી સિદ્ધિ મેળવી છે.

સાગરે પર્યુષણનાં પહેલા જ દિવસે ઘરમાં પોતે અટ્ઠાઈ તપશ્ચર્યા કરવાની વાત કરી અને પ્રથમ દિવસે જ પોતે ગરમ પાણી વોટરબેગમાં લઈને સ્કૂલે ગયેલ અને ત્યાં રીસેસમાં સ્કૂલ તરફથી અપાતો નાસ્તો ઉપવાસ હોવાથી ખાવાની ના પાડી હતી અને ગરમ પાણી જ પીધું હતું.

આઠેય દિવસ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે સાગર સુતરીયાએ ઉપવાસના પચ્ચક્ખાણ લીધા હતા અને આઠેય દિવસ શાતા સારી રહી હતી.

આ નાનકડા 'સાગરે' મોટા સાગરની જેમ જૈન સંઘમાં ઉગ્ર આરાધના કરી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૮,અંક-૭,તા.૧૪-૧૦-૧૯૮૯

● **ભુજ :** સ્થવીર પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ. તથા વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજય આદિની નિશ્રામાં અત્રે ખૂબ સુંદર શાસનપ્રભાવના થઈ રહી છે. અત્રેના શ્રી જૈન સંઘ આયોજિત પાંચ રવિવારીય શિબિરનું ઉદ્ઘાટન તા. ૨૪-૧૦-૮૯ના થતા ૧૪૦૦ જેટલા યુવાનો સમક્ષ પૂ. વ્યાખ્યાતા મુનિવરનું આગવી શૈલીમાં પ્રવચન થયું. ભચાઉ, મોરબી, સાવરકુંડલા, (૪૩૦ કિ.મી.દૂર) થી યુવાનો સ્પેશયલ બસ કરીને આવ્યા. જૈનોના સાતેય ગચ્છ ઉપરાંત દરજી, પટેલ, વૈષ્ણવ, લોહાણા, રાજપુત, મુસ્લિમ, યુવકો પણ શિબિરમાં જોડાયા છે. લોકો મુક્તકંઠે આ શિબિરની અનુમોદના કરી રહ્યા છે.

વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની અચલગઢ શિબિરમાં પૂ.પાદશ્રીના વરદ હસ્તે આજીવન ચતુર્થવ્રત સ્વીકારનાર શ્રેષ્ઠીવર્ય નગીનભાઈ જસાણી તરફથી એક દિવસના સ્નાત્ર મહોત્સવનું આયોજન ભવ્ય થયું. ભગવાનને વંડામાં લઈ જવાના વરઘોડામાં ચિક્કાર પબ્લિક હતી. સ્નાત્રમાં પંક્તિએ પંક્તિના ભાવ સમજાવાયા શ્રી નગીનભાઈ જસાણી તરફથી સ્વામિવાત્સલ્ય થયું.

રાત્રિના સામુદાયિક આરતીનો પ્રોગ્રામ હતો. આરતી સુંદર બનાવી ભાવનારને રૂા. ૧૦૧, ૭૧, ૫૧, ૨૧ના ઈનામો હતા. રાજા કુમારપાળનો વેશ પહેરી નગીનભાઈ નીકળ્યા. રાત્રે આઠ વાગે વરઘોડો ચડ્યો. પોલિસબેન્ડ સહિતના વરઘોડામાં ૩ થી ૪ હજારની હાજરી હતી. ઉમંગ પુષ્કળ હતો. સ્થળે વરઘોડા પહોંચ્યા પહેલા હોલ ચિક્કાર ઊભા રહેવાની જગા નહિ. લગભગ દોઢ હજાર માણસ પાછું ગયું. આરતી પણ સૌએ એવી સજાવેલી કે ઈનામનો નિર્ણય કરવા બેઠેલા ગર્લ્સસ્કૂલના પ્રિન્સિપાલ વગેરે મુંઝાઈ ગયા. ઈનામ ન મેળવનારને પ્રોત્સાહન ઈનામ અપાયા. આરતી નગીનભાઈએ ઉતારી. મંગળદીવાની ઉછામણી કરાઈ તો ૨૨૨૨ મણની બોલી થઈ. આખું ભુજનગર હિલોળે ચડ્યું, સૌને મોઢે એક જ વાત છે, “નથી સ્નાત્રના આવા રહસ્ય સાંભળ્યા, કે નથી આનંદના હિલોળે ચડાવતી આવી આરતી જોઈ.” સંગીતકાર હિમાંશુએ સારી રમઝટ જમાવી.

● **ખુડાલા :** પૂ.આ.ભ. શ્રી વિજય નવીનસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય જિનભદ્રસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજયહિરણ્યપ્રભસૂરીશ્વરજી મ., પૂ.પં.શ્રી યશોવર્મવિજય ગણિવર આદિ ઠાણાના અત્રે ચાતુર્માસ પ્રવેશથી જ ધર્મમાં ઉલ્લાસ વધ્યો છે. રોજ રોજ નવી નવી શાસન-ધર્મ પ્રભાવના થઈ રહી છે. પ્રવચન હોલ નાનો પડે છે. યુવાનોની શિબિરમાં કમાલ થઈ ગઈ. યુવાનોએ જુગાર આદિ સાત વ્યસન અને પાનપરાગ-બીડી, સીગરેટ આદિના ત્યાગના નિયમો લીધા. ખુડાલા-ફાલનાની પાનની દુકાનવાળાના ધંધામાં મંદી આવી ગઈ. અઠ્ઠાઈ માસખમણ આદિ તપસ્યા ૫૦૦થી અધિક થઈ. તપસ્વીઓના વરઘોડા, તપસ્વીઓના સન્માન આદિથી તો જાદુ થઈ ગયો. અત્રે ઉપધાનતપ શરૂ થયા છે. ભદ્રેશ્વર તીર્થના ભવ્ય છ‘રી’ પાલિત સંઘની તૈયારી શરૂ થઈ ગઈ છે.

● **જાલના :** તપસ્વી પૂ.આ.શ્રી વારિષેણસૂરિવર મ. આદિની નિશ્રામાં અત્રે તપસ્યા, જિનભક્તિ મહોત્સવ વગેરેથી શાસન-ધર્મ પ્રભાવના સુંદર થઈ. ઓકટોમ્બર માસમાં થનાર ઉપધાનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૩૮,અંક-૮,તા.૨૮-૧૦-૧૯૮૯

● **ટીપટુર :** અત્રે પૂ. પંન્યાસશ્રી વિમળસેનવિજય ગણિવર મ. તથા વ્યાખ્યાતા પૂ. નંદીભૂષણવિજય મ. આદિઠાણા ચારની શુભનિશ્રામાં પૂ. પંન્યાસજી મ.ના ધર્મચક્રતપની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ તથા શ્રી સંઘમાં વિવિધ તપસ્યાની અનુમોદના નિમિત્તક પંચાહ્નિક જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઠાઠથી ઉજવાયો. ધર્મચક્રપૂજનમાં વારંવાર ‘આગળ ખસો-આગળ ખસો’ની વાત કરવી પડી. મહાપૂજાના દર્શન કરવા ૩૦૦૦થી વધુ જૈનેતર લોકો આવ્યા. બેંગ્લોર, અરસીકેરે, ભદ્રાવતી, બાણાવટ, મૈસુર વગેરેથી સારું લોક આવેલ. ૧૦૦ વર્ષના મનસુખભાઈના બા કહે છે, મને ટીપટુરમાં ૮૦ વરસ થયા પણ સાધુ મહારાજનું ચોમાસું પહેલું અને આવી આંગી શણગાર પહેલીવાર જ જોઉં છું. ‘વિધિની વિટંબણા’ પર ચંદરાજાના રાસનું ૨॥ કલાકનું નાટક શ્રી આદિનાથ મંડળ બેંગ્લોરવાળાએ કર્યું. માણસ ચિક્કાર હતું. સ્વામિવાત્સલ્ય (૮૦૦/૯૦૦ માણસ)નો બદામની કતરીથી લાભ સ્થાનકવાસી ભાઈએ લીધો. આજુબાજુ ખૂબ વરસાદ છતાં અત્રે ઓચ્છવના પાંચે દિવસ વરસાદ બંધ હતો. અહીં પણ પાંચ દિવસ સિવાય સારો એવો વરસાદ. પૂ. પંન્યાસજી મ. ને ધર્મચક્રતપના પારણા પછી તુરતમાં આયંબિલ ઓળી શરૂ થઈ છે.

• **મદ્રાસ :** વર્ધમાન તપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અત્રે શાસનપ્રભાવના સુંદર ચાલે છે. પ.પૂ. તપસ્વીરત્ન ગણિવર્ય શ્રી જયસોમવિજયજી મ.ની ૧૦૮મી વર્ધમાનતપ આયંબિલ ઓળીના પારણાનો મહોત્સવ આસો વદ-૬ શુક્રવાર તા. ૧૩-૧૦-૮૯ના પાવન દિવસે જોરશોરથી ઉજવાયો...

નાસિક પીપળગાંવ, મુંબઈ આદિ અનેક સ્થળોએથી પૂ.ગણિવર્ય મ.ના સાંસારિક સંબંધીઓ આવ્યા હતા. તેઓના તરફથી સવારે બેન્ડબાજા સહિત પારણાવિધિ થઈ. પૂજ્યશ્રી સહિત સકલ શ્રી સંઘના પગલા બે જગ્યાએ થયા. આરાધનાભવનમાં સકલ શ્રી સંઘની નાસ્તા-નવકારશીથી લગભગ ૨ હજાર સાધર્મિકોને ભક્તિનો લાભ મળ્યો.

વ્યાખ્યાનમાં ગુરુપૂજન-સંઘપૂજન થયાં. મલાડથી પધારેલ શ્રી શ્રેયાંસનાથ જૈન યુવક મંડળે વ્યાખ્યાન બાદ સ્તવન-ગહુંલીથી ધૂન મચાવી. ૫-૫ રૂપિયાથી સંઘપૂજન થયું... બપોરે શ્રી ભક્તામરપૂજન થયું. રાત્રિ સાંજીમાં ૧૪૦૦ જેટલાં બહેનો આવ્યા હતા. આ નિમિત્તે પાઠશાળામાં સ્નાત્રપૂજા-પ્રભાવના, જીવદયા-અનુકંપા, જિનમંદિરમાં સુંદર આંગી, ૧૭ છોડનું ઉદ્યાપન, નવપદજીની રંગોળી આદિ અનેક પ્રકારે સુંદર સુકૃતો થયા હતા.

અત્રે ૧૧ દિવસનો શ્રી જિનભક્તિ મહોત્સવ સુંદર રીતે ચાલી રહ્યો છે...

• **મદ્રાસ :** આસો વદ-૮ રવિવાર તા. ૧૫-૧૦-૮૯ના શુભદિવસે અહીં મોટા ખર્ચે બનેલા શ્રી કાનમલ પ્રકાશમલ સમદડિયા આયંબિલ ભવનનું મંગળ ઉદ્ઘાટન પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિશ્રીજી આચાર્યદેવશ્રીની શુભનિશ્રામાં થયું. સાથે સાથે પૂજ્યપાદશ્રીજીની કાબેલ કલમે લખાયેલ મહાન ઈંગ્લીશ ગ્રંથ - The Essentials of Bhagvan Mahavir's Philosophy પુસ્તકનું ઉદ્ઘાટન વિદ્વાન અતિથિ વિશેષ શ્રી શ્રીપાલજી I.P.S. - Inspector General Of Prisons, Madras ના શુભ હસ્તે થયું.

બેંગ્લોરના મુમુક્ષુ ચંદ્રકાંતાબેનના કોકીલકંઠના ભાવપૂર્ણ સ્વાગતગીતથી સભા ડોલાયમાન થઈ. આમે ય રોજના વ્યાખ્યાનના વિષયને તરત ગહુંલીમાં ગૂંથી લઈ સૂરિલા કંઠે જ્યારે પોતે જ ગાય છે, ત્યારે એ સાંભળવાનો એક લહાવો બને છે. સાથે જ શ્રાવકના જીવનમાં દિન-બ-દિન ઉપયોગી આરાધનાને સંગૃહીત કરતું



પૂ.પાદશ્રીની કુશળતાભરી કલમથી આલેખાયેલ પુસ્તક 'ગાગરમાં સાગર'નું વિમોચન શેઠશ્રી સુમતિલાલ રવચંદના શુભ હસ્તે થયું. બંને ગ્રંથની આજના કાળે ખૂબ સુંદર ઉપયોગિતા પર જુદા જુદા વક્તાઓના પ્રવચનો સુંદર રહ્યા. નાની ઉંમરના વર્ધમાનતપના પાયા નાખનાર મુમુક્ષુ પી. કલ્પેશકુમાર બેંગ્લોરવાળા અને મુમુક્ષુ શ્રી પ્રવીણકુમાર જૈન, મદ્રાસવાળાને સન્માન માટે ખડા કરાતા શ્રી સંઘે ખૂબ અનુમોદના વ્યક્ત કરી.

સમદડિયા પરિવારના અનેક વિશાળ સુકૃતો-દાનોની યાદી સાંભળતાં શ્રોતાઓએ ભરપેટ અનુમોદના કરી.

પૂજ્ય પ્રવર્તક મુનિરાજશ્રી યોગીન્દ્રવિજય મ.સા.ની વર્ધમાન ૧૦૦ ઓળી ઉપરાંત નવા પાયા ઉપર ચાલેલી ઓળીઓમાં સળંગ ૪૪-૪૫મી ઓળીના પારણાનો પ્રસંગ ઠાઠથી સંપન્ન થયો. ૮૪ વર્ષની જૈફ વયે એમની તપધર્મની આરાધના અને સંયમ સાધના ભાવિકોને મુગ્ધ બનાવે છે. પ્રસંગ પર નવકારમંત્રની રંગબેરંગી રંગોળીના દર્શને લોકો ભાવવિભોર બન્યા.

આ બંને પ્રસંગને અનુલક્ષીને પ્રસંગને શોભાવતું પૂજ્યપાદશ્રીજીનું માર્મિક રોચક પ્રવચન થયું. આખો કાર્યક્રમ સવારે ૧૦ થી ૧-૩૦ સુધી ચાલ્યો. આયંબિલ ભવનના ત્રણે માળો માનવમેદનીથી ભરચક ભરાયેલા રહ્યા. પછી ૨૦૦ ગ્રામના લાડુની પ્રભાવના તથા પધારેલ મહેમાન આદિ ૫૦૦ વ્યક્તિનું સાધર્મિક વાત્સલ્ય થયું. બપોરના શ્રી સમદડિયા આયંબિલ ભવનમાં સિદ્ધચક્રપૂજનનું ભવ્ય આયોજન થયું.

આ રીતે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં તપ-ત્યાગ-જ્ઞાનની પાવન ગંગા વહી રહી છે જેમાં સમગ્ર દક્ષિણ ભારત પવિત્ર થઈ રહ્યું છે. માગશર સુદમાં શરૂ થનારા મોટા પાયા પરના ઉપધાન તપની તૈયારીમાં શ્રી સંઘ અત્યારથી જ લાગી ગયો છે.

• **દાદર (મુંબઈ) :** અત્રે આરાધના ભવનમાં બિરાજતા પૂ. આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. આદિઠાણાની નિશ્રામાં ૧૦ શનિવારના પાઠશાળાના બાળકોની તથા ૧૦ રવિવારના યુવાનોના શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગ સારી રીતે ઉજવાયો. જેમાં ૨૩૦ જેવી હાજરી હતી. જેમાં જૈન તત્વજ્ઞાન-આહારશુદ્ધિ-દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્યભવાદિ ૪ દુર્લભ વસ્તુઓ - નિગોદથી મોક્ષસુધી આત્માનું ઉત્થાન - ૧૪ રાજલોક - ધર્મકથાનુયોગ વગેરે વિષયો વાચનામાં કહેવાયા... ભરતભાઈએ ઘેર ઘેર વપરાતી અભક્ષ્ય વસ્તુઓમાં હાડકાંનો પાવડર, ઈંડાનો રસ, જીલેટીન... વગેરેના બજારમાં જે જે તૈયાર પાવડરો ઘેર ઘેર વપરાતા થયા છે તે

અંગે સારી એવી માહિતી આપી હતી... તેઓએ કાંદિવલી-મલાડ-સાયણ વગેરે જગ્યાએ પણ સભાને ઉદ્બોધન કરેલ... અને ઘણાં ભાઈ-બેનોએ બહારની અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરેલ... કેક-કેટબરી-પાઉં-બટર-ચોકલેટ-આઈસ્ક્રીમ-બિસ્કિટ વગેરે શિબિરમાં આવતાં ડૉક્ટરોએ ઈંડામાં રહેલા ભરપુર દોષો, તથા પ્રાણી જ લોહીમાંથી બનતી વસ્તુઓ, લીવરમાંથી બનતી વસ્તુઓ-શક્તિ માટે વપરાતી દવાઓમાં અભક્ષ્યતાની સારી માહિતી આપી. અભક્ષ્ય જણાતી દવાઓનો ત્યાગ કરવા અપીલ કરી હતી. નાના-મોટા બાળકોની સાધર્મિક ભક્તિ થઈ સારા પારિતોષક અપાયા. દાદર આરાધક જૈન સંઘે બાળ યુવાનોની ભક્તિનો સુંદર લાભ લીધો. ઘણાં બાળકોએ અભક્ષ્ય ત્યાગના નિયમો લીધા.

ફટાકડા ત્યાગ સાથે વિવિધ નિયમોમાં અઢીસો ઉપર બાળકો જોડાયા છે.

● **ભુજ :** સ્થવીર પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજય મ. તથા વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ની નિશ્રામાં પાંચ રવિવારીય શિબિર સુંદર સંપન્ન થઈ. છેલ્લી શિબિર ખૂબ જોરદાર ગઈ. સવારના ૬ાા વાગે ચૈત્યપરિપાટી નીકળી. મોરબી-રાજકોટ-વાંકાનેર-ભચાઉ વગેરે સ્થવેથી શિબિરાર્થીઓ વહેલા જ આવી ગયેલા. ૧૩૦૦/૧૪૦૦ શિબિરાર્થીઓ અને સકળ સંઘ સહિત ૩૦૦૦ ઉપરાંતની સંખ્યા ચૈત્યપરિપાટીમાં જોડાઈ... સામુહિક ચૈત્યવંદન પછી શિબિરાર્થીઓ તરફથી જ સકળ સંઘની નવકારશીની ભક્તિ અને રૂપિયાની પ્રભાવના થઈ. એ થયા બાદ વાજતે ગાજતે દાંડીયારાસની રમઝટ બોલાવતા શિબિરના સ્થળે આવ્યા. પણ એ પહેલા તો આખોય હોલ સંપૂર્ણ ભરાઈ ગયેલો. માંડ માંડ પૂ. વ્યાખ્યાતા મુનિવર પાટ સુધી પહોંચ્યા. હોલ-દાદરો-લોબી-ગેલેરી-પડસાળ ક્યાંય જગ્યા ન મળે.. અને એમાંય સુરતથી આવેલા નિકેશ અને વલસાડથી આવેલ હિમાંશુ એ બંનેના સંગીતે તો છોકરાઓ ઝુમી ઉઠ્યા. ૧૦ાા વાગે શરૂ થયેલ શિબિર છેક ૪ાા વાગે પૂરી થઈ.

રાજકોટથી આવેલા વસંતભાઈ ખોખાણીએ અસરકારક વક્તવ્ય કર્યું. સહુ શિબિરાર્થીઓને આજે દૂધેથી પગ ધોઈને સંઘપૂજન-તિલક-રૂપિયા-શ્રીફળ અને અભિનંદન કાર્ડ અપાયા. યુવકમાં ઉમંગ એટલો હતો કે એમણે આ બધાયની ઉછામણી બોલાવવાની માંગણી કરી. દૂધેથી પગ ધોવાના ૧૧૦૦૦, તિલક, રૂપિયાના-૭૦૦૦, શ્રીફળના-૫૫૦૦, અભિનંદન કાર્ડના-૩૫૦૦ થયા. બે પ્રવચન ૧ાા-૧ાા કલાકના કર્યા. બરાબર ૪ વાગે સંવેદન ચાલુ કર્યું. મુસ્લિમ-પટેલ-સીંધી-દરજી-લોહાણા વગેરેમાંથી ય એક યુવક બાકી નહિ હોય કે જે ધ્રુસકે ધ્રુસકે રડ્યો નહિ હોય, એમાંય દૂધેથી પગ ધોઈને સંઘપૂજનના દશ્યે તો સહુને સ્તબ્ધ કરી



દીધા. તમામ યુવકો પગ ધોયેલા દૂધમાં હાથ બોળીને પોતાની આંખે એ દૂધ લગાડતા હતા. એ તો ઠીક પણ એ દૂધ લેવા માટે બાટલીઓ લઈને લાઈનમાં ઊભા રહી ગયા. કારણ કે ભુજના ઈતિહાસમાં દૂધથી પગ ધોઈને સંઘપૂજન પહેલી જ વાર થતું હતું. આંખે આંસુ... પગ ઢીલા... પછીના જમણવારમાં પણ કોઈને ખાવાનું ભાવ્યું નહિ... શિબિર પૂરી થયા બાદ અભિગ્રહો લેવા માટે યુવકોની લાઈન લાગી. પાન-બીડી-માવો-જુગાર-સિગરેટ-દારૂ-વ્યભિચાર-ટી.વી.-સિનેમા ત્યાગ વગેરેના તથા પૂજા-સામાયિક-દાન-બ્રહ્મચર્ય-ગાથા ગોખવા વગેરેના પણ પુષ્કળ નિયમો થયા. દિવાળીની પુષ્કળ ઘરાકી મહાભારતની ટી.વી. સિરિયલ. ભારત-શ્રીલંકાની મેચ આટઆટલા આકર્ષણો છતાં સવારના ૬ વાગે ઘરેથી નીકળેલા યુવકો સાંજના ૬ વાગે ઘરે પહોંચ્યા.

● **કાંદીવલી (પશ્ચિમ) મુંબઈ (ઈરાનીવાડી) :** વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રાવણ સુદ ૧૦/૧૧/૧૨ શ્રી સીમંધરસ્વામી ભગવાનના અઠ્ઠમની ભવ્ય આરાધના સીમંધરસ્વામી ભગવાન પધરાવીને થઈ. સીમંધરસ્વામીના ચરિત્ર વિષે પૂજ્યશ્રીએ વેધક પ્રકાશ પાથરતા જાપ, ધૂન, ભક્તિ વગેરે કાર્યક્રમ સુંદર થયો. લગભગ ૧૨૦૦ અઠ્ઠમ થયા. તપસ્વીઓને અંતરવાયણા પારણા કરાવાયા. દરેકને ૫૧/- રૂ. ની પ્રભાવના અપાઈ. લગભગ ૩૦૦૦ આરાધકોએ સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો.

પૂજ્યશ્રીએ પર્યુષણ પછી કાંદીવલીથી મલાડ હીરસૂરી ઉપાશ્રયમાં પધારી સ્થિરતા કરેલ છે.

● ● ●

केसरवाडी मंडण श्री आदिनाथाय नमः

मद्रासनगरे : श्री केसरवाडी तीर्थ में श्री उपधान तप की आराधना सिद्धांतमहोदधि सुविशाल गच्छाधिपति प.पू. आचार्यदेव श्रीमद् विजय प्रेमसूरीश्वरजी म.सा. के पट्टालंकार सुविशाल गच्छनायक, १०८ वर्धमान तपोनिधि प.पू. आचार्यदेव श्रीमद् विजय भुवनभानुसूरीश्वरजी म. साहेब आदि ३३ मुनिभगवंत एव २० साध्वीजी म. की पावन निश्रामें होगा ।

उपधानतप प्रारंभ (प्रथम मुहुर्त –) मागसिर सुद १४ सोमवार दि. ११-१२-८९ के दिन पर होगा । दूसरा मुहुर्त – पोष वद-१ बुधवार दि. १३-

१२-८९ का है ।

२२ सौ वर्ष पुराने श्री आदिनाथ भगवान की शीतलछांव में आप उपधान आराधना हेतु अवश्य पधारजावें अैसी नम्र विनंती है ।

उपधानतप स्थल :-

केसरवाडी-पोलाल, मद्रास-६०० ०६६.

पत्रव्यवहार :- Shri Chandraprabha New JAIN Temple Trust Jain Aradhana Bhavan, 351, Mint Street, Madras-600079

## કતલખાનું નહિ બંધાય

મુંબઈની નજીક પાલઘર પાસે એક કતલખાનું બાંધવાની સરકારની યોજના હતી. તેની વિરુદ્ધમાં બેંગલોરથી પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તથા મુંબઈથી પૂ.આ.શ્રી વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પ્રશાંત ઝવેરીના સહકારથી અથાગ પ્રયત્નો કરવાને કારણે હવે તે બાંધવાનું બંધ રાખવામાં આવ્યું છે. આ અંગેનો કૃષિ, પશુસંવર્ધન, દુગ્ધ વ્યવસાય વિકાસ, મત્સ્ય વ્યવસાય વિભાગ, મંત્રાલય, મુંબઈ-૩૨ નો પત્ર તા. ૭-૮-૧૯૮૯નો ક્રમાંક : મેપ્કો ૧૦૮૯/૩૩૪૮/(૧૫૬)૫ દુમ/૩ આવી ગયો છે. આને કારણે અહિંસાવાદી કાર્યકરોને સારું જેવું પ્રોત્સાહન મળ્યું છે. કોઈપણ કાર્ય માટે પ્રયત્ન જો સહૃદયપૂર્વક કરવામાં આવે તો સફળતા મળે જ છે.

મુંબઈ સમાચાર ૨૪-૧૦-૮૯ માંથી સાભાર ઉદ્ધૃત.

• 'The Exxentials of Bhagvan Mahavir's Philosophy' નામના વર્ધમાન તપોનિધિ પૂ.પાદ ઈંગ્લીશ ગ્રંથ વિષે મુંબઈ સમાચાર ૭-૧૧-૮૯નો અભિપ્રાય.

**ગણધરવાદ**-પ્રસ્તુતકર્તા : આચાર્ય વિજય ભુવનભાનુસૂરી, ભાષાંતરકર્તા : પ્રો.કે. રામાપ્પા પ્રસ્તાવના : શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહ, પ્રાપ્તિસ્થાન : (૧) મોતીલાલ બનારસીદાસ, બંગલો રોડ, જવાહરનગર, દીલ્હી-૧૧૦૦૦૭ (૨) ચોક, વારાસણી-૨૨૧૦૦૧ (૩) અશોક રાજ્યપથ, પટના-૮૦૦૦૦૧. (૪) ૨૪ રેસક્રોસ રોડ, બેંગ્લોર-૫૬૦૦૦૧ (૫) ૧૨૦, રોયાપેઠ હાઈ રોડ, માયલાપોર, મદ્રાસ-૬૦૦૦૦૪ મૂલ્ય - કપડાનું પુઠું રૂા. ૧૨૫, કાગળનું પૂઠું રૂા. ૭૦.

આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી તો જ્યારથી ભાનુવિજય હતા ત્યારથી



તેમનું ગણધરવાદનું વાંચન વખણાતું આવ્યું છે. ભગવાન મહાવીરના સમવસરણમાં અગીયાર બ્રાહ્મણ વિદ્વાનો, ભગવાનને, વાદવિવાદ કરી હરાવવાના ઉદ્દેશથી આવે છે. પરંતુ ભગવાનને જોતાં જ તેઓને એક પ્રકારની શાંતિ મળે છે. અને, પોતાની શંકાના નિવારણાર્થે ભગવાનને પ્રશ્નો પૂછે છે. ભગવાન તેના સંતોષકારક ઉત્તરો આપે છે. જેનાથી આ અગિયારે મહાપંડિતોને સંતોષ થાય છે અને લાગે છે કે સાચું જ્ઞાન તો ભગવાન પાસે જ છે. એટલે તેઓ પોતાના ૪૪૦૦ શિષ્યોના પરિવાર સહિત ભગવાન પાસે દીક્ષા લે છે. ભગવાન તેઓને ગણધરપદે સ્થાપે છે. તેઓ ભગવાન ત્રિપદીના ઉપદેશથી દ્વાદશાંગીની રચના કરે છે.

અંગ્રેજીમાં આવાં એક પુસ્તકની ખાસ જરૂર હતી. તે આ પુસ્તકથી પૂરી પડશે કે જેમાં જૈન તત્ત્વજ્ઞાનનો નિચોડ સમાઈ જાય છે.

**"दिव्य-दर्शन" - "સમાચાર"** वर्ष-૩૮,અંક-૧૪,તા.૨૩-૧૨-૧૯૮૯

• **મદ્રાસ : જૈનવાડી** : અત્રે પરમારાધ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબની પાવન આજ્ઞાથી યોજાયેલ તથા બાળકોની ચાતુર્માસિક શિબિરોનો ઈનામી મેળાવડો શાનદાર ઉજવાયો.

શિબિરમાં કુલ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિરાજો શ્રી ભુવનસુંદર વિ.મ.સા. તથા શ્રી અભયચંદ્ર વિ. મહારાજે જૈનાચાર, જૈન તત્ત્વજ્ઞાન, જૈન ઈતિહાસ ને મોક્ષમાર્ગનું શિક્ષણ આપેલું હતું.

તે વખતે ગુજરાતી વાડી શ્રી જૈન સંઘે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન મંદિરની પ્રથમ સાલગીરી પર પૂજ્યશ્રીને પધારવાની ભાવભરી વિનંતી કરી હતી.

શિબિરના ઈનામી મેળાવડા વખતે મોટી સભા વચ્ચે બાળકો તથા યુવાનોએ (૧) પાઉંભાજી (૨) રાત્રિ ભોજન (૩) દારૂ તથા (૪) આઈસ્ક્રીમના નુકશાનો પર સુંદર નાટકો કર્યા હતા તથા જિનપૂજા વિષયક મોનોએક્ટીંગ કરાયું હતું. સુશ્રાવક જયંતીલાલ કોઠારી તથા વસંતલાલ કામદારે શિબિર વિદ્યાર્થીઓનું ઈનામ વિતરણ કરેલ.

આ અવસરે પૂજ્યશ્રી દ્વારા લખાયેલ **'જીવન સંગ્રામ', 'આરાધના'** હિન્દી પુસ્તકનું વિમોચન થયું હતું.

• **મદ્રાસ- સાધારણ ભવન** : અત્રે પૂજ્યપાદ આચાર્યદેવેશની પાવન નિશ્રામાં

પૂ. સાધ્વીશ્રી રત્નાશ્રીજી મ. તથા સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રીજી મ. ના શ્રેણિતપ મહા તપશ્ચર્યાની નિર્વિઘ્ને પૂર્ણાહૂતિ નિમિત્તે જુના મંદિર સાધારણ ભવન ટ્રસ્ટ તરફથી ૪ મહાપૂજનો સહિત અટ્ઠાઈ મહોત્સવનું ભવ્ય આયોજન થયું. પારણાના દિવસે ચતુર્વિધ શ્રી સંઘની સાથે પૂજ્યશ્રી સુશ્રાવક માણેકચંદજી નાહરની આગ્રહભરી વિનંતીથી પધાર્યા અને સોનાની ગીનીથી ગુરુપૂજન તથા સંઘપૂજન આદિ થયા.

બહેનોની શનિવારિય ચાતુર્માસિક શિબિરની પરીક્ષા લેવાયા બાદ પૂજ્યશ્રીના પાવન સાનિધ્યમાં ૫૦૦ જેટલા બહેનોને ઈનામો અપાયા. પૂજ્યશ્રીએ બહેનોને ઉંચા ચારિત્રવાન બનવાનાં શુભાશિષ આપી. બીજે દિવસે પૂ. સાધ્વીજી મ. શ્રી અનંતકીર્તિશ્રીજી આદિઠાણાની નિશ્રામાં બહેનોની ચૈત્યપરિપાટીનું ભવ્ય આયોજન થયું. તેમાં પૂ. મુનિરાજશ્રી સૂર્યકાન્ત વિ.મ.સા.નાં સંસારી પિતા શ્રી અંબાલાલ લલ્લુભાઈ તરફથી લાડુ તથા સેવની પ્રભાવના થઈ.

• **મદ્રાસ - આરાધના ભવન :** કા. સુદ-૧૪ અત્રે પૂજ્યપાદશ્રીજીના પાવન મુખે ૧૨ વ્રત ઉચ્ચારણ વિધિ નાણસમક્ષ કરાવાઈ. પૂજ્યશ્રી આ પહેલાં ઘણાં દિવસથી ૧૨ વ્રતો વિશે વ્યાખ્યાન સભામાં વિવિધ રીતે સમજણ અને પ્રેરણા આપતા હતા. લગભગ ૨૦૦ આરાધકોએ બાર વ્રત ગ્રહણ કર્યાં. બાળશ્રાવક કલ્પેશકુમારે (૧૫ વર્ષ) ચારિત્ર ભાવનાથી મા-બાપની આજ્ઞાપૂર્વક આજીવન બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું. અન્ય આરાધકોએ પણ બ્રહ્મચર્ય વ્રત આદિ લીધા. ૧૨ વ્રત ગ્રહણ કરતાં આરાધકોને વિશિષ્ટ પ્રભાવના અપાઈ હતી.

• **ચાતુર્માસ પરિવર્તન :** ચાતુર્માસ પરિવર્તન માટે અનેક જગ્યાએથી વિનંતી હોવા છતાં પૂજ્યશ્રીએ સિદ્ધિતપ કરનાર શેઠશ્રી હસ્તીમલજી બેંગાણીની વિનંતીને માન આપી ચતુર્વિધ સંઘની સાથે પૂજ્યશ્રી સપરિવાર તેઓના બંગલે પધાર્યા હતા. ત્યાં માંગલિક પ્રવચન બાદ સંઘપૂજન તથા ગુરુપૂજન અને લાડુ સેવની પ્રભાવના (ભાથુ) થઈ હતી. ચતુર્વિધ સંઘ સાથે ૯ વાગે પૂજ્યશ્રી વાજતે ગાજતે ગુજરાતી વાડી પધાર્યા. ત્યાં પટ જુહારવા તથા વ્યાખ્યાન આદિ ખૂબ જ આલ્હાદપૂર્વક થયું હતું. જૈનવાડી સંઘ તરફથી ભાથુ (લાડુ-સેવના) પેકેટ અપાયા હતા.

• **મહાવીર કોલોની (વેપેરી) :** કા. વદ-૫ ના દિવસે પૂજ્યશ્રી સપરિવાર બેન્ડબાજા સાથે શ્રી સંઘની વિનંતીથી વેપેરી પધાર્યા. ત્યાં શ્રી સંભવનાથ જિનાલયની પ્રથમ વર્ષગાંઠની ભવ્ય ઉજવણી થઈ. પૂજ્યશ્રીના આયંબિલના તપોબળથી તથા અહીં ચાતુર્માસ બિરાજમાન પૂ. મુનિરાજશ્રી વરબોધિ વિ.મ.સા.ની સત્ પ્રેરણાથી કાયમ માટે નૂતન આયંબિલ શાળા ચાલુ કરવાનું નક્કી કર્યું.



• **જૈન આરાધના ભવનમાં :** કા. વદ-૬ અત્રે પૂજ્યશ્રીના પાવન નિશ્રામાં સંઘના ટ્રસ્ટી - પ્રમુખ શેઠશ્રી પુખરાજજી જેઠમલજી પોરવાળના માતુશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર-મહાપૂજન તથા સાધર્મિક વાત્સલ્યનું ભવ્ય આયોજન થયું હતું...

કા. વદ-૧૧ પૂજ્યપાદશ્રીજીના પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી જયસુંદર વિ.મ.સા. ના સુવિનિત શિષ્ય પૂ. મુનિરાજશ્રી મનોરત્ન વિ.મ.સા.ના શ્રી સમોવસરણ તપની નિર્વિઘ્ન આરાધના નિમિત્તે તેઓના સંસારી સંબંધી મનસુખભાઈને ત્યાં પૂજ્યપાદશ્રીજી આદિ ચતુર્વિધ સંઘના પાવન પગલા થયા અને મુનિવરશ્રીના સાંસારિક પિતાશ્રી જલગાંવ નિવાસી ઈશ્વરલાલ કામદાર તરફથી સંઘપૂજન, ગુરુપૂજન આદિ થયા.

• **કા. વદ-૦) ગુજરાતી વાડી :** પૂજ્યશ્રી વિહાર કરી અત્રે પધાર્યા. મંદિરની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે પાંચ દિવસના જિનેન્દ્રભક્તિ મહોત્સવ માટે પૂજનો આદિની બોલીઓ સુંદર બોલાઈ હતી.

હવે પૂજ્યશ્રી મા. સુદ-૧૪ થી પ્રારંભ થતા ઉપધાન તપની આરાધના નિમિત્તે મા. સુદ-૬ ના કેશરવાડી તીર્થ પુંડલ પધાર્યા છે.

• **પૂના :** પૂ.પં.શ્રી ધનેશ્વરવિજય ગણિવર મ. તથા પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજય ગણિવર મ. આદિઠાણાની નિશ્રામાં અત્રેના ઈતિહાસમાં સૌ પ્રથમ પૂનાથી પાલીતાણા (શત્રુંજય ગિરિરાજ)ના સંઘનું પ્રયાણ ખૂબ જ શાસન પ્રભાવના-ધર્મપ્રભાવનાપૂર્વક થયું. યાત્રિકો આદિનો ઉત્સાહ અનેરો છે. ગામોગામ શ્રી સંઘના ભાવભર્યા સ્વાગત આદિથી ઈતરો આદિમાં પણ સારો પ્રભાવ પડી રહ્યો છે.

• **મુંબઈ :** જીવન જાગૃતિ ટ્રસ્ટ તરફથી જણાવાય છે કે આપશ્રીનાં ગામમાં જેટલાં જૈન ડૉક્ટરો, આર્યુવેદિક વૈદ્યો-હોમયોપેથિક ડૉક્ટરો હોય, તેઓએ પોતાના સરનામા ઉપરના સરનામે સત્વરે મોકલવા નમ્ર વિનંતી છે, જેથી જીવદયા અંગેનું સાહિત્ય ઘરબેઠાં પહોંચાડવાની અમારી યોજના સફળ બને. એક દિવો હજાર દિવાને પ્રગટાવે તેમ, એક જીવદયા પ્રેમી કરોડો જીવોની રક્ષા કરી શકે.

જૈન સંઘમાં માનનીય ટ્રસ્ટીઓને પણ જણાવાય છે કે આપશ્રી તમામ ડૉક્ટરોનાં સરનામા મેળવીને મોકલવા કૃપા કરશો.

## સૂલે-વેપેરીથી પોરુર સુધીની સંઘયાત્રા

સૂલે-વેપેરી ચાતુર્માસ સ્થિત સાધ્વીજી શ્રી સૂલોચનાશ્રીજી મ. પ્રેરિત બે દિવસની નાની પરંતુ સુંદર અને યાદગાર ચતુર્વિધ સંઘયાત્રા બની રહી. આમાં આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજીની આજ્ઞા અને આશીર્વાદથી પ.પૂ.મુનિશ્રી જયતિલક વિ.મ. તથા મુનિશ્રી વરબોધિ વિ.મ.ની પાવન નિશ્રા મળી તા. ૧૬-૧૨-૮૯ શનિવારના નીકળેલ આ સંઘયાત્રામાં ઈન્દ્રધજા, ઘોડેસવારો, સ્કુટરવાળા યુવાનો ત્યારબાદ અત્રેનું મ્યુઝિકલ બેન્ડ, પૂજ્ય ગુરુભગવંતો, રથમાં સુંદર સુશોભિત ચન્દ્રપ્રભસ્વામીજી ભગવાન અને છેલ્લે સાધ્વીજી મ. અને બહેનો. શરૂઆતમાં વિદાય આપવા આવેલા લોકોથી મંદિર અને ઉપાશ્રય ખીચોખીચ ભરાઈ ગયો હતો. બાદ રથયાત્રાયુક્ત પદયાત્રા ચાલી. લગભગ ૫૦૦ યાત્રિકો હશે. વેપેરી મહાવીર કોલોનીના મંદિરે આવી. શ્રી સંઘ તરફથી સંઘવીઓનું બહુમાન અને સમસ્ત યાત્રિકોનું સંઘપૂજન થયું. ત્યારબાદ ચિન્તાદ્રિપેઠમાં દર્શન-વંદન-સામુહિક ચૈત્યવંદનમાં ભક્તિનો રંગ જામી પડ્યો. યાત્રિકો માટે અલ્પાહાર તથા બેસણાવાળાની સંપૂર્ણ ભક્તિ થઈ લગભગ ૧ વાગ્યા હોવા છતાં પોરુર તીર્થની આ પદયાત્રાના યાત્રિકો ખૂબ જ ઉલ્લાસપૂર્વક મહાબલમ તરફ ચાલ્યા. રસ્તામાં શ્રી આદિનાથ જૈનમંડળના મોહન આદિ બેન્ડની સાથે સાથે સુંદર ગીતો ગાતા ચાલતાં એ સાંભળી આજુબાજુના લોકો આ પદયાત્રાના દર્શન કરવા બહાર આવી જતાં. શહેરના મુખ્ય ભાગોમાંથી પસાર થતાં થતાં લગભગ ૧૨ વાગે મહાબલમની હદમાં આવતાં જ ત્યાંના શ્રી સંઘ તરફથી આયોજિત બેન્ડવાજા સહિત અનેક ભાગ્યશાળીઓ સંઘયાત્રાના સ્વાગત માટે ઉપસ્થિત થયેલા. રસ્તામાં શ્રી સંઘની બપોરની સંપૂર્ણ સાધર્મિક ભક્તિનો લાભ લેનાર શેઠ હમીરમલજીને ત્યાં માંગલિક સંભળાવ્યું. બરાબર ૧॥ વાગ્યાની આસપાસ મદ્રાસના ભવ્યાતિભવ્ય મંદિરમાં શ્રી શાંતિનાથ દાદાના દરબારમાં સામૂહિક ચૈત્યવંદનમાં ભક્તિરંગ જામ્યો. બાદ ઉપાશ્રયના વિશાળ હોલમાં માંગલિક પ્રવચન અને સંઘવી-પરિવારના સન્માનાદિનો કાર્યક્રમ થયો. આયંબિલ-એકાસણા-બેસણાદિની બધી જ વ્યવસ્થા રાખેલ. ત્યારબાદ બપોરે ૩ વાગે શ્રી પંચકલ્યાણક પૂજા અને રાત્રિના યુવાનોએ ભાવનામાં ભક્તિની ધૂન મચાવી. રવિવારે સવારના ૫-૩૦ વાગે શ્રી સંઘયાત્રિક અને અત્રેના સંઘના ભાગ્યશાળીઓ સહિત સામુહિક ભક્તામરસ્તોત્ર અને ચૈત્યવંદનાદિ થયું. ત્યારબાદ બરાબર ૬-૩૦ કલાકે પદયાત્રાની વિવિધ વાંજિત્રોના નાદપૂર્વક શરૂઆત થઈ. રસ્તામાં કોડંબાકમના મંદિરમાં સામુહિક દર્શન-વંદનાદિ કરતાં કરતાં નગરના મુખ્ય માર્ગ ઉપર પસાર થતા થતા, પોરુર પ્રવેસ સમયે ત્યાંના શ્રી સંઘ તરફથી બેન્ડ સહિત સ્વાગત માટે ભાગ્યશાળી પધાર્યા. ત્યારબાદ બરાબર ૧૦-૧૫ કલાકે પોરુરના શ્રી મુનિસુવ્રત-સ્વામીનાં મંદિરમાં ભારે ઉલ્લાસપૂર્વક પ્રવેશ થયો. સામુહિક ચૈત્યવંદન થયું. ત્યારબાદ ધામધૂમથી સમૂહ સ્નાત્રપૂજા થઈ. બાદ વિશાળ હોલમાં નાણ સમક્ષ સંઘવી પરિવારને પ.પૂ.જયતિલક વિ.મ. ના વરદ હસ્તે તા. ૧૭-૧૨૮૯ રવિવારે માળા પહેરાવવાની વિધિ થઈ. માળા પહેરાવવાની સુંદર ઉછરામણી થઈ. તેમજ સોનામાં સુંગધ ભળે તેમ પૂ. મુનિશ્રી વરબોધિ વિ.મ. ને ૮૧મી વર્ધમાનતપની ઓળીની પૂર્ણાહૂતિ થતી હોવાથી તેની અનુમોદનાર્થે પણ સુંદર ઉપજ થઈ. ખૂબ જ ઉલ્લાસપૂર્વક માળાનો પ્રોગ્રામ લગભગ બે વાગે પૂર્ણ થયો. આજની સંપૂર્ણ ભક્તિ સંઘવી પરિવાર તરફથી રાખવામાં આવેલ. આમ આવો ૨ દિવસનો નાનો પણ પદયાત્રાનો સુંદર પ્રસંગ અનેકોને માટે યાદગાર બની રહે તેવો ઉજવાયો. તેનો સંપૂર્ણ લાભ શ્રી રાણલાલજી ભંવરલાલજી ગુલેછા પરિવારે લીધો.

## એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે. મદ્રાસ-કેશરવાડીમાં ઉપધાન પ્રસંગે બ્રહ્મચર્ય વ્રતનો જયજયકાર.

• **મદ્રાસ (કેશરવાડી)** : અત્રે ન્યાયવિશારદ્ વર્ધમાન તપોનિધિ પૂ.પાદ આચાર્યદેવશ્રીની પુણ્ય નિશ્રામાં પર્યુષણા પર્વ રૂડી રીતે ઉજવાતા હતા. તે જ સમયે ચાતક પક્ષી મેઘની રાહ જુએ તેમ શ્રી મદ્રાસ જૈન સંઘ જેની વારંવાર રાહ જોતો હતો અને વારંવાર વિનંતી કરતો હતો કે ઉપધાન તપ આપશ્રીની નિશ્રાએ કરવા છે. તે ધન્ય દિવસ આવી જતા માગશર સુદ-૧૪ના મંગળ પ્રભાવે ખડા કરાયેલા વિશાળ-ઉપધાન મંડપમાં ચતુર્મુખ પ્રભુજીની છાયામાં નાણ સમક્ષ આરાધકો ઉપસ્થિત થયા. પૂજ્યશ્રીએ મંગળ મુહૂર્તે સૌને પૌષધ વ્રતનું ઉચ્ચારણ કરાવેલ. બાદમાં નાણ સમક્ષ વિધિ સંપન્ન થઈ. આ પ્રસંગે સંઘના આગેવાન પુખરાજજી વગેરે શ્રાવક શ્રાવિકા સંઘની ઉપસ્થિતિ સારી હતી. આરાધકોનો ઉપધાન તપ કરવાનો ઉત્સાહ અનેરો જણાઈ આવતો હતો. માગશર વદ-૧ના બીજા મુહૂર્તે પણ ૩૫ આરાધકોનો પ્રવેશ થતાં આરાધકોની સંખ્યા ૨૫૦ ઉપરાંતની થઈ. પૂજ્ય આચાર્યદેવશ્રીના વૈરાગ્ય ઝરતા પ્રવચનો તથા તપસ્વીઓનો ઉત્સાહ ઓર વધતો ચાલ્યો. સવારના ૩-૩૦ વાગ્યાથી ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ પડિલેહણની ક્રિયા કરી સૌ ૮॥ વાગે મંડપમાં સમયસર પહોંચી જાય છે.

૧૦૦ ખમાસમણા આપતા ૨૫... ૨૫... ખમાસણાની વચમાં પૂજ્યશ્રી સૂત્રના રહસ્યો સુંદર રીતે સમજાવે છે. શ્રોતાઓને લાગે છે કે જિંદગીમાં નવું જ જાણવા મળે છે. સાંભળતા મંત્રમુગ્ધ થઈ જાય છે. વ્યાખ્યાનમાં પણ ઉપદેશમાળા અને સુરસુંદરી ચરિત્ર પરના પૂજ્યશ્રીના સંવેગ વૈરાગ્યભરી વાણી સાંભળી આરાધકોના ઉલ્લાસમાં અનેરો વધારો થવા પામે છે.

પૂ.પાદશ્રીની સંવેગ વૈરાગ્ય નિતરતી વાણી સાંભળવા આરાધકોની સાથે સાથે જ મદ્રાસ નગરથી ૧૫ કિ.મી. દૂર કેશરવાડીમાં ભાવિકો વાહનથી દોડી આવે છે. એ વાણીના ધોધથી પ્લાવિત થઈ. ખીલતી યુવાનીવાળા ૧૨ મુમુક્ષુ યુવાન-યુવતીઓ યાવજ્જીવનું ચતુર્થવ્રત લેવા તૈયાર થયા. માગશર વદ-૧૧ શનિવાર શ્રી પાર્શ્વનાથ દીક્ષા શુભ દિને નાણ સમક્ષ ચતુર્વિધ સંઘની હાજરીમાં અતિ ઉલ્લાસ પૂર્વક પૂ. પાદશ્રીના સ્વમુખે વ્રત ઉચ્ચરી પોતાના અર્ધ સંસારને તિલાંજલી આપી દીધી. આવી નવયૌવનવયમાં સંસારભોગનો ત્યાગ કરવા ઉલ્લસિત થતા ભવ્યોની રચનાત્મક અનુમોદનાનો લાભ લેવા અનેક આરાધકો થનગની ઉઠ્યા અને મંડપમાં જ દરેક બ્રહ્મવ્રત ઉચ્ચરનારને પહેરામણી માટેની ઉલ્લાસપૂર્વક સ્વતઃ જાહેરાત સભામાં થવા લાગી પ્રત્યેક વ્રતધારીને પ્રાયઃ રૂા. ૧૧૦૦-૧૨૦૦ ની પ્રભાવના/પહેરામણી થઈ.

નાસિકની બાળબ્રહ્મચારીણી મુમુક્ષુ કિરણબેનની ભાગવતી દીક્ષા માટે એના કલ્યાણ પિતાએ મુહૂર્ત માગતા પૂ.પાદશ્રીએ મહા વદ-૫ તા.૧૪-૨-૯૦નું મુહૂર્ત આપેલ છે. દીક્ષા સાધ્વી શ્રી અનંતકીર્તિશ્રીજીની પાસે મદ્રાસ મુકામે પૂ.પાદશ્રીના વરદ હસ્તે થવાનું નક્કી થતા મદ્રાસમાં સર્વત્ર આનંદ પ્રસર્યો છે.

પૂજ્યશ્રીજી ૭૯ વર્ષની જૈફ ઉંમરે પણ ૨૫૦ ઉપરાંત ઉપધાનતપ આરાધકોને આરાધનામાં પ્રાણ પૂરી રહ્યા છે. પૂ. મુનિરાજશ્રી વરબોધિવિજય મ.શ્રીની વર્ધમાન આયંબિલની ૮૧મી ઓળીના પારણા પ્રસંગે ભાવિકોએ ઉછામણી બોલતા પાંચ પારણા વહોરાવવાની ૬૦ હજાર ઉપર બેસણાની ઉછામણી થઈ. પારણા પ્રસંગ ઉલ્લાસમય રીતે પૂર્ણ થયો.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૧૭,તા.૨૦-૧-૧૯૯૦

● **મદ્રાસ : કેશરવાડી તીર્થ :** અહીં પરમપૂજ્ય વર્ધમાનતપોનિધિ શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન



નિશ્રામાં ૨૫૧ આરાધકો ઉપધાનતપની ઉત્સાહપૂર્વક આરાધના કરી રહ્યા છે. પૂજ્યશ્રીના સંવેગ-વૈરાગ્યમય પ્રવચનના કારણે આરાધકો અનેકવિધ અભિગ્રહ લઈ જીવન ધન્ય બનાવી રહ્યા છે.

પૂજ્યશ્રીજીએ વ્યાખ્યાનમાં ૧૨ વ્રતની સુંદર અને વિશદ્ સમજ આપી. આરાધકોએ વિનંતી કરી કે સાહેબ અમને ૧૨ વ્રત ઉચ્ચરવાની ભવ્ય ક્રિયા નાણસમક્ષ કરાવો. જેમાં લગભગ ૨૨૦ જેટલા આરાધકોએ વિધિપૂર્વક ૧૨ વ્રત ગ્રહણ કર્યાં. આ વખતે વાતાવરણમાં આનંદ આનંદ છવાઈ ગયો હતો. ૧૨ વ્રત ગ્રહણની સાથે નાણસમક્ષ ચતુર્થવ્રત, રોહિણીતપ, ૫૦૦ આયંબિલ, ૧૦૮ શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાનના અટ્ઠમ આદિ અનેકવિધ ત્યાગ-વ્રતના નિયમો પણ લેવાયા હતા.

અહીં પોષ સુદ-૧૦ ને શનિવારના શુભ દિવસે સવારે વ્યાખ્યાનમાં અમદાવાદ-સાબરમતી નિવાસી દીક્ષાર્થી શ્રી કલ્પેશકુમાર ભવરલાલજી પોરવાલ (૧૭ વર્ષ)નું શ્રી મદ્રાસ જૈન સંઘ દ્વારા અપૂર્વ ઉલ્લાસની સાથે બહુમાન થયું. મુમુક્ષુ કલ્પેશકુમારે પાંચ વર્ષ તપોવનમાં રહી સુંદર અભ્યાસ કર્યો છે. મુમુક્ષુને સતત ૧૦ મિનિટ સુધી ભાષણ કરીને સભાને દિંગ કરી દીધી હતી. બધાની આંખોમાં મુમુક્ષુના ત્યાગને બિરદાવતા હરખના આંસુ હતા. પૂજ્યશ્રીજીએ મુમુક્ષુને ઉદ્દેશીને અંતર્મુખ બનવા વિશે સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. મુમુક્ષુની દીક્ષા ફા. સુદ-૫ ગુરુવાર ૫-૩-૯૦ના દિવસે સાબરમતીમાં થશે. અહીં ઉપધાનના તપસ્વીઓ દ્વારા શ્રી અષ્ટાપદ પૂજા રાખવામાં આવી હતી. અષ્ટાપદ પૂજા પ્રભાવક પૂજ્યશ્રીજીએ પૂજામાં સુંદર વિવેચન-વ્યાખ્યાન કરી શ્રોતાઓ સમક્ષ શ્રી ઋષભદેવ ભગવાનનો ઈતિહાસ. અષ્ટાપદજી તીર્થરક્ષા પર ૬૦ હજાર સગરપુત્રોનું બલિદાન આદિનું આબેહૂબ વર્ણન કર્યું હતું.

નવા તૈયાર કરાવાયેલા શ્રી અષ્ટાપદજી તીર્થના વિશાળ રેગ્જીન બેનર તથા પૂજ્યશ્રીજીની પૂજા વિવેચનની છટાના કારણે શ્રોતાઓએ પ્રાચીન કાળનો સાક્ષાત્ અનુભવ કર્યો હતો.

● **કોરેગાંવ (સતારા-મહા.) :** પ.પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય જયશેખરસૂરીશ્વરજી મ. આદિઠાણાની નિશ્રામાં અત્રે જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ જ ભવ્ય ઉજવાયો. સામુદાયિક આરતીનો કાર્યક્રમ ઘણો સુંદર થયો. એક કલાક એનો ઘોષ ગાજયા. આ અંગેની ઘીની બોલી પણ ખૂબ સુંદર થઈ. પૂજયશ્રી અત્રેથી કરાડ થઈ જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગે વીટા પધારશે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૧૮,તા.૨૭-૧-૧૯૯૦

પૂનાથી શત્રુંજયતીર્થનો છ'રી' પાળતો શ્રી સંઘ પૂ.પં. શ્રી ધનેશ્વરવિજયજી ગણિવર મ. તથા મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી ગણિવર મ. આદિઠાણાની નિશ્રામાં શત્રુંજય તીર્થ તરફ ઉલ્લાસમય રીતે આગળ વધી રહ્યો છે. હવે તીર્થાધિરાજ ખૂબ નજીકમાં આવ્યા હોવાથી યાત્રિકોનો આનંદ વધતો ચાલ્યો છે. પોષ સુદ-૧૨ ના રોજ વર્ધમાન તપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ચારિત્રજીવનના ૫૬માં વર્ષ પ્રવેશ નિમિત્તે શ્રી સંઘમાં ૧૧૨ આયંબિલ-ઉપવાસની તપસ્યા, શ્રી જિનેન્દ્રપૂજા, પૂ.પાદશ્રીના વ્યાખ્યાનમાં ગુણાનુવાદ - દરેક યાત્રિકોને રૂા. ૫૬/- છપ્પનની પ્રભાવના વગેરે થયા.

● **સુરતથી પાલિતાણા :** પ.પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી ગણિવર્ય શ્રી વિદ્યાનંદવિજયજી મ. તથા નૂતન ગણિવર્ય શ્રી હેમરત્નવિજયજી મ. શ્રીની નિશ્રામાં સુરતથી શ્રી સિદ્ધાચલજીનો છ'રી' પાલિત સંઘ શત્રુંજય સાનિધ્યમાં પહોંચી ગયો છે. આ અંગેની આમંત્રણ પત્રિકામાં જણાવાયું છે કે મુનિરાજશ્રી હેમરત્નવિજયજીના ગણિપદપ્રદાન મહોત્સવમાં અમોને અમારી જિંદગીમાં ન જોયેલ દશ્યો જોવા મળ્યા. પોતપોતાના હાથમાં દીવડાઓ લઈને હાજર થયેલી ત્રીશ-ત્રીશ હજાર માનવોની મેદનીએ ઉતારેલ પરમાત્માની આરતી, મહાપૂજાનું વિરલ યાદગાર અને ઐતિહાસિક દર્શન પદ પ્રદાન સમારોહમાં ઉભરાયેલ વિરાટ જનમેદની, શ્રી સંઘની ૪૦૦ ઉપરાંત બહેનોએ પોતાની કલાનો કસબ વાપરીને તૈયાર કરેલ મંત્રાધિરાજશ્રી નવકારની વિવિધ રચનાઓ અને અવનવા આઈડીયાથી સજાવેલ પરમાત્માની આરતીઓનું એક નયનાભિરામ દર્શન અને અંતે ચાતુર્માસ પરિવર્તનના શુભ દિવસે પૂ. નૂતન ગણિવર્યશ્રીએ સુરત બેઠાં બેઠાં પણ ગિરિરાજની ભાવયાત્રા એવી કરાવી કે સૌના હૈયામાં યાત્રાનો આનંદ હિલોળા લેવા લાગ્યો અને એ પછીથી સાક્ષાત્ યાત્રા કરવા કરાવવાનો નિર્ણય લેવાયો.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૧૯,તા.૩-૨-૧૯૯૦

● **કેશરવાડી તીર્થ (મદ્રાસ) :** પોષ સુદ-૧૨ તા.૮-૧-૯૦ના શુભ દિવસે



પરમાધ્યપાદ વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબને ૫૬મા દીક્ષા દિવસમાં પ્રવેશ નિમિત્તે ગુણાનુવાદનો સુંદર કાર્યક્રમ સિદ્ધાંત દિવાકર પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબની પાવન નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો. પૂજ્ય આચાર્યશ્રી તથા અન્ય મુનિવરો દ્વારા પ્રસંગોચિત ભાવવાહી ગુણાનુવાદ થયા. આ પ્રસંગે ૧૧ સંઘપૂજન તથા ગુરુપૂજન અને કામળી વહોરાવવાની બોલીઓ અતિસુંદર થવા પામી.

પૂજ્યપાદશ્રીજી મહારાજ સાહેબ પોતાના દીક્ષા દિવસ નિમિત્ત વાચના આપતાં ક્યાં અને કેવા આપણાં પૂર્વના મહાપુરુષો ? એમ કહી પૂજ્યપાદ દાનસૂરીશ્વરજી મ. સાહેબ તથા પૂજ્યપાદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના ગુણાનુવાદ કરતાં કરતાં ગદ્ગદ બની ગયા હતા. પૂજ્યશ્રીએ વાંચનામાં પૂર્વ પુરુષોનો ધડો લઈ તપ-ત્યાગ-સંયમ વધારવાની સુંદર પ્રેરણા કરી હતી.

આ નિમિત્ત મંદિરમાં ભવ્ય અંગરચના, બપોરે શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવાઈ હતી આખો દિવસ પૂરા ઉત્સાહ અને આનંદથી પૂર્ણ થયો હતો. ઉપધાન તપસ્વીઓએ પત્રો લખી પૂજ્યશ્રીનું દીર્ઘાયુષ્ય માગ્યું હતું અને તપત્યાગના વિવિધ નિયમો લીધા હતા.

કોલ્હાપુરના બાળબ્રહ્મચારી યુવાન અનિલ પોપટલાલ શાહ અને નાસિકના બાળબ્રહ્મચારી યુવતી કિરણબેનની મહા વદ-૫ તા.૧૪-૨-૯૦ના દિને દીક્ષા પ્રસંગ ખૂબ શાસન પ્રભાવનાપૂર્વક ઉજવવા શ્રી સંઘમાં ભારે ઉલ્લાસ છે.

શેઠશ્રી પૂનમચંદજી માંગીલાલ કટારિયા તરફથી એગમોર મદ્રાસ મુકામે સુંદર મંદિર નિર્માણ થઈ રહ્યું છે. પોતાના આંગણે જ અંજનશલાકા પ્રસંગ કરવાના એમના મનોરથ થતાં એમણે પૂ. પાદશ્રીને વિનંતી કરતા એ વિનંતી સ્વીકારવામાં આવી છે. એ મુજબ એગમોર-મદ્રાસ ખાતે પૂ.પાદશ્રીના હસ્તે વૈશાખ સુદ-૫/૬ તા.૨૯-૪-૯૦ અને ૩૦-૪-૯૦ પ્રતિષ્ઠા-અંજનશલાકા પ્રસંગ ભવ્યતાથી ઉજવવાનું નક્કી થતાં અત્રે આનંદ વ્યાપ્યો છે.

● **ઔરંગાબાદ :** વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની આજ્ઞાથી અત્રે પૂ. મુનિરાજશ્રી નંદિઘોષવિજય મ. તથા મુનિરાજશ્રી કીર્તિરત્નવિજય મ. ની શુભ નિશ્રામાં ચાતુર્માસમાં અને પછીથી આરાધનાઓ ખૂબ પ્રભાવક અને અનુમોદનીય થઈ. બંને મુનિવરોના વૈરાગ્યગર્ભિત પ્રવચનો, તપશ્ચર્યા, જિનભક્તિ-મહોત્સવ ખૂબ સુંદર થયા પર્યુષણમાં આઠે દિવસ ટી.વી. ના સંપૂર્ણ ત્યાગનો ૩૫૦ ભાઈ બહેનોનો નિયમ, દિવાળીના દિવસે શુદ્ધ

ઘીના ૧૦૦૮ દીવાથી મંદિરમાં રોશની, રાત્રિ-જાગરણ, ભક્તિ ભાવના, યુવાનોની સામુહિક પૂજા, સામુહિક આરતી, ૧૦ વર્ષથી માંડી ૮૪ વર્ષના આરાધકો દ્વારા ઉપધાનની આરાધના, ઉપાશ્રયનિર્માણ આયોજન વગેરે નોંધપાત્ર રહ્યા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૨૧,તા.૧૭-૨-૧૯૯૦

## મદ્રાસમાં ઉપધાનવાહીઓનાં અદ્‌ભુત અભિનંદન

અત્રે પુડલતીર્થ કેશરવાડીમાં મહા સુદ-૨ સવારે સ્વ. પૂ. પરમગુરુદેવ શ્રી આચાર્યદેવશ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. ની સ્વર્ગવાસ તિથિ હોઈ પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વજી મહારાજે એઓશ્રીના પ્રબળ વૈરાગ્ય, વિશુદ્ધ સંયમપાલન, આગમરહસ્યવેદિતા, ઉપરાંત સંયમ ક્રિયોદ્ધાર નિખાલસતા, વિશાલ શ્રમણ સમુદાયનું યથાર્થ નેતૃત્વ વગેરે વગેરે ગુણાનુવાદ એવા કર્યા કે સાધુ-સાધ્વીજી મહારાજો સ્તબ્ધ અને ગદ્‌ગદ થઈ ગયા. ત્યારબાદ અત્રે ૨૫૦ જણના ચાલી રહેલા ઉપધાનના મહા સુદ-૩ માળારોપણનો પંચાહ્નિકા મહોત્સવ મંડાયો હતો. પૂજા ભાવનામાં ઊંઝા (ગુજરાત)થી આવેલ સંગીતકાર નરેશકુમારની મંડલી પૂજા ભણાવવામાં ભક્તિસંગીતની રમઝટ મચાવતી. મહોત્સવના ઉપક્રમે શ્રી વર્ધમાન તત્ત્વજ્ઞાન કેન્દ્ર સંચાલિત પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ તૈયાર કરેલ જૈનભૂગોળ, જીવવિજ્ઞાન વગેરેના રંગબેરંગી તત્ત્વચાર્ટો, નવકારમંત્રની કમળબદ્ધ અદ્‌ભુત રંગોળી, તેમજ ઉપધાન દરમ્યાન ૨૫-૨૫ ખમાસમણાઓનો અંતરાલમાં અપાતા સૂત્રરહસ્ય જ્ઞાન પૈકીના પેન્ટરે તૈયાર કરેલ પંચપરમેષ્ઠિ જગચિંતામણિ તથા નમુત્થુણંના મલ્ટીકલર અદ્‌ભુત ચિત્રો તેમજ પાર્શ્વપ્રભુના મોટા ધાતુબિંબની ફણામાંથી પ્રભુને સતત ચાલુ પક્ષાલનું મનોરમ્ય દશ્ય વગેરેનું ઉદ્યાપન ગોઠવવામાં આવેલું એનું શેઠ સરેમલજી હુબલીવાળાના હસ્તે ઉદ્‌ઘાટન થયું...

આ નિમિત્તે મદ્રાસ શહેરમાં આરાધનાભવનમાં પણ ૧૮ જરિયાન છોડ તથા જ્ઞાન-દર્શન-ચારિત્રના કિંમતી ઉપકરણોનું ઉજમણું પણ ગોઠવવામાં આવેલું...

આ પ્રસંગે એસ. દરવાજે એન્ડ કાું. તરફથી નવનિર્મિત ગરમ પાણીના કક્ષનું શેઠ માણેકચંદ બેતાલાના હસ્તે સવારે સુંદર ઉદ્‌ઘાટન થયું. સાથે તીર્થમાં નવી બંધાયેલ ચાર રૂમ તથા બે મોટા રૂમ પર નામ લખાવવાના ચડાવા ખૂબ સુંદર થયા.

આજ મહા સુદ-૨ નો કેવોક મહાન મંગલ દિવસ કે ઉપરોક્ત ધન્ય પ્રસંગો



ઉજવાયા બાદ માળારોપણનો બે રથ સાથે ભવ્ય વરઘોડો ચડ્યો એમાં ઉપધાનવાહી બાળરાજા રૂપેશકુમાર કોટ-પેન્ટ-સાફા સાથે ઘોડા પર સવારી કરતા સૌનું ખાસ ધ્યાન ખેંચી રહ્યા હતા.

આજે અતિ મહત્ત્વનો પ્રસંગ તો માલાની બોલીઓનો બપોરે શરૂ થયો. શહેર અને બહારગામથી ૮૦૦૦ ઉપર ભાવિકો હાજર થયેલા. પૂ. આચાર્યદેવશ્રીના વરદ માંગલિક બાદ બોલીઓ શરૂ થઈ, લોકોના આશ્ચર્ય વચ્ચે બોલીના આંક કલ્પના વટાવી ગયા. તે પણ માત્ર પહેલી ૩-૪ માળામાં નહીં કિન્તુ ૧૫-૨૦ માળા સુધી ચાલ્યું. સંઘ આગેવાન શેઠ પુખરાજજીનો તો હરખ જ માતો નહોતો. સૌને લાગતું કે બોલી પ્રસંગ કેમ જાણે એક સ્વપ્ન બની રહ્યું છે. સૌને જમણ અપાયું હતું.

મહા સુદ-૩ આજે માલારોપણનો ઉપધાનવાહીઓ માટે જીવનમાં પહેલો-છેલ્લો પ્રસંગ હોઈ તે પણ ઉપધાનમાળા પહેરવી એટલે મોક્ષ સુંદરી સાથે પાણી ગ્રહણ કરવાની માળા પહેરવી સવારે ૯ વાગે ક્રિયા શરૂ થઈ. પૂ. ગણિવર્ય શ્રી જયસોમવિજયજી મહારાજે કે જેમણે સમગ્ર ઉપધાનના દિવસોમાં ઉપધાનની ક્રિયા કરાવેલ એ આજે પણ પૂ. આચાર્યદેવની નિશ્રામાં બુલંદ અવાજે માલારોપણની ક્રિયા કરાવી રહ્યાં હતાં. બરાબર ૧૦-૫ મિનિટે પહેલી માળાનું આરોપણ થયું. પછી મહાન સુકૃત કરનારાઓનું બહુમાન થયું. જેમાં ઉપધાનની કુલ ૧૭-૧૮ નીવીઓનો એકલાએ જ લાભ લીધેલ તે શેઠશ્રી હસ્તીમલજી બેંગાણી વગેરે સખી ગૃહસ્થો હતા.

બોલી પછી ત્રણે ઉપધાન વહન કરી ચૂકેલ તથા બે વાર સિદ્ધિતપ વગેરે કેટલીય તપસ્યા કરનાર મુમુક્ષુ મહાન શ્રાવક શ્રી ત્રિલોકચંદજીની પોતાની દીક્ષાનું મુહૂર્ત એમના સ્વજનોએ માંગ્યું. જે ચાલુ સાલના વૈશાખ સુદ-૬ નું આપવામાં આવ્યું. જે દિવસ એગ્મોરમાં પ્રતિષ્ઠા કરવાનો ધન્ય દિવસ આવે છે. અહીં એમનું વિશાલ કુટુંબ હાજર હતું. પ્રમુખજીએ સન્માન કરતાં કહ્યું આપણા મદ્રાસમાં મદ્રાસની વતનીની દીક્ષા આ પહેલી નક્કી થાય છે.

એ પછી બીજી માળાઓનાં આરોપણની વિધિ ભવ્ય રીતે ઉજવાઈ. આમ ઉપધાનવાહીઓના અદ્‌ભુત અભિનંદનની પાછળ જે મહાન તપશ્ચરણ અને જ્ઞાનોપાસના કામ કરી ગયાં.

● **કોલ્હાપુર** : અત્રેના બાજુના ગામ શીરોલીમાં પૂના-બેંગ્લોર હાઈવેની બાજુમાં સાંગલી રોડ પર કોલ્હાપુર જૈન શ્વે. મૂર્તિપૂજક શ્રી સંઘની વર્ષોથી એક તીર્થ સ્વરૂપ નૂતન ભવ્ય જિનાલય તેમજ આરાધનાભવન નિર્માણ કરવાની ભાવના હતી. એના ફળ-સ્વરૂપ આ જગા પર ૫૧ ઈંચના નયનરમ્ય શ્રી સીમંધરસ્વામી ભગવાનની પ્રતિમાજી બિરાજમાન કરવા માટે ખનનવિધિ આદિની ઉછામણી શ્રી સૂરિમંત્ર પંચ પ્રસ્થાન આરાધક પૂ.આ. ભગવંત શ્રીમદ્ વિજય જયશેખરસૂરીશ્વરજી મ.આદિની નિશ્રામાં થતા ખૂબ જ સારી બોલીઓ થઈ. શ્રી સીમંધરસ્વામીના વિધિપૂર્વક ૧૦૮ અઠ્ઠમની તપસ્યા થઈ. અત્રેના રાજ્યમાન શેઠશ્રી પોપટભાઈ શાહના યુવાન મુમુક્ષુ સુપાત્ર અનિલભાઈની દીક્ષાનો વરઘોડો શાસનપ્રભાવક બન્યો.

● **ભુજ** : તા. ૧૩-૨-૯૦ ભચાઉ તાલુકાના લાકડીયા ગામ નજીક ગઈ કાલે સાંજે રેલવેના પાટા ઓળંગતા જૈનમુનિશ્રીનું ટ્રેનની હડફેટ આવી જતાં ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નિપજ્યું હતું.

આ અરેરાટી ભરી ઘટનાની વિગતો આપતા વાગડના જૈન સમાજના અગ્રણી શ્રી એ.ડી. મહેતાએ જણાવ્યું હતું કે ગઈકાલે સાંજે ૫-૩૦ વાગ્યાના સુમારે શ્રી રાજસુંદરવિજયજી નામના ૩૨ વર્ષની વયના યુવાન જૈનમુનિ રેલવે લાઈન પાસેની ઝાડીમાં કુદરતી હાજતે ગયા હતા. ત્યાંથી પાછા વળતાં રેલવે લાઈનનાં વળાંક પાસે પાટા ઓળંગતા હતા ત્યારે ત્યાંથી અચાનક ટ્રેન પસાર થતાં ટ્રેનની હડફેટમાં આવી ગયા હતા અને ટ્રેનનાં પૈડાં હેઠળ કચડાઈ જતાં એજ વખતે તેમનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં જૈન સમાજમાં ભારે અરેરાટી ફેલાઈ હતી અને બહોળી સંખ્યામાં કચ્છના જુદા જુદા સ્થળોથી જૈન ભાઈઓ લાકડીઆ આવી પહોંચ્યા હતા અને સદ્ગત જૈન મુનિશ્રીની સ્મશાનયાત્રા કાઢી એમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

● **ભાયંદર** : અત્રે દેવચંદનગરમાં પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ.આ.રાજેન્દ્રસૂરિજી મ.ના નાલાસોપારામાં શ્રી આત્મવલ્લભ સમાજ ટ્રસ્ટના વિશાળ હોલમાં રોજના ત્રણ પ્રવચનોમાં સેંકડો ભાઈ-બહેનોએ લાભ લીધો. અગાશીતીર્થની ચૈત્યપરિપાટી થઈ. ત્યાંથી ભાયંદર પધારતાં સંઘમાં ઘણો ઉલ્લાસ પ્રગટ્યો જેમાં પદ્ગલ વોસિરાવવાની વિધિ પહેલીવાર થતાં નાણસમક્ષ સેંકડો ભાઈબહેનોએ ભવોભવના પુદ્ગલ વોસિરાવ્યા, કેટલાકોએ વ્રત-નિયમ-તપ ઉચ્ચાર્યા. તેમાં વળી પૂજ્યશ્રીના શિષ્ય મુનિ ધર્મયશવિજયજીને ૬૬મી ઓળીમાં અઠ્ઠમ કરેલ આ તપની અનુમોદના નિમિત્તે અનેક ભાઈ-બહેનોએ વિવિધ આરાધનાના સંકલ્પ કર્યાં. જેમાં બધાનો સરવાળો, ૫૧ હજાર સામાયિક, ૨૨૦૨ આયંબિલ, ૨૭૩૩ બેસણાં, ૯૮૮ એકાસણા, ૧૬૫૧ બાંધી નવકારવાળી. રાત્રિભોજન ત્યાગમાં જોડાઈ સુકૃત લાભ લીધો. સંઘપૂજન પ્રભાવનાદિ થયા. જયણા માટે પૂંજણીની પ્રભાવના થઈ. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય બાવન જિનાલય થયેલ છે. જિનવાણી શ્રવણનો સંઘને ખૂબ ખૂબ રસ રહ્યો. પાઠશાળાના બાળકો માટે રોજની પ્રભાવનાના દિવસો નોંધાયા. દર રવિવારે વર્ધમાન સંસ્કૃતિ ધામના ઉપક્રમે ૫૫૦ બાળકો સમૂહ સામાયિક કરે છે. સુભાષભાઈ માલદે બાળકોનું સુંદર શૈલીમાં શિક્ષણ સંસ્કરણ કરે છે. ભાવિકો પ્રભાવના કરે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૨૪,તા.૧૦-૩-૧૯૯૦

● **દાદર** : દાદર દામજી પદમશી જૈન પાઠશાળાની સુવર્ણ મહોત્સવની ઉજવણી દાદર આરાધના ભવન જૈન સંઘ તરફથી પૂ.આ.વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ના આશીર્વાદથી પૂ.આ.શ્રી વિજય રાજેન્દ્રસૂરિ મ.સા. તથા પૂ.આ.શ્રી વિજય હેમચંદ્રસૂરિ મ.સા.ના શિષ્ય મુનિશ્રી અક્ષયબોધિ વિ. મહાબોધિ વિ. આદિની નિશ્રામાં ભવ્ય રીતે થઈ. એમાં બાળકોની સૂત્રશુદ્ધિ, આંગી, આરતી, નિબંધ, વક્તૃત્વની સ્પર્ધા થઈ તથા તીર્થરક્ષાની પ્રેરણા આપતું 'અજયપાળ અને રામલો બારોટ'નું નાટક થયું. પાઠશાળાની બાલિકાઓએ સંવાદ-નાટક ભજવ્યા. બાળકોના દાંડિયારાસ વગેરે કાર્યક્રમો થયા. ધાર્મિક શિક્ષક શ્રી મહેન્દ્રભાઈનું સુંદર બહુમાન થયું તથા નિઃસ્પૃહ સેવા આપનાર કુમુદબેનનું મોના સુરમ્ય ચાંદીના રથની તથા સર્વે બાલ-કલાકારોનું સારું બહુમાન કરાયું.

આ પ્રસંગે સુવર્ણ મહોત્સવના સુવેનીયરનું ઉદ્ઘાટન વિશેષ દાતા, દાનવીર શ્રી હેમરાજભાઈ વેરસી ગુઢકાના શુભ હસ્તે થયું, જેમાં અનેક પૂજ્યોનાં મનનીય લેખો છે. સુવેનીયરમાં અનેક ભાઈઓએ પોતાનો સુંદર ફાળો આપ્યો જેનાથી આ ભવ્ય સુકૃત થયું. એન્ટોનીયા સ્કૂલના વિશાળ હોલમાં દેવાધિદેવ પરમાત્માના ચ્યવન અને જન્મ-કલ્યાણકની યાદી અપાવે તેવી ભવ્ય સ્નાત્ર મહોત્સવની ઉજવણી પાંચ કલાક થઈ. તેમાં શ્રી લલિતભાઈ ધામી, ધર્મેન્દ્રભાઈ વગેરેએ લોકોને પ્રભુભક્તિની હેલીમાં તરબોળ કર્યાં.

● મહા વદ-૮ ને રવિવારના મુંબઈના ધાર્મિક શિક્ષકોનું બહુમાન તથા પાઠશાળાના બાળકોનાં બહુમાનનો સમારોહ પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા. તથા પૂ. પ્રવર્તક મુનિશ્રી હરીશભદ્ર વિ.મ.સા.ની નિશ્રામાં ઉજવાયો. જીવનમાં ધર્મને પ્રધાન બનાવવા જ્ઞાનની નાનપણથી જરૂર છે; ધન તો ભાગ્ય મુજબ મળનારી ચીજ છે. ધનના નિમિત્તે કલેશ, વૈર-ઝેર, ભવની પરંપરા ઉપર શૂર અને સોમનું ઉદાહરણ હૃદયસ્પર્શી બન્યું. પૂ.પ્ર.હરીશભદ્ર વિ.મ.શ્રીએ ચિત્તની ચચળતા કેમ રહે છે તથા તેને સ્થિર કરવા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ-સ્વાધ્યાય જરૂરી છે, તે સમજાવ્યું. શ્રી ચીમનભાઈ પાલીતાણાકરે મુંબઈમાં ચાલતી પાઠશાળાઓની હકીકત સમજાવી, જેમાં પૂ. ગુરુભગવંતના મળેલા આશીર્વાદથી વિકટ કાળમાં પણ ૧૫૦ જેટલી પાઠશાળાઓ ચાલી રહી છે. દાદરના શ્રી સંઘે તે સર્વે શિક્ષકોને આ પ્રસંગે આમંત્રીને સુવર્ણ મહોત્સવ સમિતિ તરફથી દરેકને સન્માન તથા હાલમાં વાલકેશ્વર રહેતા દમણવાળા ડૉ. સતીશ કે. શાહ હસ્તકે ઉદ્ઘાટન થયેલ ગ્રંથ 'આવો બાળકો વાર્તા કહું.' લેખક મુનિચંદ્રવિજયજી મ. તેમના તરફથી સર્વે શિક્ષકોને અપાયું. કર્મગ્રંથ ભાગ ૧-૨-૩ નું વિવેચન પં. ભગવાનદાસનું (રજી આવૃત્તિ) ડૉ. યુ.પી. દેઢિયાના શુભ હસ્તે પ્રકાશિત થયું વધારામાં જૈન ધા. શિક્ષકોએ રૂા. ૧૦૮/- ના પુસ્તકો, ઉપકરણ થેલી સાથે અપાયા. પાઠશાળાના ૧૫૦ બાળકોને વિવિધ હરિફાઈના વિવિધ ઈનામો-પુસ્તક-થેલી રોકડ સાથે ૧૯ હજારના અપાયા. શ્રીપતભાઈ, પ્રો. નવીનભાઈ, નાનુભાઈ, જેઠાભાઈ, કુમારભાઈ, નવીનભાઈ શેઠ વગેરે અનેક ભાઈ-બહેનોએ રાત-દિવસ સેવા આપી દરેક પ્રસંગોને અનુમોદનીય બનાવ્યા છે.

● **ભાવનગર :** પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્યરત્ન પૂ.આચાર્યશ્રી ગુણરત્નસૂરિવર મ.ની નિશ્રામાં યુવતી દક્ષાબેનની દીક્ષા પ્રસંગ સુંદર ઉજવાયો. પૂજ્યશ્રીની અત્રે સ્થિરતા દરમ્યાન જુદા જુદા ઉપાશ્રયે વ્યાખ્યાનોમાં લોકોની હાજરી ઘણી સારી રહી. વિદ્યાર્થી સંમેલન, યુવા સંમેલનથી સારી જાગૃતિ આવી.

● **લોણંદ (મહારાષ્ટ્ર) :** પૂ.પાદ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજય મ., પૂ.મુનિવર શ્રી વિશ્વમંગળવિજય મ. ની નિશ્રામાં અત્રે પ્રતિષ્ઠા પ્રસંગ પર શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ સુંદર ઉજવાયો. ભવ્ય રથયાત્રાનો વરઘોડો. પ્રસંગ પર સ્થાનકવાસી, દિગંબરોની ઉપસ્થિતિ, અનેરી ઉછામણી, ખૂબ સારી બોલી દ્વારા મહારાષ્ટ્રીયન-ઈતરભાઈ દ્વારા મંગળ દીવાનો લાભ. વગેરે શાસન પ્રભાવક-ધર્મ પ્રભાવક બન્યા.



બંને મુનિવરોની નિશ્રામાં વાફગામમાં પણ જિનમંદિર જિર્ણોદ્ધાર માટે સુંદર ટીપ થઈ. શીલાન્યાસ પ્રસંગ ખૂબ રૂડી રીતે ઉજવાયો.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૨૫,તા.૩૧-૩-૧૯૯૦

● **પીઠાપુરમ્ (એ.પી.) :** જૈનોના માત્ર બાર ઘરનું આ ગામ છે. અત્રે સુંદર મનોનયનરમ્ય જિનમંદિર શ્રી સંઘે બનાવ્યું. એમાં શ્રી શીતળનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવવાની ભાવનાથી શ્રી સંઘે વિનંતી કરતાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ., શ્રી અજિતશેખરવિજય મ. અને શ્રી વિમળબોધિ વિજય મ. આદિને પ્રસંગ સાચવવા અનુમતિ આપી. એઓ પૂ.ની નિશ્રામાં પ્રતિષ્ઠા પ્રસંગ અને તન્નિમિત્તક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ સુંદર રીતે શાસન-ધર્મ પ્રભાવનાપૂર્વક ઉજવાયો. ચડાવાની રકમ સારી બોલાયી.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૨૬,તા.૧૪-૪-૧૯૯૦

● **દાદર (મુંબઈ) :** પૂ. સ્થવીર સ્વ. મુનિરાજશ્રી નંદિવર્ધન વિજય મ. ના ૩૬ વર્ષના દીર્ઘ સંયમપર્યાયની અનુમોદના નિમિત્તે અત્રે પૂ. આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરિજી મ. તથા પૂ. આચાર્યશ્રી વિજય હેમચંદ્રસૂરિજી મ. આદિની નિશ્રામાં આરાધના ભવન દાદર સંઘ તરફથી શ્રી જિનેન્દ્ર ભક્તિસ્વરૂપ શ્રી લઘુશાંતિ સ્નાત્ર સહ પંચાહ્નિકા મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયો. ફાગણ સુદ-૮ ના રોજ સમૂહ સામાયિક ચોવિહાર અને પ્રતિક્રમણનો કાર્યક્રમ સુંદર રહ્યો...

● **શ્રી શંખેશ્વર મહાતીર્થ :** પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિવર મ. ની પાવન નિશ્રામાં શાહ હિરાચંદજી જેરૂપજી પાદરલીવાળા પરિવાર તરફથી ચૈત્રી ઓળીની આરાધના માટે આરાધકોને આમંત્રણ અપાયું છે. આ પ્રસંગે ચૈત્ર સુદ-૧૫ ના રોજ ભારતભરના દીક્ષાર્થીઓનો વરઘોડો અને બહુમાન થવાનું નક્કી થયું છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૩૨,તા.૨૬-૫-૧૯૯૦

● **વિક્રોલી (મુંબઈ) :** પૂ. આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આચાર્યશ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અત્રે શ્રી સંભવનાથ

જિનમંદિરમાં પ્રતિષ્ઠા પ્રસંગ અને તન્નિમિત્તક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયા. ઉછામણીનો ખૂબ સુંદર થઈ. આઠે દિવસ ત્રણે ટાઈમના રસોડામાં ઉદારતાપૂર્વકની સાધર્મિકભક્તિ લોકજીભે ચડી ગઈ.

● **તામીલનાડુ :** વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં

(૧) મદ્રાસ-એગમોર સોસાયટીમાં શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવાયા બાદ મદ્રાસ-મૈલાપુર બે માળીયા આલીશાન નૂતન જિનમંદિરની ખનનવિધિ શ્રી સંઘના અનેરા ઉત્સાહપૂર્વક ઠાઠથી થઈ. ખનન અને શીલાન્યાસની બોલીઓ રેકર્ડબ્રેક થઈ. શ્રી જિનમંદિર નિર્માણ જલ્દીથી પૂર્ણ થાય એ માટે શ્રી સંઘના અનેક ભાઈ-બહેનોએ પૂ.પાદશ્રીના મુખેથી વિવિધ ત્યાગ-તપના નિયમ લીધા.

(૨) પૂ.પાદશ્રી વિહાર કરીને રાણીપેટ પધાર્યા. પૂ.પાદશ્રીના સદુપદેશથી અહીં નૂતન જિનમંદિર નિર્માણ થઈ રહ્યું છે. પૂ.પાદશ્રી દ્વારા એગમોરમાં અંજનશલાકા કરાયેલ શ્રી સુમતિનાથ આદિ ત્રણ આરસના પ્રતિમાજીનો શાનદાર નગરપ્રવેશ-ચલપ્રતિષ્ઠા થયા. પ્રભુજીના નગરપ્રવેશ વખતે નગરમાં ગોળ-કેળા આદિ ગરીબોને આપવામાં આવ્યાં.

(૩) **કાંચીપુરમ્ :** પૂ. પાદશ્રીની આજ્ઞાથી પૂ. મુનિરાજશ્રી વરબોધિવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં અત્રે શ્રી પાર્શ્વનાથ જિનબિંબ આદિનો નગરપ્રવેશ-ગૃહમંદિર પ્રવેશ ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયો.

(૪) **ગુડિયાતમ્ :** અત્રે જિનમંદિર બનાવવાની શ્રી સંઘની ભાવના પૂ. પાદશ્રીના સદુપદેશથી જલ્દીથી સફળ બની. પૂ. મુનિરાજશ્રી જયસુંદર વિજય મ. આદિની શુભ નિશ્રામાં પ્રભુજીનો નગરપ્રવેશ બહુ જ ઠાઠથી થયો. પ્રભુજીના નગરપ્રવેશ વખતે હાથી વગેરેથી ખૂબ શાસન પ્રભાવના થઈ.

● **ગુરુડ :** પૂ. શ્રી કનકસુંદરવિજય મ. તથા પૂ. શ્રી પદ્માનંદવિજય મ.ની નિશ્રામાં નૂતન જિનાલયમાં જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૩૩/૩૪,તા.૨૬-૫-૧૯૯૦

● **મુલુન્ડ (મુંબઈ) :** ગચ્છાધિપતિ વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ની શુભ આજ્ઞાથી અત્રે પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરિજી મ.સા. તથા પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિજી મ. આદિઠાણાની શુભનિશ્રામાં એકાદશાહ્નિક શ્રી જિનભક્તિ મહોત્સવ સહ અંજનશલાકા, પ્રતિષ્ઠા પ્રસંગ ખૂબ સુંદર રીતે ઉજવાયો. લગભગ ૨૦૦ જેટલા શ્રી જિનબિંબો પર સુંદર રીતે વિધિ-વિધાન થયાનો અત્રેના શ્રી સંઘને ભારે આનંદ છે. ત્રણ નવકારશી અને એક સ્વામી વાત્સલ્યમાં સાધર્મિક ભક્તિ બહુ રૂડી રીતે થઈ, ૧૫૦૦૦ની સંખ્યા હતી. રાજદરબારનો પ્રસંગ દીક્ષા કલ્યાણકનો વરઘોડો વગેરે પ્રસંગો ઘણી જ સુંદર રીતે ઉજવાયા. ઘીના ચઢાવા પણ ખૂબ સારા થયા. કેવળજ્ઞાન-નિર્વાણ કલ્યાણકના વરઘોડામાં ઉપસ્થિતિ સારી રહી. ઘર દેરાસરમાં અને દેરાસરના ગભારાના ગોખલામાં પ્રતિષ્ઠા પણ સુંદર થયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૩૫,તા.૧૬-૬-૧૯૯૦

## દહાણુના સૂચિત નવા પશુક્તલખાનાનો

**વિદ્યાર્થીસંઘ દ્વારા વિરોધમાં સર્વે જીવદયા પ્રેમીઓને વિરોધ કરવા અપીલ છે.**

થાણા જિલ્લામાં દહાણુ રોડની પૂર્વમાં મેફકો કંપનીના નિર્માણ થનારા સંભવિત પશુકતલખાના બદલ વકીલ મોડલ હાઈસ્કૂલના માજી વિદ્યાર્થી સંઘે લાલ આંખ કરી તેનો જાહેરમાં વિરોધ કર્યો છે. કતલખાના વિરોધમાં એક જાહેર પત્રક પ્રગટ કરવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે દહાણુના લોકોની આંખની સામે જ હજારો મૂંગા પ્રાણીઓની કતલ કરવામાં આવશે. પ્રાણીઓના લોહી અને હાડકાથી અત્રેનું વાતાવરણ દુષિત થશે. આ દુર્ગંધથી લોકોની શહેર છોડી જવાની શક્યતાને પણ નકારી શકાય એવી નથી, આ પશુ-વિનાશ પ્રદૂષણ-રોગચાળો અટકાવવો હોય તો આપણે સૌએ એક થઈ આંદોલન કરવું પડે તો તે માટે પણ તૈયાર રહેવું પડશે.

કતલખાનાના વિરોધની પ્રાથમિક શરૂઆત રૂપે દરેક નાગરીકે જીલ્લા અધિકારી થાણાને તાર કે પત્ર દ્વારા તેનો વિરોધ દર્શાવવો જરૂરી છે. ધર્મ, નાત, જાત, ઊંચનીચ અને રાજકારણના ભેદભાવ વિસરી જઈ આ સંભવિત કતલખાના માટે એક થઈ અવાજ ઉઠાવવો જોઈએ, એવું પણ પત્રકનાં અંતમાં જણાવવામાં આવ્યું છે, અત્રે સંભવિત કતલખાનું નિર્માણ ન જ થવું જોઈએ એવો મૂળાગ્રહ ધરી મોડેલ સ્કૂલ માજી વિદ્યાર્થી સંઘના પદાધિકારીઓ કટિબદ્ધ થયા છે. સૌ જીવદયા પ્રેમી પોતાનો વિરોધ સત્વરે પાઠવે.

**થાણા જીલ્લા અધિકારી,** કલેક્ટર ઑફિસ, થાણા-મહારાષ્ટ્ર.

દયાની ભૂમિ આર્યદેશમાં દરેક ધર્મ અહિંસા-દયા-કરુણાની લાગણીથી સભર

છે. કોઈ જીવને બચાવવા પ્રાણનું બલિદાન નહીં આપી શકનારા એવા આપણને કોઈ જીવના પ્રાણ લેવાનો અધિકાર નથી. દરેક જીવને સુખ પ્રિય છે. જીવન પ્રિય છે. કોઈ જીવને દુઃખ કે મરણ પ્રિય નથી. અબોલ મૂંગા પ્રાણીઓ એ દેશનું ઉપયોગી પશુધન છે. આવા જીવંત પ્રાણીઓની રક્ષા કરવી એ દરેક નાગરિકનું કર્તવ્ય છે. લાખો જીવોને કાપી લોહીની નદી વહેવરાવનારા નવા કતલખાનાની યોજના જાણીને લાખો દયા પ્રેમીઓને આઘાત લાગેલ છે. લોક લાગણીને અને ભારતીય સંવિધાનને માન આપીને આ યોજના બંધ રાખવા નમ્ર વિનંતી છે.

તા.ક. આ નમુનાનો વિરોધપત્ર પાઠવવા ભલામણ છે.

• **ભીમાવરમ્ (એ.પી.) :** અત્રે પૂ. મુનિરાજો શ્રી દિવ્યરત્નવિજય મ., શ્રી અજિતશેખરવિજય મ., શ્રી વિમળબોધિવિજય મ. ની શુભ નિશ્રામાં સપ્ત દિવસીય જ્ઞાનશિબિર સુંદર રીતે સંપન્ન થઈ. સો ઉપરાંતના વિદ્યાર્થીઓએ જ્ઞાનામૃત પાન કર્યું. ધોળકાથી શિબિર સંચાલક કુમારપાળ વિ. શાહ આવેલા. મુનિવરો ઉપરાંત એમણે પણ ત્રણ કલાસ લીધા રાત્રિ કાર્યક્રમ અને શિબિર સંચાલન સુંદર કર્યું. વિદ્યાર્થીઓમાં નવલાખ નવકાર જાપ, સાત વ્યસન ત્યાગ, મા-બાપને પગે લાગવું. જિનેશ્વરપૂજા વગેરે નિયમો સુંદર લેવાયા. પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ ડિગ્રી કોર્સ જેવી તૈયારી કરેલી. પરિણામ સુંદર આવ્યા. વિદ્યાર્થીઓને ઈનામો સારા અપાયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૩૬,તા.૨૩-૬-૧૯૯૦

• **પાટણ** (ઉ.ગુ.) **:** અત્રે જિનેન્દ્રભક્તિની શાનદાર ઉજવણી બાદ વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના આજ્ઞાવર્તી પૂ. ગણિવર્ય શ્રી હેમરત્નવિજયજી મ. શ્રી આદિની શુભ નિશ્રામાં કોકા પાર્શ્વનાથ જિનાલયમાં સામુદાયિક આરતીના પ્રોગ્રામ પ્રસંગે સમગ્ર જિનાલય ખીચોખીચ મેદનીથી ઉભરાયું હતું. સીતમગર ગરમીથી સૌ પરસેવે નીતરી રહ્યા હતા. આરતી શરૂ થતાંની સાથે જ મૂશળધાર વરસાદ તૂટી પડ્યો; જેણે એક કલાક સુધી કોઈને ખસવા ન દીધા. પાટણના રાજમાર્ગો ઘુંટણ સમાન પાણીથી ઉભરાઈ ગયા. સર્વત્ર આ ચમત્કારની વાતો ગુંજવા લાગી. લોકોમાં આનંદ વ્યાપી ગયો.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૩૮,તા.૭-૭-૧૯૯૦

પૂ.આ.દેવશ્રી વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા. આદિ ઠાણા ૯ તથા વિદૂષી સાધ્વીશ્રી **વસંતપ્રભાશ્રીજી** આદિઠાણા ૧૬ કોલ્હાપુર નગરે પધાર્યા ત્યારથી પ્રભુભક્તિની રેલમછેલ થઈ રહી છે. વૈ. વદ-૧૧થી જેઠ સુદ-૫ સુધી **ગુજરીપેઠમાં શ્રી ગેમરાજજી ખુમાજી** પરિવાર તરફથી, જેઠ સુદ-૬ થી જેઠ સુદ-૧૨ સુધી **મહાવીરનગરમાં શ્રી મૂળચંદજી તલકાજી પરિવાર** તરફથી અને જેઠ સુદ-૧૩ થી જેઠ વદ-૫ સુધી **લક્ષ્મીપુરીમાં શ્રી ગુલાબચંદજી જેસાજી રાઠોડ** પરિવાર તરફથી એમ ઉત્તરોત્તર પ્રભુભક્તિના ત્રણ અઠ્ઠાઈ મહોત્સવો ભવ્ય શાસન પ્રભાવનાપૂર્વક થયા. કોલ્હાપુર-સાંગલી રોડ પર શિરોલીમાં દેવાધિદેવ **શ્રી સીમંધરસ્વામીનું** દેવવિમાન તુલ્ય તીર્થ જિનાલય, ઉપાશ્રય, આદિ નિર્માણ કરવાની શ્રી સીમંધરસ્વામી જૈન શ્વે. આરાધના ભવન ટ્રસ્ટ કોલ્હાપુરની ભાવના છે. આ નૂતન જિનાલયનું ખાતમુહૂર્ત મહા વદ ત્રીજના પૂજ્ય આ.શ્રીની જ પાવન નિશ્રામાં થયેલ. હમણાં જેઠ વદ ત્રીજ ૧૧મી જુનના પવિત્ર દિવસે આ જિનાલયનો શિલાન્યાસ પ્રસંગ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં ખૂબ જ જાહોજલાલી પૂર્વક થયો, જેમાં મુખ્યશિલાનો લાભ સ્વ. **શ્રી સાંકલચંદજી દૌલાજી ગાંધી**ના પરિવારે ખૂબ જ ઉદારતાપૂર્વક લીધો. અને બીજી શિલાઓનો લાભ પણ જુદા જુદા પુણ્યશાળીઓએ ઉદારતાપૂર્વક લીધો. જંગલમાં મંગલની જેમ આ પ્રસંગે લગભગ બે હજાર જેટલા ભાવુકોએ ઉપસ્થિત રહી પોતાનો ઉલ્લાસ વ્યક્ત કર્યો.

## સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ પ.પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના સમુદાયના સાધુઓનું વિ.સં.૨૦૪૬ ચાતુર્માસ લિસ્ટ

(૧) પ.પૂ.આ. શ્રી હિમાંશુ સૂ.મ., પ.પૂ.આ.શ્રી નરરત્ન સૂ.મ.,
હેમાભાઈની ધર્મશાળા, ઉપરકોટ, જુનાગઢ- ૩૬૨૦૦૧ (ગુજરાત.)

(૨) પ.પૂ.આ. શ્રી ભુવનભાનુ સૂ.મ., પ.પૂ.આ.શ્રી જયઘોષ સૂ.મ.,
Shri Rajasthan Jain Swetamber Murtipujak Sangh
24/208, Rangai Gowder Street, COIMBATIUR.

(૩) પ.પૂ.આ.શ્રી ધનપાલ સૂ.મ., પ.પૂ.શ્રી વિમલસેન વિ.મ.ગણિ.
Jain Aradhana Bhavan, 351, Mint Street - Madras.

(૪) પ.પૂ.આ.શ્રી ભદ્રગુપ્ત સૂ.મ., મહાવીર ભવન, શિવાજી ચોક, દોંડ (જી.પૂના) (M.S.) 413 801 Daund.

(૫) પ.પૂ.આ.શ્રી રાજેન્દ્ર સૂ.મ., હીર સૂ. જૈન ઉપાશ્રય.
દેનાબેંક પાસે, દફતરી રોડ, મલાડ (E) Bombay - 400 097.

(૬) પ.પૂ.આ.શ્રી હેમચંદ્ર સૂ.મ., શ્રી ઋષભ-સંભવ જૈન પેઢી, નયા કાપડ બજાર-**અહમદનગર** - ૪૧૪૦૦૧ (M.S.) Ahmadnagar.

(૭) પ.પૂ.આ.શ્રી જીતેન્દ્ર સૂ.મ., શેઠ નવલચંદ સુપ્રતચંદ જૈન શ્વે.મૂ.પૂ. પેઢી, ગુજરાત કટલા, **પાલી.** (PALI) (Raj.) 306 401.

(૮) પ.પૂ.આ.શ્રી જયશેખર સૂ.મ., જૈન ઉપાશ્રય, ગુજરી, ઓસવાળભુવન, **કોલ્હાપુર.** 416 002 (M.S.) KOLHAPUR.

(૯) પ.પૂ.આ.શ્રી જગચ્ચંદ્ર સૂ.મ., પ.પૂ.ઉ. યશોભદ્ર વિ.મ.,
Shri Veperi Jain Shangh
59, E.V.K. Sampat Road, VEPERI - MADRAS (T.N.)

(૧૦) પ.પૂ.આ.શ્રી ગુણરત્ન સૂ.મ., શ્રી હીર સૂ. જૈન મિત્રમંડળ, ખોડા લીમડા, **પાલનપુર.** (B.K.) PALANPUR - 385001 (Guj.)

(૧૧) પ.પૂ.આ.શ્રી ચન્દ્રશેખર વિ.મ., **તપોવન સંસ્કારધામ.** પો. કબીલપોર મુ. ધારાગિરિ (નવસારી) (જી. વલસાડ) - ૩૯૬ ૪૨૪. (ગુજ.)

(૧૨) પ.પૂ.પં.શ્રી ધનેશ્વર વિ.મ.ગણિ., પ.પૂ.ગણિ.શ્રી જગવલ્લભ વિ.મ., **નૂતન ઉપાશ્રય.** અઠવા ગેટ, નાનપુરા, **સુરત.** (Guj.) Surat.

(૧૩) પ.પૂ.ગણિ.શ્રી વિદ્યાનંદ વિ.મ.,૧૪, જૈનનગર, નવા શારદા મંદિર રોડ, એલીસબ્રીજ, અમદાવાદ. (Guj.) Ahmedabad.

(૧૪) પ.પૂ. ગણિવર્ય શ્રી હેમરત્નવિ.મ. આદિ
માંડવી ચોક, રાજકોટ.

(૧૫) પ.પૂ.ગણિ.શ્રી કુલચંદ્ર વિ.મ. આદિ
Jain Temple, (Swe.) RANPUR (Guj.) (Surendranagar).

(૧૬) પ.પૂ.ગણિ.શ્રી ચતુર વિ.મ. આદિ
શ્વેતા. જૈન મંદિર, માંડવીચોક, સોનીબજાર, **રાજકોટ.** (Guj.) RAJKOT.

(૧૭) પ.પૂ. પ્રવર્તક પ્ર. શ્રી ધર્મગુપ્ત વિજય મ. આદિ
શ્રી જૈન શ્વેતાં. મૂ. સંઘ, વિ.મ. નરોડારોડ, કૃષ્ણનગર, **અમદાવાદ.**

(૧૮) પૂ.મૂ.શ્રી નંદિઘોષ વિ.મ., વર્ધમાન સ્વામી જૈન પેઢી, રથગલી, **ચાલીશગાંવ.**



(જી. જલગાંવ) Chalishgaon (M.S.) 424101.

(૧૯) પ.પૂ. ગણિશ્રી પદ્મસેન વિ.મ., પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ.
Jain Bhavan (Swe.) Kirshna Talkies Road, **ERODE.**

(૨૦) પ.પૂ.મુનિ.શ્રી નિર્વાણ વિ.મ., જૈન ધર્મશાળા, સ્ટે. શિરોહી રોડ, **પિંડવાડા** (જી. શિરોહી) (Raj.) SIROHI - 307022.

(૨૧) પૂ.મુ.શ્રી દેવસુંદર વિ.મ., પૂ.મુ.શ્રી રત્નસુંદર વિ.મ. આદિ
દાદાસાહેબ જૈન ઉપાશ્રય, કાળાનાળા, જેલ રોડ, **ભાવનગર.**

(૨૨) પૂ.મુ.શ્રી કનકસુંદર વિ.મ. આદિ
Jain Swe. Temple, NELLORE-524001 (A.P.)

(૨૩) પૂ.મૂ.શ્રી ચંદ્રજિત વિ.મ. આદિ
જૈન શ્વેતા. મંદિર-ઉપાશ્રય, **આણંદ.** (જી.ખેડા) (Guj.) ANAND-388001

(૨૪) પૂ.મુ.શ્રી નયરત્ન વિ.મ. આદિ
જૈન મંદિર-ઉપાશ્રય, **ઉદેયપુર,** UDAYPUR-313001 (Raj.)

(૨૫) પૂ.મુ.શ્રી ઈન્દ્રયશ વિ.મ., આદિ વાસુપૂજ્ય સ્વામી જૈન મંદિર,
54, Zaver Road, Mulund, Bombay - 400080.

(૨૬) પૂ.મુ.શ્રી વિશ્વાનંદ વિ.મ., આદિ
જૈન મંદિર, ટેંભીનાકા, થાણા, THANA - 400601 (M.S.)

(૨૭) પૂ.મુ.શ્રી વરબોધિ વિ.મ., આદિ
Parshvnath Jian Bhavan, 4, A.V. LyarStreet, Salem (T.N.)

(૨૮) પૂ.મુ.શ્રી યશોભૂષણ વિ.મ., આદિ
જૈન શ્વેતા. મંદિર, શ્રી શાંતિનાથ ભગવાનની પેઢી, **બીલીમોરા.**

(૨૯) પૂ.મુ.શ્રી અભયશેખર વિ.મ., આદિ
હીરાભુવન જૈન ઉપાશ્રય, વ્યાપારીપેઠ, શાહૂપુરી, **કોલ્હાપુર.**

(૩૦) પૂ.મુ.શ્રી દિવ્યરત્ન વિ.મ., પૂ.મુ.શ્રી અજીતશેખર વિ.મ.,
Jain Swe. Temple, Gandyvari, Street Rajahmundry.

(૩૧) પૂ.મુ.શ્રી મુક્તિદર્શન વિ.મ. આદિ
જૈન આરાધના ભવન,
289, S. K. Bole Road, DADAR (W.) Bombay. 400028.

(૩૨) પૂ.મુ.શ્રી વિશ્વકલ્યાણ વિ.મ., આદિ
જૈન ઉપાશ્રય, તલેગાંવ ડાભડા (M.S.)

(૩૩) પૂ.મુ.શ્રી મેઘદર્શન વિ.મ., વી.ઓ. તપાગચ્છીય શ્વે.મૂ. જૈન પેઢી.

કેબીનચોક, **મહુવા** (જી. ભાવનગર) (સૌરાષ્ટ્ર)

(૩૪) પૂ.મુ.શ્રી મલયકીર્તિ વિ.મ. આદિ
ચિંતામણી પાર્શ્વનાથ જૈન મંદિર, મધુમતી, **નવસારી**-396445.

(૩૫) પૂ.મુ.શ્રી કીર્તિદર્શન વિ.મ., આદિ
જૈન ટેમ્પલ, કોઠારીવાડો, જુના થાણા પાસે, **વલસાડ.** (Guj.).

(૩૬) પૂ.મુ.શ્રી પદ્મદર્શન વિ.મ. આદિ
જૈન ટેમ્પલ, નવા બજાર, જૈન ઉપાશ્રય, **કરજણ** (Baroda)

(૩૭) પૂ.મુ.શ્રી ભદ્રકીર્તિ વિ.મ. આદિ જૈન શ્વેતાં. ટેમ્પલ, **ખેડા.**

(૩૮) પૂ.મુ.શ્રી અશ્વસેન વિ.મ., પૂ. મુનિરાજશ્રી વીરરત્ન વિ.મ.,
"રત્નત્રયીધામ" તળેટી રોડ, પાલીતાણા, ભાવનગર.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૩૯,તા.૧૪-૭-૧૯૯૦

● **કોઈમ્બતુર :** તામીલનાડુ સરકારે પોતાના શારીરિક રીતે નબળા બાળકોને પોષણ માટે મધ્યાહ્નના ભોજનની યોજના કરી છે. આ યોજના હેઠળ આવા બાળકોને દર પખવાડીયે એક એક ઈન્ડુ આપવાનું ચાલુ હતું. ઈરોડમાં જૈન ભવનના ઉદ્ઘાટન પ્રસંગે તામીલનાડુ સરકારના સમાજ કલ્યાણ ખાતાના માનનીય મંત્રી શ્રીમતી શુભલક્ષ્મી જગદીશન આવેલા... આ પ્રસંગે વર્ધમાનતપોનિધિ ગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. શ્રીનું અહિંસાની પરમોચ્ચતા વિષયક પ્રવચન ઈંગ્લીશમાં થયું, ઈંડાની આરોગ્યહાનિકારિતા અને પાપકારિતા પ્રવચનમાં બતાવાયી, મંત્રીશ્રીને ઈંડાના વિરોધમાં ઈંગ્લીશમાં લેખિત નિવેદન પણ અપાયું. પૂ. પાદશ્રીએ આ પૂર્વે પણ આ ઈંડા યોજના બાબતમાં પોતાનો સખ્ત વિરોધ સરકારને અનેક વખત જણાવેલો... આ બધાના ફળસ્વરૂપ તામીલનાડુ સરકારે, "જે બાળકોને ઈંડુ ન લેવું હોય તેને વિકલ્પરૂપે ૪૦ ગ્રામનો દાળ, ઘઉં અને ગોળનો પ્રોટીનયુક્ત પોષક લાડુ આપવાનું નક્કી કર્યું છે."

સ્કૂલમાં ઈંડુ આપવાનું સદંતર બંધ થાય એ માટે હજી પણ પૂ.પાદશ્રીની સતત મહેનત-પ્રેરણા ચાલુ જ છે.

● **રાજકોટ :** ગચ્છાધિપતિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સા. ની આજ્ઞાથી અત્રે માંડવીચોકમાં ચાતુર્માસ માટે પૂ. ગણિવર્યશ્રી હેમરત્નવિજય મ. આદિ ઠાણા પધારતા શ્રી સંઘે શાસનપ્રભાવક સામૈયું કર્યું. દૈનિક વ્યાખ્યાનોમાં હાજરી ખૂબ સુંદર રહે છે.

● **ભાવનગર :** પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજય મ. અત્રે દાદાવાડી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજમાન છે. પ્રવચનોમાં ભાવિકો જુદા જુદા નિયમો પણ લે છે. હમણાં "દર મહિને અંગલુછણાની એક જોડ કોઈ પણ જિનમંદિરમાં એક વરસ સુધી મૂકવી." "રાતના ૧૦ થી સવારના ૬ સુધી ટી.વી.-વિડિયો બંધ"... વગેરે મોટી સંખ્યામાં નિયમો થયા.

● **દેડકાને બચાવો :** ભારતીય સરકારે દેડકાની નિકાસ પર હાલ પ્રતિબંધ મૂક્યો છે. વિશ્વસનીય વ્યક્તિ તરફથી સમાચાર છે કે સરકાર આ પ્રતિબંધ ઉઠાવી લેવાનું વિચારે છે. દેડકાની રક્ષામાં જીવોની રક્ષા ઉપરાંત પર્યાવરણની પણ રક્ષા છે. બધા જીવદયાપ્રેમીઓને અપીલ છે કે તેઓ દેડકાની નિકાસ પર પ્રતિબંધ ચાલુ રહે એ માટે ભારતના વડાપ્રધાન દિલ્હી પર તાર-પત્રો લખે...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૪૦,તા.૨૧-૭-૧૯૯૦

## કોઈમ્બતુર નગરમાં ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ

૧૦૮ વર્ધમાન તપોનિધિ, પરમશાસન હિતચિંતક, સુવિશાલગચ્છનાયક પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુનિત નિશ્રામાં જ્યારે મદ્રાસ-કેસરવાડી તીર્થમાં ઉપધાન તપની આરાધના ચાલી રહી હતી, ત્યારે કોઈમ્બતુરના શ્રી રાજસ્થાની જૈન સંઘના આગેવાનોએ પૂજ્યશ્રીને કોઈમ્બતુર ચાતુર્માસાર્થે પધારવા ખૂબ જ આગ્રહપૂર્ણ વિનંતી કરી હતી. પૂજ્યશ્રીએ એઓની ભાવભરી વિનંતીનો સ્વીકાર કર્યો હતો.

ત્યારબાદ મદ્રાસ એગ્મોરમાં ભવ્ય અંજનશલાકા મહોત્સવ કરાવીને પૂજ્યશ્રીએ પોતાના વિશાલ પરિવાર સાથે કોઈમ્બતુર તરફ વિહાર પારંભ્યો. રસ્તામાં આવતાં રાનપેઠ-આરકાટ-વેલુર-તિરપાતુર-સેલમ-ઈરોડ-તિરુપુર આદિ અનેક નાના-મોટા ગામોમાં અનેક પ્રકારની વિવિધ શાસન પ્રભાવના કરતા કરતાં પૂજ્યશ્રીના કોઈમ્બતુર નગરમાં પાવન પગલાં થયા.

કોઈમ્બતુર પૂજ્યશ્રી આર.એસ. પુરમ્માં બે દિવસ બિરાજમાન હતાં. ત્યાં વ્યાખ્યાનાદિથી શ્રાવકવર્ગ ખૂબ જ પ્રભાવિત બન્યો હતો. જે સુવર્ણ દિવસની સમસ્ત કોઈમ્બતુર શ્રી સંઘ ચાતકની માફક રાહ જોઈ રહ્યો હતો એ અષાઢ સુદ ૯ રવિવારની સુવર્ણ પ્રભાત થઈ.

સવારે ૮ વાગે આર.એસ. પુરમ્નાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનાં દેરાસર પાસે સ્વાગતની શરણાઈઓ ગુંજવા માંડી. શ્રી કોઈમ્બતુર જૈન સંઘનો ઉલ્લાસ અપાર હતો. સવારે ૮ ॥ વાગે અગણિત જનમેદની સાથે સ્વાગતયાત્રા પ્રારંભાઈ.

સ્વાગત-યાત્રાના માર્ગમાં આવતાં શ્રાવકોના ઘરોના પ્રાંગણમાં શ્રાવિકાઓએ વિધ-વિધ ગહુંલીઓ દ્વારા પૂજ્યપાદ આચાર્ય ભગવંત, મુનિમંડળ તથા પ્રભુજીને અક્ષતથી વધાવ્યા હતાં.

શ્રી સંઘે તથા શ્રાવકોએ ઠેકઠેકાણે સુવાક્યોના બોર્ડ લગાડ્યા હતાં તેમજ ભગવાન તથા પૂજ્યશ્રીના ફોટાથી સુશોભિત અનેક ભવ્ય કમાનોથી નગરને શણગાર્યું હતું.

વિશાલ સ્વાગત-યાત્રામાં વિવિધ મંડળો સૂરીલા કંઠે સંગીતની રમઝટ મચાવતી ૧૦ જેટલી ગાડીઓ શોભી રહી હતી. સ્થાયી શ્રી ધર્મકલ્યાણ જૈન મંડળ, જયાનંદ મંડળ, ઈરોડથી પધારેલ ગુરુ શાંતિવિજય મહિલા મંડળની શ્રાવિકાઓ, ઈરોડનો શ્રી ગૌતમસ્વામી જૈન બેન્ડ, મૈસુરનું સુપ્રસિદ્ધ બેન્ડ, પ્રભુજીનો વિશાલ રથ, પૂજ્યશ્રી ૨૨ જેટલા સુવિહિત મુનિગણની સાથે શોભી રહ્યા હતા. ૧૪ જેટલા સાધ્વીજી અને ચતુર્વિધ સંઘના અપાર જનસમુદાય સાથે સ્વાગત-યાત્રા આગળ વધી રહી હતી. રસ્તામાં બન્ને બાજુ ઊભેલી જૈનેતર પ્રજા આશ્ચર્ય મુગ્ધ બની જૈનશાસનની શોભા-યાત્રાને નિહાળી રહી હતી.

આજના ભવ્ય પ્રવેશમાં કોચીનથી બે બસો, ઈરોડથી ૫ મેટાડોર આવી હતી. બોમ્બે, અહમદાબાદ, સેલમ, ઈરોડ, મદ્રાસ, બેંગ્લોર, મૈસુર, કોચીન, ઊંટી, તીરૂપુર, તીરપાતુર, આદિ ગામોમાંથી વિશાલ સંખ્યામાં ભક્તવર્ગ પધાર્યો હતો.

૨ કલાક સુધી નગરના મુખ્ય રસ્તાઓ પર સ્વાગતયાત્રા ફરીને મંદિર-ઉપાશ્રયના પ્રાંગણમાં આવી સકલ શ્રી સંઘે પૂજ્યશ્રી સાથે શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન કર્યું. ત્યારપછી પૂજ્યશ્રી સહિત સહુ શ્રી રાજસ્થાન જૈન ઉપાશ્રયના વ્યાખ્યાન હોલમાં આવ્યા. વિશાલ વ્યાખ્યાન હોલ પણ આજે નાનો ભાસી રહ્યો હતો. પૂજ્યશ્રીનું મંગલાચરણ થયું. ત્યારબાદ પૂજ્યશ્રીને કામળી ઓઢાવવાનો સુંદર ચઢાવો થયો.

ધોળકાથી પધારેલા કુમારપાલ વિ. શાહનું પ્રભાવક વ્યક્તવ્ય થયું, તેમણે પૂજ્ય ગુરુદેવશ્રી કેટલા મહાન શિલ્પી છે, ગંગા નદી સમાન પવિત્ર છે, અને ઘરે આવેલી ગંગામાં સહુને પવિત્ર થવાની પ્રેરણા આપી.

તદનતંર પૂજ્યશ્રીનું મંગલ પ્રવચન થયું. જેમાં પૂજ્યશ્રીએ આર્ય જૈનકુળમાં



માનવજન્મ પામ્યા એ બહુ સારું થયું, શા માટે ? અમે ધન્ય બન્યા - કૃતકૃત્ય બન્યા, શા માટે ? એટલા માટે જ કે પ્રાપ્ત જિનશાસનમ્ - અમે જિનશાસનને મેળવ્યું છે' આ વિષય ઉપર રોમાંચક બોધ આપ્યો. હજારોની જનમેદની આશ્ચર્યમૂઢ બની શ્રવણ કરી રહી હતી.

ત્યાર પછી પૂ. મુનિરાજ શ્રી જયસુંદરવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજ શ્રી ભુવનસુંદરવિજયજી મ.સા.નું પ્રસંગોચિત બોધક પ્રવચન થયું. રાજસ્થાની સંઘના પ્રમુખ શ્રી જયંતીલાલજી બાફનાએ પોતાના સ્વાગતભાષણમાં પૂજ્યશ્રીની દક્ષિણ દેશમાં પધારી અને કોઈમ્બતુર પધારવાથી ખૂબ જ ઉપકાર માન્યો અને હર્ષ વ્યક્ત કર્યો. અષાઢ સુદ ૧૪થી બે સાંકળી અટ્ઠમ અને અટ્ઠાઈની શરૂ થવાનું નિશ્ચિત થયું.

કોચીન સંઘના પ્રમુખ સાહેબે ચાતુર્માસ બાદ કોચીન પધારવાની વિનંતી કરી. તથા ઈરોડ સંઘે વર્તમાનમાં નિર્માણ થઈ રહેલ દેવવિમાન સદૃશ નૂતન જિનાલયની અંજનશલાકા પ્રતિષ્ઠા હેતુ પધારવાની આગ્રહભરી વિનંતી કરી. આ અવસરે બેંગ્લોર સંઘના ભાઈઓ તરફથી ૨ રૂપિયાનું તથા એક સાધર્મિક ભાઈ તરફથી ૫-૫ રૂપિયાનું સંઘપૂજન તેમજ અત્રેના સ્થાયી આ સંઘ તરફથી લાડુની પ્રભાવના થઈ.

પૂજ્ય સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૧૪નો પણ ચાતુર્માસ પ્રવેશ તથા અટ્ઠમની તપશ્ચર્યા થઈ. આ રીતે કોઈમ્બતુર નગરમાં ઐતિહાસિક અને શાનદાર પ્રવેશ થયો.

● **ઈરોડ (તામીલનાડુ)** :- અત્રેના ચાતુર્માસ માટેની શ્રી સંઘની અત્યાગ્રહભરી વિનંતિને ધ્યાનમાં લઈ પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબે પોતાના શિષ્ય-પ્રશિષ્ય **પૂ. ગણિવર્ય શ્રી પદ્મસેન વિ.મ.** તથા મુનિશ્રી કલ્પરત્ન વિજયજી મ. ને મોકલતાં ભવ્ય પ્રવેશ અત્રેના નૂતનભવનમાં મદ્રાસથી પરોણાગત આવેલા શ્રી વાસુપૂજ્ય ભગવાન સહિત અત્રેના શ્રી શાંતિનાથ ભગવાન તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનને પણ વિશિષ્ટ અંગરચના સાથે શણગારેલી ગાડીમાં પધરાવી મુખ્ય માર્ગોથી સ્વાગત વરઘોડો ફરી મંગળ મુહૂર્તે બેંડના સુમધુર નાદોના ગુંજારવ સાથે પ્રભુજીનો તથા મુનિરાજોનો ભવ્ય પ્રવેશ થયેલ. પ્રભુજીની સન્મુખ ચૈત્યવંદનાદિ તથા માંગલિક પ્રવચન પછી સકલસંઘે પ્રભુજીની આરતી સમૂહમાં ઉતારેલ. પૂજામાં શ્રી શાંતિમંડળે રમઝટ જમાવેલ. ચોમાસા બાદ અત્રે શાનદાર અંજનશલાકા મહોત્સવ તથા નૂતન મંદિરમાં પ્રતિષ્ઠા કરાવવાની શ્રી સંઘ શુભભાવના રાખે છે, અને તે

માટે અત્યારથી જ પૂ. પાદ આચાર્યદેવેશશ્રીને વારંવાર વિનંતી કરે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૪૧,તા.૨૮-૭-૧૯૯૦

• **ભાવનગર** : પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.શ્રીના અત્રે ચાતુર્માસ પ્રવેશ બાદ વ્યાખ્યાનમાં જુદા જુદા નિયમો લેવાય છે. તેમાં લગભગ ૨૦૦૦ની સભામાં ચાર માસ સુધી રોજ એક સામાયિક કરવી એવા નિયમ સારા લેવાયા. ભાવનગરમાં નોકારવાળી ગણવી એવા નિયમમાં ૨૦૦૦ આરાધકો જોડાતા દરરોજની બે લાખ નવકાર ગણવાનો નિયમ લેવાયો. એક રવિવારે વ્યાખ્યાન બાદ સંગીતધ્વનિ તથા ધૂપ દીપ સાથે સમૂહે બાંધી નવકારવાળી ગણતાં ખૂબ જ પ્રસન્નતા અનુભવી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૪૨,તા.૪-૮-૧૯૯૦

• **બારામતી** : પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પૂ. મુનિવર્ય શ્રી શીલરત્નવિજયજી મ. તથા મુનિવર્ય શ્રી લબ્ધિદર્શન વિજયજી મ. આદિના અત્રે ચાતુર્માસ પ્રવેશ બાદ વ્યાખ્યાન, જુદા જુદા અનુષ્ઠાનો આદિથી ધર્મજાગૃતિ સારી આવી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૪૩,તા.૧૧-૮-૧૯૯૦

• **સેલમ** (T.N.) : ગચ્છાધિપતિ વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી અત્રે પૂ. તપસ્વી મુનિવરશ્રી વરબોધિવિજય મ. આદિ ઠાણા પાંચના ચાતુર્માસ પ્રવેશ દિનથી જ ધર્મારાધના સુંદર થઈ રહી છે. નિત્ય ભક્તામર સ્તોત્ર પાઠમાં ૨૦૦ આસપાસની હાજરી થાય છે, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ. ના ૯૦ અટ્ઠમ થયા. અનેક સિદ્ધિતપ માસખમણ આદિ ચાલુ છે. દેરાસરજી માટે જમીન લેવા માટે વગર વ્યાજની લોન મળી ગઈ. પૂ. મુનિરાજશ્રીની ૮૩મી વર્ધમાન ઓળીનું પારણું ધામધૂમથી ઉજવાયું.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૮,અંક-૪૫,તા.૨૫-૮-૧૯૯૦

• **થાણા**માં આત્મવલ્લભ હોલ (ઉપાશ્રય)ના બાંધકામમાં સ્વપ્ન દ્રવ્યની બોલીની રકમ જે વાપરવામાં આવી હતી તે પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય કીર્તિચન્દ્રસૂરીશ્વરજી મ.ના પ્રયત્નોથી વ્યાજ સાથે દેવદ્રવ્યમાં પુનઃ જમા કરવામાં આવતા, દેવદ્રવ્યની શુદ્ધિ થતા આરાધકોમાં આનંદ વ્યાપ્યો છે.

• **ભાવનગર** : અત્રેના દાદા સાહેબ જૈન સોસાયટીમાં ચાતુર્માસ બિરાજતા પૂ. વ્યાખ્યાતા મુનિવરશ્રી રત્નસુંદરવિજય મ.ના પ્રવચનોમાં મોટી પ્રવચન સભામાં અવારનવાર જુદા જુદા નિયમોની લહાણી સારી થાય છે.

"જિંદગીભરને માટે કંદમૂળ ઘરમાં લાવવા નહીં - બનાવવા નહીં - ઘરમાં કે બહાર ખાવા નહીં" આ નિયમમાં લગભગ આખી સભા જોડાઈ.

(જેમ લગ્નની કંકોત્રી આવે તો ચાંલ્લો મોકલો છો એમ) "પ્રભુભક્તિના મહોત્સવની કે દીક્ષાની પત્રિકા આવે તો એ નિમિત્તે કાંઈ ને કાંઈ રકમ સુકૃતમાં વાપરવી" આ નિયમ પણ ખૂબ સારી સંખ્યાએ લીધો.

• **રાજકોટ** : ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી અત્રે ચાતુર્માસ વિરાજિત પૂ. મુનિરાજ શ્રી હેમરત્નવિજયજી ગણી મ.ની નિશ્રામાં ૧૫૦૦ આરાધકોએ એકાસણના તપ સાથે પ્રત્યેકે ૧૦૦૮ નવકાર મંત્રનાં જાપ અખંડ અક્ષતના એક એક કણ પર કરી પરમાત્માને સમર્પણ કરવાની વિધિમાં ભાગ લીધો. આઠથી પંદર વર્ષના બાળકોની શિબિરમાં આશરે સાતસો બાળકો ગ્રહણ આસેવનશિક્ષા મેળવી રહ્યા છે. ટી. વી. ત્યાગ, માતા-પિતાને નમસ્કાર, વગેરે નિયમો કર્યા છે. રાજા-મહારાજા-મંત્રીશ્વર આદિ વેશભુષામાં ચૈત્યપરિપાટી. દરેક બાળકે ૧૫ શ્લોક કંઠસ્થ કર્યા, ચરમ જિનપતિ શાસનપતિ શ્રી મહાવીરદેવનું ચરિત્ર તથા પૂર્વના છવ્વીશ ભવના નામો કંઠસ્થ કર્યા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૨,તા.૮-૯-૧૯૯૦

## કોઈમ્બતુર નગરમાં જૈનશાસનનો જયજયકાર

અહીં વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ જ્યારથી પધાર્યા છે ત્યારથી સંઘમાં તપ-ત્યાગ-

જ્ઞાન-ધ્યાન, આરાધના-સાધનાનો એક મહાયજ્ઞ મંડાયો છે. શ્રીમતી લહેરીબેન ફતેચંદજી રાંકાને પાંચમાં વરસીતપમાં ધર્મચક્ર તપ તથા તેમના પુત્રવધૂ સૌ. મંજુલાબેન વિમલચંદજી રાંકાને માસખમણની તપશ્ચર્યા નિમિત્તે રાંકા પરિવાર તરફથી શ્રી પંચાહ્નિકા જિતેન્દ્ર ભક્તિ મહોત્સવ ઘણા જ ઉમંગથી અને ઠાઠપૂર્વક ઉજવાયો. તેમાં શ્રી સિદ્ધચક્રપૂજન, પ્રતિદિન પ્રભુજીને ભવ્ય અંગરચના, શ્રીફળ-લાડુ આદિની પ્રભાવના થઈ. બેંગલોરથી આવેલ શ્રી જ્ઞાની અને પાર્ટીએ ભક્તિભાવનાની રમઝટ બોલાવી.

શ્રી સંઘમાં પૂજ્યશ્રીના ઉપદેશથી ગીફટટેક્ષ તથા ગોવંશ હત્યા નિવારણ હેતુ સામુદાયિક આયંબિલની આરાધના 'નમો જિણાણં-જિઅ ભયાણં' ના જાપપૂર્વક ઊલ્લાસથી થઈ.

પર્યુષણા મહાપર્વમાં તપ અને ત્યાગનો અંબાર લાગી ગયો. અષ્ટાહ્નિકા વ્યાખ્યાન, સ્નાત્રપૂજા, મોટી પૂજા, કલ્પસૂત્ર શાસ્ત્રવાંચન, પ્રભુજીને ભવ્ય અંગરચના, મંદિરજીમાં ભવ્ય શણગાર, પૌષધતપ, લાઈટ ડેકોરેશન આદિનો ભવ્ય ઠાઠ રહ્યો. પૂજ્યશ્રી, પૂ.મુનિરાજ શ્રી જયસુંદર વિજયજી મ. સાહેબ તથા પૂ.મુનિરાજ શ્રી ભુવનસુંદરવિજયજી મ. સાહેબે વ્યાખ્યાન તથા શાસ્ત્રવાંચન કર્યું, આથી શ્રી સંઘના આનંદ અને ઉલ્લાસમાં ચાર ચાંદ લાગી ગયા. પારણું ઘેર લઈ જવાની બોલી રેકોર્ડ બ્રેક થઈ. અન્ય બોલીઓના ચઢાવા પણ ખૂબ જ સારા થયા. અનુકપાદાન-પ્રીતિદાનની બોલીઓ પણ સારી થઈ.

સાંવત્સરી પ્રતિક્રમણની સાથે સાથે પૂજ્યશ્રીએ સૂત્રો તથા ક્રિયા-વિધિ વિષયક રોમાંચક કોમેન્ટ્રી આપી. જેથી પ્રતિક્રમણ કરનારા આરાધકોના ભાવોલ્લાસ ખૂબ વધ્યા. શ્રી સંઘમાં માસખમણ/૬, ધર્મચક્રતપ/૩૫, સિદ્ધિતપ/૩, મોક્ષદંડક તપ/૨૧, ૧૬ ઉપવાસ/૯, ૧૧ ઉપવાસ/૫, ૯ ઉપવાસ/૯, અઠ્ઠાઈ/૪૨ આદિ અનેક પ્રકારે શાસનપ્રભાવક તપ થયો. તપસ્વીઓના પારણા તથા સકલ શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય બાફના પરિવાર તરફથી થયાં. તપસ્વીઓનો શાસનપ્રભાવક વરઘોડો નીકળ્યો.

પૂ.સાધ્વીરત્ના શ્રી અનંતકીર્તિશ્રીજી મ.ની શિષ્યા પૂ.સાધ્વીશ્રી અક્ષયનિધિશ્રીજી મ.તથા સાધ્વીશ્રી નિર્મલવર્ધનાશ્રીજી મ.ને સિદ્ધિતપની તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ થઈ. તેમના સાંસારિક સંબંધીઓ તરફથી શ્રીફળની પ્રભાવના, સંઘપૂજન તથા સાંજી આદિ થયા.

પૂજ્ય મુનિરાજશ્રી જયતિલકવિજયજી મ.સા.આદિ ઠાણા આર.એસ.પુરમ્ તથા પૂજ્ય ગણિવર્ય શ્રી જયસોમવિજયજી મ.સા. આદિ ઠાણાએ શ્રી વિમલનાથમાં



પર્યુષણ મહાપર્વની શાસનપ્રભાવક આરાધના કરાવી આ પ્રમાણે કોઈમ્બતુર નગરમાં જૈનશાસનનો જયજયકાર વર્ત્યો છે. હવે નવકારમંત્રના નવ એકાશનાની સામુદાયિક આરાધના તથા શ્રી વર્ધમાનતપ પાયાની આરાધનાની તૈયારી ચાલી રહી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૫,તા.૨૯-૯-૧૯૯૦

## જિનશાસન જયજયકારા

● **રાજમહેંદી** (A.P.) : તપસ્વી પૂ. મુનિરાજશ્રી દિવ્યરત્ન વિજયજી મ. વ્યાખ્યાતા પૂ. મુનિવરશ્રી અજિતશેખર વિજયજી મ. પૂ. મુનિવરશ્રી વિમળબોધિવિજય મ. આદિની નિશ્રામાં અત્રે પર્યુષણા પર્વ આરાધના ખૂબ જ સુંદર થઈ. તપસ્યાઓ સવિશેષ થઈ એમાં પણ યુવાનો ખૂબ સારી સંખ્યામાં જોડાયા. તપસ્વીઓના બહુમાન પ્રસંગે રાજદ્વારી પુરુષો દ્વારા બીજે ગયેલી પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત કરાવવામાં સહકારની ખાત્રી અપાઈ. રોજના, રવિવારના અને પર્યુષણના વ્યાખ્યાનોમાં યુવાનોની હાજરી નોંધપાત્ર રહી. મુનિરાજશ્રી દિવ્યરત્નવિજય મ.ની ૮૪મી વર્ધમાન આયંબિલ ઓળીના પારણા પ્રસંગ ઠાઠથી ઊજવાયો.

● **ઈરોડ** (T.N.) : **પૂ. ગણિવર્યશ્રી પદ્મસેનવિજય મ.** અને વ્યાખ્યાતા પૂ. મુનિવર શ્રી કલ્પરત્નવિજય મ. આદિની નિશ્રામાં અત્રે માસખમણ આદિ તપધર્મનો ડંકો વાગ્યો. શાનદાર વરઘોડાએ જિનશાસનની શાન વધારી. શ્રી સીમંધર સ્વામીની ધૂન-સ્તવના-યાત્રાના અઢી કલાકના પ્રસંગથી લોકો અપૂર્વ આનંદ પામ્યા. ગચ્છાધિપતિ વર્ધમાનતપોનિધિ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિની તારક નિશ્રામાં ૨૦૪૭ મહા સુદ-૪/૫ અંજનશલાકા-પ્રતિષ્ઠાની જય બોલાતાં અત્રેના શ્રી સંઘમાં અને આજુબાજુના નગરોમા આનંદની લહેર છવાઈ ગઈ છે.

● **નેલ્લુર** (A.P.) : તપસ્વી-વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી કનકસુંદરવિજય મ. તથા તપસ્વી મુનિવરશ્રી પદ્માનંદવિજય મ.ની નિશ્રામાં માસખમણ આદિ તપસ્યાની બહાર ખીલી. બંને તપસ્વી મુનિવરોની અનુક્રમે ૯૨ મી અને ૭૭ મી વર્ધમાન ઓળીની તપસ્યાથી શ્રી સંઘ પ્રભાવિત થયો છે. નજીકના કોવુર ગામમાં મંદિરજી-ઉપાશ્રયના ખાતમુહૂર્તમાં ઉલ્લાસ ખૂબ રહ્યો. દેવદ્રવ્યાદિની ઉપજ સારી થઈ. શિબિર આદિના માધ્યમથી યુવાનો-બાળકોમાં ધર્મચેતના સારી જાગૃત થઈ.

● **સેલમ** (T.N.) : તપસ્વી પૂ. મુનિરાજશ્રી વરબોધિવિજય મ. આદિની નિશ્રામાં માસખમણ આદિ તપસ્યાની ધૂમ મચી. શ્રી સીમંધર સ્વામી ભગવંતનો

ભવ્યાતિભવ્ય પ્રવેશ-ચલ પ્રતિષ્ઠા, દરરોજ સામુદાયિક ભક્તામર સ્તોત્ર પાઠમાં ૨૦૦ જેટલા ભાવિકોની હાજરી, પૂ. મુ. શ્રી વરબોધિ વિ. મ. ને ૮૩ મી અને પૂ.મુ. શ્રી કૈવલ્યબોધિ વિ.મ.ને ૬૩ મી વર્ધમાન આયંબિલ ઓળીના પારણામાં ઝાકઝમાળતા, નૂતન જિનમંદિર માટે જમીનની ખરીદી વગેરેથી ચાતુર્માસ દેદીપ્યમાન બન્યું છે.

• **મદ્રાસ :** અત્રે સાવકાર પેટ જૈન આરાધના ભવનમાં પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ધનપાળસૂરીશ્વરજી મ. પૂ. પંન્યાસપ્રવર શ્રી વિમળસેનવિજયજી ગણિવર મ., પૂ. વ્યાખ્યાતા મુનિવરશ્રી નંદિભૂષણવિજય મ. આદિ ઠા.ની પાવન નિશ્રામાં ચાતુર્માસિક તથા પર્યુષણા આરાધના ખૂબ સુંદર થઈ. દરરોજ વ્યાખ્યાન, રવિવારિય શિબિર, પૂ. મુનિરાજશ્રી સૂર્યોદયવિજય મ. ના યુવાનોમાં રાત્રિ વ્યાખ્યાન, બાળકોની શિબિર આદિ દ્વારા ધર્મચેતનામાં સારો વધારો થયો. માસક્ષમણ આદિ તપસ્યા, દેવદ્રવ્યની રકમની શુદ્ધિ, પાઠશાળા ફન્ડ વગેરે કાર્યોથી ચાતુર્માસ ઝાકઝમાળ બન્યું. દેવદ્રવ્યની આવક વગેરે પ્રશંસનીય બન્યા.

• **દૌંડ :** પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ. આદિ ઠા. ના અત્રેના ચોમાસામાં ધર્મોદ્યોત સારો રહ્યો. ઈતર લોકોની પણ વ્યાખ્યાનમાં સારી હાજરી, તપસ્યા વગેરેથી શાસન પ્રભાવના થઈ.

• **પાલી :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય જિતેન્દ્રસૂરિવર મ. આદિ ઠા.ની નિશ્રામાં ચાતુર્માસિક પર્યુષણા પર્વારાધના, માસક્ષમણ આદિ તપસ્યા સુંદર થઈ. જૈન ધર્મના ગૌરવ વધારવા માટે દર રવિવારે રથયાત્રાના રૂપમાં ચૈત્યપરિપાટી, ત્યાં જ વ્યાખ્યાન, સંઘપૂજા વગેરે પ્રશંસનીય રહ્યા. પૂ. આચાર્યશ્રીએ જિજ્ઞાસુઓની જિજ્ઞાસા સંતોષવા સતત કાળજી દર્શાવી.

• **કોલ્હાપુર :** પૂ. આચાર્યદેવેશ શ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અત્રે ગુજરીમાં માસખમણ આદિ અનેક તપસ્યા વરઘોડો વગેરેથી ચાતુર્માસ-પર્વારાધના ખૂબ સુંદર રહી. પૂ. આચાર્યદેવેશશ્રીની ત્રીજી વારની સૂરિમંત્રપંચ પ્રસ્થાનની આરાધના, પૂ. મુનિરાજશ્રી મુક્તિવલ્લભવિજય મ. શ્રીના વ્યાખ્યાનથી લોકો પ્રભાવિત થયા. રથયાત્રાનો વરઘોડો શાનદાર-ભવ્ય રહ્યો.

• **કોલ્હાપુર** (શાહુપુરી) : પૂ. મુનિરાજશ્રી અભયશેખર વિજયજી મ. આદિની નિશ્રામાં પર્વારાધના-ચાતુર્માસિક આરાધના ખૂબ સુંદર રહી. પૂ. મહારાજશ્રીના વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનોથી લોકો ખૂબ આકર્ષાયા છે. મહાવીરનગરમાં પૂ. મુનિરાજશ્રી પ્રશાંતવલ્લભ વિ. મ. આદિએ તથા લક્ષ્મીપુરીમાં પૂ. મેઘવલ્લભ વિજય મ.



આદિએ પર્વારાધના સુંદર કરાવી...

• **પાલનપુર :** આચાર્યદેવેશ શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. આદિના પ્રવેશથી જ પાલનપુર જાણે તપોભૂમિ બની ગઈ. ૩૧ ઉપવાસ આદિ અનેક તપસ્યાઓ, રવિવારીય આધ્યાત્મિક શિબિર, જાહેર પ્રવચન આદિથી ધર્મચેતના સારી જાગૃત થઈ. દશેરાથી થતા ઉપધાનની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ઉછામણીઓ ખૂબ સારી થઈ.

• **મદ્રાસ** (વેપેરી) : અત્રે પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. ની તારક નિશ્રામાં અત્રેના ઉપાશ્રયની પાછળની વિશાળ જગામાં મંડપમાં પર્વારાધન સુંદર થયું. દેવદ્રવ્યાદિની આવક લગભગ દોઢી થઈ. સાધર્મિક ભક્તિ વગેરે સુંદર થયા. ભવ્ય જિનમંદિર નિર્માણની હિલચાલ થઈ રહી છે.

• **શીમોગા :** પૂ. ગણિવર્ય શ્રી ચતુરવિજય મ. શ્રી આદિના સાંનિધ્યમાં હિન્દી-કન્નડ ભાષામાં પ્રવચન શિબિર આદિથી ધર્મજ્યોત સારી ઝળકી ઊઠી છે. પૂ. ગણિવર મ. કન્નડ ભાષામાં સારું બોલી શકે છે એથી જૈનેતરો પર પણ સારો પ્રભાવ પડે છે.

• **મલાડ** (E) : પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં માસક્ષમણ આદિ તપસ્યા ખૂબ સુંદર રહી. ઉછામણી દર વરસ કરતાં અઢી ગણી થઈ. રાજેશપાર્કમાં પર્વારાધન પૂ. મુનિરાજશ્રી ધર્મયશવિજયજી મ.ની નિશ્રામાં રૂડી રીતે થયું.

• **અહમદનગર :** પૂ. આ. દેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. આદિ ઠા.ની નિશ્રામાં શ્રી સીમંધર સ્વામીના સામુદાયિક અઠ્ઠમ આદિ આરાધનાઓ શાસન-પ્રભાવક બની. અત્રે હિન્દુસ્તાનનું સૌથી આધુનિક અને મોટામાં મોટું મરઘા ઉછેર કેન્દ્ર તૈયાર થઈ રહ્યું છે. એમાં રોજના ૫૦૦૦૦ પક્ષીઓના ઉત્પાદન અને કત્લની યોજના છે. સરકાર ઉત્તેજીત આ ગોઝારી હિંસક યોજનાનો પૂ.આ.શ્રીના ઉપદેશથી વિરોધ સારા પ્રમાણમાં થઈ રહ્યો છે જેમાં ઈતરો પણ સારા પ્રમાણમાં જોડાયા છે.

• **મુંબઈ** (દાદર) : વ્યાખ્યાતા પૂ. મુક્તિદર્શનવિજય મ. આદિ ઠા. અત્રે ચાતુર્માસ બિરાજે છે. પૂ. શ્રીના આત્મલક્ષી, વૈરાગ્યમય, પ્રેરક, સરળ શૈલીના પ્રવચનથી ધર્મજાગૃતિ સારી આવી. માસક્ષમણ આદિ તપસ્યા, રથયાત્રાનો શાસનપ્રભાવક વરઘોડો, દેવદ્રવ્ય આદિની સારી આવક વગેરે સવિશેષ અનુમોદનીય બન્યા.

• **અમદાવાદ** (કૃષ્ણનગર) : પૂ.પ્ર.પ્ર. શ્રી ધર્મગુપ્તવિજય મ. આદિની

નિશ્રામાં માસખમણ આદિ સુંદર તપસ્યા, વ્યાખ્યાન પ્રતિક્રમણ આદિમાં ચિક્કાર હાજરી, દેવદ્રવ્યાદિની સુંદર ઉપજ આદિ દ્વારા પર્વારાધન સુંદર બન્યું. છ લાખના ખર્ચે આંબેલ ભવન અને કાયમી આંબેલ ખાતા માટે સંઘની ધગશ અને પ્રયત્ન નોંધપાત્ર થઈ રહ્યા છે.

● **મુલુન્ડ** (W) મુંબઈ : પૂ. મુનિરાજશ્રી ઈન્દ્રયશ વિ. મ. તથા વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ભદ્રયશ વિ. મ. ચાતુર્માસ બિરાજે છે. પૂ. મુનિવરશ્રીના દૈનિક પ્રવચનો, રવિવારિય શિબિર આદિ દ્વારા પ્રેરણા પામી શ્રી સંઘમાં ૩૨ ઉપવાસ આદિ તપસ્યાઓ સુંદર થઈ.

● **સુરત :** અત્રે ગજ્જરવાડી અઠવાગેટમાં પૂ. પં. શ્રી ધનેશ્વરવિજય ગણિવર્ય તથા વ્યાખ્યાતા પૂ. ગણિવર્ય શ્રી જગવલ્લભવિજય મ. આદિ ઠા. છ ની નિશ્રામાં ચાતુર્માસ તથા પર્યુષણની આરાધના શાસન-પ્રભાવક રહી. પ્રતિદિન શ્રી શ્રાદ્ધવિધિ તથા "સુરસુંદરી ચરિત્ર" પરના રોમાંચક વ્યાખ્યાનો, લગભગ ૨૬૪ જેટલી સંખ્યામાં ધર્મચક્રતપ, પૂ. મુનિરાજશ્રી ચારિત્રવલ્લભવિજય મ.શ્રીને ૧૩૨ દિવસીય શ્રી મહાધર્મ-ચક્રવાલ તપની અને પૂ. મુનિરાજશ્રી ધર્મેશ્વર વિ. મ.શ્રીને ધર્મચક્રતપ, રથયાત્રાનો ભવ્ય વરઘોડો, શ્રી સંઘ વાત્સલ્ય, શ્રી ધર્મચક્ર આલેખન સ્પર્ધા, "પૂના-શત્રુંજય મહાતીર્થ છ'રી' પાલિત સંઘ સ્મરણિકા" પ્રકાશન વગેરેથી ચોમાસું ઝાકઝમાળ બન્યું.

● **બલસાણા તીર્થની પ્રગટ પ્રભાવિતા :** ખાનદેશ ધૂળિયા પાસે આવેલા આ મહાન તીર્થના પ્રભાવના કેટલાક નમૂના આ પ્રમાણે છે,-

"અમો કુટુંબ સહિત બલસાણા (જિ. ધુળિયા) તીર્થના અધિપતિ શ્રી વિમળનાથ ભગવાનની યાત્રાએ ગયા હતા. રસ્તામાં પુષ્કળ વરસાદથી મોટર બગડી પેટ્રોલ ખલાસ થયું. આરતી કરવાની ભાવના ઘણી હતી. વિમળનાથ દાદાના પ્રભાવે નેર ગામમાંથી પેટ્રોલ મળી ગયું, ને મોડું થયું હોવા છતાં આરતી સમયે પહોંચી ગયા. પ્રતિમાજી અલૌકિક અને પ્રાચીન છે." "શ્રી વિમળનાથ ભગવાનના દર્શન પછીથી મને જે ઉઠતાંની સાથે ઉધરસ ચઢતી હતી તે બંધ થઈ ગઈ." "મારા ધર્મપત્નીના હાથે કોઈ વસ્તુ ઉપડતી નહોતી તે હવે દાદાના દર્શનથી ઉપડતી થઈ." "ત્યાંના મહારાષ્ટ્રીયનો ધંધા પર જતા પૂર્વે દાદાના દર્શન કરે છે. દર્શન ન કર્યા હોય અને દુકાન ખોલે તો આખો દિવસ નકામો જાય છે એવું એ લોકો કહે છે."

● **રાણપુર (સૌરાષ્ટ્ર) :** ગચ્છાધિપતિ વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવેશશ્રી



વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તી પૂ.ગણિવર્યશ્રી કુલચંદ્રવિજય મ. આદિની નિશ્રામાં ચાતુર્માસિક તથા પર્વારાધન ખૂબ અનુમોદનીય રહ્યું. માસખમણ સિદ્ધિતપ આદિ અનેક તપસ્યા, સાત છોડનું ઉદ્યાપન, એકવીશ દિવસીય શ્રી જિનભક્તિ મહોત્સવ આયોજન આદિ સવિશેષ પ્રભાવક બન્યા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૬,તા.૧૩-૧૦-૧૯૯૦

## ચારિત્રના સંકલ્પથી સિદ્ધિ

શિહોરમાં ગોપાળજી દયાળજીના પ્રપૌત્ર છોટાલાલના ધર્મપત્ની ભાનુમતિબેનની કુક્ષિમાં સુપુત્રી જન્મ્યા. નામ રમાબેન રખાયું. સોળ વર્ષની યુવાનીમાં સામાન્ય નિમિત્તથી આખો દેહ દાઝી ગયો. દિનપ્રતિદિન રોગે ઉગ્રતાનું સ્વરૂપ ધારણ કર્યું. કાળ ક્યારે ફાળ મારી રમાબેનને ઉપાડી જશે તે કલ્પી શકાતું ન હતું. અદ્ભુત સમતાથી સહન કરી રહેલા રમાબેને ફઈબાની પ્રેરણાથી અનાથી મુનિની માફક સંકલ્પ કર્યો, 'આ વ્યાધિ વિખરાઈ જાય અને ફરી જો મને નવજીવન પ્રાપ્ત થાય તો મોંઘેરા માનવજીવનને સંયમની સાધના દ્વારા સફળ કરીશ." ઈચ્છાયોગના પણ આ ધર્મનો કેવો ચમત્કાર ? રમાબેન મૃત્યુના મુખમાંથી પાછા ફર્યા. પ્રણિધાનમાંથી પ્રવૃત્તિ આવી. એ રમાબેન મટી સાધ્વીશ્રી હંસાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી હંસકલાશ્રીજી બન્યા. જ્ઞાન-ધ્યાનની અપ્રમત્ત આરાધના સાથે જ ત્યાગપૂર્વકના ૩૬ ઉપવાસ, માસખમણ, સિદ્ધિતપ, ચત્તારિ-અટ્ઠ-દસ-દોય, વર્ષીતપ, વર્ધમાન આયંબિલની ૮૮ ઓળી સહ ૫૩૫ આયંબિલ પૂર્ણ કર્યા. આજે પણ સંયમ સાધનાની મસ્તીમાં છે.

## ભાવનગરમાં શિબિરનો ગરમાગરમ રંગ ૨૦૦૦ યુવાનોમાંથી પાનપરાગ અને ગરબાને દેશવટો

પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજની જોશીલી અને જાદુગરી જબાને ભાવનગરની પ્રજા અને બહારનાઓને એવું ઘેલું લગાડ્યું છે કે આ વખતની શિબિરનો સમય સવારના ૯ વાગ્યાનો હોવા છતાં ૭ વાગ્યાથી યુવાનોની લાઈન શરૂ થવા માંડી હતી... લગભગ ૮-૩૦ વાગે બધું ય ભરાઈ ગયું... દર વખતે હોલની બહારના મંડપમાં ૨૦૦ જેટલા યુવકો બેસતા હતા... આ વખતે મંડપ મોટો બનાવેલો... એટલે ૪૦૦ ઉપરાંતની સંખ્યા બહાર હતી...

જેની વિઝિટ ફી દિવસના ૨૦૦ રૂા. રાતના ૪૦૦ રૂા. છે એવા ભાવનગરના બહુ મોટા હાર્ટ સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરે આ શિબિરમાં પોતાના દશેક ડૉક્ટરો સાથે આવવાની ખાસ માંગણી કરેલી... પણ બહારગામના યુવાનો ય એટલા જ પ્રમાણમાં આવવાના હોવાથી એમની સાથે બીજા બે ડૉક્ટરોને પ્રવેશ આપ્યો.

પહેલા પ્રવચનમાં 'સંપત્તિના ક્ષેત્રે ક્યાંક અટકો અથવા તો ક્યારેક અટકો' એ વિષય ખૂબ સારી રીતે લીધો...છેલ્લી શિબિરમાં ૨૦૦૦ યુવાનો સાથે સકળ સંઘની ચૈત્યપરીપાટીની ગણતરી છે...એમાં આવનાર તમામને નવકારશી કરાવવાનો સંપૂર્ણ લાભ લેવા શિબિરના વિદ્યાર્થીઓની માંગણી આવી. એમણે રૂા. ૧૦૦ની એક સ્લીપ બનાવી જાહેરાત કરી ૧૦૦થી વધારે રકમ કોઈની લેવાની નથી...

શિબિરની સમાપ્તિ સ્થળ પર જ રૂા. ૨૫૦૦૦ જેટલી રકમ તો આવી ગઈ...બીજા દિવસે ૪૦૦૦૦ રૂા. આવી ગયા છે.

અત્રે ભાવનગરમાં તમાકુવાળા માવા ખાવાનું જે દૂષણ છે એ આખા સૌરાષ્ટ્રમાં ક્યાંય નથી...સગા બાપની સ્મશાનયાત્રા નીકળી હોય તો એમાંય માવો ખીસામાં રાખીને જ નીકળનારાની સંખ્યા બહુ મોટી છે...શિબિરના ૨૦૦૦ યુવકોમાંથી કદાચ ૧૦૦-૫૦ યુવકો માવો નહિ ખાતા હશે.

આ દૂષણને નજરમાં રાખીને બીજું પ્રવચન એના પર રાખેલું... **'પેટ એ તો તિજોરી છે, ઉકરડો નથી. મા-બાપની સામે બળવો કરનારા તમે માવાની તરફ ઝુકી ગયા છો...'** વગેરે વાતો ખૂબ લાગણી સાથે કરી...યુવાનો રડ્યા અને જ્યારે નિયમ માટેની વાત કરી ત્યારે લગભગ સહુના હાથ જોડ્યા... ૧/૧ મહિનામાં ૧૦૦૦ રૂા.ના માવા ખાનારાઓ પણ આ નિયમમાં આવ્યા, તો છેલ્લા ૨૫/૨૫ વરસથી રોજના ૨૦/૨૦ માવાઓ ખાનારા પણ આમાં જોડાયા.

નિયમ લેનારા યુવકોના માબાપને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તેઓએ સમાચાર આપનારને વધામણીમાં માંગે તેટલા રૂપિયા આપવાની વાત કરી...એક યુવકના વડીલ ભાઈએ તો માવા છોડવા બદલ પંચાહ્નિકા મહોત્સવ ગોઠવવાની વાત કરી...કેટલાકના ઘરે તો વડીલોએ ઘરમાં દીપક પ્રગટાવી પરીવારને ભેગો કરી નવસ્મરણના જાપ કર્યા...ઘરઘરમાં પ્રસન્નતાનું વાતાવરણ છવાઈ ગયું !!

નવ વાગે શરૂ થયેલ શિબિર લગભગ ૧ વાગે પૂરી થઈ...આ વખતે ૨૦૦૦ જેટલા યુવાનો હતા...આવતી શિબિરમાં હજી સંખ્યા વધશે એટલે બહારનો મંડપ મોટો કરવાની વાત ચાલે છે.

તા.૧૪-૧૦ની છેલ્લી શિબિર તો કદાચ ચોગાનમાં ખુલ્લા મંડપમાં જ કરવી



પડશે એમ લાગે છે. એ શિબિરમાં પૂ.વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ.પં.શ્રી પદ્યુમ્ન મ. વગેરે સહુ મુનિભગવંતો પધારવાના છે...

હવેની શિબિરમાં આવવા માટે ડૉક્ટરો, વકીલો, બેંક મૅનેજરો વગેરેનો પુષ્કળ ધસારો છે. ગમે તેમ કરીને સમાવેશ કરી લેવાની ગણતરી છે.

નવરાત્રીના દાંડીયા અને માવા આ બંનેના જાલિમ પ્રદૂષણમાંથી છૂટેલા યુવાનો હજી ૩/૪ શિબિર લંબાવવાની માંગણી કરે છે પણ એ શક્ય બને તેમ નથી... તળાજા, મહુવા, કુંડલા, સોનગઢ, સિહોર, લીમડી, પાલીતાણા, સુરત, રાજકોટ, મોરબી, મુંબઈ વગેરે સ્થળોએથી દરેક શિબિરમાં યુવાનો અચૂક આવે છે. ૧૬ જેટલા વર્તમાનપત્રોના પત્રકારોએ સામેથી આ શિબિરમાં આવવાની ઈચ્છા વ્યક્ત કરી છે... એમને આમંત્રણ અપાશે અને કદાચ એ બધા ય હવે પછીની શિબિરમાં આવશે.

● **ભાવનગર :** અત્રે દાદાસાહેબ સોસાયટીમાં પૂ. સ્થવીર મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ.શ્રીની નિશ્રામાં વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.શ્રી દ્વારા રવિવારીય શિબિરો સુખરૂપ ચાલી રહી છે. આસો સુદ-૪ની શિબિરમાં ૨૨૦૦ વિદ્યાર્થીઓની હાજરી હતી...હોલની બહારનો મંડપ મોટો બનાવ્યો હોવાથી વિદ્યાર્થીઓનો સમાવેશ કરાવવામાં ખાસ વાંધો ન પડ્યો...

પહેલા પ્રવચનમાં વિષય રાખ્યો હતો 'બ્રહ્મચર્ય'નો...બરાબર ૧।। કલાકના પ્રવચનમાં વિજાતીય સ્મરણદર્શન-સ્પર્શનનાં ક્રમ, એકાંત, અંધકાર, અતિ પરિચયની ભયંકરતા, પાણી (વાસના) બરફ (પ્રેમ) વરાળ (ભક્તિ)ની વિસ્તૃત છણાવટ કરીને પછી પૂ. મુનિપ્રવરશ્રીએ માંગણી મૂકી હતી. 'જીવનભર પરસ્ત્રીગમન-વેશ્યાગમનના ત્યાગની !' લગભગ ૯૦% થી ઉપરના વર્ગે જ્યારે એ અંગેના નિયમ માટે હાથ ઊંચા કર્યા ત્યારે વ્યાખ્યાતા મુનિવરશ્રીની આંખમાં પણ હર્ષના આંસુ આવી ગયા...

અત્રે આસો સુદ-૧૫ (શરદ પૂનમ)ની રાત્રે માત્ર ભાવનગરમાં જ **રૂા. ૧૦ લાખનું ઊંધીયું અને દહીંવડા ખવાય છે.** એના જલસા પાછળ વ્યભિચાર પણ એટલો જ પોષાય છે...બીજા પ્રવચનમાં 'સુખ શેમાં ?' એ વિષયની અંદર આ વાતને આવરી લેવાઈ.

શાશ્વતી ઓળી, એની પૂનમ, તદુપરાંત ધર્મચક્રતપના ૬૫૦ આરાધકોનો છેલ્લો દિવસ, રાત્રિભોજન, કીડા વગેરેનો સંપાત...વગેરે વાત મૂકાઈ જોરદાર રીતે આ વાત ! અને તમામે તમામ વિદ્યાર્થીઓએ એના ત્યાગ માટે કરી દીધા

ઊંચા હાથ !!

નવરાત્રિના ગરબા આખા ભાવનગરમાં અત્યારે નિરસ થઈ ગયા છે...૯॥ વાગે શરૂ થતાં ગરબા પબ્લિકના અભાવે ૧૧॥ પહેલા લગભગ ચાલુ થતા નથી... જ્યાં ચાલે છે ત્યાં જમાવટ નથી...૩૦૦ની ટિકિટ ૩૦માં કોઈ લેનાર નથી.

બસ, એ જ રીતે આ ઊંધીયાના નિયમની અસર શરૂ થવા લાગી છે... દુકાનદારોએ શાકનો કવોટા અત્યારથી જ ઘટાડી દીધો છે...ભાવો તૂટવા લાગ્યા છે...લાગે છે કે પૂનમે આમાં ય જોરદાર મંદી આવી જવાની...

શિબિરની શરૂઆત પહેલા આટલી જંગી સંખ્યાની અને આટલા બધા જોરદાર પરિણામની મુનિરાજશ્રી ખુદને કલ્પના નહોતી પણ ગુરુકૃપા આવા ચમત્કારો ન સર્જે તો જ આશ્ચર્ય !

છેલ્લી શિબિરમાં યુવાનો તરફથી સંઘ ભક્તિ કરવાની ટહેલને ખૂબ જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે...૬૫૦૦૦ જેટલી રકમ તો આવી ગઈ છે. કદાચ હવે રકમ લેવાનું બંધ કરવું પડશે તેમ લાગે છે...છેલ્લી શિબિરમાં કદાચ ૨૫૦૦ની સંખ્યા થઈ જાય તો ના નહીં એમ લાગે છે...

એક ભાઈની ઈચ્છા અત્રેથી ૨૦૦/૩૦૦ યુવકોને પાલીતાણા સુધી ચાલતા આવે તો પોતાના ખર્ચે લઈ જવાની છે...ગઈકાલની શિબિરમાં સામાન્યથી આ વાત મૂકાઈ ટૂંક સમયમાં એટલી સંખ્યા થઈ જવા સંભવ છે...

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૮,તા.૩-૧૧-૧૯૯૦

● **ભાવનગર :** વર્ધમાનતપોનિધિ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. દેવસુંદરવિજય મ.શ્રીની નિશ્રામાં તેઓશ્રીના શિષ્ય વ્યાખ્યાતા મુનિવરશ્રી રત્નસુંદરવિજય મ.ના અત્રે રવિવારિય શિબિર વ્યાખ્યાનો ચાલુ છે.

છેલ્લી શિબિરનો અગાઉથી જે કાર્યક્રમ જાહેર થયો હતો તદનુસાર સવારના છ વાગે સકળ સંઘની ચૈત્યપરિપાટી નીકળવાની હતી... સવારના પાંચ વાગ્યાથી યુવાનોનું આવવાનું ચાલુ થઈ ગયું... દિવાળી પહેલાનો રવિવાર અને વહેલી સવાર, લોકોનું અનુમાન એમ હતું કે ચૈત્યપરિપાટીની પૂર્ણાહુતિ વખતે કદાચ ત્રણેક હજારની સંખ્યા થઈ જશે...

પણ સવારના ૬॥ વાગે જ્યારે નીકળ્યા ત્યારે પાંચ હજારની જંગી મેદની હાજર થઈ ગઈ હતી... યુવાનો તો સફેદ વસ્ત્રોમાં સજ્જ હતા જ પણ આ રથયાત્રામાં યુવાનો ૧૪ સફેદ મારૂતીકાર લઈ આવ્યા હતા... એના પર ૧૪ સ્વપ્નોનાં ખૂબ સુંદર ચિત્રો આકર્ષક રીતે ગોઠવ્યા હતા... રાજસ્થાનનું બેંડ, રાસમંડળી-કુમારપાળ મહારાજનો રથ, ઘોડેસવારો, ભાલાઓ લઈને ચાલતા સૈનિકો, પાઠશાળાના બાળકોનું બેંડ, યુવાનોના જોરદાર દાંડીયારાસ વગેરેના કારણે શોભાયાત્રા ખૂબ જામી...

નૂતન ઉપાશ્રયે પહોંચ્યા અને પૂ.આ. શ્રી વિજય હેમચન્દ્ર સૂ.મ. તથા પુ. પંન્યાસપ્રવરશ્રી પ્રદ્યુમ્નવિજય ગણિ મ. વગેરે સહુ જોડાયા... બે દેરાસરોના દર્શન કરીને દાદાસાહેબ આવ્યા ત્યારે વાગ્યા હતા સવા નવ અને માણસોની સંખ્યા હતી નવ હજાર ઉપર !

બધાયને નવકારશી કરાવી... અડધા જેટલા શિબિરાર્થીઓ તો વાપર્યા વિના સીધા પ્રવચન મંડપમાં જ ગોઠવાઈ ગયા... લગભગ ૩૦૦૦ નો સમાવેશ કરાતો મંડપ ૧૦ વાગ્યા સુધીમાં પેક થઈ ગયો...

પૂજ્ય આચાર્ય ભગવંતે અઠ્ઠમનું પારણું છેક ૯॥ વાગે કર્યું... સવા દશ વાગે તેઓશ્રીના મંગળાચરણથી શિબિરની શરૂઆત થઈ... ખૂબ સુંદર શબ્દોમાં તેઓશ્રીએ વક્તવ્ય આપ્યું... સંગીતકાર હિમાંશુ, ઢોલી સુભાષ, ચારણકવિ રામભાઈ કાગ વગેરેએ રંગમ જમાવી... પૂ. પં. શ્રી પ્રદ્યુમ્ન વિજય મહારાજે ૩૦ મિનિટના પ્રવચનમાં શિબિરાર્થીઓને ખૂબ પ્રેરક વાતો કરી... સવા બે કલાક પૂ. વ્યાખ્યાતા મુનિવરશ્રી રત્નસુંદરવિજય મ. શ્રીનું પ્રવચન ચાલ્યું.

બીજા પ્રવચનમાં યુવાનોને સાધર્મિક ભક્તિ અંગેની ખૂબ સુંદર યોજના સમજાવાઈ. ઘરે પેટી રાખો... રોજ એમાં એક રૂપિયા નાખો... આવા ૨૦૦૦ યુવાનો તૈયાર થઈ જાય તો ભાવનગરના એક પણ સાધર્મિકને આર્થિક મુંઝવણ ન રહે...

તાળીઓના ગડગડાટ સાથે યુવાનોએ આ વાતને વધાવી તો લીધી પણ પ્રવચન બાદ એક શિબિરાર્થીએ સામેથી માંગણી કરી કે ૨૦૦૦ પેટીઓનો લાભ મને જ આપો...

આ રકમની વ્યવસ્થા માટે કમિટી નીમાઈ ગઈ અને એ યુવકની પેટીનો લાભ લેવાની માંગણી સ્વીકારાઈ ગઈ...

૧૦ વાગે શરૂ થયેલી શિબિર છેક ૩॥ વાગ્યા સુધી પહોંચી અને બરાબર ચાર વાગે 'ઓ ત્રિશલાના જાયા, માંગુ તારી માયા' એ ગીત પર સંવેદન ચાલુ

કર્યું... ૨૫ મિનિટ સુધી ચાલેલા આ સંવેદનમાં સહુ ધ્રૂસકે ધ્રૂસકે રડ્યા. પાટ પરથી ઊભા થઈને આસને આવતા પૂ. મુનિરાજશ્રીને ભારે તકલીફ પડી... પગ પકડી પકડીને યુવાનો રડતા હતા...

પંદર મિનિટ સુધી આ કરુણ દૃશ્ય ચાલ્યું. સવારના પાંચ વાગે ઘરેથી નીકળેલા યુવાનો છેક સાંજના છ વાગે ઘરે પહોંચ્યા...

આમ તો પાલીતાણા ૨૦૦/૩૦૦ યુવાનોને જ લઈ જવાની વાત હતી પણ પૂ. મુનિરાજશ્રીના સંસારી ગામ દેપલાવાળા ઓતમચંદભાઈ તથા જમનાદાસ ભાઈએ એવી વિનંતી કરી કે ૫૦૦ યુવાનો + ૧૫૦ ચતુર્વિધ સંઘના સભ્યો એમ ૬૫૦ની સંખ્યા લઈને નીકળીએ તો સંઘ નીકળ્યો કહેવાય...

આમ કારતક વદ છઠ્ઠથી શરૂ થતા યુવાનોના પદયાત્રા સંઘમાં યુવાનો સિવાયના ૧૫૦ માં લગભગ ૩૦/૩૫ સાધુ-સાધ્વી... ઉપરાંત ૧૨૦ શ્રાવક-શ્રાવિકાઓ લેવાનું નક્કી થયું છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૧૦/૧૧,તા.૨૪-૧૧-૧૯૯૦

● **ભાવનગર :** અત્રે દાદાસાહેબ જૈન સોસાયટીમાં બિરાજમાન પૂ. દેવસુંદરવિજય મ.ની પૂનિત નિશ્રામાં વ્યાખ્યાતા પૂ. મુનિવરશ્રી રત્નસુંદરવિજય મ. ના દૈનિક અને શિબિર વ્યાખ્યાનથી પ્રભાવિત થયેલ એક અગ્રગણ્ય જૈન વ્યાપારીના પત્રમાંથી તારવેલું :

"ચાતુર્માસમાં આવા મુનિઓ આવી જાય તો (ધર્મ) બગીચો ફુલ્યો ફળ્યો રહે. શિબિર માટે શું લખું ? લખવાને શબ્દો નથી. એ લાગણી, એ ઉત્સાહ, એ પ્રેમ, એ દિલના ઝરણાં, એ હર્ષોલ્લાસ ઝાલ્યા ન રહે. છેલ્લી શિબિરમાં ૪૫ મિનિટ સુધી મુનિરાજશ્રીનું સંવેદન-કલ્પાંતવર્ણન, ૨૨૦૦ શ્રોતાઓની આંખો અશ્રુથી તરબોળ, હીબકે હીબકે રૂદન, પાપના પ્રાયશ્ચિત્તની પરિણતિધારા પૂજ્ય વ્યાખ્યાતા મુનિવરનું સૌના પ્રત્યે વાત્સલ્ય, એકલી કરુણા, હાર્દિક પ્રેમ, અત્રેના આચાર્યશ્રી-પંન્યાસજી આદિને મુખ્ય કરે - અરસપરસ સાધુઓમાં અને વિદ્યાર્થીઓમાં બહુ જ ઊંડી સારી પ્રભાવક છાપ પડી.

● **ભાવનગર :** અત્રે વર્ધમાનતપોનિધિ ગચ્છાધિપતિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. શ્રીના શિષ્યરત્ન મુનિવરશ્રી દેવસુંદર વિજય મ. શ્રીની નિશ્રામાં વ્યાખ્યાતા પૂ. મુનિવરશ્રી રત્નસુંદર વિજય મ. શ્રીની રવિવારીય



પાંચ શિબિરો અત્યંત ઉલ્લાસપૂર્વક સમાપ્ત થઈ.

(૧) વર્ધમાનતપના એક એક નવા પાયાવાળાને રૂા. ૮૨૫ જેટલી પ્રભાવના થઈ એમાં ૨૫/૨૫ રૂપિયાની પ્રભાવના એક મુસ્લિમ યુવક તરફથી હતી... એને પાનની દુકાન છે... અત્રે શિબિરાર્થીઓને માવાની બાધા આપી પછી બે-ચાર દિવસ બાદ વ્યાખ્યાન મુનિવર દ્વારા એને પૂછાયું કે 'તારી ઘરાકી મેં તોડી નાખી ?" તો એણે જવાબ આપ્યો કે "સાહેબ ! દુકાન બંધ કરાવી દો ને ! મારા એવા સદ્ભાગ્ય ક્યાંથી ?" એ રોજના પ્રવચનોમાં આવે છે. દિવાળીના ૧૫૦ છઠ્ઠ થયા તો એમાં ય એની પ્રભાવના હતી... જિંદગીમાં એણે ક્યારેય માંસ ખાધું નથી...

(૨) દિવાળીના રાતના દેવવંદનમાં આ વખતે ૫૦ ઉપરાંત યુવકો હતા. અઢી વાગે પ્રભુવિરહની વાતો સાંભળતા સહુ રડ્યા. દેવવંદન ખૂબ ઉલ્લાસપૂર્વક થયા...

(૩) કારતક વદ-૨ ના ભવ્ય સ્નાત્રમહોત્સવના આયોજનમાં ૧૦૦૦૦ ની પબ્લિક થવા સંભવ છે. જે ભાઈ તરફથી મહોત્સવ છે એમનો ઉત્સાહ અમાપ છે... એક જ દિવસમાં કદાચ રૂપિયા દોઢેક લાખ વાપરશે એમ લાગે છે.

(૪) છેલ્લી શિબિરમાં પૂ. વ્યાખ્યાતા મુનિવરે સંવેદન ખૂબ દર્દભર્યું રજૂ કર્યું એ પછી એમની પાસે રોજેરોજ યુવકોના ટોળેટોળા આવવાના ચાલુ થયા છે. તમાકુ, સિગરેટ, કંદમૂળ, સિનેમા, દારૂ વગેરે ત્યાગની પ્રતિજ્ઞાઓ રડતા રડતા લીધી... ઘરે જઈને યુવકો પોતાના મા-બાપના ખોળામાં માથું મૂકીને રડ્યા... પૂજ્ય મુનિવરશ્રી વ્યાખ્યાન બાદ સ્ટેજ પરથી ઊભા થઈ ગયા બાદ સ્ટેજ આગળ આવીને યુવકો રડ્યા માથા પછાડવા લાગ્યા... માંડ માંડ શાંત રાખ્યા... પાંચ પાંચ મહિનાના પ્રવચનોએ જે અસર ઊભી ન કરી એ અસર પાંચ શિબિરમાં ઊભી થઈ ગઈ. અને પાંચ શિબિરમાં જે અસર ન થઈ એ છેલ્લી શિબિરના પચીસ મિનિટના સંવેદનમાં ઊભી થઈ ગઈ.

(૫) રોજ વહેલી સવારના સામાયિક અને એમાં સૂત્રો ગોખવાનું પણ યુવકોએ શરૂ કર્યું છે... અષ્ટપ્રકારી પૂજા કરવાનું હવે ચાલુ થશે. કારતક વદમાં યુવાનોની ભાવનગરથી શત્રુંજયની પદયાત્રા માટે પણ રણશીંગા ફૂંકાઈ ગયા છે.

## ● બાળકોની જીવદયા

● **કોઈમ્બતુર :** આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અત્રે કુમારપાળ રાજાની આરતીનો કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાયો. એ વખતે કોઈમ્બતુર

નિવાસી કલ્પેશ જયંતિલાલ બાફના ઉં.વ. ૧૧ આશિષ અશોકકુમાર મહેતા ઉં.વ. ૯ એ સંન્યાસીનો વેશ આબેહૂબ ભજવ્યો. સાધ્વીજી મ. શ્રી અનંતકીર્તિશ્રીજી મ. શ્રી આદિ ઠા. ની પ્રેરણાથી જૈનોની અલગ અલગ દુકાને જઈ આ બંને બાળકોને જીવદયા માટેના રૂા. ૩૦૦૦/- ઉપરની રકમ એકઠી કરી છે. આ બંને બાળકોને બે-ત્રણ દિવસ આ માટે બજારમાં ફરવાનું કર્યું હતું. નાના આ બાળકોની જીવદયાની માગણીની અત્રે બહુ સારી છાપ પડી છે.

## ● ધાર્મિક ટ્રસ્ટોને ગિફ્ટ ટેક્સ લાગુ નહિ પડે

યુ.એન.આઈ. મુંબઈ, તા. ૨૨ ઑક્ટોબર

ઓલ ઈન્ડિયા જૈન યુવક કોન્ફરન્સના એક પ્રતિનિધિ મંડળને કેન્દ્રના નાણાપ્રધાન શ્રી મધુ દંડવતેએ ખાતરી આપી છે કે ધાર્મિક ટ્રસ્ટોને બક્ષિસવેરો ખરડા ૧૯૯૦ ના કાર્યક્ષેત્રમાંથી બાકાત રાખવામાં આવશે.

આ પ્રતિનિધિમંડળે ગઈ કાલે નાણાપ્રધાનની મુલાકાત લઈને ધાર્મિક ટ્રસ્ટો તથા મંદિરો પર પડનારી બક્ષિસવેરાના ખરડાની અસરો વિશે તેમજ જૈનોને પડતી મુશ્કેલી વિશે વિગતવાર ચર્ચા કરી હતી.

વ્યાપાર તા. ૨૪-૧૦-૯૦ ના ઉપરના સમાચારથી ધર્મીજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

● **સુરત :** સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પુનીત આજ્ઞા અને મંગળ આશીર્વાદથી પ્રશાંતમૂર્તિ પૂ.પં. શ્રી ધનેશ્વરવિજયજી ગણિવર મ. તથા પ.પૂ. ગણિવર્ય શ્રી જગવલ્લભવિજયજી મ. આદિ ઠાણા ૬ ના અત્રે મંગળ પ્રવેશથી શ્રી સંઘમાં આરાધનાનો અપૂર્વ ઉલ્લાસ જાગૃત થયો.

૧૦૮ પાર્શ્વનાથ ભગવંતના સામૂહિક અઠ્ઠમ તપની આરાધનાપૂર્વક ૨૮૦ ની વિશાલ સંખ્યામાં તપસ્વીઓ ૮૨ દિવસની સુદીર્ઘ મહામંગલકારી શ્રી ધર્મચક્ર તપની સાધનામાં સામેલ થયા.

નાનપુરા શ્રી સંઘમાં વિશાલ ઉપાશ્રયનાં નિર્માણ માટે ૮૫૦ વારની વિરાટ ભૂમિ પ્રાપ્ત થઈ તો સાથે જ તેના માટે ૬૦ લાખ જેવી માતબર રકમના દાનની જાહેરાત થઈ.

શ્રી સંઘે સામુદાયિક રીતે પરમાત્મા ભક્તિ નિમિત્તે શ્રી પંચનમસ્કારચક્ર મહાપૂજન, શ્રી ૬૮ તીર્થ મહાપૂજન, ભવ્ય સત્કાર સમારંભ ને દિવ્ય રથયાત્રાયુક્ત



અદ્ભુત દશાહ્નિકા મહોત્સવનું આયોજન કર્યું...

આ અવસર્પિણી કાળમાં ધર્મચક્રતપનું પ્રવર્તન કરનાર રાજકુમારી કનકશ્રી બનીને વરઘોડામાં વર્ષીદાન આપવાનું ને પારણાને દિવસે સર્વ તપસ્વીઓને પ્રથમ પારણું કરાવવાના લાભની ઉછામણી સુંદર થઈ.

ધર્મચક્રવર્તી પરમાત્માની ભવ્ય રથયાત્રામાં સૌ પ્રથમ સ્ટીમર આકારના ટેમ્પોમાં બેસીને હરિણૈગમેષી દેવ દ્વારા સુઘોષા ઘંટનો મંગળનાદ થતો હતો. ત્યારબાદ હાથી, ચંદ્રમુખી ધર્મચક્ર, સૂર્યમુખી ધર્મચક્ર, ૨૧ અશ્વસવારો, નાચનારા બે અશ્વો, ઈન્દ્રધ્વજા ૧૦૦૮ મંગલ કુંભ લઈને ચાલતી બેનો, ૧૭ બગીઓ સાંબેલાઓ અને એક સરખી રીતે શણગારાયેલાં આકર્ષક ટેમ્પાઓમાં આરામખુરશી ઉપર બેસેલા તપસ્વીઓ, નાગફણાયુક્ત અતિ આકર્ષક રીતે બનેલી બગીમાં ચઢાવો લઈને કનકશ્રી બનેલા દીપિકાબેન-પ્રીતીબેન દ્વારા અપાતું વર્ષીદાન શહનાઈવાદકો ડફવાદકો સંગમનેરની ઝાંઝ મંડળી, રાજકોટની દાંડીયારાસ મંડળી, સુરતનું પ્રસિદ્ધ રજાક બેન્ડ, ભારત બેન્ડ, નવસારીનું જયરણછોડ બંસી બેન્ડ, સૈકી સ્કાઉટ બેન્ડ, જુન્નર બોર્ડિંગના ધર્મચક્રના ધ્વજધારી સુસંસ્કારી બાળકો, પાર્લાનું સુપ્રસિદ્ધ બુદ્ધિસાગરસૂરિ જૈન બેન્ડ, પૂ.આ. શ્રી વિજય હિરણ્યપ્રભસૂરીશ્વરજી મ.સા. પૂ.આ. શ્રી વિજય વીરશેખર સૂરિ મ.સા. આદિ સર્વ સમુદાયના ગુરુભગવંતોની વિશાલ સંખ્યામાં ઉપસ્થિતિ. માથે સાફા પહેરીને ચાલતા ૧૦૮ શ્રેષ્ઠીઓ, વિશાલ જનસમુદાય, પેટલાદનું સુવિખ્યાત એ વન સમ્રાટ બ્રાસ બેન્ડ, ૬૪ ઈન્દ્રો દ્વારા ખેંચાતો ધર્મચક્રવર્તી પાર્શ્વનાથ પ્રભુનો રથ, તે પછી ૫૬ દિક્કુમારીઓ ૯ ઋષભો દ્વારા વહન કરાતો મંત્રાધિરાજ પાર્શ્વનાથ પ્રભુજીનો રથ, વિશાલ શ્રમણીવૃંદ ને શ્રાવિકા બહેનો. આ રીતે રથયાત્રાનું આયોજન અતિ ભવ્ય થયું હતું.

વરઘોડો જ્યારે કૈલાસનગર વિસ્તારમાં આવ્યો ત્યારે **"પંખીદીયે સુપ્રદક્ષિણા"** એ અતિશય પણ દષ્ટિગોચર થયો. એક સાથે અનેક સમડીઓ આવી અને પ્રભુજીના રથની ઉપર પ્રદક્ષિણા દેવા લાગી. તે સમયે ફરીથી રીમોટ કંટ્રોલ વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. લોકો કહેતા હતા કે આટલી સમડીઓ તો એક સાથે ક્યારેય જોઈ નથી...

૨-૧/૨ કિ.મી. લાંબી ને ૧૧ કિ.મી. સુધી ફરેલી રથયાત્રા નૂતન ઉપાશ્રય પાસે પાછી ફરી. માંગલિક થયા બાદ શ્રી સંઘ તરફથી થયેલા સ્વામિવાત્સલ્યમાં પણ પ્રાયઃ ૨૭ થી ૩૦ હજાર ભવ્યાત્માઓની ભક્તિનો લાભ મળ્યો.

● **ભાવનગર :** અત્રે દાદા સાહેબ સોસાયટીમાં ગચ્છાધિપતિ વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ.

સ્થવિર મુનિભગવંત શ્રી દેવસુંદરવિજય મ. શ્રી તથા એમના શિષ્યરત્ન પૂ. વ્યાખ્યાતા મુનિવર શ્રી રત્નસુંદરવિજય મ.નું ચાતુર્માસ શાસનપ્રભાવના, ધર્મપ્રભાવનાપૂર્વક સુંદર પૂર્ણ થયું.

કારતક વદ-૨ ના રોજ મહોત્સવ જેવું વાતાવરણ સ્નાત્રમાં જામી ગયું... નૂતન ઉપાશ્રયથી પૂ.આ.ભ. શ્રી હેમચન્દ્ર સૂ.મ. પૂ. પ્રદ્યુમ્ન મ. વગેરે ૮।। વાગે પધારી ગયેલા... ૯ થી ૧૦। બંને સ્થળના મહાત્માઓનું સંયુક્ત પ્રવચન થયું... બરાબર ૧૧। વાગે સ્નાત્રની ઉજવણી ચાલુ થઈ... અતિ ભવ્ય સ્ટેજ, વિશાળ મંડપ, લલિતભાઈ ધામીની હાજરી... પ્રભુના જન્મ વખતે તો તપોવનની ભવ્ય અંજનશલાકા જેવું વાતાવરણ સર્જાયું... ૧૧૦૦૦ ની જંગી પબ્લિક જે હર્ષોલ્લાસથી નાચી છે, એ જોતા સહુની આંખમાંથી હર્ષના આંસુ ચાલ્યા... રોક્યા રોકાય નહીં, બેંડ-વાજા, ખંજરી, નગારા, મંજીરા, થાળી, શરણાઈ, વગેરેના નાદોથી વાતાવરણ જબરદસ્ત જામ્યું... આટલી વિશાળ પણ દાદા સાહેબની જગ્યા સાંકડી પડી... જગ્યાના અભાવે લોકો ઝાડ પર ચડી ગયા. બોર્ડિંગની દીવાલ પર, બારીના સળિયાઓ પકડીને બેસી રહ્યા... ૪।। વાગ્યા સુધી સ્નાત્ર ચાલ્યું... કોઈ ઊઠવા તૈયાર નહીં... સ્નાત્રમાં વચ્ચે જીવદયાની ટીપ અંગે પ્રેરણા થતાં રૂા. ૧,૧૨,૦૦૦ની જંગી રકમ લખાઈ... સ્નાત્ર મહોત્સવમાં જે પણ આવે એ તમામને આયોજક તરફથી જમવાનું આમંત્રણ હતું... ૪।। પછી ૧૧૦૦૦ માણસને જમાડવાનું ચાલુ થયું... સાંજના સૂર્યાસ્ત પહેલા જમણવાર વ્યવસ્થિત પૂરો થઈ ગયો. રાતના લલિતભાઈએ ભાવના જમાવી... લગભગ સાત હજારની પબ્લિક ! કોઈ ઊઠવા તૈયાર નહીં... ભાવનગરના ઇતિહાસમાં સ્નાત્રમહોત્સવમાં એકધારી આટલી પબ્લિક કદાચ પહેલીવાર બેઠી હશે... પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી પણ ખૂબ ગદ્ગદ થઈ ગયા... ચાલુ સ્નાત્રમાં ઊભા ઊભા બે વાર વ્યાખ્યાતા પૂ. રત્નસુંદર વિજય મ. શ્રીએ કેટલાક પદાર્થોની છણાવટ કરી તો જીવદયા અંગે પ્રેરણા કરવા ખુદ પૂ. આચાર્ય ભગવંતશ્રી પોતે ઊભા થયા... આયોજકની ઉદારતા ગજબનાક રહી... માત્ર એક દિવસમાં રૂા. દોઢેક લાખનો સદ્વ્યય કર્યો... લોકો પણ અનુમોદના કરતા થાકતા નથી... દાદા સાહેબ સોસાયટીથી ૪૦૦/૫૦૦ જણનું શત્રુંજય પાદ યાત્રા માટે શ્રી યાત્રા સંઘનું પ્રયાણ ભવ્ય રીતે થયું છે.

## સચિત્ર જૈન તત્ત્વજ્ઞાન પટ્ટોનું ઉદ્ઘાટન

• **મલાડ (ઈસ્ટ) :** પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરિજી મ.ની નિશ્રામાં સુસંસ્કારનિધિ ટ્રસ્ટ તરફથી



પ્રકાશિત જૈન તત્ત્વજ્ઞાનના ૧૫ રેક્ઝીન ચાર્ટોનું ઉદ્ઘાટન અમૃતલાલભાઈ ગોળાવાળા છબીલભાઈ ઘોટીવાળા, પુંડરીકભાઈ, લલિતભાઈ, ડીસા સંઘના પ્રમુખ રમણીકભાઈ... આદિ અતિથિ વિશેષના હસ્તે થયેલ છે.

આ ચાર્ટો સાથે નંદીશ્વરદ્વીપનો તથા નરક-વેદના અધિકારનો એમ બે નવા ચાર્ટ બનનાર છે. ૧૫ ચાર્ટોની કિંમત ૧૨૫૦/- છે. નવા થનારા બે ચાર્ટોની કિંમત ૨૦૦ છે.

**પ્રાપ્તિસ્થાન :**

(૧) કે.સી. શાહ, હીરસૂરિજી જગદ્ગુરુ જૈન ટ્રસ્ટ, દફતરી રોડ, દેનાબેંક પાછળ, મલાડ-ઈસ્ટ મુંબઈ-૪૦૦૦૯૭.

(૨) ભરતકુમાર ચતુરભાઈ શાહ, ૮૬૮, કાળુશીની પોળ, કાલુપુર, અમદાવાદ-૧.

(૩) શાહ નાનજી ધારશીની કું. ૨૩૮, નરસીનાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ડીલીવરી ડીસેમ્બર માસમાં મળશે.

## હોમ ટુ હોસ્પિટલ

આજના યુગમાં ઘેર ઘેર અભક્ષ્ય-અપેય પદાર્થો પ્રવેશ પામી ગયા છે. તેમાં બજારમાં મળતી હજારો વસ્તુઓની બનાવટમાં ત્રસજીવોની હિંસા રહેલી છે. સાલ્મેલા બેક્ટેરિયા જંતુઓ શરીરમાં ઘેરો ઘાલી રોગ ઊભા કરે છે. આ બધા અભક્ષ્ય પદાર્થોને-દવાઓને રેડસિગ્નલ આપતું આ પરિપત્ર ગુજરાતીમાં-અંગ્રેજીમાં-હિન્દીમાં મલાડ (ઈસ્ટ)થી મળશે. ૧૦૦ નકલના રૂા. ૫૦/- પોસ્ટેજ અલગ. સરનામું ઉપર મુજબ કે.સી. શાહ...

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૧૨,તા.૧-૧૨-૧૯૯૦

• **પાલનપુર :** પૂ.આ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અત્રે ઉપધાનતપની સુંદર પૂર્ણાહુતિ બાદ ઉપધાનમાળનો વરઘોડો, ઉપધાનની માળ આદિ પ્રસંગોની ભવ્ય આયોજન રાખવામાં આવેલ છે. સાથે જ મુંબઈની મુમુક્ષુ પુષ્પાકુમારી (B.Com.) તથા મુમુક્ષુ દીપાકુમારીની દીક્ષાઓ પણ ભવ્ય રીતે કરવાની તૈયારીઓ ચાલે છે. પૂ.શ્રી અત્રેથી વિહાર કરી રાજપુર (ડીસા) અને ડીસા પધારશે. ત્યાં પણ મુમુક્ષુ કુમારી અલ્પાબેન અને કુમારી ભારતીકુમારીની દીક્ષા ભવ્ય રીતે ઉજવવા તડામાર તૈયારીઓ ચાલે છે.

● **ભાવનગર :** ગચ્છાધિપતિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજય મ. શ્રીની નિશ્રામાં વ્યાખ્યાતા પૂ. રત્નસુંદરવિજય મ. શ્રી લિખિત ૫૦ મા પુસ્તકનો વિમોચન પ્રસંગ અત્રે દાદા સાહેબ સોસાયટીમાં ભવ્ય ઉજવાયો. એ પ્રસંગે પૂ.આ. શ્રી વિજય હેમચંદ્ર સૂ.મ., પૂ.પં. પ્રદ્યુમ્નવિજય ગણિ મ. ખાસ દાદા સાહેબ પધારેલા... ઉભય પૂજ્યોએ ખૂબ અસરકારક પ્રવચનો કર્યા... પબ્લિકનો સમાવેશ ન થઈ શકવાથી ઘણા પાછા ગયા...

બપોરના ૩-૪૦ મિનિટ સંઘ સાથે પૂજ્ય મુનિવર્યોનું પાલીતાણા તરફ પ્રયાણ હતું... અને છેલ્લું ૨-૧૫ થી ૩-૧૫ નું જાહેર પ્રવચન હતું... હોલની તાકાત ૨૨૦૦ ની અને માણસ થઈ ગયું ૪૦૦૦ ઉપર ! ઘણાં ય બહાર જ ઊભા રહી ગયા... પૂ. ગચ્છાધિપતિશ્રીના પૂ. વ્યાખ્યાતા મુનિવર પર આવેલા શુભેચ્છા પત્રની સભામાં વાત કરતાં પૂ. મુનિવરશ્રી તો રડ્યા પણ, આખીય સભા રડી... એ સિવાય ખૂબ લાગણીસભર શબ્દોમાં 'કાં તો ભગવાનની સાથે રહો અને કાં તો ભગવાનને સામે રાખો'ની વાત વ્યાખ્યાનમાં જોરદાર રીતે રજૂ થઈ.

આખી સભા સતત રડતી જ રહી... યુવાનોનો કલ્પાંત તો અત્યંત રહ્યો.

ગુરુવાર જેવો ચાલુ દિવસ છતાં ૩-૩૦ વાગે લગભગ ૫ થી ૬ હજારની મેદની દાદા સાહેબના પટાંગણમાં પૂ. મુનિવર્યોને વળાવવા હાજર થઈ ગયેલી...

બરાબર ૩-૪૦ મિનિટે પ્રયાણ થયું અને એ વખતે ધૂમ તાપમાં પૂ.આ. શ્રી વિજય હેમચન્દ્ર સૂ.મ., પૂ.પં. શ્રી પ્રદ્યુમ્ન વિજય ગણિ મ. પુનઃ નૂતન ઉપાશ્રયથી સંઘ પ્રયાણની શુભેચ્છા પાઠવવા પધાર્યા...

એમના આશીર્વાદ લેતા પૂ. વ્યાખ્યાતા મુનિવર રડી પડ્યા... એમની આંખમાંથી ય આંસુઓ ચાલ્યા... ઉપસ્થિત મેદની તો આ દૃશ્ય જોઈને સ્તબ્ધ જ બની ગઈ...

પ્રયાણ વખતનો આ ઉલ્લાસ કદાચ ભાવનગરના ઈતિહાસમાં પહેલી વાર હશે... પદયાત્રા સંઘમાં ૭૦૦ ની સંખ્યા હતી... પણ એક જ કિલોમીટર દૂર રાત્રિ મુકામ હતો ત્યાં બીજા ૧૫૦ યાત્રિકો આવી ગયા... 'હા પાડો કે ના પાડો, અમે પાછા જવાના નથી' એવી એ સહુની વાત હતી... રાતના ૧૧॥ વાગે એ સહુનો સમાવેશ કર્યો... બીજે દિવસે બીજા ૧૫૦ યાત્રિકો સામાન લઈને આવી



ગયા... કુલ ૧૦૦૦ યાત્રિકો થઈ ગયા... સંઘપતીઓ તો ૨૦૦૦ સુધીની સંખ્યા લેવા તૈયાર હતા પણ વ્યવસ્થાના અભાવે સહુને ના પાડવી પડી.

૬૦૦ ઉપરાંત પુરુષો એમાં ૫૦૦ જેટલા તો યુવાનો ! માર્ગમાં પણ પ્રવચનો તો ખૂબ જામ્યા, પણ અષ્ટપ્રકારી પૂજા અને સ્નાત્રના રહસ્યો ય ખૂબ જામ્યા. રાત્રિ ભાવના ય જોરદાર ગઈ...

છેલ્લા દિવસે ૧૭ કિ.મી.નો સળંગ વિહાર છતાં ૨ કલાક અત્રે ચાલેલા સામૈયામાં યુવાનો મન મૂકીને નાચ્યા.

સંઘપતિઓની ઉદારતા અવર્ણનીય રહી ! બીજે દિવસે દાદાના દરબારમાં જનાર પ્રત્યેક યાત્રિકને સંઘપતિ તરફથી શ્રીફળ-મોસંબી-સાકર-ચોખા-સવા રૂપિયો એમ મળીને રૂા. ૧૦ ની કોથળી અપાઈ... ૧૧-૫૭ મિનિટે ભારે ઉલ્લાસપૂર્વક માળારોપણ વિધિ થઈ... અને પછી યુવાનોની લાઈન લાગી...

જિંદગીમાં પહેલી જ વાર પૂજા કરનાર યુવાનોએ પૂજા કાયમ કરવાનો નિયમ લીધો તો એ સિવાય રોજ ૧ સામાયિક, ૧૫ મિનિટ ગોખવાનું, જિંદગીભર સદંતર પિક્ચરો બંધ, ખુલ્લા પગે ચાલવાનું, ૧૨ તિથિ બ્રહ્મચર્ય, દર વરસે રૂા. ૧૦૦૦૦ સુકૃતમા ખર્ચવાના, પાન બંધ, નિંદા બંધ, આવા પુષ્કળ નિયમો થયા...

લગભગ એક પણ યુવાન સામે ચડીને નિયમ લીધા વિના ગયો નહીં હોય !

અને વિદાય વખતનું દૃશ્ય તો ભારે કરુણ બની ગયું... યુવાનો એટલા બધા રડે કે પૂ. વ્યાખ્યાતા મુનિવરે આસન પરથી ઊભા થઈને અંદર રૂમમાં ચાલ્યા જવું પડ્યું... પૂ. મુનિવર હાલ પાલીતાણા પન્નારૂપા ધર્મશાળામાં યોગોદ્વહન કરી રહ્યા છે.

## પુનર્જન્મનું પ્રત્યક્ષ દૃષ્ટાંત

● **કર્ણાટક :** એની ઉંમરના બાળકોને જ્યારે નાના નાના ગુણાકાર-ભાગાકાર કરવા માટે ભારે પ્રયત્નો કરવા પડે છે ત્યારે ૭ વર્ષનો પ્રમોદ અશોક કાદીમણિ ગુંચવણભર્યા ગણિતના કોયડાઓને થોડી જ પળોમાં માત્ર માથાથી ઉકેલી આપે છે.

મહાલીંગપુરમ્ (વાયા મુધોલ-કર્ણાટક)ની બસવન્ના કન્નડા પ્રાથમિક શાળામાં ત્રીજા ધોરણમાં ભણતો પ્રમોદ, ચાર વર્ષની ઉંમરે જ્યારે એ નિશાળમાં પણ નહોતો બેઠો ત્યારથી પોતાની ચતુરાઈ દેખાડતો શરૂ થયો હતો.

પ્રમોદ પોતાના પૂર્વભવના સંસ્મરણોની નિશાનીઓ પણ આપે છે. એ કહે છે કે પોતે પૂર્વજન્મમાં મુંબઈમાં વકીલ હતો. મુંબઈની સોમૈયા વિદ્યાવિહારના ડૉ. સંજીવ શેટ્ટી પ્રમોદના કેઈસનો અભ્યાસ કરી રહ્યા છે.

પ્રમોદની વિશિષ્ટ બુદ્ધિમત્તાને કારણે કર્ણાટક સરકારે પ્રમોદને દસ વર્ષ સુધી દર વરસે રૂા. ૫૦૦૦ ની છાત્રવૃત્તિ બાંધી આપી છે. પ્રમોદના પિતા અશોકભાઈ જ્યાં નોકરી કરે છે તે તાલુકા ગોદાવરી સુગર મિલ્સ તરફથી પણ છેલ્લા બે વરસથી અશોકને માસિક રૂા. ૧૦૦/- ની છાત્રવૃત્તિ મળે છે.

(ઈન્ડિયન એક્સપ્રેસ ૧૯-૧૧-૯૦ માંથી સાભાર અનુદિત)

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૧૪,તા.૧૫-૧૨-૧૯૯૦

## જિનશાસન જયજયકારા

**કોઈમ્બતુર**માં ૧૦૮ વર્ધમાન તપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સપરિવાર જ્યારથી પધાર્યા છે ત્યારથી શાસન જયડંકા સતત વાગી રહ્યા છે.

અનેકવિધ અનુષ્ઠાનો અને તપશ્ચર્યા સાથે ચાતુર્માસ પૂર્ણ થયું. ચાતુર્માસ પરિવર્તનનો લાભ પોતાને મળે એ હેતુથી અનેક ભાગ્યશાળીઓની વિનંતી પૈકી પૂજ્યશ્રીએ ઉદારદિલ વિ. હીરાચંદજીની વિનંતીનો સ્વીકાર કર્યો. કાર્તિકી પૂર્ણિમાના દિને ચતુર્વિધ શ્રી સંઘ સહ પૂ.પાદશ્રી એમને ત્યાં પધાર્યા. માંગલિક પ્રવચન, સંઘપૂજન, ગુરુપૂજન આદિ બાદ શ્રી વિ. હીરાચંદજીએ સકળશ્રી સંઘની અલ્પહારથી ભક્તિ કરી.

શ્રી શત્રુંજય પટ બાંધવા અને તન્નિમિત્તક શ્રી સંઘની ભક્તિ કરવાનો લાભ કરબાવાળા શેઠ શ્રી પન્નાલાલજીએ મોટી બોલી દ્વારા મેળવેલો. શ્રી રાજસ્થાન હોલમાં શત્રુંજયનો વિશાળ પટ બાંધવામાં આવેલો. શ્રી સકળ સંઘ સહ પૂ. પાદશ્રી વાજતે ગાજતે પટ જુહારવા પધાર્યા. સામુદાયિક ચૈત્યવંદન, કાઉસ્સગ્ગ, ખમાસમણ, પ્રદક્ષિણા આદિમાં ભક્તિની રમઝટ બોલી. શત્રુંજય તીર્થની દુર્લભતા અને મહા પ્રભાવકતા પર પૂજ્યપાદશ્રીનું રોચક પ્રવચન થયું. વિ. હિરાચંદજી દ્વારા પૂ. પાદશ્રી લિખિત **'આત્મસૌંદર્ય'** કિતાબનું વિમોચન થયું. શેઠશ્રી પન્નાલાલજી તરફથી સાધર્મિક ભક્તિ થઈ.

કોઈમ્બતુર R.S. પૂરમ્ જૈન શ્વે. મૂ. પૂજક શ્રી સંઘની ઘણા દિવસોની વિનંતી સ્વીકારી પૂ. પાદશ્રી સપરિવાર R.S. પૂરમ્ પધાર્યા. શાનદાર ભવ્ય સ્વાગત થયું. ત્રણ દિવસ પ્રવચનોમાં હાજરી સારી રહી. શ્રી પાર્શ્વનાથ જિનમંદિરમાં ૧૮ અભિષેક ઠાઠથી થયા. એની બોલીઓ પણ સુંદર બોલાઈ.



પછીથી પૂ. પાદશ્રી સપરિવાર ત્રણે ફિરકાના ભાઈઓની વિનંતીથી શ્રી મહાવીર જૈન કોલોનીમાં પધાર્યા. શાનદાર સ્વાગત થયું. બે દંપતીએ ચતુર્થવ્રત ગ્રહણ કરતાં શ્રી સંઘે સુંદર બહુમાન કર્યું. શ્રી બેંગલોર જૈન સેવા મંડળ દ્વારા પ્રકાશિત "The humanity" નામની ઈંગ્લીશ કિતાબનું વિમોચન સંઘપ્રમુખ શ્રી જયંતિભાઈ બાફના દ્વારા સંપન્ન થયું. મંડળમંત્રી શ્રી વસંતભાઈ જૈન દ્વારા મંડળના માનવરાહત, જીવદયા અને સુસંસ્કારવર્ધક સાહિત્યસર્જન આદિની માહિતી અપાઈ. સાથે જ એમણે પૂ. પાદશ્રીના ઉપકારની સ્મૃતિ કરતાં જણાવ્યું કે પૂ. પાદશ્રીના બેંગલોરના ચાતુર્માસ દરમ્યાન મંડળનું ગઠન થયું છે અને એમના શુભ આશિષ અને ઉપદેશ વચનોથી મંડળ જીવદયા આદિના કાર્યોમાં આગળ વધી રહ્યું છે.

ભગવાન શ્રી મહાવીરદેવના દીક્ષા કલ્યાણકના દિવસે એ તારકની ઘોર સાધના, તપશ્ચર્યા આદિનું સવિસ્તાર વર્ણન પૂ.પાદશ્રીના મુખેથી સાંભળતા શ્રોતાજનો મુગ્ધ બન્યા. મુનિવરશ્રી જિનહંસવિજયજી મ.ની સતત ૬૫-૬૬ મી વર્ધમાન ઓળીના પારણાનો લાભ સ્વદેશી ગ્લાસ હાઉસવાળાને મળ્યો. માગશર સુદ-૧ ચાતુર્માસ દરમ્યાન પૂ. પાદશ્રીના સ્વમુખે શીખરબંધી દેરાસરજી માટેના સતત ઉપદેશને ઝીલીને શ્રી રાજસ્થાની જૈન શ્વે. સંઘે શીખરબંધી મંદિર નિર્માણ શીઘ્ર કરવાનો નિર્ણય લીધો. એનું ખનન મુહૂર્ત માગશર વદ પાંચમનું નક્કી થયું... પૂજ્યશ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા હેતુ ઈરોડ પધારતા હોવાથી ખનનવિધિ પ્રસંગે નિશ્રા પૂજ્યશ્રીના પટ્ટધર સિદ્ધાંતદિવાકર આ.શ્રી વિજય જયઘોષસૂરિવર મ.ની નક્કી થઈ. ખનન સંબંધી બોલીઓ ખૂબ સુંદર થઈ. પૂ. પાદશ્રીની નિશ્રામાં રાજસ્થાન જૈન સંઘના પ્રમુખ શ્રી જયંતિભાઈ બાફણાના માતુશ્રી શાંતિબાઈના સમાધિપૂર્વક સ્વર્ગવાસ નિમિત્તે શ્રી ભક્તામરપૂજન, ૧૦૮ પાર્શ્વનાથપૂજન, લઘુ શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિક જિનભક્તિ મહોત્સવ ઠાઠપૂર્વક ઉજવાયો. બધા જ ફિરકાના નોકારશી જમણમાં બાફના પરિવારની સ્વામીભક્તિ પ્રશંસનીય રહી. માગશર સુદ-૮ ના રોજ સાંજે પૂ. પાદશ્રીનો ઈરોડ તરફ વિહાર થયો એ પૂર્વે યોજાયેલા વિદાય સમારંભમાં શ્રી સંઘના અનેક અગ્રણીઓએ પૂજ્યશ્રીના ગુણો, ઉપકાર સંભારી ધન્યતા અનુભવી. એ સમયે શ્રી સંઘના ભાઈબહેનોની આંખો આંસુથી ઊભરાઈ. વિહાર વખતે વળાવવા આવેલ સેંકડો નરનારીઓની આંખો પણ આંસુ વહાવતી હતી.

• **તિરૂપુર** : પૂ. પાદશ્રી કોઈમ્બતુરથી વિહાર કરી અત્રે પધાર્યા. મૌન એકાદશીની આરાધના-પ્રવચન અતિ સુંદર થયા. આજરોજ અત્રેના શ્રી સુવિધિનાથ ભગવંતની સાલગીરીનો પ્રસંગ ખૂબ સુંદર રીતે સંપન્ન થયો. જેમની અંજનશલાકા

કરી નૂતન મંદિરમાં પ્રતિષ્ઠાપિત કરવાના છે એ શ્રી વાસુપૂજ્યસ્વામીજી આદિના બિંબ સહ પૂ. પાદશ્રીના તા. ૬-૧૨-૯૦ ના રોજ ઈરોડમાં પ્રવેશની શાનદાર તૈયારી શ્રી ઈરોડ સંઘમાં ચાલી રહી છે. પૂ. પાદશ્રી સાથે પત્રવ્યવહારનું સરનામું Shri Vasupoojyashwami JAIN Temple, JAIN Temple Road, ERODE (T.N.).

## ● રાજકોટ-ગિરનાર છ'રી' પાલિત સંઘ

વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી હેમરત્ન વિ.મ. આદિની નિશ્રામાં રાજકોટથી સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા આદિ ૫૦૦ ભાવિકો ગિરનારનો છ'રી' પાલિત સંઘ તા. ૧૪-૧૧-૯૦ ના રોજ નીકળ્યો હતો. ગામેગામ સંઘપતિઓના બહુમાન, સંઘના સામૈયા, જીવદયા, અનુકંપા આદિ અનેક શાસન પ્રભાવનાના કાર્યો થયા હતા. વીરપુર મુકામે એક ખેતરમાં સંઘનો પડાવ હતો. બપોરના પ્રવચનમાં મુનિશ્રીએ વસ્તુપાલના ધર્મપત્ની લલિતાદેવી તથા તેજપાલનાં ધર્મપત્ની અનુપમાદેવી અને દાસી શોભનાએ સિદ્ધગિરિરાજમાં તથા ગિરનારમાં પોતે પહેરેલા દાગીના ચડાવ્યાનું વિશદ વર્ણન કરતાં ચાલુ પ્રવચને એક સોનાની વીંટી દાદાના ભેટણામાં આવી. મુનિશ્રીએ પ્રવચન અટકાવીને સભાને પ્રેરણા કરી કે "જે દાદાને ભેટવા માટે ઘરબાર, કુટુંબ-કબીલો બધું મૂકીને આ વનવગડાને વહાલા કર્યા છે તે દાદાના ચરણે ભેટણું ધરવા માટે પહેરેલા દાગીના ઊતારવા મંડો." બસ, પછી તો સોનાનો મુશળધાર વરસાદ શરૂ થયો. સોનાની વીંટીઓ, ચેઈનો, કડા, બંગડીઓ, અછોડાથી જોતજોતામાં તો થાળીઓ ભરાઈ ગઈ. સંઘના સ્વીકૃતિપત્રમાં છાપેલ કે જોખમ સાથે લાવવું નહિ તેથી કેટલાક બહેનો પાસે કશું જ આપવા જોગું ન હતું તે લોકો બીજાના આ સમર્પણ જોઈને પોતે રહી ગયા એ કારણે ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા હતા. તો કેટલાકે છેવટે ઘડિયાળો, રોકડ રકમ આપીને સંતોષ માન્યો હતો. તો કેટલાકે ઘરે સમાચાર આપીને દાગીના મંગાવીને બીજે દિવસે દાનમાં આપ્યા હતા. એક અઢાર વર્ષના બેન સારા ઘરના હતા પણ સૂચનાનુસાર સાથે કંઈ દાગીનો લાવેલા નહિ. જોગાનુજોગ બીજે દિવસે તેમના તરફથી સાધર્મિક ભક્તિ હોવાથી તેમના પિતાશ્રી વગેરે આવ્યા. આ બેને પિતાજીના ગળામાંથી સોનાની ચેઈન ઉતારી લીધી અને મુનિશ્રી પાસે આવી આ ચેઈન દાદાના ભેટણામાં ધરી. આવા તો અનેક પ્રસંગો અને રોમાંચક દૃશ્યો સર્જાયા હતા.

આવેલ સોનામાંથી બે મોટા હાર અને બે શ્રીફળ બનાવવામાં આવેલ. એક હાર અને શ્રીફળ મૂળનાયક શ્રી નેમિનાથ સ્વામીને તથા એક હાર અને શ્રીફળ



સહસાવન નેમિનાથ સ્વામીને ચડાવવામાં આવેલ. આ ચારે ય દાગીના યાત્રિકો વતી દાદાને ચડાવાની ઉછામણી બોલાવામાં આવી હતી. રૂા. ૬૫,૦૦૦ ઉપરાંતની તે બોલી થઈ હતી. શ્રી સંઘમાં ૫૦૦ માંથી અંદાજે ૪૦૦ ની સંખ્યા તો યુવાન ભાઈઓ-બહેનોની હતી તેમ છતાં છ'રી'નું પાલન, એકાસણું, પ્રતિક્રમણ આદિ તમામ અનુષ્ઠાનોમાં તમામ ભાવિકો જોડાયા હતા. આ મહાન સંઘના સંઘપતિઓ હતા (૧) શ્રી ચંદ્રકાન્ત માણેકલાલ શેઠ (૨) મહેશભાઈ જયંતિલાલ બાવીશી (૩) પુષ્પાબેન રસીકલાલ પટ્ટણી (૪) શાહ નવિનચંદ્ર કેશવલાલ (ચોટીલા) (૫) સ્વ. રોહિતભાઈ દેસાઈ પરિવાર (૬) વસંતભાઈ વૃજલાલ દોશી.

જૂનાગઢથી ગણિશ્રી આદિએ ૫૦ યુવાનો સાથે પાલીતાણા પ્રતિ પ્રયાણ કર્યો છે. સાથે શ્રી આદીશ્વર દાદાના અભિષેક માટેનું ગિરનારના ગજપદ કુંડમાં ગ્રહણ કરેલ પવિત્ર જળનું કાવડ જે યુવાનો પોતાના ખભે ઉપાડીને પાલીતાણા પહોંચતું કરશે. આ પદયાત્રાનો લાભ શેઠશ્રી રતનલાલ મગનલાલ દેસાઈ (કલકત્તા) પરિવારે લીધો છે. આ પદયાત્રા બીલખા, બગસરા, અમરેલી, ગારીયાધાર થઈને પાલીતાણા પહોંચશે. તા. ૨૨-૨૩ ડીસે.ના ત્યાં દાદાના અભિષેકનો તથા ધ્વજારોહણ આદિનો ભવ્ય કાર્યક્રમ રહેશે જેમાં હજારો સાધુ-સાધ્વી તથા લાખો શ્રાવકો પધારનાર છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૩૯,અંક-૧૭,તા.૫-૧-૧૯૯૧**

● **પાલનપુર** :- સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની અનુમતિથી એમના પ્રશિષ્યરત્ન આ.શ્રી વિજય ગુણરત્નસૂરિજી મ. આદિની નિશ્રામાં અત્રે ઉપધાનતપની સમાપ્તિ નિર્વિઘ્ને થઈ. ઉપધાનની માળના ચઢાવા અદ્ભુત થયા અને ઉપધાનમાળનો વરઘોડો પણ શ્રેષ્ઠ નીકળ્યો. લગભગ ૧ માઈલની લંબાઈવાળા વરઘોડામાં ત્રણ બેન્ડ, હાથી, ઘોડા, મયુર નૃત્યકાર, બેડા નૃત્યકાર, પાંચ કલ્યાણકની ઝાંખીઓ વગેરે વિશેષતાઓથી જૈનેતરો પણ અત્યંત પ્રભાવિત થયા. આગળ પાછળ કોમી રમખાણના દિવસો છતાં માળનો પ્રસંગ અત્યંત શાંતિ અને નિર્વિઘ્નતાથી પૂર્ણ થતાં ઇતર લોકોના મુખમાં પણ આવી ગયું, ''જૈનોના મહોત્સવનો કેવો પ્રભાવ !''

## શત્રુંજય ગિરિરાજનો મહાભિષેક સંપન્ન : સદીઓ બાદ જૈનોએ માણેલો અમૂલ્ય અવસર

પાલીતાણા,

વિશ્વમાં છવાયેલી અશાંતિને દૂર કરવા, પરસ્પર મૈત્રીસભર વાતાવરણ ઊભું કરવા, અરાજકતાનું નિર્મૂલન કરવા અને લોકોની આંતરશક્તિ વધારવાના ઉદ્દેશ સાથે ગત રવિવાર તા. ૨૩-૧૨-૧૯૯૦ ના રોજ બપોરે ૧૨ કલાક, ૧૮ મિનિટ અને ૯ સેકંડના મંગલ સમયે શત્રુંજય ગિરિરાજનો મહાઅભિષેક સંપન્ન થયો હતો. ગિરિરાજના અભિષેકને રત્નો, હીરા, માણેક, મોતી, સોના-ચાંદીના ફૂલો, વાસક્ષેપ અને અક્ષતથી વધાવવામાં આવ્યો હતો. ૧૯૦૦ વર્ષો પછી મહાઅભિષેક યોજાયો છે. પોષ સુદ ૬ રવિવારે બપોરે ૧૨ વાગ્યાના ટકોરા પડતાં જ ભક્તિની ધૂનો, સંગીતના ધ્વનિ, શરણાઈના સૂરો, વાજીંત્રોના નાદ અને નારાઓ બંધ થઈ ગયા હતા. ત્યારબાદ જય જય... શ્રી નવકાર, જય જય... શ્રી શત્રુંજય અને જય જય... શ્રી આદિનાથના સામૂહિક અને લયબદ્ધ નારાઓ પોકારવામાં આવ્યા હતા અને બરાબર ૧૨ કલાક ૧૮ મિનિટની સોહામણી મનમોહની, ભવતારણી ધન્ય પળે ગિરિરાજનો અભિષેક સંપન્ન થયો હતો.

ગિરિરાજના આ મહાઅભિષેક કાર્યક્રમનું આયોજન શ્રી સુરત જૈન વિશા પોરવાડ જ્ઞાતિ મંચ, મુંબઈ મારફત શ્રી રજનીભાઈ મોહનલાલ ઝવેરી (દેવડી), શ્રી શાંતિચંદ્ર ઝવેરી અને શ્રી ચંદુભાઈ મહેતા ઘેટીવાળાએ કર્યું હતું. ગામેગામના જૈન અગ્રણીઓ, વર્ધમાન સંસ્કૃતિ ધામના ૧૦૦૦ જેટલા સ્વયંસેવકોએ આયોજનને સફળ બનાવ્યું હતું.

આચાર્ય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.એ જણાવ્યું હતું કે, પાલિતાણા ખાતે એક સાથે ૪૦૦૦ જેટલા પૂ. આચાર્ય ભગવંતો, પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતો હાજર રહ્યા હોય તેવો તેમની જાણમાં આ પહેલો પ્રસંગ છે. વળી આ અભિષેકમાં હાજરી આપવા માટે પૂ.આચાર્યો, મુનિઓ અને પૂ.સાધ્વીજીઓ વિશાળ સમુદાય સાથે લાંબા વિહાર કરીને મહાતીર્થ પર પહોંચ્યા હતા. ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ અને છેક કેરળમાંથી પણ આચાર્ય ભગવંતો અત્રે લાંબા વિહાર બાદ આવી પહોંચ્યા હતા.

પોષ સુદ પાંચમને શનિવારના રોજ સવારે ૯-૦૦ વાગે દિગંબર જૈન



ધર્મશાળા પાસેથી અભિષેક માટે ઉપયોગમાં લેવામાં આવનાર વિધવિધ તીર્થના જળ, ઔષધિ તેમજ દાદાના દરબાર પર બદલાવવામાં આવનાર ધજા વિગેરેનો સન્માન સહિત ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. આ સ્વાગત સન્માન વરઘોડામાં આશરે ૭૦૦ ઢોલીઓએ સૂર રેલાવ્યા હતા. આ વરઘોડામાં હજારો લોકોએ ભાગ લીધો હતો.

અભિષેક માટે વિવિધ પવિત્ર નદીઓના જળ, સુગંધીત દ્રવ્ય, મંત્રીત વાસક્ષેપ, કિંમામ ઔષધિ વગેરે સંગ્રહિત કરવા માટે પદ્મતળાવ (કુન્ડ) તૈયાર કરવામાં આવ્યું હતું.

એક લાખ જેટલા માણસોની હાજરીના કારણે ગેરવ્યવસ્થા ન સર્જાય તે માટે આગોતરી ટ્રાફિક વ્યવસ્થા તૈયાર કરવામાં આવી હતી. આ સિવાય ગુજરાતમાં રહેલી અશાંતિના પગલે ચાંપતો બંદોબસ્ત લગાવવામાં આવ્યો હતો.

રવિવારે સોહામણા શત્રુંજયના અલૌકિક અભિષેકનો એક લાખ માણસોએ લાભ લીધો હતો. અભિષેક માટે ગંગા, જમુના, સરસ્વતી, નર્મદા, તાપી સહિત આશરે ૯૯ જેટલી નદીનાં પાણી મંગાવવામાં આવ્યા હતા. નદીઓના પાણીમાં પવિત્ર વાસક્ષેપ, ઔષધિઓ, દૂધ વગેરે મિશ્ર કરવામાં આવી હતી અને આ પવિત્ર પાણી વડે ગિરિરાજના વિવિધ મુકરર કરાયેલા સ્થળો પર અભિષેક કરવામાં આવ્યો હતો.

રવિવારે સવારે ૭-૩૦ વાગે મહાઅભિષેક માટે વિશિષ્ટ વરઘોડાનું આયોજન શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી પાસેથી કરવામાં આવ્યું હતું. ૧૧-૪૫ વાગે આ વરઘોડો શ્રીપૂજ્યની ટૂંક નજીક પાંચ પાંડવ દેરી પાસે પહોંચ્યો હતો અને ત્યાં મહાઅભિષેકની વિધિ શરૂ કરાઈ હતી. અભિષેકના સ્થળે વિશિષ્ટ પરમાત્મભક્તિ રચના સહિત ભવ્ય સ્નાત્ર મહોત્સવનું આયોજન કરાયું હતું.

ગિરિરાજ પર ઈન્દ્રનો વેશ પહેરીને ઊભા રહેલા ૪૦૦ થી ૫૦૦ યુવાનોએ વિશિષ્ટ જગ્યાએથી તથા તપસ્વી પાસ ધારણ કરનાર ભાગ્યશાળીઓ દ્વારા તળેટીના દાદાના દરબાર સુધીમાં નિયત કરેલા ૨૭ સ્થળો ઉપરથી વિશિષ્ટ અભિષેક કર્યો હતો. જય તળેટીમાં ૭૨ કલાકનો અખંડ જાપ તેમજ અખંડ ભક્તામર સ્તોત્રનું પઠન કરવામાં આવ્યું હતું.

અભિષેક ઉત્સવ પ્રસંગે સમગ્ર પાલિતાણા નગરે નવોઢાનો શણગાર સજ્યો હતો. ઠેર ઠેર ભવ્ય રોશની, ધજાપતાકા અને કમાનોથી નગરને શણગારવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં આદિનાથ ભગવંતના મંદિરની થર્મોકોલની ભવ્ય

પ્રતિકૃતિ, સિદ્ધાચલ શિખરની પ્રતિકૃતિ, પ્રભુનિર્વાણ અષ્ટાપદ બ્રાહ્મી સુંદરી કળશ વગેરે આકર્ષણરૂપ બન્યા હતાં.

રવિવારે નીકળેલી શોભાયાત્રામાં મુંબઈના પાયધુનીના મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના ભવ્ય બેન્ડની સંગીત સૂરાવલીએ હજારો ભાવિકોનાં દિલ ડોલાવી દીધા હતાં.

આચાર્ય ચંદ્રોદય સૂરીશ્વરજીએ જણાવ્યું હતું કે મહા સુદ પંચમીના દિવસે સુરતથી શિખરજી સુધીનો છ'રી' પાલિત સંઘ આચાર્ય અશોકસાગરજીની નિશ્રામાં નીકળશે અને તે અયોધ્યા ખાતે શાંતિપૂજા કરશે. તેમણે જણાવ્યું હતું કે, રામજન્મભૂમિ બાબરી મસ્જીદ વિવાદનો ઉકેલ પરસ્પર મંત્રણા અને મૈત્રીપૂર્ણ વાતાવરણમાં આવવો જોઈએ. દેશમાં એકતાનું અને સદ્ભાવનાનું વાતાવરણ પેદા કરવું એકદમ જરૂરી છે. એમ તેમણે ઉમેર્યું હતું.

શત્રુંજય ગિરિરાજના આ અણમોલ અવસરે કેન્દ્રના કૃષિ ખાતાના રાજ્યપ્રધાન શ્રી જયંતિલાલ શાહ અને ગુજરાતના ગૃહખાતાના રાજ્યપ્રધાન શ્રી નરહરી અમીન પણ હાજર રહ્યા હતા. તેઓએ પણ શત્રુંજય ગિરિરાજ પર જઈ અભિષેક કર્યો હતો.

જૈનાચાર્યો પ.પૂ.રામસૂરીશ્વરજી પૂ. અશોકચંદ્રસૂરિ, પૂ.અભયદેવસૂરી સહિત ૩૮ જેટલા આચાર્યો અભિષેક વખતે હાજર હતા.

## ઇચ્છા મૃત્યુને વરેલા રજનીભાઈ દેવડીનું ભવ્ય સ્મારક બંધાશે.

૨૬-૧૨-૧૯૯૦,

શ્રી ગિરિરાજના અભિષેક પ્રસંગે, ''જાવડશા જેવું મૃત્યુ મને મળે તો તેને હોંશે હોંશે વધાવીશ.'' એમ શત્રુંજય મહાઅભિષેકના યોજક શ્રી રજનીકાંત મોહનલાલ ઝવેરી (દેવડી) એ અગાઉ જણાવ્યું હતું અને કુદરતનો આ અગમ્ય સંકેત હોય તેમ જૈનોના પવનપાવન તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજના મહાઅભિષેકના ઐતિહાસિક અનુમોદનીય પ્રસંગે અભિષેક થયા બાદ સાંજે ૮-૧૫ કલાકે શ્રી નવકાર મંત્રનું સ્મરણ તથા શ્રવણ કરતાં પ્રસન્ન અને વિરોચિત મંગળ મૃત્યુને તેઓ વર્યા હતા. છેલ્લા અગિયાર મહિનાથી તેમની 'વર્ષી તપની' મહાન આરાધના ચાલુ હતી. આ સિવાય અટ્ઠમ તપની ઉગ્ર તપશ્ચર્યાનો રવિવાર પોષ સુદ છટ્ઠે બીજો ઉપવાસ હતો.

અભિષેક બાદ તેમણે ગુરુદેવો પાસે ગિરિરાજ ઉપર જ ''મને વહેલી તકે



દીક્ષા આપો'' એવી ઉત્કટ માગણી કરી હતી.

રવિવારે સાંજે શેઠશ્રી શ્રેણીકભાઈના પ્રમુખસ્થાને પન્નારૂપા જૈન યાત્રિક ગૃહમાં ભવ્ય સમારોહમાં તેમનું બહુમાન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી નવકારમંત્રની ધૂન ચાલુ થઈ તે જ પળે શ્રી દેવડીવાળા ''નમો અરિહંતાણ'' બોલતાં બોલતાં સમાધિપૂર્વક ઢળી પડ્યા હતા. શત્રુંજય હોસ્પિટલમાં લઈ જતાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

શ્રી રજનીભાઈ મૃત્યુ પામ્યા છે તેવી જાહેરાત થતાં જ સમગ્ર વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી પણ 'ધન્ય જીવન એ ધન્ય મૃત્યુ'નો અહોભાવ લોકમાનસ પર પથરાઈ ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે વિ.સં. ૧૦૮માં જાવડશા શિખર પર ભગવાનની ધજા ચડાવતાં ધન્ય મૃત્યુ પામ્યા હતા. આવું જ મૃત્યુ મને મળે એવી ઇચ્છા શ્રી રજનીભાઈએ રાખી હતી અને તેઓ આવું ઇચ્છા મૃત્યુ પામ્યા હતા.

દેવલોકના દેવો અને ઇન્દ્રો પણ આવા મરણને તલસતા હોય છે. શ્રી રજનીબાઈની સ્મશાનયાત્રા ઠાઠડીમાં નહિ પણ પાલખીમાં કાઢવામાં આવી હતી. જેમાં જૈન આચાર્યો, મુનિઓ અને સાધ્વીઓ આવ્યા હતાં. રજનીભાઈની યાદમાં પાલીતાણાનાં ત્રણ હજાર સાધુ-સાધ્વીઓએ મેવા-મીઠાઈનો ત્યાગ કરવાનું નક્કી કર્યું છે.

વીસમી સદીના ''જાવડશા'' તરીકે શ્રી રજનીકાંત મોહનલાલ ઝવેરી (દેવડી)નું નામ નિશંકપણે અમર બની જશે એમ આચાર્ય ભગવંતો વતી પ.પૂ.શ્રી દાનવિજયજીએ જણાવ્યું હતું.

જૈનાચાર્ય વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હતું કે, શ્રી દેવડીની મહાન જિનભક્તિ અને ઉદારતાની યાદગીરી માટે અગ્નિદાહના સ્થળે એક ભવ્ય સ્મારક બાંધવામાં આવશે.

(''મુંબઈ સમાચાર''માંથી સાભાર)

● **દક્ષિણ ભારતના અતિપ્રાચીન શ્રી કેસરવાડી તીર્થમાં ઉજવાયેલ ભવ્ય અભિષેક મહોત્સવ પ્રસંગ...**

● **મદ્રાસ :-** તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજીમાં ઉજવાયેલ અભિષેક પ્રસંગની સક્રિય અનુમોદનારૂપે શ્રી કેસરવાડી તીર્થમાં તીર્થ સહિત મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનનો મહાભિષેકનો ભવ્ય પ્રસંગ ઉજવાયો જે મદ્રાસવાસી જૈનો માટે ચિર સ્મરમીય બન્યો...

પાલીતાણામાં એકઠા કરવામાં આવેલા અનેક તીર્થ અને નદીઓના પવિત્રજળ ખાસ આરાધક ભાઈ દ્વારા મંગાવી તેનાથી અભિષેક કરવાના હોવાથી લોકો વધુ ઉલ્લસિત થયેલા હતા...

બેંગ્લોર-વેલ્લુર વગેરે અનેક શ્રી સંઘના ભાઈઓ પોતાના મંદિરમાં અભિષેક કરવા માટે આ પવિત્રજળ લેવા કેસરવાડી આવેલા હતા...

મહોત્સવનો લાભ સૌને મળે માટે ૧૦૦૧ની એક સ્કીમ મૂકાઈ કે જે ભાઈ ૧૦૦૧ રૂા. આપે તેને પારણા-અત્તરવાયણા-પ્રભાવના આદિ મહોત્સવનો લાભ મળશે અને તેને અભિષેકના ૪ પાસ મળશે... એકવાર જાહેર થયેલી આ સ્કીમમાં બહુ જ થોડા સમયમાં ૧૩૫ થી વધુ નામ થઈ ગયા... વ્યવસ્થા બરાબર સચવાય માટે સ્કીમ પૂર્ણ કરવા છતાં લોકો વિનવતાં કે અમારા એકના ૧૦૦૧ લઈ લો... ૪ પાસ અમને આપી દ્યો...

પ્રસંગને અનુલક્ષીને ૨૨-૨૩-૨૪ તારીખના સામુદાયિક અઠ્ઠમ કરવાનું ગોઠવાયેલું... તે તથા મહાભિષેક નિમિત્તે ૨૧ તારીખે આરાધના ભુવનથી કેસરવાડી (૧૪ કિલોમીટર) સંઘ સાથે વાજતેગાજતે જવાનું નક્કી થયેલ... જેમાં ૧૦૮ બેનો પાણીના કુંભો ભરીને લઈને ચાલેલા... (જેનાથી અભિષેક થવાના હતા...) સંઘમાં લગભગ ૨૫૦/૩૦૦ આરાધકો હતા...

૨૨ તારીખે અઠ્ઠમના પહેલા દિવસે જ લગભગ ૧૨૦૦ જેટલા યાત્રાળું આવેલા... સિદ્ધાચલજીની નવ્વાણુપ્રકારી પૂજા તથા સાંજે સામુદાયિક આરતીનો સુંદર કાર્યક્રમ થયો...

૨૩ તારીખે પાલીતાણા તીર્થના મહાભિષેક પ્રસંગની અનુમોદનાર્થે અને કેસરવાડી તીર્થના મહાભિષેક પ્રસંગને નિહારવા સવારથી યાત્રાળુની મેદની વધવા માંડી હતી... શાહુકારપેઠથી કેસરવાડી લાવવા-લઈ જવા રાખેલી ૧૦ સ્પેશ્યલ બસો પણ ખૂબ ઓછી પડી... ૭/૮ હજાર યાત્રાળુ આવશે એવી ગણત્રી હતી... પણ યાત્રાળુઓ ૧૭/૧૮ હજાર જેટલા થયા... ઠેઠ સાંજે પણ લગભગ ૫૦૦૦ માણસો હતું. લગભગ ૮૦૦ થી ૯૦૦ તો ઓટોરીક્ષા ને ગાડીઓ આવેલા...

સવારે ૭ વાગે કુંભ સ્થાપનાદિ થયા... કે તરત જ ૫૧ બેનો ભરેલા પાણીના કળશો લઈ કેસરવાડી તીર્થ-મંદિરને ફરતી સિદ્ધાચલજીની ૧૩ પ્રદક્ષિણા વાજતે ગાજતે અને અનેક ગીતો ગાતી બહેનો સાથે દઈ વાતાવરણને વધુ ગુંજતુંકરી દીધું... આ પ્રદક્ષિણા દેવાના મળેલા અવસર પામીને આનંદમાં ૧૦૮ દિવસના બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અનેક બહેનોએ કરી... ૯ વાગે પાટલાપૂજનનો કાર્યક્રમ થયો...



દૈનિક પૂજાદિ તીર્થના કાર્યક્રમમાં પણ ખૂબ સારી ઉછામણીઓ થઈ ૧૧ વાગે અભિષેક કરવાવાળાને જગ્યા દેવા મંદિર ખાલી કરાવાયું તો અભિષેકવાળા આરાધકોથી મંદિર ખીચોખીચ ભરાઈ ગયું... ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાન, બહાર શ્રી મલ્લિનાથ ભગવાનનું મંદિર અને મોટા હોલમાં શ્રી સિદ્ધાચલજીના પટ્ટ ઉપર અભિષેક કરવાના હતાં ત્યાં સર્વત્ર આરાધકો ચિક્કાર તે ૧૧-૩૦ મિનિટ પછી તીર્થ મંદિરમાં જ કોઈને ય પ્રવેશ ન મળતાં લોકો બહાર ધર્મશાળાનો હોલ અને ખુલ્લા મેદાનમાં પ્રસંગને માણવા શાંતિથી બેસી ગયા...

૧૧-૪૫ થી ૧૨-૧૫ સુધી જૈનશાસનના તમામ સભ્યોની... વિશ્વભરના માનવોની... જગતના જીવમાત્રની મૈત્રી... સહુ માટે શુભ કામના (સંકલ્પો)ને માટે બધે એક સાથે સિદ્ધાચલજીની ધૂન - ''નમો અરિહંતાણં નમો સિદ્ધાણં''ની ધૂન... શ્રી શ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુના પાઠો... શિવમસ્તુ સર્વજગતઃના શ્લોકો બોલાયા-ઝીલાવાયા. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પૂ.આ.શ્રી વિજય ધનપાલસૂરિજી મહારાજ, પૂ.પં.શ્રી વિમલસેન વિ. ગણિવર મ., પૂ.મુનિશ્રી નંદીભૂષણ વિ.મ., પૂ. મુનિશ્રી સુર્યોદય વિ.મ., પૂ.મુનિશ્રી શિવભૂષણ વિ.મ. તથા પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.ના સાધ્વીજીઓ અને પૂ.સાધ્વીજીશ્રી વિનીતાશ્રીજી મ.આદિ ઠાણા ૫ સહિત ચતુર્વિધ શ્રી સંઘનીની હાજરીમાં અતિ ઉલ્લાસથી ૧૨-૧૮ મિનિટે શ્રી આદીશ્વર ભગવાનના જયનાદ સાથે મહાભિષેક થયા. અને લગભગ ૨૦ મિનિટ સુધી ઘંટનાદ... બેંડવાજા, ઢોલનગારા, નાચગાન, ચામરનૃત્ય, નારાઓ આદીશ્વર ભગવાનની ધૂનથી કેસરવાડી તીર્થનું વાતાવરણ ગુંજી રહ્યું હતું.. જાણે સાક્ષાત્ શત્રુંજય તીર્થ અને આદીશ્વરદાદાની નિશ્રામાં જ મહોત્સવ ઉજવાતો ન હોય !... ૩ વાગ્યા સુધી ચાલેલા ૧૮ અભિષેકના અંતે બધાને અભિષેક માટે જવા દેવામાં આવેલા... પ્રસંગ અદ્ભુત ઉજવાયો...

ચંદ્રયશા હોલમાં ૫૬ દિક્કુમારી મહોત્સવ ઉજવાયો... શ્રી ચંદ્રપ્રભ જૈન મંડલ સહિત મદ્રાસના અનેક મંડળોએ આજે કરેલી વ્યવસ્થા અને રખાવેલી શિસ્ત ખૂબ જ પ્રશંસનીય હતી...

અધૂરા આનંદને પૂરો કરવા સવારની જેમ સાંજે ભરેલા ૧૦૮ કળશો લઈ વાજતે ગાજતે મંદિરને ૩ પ્રદક્ષિણા દેતા બેનોને જોઈ કેટલાયે લોકો પૂછતાં કે હવે શો પ્રોગ્રામ છે ? ત્યારે જવાબ મળતો... ''આવતી કાલે થનારા 'અષ્ટોત્તરી સ્નાત્ર' માટેનું આ જળ છે...''

તા. ૨૪ ના ભવ્ય રીતે અષ્ટોત્તરી સ્નાત્ર થયું.

લગભગ ૧૨૦૦ જેટલા યાત્રિકોએ મદ્રાસથી પાલીતાણા જઈ શત્રુંજય તીર્થ ૫૨ અભિષેકનો આનંદ માણ્યો... તો મદ્રાસના અન્ય હજારો યાત્રિકોએ દક્ષિણ ભારતના અતિ પ્રાચીન તીર્થ શ્રી કેસરવાડીમાં જઈ સક્રિય અનુમોદના દ્વારા અનેરો આનંદ માણ્યો જાણે કે કવિના એ વચનોને યાદ કરી કે-

**"ઘેર બેઠા પણ એ ગિરિ ગાવે... જ્ઞાન વિમલ સુખ પાવે..."**

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૯,અંક-૧૮,તા.૧૨-૧-૧૯૯૧

● **કોલ્હાપુર :-** અત્રેના કર્મઠ કાર્યકર શા પૂનમચંદ દોલાજી ગાંધી (ઉ.વ.૮૩) તા. ૧૪-૧૨-૯૦ ના રોજ ગુરુભગવંતોના મુખેથી શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતા કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. એમના જવાથી શ્રી સંઘને એક ઉત્તમ આરાધક અને શ્રાવકરત્નની ખોટ પડી છે.

બાલ્યવયથી જે તેમનું જીવન અત્યંત ધર્મપરાયણ હતું અને તેમાં સદ્‌ગુરુઓનો યોગ મળતાં જિનવચન-શ્રવણામૃતનું સિંચન થયું તેથી ધર્મારાધના અને તપશ્ચર્યાની વસંત ખૂબ ખીલી ઊઠી. એમણે તપશ્ચર્યામાં અને ધર્મારાધનામાં :-

o ઉપધાનતપ

o પાંચ વરસીતપ

o સિદ્ધિતપ

o અનેક અટ્ઠાઈઓ

o ૫૦૦ એકાંતર ઉપવાસ

o ૮૧ આયંબિલતપ

o ૫૦૦ આયંબિલતપ

o ૪૮ વર્ધમાન આયંબિલ ઓળીઓ

o ૨૮૦૧ આયંબિલમાં ૧૧૧૧ આયંબિલ સતત કરેલા

o છેલ્લા અનેક વર્ષોથી લીલોતરી-મીઠાઈ તથા ફ્રુટનો સદંતર ત્યાગ

o નિત્ય જિનપૂજા

o છેલ્લા કેટલાય વરસોથી નિત્ય એકાસણતપ જે જીવનના અંત સુધી ચાલુ રહ્યો.

o ૧ કરોડ નવકાર મહામંત્રનો જાપ. o છેલ્લા ૫૦ વરસથી ઉકાળેલું પાણી.



o ઉભય ટાઈમ પ્રતિક્રમણ તથા દિવસમાં અનેક સામાયિક.

મહાન તપસ્વી શ્રી પૂનમચંદભાઈ છઠ્ઠા વરસીતપનો આશીર્વાદ લેવા આવ્યા ત્યારે પૂ.આ. વિજય ભુવનભાનુસૂરિજી મહારાજે એમને કહ્યું. 'પૂનમચંદજી ! તપ તો અનાદિ કાળથી વળગેલી આહારસંજ્ઞાને તોડવા માટે છે. વરસીતપમાં ઉપવાસના દિવસે કમાણી અને બેસણામાં જો જીભડી કાબૂમાં ન રહે તો દેવાળું કાઢવાનું થાય. માટે તપ કરવો હોય તો આયંબિલ ઉપર ચડી જાવ." આ શબ્દોએ તો ગજબનો જાદુ સર્જ્યો અને પૂનમચંદજીના હૈયામાં આયંબિલતપનો અનેરો રાગ ઊભો થઈ ગયો.

**એમની શાસનસેવામાં :-**

o કોલ્હાપુરના પ્રથમ શિખરબંધી લક્ષ્મીપુરીના શ્રી મુનિસુવ્રત જિનપ્રાસાદમાં નિર્માણથી આરંભી ૫૦ વરસ સુધી સેવા.

o કુંભોજગિરિ તીર્થમાં સળંગ ૩૫ વરસો સુધી સેવા. જિરાવલાજીતીર્થ, શ્રીસુધર્માસ્વામી જિનાલય, માનપુર, ગુડા (રાજ.)ના જિનાલયોના જીર્ણોદ્ધારમાં તથા વહીવટમાં સેવા.

એમની મરણસમાધિની અનુમોદનાર્થે એમના પુત્રો તરફથી શ્રી શત્રુંજય ૯૯ અભિષેકની પૂજા (રવિવાર પોષ સુદ ૬) તથા શ્રી સિદ્ધચક્રપૂજન સહિત પંચાહ્નિક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ગચ્છાધિપતિ ૧૦૮ વર્ધમાન તપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્યરત્ન પૂ.આ.શ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મ.આદિ ઠા.ની નિશ્રામાં શાનદાર ઉજવાયો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૧૯/૨૦,તા.૨૬-૧-૧૯૯૧

## "પ્રસરો સકલ વિશ્વમાં શાંતિ, થાઓ સૌ કોઈનું કલ્યાણ"

આ પવિત્ર, ઉમદા હેતુથી શ્રી સિદ્ધગિરિના અભિષેકની મહાન ક્રિયા પોષ સુદ-૬ રવિવાર, તા. ૨૩-૧૨-'૯૦ના રોજ ઉત્સાહ અને આનંદસભર હૈયાથી પૂર્ણ થઈ છે. એ પ્રસંગની ઝાંખી કરાવતું લખાણ "જયહિન્દ"માંથી સાભાર અત્રે આપવામાં આવે છે.

## શત્રુંજય ગિરિરાજના અભિષેકની સાથે સાથે...

★ તા. ૨૨-૧૨-'૯૦ શનિવારના રોજ પરમાત્માની ધજાનો ભવ્યાતિભવ્ય

વરઘોડો ચાલીસ હજાર જેટલી માનવ મેદનીની ઉપસ્થિતિમાં નીકળ્યો હતો.

★ તા. ૨૩-૧૨-'૯૦ સવારે તળેટી રોડ પરના આરીસાભુવન પાસેના દહેરાસરથી અભિષેકનો શાનદાર વરઘોડો વાજતે ગાજતે ડુંગર ઉપર ગયો હતો.

★ શત્રુંજય ગિરિરાજ ઉપરાંત છ ગાઉ અને ઘેટી પાગ મળી કુલ ૧૦૮ જગ્યા ઊભા કરાયેલા શત્રુંજય ગિરિરાજના ફ્લોટ ઉપર આશરે ૧૫થી ૨૦ હજાર યાત્રિકોએ બપોરના ૧૨ કલાક ૧૮ મિનિટ અને ૯ સેકન્ડે જય જય શ્રી આદિનાથના નારાથી ગગન ગુંજવતા ગુંજવતા અભિષેક કર્યા હતાં.

★ અભિષેક સમયે ઉપસ્થિત એક લાખથી વધુ યાત્રિકો ભાવવિભોર બની ગયા હતાં.

★ અભિષેકના મુખ્ય દાતા શ્રી બાલુભાઈ તથા શ્રી રજનીભાઈ દેવડીની આંખમાં અભિષેક થઈ ગયા પછી હર્ષના આંસુ આવી ગયા હતાં.

★ અભિષેકના વરઘોડામાં મુંબઈથી આવેલ જૈન યુવક મંડળનું બેન્ડ આકર્ષણનું કેન્દ્ર બનેલ... ડુંગર ચડતા ચડતા તેઓએ જૈન ધર્મના સ્તવનોની સુંદર સૂરાવલી રેલાવતા યાત્રિકો ખુશ થઈ ગયા હતાં.

★ આજે ઠેક-ઠેકાણેથી બસ લઈને યાત્રિકો અભિષેક મહોત્સવમાં સામેલ થયા હતાં. આજે એક લાખથી વધુ યાત્રિકો ઊમટી પડ્યા હતાં.

★ શત્રુંજય ગિરિનો પંદરમો તથા સોળમો ઉદ્ધાર કરનાર શેઠશ્રી શામળશા અને કરમાશા શેઠના વંશજો પણ અભિષેકના પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

## ● ધન્ય છે તપસ્વીઓને

★ અભિષેક અનુષ્ઠાનના મંગલ પ્રસંગે હિંમતનગરના શ્રીમતી તારાબેન વાડીલાલ શાહ (ઉં. ૬૫) ૬૯મા ઉપવાસે આવેલા હતા, તેઓ વરઘોડામાં જોડાઈને ડુંગરમાં ચડ્યા હતાં.

★ ભાયંદર (મુંબઈ)ના કોકિલાબેન શાહે ૩૦ ઉપવાસ સાથે ડુંગર ચડ્યા હતાં.

● **કોચીન** : ગચ્છાધિપતિ વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન સ્થવીર પૂ. મુનિરાજશ્રી જયતિલકવિજય મ. આદિ ઠા. ચાર કોઈમ્બતુરથી એલપ્પી પધાર્યા ત્યાં વ્યાખ્યાન શ્રવણ આદિ દ્વારા લોકોમાં ધર્મની સારી જાગૃતિ આવી. પછીથી કોચીનમાં એક માસની સ્થિરતા દરમ્યાન અને છ દિવસીય શિબિરમાં લોકોમાં ધર્મચેતના ખૂબ જાગૃત થઈ. શિબિરમાં



દરરોજ છ કલાકના વ્યાખ્યાનોમાં માર્ગાનુસારી ગુણો, જૈન આચાર, શ્રાવકના બાર વ્રત, જૈન તત્ત્વજ્ઞાન, જૈન ભૂગોળ, નવતત્ત્વ, આઠ કર્મો, સમકિતના ૬૭ વ્યવહાર વગેરેની સવિસ્તૃત સમજણ મળતાં શ્રોતાઓને કાંઈક અવનવું મળ્યાનો આનંદ થયો... એનાકુલમ્માં જૈન મંદિર, શ્રી જૈન સંઘની સ્થાપનાનો નિર્ણય થયો... પૂ. મુનિવર્યોની કાલીકટનો શ્રી સંઘ કાગના ડોળે રાહ જોઈ રહ્યો છે.

● **વેલ્લુર** : વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પોષ સુદ-૧૨ના દિને ૫૭મી દીક્ષા તિથિના ઉપલક્ષમાં અત્રે પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજય ગણિવર મ.ની નિશ્રામાં પૂ. કનકસુંદરવિજય મ. શ્રીએ પૂ. પાદશ્રીના ગુણાનુવાદ સુંદર રીતે કર્યા. સામુદાયિક સ્નાત્ર, ભક્તામર પાઠ એકાસણા વગેરે રૂડી રીતે થયા. અત્રે આરકાટ મદ્રાસ વગેરે સ્થળે પાઠશાળાની પ્રવૃત્તિ સુંદર થઈ. શ્રી સિદ્ધાચળજીના અભિષેકની સક્રિય અનુમોદના રૂપે શ્રી ૯૯ અભિષેકની પૂજા ઠાઠથી ભણાવાઈ.

● **કૃષ્ણનગર (અમદાવાદ)** : પ.પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. આદિ ઠા. ની નિશ્રામાં અત્રે બાળમુમુક્ષુ રમેશકુમારની દીક્ષા અત્યંત શાસનપ્રભાવક બની. વરસીદાનનો વરઘોડો અપૂર્વ અનોખો ઐતિહાસિક નીકળ્યો. શ્રીનગર સોસાયટીમાં ખડા કરાયેલા વિશાળ મંડપમાં ૪,૦૦૦ માણસોએ દીક્ષાનો પ્રસંગ માણ્યો. દીક્ષાના ઉપકરણો વહોરાવવાના ચઢાવા પણ સુંદર થયા. નૂતનનું નામ મુનિશ્રી રવિદર્શન વિજયજી રાખી એમને મુનિરાજશ્રી આત્મદર્શનવિજયજીના શિષ્ય જાહેર કરાયા.

## "દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૩૯,અંક-૨૩,તા.૨૩-૦૨-૧૯૯૧

● **જૂન્નેર (મહા.)** : વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી પૂ. પં. પ્રવર શ્રી ધનેશ્વરવિજય ગણિવર મ. તથા ગણિવર્ય શ્રી જગવલ્લભવિજય મ. આદિ ઠા.ની નિશ્રામાં ઉપધાન તપની આરાધના રૂડી રીતે પૂર્ણ થઈ. પોષ સુદ ૬ રવિવારના શ્રી શત્રુંજય મહાતીર્થના અભિષેકની સક્રિય અનુમોદના રૂપે અત્રે પણ શત્રુંજય તીર્થની પ્રતિકૃતિ સમક્ષ સામુદાયિક ચૈત્યવંદન-આરતી વગેરે કાર્યક્રમ ઉલ્લાસપૂર્વક પૂર્ણ થયો. ઉપધાન માળારોપણ પ્રસંગ પર અહમદનગરથી પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. પધારનાર હોઈ શ્રી સંઘ વિશેષ આનંદિત થયો છે.

● **વિજયવાડા (A.P.)** : પૂ. આ. શ્રી વિજય જગચ્ચંદ્રસૂરિજી મ. મુનિવરશ્રી

દિવ્યરત્નવિજય મ. આદિ ઠા.ની પૂનિત નિશ્રામાં પૂ. મુનિવરશ્રી અભયશેખર વિ. મ.શ્રી લિખિત (૧) "હંસા તું ઝીલ મૈત્રી સરોવરમાં" અને પૂ. મુનિવરશ્રી અજિતશેખરવિજયજી મ.શ્રી લિખિત (૨) "અવિક્ખા અણાણંદે" તથા (૩) Rembles in JAINISM પુસ્તકોનું વિમોચન તથા દીક્ષાર્થી બેંગલોર નિવાસી જતીનભાઈ તથા તેમના ધર્મપત્ની ભારતીબેન તથા કોલ્હાપુરના સ્વાતીબેનના બહુમાનનો કાર્યક્રમ ભવ્ય ઉજવાયો..... દીક્ષાર્થી જતીનભાઈ તથા તેમના ધર્મપત્ની ભારતીબેનનો પરિચય આમંત્રણ પત્રિકામાં નીચે મુજબ છપાતાં ભવ્યોમાં ખૂબ જ આનંદની લાગણી પ્રસરેલી, "આપ બંને દીક્ષાર્થીએ તમારા લગ્ન પ્રસંગમાં વિજયશેઠ-વિજયાશેઠાણીને આમંત્રણ આપ્યું હશે અને એઓએ તમો બંને સાથે ગુપ્ત મંત્રણા કરીને પોતાની દિવ્ય સિદ્ધિ તમોને આપી લાગે છે કેમકે તમોએ એમનો ભૂતકાલીન ઈતિહાસ વર્તમાનકાલીન બનાવ્યો છે."

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૨૪,તા.૨-૩-૧૯૯૧

## શાશનપ્રભાવક શ્રાવકની અનુમોદનીય દીક્ષા

● **પાલીતાણા :** દેપલા નિવાસી (હાલ મુંબઈ) **રાયચંદ નાનચંદ દોશી**ની દીક્ષાનો પ્રસંગ અત્રે તપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય હિમાંશુસૂરીશ્વરજી મ., પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય નરરત્નસૂરીશ્વરજી મ., પૂ. વિજય અરવિંદસૂરીશ્વરજી મ., પૂ.આચાર્યશ્રી ગુણોદયસાગરસૂરિવર મ. (અચલગચ્છ), પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરિ મ. (અચલગચ્છ) પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજય મ., પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજય મ., પૂ. પદ્મસુંદરવિજય મ. આદિ અનેક સાધુ સાધ્વીજી મ.ની પવિત્ર નિશ્રામાં ગિરિરાજશ્રી શત્રુંજય તિર્થાધિરાજની શીતળ છાયામાં ખૂબ સુંદર રીતે ઉજવાયો.

કામળી આદિ વહોરાવવાના ચડાવા પણ ખૂબ સુંદર થયા. દીક્ષાર્થીનો બહુમાન સમારંભ પાલીતાણા ગામમાં તથા પન્નારૂપા ધર્મશાળામાં ખૂબ રૂડી રીતે થયો. ભાણાભાઈ ચોકસી (ખંભાતવાળા), કુમારપાળ વિ. શાહ, શાંતિભાઈ જેસરવાળા, હિરાભાઈ દેપલાવાળા, કલ્પેશભાઈ, જયેશભાઈ ભણસાળી આદિના દીક્ષાર્થીની શાસનસેવા, ધર્મારાધનાના પ્રસંગો જણાવતા વકતવ્યો સાંભળી સભાએ સુંદર અનુમોદના કરી.

પન્નારૂપાથી વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો જેની છાબ દીક્ષાર્થીના સુશીલ પત્ની વસંતબેને હોંશભેર ઉપાડી. દીક્ષા બાદ લગભગ ૯ સંઘપૂજનો, શ્રીફળની પ્રભાવના થઈ.



રાયચંદભાઈની દીક્ષા બાદ એમનું નામ મુનિશ્રી તત્ત્વસુંદરવિજયજી રાખવામાં આવ્યું અને એમને સંસારી પક્ષે એમના વડીલ સહોદરબંધુ સ્થવીર પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ. શ્રીના શિષ્ય જાહેર કરાયા.

રાયચંદભાઈએ શ્રાવકપણામાં રહી ખૂબ સુંદર આરાધના શાસનસેવા કરીને પોતાના આત્માને મુનિજીવનની પૂર્વસેવાથી વાસિત બનાવેલો...

એમણે વર્ધમાન આયંબિલની ૫૯ ઓળી, નવપદજીની પૂર્ણ ઓળી, જ્ઞાનપાંચમ, મૌન એકાદશી, પોષ દશમી, વીશસ્થાનક તપ, નિત્ય નવકારશી-ચોવિહાર, ઉકાળેલું પાણી આદિથી કાયાને ધર્મતપથી વાસિત બનાવેલી છે.

એમની સમકિતની કરણી પણ અનુમોદનીય છે. જેમાં પુત્ર પુત્રીઓને નાનપણથી જ સંસ્કાર સાથે જ ચારિત્ર માટેની પ્રેરણા પણ કરતા... નિત્ય જિનપૂજા-શત્રુંજય આદિ અનેક તીર્થોની અનેકવાર યાત્રા-નંદબઈ (પલ્લીવાલ ક્ષેત્ર)માં સ્વદ્રવ્યથી જિનમંદિર નિર્માણ, ૨૪ લાખ નવકારમંત્રનો જાપ, ૫૫ લાખ અરિહંત પદનો જાપ, સેંકડો સાધર્મિક કુટુંબોને આર્થિક રીતે સદ્ધર કરવામાં યથાશક્તિ તન, મન ધનનો સદુપયોગ, તીર્થાધિરાજશ્રી શત્રુંજય મહાગિરીની ૯૯ યાત્રા, સાવરકુંડલાથી ગિરનારજીનો સંઘ પૂ. પાદ વર્ધમાન તપોનિધિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિની પૂનિત નિશ્રામાં કાઢ્યો... હસ્તગીરિવર તીર્થમાં એક સંપૂર્ણ દેરીનો લાભ લીધો, કદંબગીરિવર તીર્થમાં પરિવારના પ્રત્યેક સભ્યના નામે પ્રતિમાજી પધરાવ્યા આદિ અનેક સમકિતની કરણી દ્વારા સમકિતની શુદ્ધિ કરી છે.

એમની **ચારિત્રધર્મની આરાધના** પણ નોંધપાત્ર છે.

ત્રણ ઉપધાન તપની આરાધના કરી.

ત્રણ વખત ઉપધાન કરાવવા દ્વારા લક્ષ્મીનો લહાવો લીધો. પુત્ર પંકજને દીક્ષા અપાવી હાલ પૂ. મુનિરાજશ્રી પદ્મસુંદરવિજયજી મ. એના મહોત્સવમાં લક્ષ્મીનું સુંદર વપન કર્યું, ૬૮૦૦ સામાયિક કર્યા, વરસોથી ચોસઠપ્રહરી પૌષધની આરાધના.

**શાસનસેવા**માં એમણે

★ દેપલા જિનમંદિર જીર્ણોદ્ધારમાં અથાગ સેવા આપી.

★ મલાડ હીરસૂરિ ઉપાશ્રય તથા દેરાસરજી નિર્માણ વહીવટ આદિમાં તન મન ધનનો ભોગ.

★ આણંદજી કલ્યાણજી પેઢીમાં પાંચ વરસ સુધી પ્રાદેશિક પ્રતિનિધિ તરીકે રહ્યા અને શ્રેણિકભાઈ સાથે રહીને જુદી જુદી સંસ્થાઓમાં અનેક સુધાર વધારા

કરાવ્યા, વ્યવહારુ સૂચનો દ્વારા કઠીન કોયડાઓ ઉકેલાવ્યા.

★ છાપરિયાળી પાંજરાપોળનો ત્રણ લાખનો તોટો પૂરો કરાવ્યો અને દુષ્કાળમાં પાંજરાપોળમાં જ ૮-૮ મહિના સુધી ત્યાં રહી ૨૫,૦૦૦ ઢોરને જીવીતદાનમાં સહાયક બન્યા, લગભગ ત્રણ કરોડ રૂપિયાનો ઘાસચારો ખવરાવવામાં નિમિત્ત બન્યા.

★ કુમારપાળ વિ. શાહ, નટુભાઈ આદિની સાથે રહી પલ્લીવાલ ક્ષેત્રમાં દેરાસર-ઉપાશ્રય નિર્માણ કાર્યમાં સમયશક્તિનો ભોગ આપ્યો.

★ ગઢડા-જેસર પાંજરાપોળને તથા મુંબઈના જીવદયા મંડળને આર્થિક સહયોગ અપાવવામાં સહાયક બન્યા.

★ દાદર જ્ઞાનમંદિર, દાદર આરાધનાભવન, મલાડ (ઈ)માં હીરસૂરિ ઉપાશ્રય-મંદિરમાં વરસો સુધી ટ્રસ્ટી રહી સુંદર સેવા બજાવી.

★ પાલીતાણા વર્ધમાન આયંબિલ ખાતામાં નોંધપાત્ર સેવા બજાવી.

નૂતન મુનિવરશ્રી તત્ત્વસુંદરવિજયજીની વડી દીક્ષા પાલીતાણા મુકામે સુંદર રીતે કરવા એમના સંસારી પુત્રો શૈલેષભાઈ-દીપકભાઈ અત્યારથી જ તૈયારી કરી રહ્યા છે... એમના સંસારી પત્ની વસંતબેનની કલ્યાણમિત્રતા પ્રશંસનીય રહી.

● **ચાણસ્મા :** પ્રવર્તકપ્રવર મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજય મ. શ્રી આદિ ઠા.ની નિશ્રામાં સપ્ત દિવસિય વડાવલી શંખેશ્વરના છ'રી' પાલિત શ્રી સંઘમાં શાસન-ધર્મપ્રભાવના સુંદર થઈ. સંઘપતિઓની ઉદારતા ખૂબ રહી. શ્રી સંઘમાં ૫૦૦ યાત્રિકો પૈકી ૫૦ જેટલા યાત્રિકોએ અઠ્ઠમ કર્યા, ૧૨૫ સંઘપૂજનો થયા... ચાણસ્માના જૈનેતર કન્યાના દીક્ષા પ્રસંગ પર પૂજ્યશ્રી ચાણસ્મા પધાર્યા છે.

## "દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૯,અંક-૨૬,તા.૨૩-૦૩-૧૯૯૧

● **અમલનેર :** ગચ્છાધિપતિ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પૂ. મુનિરાજશ્રી નંદીશ્વરવિજય મ.શ્રીના સંસારી માતુશ્રી **રૂપાબેન લક્ષ્મીચંદ કોઠારી** (ઉ.વ. ૮૭) અત્રે નવકારમંત્ર સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસી થતા એમના સુકૃતોની અનુમોદના નિમિત્તે નેમિચંદ મિશ્રિમલ કોઠારી પરિવાર તરફથી શ્રી શાંતિસ્નાત્ર, શ્રી સંઘજમણ સહિત પંચાહ્નિક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગ અત્યંત સુંદર રીતે ઉજવાયો. રૂપાબેનના જીવનમાં બે વરસીતપ, ત્રણ ઉપધાન, નવાણું યાત્રા, વીશસ્થાનક તપ, ક્ષીરસમુદ્ર તપ, ચારમાસી, બેમાસી તપ ઉપરાંત નિત્ય નિત્ય પોરસી પચ્ચકખાણ, સાંજે ચોવિહાર, સામાયિક, પ્રતિક્રમણ, સાધર્મિકભક્તિ, માનવરાહત આદિ અનેક આરાધના અનુમોદનીય રહી. એમના પરિવારમાં ૧૮ દીક્ષાઓ, છવીસ દીક્ષા પ્રસંગ ઉજવણીમાં મહાન લાભ, ત્રણવાર અંજનશલાકા, યશોદેવસૂરિ જૈન સંસ્કૃત પાઠશાળા નિર્માણ, પોતાના પતિદેવ લખીચંદજી હિરાલાલ કોઠારીને દીક્ષાની સહર્ષ અનુમતિ આદિ અનેક સુકૃતો યાદ આવતા જ ભવ્યજીવો અનુમોદનાપૂર્વક મસ્તક ઝુકાવી દે છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૨૬,તા.૨૩-૩-૧૯૯૧

● **પાબલ :-** શ્રી પદ્મમણિ તીર્થે પાબલ નગરીની પાવન ભૂમિ પર સુરમ્ય શિખરબંધ શ્રી જિનપ્રાસાદ નિર્માણ થતાં ત્યાં શ્રી પદ્મપ્રભસ્વામી આદિ શ્રી જિનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ તથા તન્નિમિત્તક અગ્યાર દિવસિય શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ જ શાસનપ્રભાવના અને ધર્મપ્રભાવનાપૂર્વક પૂ.આચાર્યદેવેશ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ., પૂ.પં.શ્રીધનેશ્વરવિજય ગણિવર મ., પૂ.મુનિરાજ શ્રી જગવલ્લભવિજય ગણિવર મ. તથા આ તીર્થના ઉદ્ધાર માટે અથાગ પરિશ્રમ કરનાર પૂ. મુનિરાજ શ્રી વિશ્વકલ્યાણવિજય મ. આદિની શુભ નિશ્રામાં ઉજવાયો... દીક્ષા કલ્યાણકના વરઘોડાનું આયોજન ભવ્ય રહ્યું.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૩૦,તા.૨૦-૪-૧૯૯૧

● **વિજયવાડા :** અત્રે પૂ.મુનિરાજો શ્રી દિવ્યરત્નવિજય મ., શ્રી અજિતશેખરવિજય મ., શ્રી વિમળબોધિવિજય મ.આદિની નિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધના સાનંદ સંપન્ન થઈ. પૂ. મુનિરાજશ્રી દિવ્યરત્ન વિ.મ.ની ૮૬ મી વર્ધમાન ઓળીનું પારણું ખૂબ જ ઉત્સાહના વાતાવરણમાં થયું પ્રસંગ પર ઘણાઓ કેરી ત્યાગ વગેરે નિયમો લીધા.

શ્રી મહાવીર જન્મ કલ્યાણકના દિવસે સ્નાત્ર મહોત્સવ ખૂબ જ ઠાઠથી ઉજવાયો. ૧૪ સ્વપ્નનું દૃશ્ય, રાજસભા, સ્વપ્નલક્ષણપાઠકો દ્વારા ફળકથન, ૫૬ દિકકુમારી કૃત શુચિકર્મ, ભાવભક્તિ, ઈન્દ્રસિંહાસનકંપન, ૬૪ ઈન્દ્રો દ્વારા જન્મા

ભિષેક વગેરે દશ્યો આબેહૂબ ભજવાયા. ચૈત્રી પુનમના રોજ શત્રુંજય નવાણું અભિષેકની પૂજા ખૂબ જ ઠાઠથી ભણાવાઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૩૨,તા.૧૧-૫-૧૯૯૧

● **બેંગલોર :** અત્રે શ્રી આદિનાથ જિનમંદિર, ચિકપેટમાં બિરાજમાન પરમ શાસનપ્રભાવક ગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ. સાહેબ આદિ ઠાણા ૪૦ની પાવન નિશ્રામાં શાસનપ્રભાવના અદ્ભુત ચાલી રહી છે. પ્રતિદિન સવારે વાંચના, વ્યાખ્યાન તથા યુવાનો માટે ખાસ રાત્રિ વ્યાખ્યાન ચાલી રહ્યા છે.

પૂરમપૂજ્ય વર્ધમાન તપોનિધિશ્રીજીની પાવન નિશ્રામાં પૂ. સાધ્વીશ્રી શીલચંદ્રાશ્રીજી મ.સા., પૂ. સાધ્વીશ્રી નિર્મોહાશ્રીજી મ.સા., પૂ. સાધ્વીશ્રી રાજરત્નાશ્રીજી મ.સા. આદિના વરસીતપના પારણા નિમિત્તે વૈશાખ (પ્રથમ) વદ-૧૪થી પંચાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાશે.

બેંગલોરનગરનાં ગાંધીનગર જૈન સંઘના ઉપક્રમે જે શાસનપ્રભાવક ૫ દીક્ષાઓ થઈ હતી. તેમની વડી દીક્ષા દ્વિ. વૈશાખ સુદ-૧૧ શુક્રવાર તા. ૨૪-૫-૧૯૯૧ના શુભ દિવસે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં થશે.

પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદર વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી ગુણસુંદર વિ. મ. સાહેબના સંસારીપણે બનેવી બોરીવલી (મુંબઈ) નિવાસી મુમુક્ષુ શ્રી કનકરાય માનસંગ મહેતા (૫૨ વર્ષ)ની ભાગવતી દીક્ષા દ્વિ. વૈશાખ સુદ-૧૩ રવિવાર તા. ૨૬-૫-૧૯૯૧ના શુભ દિવસે બેંગલોર મુકામે થશે.

દીક્ષા તથા વડીદીક્ષાના આ પાવન પ્રસંગ પર પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં શ્રી આદિનાથ જૈન મંદિર ટ્રસ્ટના ઉપક્રમે પંચાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ તા. ૨૫-૫-૧૯૯૧ થી ૨૯-૫-૧૯૯૧ સુધી ચીકપેટમાં ઉજવાશે. શ્રી કલ્પતરુ-કલ્પવૃક્ષ સોસાયટીના જૈન ભાઈઓની ભાવભરી વિનંતીનો સ્વીકાર કરીને દીક્ષા તથા વડીદીક્ષાની પાવન વિધિ (દીક્ષાસ્થળ) કલ્પતરુ-કલ્પવૃક્ષ સોસાયટીના વિશાળ કમ્પાઉન્ડમાં થશે.

બેંગલોર નગરની લાડલી પુત્રી **વિદુષી કુમારી ચંદ્રકાન્તા બી.એસસી.ની ભાગવતી પ્રવ્રજ્યા** અહીં જેઠ વદ-૫ રવિવાર તા. ૨-૬-૧૯૯૧ના શુભ દિવસે થશે. આ નિમિત્તે તેમના પિતાશ્રી કુંદનમલજી બાબુલાલજી પારેખ (લાપોદવાળા) પરિવાર-કુટુંબીજનો તરફથી અષ્ટાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાશે. તેની ભવ્યાતિભવ્ય તૈયારી અહીં ચાલી રહી છે.

મુમુક્ષુ કુમારી ચંદ્રકાન્તાના વાયણા રોજ ચિકપેટ, આદિનાથ જૈન મંદિરથી સવારના બેન્ડવાજા-બગ્ગી સાથે થાય છે. મુમુક્ષુ કુમારી રસ્તામાં અનુકંપાદાન આપતી જાય છે. સાથે સેંકડો નર-નારીઓ હોય છે. મુમુક્ષુ વિવિધ લતા-શેરીઓમાં જઈને ખૂબ જ શાસનપ્રભાવના કરે છે. તેઓ જિનપૂજા, દ્રવ્યત્યાગ, રાત્રિભોજન ત્યાગ, અનંતકાય ત્યાગ, સામાયિક, ઉકાળેલ પાણી પીવું આદિ નિયમો આપી રહ્યા છે મુમુક્ષુ કુમારીની આદેયતા એવી છે કે અનેક શ્રાવક-શ્રાવિકાઓ તપ-ત્યાગના વ્રતનિયમો સહર્ષ સ્વીકારી રહ્યા છે.

પૂજ્યશ્રીનું ચાતુર્માસ હુબલી નક્કી થયેલ છે. મુમુક્ષુ કુમારી ચંદ્રકાન્તાની શાસનપ્રભાવક દીક્ષા બાદ પૂજ્યશ્રી હુબલી પધારશે અને હુબલીમાં ચાતુર્માસ પ્રવેશનું શુભ મુર્હૂત અષાઢ સુદ-૬ બુધવાર તા. ૧૭-૭-૧૯૯૧ના શુભ દિવસે નિર્ધારીત થયું છે. પૂજ્યશ્રી સાથે સંપર્ક : (સરનામું અંગ્રેજીમાં કરવું)

C/o. આદિનાથ જૈન મંદિર, ચિકપેટ, બેંગલોર-560053

● **ઝેરી-નશીલા પદાર્થો હવે ટોફી-મીઠાઈના લેબલ નીચે !!!**

ઓ માતાઓ ! ઓ પિતાઓ ! શાળા કોલેજમાં જતા તમારા બાળકોને સાવધાન કરી દેજો કે તેઓ શાળા-કોલેજની આસપાસથી ખરીદીને કાંઈ જ ન ખાય. કારણ કે હશીશ, ચરસ, ગાંજો, ગર્દ, અફીણ જેવા ઝેરી અને નશાકારક પદાર્થો હવે ગોળી, ટીકડી, ટોફી અને મીઠાઈના લેબલ નીચે પણ વેચાઈ રહ્યાની વાત બહાર આવી ચુકી છે. એકવખત ભુલેચુકે પણ તમારા બાળકો જો આનો ભોગ બન્યા તો આ આદત એમની વિવશતા બની જઈ ભયંકર અનર્થની પરંપરા સર્જી શકે છે.

શાળા-કોલેજના શિક્ષકો વડાઓએ પણ બાળકોને વહાલથી-પ્યારથી આ સત્ય સમજાવવું જરૂરી જણાય છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૩૩/૩૪,તા.૨૫-૫-૧૯૯૧

(આરાધક ભવ્યાત્માઓને કેવી કેવી આરાધના થઈ શકે એની જાણકારી માટે ચિકપેટ-બેંગલોરમાં બિરાજમાન પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી

મહારાજના ચૈત્ર વદ-૬, ૮૧મા વરસના પ્રારંભે પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીજીઓએ નીચે પ્રમાણેના નિયમ ગ્રહણ કર્યા એ દરેક ૮૧ વાર અથવા ૮૧ દિવસ... વગેરે સંબંધ પ્રમાણે સમજી લેવું. - તંત્રી)

૮૧ પરમાત્માને ૩ ખમા૦પૂર્વક અરિહંત ચેઈઆણં, ૧૨-૧૨ સ્તુતિ બોલવી અરિહંતનો ૧૨ લોગસ્સનો કાઉ૦, નવપદનો ૯ લોગસ્સનો કાઉ૦, ૧૨ ખમાસમણા, નવી ગાથા કંઠસ્થ કરવી. સ્તવનની ગાથા, સ્તુતિની ગાથા, સજ્ઝાયની ગાથા ગોખવી, પંચસૂત્ર ગણવું, શાસન રક્ષાર્થે ૧૨ લોગસ્સનો કાઉ૦ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથનો કાઉ૦, શ્રી શંખેશ્વર ભગવાનનો કાઉ૦, ૫-૫ બાંધી નવકારમંત્રની માળા, જ્ઞાનપદના ૫૧ ખમા૦, ૫-૫ ખમા૦ શ્રુતજ્ઞાનનું ચૈત્યવંદન, ૮૧ કલાક બીજાને ભણાવવા, ૮૧ કલાક લેખન, ૮૧,૦૦૦ સ્વાધ્યાય, ૧૮૧ ભૂલાઈ ગયેલી ગાથા કંઠસ્થ કરવી, માંડલીમાં સ્તવન-સજ્ઝાય, સ્તુતિ બોલવી. રાત્રે પ્રતિક્રમણ બાદ ૧ કલાક બોલીને સ્વાધ્યાય, સૂર્યાસ્તિથી સૂર્યોદય સુધી ૨ કલાક મૌન, ૧૨ ભાવના ભાવવી, ૧૦ યતિધર્મની વિચારણા કરવી, સંસ્કૃતવાંચન, દશવૈકાલિકસૂત્રના સૂત્રાર્થ, શાંતસુધારસનો સ્વાધ્યાય, ઈરિયાવહિયા કરતા અર્થની વિચારણા, લોગસ્સ સૂત્રમાં ૨૪ તીર્થંકર ભગવાનને ક્રમિક યાદ કરવા. શત્રુંજય લઘુકલ્પ ગણવું. ૮૧ આયંબિલ, એકાસણા કરવા, ફરસાણ ત્યાગ, કઢાવિગઈ ત્યાગ, બે ઘડી પહેલા ચોવિહાર કરવો, નવકારશીથી વધારે પચ્ચક્ખાણ, કોઈના દોષ ન જોવા, પરપ્રવૃત્તિમાં બહિરાન્ધમૂક બનવું, જાએ સદ્ધાએ નિક્ખંતો... (આચારાંગ) ગાથાનું ૧૦ મિનિટ ચિંતન, મહાપુરુષોને યાદ કરી અહોભાવ લાવવો, પ્રતિક્રમણ ઊભા ઊભા કરવું. વડીલના ઓઘા બાંધવા, વડીલની ઉપધિનું પડિલેહણ કરવું. ગોચરી માંડલીમાં મૌન રાખવું. પ્રતિક્રમણમાં જેટલા વાંદણા આવે તેમાં ૧૭ સંડાસા, ૨૫ આવશ્યકનો ઉપયોગ રાખવો, નિર્વાણપદમધ્યૈકં... ગાથા ૩ વાર બોલવી, પરમાત્મા સન્મુખ ૫ મિનિટ ધ્યાન, સંયમજીવન પામ્યાની બલિહારી વિચારવી, ૧૭ ખમા૦ ચારિત્રપદના, કોઈની સાથે ગુસ્સો ન કરવો, થઈ જાય તો ૩ નવકાર, કેવું શાસન ! કેવો સમુદાય ! કેવા ગુરુ ! કેવી આરાધનાઓ-સાધનાઓ પ્રાપ્ત થઈ છે તેનું ચિંતવન, બીજાના કષાયમાં નિમિત્ત ન બનવું - નિમિત્ત બનાય તો 'નમો અરિહંતાણ' પદનો જાપ.

● **સુરત :** માણેકનગર (અહમદનગર)માં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ, રામપુરમાં જિનમંદિરની સાલગીરીની શાનદાર ઉજમણી, જુન્નરમાં ઉપધાન તપની માળારોપણનો ભવ્ય પ્રસંગ, જુન્નર પાબલ છ'રી' પાલિત સંઘ, પાબલ પદ્મમણિ તીર્થમાં શાસનપ્રભાવક અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ પૂર્ણ કરી પૂ. પાદ આચાર્યદેવેશ



શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. હવે સુરત પધાર્યા છે. જ્યાં એઓ પૂજ્યશ્રીની નિશ્રામાં પૂ. ગણિવરશ્રી જગવલ્લભવિજય મ. શ્રીની પ્રેરણાથી ત્રિવિક્રમનગરમાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ પ્ર. વૈ. વદ-૧૩ થી દ્વિ. વૈ. સુદ-૬ ઉજવવાનું નક્કી થતાં અત્રે આનંદ પ્રવર્ત્યો છે. પૂ. આચાર્યદેવશ્રીની પાવન નિશ્રામાં ચાર માસમાં આ ત્રીજો અંજનશલાકા પ્રસંગ ઉજવનાર છે...

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૩૬/૩૭,તા.૧૫-૬-૧૯૯૧

● **હ્રીંકાર તીર્થ** (આંધ્ર) : પૂ. મુનિરાજશ્રી દિવ્યરત્ન વિજય મ. પૂ. મુનિરાજશ્રી અજિતશેખર વિજય મ. તથા પૂ. મુનિરાજશ્રી વિમળબોધિવિજયજી મ. આદિની નિશ્રામાં શ્રાદ્ધરત્ન કુમારપાળ વિ. શાહ તથા પ્રો. કમલ બેગાનીના સંચાલનપૂર્વક અત્રે ઉનાળાના વેકેશનની શિબિર સુંદર રીતે પૂર્ણ થઈ. આવશ્યક ક્રિયાના સૂત્રોના રહસ્ય, જિનપૂજાનું પ્રેક્ટિકલ જ્ઞાન, જૈન ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, શ્રાવક જીવનના આચાર આદિનું સુંદર જ્ઞાન પામ્યાના સંતોષથી વિદ્યાર્થીઓ આનંદિત થયા.

● વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ ૧૧ અને ૧૨ના અભ્યાસક્રમથી **દેડકાઓના વિચ્છેદન ઉપર** ગુજરાત સરકારની **બંધીનો આદેશ** તારીખ ૧૬-૪-૧૯૯૧ના પરિપત્રથી શિક્ષણ વિભાગે કરેલ છે. જીવહિંસા રોકવા માટે જીવદયાના કાર્યોમાં સતત સખત રીતે સેવારત પરમ પૂજ્ય મુનિશ્રી રાજચંદ્ર વિજયજી મહારાજ સાહેબનો ફાળો ખૂબ ખૂબ જ નોંધપાત્ર રહ્યો છે. આ સમાચારોથી જીવદયાપ્રેમી જનતામાં સર્વત્ર હર્ષ વ્યાપી ગયો છે. ભારતના તમામ રાજ્યોમાં આવા નિર્ણયો થાય એ માટે જીવદયા પ્રેમીઓએ પ્રયત્ન કરવા જેવા છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૪૨,તા.૨૦-૭-૧૯૯૧

● **વડોદરા (નિઝામપૂરા)** : પ. પૂ. વર્ધમાન તપોનિધિ આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના શિષ્યરત્ન પ. પૂ. આ. શ્રી વિજય હેમચંદ્રસૂરિ મ. ની નિશ્રામાં પ. પૂ. સિદ્ધાંત મહોદધિ કર્મસાહિત્ય વિશારદ આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ૨૩મી સ્વર્ગારોહણ તિથિ વૈ. વદ-૧૧ના દિવસે ભવ્યતયા ઉજવાઈ... પછીથી ખંભાત મુકામે પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં એમના સંસારી

માતુશ્રી મૂળીબેન તથા સંસારી ભાઈ બંસીભાઈના આત્મશ્રેયાર્થે ગૌતમસ્વામી પૂજન-શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવની ઉજવણી શાનદાર થઈ.

## ● ભાવનગરમાં અભૂતપૂર્વ પ્રભાવક પ્રસંગો

અત્રેના જૈન શ્વે. મૂ. પૂ. તથા સંઘના ઉપક્રમે વર્ધમાન તપોનિધિ સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરીજ મ.ની આજ્ઞા અને આશીર્વાદથી શાંતમૂર્તિ પૂ. આ. શ્રી વિજય અરવિંદસૂરિવર મ.ની નિશ્રામાં મુનિરાજશ્રી **રત્નસુંદર વિજય મ.નો ગણિપદપ્રદાન** પ્રસંગ શાસન-ધર્મપ્રભાવનાપૂર્વક અત્યંત ભવ્ય રીતે ઉજવાયો એની ઝાંખી કરાવતા પ્રસંગો નીચે મુજબ છે.

★ દરરોજ સવારના સામુદાયિક અરિહંત વંદનાવલીમાં ૫૦૦થી અધિકની હાજરી.
★ ગણિપદ નિમિત્તે 'તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી' એ પુસ્તક પરની પરીક્ષામાં ૨૫૦ની સંખ્યા.
★ છેલ્લા એક મહિનાથી તડામાર તૈયારીઓ... રોજના ૩/૩ જીવો છોડાવાનું ચાલુ.
★ વિશાળકાય દેવવિમાન જેવા મંડપની રચના.
★ ૪૫ છોડ, ૪૫ આગમ તથા ૪૫ આગમની સમજ આપતા થર્મોકોલ પર બનાવેલા અતિ આકર્ષક બોર્ડોના દર્શન માટે ઉમટતી હજારોની મેદની.
★ ભવ્ય અષ્ટાપદ તીર્થની રચના તથા પૂજા.
★ ૧૧/૧૧ આગમોની જુદી જુદી સોસાયટીમાં બેંડ-વાજા સાથે પધરામણી.
★ ભગવતી સૂત્રને ઘરે લઈ જવાની અને વરઘોડામાં એ આગમને લઈને હાથી પર બેસવાની સુંદર બોલીઓ.
★ લલિતભાઈ ધામીએ ભણાવેલી ભવ્ય પૂજા.
★ ૪૫ આગમનો ઐતિહાસિક વરઘોડો - બુદ્ધિસાગર બેન્ડ-પાર્લાએ જમાવેલી રંગત - ચાલુ દિવસ છતાં સાડા આઠે ચડેલો વરઘોડો સવા બારે ઊતર્યો - ચિક્કાર માનવમેદની.
★ રાત્રિ ભાવનામાં ૮ થી ૯ હજારની મેદની - નિકેશ સંઘવીનું ભાવવાહી ગીત - લલિતભાઈ ધામીએ એક કલાક ચલાવેલી આરતી - મંગળદીવાની ૧૦,૦૦૦ મણની રેકર્ડ ઉછામણી - અનેક આકર્ષક આરતીઓ - એમને પ્રોત્સાહક ઈનામો.
★ ગણિપદ દિને સવારના ૯.૩૦ વાગે ક્રિયાની શરૂઆત.
★ રાજકોટના મેયર વજુભાઈ વાળા ભાવનગરના ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલ વગેરે આગેવાનોની હાજરી.
★ વસંતભાઈ પારેખનું ભાવવાહી ગીત.
★ સાધારણની સુંદર ટીપ.
★ પટ-કામળી-નવકારવાળી વહોરાવવાની સરસ ઉછામણી.
★ ૯.૩૦ થી ૧.૧૫ મિનિટ સુધી ૧૨,૦૦૦ની મેદનીની હાજરી.
★ ૧૨.૫૦ મિનિટે ગણિપદ મંત્રનું, પૂજ્ય આ. ભ. શ્રીના મુખે પ્રદાન.
★ હર્ષના હિલોળામાં સકળ સંઘનો માઝા મૂકતો ઉત્સાહ.
★ ક્રિયા સમાપ્તિ બાદ નૂતન ગણિવરનું મંગળ પ્રવચન, ઉપકારી ગુરુદેવની સ્મૃતિ, માતાની અનુપસ્થિતિનું ગદ્‌ગદ દિલે વર્ણન - પ્રવચનકાર સહિત જંગી મેદનીની આંખમાંથી વહી રહેલા આંસુ.
★ પૂ. આ. ભ. શ્રી વિજય અરવિંદ સૂ. મહારાજે વાત્સલ્યથી જોગ કરાવ્યા એ બદલ એમના ઉપકારની યાદ.
★ 'જે વૃક્ષ નીચે પૂ. નેમિસૂરિ મ. ની આચાર્યપદવી થઈ એ જ વૃક્ષ નીચે ગણિપદવી થઈ' આ વાતની રજૂઆત સાથે તાળીઓના ગડગડાટો...
★ બપોરના શાન્તિસ્નાત્ર.
★ સકળ ભાવનગર સંઘનું સ્વામિવાત્સલ્ય... બીજે દિવસે એટલે કે
★ રવિવારે બપોરના જા x પ્ર.માં પબ્લિકના ટોળેટોળા - વિશાળ હોલની બારીઓ પર તથા બહાર મેદાનમાં ય ચિક્કાર પબ્લિક.
★ વસંતભાઈના ગીતે સહુની આંખમાં આંસુ... પ્રવચનની છેલ્લી ૧૫ મિનિટ સંવેદનમાં સહુ રડ્યા. લગભગ ૩,૦૦૦ જેટલી પબ્લિક વિદાયમાં... ગમગીની ભરેલા દૃશ્યો.
★ દોઢ કિ.મી. દૂર વિઠ્ઠલવાડી મુકામે સાથે આવેલા સહુનું ત્યાંની સોસાયટી તરફથી સાધર્મિક વાત્સલ્ય - એમાં ૨,૮૦૦ની સંખ્યા.
★ સંપૂર્ણ પ્રસંગને દીપાવવાનું કામ કર્યું **શ્રી પ્રાર્થના જૈન યુવક મંડળના લગભગ ૧૨૦ જેટલા યુવાનોએ.**
★ ભાવનગર તથા સંઘના સહુ કાર્યકરોનો અમાપ ઉત્સાહ.
★ પૂ. નેમિ સૂ. મ.ના સમુદાયના તથા અન્ય સમુદાયોના પૂજ્યોની ઉપસ્થિતિ.
★ 'અમાસથી પૂનમ તરફ' એ પુસ્તકનું સાવરકુંડલાવાળા શેઠશ્રી નવિનચંદ્ર છોટાલાલના હસ્તે વિમોચન. **(ગણપદવીના દિવસે)**

★ જુદા જુદા સમુદાયના પૂજ્યોના આવેલા શુભેચ્છા પત્રોનું વાંચન.

★ ગણિપદના દિવસે સુંદર અનુકંપાદાન.

● **સંગમનેર :** વર્ધમાનતપોનિધિ ગચ્છાધિપતિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજીની આજ્ઞા અને આશીર્વાદથી અત્રે પં. શ્રી ધનેશ્વરવિજયજી ગણિનો આચાર્યપદવી પ્રદાન પ્રસંગ જિનેન્દ્રભક્તિ સ્વરૂપ શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક ખૂબ ઠાઠ અને ઉલ્લાસથી ઉજવાયો. પ્રસંગ પર અત્રેના શ્રી સંઘના ભાઈ-બહેનો સહુ અહમદનગર નાસિક સમશેરપુર, વણી આદિ અનેક સ્થળોથી ભાવિકો આવેલા. જુદી જુદી ઉછામણીઓ પણ સમયાનુસાર સારી થઈ. નૂતન પૂજ્ય આચાર્યશ્રીનું ચોમાસું અત્રે નક્કી થતા અત્રેના શ્રી સંઘમાં ઉલ્લાસની ઓર વૃદ્ધિ થઈ.

● **મદ્રાસ :** અત્રે પૂ. વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રી વિમલસેન વિજય ગણિ મ.સા.ની નિશ્રામાં બાબુલાલ ખુશાલચંદજીની સુપુત્રી કુમારી દેવિકાની ભાગવતી દીક્ષા નિમિત્તે શાંતિસ્નાત્ર સહ પંચાહ્નિકા જિનભક્તિ મહોત્સવ સહ દીક્ષા ધામધૂમથી થઈ. ઉપજ તથા મેદની સારા રહ્યા.

નૂતન દીક્ષિતાનું નામ સાધ્વીજીશ્રી ધૃતિવર્ધનાશ્રીજી રાખી, પૂ. સાધ્વીજી અનંતકીર્તિશ્રીજી મ.ના પ્રશિષ્યા સા. નંદીવર્ધનાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરાયા.

● **રાણીબેન્નુર :** બેંગલોરમાં વિદૂષી કન્યા ચંદ્રકાંતા (બી. એસસી.)ના દીક્ષાના પ્રસંગ ખૂબ જ ભવ્ય રીતે સંપન્ન થયા. સુવિશાળ ગચ્છાધિપતિ વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ ઠા. હુબલી તરફના વિહારમાં છે. બેંગલોરના ઉદારમના શેઠશ્રી એસ. કપુરચંદજી આદિ દ્વારા બેંગલોર નજીક ૧૦૮ પાર્શ્વનાથ ભ.નું વિશાળ તીર્થ સ્થાપવાનું નક્કી થયું છે. એમની વિનંતીથી પૂજ્યશ્રી તીર્થસ્થળ દેવનહલ્લી પધાર્યા. અહીં વિશાળ હોલમાં શ્રી પાર્શ્વનાથ ભગવંત ત્રણ સુંદર પ્રતિમાજી બિરાજમાન કરાયા છે. પૂ. પાદશ્રીએ અહીં અષ્ટાપદજીની પૂજાના અર્થ આખ્યાનરૂપમાં સમજાવતાં બેંગલોરથી આવેલ ભવ્યો મંત્રમુગ્ધ બન્યા...

ટુમકુર, હિરિયુર, ચિત્રદુર્ગ, દાવણગિરિ, હરિહર આદિ જિનમંદિર વિભૂષિત ગામોમાં પોતાની વૈરાગ્ય નીતરતી વાણીનો લાભ દેતાં દેતાં પૂજ્યશ્રી રાણીબેન્નુર પધાર્યા. અહીં જેઠ વદ-૬ બુધવાર તારીખ ૩-૭-'૯૧ના શુભ દિને બેંગલોરમાં દીક્ષિત મુનિશ્રી કલ્યાણસુંદરવિજયજી (બોરીવલીના કનકભાઈ મેતા)ની વડી દીક્ષા



નક્કી થયેલી એથી શ્રી સંઘ આનંદમાં હતો. એમાં વળી સાંગલી નિવાસી ૨૪ વર્ષના નવયુવાન શ્રી અભયકુમાર (માતા કમળાબેન, પિતા શાંતિલાલ શાહ)ની ભાગવતી દીક્ષા પણ અહીં જ નક્કી થતાં શ્રી સંઘમાં આનંદની છોળો ઊછળી. કારણ અત્રેના ઇતિહાસમાં દીક્ષાનો પ્રસંગ સૌ પ્રથમ હતો. મુમુક્ષુ અભયકુમારે ઉપધાનતપ, માસક્ષમણતપ, છ'રી' પાલિત સંઘમાં વિહાર આદિથી પોતાના આત્માને તપ વગેરેથી સુંદર કેળવેલો.

વદ પાંચમના રોજ પૂ. પાદશ્રી આદિનો નગરમાં શાનદાર પ્રવેશ થયો. બપોરે વરસીદાનનો વરઘોડો અત્યંત શાસન-ધર્મ પ્રભાવક રહ્યો. પેંડા આદિના પેકેટ, વસ્ત્રો, નગદ સિક્કા આદિના દાન દ્વારા વરસીદાનમાં ઉદારતા બહુ તરી આવતી હતી. રાત્રે મુમુક્ષુના સન્માન સમારોહમાં લોકોની ઉપસ્થિતિ સારી રહી.

અત્રે ઉપાશ્રય બહાર બંધાયેલા વિશાળ મંડપમાં દીક્ષા-વડીદીક્ષાની વિધિ સુંદર રીતે સંપન્ન થઈ. હાવેરી, મલયબેન્નુર, દાવણગિરિ, હુબલી, ભદ્રાવતી આદિના ભવ્યો ઉપરાંત અત્રેના શ્રી સંઘના ભાઈ-બહેનોની ઉપસ્થિતિ સારી હતી. ઉપકરણ આદિની બોલીઓ સમયાનુસાર ઘણી સારી રહી.

અભયકુમારને સાધુવેશમાં જોઈ સાધુત્વ તરફ અધિક આકર્ષાયેલા અભયકુમારના બેન કોકિલાબેન અને બનેવી સતીશભાઈએ ભરસભામાં પોતાના એકના એક નાના બાળક સ્વપ્નીને પૂ. પાદશ્રીને વહોરાવતાં સભા મંત્રમુગ્ધ બની ગઈ. અનેકની આંખોમાં આ ભવ્ય ત્યાગની અનુમોદના સ્પષ્ટ જણાતી હતી.

દીક્ષા બાદ અભયકુમારનું નામ મુનિશ્રી ગૌતમદર્શન વિજયજી રખાયું અને એમને એમના સંસારી વડીલબંધુ મુનિરાજશ્રી વિવેકસારવિજયજી મ.ના શિષ્ય ઘોષિત કરાયા. વડીદીક્ષા બાદ મુનિશ્રી કલ્યાણસુંદરવિજયજીને એમના સંસારી સાળા મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજીના શિષ્ય તરીકે દિગ્બંધન થયું.

રાણીબેન્નુર શ્રી સંઘની મહિનાઓ સુધીની સતત આગ્રહભરી વિનંતી સ્વીકારી, પૂ. પાદશ્રી મુનિરાજશ્રી ભુવનસુંદર વિજય મ. શ્રી આદિને અત્રે ચોમાસું રાખવાની જાહેરાત કરતાં શ્રી સંઘ આનંદવિભોર બન્યો હતો. પૂ. શ્રીનો ૧૭-૭-૧૯૯૧ અષાઢ સુદ-૬ના રોજ હુબલી ચાતુર્માસ પ્રવેશ માટે હુબલીનો સંઘ સુંદર તૈયારી કરી રહ્યો છે. પૂ. પાદશ્રી સાથે પત્ર વ્યવહાર

JAIN Swe. Temple, Kanchgar Street, HUBLI (Kar.).

## સુવિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયનાં સાધુઓનું વિ.સં. ૨૦૪૭ ચાતુર્માસ લીસ્ટ.

૧. પ. પૂ. આ. શ્રી વિજય હિમાંશુસૂરિ.મ. પ. પૂ. આ. નરરત્ન સૂરિ. મ., પ. પૂ. આ. હેમચંદ્રસૂરિ. મ. ગણિ કુલચંદ્ર વિ.મ. આદિ...
જૈન શ્વેતા. મૂ.સંઘ, ૮, મામાનો બંગલો, સદાનંદ સોસાયટી, વાસણા, **અમદાવાદ**-૩૮૦૦૦૭

૨. પ. પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિ. મ. પ.પૂ.આ.શ્રી જયઘોષ સૂરિ મ. આદિ ઠાણા ૨૮, મરૂધર જૈન સંઘ, કંસવાર ગલી, **હુબલી**-૫૮૦૦૨૮.

૩. પ. પૂ. આ. શ્રી ધનપાલસૂરિ.મ. ગણિ. ચતુર વિજયજી આદિ ૪, જૈન શ્વેતામ્બર મંદિર, **બંગારપેટ**-૫૬૩૧૧૪. (કર્ણાટક)

૪. પ. પૂ. આ. શ્રી ભદ્રગુપ્તસૂરિ. મ. આદિ. જૈન મંદિર, ગોવાલિયા ટેન્ક રોડ, **મુંબઈ**-૪૦૦૦૩૬

૫. પ. પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ. મ. આદિ. જૈન શ્વે. તપા. સંઘ, નવરોજ લેન, **ઘાટકોપર** (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૮૬.

૬. પ. પૂ. આ. શ્રી જિતેન્દ્રસૂરિ. મ. આદિ. જૈન ધર્મશાલા, **પિંડવાડા**-૩૦૭૦૨૨ (રાજસ્થાન) જિ. સિરોહી.

૭. પ. પૂ. આ. શ્રી જયશેખરસૂરિ. મ. આદિ-૯, જૈન શ્વે. મંદિર, પાર્શ્વનાથ રોડ, **બીજાપુર**-૫૮૬૧૦૧ (કર્ણાટક)

૮. પ. પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરિ. મ. આદિ-૮, હીરસૂરિ ઉપાશ્રય, દેનાબેંક પાછળ, દફતરી રોડ, **મલાડ (ઈસ્ટ)** મુંબઈ-૪૦૦૦૯૭

૯. પ. પૂ. આ. શ્રી ગુણરત્ન સૂરિ મ. આદિ-૧૪, શાંતિનાથ જૈન મંદિર, ધાનમંડી, **બ્યાવર**-૩૦૫૯૦૧ (રાજસ્થાન)

૧૦. પ. પૂ. આ. શ્રી ધનેશ્વરસૂરિ. મ. આદિ-૪, શ્રી કુંથુનાથ જૈન શ્વે. મંદિર, **સંગમનેર**-૪૨૨૬૦૫ (મહારાષ્ટ્ર)

૧૧. પ. પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ.મ., હીરાભુવન જૈન ઉપાશ્રય, આદિ-૧૧, વ્યાપારી પેઠ, શાહુપુરી, કોલ્હાપુર-૪૧૬૦૦૧ (મહારાષ્ટ્ર)



૧૨. પ. પૂ. પં. શ્રી વિમલસેન વિ.મ. આરાધનાભુવન, ૩૫૧, મીંટ સ્ટ્રીટ, **મદ્રાસ**-૬૦૦૦૭૯ (તમીલનાડુ)

૧૩. પ. પૂ. ગણિ શ્રી વિદ્યાનંદ વિ.મ. આદિ-૨, અજિતનાથ જૈન મંદિર, ગણપતી રોડ, **નંદુરબાર**-૪૨૫૪૧૨ (મહારાષ્ટ્ર)

૧૪. પ. પૂ. ગણિ શ્રી જગવલ્લભ વિ.મ. જૈન જ્ઞાનમંદિર, ૫ગડબંધ લેન, **નાસિક**-૪૨૨૦૦૨ (મહારાષ્ટ્ર)

૧૫. પ. પૂ. અશ્વસેન વિજયજી મ. પ.પૂ.ગણિ શ્રી વીરરત્ન વિ.મ., જૈન ઉપાશ્રય, **ઉન્હેલ**-૪૫૬૨૨૧ (મધ્યપ્રદેશ)

૧૬. પ. પૂ. દેવસુંદર વિજયજી મ.સા., પ.પૂ.ગણિ શ્રી રત્નસુંદર વિ.મ. આદિ-૭, પન્નારૂપા ધર્મશાળા, તળેટી રોડ, **પાલીતાણા**-૩૬૪૨૭૦

૧૭. પ. પૂ. ગણિ શ્રી હેમરત્ન વિ.મ. આદિ-૪, જૈન ઉપાશ્રય, નહેરુનગર, ચાર રસ્તા, આંબાવાડી, **અમદાવાદ**-૩૮૦૦૧૫

૧૮. પૂ. પ્રવર્તકપ્રવરશ્રી ધર્મગુપ્ત વિ.મ. આદિ-૫, જૈન ઉપાશ્રય, બજાર,**મહેસાણા**

૧૯. પ. પૂ. મુનિ શ્રી નંદીઘોષ વિ.મ., પ.પૂ.મુનિ શ્રી કીર્તિરત્ન વિ.મ., શ્રી સંભવનાથ જૈન પેઢી, મહારાણા પ્રતાપ રોડ, ડી.એસ.પી. ઓફીસ સામે, **આકોલા**-૪૪૪૦૦૧ (મહારાષ્ટ્ર)

૨૦. પ. પૂ. મુનિ શ્રી જયંતિલક વિ.મ. આદિ-૨, શ્રી કુંથુનાથ જૈન શ્વે. મંદિર, ૬૨, મહાત્મા ગાંધી રોડ, **સિકન્દ્રાબાદ**-૫૦૦૦૦૩ (આંધ્ર પ્રદેશ)

૨૧. પ. પૂ. મુનિ શ્રી જયરત્ન વિ.મ., આદિ. નવલચંદ સુપ્રતચંદ પેઢી, ગુજરાતી કટલા, **પાલી**-૩૦૬૪૦૧ (રાજસ્થાન)

૨૨. પ. પૂ. મુનિ શ્રી જયચંદ્ર વિ.મ. તપોવન સંસ્કારધામ, મુ. ધારાગિરિ. પોસ્ટ કબીલપોર, જિ. નવસારી-૩૯૬૪૨૪ (ગુજરાત)

૨૩. પ. પૂ. મુનિ શ્રી પદ્મરત્ન વિ.મ. પ.પૂ.મુનિ શ્રી શીલરત્ન વિ.મ., શ્રમિક હોલ, એસ.ટી. સ્ટેન્ડ સામે, **ભોર** (જિ. પુના)-૪૧૨૨૦૬ (મહારાષ્ટ્ર)

૨૪. પ. પૂ. મુનિ શ્રી કનકસુંદર વિ.મ., આદિ-૨, જૈન આરાધના ભુવન, ૨૮૯, એસ.કે. બોલે રોડ, **દાદર** (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૨૮.

૨૫. પ. પૂ. મુનિ શ્રી વિશ્વાનંદ વિ.મ. મુંબઈ

૨૬. પ. પૂ. મુનિ શ્રી નિપુણચંદ્ર વિ.મ. જૈન શ્વેતામ્બર ઉપાશ્રય, આદિ-૫, નિઝામપુરા, વડોદરા-૩૯૦ ૦૦૨.

૨૭. પ. પૂ. મુનિ શ્રી ભુવનસુંદર વિ.મ., આદિ-૨, જૈન ધર્મશાળા, સ્ટેશન રોડ, **રાણીબેન્નુર**-૫૮૧૧૧૫ (કર્ણાટક)

૨૮. પ. પૂ. મુનિ શ્રી જિનહંસ વિ.મ. પ.પૂ.મુનિ શ્રી કલ્પરત્ન વિ.મ., જૈન મંદિર, જૈન ટેમ્પલ સ્ટ્રીટ, **વિજયવાડા**-૫૨૦૦૦૧ (આંધ્રપ્રદેશ)

૨૯. પ. પૂ. મુનિ શ્રી દિવ્યરત્ન વિ.મ. પ.પૂ.મુનિ શ્રી અજિતશેખર વિ.મ., આદિ-૩, જૈન ધર્મશાળા, ગુન્તલામ્મા ચોટલી સ્ટ્રીટ, **ગુન્ટુર**-૫૨૨૦૦૩

૩૦. પ. પૂ. મુનિ શ્રી મુક્તિદર્શન વિ.મ., આદિ-૨, જૈન શ્વે. મંદિર, ગોપાલનગર, **ભીવંડી**-૪૨૧૩૦૨ (મહારાષ્ટ્ર)

૩૧. પ. પૂ. મુનિ શ્રી નેત્રાનંદ વિ.મ., જૈન જ્ઞાન મંદિર, જ્ઞાન મંદિર રોડ, **દાદર** (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૨૮.

૩૨. પ. પૂ. મુનિ શ્રી વિશ્વકલ્યાણ વિ.મ., શ્રી શાંતિનાથ જૈન મંદિર, સોલાપુર બજાર, **પુના**-૪૧૧૦૦૧ (મહારાષ્ટ્ર)

૩૩. પ. પૂ. મુનિ શ્રી મેઘદર્શન વિ.મ. ૐકાર સૂરિજી આરાધના મંડપ, ગોપીપુરા, **સુરત**-૩૯૫૦૦૩ (ગુજરાત)

૩૪. પ. પૂ. મુનિ શ્રી પદ્મદર્શન વિ.મ. વાસુપૂજ્ય સ્વામી જૈન ટેમ્પલ, ૫૪, ઝવેરી રોડ, **મુલુન્ડ,** મુંબઈ-૪૦૦૦૮૦.

૩૫. મુનિ શ્રી સંયમબોધિ વિજયજી મ., આદિ-૩, જૈન શ્વે. ઉપાશ્રય, સંઘળી ફળી, શાંતિનાથ જૈન દેરાસર પાસે, **વિરમગામ**-૩૮૨૧૫૦, જિ.અમદાવાદ.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૪૫,તા.૧૦-૮-૧૯૯૧

• પૂ. ગણિપ્રવર શ્રી હેમરત્નવિજય મ. શ્રીની આઠ દિવસની અત્રે શિબિર શાસન-ધર્મપ્રભાવક રહી. કુલ ૭૫૦ શિબિરાર્થીઓમાંથી ૫૦૦ તો અજૈન હતા. સૌએ માંસ-મચ્છી-અંડા-દારૂ આદિ ત્યાગની સમૂહે પ્રતિજ્ઞા કરી ત્યારે અદ્‌ભૂત દૃશ્ય સર્જાયેલું.

• **નાસિક :** પૂ. ગણિવર શ્રી જગવલ્લભ વિજય મ. આદિ ઠા. બારડોલીમાં જિનબિંબાદિ પ્રતિષ્ઠા ભવ્ય રીતે કરાવ્યા બાદ આભોણા પધારેલ જયાં જિનપ્રતિમાજીનો પ્રવેશ મહોત્સવ ૧૮ અભિષેક, કુમારપાળ રાજાની આરતી આદિ પ્રસંગો સુંદર ઉજવાયા. અત્રેથી વણીનગરના શ્રી સંઘમાં છ'રી' પાલિત યાત્રાસંઘમાં માળારોપણ આદિ બોલીઓ સારી થઈ. ત્યાંથી પૂ. શ્રી ચાતુર્માસાર્થે નાસિક પધારેલ છે.



## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૪૬,તા.૧૭-૮-૧૯૯૧

ચોમાસાની સીઝન એટલે ધર્મની સીઝન... સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પોતાના આજ્ઞાવર્તી સાધુઓ આદિને અનેક સ્થળે મોકલતા, ત્યાં થઈ રહેલી શાસન-ધર્મ પ્રભાવનાની આછી ઝલક અત્રે પ્રસ્તુત છે.

• **પાલીતાણા :** સ્વ. પૂ. ૐકારસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી શાંતમૂર્તિ પૂ. આ. દેવશ્રી વિજય અરવિંદસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અત્રે આ. શ્રી વિજય યશોવિજયસૂરિજી મ. તથા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી ગણિવર મ.સા.ની વાણી-સુધા ૨૫૦૦ ભવ્યો પી રહ્યા છે. સાંકળી અઠ્ઠાઈમાં ૩૦ નામો, સાંકળી અઠ્ઠમમાં ૨૪૦ નામો નોંધાઈ ગયા. 'દર વરસે રસોડામાં વપરાતી લીલોતરીની રકમ જેટલી રકમ સાધારણ ખાતામાં વાપરી' એવા નિયમમાં ખૂબ સારી સંખ્યા જોડાઈ. પૂ. ગણિવરશ્રીના પ્રવચનોથી પાલીતાણા શહેરના યુવાનવર્ગમાં પણ ખૂબ સુંદર જાગૃતિ આવી છે. પૂ. ગણિવરશ્રીની વિશેષાવશ્યકની વાચનાનો લાભ ૨૭૦ જેટલા સાધુ સાધ્વીને મળે છે.

• **ભોર (પૂના-મહારાષ્ટ્ર) :** પૂ. મુનિરત્નોશ્રી પદ્મરત્ન વિ. મ. તથા શ્રી શીલરત્ન વિજય મ.નો અત્રે ચાતુર્માસ પ્રવેશ સુંદર શાસન પ્રભાવનાપૂર્વક થયો. બન્ને મુનિઓના પ્રવચનોથી શ્રી સંઘમાં સામુદાયિક આયંબિલ, અરિહંતપદની આરાધનાના સામુદાયિક ખીરના એકાસણા, નવ દિવસિય સામુદાયિક અનુષ્ઠાનોનું આયોજન, સિદ્ધિતપ-માસક્ષમણ આદિમાં આગળ વધવાનું વગેરે ચાલે છે.

• **ઘાટકોપર :** પૂ. આ. દેવેશશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં રોજના પ્રવચન, રવિવારિય જાહેર પ્રવચન, અઠવાડિક જૈન તત્ત્વજ્ઞાન શિબિર આદિમાં જિનવાણી-પિયુષ પાન કરાવાઈ રહ્યા છે. શ્રી સંઘમાં સામુદાયિક અષ્ટકર્મસૂદન તપ-ધર્મચક્ર તપ. રવિવારિય જુદા જુદા અનુષ્ઠાનો સહ અનેક તપસ્યાઓ ધર્મના અજવાળા પાથરી રહી છે. ૬૦ ફુટ રોડ પરના ઉપાશ્રયે શ્રોતાઓને પૂ. મુનિરાજશ્રી ભદ્રયશવિજયજી મ. જિનવચનપાન કરાવે છે તો પંતનગરમાં પૂ. મુનિરાજશ્રી ધર્મયશવિજયજી મ. વાણીસુધા વર્ષાવે છે.

• **બીજાપુર :** પૂ. આ. દેવશ્રી વિજય જયશેખરસૂરિવર મ.ને સૂરિમંત્ર ૧લી

પીઠની આરાધના પૂર્ણતાને આરે પહોંચી છે. એમની નિશ્રામાં વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી અભયશેખરવિજયજી મ.ના દૈનિક અને બુધવારિય શિબિરના પ્રવચન સુધાપાનના પગલે શ્રી સંઘમાં સાંકળી અઠ્ઠમ, સામુદાયિક સિદ્ધિતપ, આયંબિલતપ, રવિવારિય અનુષ્ઠાનો આદિ સુંદર રીતે શરૂ થયા છે...

● **દાદર** (W) : અત્રે જૈન આરાધનાભવનમાં વ્યાખ્યાતા તપસ્વી પૂ. મુનિરાજશ્રી કનકસુંદર વિજય મ. તથા તપસ્વી પૂ. મુનિરાજશ્રી પદ્માનંદ વિજય મ.નો ચાતુર્માસ પ્રવેશ સુંદર થયા બાદ શ્રી સંઘમાં સાંકળી અઠ્ઠાઈ, રોજ અઠ્ઠમ, ૧૫-૨૦ આયંબિલ, શિશુશિબિર, રવિવારિય શિબિર, દૈનિક વ્યાખ્યાન વગેરે સુંદર ચાલે છે. પૂ. મુનિવર્યોની અનુક્રમે ૯૪મી/૮૦મી વર્ધમાન આયંબિલ ઓળીના આલંબને શ્રી સંઘમાં તપ-ત્યાગની છાયા ઓર વધી છે.

● **વડોદરા** : અત્રે વર્તમાનતપોનિધિ ગચ્છાધિપતિ આ. દેવેશ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી નિપુણચંદ્રવિજયજી મ. આદિના અત્રે નિઝામપુરામાં ચાતુર્માસ પ્રવેશ બાદ શ્રી સંઘમાં સાંકળી અઠ્ઠમ, આયંબિલ, રવિવારીય અનુષ્ઠાન, જાહેર પ્રવચન, ચાતુર્માસિક દૈનિક પ્રોગ્રામો, "ધ્યાનશતક", "સમરાદિત્ય" ગ્રંથવાચન વગેરે સુંદર રીતે ચાલે છે...

● **વિજયવાડા** : પૂ. મુનિરાજશ્રી જિનહંસવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ.ના વાણીધોધમાં ઝીલી રહેલા શ્રી સંઘમાં રોજના અઠ્ઠમ ધર્મચક્ર તપ, સિદ્ધિ તપ, ચત્તારિ અઠ્ઠ આદિ તપ શરૂ થયા છે, રવિવારિય આયોજનો સુંદર નક્કી થયા છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૩૯,અંક-૪૭,તા.૨૪-૮-૧૯૯૧

● **હુબલી** : રાણીબેન્નુરમાં દીક્ષા-વડીદીક્ષા પ્રસંગની શાનદાર ઉજવણી બાદ સુવિશાળ ગચ્છાધિપતિ, વર્ધમાન ૧૦૮ આયંબિલ ઓળી સમારાધક પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. પોતાના વિશાળ પરિવાર સાથે હાવેરી, બંકાપુર આદિ જૈન વસ્તીવાળા ગામોમાં શાસન-ધર્મપ્રભાવના કરતાં કરતાં અત્રે હુબલીનગર બહાર કેશવાપુર પધારતા શાનદાર સામૈયું થયું... અઠવાડિયાના અત્રે રોકાણ દરમ્યાન પૂ. પાદશ્રીના આધ્યાત્મિક જીવનલક્ષી પ્રવચનોની શ્રોતાઓ પર સુંદર અસર થઈ.

મેઘની રાહ જોતા ચાતકની જેમ પૂજ્યશ્રીના આગમનની રાહ જોતા અત્રેના



શ્રી સંઘની ઇંતેજારીનો બુધવાર ૧૭-૭-૧૯૯૧ અષાઢ સુદ-૬ના રોજ અંત આવ્યો. આજરોજ રેલવે સ્ટેશનથી પૂ. પાદશ્રી આદિનું શાનદાર સામૈયું શરૂ થયું. હાથીએ પ્રથમ આવીને ચામર વડે સ્વાગત કર્યું, ત્યારબાદ સોનાના કળશ લઈને સધવા બેનોએ મંગળ કળશથી વધાવ્યા... તે વખતે અનેક ભાઈઓએ કળશને રૂપિયાની નોટોથી ખીચોખીચ ભરી દીધો. પ્રથમ નંદ્યાવર્તની બોલી સુંદર થઈ. બેલગામના સુપ્રસિદ્ધ બેંડ તથા અત્રેના સ્થાનિક પ્રખ્યાત બેંડે સૂરિલા સ્વરથી માર્ગોને મધુર ધ્વનિથી પૂરી દીધા. અંધેરી, મલાડ, મુંબઈ, અમદાવાદ, બેંગલોર, મદ્રાસ તેમજ આજુબાજુના અનેક ગામોમાંથી ભાવિકો પ્રવેશ પર દોડી આવ્યા હતા.

પૂ. પાદશ્રીના સુંદર પ્રવેશ પ્રવચન બાદ તેરાપંથી કાર્યકરે નવયુવકોને પૂ. પાદશ્રી નિશ્રાનો સારો લાભ ઉઠાવવાનું ઘોષિત કર્યું. બેંગલોરથી પધારેલા ગુરુભક્તોએ પણ ૫-૫ રૂ.થી સંઘપૂજનનો લાભ લીધો. શ્રી સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ.

'શ્રાદ્ધ દિન કૃત્ય' અને 'સમરાઈચ્ચ કહા' પરના પૂ. પાદશ્રીના સંવેગ વૈરાગ્યપૂર્ણ પ્રવચનોનો શ્રી સંઘ ખૂબ સુંદર લાભ ઊઠાવી રહ્યો છે. દર રવિવારે યુવાનો-બાળકો અને બહેનોની અલગ-અલગ શિબિરમાં સુંદર તત્ત્વજ્ઞાન પિરસાઈ રહ્યું છે. પુરુષોની શિબિરમાં જૈન તત્ત્વજ્ઞાન-આચાર-ઇતિહાસ પર અવનવી વાનગી પૂ. પાદ આચાર્યદેવેશશ્રી તથા વિદ્વદ્વર્ય પૂ. મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મ. શ્રી પીરસી રહ્યા છે તો બાળકોને તત્ત્વજ્ઞાનના પિયુષ મુનિરાજશ્રી ભદ્રેશ્વરવિજયજી મહારાજ પાઈ રહ્યા છે, જ્યારે બહેનો સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજીના મુખે શ્રવણસુધા પી રહી છે.

આ ઉપરાંત દર બુધવારે રામાયણ પરના પૂ. પાદશ્રીના વ્યાખ્યાનો શ્રોતાજનોને અનેરો આનંદ આપી રહ્યા છે.

પૂ. પાદશ્રીની સંવેગ વૈરાગ્યપૂર્ણ વાણી શ્રવણના પરિણામે શ્રી સંઘમાં દરરોજ નવો અઠ્ઠમ, સામુદાયિક ધર્મચક્ર તપ, સિદ્ધિ તપ, સાપ્તાહિક અનુષ્ઠાનો સુંદર ચાલી રહ્યા છે. માસખમણ અને તેથી ઉપરની તપસ્યાના ઉદ્દેશથી પણ ભવ્યો તપધર્મમાં આગળ વધી રહ્યા છે. પૂ. પાદશ્રી સાથે પત્રવ્યવહાર

Shri SHANTINATHJI JAIN Temple, Kanchgar Street, HUBLI.

● **મદ્રાસ** : પૂ.પં.પ્ર. શ્રી વિમળસેનવિજયજી ગણિવર મ. આદિની નિશ્રામાં અત્રે સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી (બેંગલોરની કુ. ચંદ્રકાંતા બાબુલાલ પારેખ) અને સાધ્વીશ્રી ધૃતિવર્ધનાશ્રીજી (મદ્રાસની દેવિકાબેન બાબુલાલ)ની વડી દીક્ષા ત્રિદિવસિય જિનેશ્વરભક્તિ મહોત્સવપૂર્વક સુંદર રીતે થયા બાદ પૂ. પંન્યાસજી મ. આદિ ઠા.

૫નો અત્રે જૈન આરાધના ભવનમાં ચાતુર્માસ પ્રવેશ સુંદર થયો છે. પૂ. મુનિરાજશ્રી નંદીભૂષણવિજયજી મ.ના દરરોજના અને રવિવારિય તત્ત્વજ્ઞાન વિષયક વ્યાખ્યાનમાં શ્રોતાઓ સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૪૦,અંક-૨,તા.૨૧-૯-૧૯૯૧**

● **બડૌત** (ઉત્તરપ્રદેશ) : દિલ્હીથી હસ્તિનાપુર જતાં રસ્તામાં દિલ્હીથી આશરે ૫૦ કિ.મી. દૂર આવેલા આ ગામમાં જૈન શ્વે.મૂ.પૂ.ના આશરે ૫૦ ઘર છે. માત્ર ૪-૬ ઘર સ્થિતિસંપન્ન છે. બાકીના ઘરની આર્થિક સ્થિતિ ખૂબ જ નાજુક છે. સાધ્વીજી ચારુયશાશ્રીજી, કારુણ્યયશાશ્રીજી આદિએ દિલ્હીના, આગ્રાના સંઘની ઘણી વિનંતી છતાં ભોગ આપીને ગામડાનો ઉદ્ધાર કરવાના હેતુથી અહીં ચાતુર્માસ કરેલ છે. ગામમાં અજ્ઞાનતા ઘણી છે. નવકારશી-ચોવિહારનું પચ્ચક્ખાણ કેવી રીતે થાય, પર્યુષણાની આરાધના શી એ પણ જ્ઞાન નથી. સાધ્વીજીએ ગુરુવંદન, ચૈત્યવંદન સામાયિક વિધિ આદિ શીખવવાનું શરૂ કરી દીધું છે. ગામમાંથી કંદમૂળ ભક્ષણ પ્રાયઃ વિદાય થયું છે. સાધ્વીજી ધાર્મિક છે. અભ્યાસ કરાવે છે બાદ પ્રભાવના થાય છે. ૪૦-૪૫ વ્યક્તિ ભણવા આવે છે.

જૈનો બરફની લારી, પાણી પુરીની લારી ચલાવીને ગુજરાન ચલાવે છે. તેઓની આવી અવસ્થા જોઈ સાંભળી સાધ્વીજી ઘણીવાર રડી પડે છે.

● **રાણીબેન્નૂર** : પરમપૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબે અપાર કૃપા વરસાવી. અહીં પોતાના શિષ્ય મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ. અને મુનિરાજશ્રી શિવભૂષણવિજયજી મ. ને ચાતુર્માસ માટે મોકલ્યા. શ્રી રાણીબેન્નૂર સંઘમાં ૪૦-૪૫ વર્ષથી ચોમાસું થયું ન હતું. તેથી ચોમાસું થતાં સંઘમાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો.

બંને મુનિભગવંતોનું સામૈયું ભવ્ય થયું. શ્રી ઉપદેશમાળા શાસ્ત્ર વહોરાવવાની બોલી નાના ગામાં પણ ૧૦ હજાર મણ થઈ. ઘણા જ ઠાઠપૂર્વક વરઘોડાપૂર્વક શાસ્ત્રનું વાંચન પ્રારંભ થયું.

શ્રી સંઘમાં હાલ શ્રેણિતપ, સિદ્ધિતપ, ધર્મચક્રતપ, મોક્ષદંડકતપ આદિ અનેક પ્રકારે તપ ચાલી રહ્યો છે. સામૂહિક અઠ્ઠમતપ ૧૦૦ થયા. ૧૩ બાલિકાઓએ ચંદનબાલાનો તપ કર્યો. શ્રી સંઘમાં સાંકળી અઠ્ઠમની આરાધના પણ ચાલી રહી છે.

શનિ-રવિ શિબિર ચાલી રહી છે. રાત્રિકલાસમાં અનેક યુવાનો ઉલ્લાસથી



તત્ત્વજ્ઞાન ભણી રહ્યા છે. હવે શ્રી સંઘમાં પર્યુષણા મહાપર્વની આરાધના કરવા-કરાવવાની તૈયારી ભવ્ય ચાલી રહી છે.

**ક્ષમાયાચના**

દિવ્ય દર્શન સાપ્તાહિકના ૨૭-૭-૯૧ના અંકમાં છપાયેલ શ્રી રોહિતભાઈ શાહનો લેખ છાપતાં પૂર્વે તેમની સંમતિ લેવાઈ ન હતી તથા એમના લેખ અંગે ૧૭-૮-૯૧ના અંકમાં સુધારો છાપવાથી તેઓશ્રીની માનહાની કરવાની અંતરમાં કોઈ જ ઈચ્છા ન હોવા છતાં માનહાની થઈ તે બદલ હું ક્ષમા માગું છું.

લિ.**કુમારપાળ વિ. શાહ તંત્રી, દિવ્ય દર્શન સાપ્તાહિક**

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૪૦,અંક-૫,તા.૧૨-૧૦-૧૯૯૧**

● **અમદાવાદ-વાસણા** : પૂ. મહાન તપસ્વી આચાર્ય ભગવંત શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૨૦ અત્રે ચાતુર્માસ પધારતા આ.શ્રી હેમચંદ્રસૂરિ મ.ના પ્રવચનથી સંઘમાં આરાધના સુંદર થવા પામી. ગણિવર્ય શ્રી કુલચંદ્ર વિ.મ.ની પ્રેરણાથી સમસ્ત અમદાવાદમાં પર્યુષણના આઠે દિવસ માટે માછીમારી બંધ કરાવી. સાથે સાથે માછીમારોને ઉપદેશ આપી દર પુનમે માછલા પકડવાનું સ્વેચ્છાથી બંધ કરાવ્યું. તેમજ ગોદાવરી સોસાયટી, બાપુનગર, મેમનગર, નવાવાડજ, આકાશદીપ, રાણીપ વગેરે સ્થળે મુનિઓને મોકલતા દરેક સ્થળે પર્યુષણાની આરાધના સુંદર થવા પામી.

● **અમદાવાદ-આંબાવાડી** : ગણિશ્રી હેમરત્નવિજયજી મ. આદિ ચાતુર્માસ પધારતાં આહારશુદ્ધિ, વ્યસનમુક્તિ, સ્તુતિગાન, પંચસૂત્ર - રવિવારીય જાહેર વ્યાખ્યાન, શિશુ શિબિર વગેરે વ્યાખ્યાનની રોજનીશી પ્રમાણે પ્રવચન થતાં ૩૦૦૦ થી ૩૨૦૦ ભાવિકો લાભ લેતા. "વ્યસનમુક્તિ" અંગેના પ્રવચનથી લાયન્સ કલબના ઉપક્રમે શિબિર યોજાતાં અનેક જૈન જૈનેતરોએ દારૂ-ઈંડા-સીગારેટ ન પીવાના નિયમ લીધા. શિશુ શિબિરમાં ૨૦૦ જેવી સંખ્યામાં બાળકોને જૈનત્વનું જરૂરી એવું પ્રાથમિક જ્ઞાન આપ્યું. ૪૫ આગમની પૂજા પ્રસંગે દરેક આગમોના ટૂંકમાં સાર બતાવેલ. પર્યુષણપર્વની આરાધના સુંદર થવા પામી. સંવત્સરી પ્રતિક્રમણની પૂર્વે વિધિ તેમજ તેના ભાવો બતાવતાં લોકોનો ઉલ્લાસ અનેરો થયો.

● **મદ્રાસ** : આરાધના ભવનમાં તપસ્વી પૂ.પં. શ્રી વિમલસેનવિજયજી મ. તથા પ્રવક્તા મુનિશ્રી નંદિભૂષણવિજયજી મ. આદિના ચાતુર્માસ પ્રવેશથી

આરાધનાઓ સુંદર ચાલી રહી છે. 'અધ્યાત્મકલ્પદ્રુમ' અને 'સુકૃતસાગર' ગ્રંથ ઉપરના પ્રવચનોથી દિન પ્રતિદિન શ્રોતાઓની સંખ્યા વધતી જ ચાલી રવિવારીય તત્ત્વજ્ઞાન ક્લાસમાં ૫૦૦ થી વધુ સંખ્યા થતી. ત્યાં જ તત્ત્વજ્ઞાનના પદાર્થો કંઠસ્થ કરાવાતા. સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજીની નિશ્રામાં ૧૧૦૦ બેનો લાભ લેતા હતા. ઈચ્છાનિરોધ તપના એકાસણા થતાં ૨૮૦૦ આરાધકો થયેલ. દરેકની ચિઠ્ઠીમાં ૫ થી ૬ ચીજના નામ લખેલ, તે પ્રમાણે દ્રવ્ય વાપરવાના હોય છે. એકાસણા કરાવનાર ભાઈઓ ઉલ્લાસ વધતા દરેકને રૂા. ૨/- ની પ્રભાવના પણ કરી. આ બધો ઉલ્લાસ જોતા એક સદ્‌ગૃહસ્થે ફરીવાર એકાસણા કરાવવાની માંગણી કરી. પર્યુષણા પર્વમાં માસખમણનો અનેરો રંગ હતો. જૈન વાડીમાં પ્રખર વ્યાખ્યાતા પૂ. આ.શ્રી વિજય રાજયશસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં માસખમણીઓને મોટી મોટી પ્રભાવનાઓ અને શિખરજીની યાત્રા કરાવવાના છે. સમગ્ર મદ્રાસના માસખમણનો પચ્ચક્ખાણ બહુમાનનો કાર્યક્રમ આરાધનાભવનમાં ખૂબ સુંદર ઉજવાયો. ૧૬૦ તપસ્વીઓને ૧ બ્લેંકેટ, ૧ શાલ અને રૂા. ૨૦૧/- રોકડાથી આરાધનાભવન સંઘ તરફથી બહુમાન કર્યું. આખા મદ્રાસમાં ૬૮/૧ ૫૧/૧ ૪૮/૧ ૪૧/૫ ૩૩/૧ ૩૨/૩ ૩૧/૪૮ ૩૦/૯૬ ૧૬ થી ૨૩/૨૫ ૧૫/૨૩ ૧૧/૧૦ ૧૦/૧૪ ૯/૭૪ અને ૫૬૧ અઠ્ઠાઈ, ૧૩ સિંહાસન તપ, ૫ મોક્ષદંડ તપ, ૧૦ સિદ્ધિતપ ૩૦૦ ચોસઠ પ્રહરી પૌષધાદિ હતા. સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી સા. નિર્મળવર્ધનાશ્રીજી તથા સા. લબ્ધિનિધિશ્રીજીને ધર્મચક્ર તપ પૂર્ણ થતા ધર્મચક્રપૂજન સારી રીતે થયું. સાધારણભુવનમાં પર્યુષણના વ્યાખ્યાનો મુનિશ્રી નંદીશ્વરવિજયજી મહારાજે વાંચ્યા. મુનિશ્રી ત્રિભુવનતિલકવિજયજીને ૮૩ મી ઓળી પૂર્ણ થઈ. આખા મદ્રાસના અઠમ ઉપરના બધા તપસ્વીઓના પારણા આરાધનાભવનમાં થયા. ૨૧ ઉપવાસથી ઉપરના તપસ્વીઓનું ચાંદીના સિક્કાથી બહુમાન થયું.

• **પાલીતાણા :** પન્નારૂપા યાત્રિક ગૃહમાં પૂ.આ. શ્રી અરવિંદસૂરિજી મ., આ. યશોવિજયસૂરિ મ. તથા ગણિશ્રી રત્નસુંદરવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણા પર્વ રૂડી રીતે ઉજવાયા. અઠ્ઠાઈ અને ઉપરની તપસ્યા ૫૦૦ લગભગ હતી. પૂજ્યોની પ્રેરણાથી ગામડાના ઉપાશ્રય, સાધર્મિક-વૈયાવચ્ચ જીવદયા અંગે ટીપ થતાં ૩૦ લાખનું ફંડ થયું. બહેનોએ ઘરેણાઓ છોડવામાં ગજબ પરાક્રમ દાખવ્યું. બંગડી-વીંટી નેકલેશ હાર-ઝાંઝર, બુટીયાનો વરસાદ વરસાવ્યો. લગભગ ૨॥ કીલો સોનું વરસ્યું, દરરોજના પ્રવચનમાં ૩૫૦૦ થી ૪૦૦૦ ની મેદની થતી. દરરોજ ઊંચી ઊંચી પ્રભાવના થતી, દરરોજ સવારના તળેટીની યાત્રામાં ગજબ ઉત્સાહ હતો. વરઘોડો બે કિલોમીટર ભવ્યાતિભવ્ય નીકળ્યો. પાલીતાણામાં ચાતુર્માસ



કરવા પધારેલ ૨૩૦૦ આરાધકોને પન્નારૂપામાં એકાસણા એક ભાઈ તરફથી કરાવીને ૫૧-૫૧/- રૂપિયાથી બહુમાન કર્યું. બીજા દિવસે પણ એક ભાઈ તરફથી બધા યાત્રિકોને એકાસણા કરાવાયા. એકંદરે દાન-શીલ-તપ-ભાવ એ ચારે ધર્મોમાં ગજબનાક ભરતી આવેલ.

• **મલાડ (પૂર્વ) મુંબઈ :** હીરસૂરીશ્વરજી જગતગુરુ શ્વે.મૂ. તપગચ્છ ઉપાશ્રયમાં પૂ.આ. શ્રી જગચ્ચંદ્રસૂરિજી મ. આદિ ઠા. ૧૦ ચાતુર્માસ પધારતાં અખંડ નમસ્કાર મંત્ર પીઠિકાનું મંગલ સતત ચાલી રહ્યું છે. શિશુશિબિરમાં ૮૦૦ બાળકોને સંસ્કારોનું સિંચન થઈ રહ્યું છે. ૪૫ સિદ્ધિતપ, મોક્ષદંડકતપ, માસખમણાદિ તપશ્ચર્યા સુંદર થઈ. મુનિશ્રી અભયચંદ્રવિજયજી મ.ને ૫૨-૫૩ મી ઓળી, સાધ્વીશ્રી યશોમાલાશ્રીજીને ૭૨ મી ઓળી ચાલે છે.

• **પુના :** સોલાપુર બજારમાં પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણ મહાપર્વ રૂડી રીતે ઉજવાયા. દેવદ્રવ્યાદિની ઉપજ સમયાનુસાર સારી થઈ.

• **ભીવંડી - ગોપાલનગર :** પૂ. મુનિરાજશ્રી મુક્તિદર્શન વિ.મ. શ્રી આદિની નિશ્રામાં પર્યુષણા પર્વ સારી રીતે ઉજવાયા. માસખમણ-૧૬ ૧૫-૧૧ તેમજ ૨૫૦ ઉપરાંત અઠ્ઠાઈ, ધર્મચક્રતપ ૨૮ તેમજ ૧૨મી વર્ધમાનતપની ઓળીથી ૨૬ સુધી ૨૫ ઓળીની આરાધના નાની બાલિકાઓએ કરેલ.

• **દાદર :** અત્રે તપસ્વી પૂ. મુનિશ્રી કનકસુંદરવિજયજી મ.ના ચાતુર્માસથી શિબિરોનાં આયોજનથી ૪૦૦ થી ૫૦૦ બાળકો અને યુવાનોમાં સારી જાગૃતિ આવી. પર્યુષણનો તપસ્વીનો વરઘોડો પ્રભાવક નીકળ્યો. સાધારણ ખાતાની કાયમી યોજના જાહેર કરાઈ. સાંકળી અઠ્ઠમ અને અઠ્ઠાઈ પણ ચાલુ છે.

• **અકોલા :** પૂ.મુનિશ્રી નંદિઘોષ વિ.મ. તથા તપસ્વી મુનિશ્રી કીર્તિરત્ન વિ.ના ચાતુર્માસમાંથી સંઘમાં ૧૧ ગણધરતપ, દીપકવ્રત, કોળીયાવ્રત, સાત સૌખ્યતપ, ચંદનબાળા અઠ્ઠમતપ વગેરે તપો સારી સંખ્યામાં થયા. અર્હત્ મહાપૂજન પાઠથી ભણાવાયું.

• **ગુંટુર :** તપસ્વી પૂ. દિવ્યરત્નવિજય મ. તથા વ્યાખ્યાતા મુનિશ્રી અજિતશેખર વિ.મ. આદિની નિશ્રામાં પર્યુષણા પર્વારાધના સુંદર થઈ. યુવાવર્ગમાં ખૂબ જ જાગૃતિ આવી. ૫ માસખમણમાં ૩ તો યુવાનો, ૩૫ સિદ્ધિતપમાં ૭ યુવાનો, ૯ થી ૨૧ ઉપવાસોમાં ૨૧ યુવાનો તેમજ ૧૨૫ માં ૨૫ યુવાનોએ અઠ્ઠાઈ કરેલ દેવદ્રવ્ય તેમજ સાધારણ દ્રવ્યની ઉપજ સમયાનુસાર સારી થઈ. મુનિશ્રી

વિમલબોધિવિજય મ.ને ૫૦ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે સંઘ સાથે ભવ્ય વરઘોડો નીકળેલ અને ચડાવો લઈ સાધર્મિકભક્તિ કરેલ. સિદ્ધિતપના આરાધકોને બેસણા કરાવવાની ઉછામણી પણ સારી થયેલ.

● **બ્યાવર :** યુવક જાગૃતિ પ્રેરક પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિજી મહારાજ આદિના ચાતુર્માસ થવાથી સંઘમાં પચરંગીતપ, ખીરના એકાસણા, શંખેશ્વર ભગવાનના અઠ્ઠમ, રવિવારીય આધ્યાત્મિક શિબિર, સિદ્ધિતપ, ૩૨-૩૦-૧૬-૧૫-૧૧-૯ તેમજ ૧૦૮ અઠ્ઠાઈ સિંહાસન તપ - આદિ અનુમોદનીય આરાધના થઈ. આચાર્ય ભગવંતની વાણી સાંભળવા ચારે ફીરકાના ધર્મપ્રેમી વર્ગ આવીને લાભ લઈ રહ્યો છે. આસોસુદમાં ઉપધાન થવાનું નક્કી થયેલ છે, દર રવિવારે યુવા શિબિર ચાલે છે.

● **ઉન્હેલ :** (મધ્યપ્રદેશ) : પૂ. મુનિશ્રી અશ્વસેનવિજય મ. તથા વ્યાખ્યાતા ગણિવર્ય વીરરત્નવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણાપર્વ સુંદર ઉજવાયા ૧૦ માસખમણ, સિદ્ધિતપ વગેરે તપશ્ચર્યા સારી થઈ.

● **બંગારપેઠ :** પૂ. આચાર્યદેવશ્રી વિજય ધનપાલસૂરીશ્વરજી મ. તથા ગણિવર્યશ્રી ચતુરવિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસિક તથા પર્યુષણ આરાધના સુંદર થઈ. ચતુરવિજયજી મહારાજે વ્યાખ્યાનમાં રંગ રાખ્યો.

● **રાણીબેન્નુર :** વ્યાખ્યાતા પૂ.મુનિશ્રી ભુવનસુંદર વિજય મ. તથા તપસ્વી શિવભૂષણ વિજય મ.ની નિશ્રામાં અત્રે પ્રથમવાર ચાતુર્માસ થતું હોવાથી સંઘમાં અનેરો ઉલ્લાસ છે. વ્યાખ્યાનથી લોકોએ કંદમૂળત્યાગ, રાત્રિભોજનત્યાગ, નિયમિતપૂજા તેમજ તંબાકુ વગેરે વ્યસનોના ત્યાગ કર્યો. સિદ્ધિતપ, મોક્ષદંડકતપ, અક્ષયનિધિતપ ૩૮ અઠાઈ વગેરે તપસ્યા સારી થઈ. દેવદ્રવ્યાદિની ઉપજ સારી થઈ.

● **મહેસાણા :** પૂ. પ્રવર્ત્તક પ્રવર શ્રી ધર્મગુપ્ત વિ. મ.ની નિશ્રામાં પર્યુષણા મહાપર્વ સુંદર રીતે ઉજવાયા. મુનિશ્રી મતિગુપ્ત વિ.મ.ને ૬૪મી તથા મુનિશ્રી જિનવલ્લભ વિજય મ.ને ૬૭ મી ઓળી પૂર્ણ થઈ. સકલસંઘના પારણા-રથયાત્રા વરઘોડા સ્વામિવાત્સલ્ય આદિ ઉલ્લાસપૂર્વક થયા. ૧૦૦ ઉપરાંત તપશ્ચર્યા થયેલ.

● **પિંડવાડા :** મેવાડ દેશોદ્ધારક પ.પૂ.આ. શ્રી જિતેન્દ્રસૂરિજી મ. શ્રીની નિશ્રામાં પૂજ્યશ્રીના પ્રવેશથી તપશ્ચર્યાનો રંગ જામ્યો છે. દર રવિવારે બાળક-બાલિકાઓની શિબિર સારી રીતે થઈ. સાધ્વીશ્રી સિદ્ધાંતરેખાશ્રીજીને ૩૬ ઉપવાસ તેમજ આગમરેખાશ્રીજીને માસખમણ તેમજ સિદ્ધિતપ તથા મુનિશ્રી પુણ્યરત્નવિજય મ.ને ૭૫મી ઓળી આદિ તપશ્ચર્યા સુંદર થઈ.

● **સિકંદરાબાદ :** પૂ. મુનિરાજશ્રી જયતિલકવિજયજી મ. આદિ ચાતુર્માસ



પધારતા તેઓની પ્રેરણાથી સંઘમાં દુષ્કર્તગર્હા આરાધના નવકારમંત્ર સમેતશિખરના ૨૦ તીર્થંકરોની મોક્ષ કલ્યાણક આરાધના, તેમજ પર્યુષણપર્વની આરાધના સુંદર થઈ.

● **વડગામ :** કોલ્હાપુર ચાતુર્માસ બિરાજમાન તપસ્વી પૂ. મુનિરાજશ્રી વરબોધિ વિ.મ. આદિ અત્રે પર્યુષણ પર્વ પર પધારતા આરાધના સુંદર થઈ. અત્રે નૂતન થતી ધર્મશાળા અંગે ભા. સુદ-૧ ના એક પરિવારે હોલના આદેશ માટે સારી રકમ જાહેર થતા બીજા પણ આદેશો લઈ સંઘે સારો લાભ લીધો. મુનિશ્રી વરબોધિ વિ.મ.ને ૮૭મી તેમજ મુનિ કેવળબોધિ વિજય મ.ને ૬૬મી ઓળી ચાલી રહી છે.

● **વિજયવાડા :** પૂ. મુનિશ્રી જિનહંસ વિજયજી મ. તથા મુનિશ્રી કલ્પરત્નવિજય મ.ની નિશ્રામાં પર્યુષણા પર્વ સારી રીતે ઉજવાયા. માસક્ષમણ-ધર્મચક્ર, ૧૩ સિદ્ધિતપ તેમજ અઠ્ઠાઈ ઉપરની તપસ્યા ૪૮ થયેલ છે. શ્રી મહાવિદેહ ક્ષેત્રની ભાવયાત્રામાં ૨૦૦૦ ભાઈબેનોએ લાભ ઉઠાવેલ. મુનિશ્રી જિનહંસવિજયજી મ.ની ૬૭મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે ચૈત્યપરિપાટીનું સુંદર આયોજન થયેલ.

● **સંગમનેર :** શાંતમૂર્તિ પૂ.આ. શ્રી ધનેશ્વરસૂરિજી મ. તથા મુનિશ્રી શિવાનંદવિજય મ. આદિની નિશ્રામાં માસક્ષમણ, અઠ્ઠાઈ, ક્ષીરસમુદ્ર, ધર્મચક્રતપ, વગેરે તપસ્યાઓ સારી થઈ. દેવદ્રવ્ય આદિની ઉપજ સમયાનુસાર થઈ. પૂ. સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ.ની પ્રેરણાથી બેનોમાં સારી જાગૃતિ આવેલ છે. વરઘોડામાં અનુકંપાદાનની વ્યવસ્થા સુંદર થયેલ.

● **બીજાપુર :** સૂરિમંત્ર આરાધક પ.પૂ.આ. શ્રી જયશેખરસૂરિજી મ. તથા પ્રવચનકાર પૂ. મુનિશ્રી અભયશેખરવિજય મ. આદિની નિશ્રામાં પર્યુષણા મહાપર્વ રૂડી રીતે ઉજવાયા. ૬૫ સિદ્ધિતપ તેમજ અઠ્ઠાઈ ૧૨૬ વગેરે તપશ્ચર્યા સુંદર થઈ. દેવદ્રવ્યાદિની ઉપજ પણ સારી થઈ.

● **ભોર (પુના) :** પૂ. મુનિશ્રી પદ્મરત્ન વિ.મ. તથા પૂ. મુનિશ્રી શીલરત્ન વિ.મ.ની નિશ્રામાં તપશ્ચર્યા સારી થઈ. માત્ર ૧૭ ઘર છતાં ૩૦/૩ સિદ્ધિતપ-૧૫ ૧૧/૩ ૮/૬ ૯/૨ વગેરે થયાં. ભવ્ય વરઘોડો નીકળેલ.

● **ઘાટકોપર-મુંબઈ :** નવરોજલેનમાં સંઘના ઉપાશ્રયે પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ચાતુર્માસ પધારતા વીસ વિહરમાન જિનની આરાધના, ૧૭૦ જિનની આરાધના અઠ્ઠમ તપ સાથે ૨૫૦ આરાધકો દીપક એકાસણા, સામુદાયિક વીસ સ્થાનક તપના ૪૨૦ ઉપવાસ, કર્મસુદન તપ તેમજ પર્યુષણામાં સિદ્ધિતપ, મોક્ષદંડકતપ, સમવસરણતપમાં ૧૯, માસખમણ-૧૧૯ અઠ્ઠાઈ વગેરે

તપશ્ચર્યા સારી થઈ. વિશેષમાં રાત્રિભોજન ત્યાગ ચાતુર્માસ આરાધનામાં ૬૦૦ આરાધકોએ નિયમ-પ્રતિજ્ઞાપત્ર ભર્યા. દરેકને કટાસણું મુહુપત્તી આદિની પ્રભાવના થઈ. દર શનિવારે શિશુશિબિર તેમજ દર રવિવારે યુવાનોની શિબિર ચાલુ છે. પૂ. મુનિશ્રી ઈન્દ્રયશવિજય મ. તથા પૂ. મુનિશ્રી ભદ્રયશ વિ.મ. ૬૦ ફૂટ રોડ જૈન સંઘમાં અને પૂ. મુનિશ્રી ધર્મયશ વિ.મ. પંતનગર જૈન સંઘમાં આરાધના સુંદર કરાવી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૬,તા.૨૬-૧૦-૧૯૯૧

● **ભાવનગર :** એનું નામ હાર્દિક ભાવનગરના શ્રાદ્ધવર્ય મહાસુખભાઈ શાહનો એ પૌત્ર ઉંમર વરસ ૧૦ એને જીવો પ્રત્યેની દયા ભારે... એની જીવદયાની પ્રવૃત્તિ ચાલુ હોય છે. ચાલુ વરસે સાધ્વીશ્રીના ઉપદેશથી એકઠી થયેલી જીવદયાની રકમમાંથી એ ખુદ ભાવનગર અને વરતેજ જઈ કસાઈ પાસેથી જીવો છોડાવી આવ્યો. એની ધાર્મિક પઠનની પ્રવૃત્તિ પણ સુંદર એમાં એ 'વંદિત્તા' સૂત્ર સુધી પહોંચી ગયો છે.

● **મદ્રાસમાં શિબિરનું ભવ્ય આયોજન**

વર્ધમાનતપોનિધિ, યુવા શિબિરના સફળ આયોજક પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની મળતી સતત પ્રેરણાથી પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ધનપાલસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી સ્વ. માતૃહૃદયા પૂજ્ય સા. રોહીણાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂજ્ય સા. અનંતકીર્તિશ્રી મ.આદિની નિશ્રામાં ચાતુર્માસના પ્રારંભમાં જ યુવાન-બાલિકા અને બહેનોની દર શનિવારીય શિબિરનું આયોજન થયું હતું. લગભગ ૧૨૦૦ બહેનોએ લાભ લીધો હતો... પોતાના અમૂલ્ય જીવનને સુસંસ્કારોથી શણગારવા બાળાઓ અને બહેનો વ્યાખ્યાન એકાગ્રચિત્તે શ્રવણ કરતી હતી...

પરમાત્મભક્તિનું રસપાન કરવા માટે એક શનિવારે મહિલાઓની ચૈત્યપરિપાટીનું આયોજન કર્યું હતું... તેમાં પણ ૧૦૦૦ થી ૧૫૦૦ બહેનો સવારે ૬ વાગે શ્વેતવસ્ત્ર પરિધાન કરીને હાજર થઈ ગઈ હતી... પરમાત્મા ભક્તિ ગીત-નૃત્યથી સંપૂર્ણ મંદિરને ગુંજતો કરી દીધો હતો...

'શિબિરથી અમારું જીવન કેવી રીતે પરિવર્તન પામ્યું અને શિબિરમાં અમે શું શું મેળવ્યું' એ દર્શાવવા માટે બહેનો અને બાલિકાઓ તલપાપડ બની હતી માટે



એક શનિવારે 'વક્તૃત્વ સ્પર્ધા' નું આયોજન રાખ્યું હતું... એમાં લગભગ ૩૫ થી ૪૦ બહેનો અને બાલિકાઓએ (૧) નારી ચાહે તો ઘર કો સ્વર્ગ બના સકતી હૈ (૨) શિબિર કે માધ્યમ સે હમને કયા પાયા વ અબ જીવન કો કયા મોડ દેના ચાહતે હો ? (૩) પૂર્વ કી મહાસતીઓં કા હમારે જીવન કે લિએ કયા આદર્શ... આ ત્રણ વિષયો પર સુંદર વક્તૃત્વ આપ્યું હતું... બહેનોને તો સભામાં બોલવાનો પહેલો જ Chance હતો... તેથી સહુ ખૂબ જ આનંદિત હતાં... ઘણા જ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમો સમાપ્ત થયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૭,તા.૨-૧૧-૧૯૯૧

● શત્રુંજય અભિષેક સ્મૃતિગ્રંથ કમિટી [C/o, ચંદુભાઈ મહેતા ચેમ્પિયન એન્જિનિયરિંગ, ૧૨૨ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, Bombay-400003] તરફથી શ્રાદ્ધરત્ન રજનીકાંત (દેવડી) મોહનલાલ ઝવેરી આદિ દ્વારા કરાયેલ શ્રી શત્રુંજય અભિષેકનો એક સ્મૃતિગ્રંથ પ્રગટ થઈ રહ્યો છે. એ ગ્રંથમાં સ્વ. શ્રાદ્ધરત્ન રજનીભાઈના સુકૃતો-દાન-ગુણો-જીવન સંબંધી કોઈની પાસે નોંધ-ફોટા હોય તો ઉપરોક્ત સરનામે શીઘ્ર મોકલવા અપીલ થઈ છે.

● **બડૌત** (U.P.) **:** અત્રે સાધ્વીશ્રી ચારુયશાશ્રીજી, સા.શ્રી કારુણ્યશાશ્રીજી આદિના ચાતુર્માસથી ધર્મજાગૃતિ ઘણી આવી છે. ગામમાં દેવદ્રવ્યની શુદ્ધિ કરાવવાની અત્યંત સુંદર કાર્યવાહી સાધ્વીજીના પ્રયત્નોથી થઈ. ત્યાં ક્યારેય આયંબિલ ન કરનારે પણ આસો માસની ઓળી કરી છે. છૂટા આયંબિલ પણ સારી સંખ્યામાં થઈ રહ્યા છે... વગેરે એવા ક્ષેત્રમાં સારી ધર્મપ્રભાવના થઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૮,તા.૧૬-૧૧-૧૯૯૧

● **અમદાવાદ-આંબાવાડી :** પૂજ્ય ગણિવર્ય શ્રી હેમરત્ન વિ.મ. ના રવિવારના દિવસોમાં સેટેલાઈટ વિસ્તારમાં ત્યાંના સ્થાનિક સંઘોની વિનંતીથી ત્રણ યુવા શિબિરના આયોજન થયા હતા. તા. ૨૦-૧૦-૯૧ના રોજ આંબાવાડી જિનાલયે મહાપૂજા અને સમૂહ આરતીનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં હજારો નર-નારીઓ ઘરેથી દીવડા લઈને મંદિરના પ્રાંગણમાં આવી પહોંચ્યા હતા. અને પરમાત્માની આરતી ઉતારી હતી. સવારે માણેકબાગ હોલમાં ભવ્ય સ્નાત્ર મહોત્સવમાં મુંબઈ મલાડ મંડળના યુવાનોએ

ભક્તિરસની જમાવટ કરી હતી. આયોજનનો લાભ મુનિરાજશ્રી રમ્યઘોષવિજયજી મ.ના સંસારી પરિવાર તરફથી લેવાયો હતો. પ્રવચન મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ. ફરમાવ્યું હતું. વિવિધ વેશભૂષામાં શિશુશિબિરના બાળકોની ચૈત્યયાત્રા તથા પાઠશાળાના બાળકોનો મેળાવડો વગેરે કાર્યો પણ સુંદર રીતે ઉજવાયા હતા.

મહાવીર શ્રુતિ મંડળના ઉપક્રમે દશા પોરવાડ આંબેલ ભુવનમાં 'જીવનને તું જીવી જાણ' એ વિષય પર પ્રવચન યોજાયું હતું.

• **ભીવંડી** : પૂ. મુનિરાજશ્રી મુક્તિદર્શનવિજય મ.શ્રી આદિની પ્રેરણાથી સંઘમાં અનેરી જાગૃતિ આવી છે. બારવ્રતની વિશેષ માહિતી આપતા ૨૭૦ ભાઈ બેનોએ નાણસમક્ષ વ્રતોચ્ચારણની ક્રિયા કરી. ૫૫ જેટલા આરાધકોએ ભવ આલોચના કરી. સુકૃતાનુમોદના - દુષ્કૃતગર્હા અને પુદ્‌ગલવોસિરાવવાની ક્રિયા અદ્‌ભુત કરાવાઈ. બારવ્રત લેનારાઓને ૧૮ હજાર રૂપિયાની પ્રભાવના થઈ.

• **દાદર** : પૂ. તપસ્વી મુનિરાજશ્રી કનકસુંદરવિજયજી મ. શ્રીની વર્ધમાનતપની ૯૪મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે તેમના સંસારી પિતાશ્રી સ્વ. કાંતીલાલ જે. શાહ પરિવાર (બોટાદ) તથા તલકચંદ એ. શાહ, ચીમનલાલ મો. શાહ તરફથી મુંબઈની જૈન પાઠશાળાના શિક્ષક-શિક્ષિકાઓનું બહુમાન, ભક્તિનો કાર્યક્રમ આસો વદ-૭ ના અનુમોદનીય થયો. આ અંગે એક સંસ્થા રચવામાં આવી જે હવે અનેક સ્થળોથી પાઠશાળાઓની ઉન્નતિ અંગે કાર્યવાહી હાથ ધરશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૯,તા.૨૩-૧૧-૧૯૯૧

• **હુબલી** : સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રી આદિ ઠા.ના અત્રેના ચાતુર્માસથી શ્રાવિકાબેનોમાં ધર્મજાગ્રતિ સારી આવી. એમના ગુરુણીજી પ્રવર્તિની સાધ્વીશ્રી રંજનશ્રીજીની તૃતીય પુણ્યતિથિ પર એમની વિદ્વત્તા, સુવિશુદ્ધ ચારિત્રપાત્રતા, મિતભાષિતા, અંતર્મુખતા, નિસ્પૃહતા આદિ ગુણોની વાતો સાંભળી શ્રોતાવર્ગ આનંદિત થયો.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૧૦,તા.૩૦-૧૧-૧૯૯૧

## પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનાર્થે શ્રી બુટાસિંહ

હુબલી કર્ણાટક ખાતે ચાતુર્માસ બિરાજમાન **પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** સાહેબના દર્શનાર્થે ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહપ્રધાન અને વર્તમાન સંસદ સભ્યશ્રી બુટાસિંહ આવ્યા હતા. પૂજ્યશ્રીએ શ્રી બુટાસિંહને દૂરદર્શન ઈત્યાદિ પ્રસાર માધ્યમો દ્વારા ઈંડાનો થતો પ્રચાર કતલખાનાની સરકારી યોજનાઓ, માંસાહારનો નિકાસ, બાળકોને સ્કૂલોમાં ઈંડા અને ગર્ભપાત જેવી બાબતો ઉપર ગંભીર શબ્દોમાં અસરકારક રીતે સમજાવ્યું હતું.



## શ્રી મેઘકુમાર મુનિની સજ્ઝાય

**દુહા** : જ્ઞાનરયણરયણાયરું, ચરણકરણ વ્રતધાર;
તપગચ્છ અંબર દિણયરું, પ્રેમસૂરીશ ગણધાર. ૧
પદપંકજ પ્રણમી સ્તવું, મુનિવર મેઘકુમાર; ૨

ઢાળ (રાગ : જનકસુતા હું નામ...)

મેઘકુમાર મુનિ સંયમશ્રેણિ, પરથી જો ઉતરીયા,
વીરવિભુ કરુણાના સાગર, હિતવચન ઉચ્ચરિયા;

પડશો માજો, શાણા સુણ હો મેઘકુમાર, પડશો માજો...
તુજ આતમનો ગુણ જાય... ભવ બહુલા તેથી ઠરાય... ૧
શ્રેણિક રાજા ધારિણી રાણી, ઉત્તમકુલે અવતરિયો,
રાજશાહી સુખના પૂર ઉલ્લસ્યા, તો યે ત્યાં નવિ ઠરીયો;... પડશો૦ ૨
નવનીત સમ સુકોમળ ને વળી ચંદ્રવદન ઘર નારી;
અપ્સરા સમ આઠ પરણ્યો, તરુણી એ પણ જો તે વિસારી... પડશો૦ ૩
ધર્મદેશનાના સિંહનાદે, મમતા તૃષ્ણા ભાગ્યા;
રાજ્યરિદ્ધિ ને ભોગવિલાસો, ઝેર સમા જે લાગ્યા... પડશો૦ ૪
ભીષણ ભવના બંધન તોડી, સુંદર સંયમ લીધું;
આજ કિંહા મનકલ્પિત સુખમાં, વિષયતણું વિષ પીધું... પડશો૦ ૫
ભવોદધિની અનંતતાને, ઓળંઘી તીર આવ્યો;
તુચ્છ કાયાની માયામાં શું, ગોષ્પદ જલે અટવાયો... પડશો૦ ૬
આ જીવે નરકાવાસાને, વાર અનંતી પેખ્યા;
ચામડી ચડચડ ચરબી તડતડ, છેદનના દુઃખ દેખ્યા... પડશો૦ ૭
તે પરભવ હસ્તિજીવે, શશ જોયું પગ મૂકજો (પગ નીચે);
કેમ જ મારું એહ જીવને, એમ અઢી દિન પગ ઊંચો... પડશો૦ ૮
કાળ કરંતા ત્યાં નવિ પસ્તાયો, અહીં રજમાત્રે દુહાયો;
અજ્ઞાની તિર્યંચમાં સહીયું, મુનિપણે કિમ રોવાયો... પડશો૦ ૯
એહ દુઃખતણી ઉપમામાં, રજ સંથારે ખૂંચી;
તેહ દુઃખ તે કીણ ગિણતીમાં, જ્યાં છે નિર્જરા ઊંચી... પડશો૦ ૧૦
એક દયાએ કુંજરભવથી, રાજકુળે અવતાર;
તપ સંયમને જ્ઞાનધ્યાનથી, કેવા સુખ શ્રીકાર... પડશો૦ ૧૧
વીરવચન સુણી જાતિસ્મરણે, મેઘકુમાર મુનિ બુઝ્યા;
દોષ ખમાવી સંયમે ઉજમાળા, કર્મ સાથે ખૂબ ઝુઝ્યા... પડશો૦ ૧૨
ઘોર તપસ્યા ઉત્કટ વીરાસન, બાર વરસ એકતાન;
સુક્કી, ભૂક્ખી લુક્ખી કાયા, પિંજર સમ કુર્વાણ... પડશો૦ ૧૩
વૈભારગિરિ અણસણ કરી, પહોંચ્યા, સર્વાર્થસિદ્ધ વિમાન;
સિદ્ધાંતમહોદધિ પ્રેમસૂરીશનો, **ભાનુ** કરે ગુણગાન... પડશો૦ ૧૪
ઈમ વિશ્વનાયક સુગતિદાયક સ્થંભતીર્થ સુમંડણો,



ભવભયવિદારક પાર્શ્વજિનવર, ભવ્યદુઃખ વિહંડણો;
રહી ચોમાસું સ્થંભતીર્થે, દોય સહસને ચારમાં,
**પ્રેમસૂરીશ્વર** ગુરુપસાયે, ગાયા ગુણ અણગારના...
**(રચયિતા પૂ.આ. દેવ શ્રીમદ્ ભુવનભાનુસૂરીશ્વરજી મ.)**

**"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૪૦,અંક-૧૧,તા.૭-૧૨-૧૯૯૧**

● **રાણીબેન્નુર (કર્ણાટક) :** પ્રવક્તા પૂજ્ય મુનિરાજશ્રી ભુવનસુંદરવિજય મ. તથા તપસ્વી મુનિવર્યશ્રી શિવભૂષણ વિજય મ. આદિના અત્રેના શાનદાર ચાતુર્માસ બાદ અત્રેથી ૧૦ કિ.મી. દૂર ચલગિરે ગામમાં 'લબ્ધિશ્રમણવિહાર' નામના ઉપાશ્રયનું ઉદ્ઘાટન, 'છ'રી' પાલિત એક દિવસનો સંઘ, શત્રુંજયની યાત્રા; ત્રણ ટાઈમ સાધર્મિક વાત્સલ્ય વગેરે થયા. આખા ગામના જમણથી ઈતરો ખૂબ પ્રભાવિત થયા. બંને મુનિવર્યોને કામળી આદિ વહોરાવવાની બોલી તથા મુનિવરશ્રી શિવભૂષણવિજય મ.ને એકાતરા ૬૦ ઉપવાસ + ૬૦ આયંબિલના પારણાની બોલી ખૂબ સુંદર થઈ. એક લીંગાયત દંપતીએ યાવજ્જીવ ચતુર્થવ્રત ઉચ્ચર્યું. 'શ્રી સંઘના ધાર્મિક ફંક્શનમાં હંમેશ માટે રાત્રિભોજન નહિ થાય' એવો ઠરાવ થતાં શ્રી સંઘમાં આનંદ આનંદ વ્યાપી ગયો.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૪૦,અંક-૧૬,તા.૨૫-૧-૧૯૯૨**

● **ડોંબીવલી** (ઈસ્ટ) : શ્રી શાંતિનગર પાંડુરંગવાડીના એરિયામાં ૪૫૦ જેટલા જૈન પરિવારોનો વસવાટ છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું ગૃહમંદિર તથા નાનો ઉપાશ્રય છે. ઉત્તરોત્તર વસ્તી વધતી જાય છે. શ્રી સંઘમાં શિખરબંધી જિનાલય તથા આરાધનાભવન માટે પ્રયત્ન કરતાં ચાર હજાર ફૂટનો વસ્તીની મધ્યમાં એક પ્લોટ મળી ગયો છે. જેમાં નૂતન જિનાલય તથા ઉપાશ્રય અંગેની ખનન વિધિ કારતક વદ-૧ ના ઉલ્લાસપૂર્વક થઈ. ૧૦૮ ઉપર આયંબિલ તપ થયેલ. સંઘની વિનંતી સ્વીકારી પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વર મ.સા.ના શિષ્યરત્ન પૂ.આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરિજી મ. આદિની શુભનિશ્રામાં માગસર સુદ-૨ ના શિલાસ્થાપન વિધિનું શુભ કાર્ય ઉલ્લાસપૂર્વક થયેલ છે. ૭૧ આયંબિલ થયેલ. ૧ લાખ નમસ્કાર મહામંત્રનો જાપ

થયેલ. શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય મુખ્ય શિલાના સ્થાપક શાંતિભાઈ બાલુભાઈ ઝવેરી, ચંદુભાઈ ઘેટીવાળા, ઉપાશ્રયની શિલાના સ્થાપક છોટાલાલ મણીલાલ સાવરકુંડલાવાળા તરફથી થયેલ છે. સાધારણખાતાથી આ સંપૂર્ણ જમીનનો પ્લોટ કરવાનો હોઈને સાધારણ યોજનામાં રૂા. અગ્યારસો અગ્યારના નામો પૂર્વે ૨૦૦ જેટલા આવેલ છે. નવા નામોની તથા રૂા. અગ્યારહજારના વિશેષ દાતાઓના નામની શુભ શરૂઆત થઈ હતી. વિધિકાર પં. રમણિકભાઈ ભાભરવાળા, મૂળચંદભાઈ, જલદીપભાઈ પધારેલ. પ્રવચનબાદ સંઘપૂજન થયેલ. તપ-જપના આરાધકોને પ્રભાવના થયેલ. પૂજ્યશ્રીની આઠ દિવસની સ્થિરતામાં સંઘે પ્રવચન વાણીનો સુંદર લાભ લીધો. રાત્રિભોજન ત્યાગ અંગે સારા નિયમો થયા. ફરી ફરી સંઘને લાભ આપવા વિનંતી થઈ. નૂતન બંધાનારા જિનાલયમાં ભારતના સંઘોમાંથી દેવદ્રવ્યમાંથી સારી રકમ નીચેના નામથી મોકલવા વિનંતી થઈ છે.

**શ્રી પાર્શ્વભક્તિ શ્વેતાંબર** મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ. (રજી. નં. એ-૯૭૦) માનપાડા રોડ, પાંડુરંગવાડી, શાંતિનગર, **ડોમ્બીવલી,** (ઇસ્ટ) જી. થાણા-૪૨૧૨૦૧.

સાડા ચારસો ઘરની વસ્તુની મધ્યમાં ટૂંક સમયમાં જિનાલય તથા આરાધનાભવનનું નિર્માણ થશે.

શ્રી આદીશ્વર ભગવાનની પ્રાચીન પ્રતિમા ૩૧'' ઈંચથી ૪૧'' સુધીની ભવ્ય મુદ્રાવાળી મૂળનાયક ભગવાન માટે જરૂરત છે. ઉપરના સરનામાએ પત્રવ્યવહાર કરવા વિનંતી થઈ છે.

• **બાલદા (રાજસ્થાન) :** પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિરાજશ્રી રવિરત્ન વિજયજી મ. આદિ ઠા.ની નિશ્રામાં અત્રે ઉપધાન તપમાં ૨૦૦ જેટલા આરાધકો આરાધના સુંદર રીતે કરી રહ્યા છે. પોષ વદ-૧૦ ના રોજ ઉપધાનમાળનો પ્રસંગ ભવ્ય રીતે ઉજવવા તૈયારીઓ સુંદર ચાલે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૧૯,તા.૧૫-૨-૧૯૯૨

• **પેદમીરમતીર્થ** (A.P.) : પૂજ્યપાદ આ. દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.ની શુભ આજ્ઞા-આશીર્વાદથી પૂજ્ય મુનિરાજશ્રી દિવ્યરત્ન વિજયજી મ. આદિ ઠા. પાંચની શુભનિશ્રામાં અત્રે ઉપધાનતપ બહુ સુંદર રીતે સંપન્ન થયા. વિજયવાડાની નવવર્ષીય નમ્રતા ચંદ્રકાંતની પ્રથમ ઉપધાનની અપ્રમત્ત આરાધનાથી શ્રી સંઘમાં ખૂબ સારી છાયા પડી.



વ્યાખ્યાતા પૂજ્ય મુનિરાજશ્રી અજિતશેખરવિજયજીના આવશ્યક નિર્યુક્તિ પરના સુંદર વ્યાખ્યાનોએ શ્રોતાઓમાં શ્રદ્ધા-ભક્તિ-સંવેગ-વૈરાગ્યના નવનવા રંગો પૂર્યા. ઉપધાનની માળાનો પ્રસંગ શાસન-ધર્મપ્રભાવક બન્યો. **'મીઠાં ફળ માનવભવના'**, 'મનુષ્યકી ઐસી જિંદગીની', તેલુગુ પેમ્ફલેટ આદિનો વિમોચન વિધિ રૂડી રીતે થયો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૨૧,તા.૨૯-૨-૧૯૯૨

પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ. તથા વ્યાખ્યાતા મુનિવરશ્રી રત્નસુંદરવિજયજી ગણિવર મ.ની નિશ્રામાં મહુવા નિવાસી સંઘની અરવિંદભાઈ આયોજિત **શ્રી મહુવા શત્રુંજય સંઘયાત્રાની સામાન્ય ઝલક**

- મહુવાથી પ્રયાણ વખતે 'જય જય શ્રી આદિનાથ'ના નારાઓથી ગાજી ઊઠેલા રાજમાર્ગો.
- યુવાનોના દાંડીયારાસે જમાવેલું આકર્ષણ.
- ૮ કિ.મી.ના પહેલા મુકામે ૩૦૦ યાત્રિકો સાથે આવેલ મહુવાના ૬૦૦ ભાઈ-બહેનોએ તમામની સંઘપતિ તરફથી સાધર્મિક ભક્તિ.
- રસ્તામાં જ બે સંઘપૂજન.
- આગલા દિવસે સંઘવી તરફથી મહુવા સંઘનું સ્વામીવાત્સલ્ય... સાંજના યાત્રિકોને અત્તરવાયણાં.
- સંઘપૂજન : ચરવળાથી, કટાસણાથી, નવકારવાળીથી, મુહપત્તિથી, ચાંદીની વાટકીથી, એ સિવાય રૂપિયાઓથી થયેલા સંઘપૂજનો જુદા.
- છ'રી'નું ચુસ્ત પાલન.
- દાઠા-તળાજા સંઘને સંઘવી તરફથી સ્વામીવાત્સલ્ય.
- પૂ. ગણિવરશ્રી દ્વારા સ્નાત્રપૂજાના રહસ્યોની સમજણ.
- પ્રવચનોમાં ચિક્કાર માનવમેદની.
- પાલીતાણામાં ભવ્ય પ્રવેશ - ૩ કલાકનું સામૈયું.
- બપોરના પ્રવચનમાં સંઘપતિના બંને બાળકોની બ્લડકેન્સરમાં પણ અદ્ભુત પ્રસન્નતાની વાત કરતાં આખી સભાની આંખમાં આંસુ.

- એ બંને બાળ સંઘવીઓને તીર્થમાળ પહેરાવવાના રૂા. ૧,૦૧૧૧૧, સંઘવી અરવિંદભાઈની તીર્થમાળાના રૂા. ૧,૬૧,૧૧૧.
- સાધર્મિક જીવદયાની ટીપમાં રૂા. ૧,૩૫,૦૦૦.
- મહુવા ડેમમાં પરમાત્માના ખોળામાં ચાંદીના શ્રીફળો, દાઠા, તળાજા, ઠળિયા, પાલીતાણામાં મજેના આકર્ષક હારો.
- માળારોપણ વખતનો ઉત્સાહ અનેરો, નાના બંને બાળકોને માળારોપણ વખતે સહુ રડ્યા... બંનેને ખભે ઊંચકીને યુવાનો નાચ્યા.
- સાતેય દિવસ એક યુવાને કરેલા શુદ્ધ આયંબિલ.
- રોજેરોજ થયેલી આકર્ષક આંગી. આરતી-મંગળદીવાની જોરદાર ઉછામણી.
- દાદાના શિખર પર ચડાવાયેલી અતિ કિંમતી અને મનોહર ધજા.
- લગભગ સઘળાં ય યાત્રિકોએ છુટા પડતાં પહેલાં લીધેલા જાતજાતના નિયમો.
- બે મુકામમાં લોકકલાકાર રામભાઈ કાગે આપેલા વક્તવ્યોની સુંદર અસર.

## ● કલિકાલે પણ પ્રભુ તુજ શાસન વરતે છે અવિરોધજી

ધુળિયામાં એક શ્રાવકને ત્યાં ઘરકામ કરતી એક જૈનેતર બાઈ, એક અટુલી પરિવાર વગરની. એ શ્રાવકને ત્યાં જ રહે.

આ વરસના મહા માસમાં પ્રતિષ્ઠા પ્રસંગે એ બલસાણા તીર્થમાં આવી. મૂળનાયક શ્રી વિમળનાથ ભગવાનના દર્શન અને પ્રતિષ્ઠા પ્રસંગની ભવ્યતાથી એ ખુશી ખુશી થઈ ગઈ. આ તીર્થમાં લાભ લેવા માટે એણે પાવાપુરીના પટ્ટના નકરાની રકમ રૂા. ૭૦૧૧ ભરવાની જાહેરાત કરી. પોતાની સર્વ મૂડી તીર્થના ચરણે અર્પણ કરી દીધી. એના બહુમાન માટે અર્પણ કરાયેલી રૂા. ૫૦૪ ની રકમ પણ એણે સ્વીકાર્યા બાદ તુરત જ જીવદયાની ટીપમાં અર્પણ કરી દીધી. 'ભીમા કુલડિયા'ની આવૃત્તિ સમી આ દાનવીર બાઈના સર્વસ્વ સમર્પણ પર ઉપસ્થિત સંઘ ઓવારી ગયો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૨૩,તા.૧૪-૩-૧૯૯૨

● **કથોલા (પંચમહાલ)** : ભણસાલી ટ્રસ્ટ - સુશ્રાવક કાંતિલાલ ઉજમશી શાહ આદિના સતત પ્રયત્નોથી પંચમહાલ અને વડોદરાના પછાત વિસ્તારમાં લગભગ



૨૦૦૦ ગામોમાં જીવદયા-વ્યસનમુક્તિનો પ્રચાર સારો થયો. હજારો પશુઓ કતલખાને જતા અટકાવાયા. પાઠશાળા અને જૈન મંદિરો દ્વારા અનેક કુટુંબોને માંસાહાર-દારૂ આદિથી છોડાવાયા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૨૭,તા.૧૧-૪-૧૯૯૨

● **નડિયાદ** : પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.**ના પ્રશિષ્ય મુનિરાજશ્રી વરબોધિ વિજયજી મ. આદિ ઠા. પોતાના આ વતનના ગામમાં વરસો બાદ પધારતા શ્રી સંઘમાં અનેરો આનંદ વ્યાપ્યો. સ્વ. તપસ્વીરત્ન મુનિરાજશ્રી મણિપ્રભવવિજય મ.ની ફા.વદ-૮ ની સ્વ. તિથિના રોજે એમના ગુરુઆજ્ઞાકારિતા, સહનશીલતા, શાસ્ત્રચૂસ્તતા, નિર્દોષ આહાર-નિહારપ્રિયતા વગેરે અનેક સદ્ભુત ગુણોનું વર્ણન થતાં સભામાં ખૂબ અનુમોદના થઈ. વ્યાખ્યાનમાં સામુદાયિક વરસીતપની પ્રેરણા થતા અત્રેના ઇતિહાસમાં રેકર્ડબ્રેકરૂપ ૧૧૨ આરાધકોએ નાણસમક્ષ વરસીતપ ઉચ્ચર્યો. જેમાં નાના બાળક-બાળિકાઓ પણ જોડાયા છે. બહુ સુંદર ધર્મપ્રભાવના થઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૩૧,તા.૯-૫-૧૯૯૨

● **બાલદા તીર્થ** : પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ.ની પાવન નિશ્રામાં અત્રે નવપદજી ઓળીના ૪૨૫ આરાધકો પૈકી ૨૫૦ આરાધકોએ ઓળીમાં જ અઠ્ઠમનો તપ કરેલ. શ્રી મહાવીર જન્મકલ્યાણકનો વરઘોડો શાસનપ્રભાવક બન્યો. પૂજ્યશ્રીની નિશ્રામાં ૨૭-૫-૯૨ થી ૭-૬-૯૨ સુધી બામણવાડાજી તીર્થમાં આધ્યાત્મિક જ્ઞાન શિબિર યોજાશે.

દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૩૪,તા.૩૦-૫-૧૯૯૨

● **અમદાવાદ** : અત્રે તપસ્વીરત્ન પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. તથા સંઘહિતચિંતારત તપસમ્રાટ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હિમાંશુસૂરીશ્વરજી મ. આદિની પાવક નિશ્રામાં વયસ્થવિર પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ., પૂ. ગણિવર શ્રી કુલચંદ્રવિજયજી મ., પૂ. ગણિવર શ્રી

રત્નસુંદરવિજય મ.ના ચારિત્રજીવનના **૨૫ વર્ષની ભવ્ય આરાધનાની** અનુમોદના નિમિત્તે પ્રસંગ ભવ્ય ઉજવાયો. શાસનપ્રભાવનારત પૂ. ગણિવરશ્રી રત્નસુંદરવિજયજી મ.ના સુંદર પ્રવચનો આદિથી પ્રેરણા પામી એક જ દિવસના કાર્યક્રમમાં ભવ્યજીવોએ દાનધર્મની અનુમોદનીય આરાધના કરી.

અનાથાલય, હૉસ્પિટલો, જેલ... વગેરેમાં જરૂરિયાત વાળાને રસ-પૂરીનું જમણ દવા આદિ દ્વારા અનુકંપા દાન ખૂબ જ અનુમોદનીય રહ્યું. અનાથાલાય વગેરે સ્થળે જનારા યુવાનો કહે, "આ દાન પ્રાપ્ત કરનારાના દિલમાં પણ જૈનશાસનનું બીજ પડી ગયું હશે. જરૂરિયાતવાળાને રૂા. ૫-૧૧-૨૧ થી તિલક અને જમણ મળ્યું, ત્યારે એમનામાં શ્રી જિનશાસન તરફ અહોઅહોભાવ થઈ ગયો. પૂ. ગણિવર શ્રી કુલચંદ્રવિજયજી મ. તથા પૂ. ગણિવર શ્રી રત્નસુંદરવિજયજી મ.ને પંન્યાસપદ પ્રસંગ વિશાળ સાધુ-સાધ્વીની ઉપસ્થિતિમાં ખૂબ જ ઉલ્લાસ-ઉમંગમય વાતાવરણમાં શાસન-ધર્મપ્રભાવનાપૂર્વક સંપન્ન થયો. પંન્યાસપદ પ્રદાન બાદ નૂતન પંન્યાસશ્રી રત્નસુંદરવિજયજી ગણિવર મ.નું પ્રવચન અનેકના જીવનમાં ધર્મોદ્યોત કરનારું નીવડ્યું.

● **ટુમકુર :** ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.**ની આજ્ઞા શુભાશિષ પામી અત્રે પૂ. આચાર્યદેવ શ્રી વિજય ધનપાળસૂરીશ્વરજી મ.ની શુભનિશ્રામાં પૂ. ગણિવરશ્રી ચતુરવિજયજી મ.ની પંન્યાસપદવી ખૂબ શાસન-ધર્મપ્રભાવનાપૂર્વક સંપન્ન થઈ. પ્રસંગ પર સ્થાનકવાસી તથા દિગંબરોની હાજરી સારી રહી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૪૦,અંક-૩૬,તા.૧૩-૬-૧૯૯૨**

● **બીજાપુર (રાજ.) :** ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.**ના આજ્ઞાવર્તી પૂ. મુનિરાજશ્રી રવિરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં અત્રે અર્હદ્ મહાપૂજા, શાંતિસ્નાત્ર આદિ સહ જિનેન્દ્રભક્તિ મહોત્સવ, શાસન-ધર્મપ્રભાવનાપૂર્વક ઊજવાયો. પૂ. મુનિરાજશ્રીએ શત્રુંજયની ભાવયાત્રામાં શ્રોતાઓને ખૂબ સુંદર ભાવો જગાવ્યા. ક્ષમાપના પરના એમના પ્રવચનથી બે ભાઈઓના વર્ષો જૂના અબોલા દૂર થયા.

● **જુન્નર :** પૂજ્ય પંન્યાસશ્રી જગવલ્લભવિજયજી ગણિવર મ. આદિ ઠા. વિહાર કરતાં અત્રે પધારતાં ભવ્ય સ્વાગત થયું. બે દિવસની સ્થિરતા દરમ્યાન શ્રી



સંઘના તમામ ટ્રસ્ટીઓ અને ભાવિકોએ વ્યાખ્યાનાદિનો હૃદયપૂર્વક લાભ લીધો. પૂજ્યશ્રીનું ચોમાસું નિપાણી નક્કી થયું છે.

● **ધંધુકા :** અત્રે પૂ.આ. શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. સિદ્ધાન્તમહોદધિ આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ૨૪ મી સ્વર્ગારોહણતિથિની ઉજવણી ભવ્ય થઈ... સામુદાયિક આયંબિલ, શીતલનાથ પ્રભુજીની ભવ્ય અંગરચના... વગેરે સુંદર રહ્યા. પૂ. હેમચંદ્રસૂરિ મ. તથા પૂ. લલિતશેખરસૂરિ મ.ની પ્રેરણાથી ગુરુગુણની સ્મૃતિ નિમિત્તે મુલુન્ડ નિવાસી એક સદ્‌ગૃહસ્થે આ શુભ પ્રસંગે રૂા. સવા લાખનું દાન પાંજરાપોળ માટે જાહેર કરી ગુરુભક્તિનો અદ્‌ભુત આદર્શ પૂરો પાડ્યો છે...

● **બુહારી :** અત્રે વૈશાખ વદ-૧૧ પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્ય **વિજય પ્રેમસૂરીશ્વરજી મ.**ની સ્વર્ગતિથિ પૂ.આ. શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** પધારતા હોઈ સંઘે આયંબિલની ટહેલ પાડી સંઘમાં આયંબિલ નક્કી થતાં આંબેલ કરનારને રૂા. ૨૧-૨૧ ની પ્રભાવના નક્કી થઈ. પૂજ્યશ્રી પધાર્યા અને પૂ. સ્વર્ગસ્થ યુગપુરુષના સુંદર ગુણાનુવાદ થયા. લોકોને પૂ.શ્રીની અવનવી સાધના જાણવા મળી, બપોરે મંદિરમાં ઠાઠથી પૂજા ભણાવાઈ. પૂજ્યશ્રી અહીંથી બારડોલી-નવસારી-તપોવન આદિ થઈ ચોમાસા માટે સુરતમાં નગરપ્રવેશ અષાઢ સુદ-બીજ અને ઉપાશ્રયપ્રવેશ અષાઢ સુદ-સાતમનો વિચારાયો છે. **પૂજ્યશ્રી સાથે પત્રવ્યવહાર :**

ૐકારસૂરિજી આરાધના ભવન, સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૨.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૪૦,અંક-૪૦,તા.૧૧-૭-૧૯૯૨**

● **ઔરંગાબાદ :** ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.**ના શિષ્ય પૂજ્ય મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ. આદિની નિશ્રામાં અત્રે ચૌદ દિવસીય મે વેકેશન શિબિરમાં ૧૯૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તથા શ્રી સંઘના અનેક ભાઈ બહેનોએ લાભ લીધો. મહા પ્રભાવિક ભક્તામર સ્તોત્રપાઠ, ૧૦૮ પાર્શ્વનાથ સ્તોત્ર, જૈનાચાર, જૈન તત્ત્વજ્ઞાન આદિથી શ્રી સંઘમાં ખૂબ જ જાગૃતિ આવી. મુનિરાજશ્રીનું ચોમાસું જાલના શહેરમાં નક્કી થયું છે.

## સિદ્ધાંત મહોદધિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમુદાયનું ૨૦૪૮ ના ચાતુર્માસનું લિસ્ટ

(૧) આ. વિજય હિમાંશુસૂરિ મ., આ. વિજય હેમચંદ્રસૂરિ મ.
પં. કુલચન્દ્ર વિજય મ. આદિ જૈન ઉપાશ્રય, શાંતિનગર, **અમદાવાદ.**

(૨) ગચ્છાધિપતિ પૂ.આ. ભુવનભાનુસૂરિ મ.
આ. વિજય જયઘોષસૂરિ મ., ઉપાધ્યાય યશોભદ્રવિજય ગણિ
પ્રવર્તક યોગેન્દ્ર વિ.મ., પ્રવર્તક જિનરત્ન વિ.મ.
પંન્યાસ પદ્મસેનવિજય મ., પંન્યાસ રત્નસુંદર વિજય મ.
પંન્યાસ હેમરત્નવિજય મ. આદિ ઠાણા ૩૭
ઓંકારસૂરિ આરાધનાભવન, ગોપીપુરા, સુભાષચોક, **સુરત.**

(૩) આ. ધનપાલસૂરિ મ., પં. ચતુરવિજય મ. આદિ ૪
જૈન મંદિર, એમ.જી. રોડ, **ટુમકુર.**

(૪) આ. ભદ્રગુપ્તસૂરિ મ. આદિ ૩
જૈન ઉપાશ્રય, (મહારાષ્ટ્ર) (જી. સાતારા) ૪૧૫૫૦૧. **કોરેગામ.**

(૫) આ. રાજેન્દ્રસૂરિ મ. આદિ ૩
ચિંતામણી પાર્શ્વનાથ જૈન મંદિર, વિલેપાર્લા ઈસ્ટ, ૪૫ એમ.જી. રોડ, **મુંબઈ.**

(૬) આ. જિતેન્દ્રસૂરિ મ. આદિ
જૈન ઉપાશ્રય, (રાજ.) ૩૧૩૩૩૭. **રીંછેદ**

(૭) આ. જયશેખરસૂરિ મ. આદિ ૪
આરાધના ભવન, ૨૮૯, એસ.કે. બોલ રોડ, **દાદર,** મુંબઈ-૪૦૦૦૨૮.

(૮) આ. જગત્ચંદ્રસૂરિ મ. આદિ ૪
જૈન ઉપાશ્રય, **કરબટીયા.** (ઉ.ગુ.) (વાયા - ખેરાળુ).

(૯) આ. ગુણરત્નસૂરિ મ. આદિ ૧૫
જૈન ધર્મશાળા, **પીંડવાડા.** (રાજ.) ૩૦૭૦૨૨.

(૧૦) આ. ધનેશ્વરસૂરિ મ. આદિ ૩ જૈન ઉપાશ્રય
કાપડબજાર, ઋષભસંભવ જૈન પેઢી, **અહમદનગર.**

(૧૧) પ્રવર્તકપ્રવર ધર્મગુપ્ત વિ.મ. આદિ
લાવણ્યસૂરિ જ્ઞાનમંદિર, અંબાજી ચોક, **બોટાદ**-૩૬૪૭૧૦.

(૧૨) પં.શ્રી ચંદ્રશેખર વિજય મ. આદિ
જૈન ઉપાશ્રય, આંબાવાડી, નહેરુનગર ચાર રસ્તા, **અમદાવાદ**-૩૮૦૦૧૩.

(૧૩) પં. શ્રી વિમલસેનવિજય મ. આદિ ૩
શાંતિનાથ જૈન દેરાસર, બોરાબજાર, કોટ, **મુંબઈ**-૪૦૦૦૦૧.

(૧૪) મુનિશ્રી નંદીઘોષ વિ. મ. આદિ ૨
આદિનાથ જૈન ઉપાશ્રય, પાયધુની, **મુંબઈ**-૪૦૦૦૦૩.

(૧૫) પં. શ્રી વિદ્યાનંદ વિ.મ. આદિ ૨
જૈન ઉપાશ્રય, **શિરપુર** (મહારાષ્ટ્ર) (જી. ધુળીયા) ૪૨૫૪૦૫.

(૧૬) મુનિશ્રી જયતિલકવિજય મ. આદિ ૩
જૈન ઉપાશ્રય, ભારતનગર, ગ્રાંટ રોડ, **મુંબઈ**-૪૦૦૦૦૪.

(૧૭) પં. જયસોમવિજયજી મ. આદિ ૨
કરમચંદ જૈન ઉપાશ્રય, ઈર્લાબ્રીજ, **અંધેરી મુંબઈ**-૪૦૦૦૫૬.

(૧૮) પં.શ્રી જગવલ્લભ વિ.મ. આદિ ૩
જૈન મંદિર, ગુરુવારપેઠ, **નિપાણી**-૫૯૦૨૩૭. ફોન-૨૦૨૬૪

(૧૯) મુનિશ્રી અશ્વસેન વિ.મ. તથા પં.શ્રી વીરરત્ન વિ.મ.
જૈન ઉપાશ્રય, **વ્યારા**-૩૯૪૬૫૦, કાનપુરા (જી. સુરત).

(૨૦) મુનિશ્રી જયચંદ્ર વિ. મ. આદિ વર્ધમાન સંસ્કૃતિ ધામ,
**તપોવન ધારાગીરી.** પો. કબીલપોર, નવસારી.

(૨૧) મુનિશ્રી શીલરત્ન વિ.મ. આદિ ૨
વાસુપૂજ્ય સ્વામી જૈન મંદિર કા ઉપાશ્રય, **માલેગામ.** મહારાષ્ટ્ર.

(૨૨) મુનિશ્રી કનકસુંદર વિ. આદિ ૨
પગથીયાનો ઉપાશ્રય, હાજા પટેલની પોળ, કાળુપુર, **અમદાવાદ**-૩૮૦૦૦૧.

(૨૩) મુનિશ્રી વિશ્વાનંદ વિજયજી આદિ
શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર, આરે રોડ, ગોરેગાંવ વેસ્ટ, **મુંબઈ.**

(૨૪) મુનિશ્રી ચંદ્રજીત વિ. આદિ ૩
જૈન ઉપાશ્રય, કોંગ્રેસભવન સામે, **જલગાંવ**-૪૨૫૦૦૧.

(૨૫) મુનિશ્રી નિપુણચંદ્ર વિ. આદિ ૨
લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, નારાયણનગર રોડ, **અમદાવાદ.**

(૨૬) મુનિશ્રી ઈન્દ્રયશ વિ.મ. આદિ ૨
જૈન ઉપાશ્રય, સંઘાણી એસ્ટેટ, **ઘાટકોપર**, વેસ્ટ મુંબઈ-૪૦૦૦૮૬.

(૨૭) મુનિશ્રી વરબોધિ વિ.મ. આદિ ૪
જૈન ઉપાશ્રય, દેવચકલા, **નડીયાદ**-૩૮૭૦૦૧.

(૨૮) મુનિશ્રી ભુવનસુંદર વિ.મ. આદિ ૩
જૈન ઉપાશ્રય, અહિંસા માર્ગ, સદરબજાર, **જાલના**-૪૩૧૨૦૩ (મહારાષ્ટ્ર)

(૨૯) મુનિશ્રી ગુણસુંદર વિ.મ. આદિ
સંવેગી જૈન ઉપાશ્રય, વડાચૌટા, **સુરત**-૨૯૫૦૦૨.

(૩૦) મુનિશ્રી અભયશેખર વિ.મ. આદિ ૮
સંભવનાથ જૈન દેરાસર, જાંબલીગલી, **બોરીવલી** વેસ્ટ, **મુંબઈ**-૪૦૦૦૯૨.

(૩૧) મુનિશ્રી જિનહંસ વિ.મ. આદિ ૩
જૈન શ્વે. મંદિર, જૌહરીવાડા, **ઔરંગાબાદ**-૪૩૧૦૦૧.

(૩૨) મુનિશ્રી મુક્તિદર્શન વિ.મ. આદિ ૨
ધુડાલાલ મગનલાલ જૈન ઉપાશ્રય, શાંતાદેવી રોડ, **નવસારી.**

(૩૩) મુનિશ્રી દિવ્યરત્ન વિ.મ. તથા મુનિશ્રી અજિતશેખર વિ.મ. આદિ ૩
જૈન આરાધના ભવન, રાજાજી સ્ટ્રીટ, **કાકીનાડા**-૫૩૩૦૦૧. (આંધ્રપ્રદેશ)

(૩૪) મુનિશ્રી કલ્પરત્ન વિ.મ. આદિ ૨
કુંથુનાથ જૈન મંદિર, એન્ડ્રુઝ રોડ, સાંતાક્રૂઝ વેસ્ટ, **મુંબઈ**-૪૦૦૦૫૪.

(૩૫) મુનિશ્રી વિશ્વકલ્યાણ વિ.મ. આદિ ૨
જૈન ઉપાશ્રય, **ચિંચવડ** ગામ, (જી. પુના) ૪૧૧૦૩૩. (મહારાષ્ટ્ર)

(૩૬) મુનિશ્રી નેત્રાનંદ વિ.મ. આદિ
કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર, ૩૫-સીફેઈસ, **ચોપાટી. મુંબઈ**-૭.

(૩૭) મુનિશ્રી કીર્તિદર્શન વિ.મ. આદિ ૨
જૈન ઉપાશ્રય, મહાવીર માર્ગ, **સાંગલી**-૪૧૬૪૧૬ (મહારાષ્ટ્ર).

(૩૮) મુનિશ્રી મેઘદર્શન વિ.મ. આદિ ૩, આદિનાથ જૈન દેરાસર,
મંડપેશ્વર રોડ, એસ.વી. રોડ, **બોરીવલી** વેસ્ટ મુંબઈ-૪૦૦૦૯૨.

(૩૯) મુનિશ્રી પદ્મદર્શન વિ.મ. આદિ ૩
હીરસૂરિ જૈન ઉપાશ્રય, દેનાબેંક, દફતરી રોડ, **મલાડ**. મુંબઈ-૯૭.

(૪૦) મુનિશ્રી ધર્મબોધિ વિ.મ. આદિ ૩
જૈન ઉપાશ્રય, સરદારનગર, **બારડોલી**-૩૯૪૬૦૨.

(૪૧) મુનિશ્રી સંયમબોધિ વિ.મ. આદિ ૩
જૈન ઉપાશ્રય નિઝામપુરા, **વડોદરા**-૩૯૦૦૦૨.

● ● ●

● **દાદર :** પૂજ્ય મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ.ની નિશ્રામાં અત્રે સ્વ. પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની સ્વર્ગારોહણ તિથિ ૫૨ એ તારકના ગુણાનુવાદ ખૂબ સુંદર થયા. ધાર્મિક શિબિરમાં ૪૦૦ વિદ્યાર્થીઓમાં પ્રથમ આવનાર અત્રેની આરાધનાભુવન સંચાલિત પાઠશાળાના બાળ વિદ્યાર્થી અભયકુમારનું સવિશેષ બહુમાન થતાં અનેકોને સુંદર પ્રેરણા મળી.

॥ શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ॥

## ● રાત્રિભોજન ત્યાગ શા માટે ?

**લેખક : આચાર્ય શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરિવર મ.સા.**

અનંતજ્ઞાની ભગવંતો **'રાત્રિભોજન'**ને નરકનું આશ્રવદ્વાર કહે છે. રાત્રે = સૂર્યાસ્ત પછીના ભોજનમાં (૧) અગણિત સૂક્ષ્મજીવો, ત્રસજીવોની હિંસા થાય (૨) શરીર બીમાર અને આળસુ બને (૩) મનની પવિત્રતા ઘટે (૪) આત્મા તિર્યંચગતિ-નરકગતિ-અશાતાવેદનીય આદિ પાપકર્મ બાંધે (૫) મરણમાં અસમાધિ થાય (૬) પરલોકમાં દુર્ગતિ અને દુઃખની પરંપરા ચાલે (૭) વ્યંતર ભૂત-પ્રેતાદિ છળે, હેરાન કરે (૮) રાત્રિભોજનમાં જૂ આવી જવાથી જલોદર, માંખીથી ઊલટી, કરોળિયાથી કોઢ, ઝેરી જંતુની લાળથી મૃત્યુ, લાકડાની ફાંસથી તાલવું છેદાય, રોગવાળા જંતુથી ઝેરીતાવ, વાળથી સ્વરભંગ, અપચો થવાથી સંધિવા વગેરે અનેક રોગ થાય... આમ આલોકમાં થતાં અનેક ભયંકર દોષો જ્ઞાની ભગવંતો દર્શાવે છે.

પરલોકમાં કાગડો-ઘુવડ-સર્પ-બિલાડી આદિ ભવ, નરકગતિમાં જનારને અનંતી ક્ષેત્રકૃત ઉષ્ણ કે શીત વેદના, પરમાધામીના શસ્ત્રપ્રહારની, પરસ્પર નારકના યુદ્ધની, કરોડો રોગો એકી સાથે ઉદયમાં આવવાથી જઘનય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અસંખ્ય વર્ષની વેદના ભોગવવી પડે છે.

આ બધા દુઃખકારી દોષોમાંથી બચી જવા અનંતશક્તિના માલિક આત્માને જાગ્રત કરો. રાત્રિભોજનનો ત્યાગ સરળ બની જશે.

પૂ. ગુરુભગવંતના સદુપદેશથી આત્મહિતકર રાત્રિભોજન ત્યાગનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરું છું. નીચે મુજબ પ્રતિજ્ઞાપત્રક ભરવું.

તા.ક. દરેક સંઘમાં પૂ. ગુરુભગવંતોએ સારી સંખ્યામાં પ્રતિજ્ઞાપત્ર ભરાવવા પ્રેરણા કરવી. પ્રતિજ્ઞા લેનારનું સુખી શ્રાવકોએ બહુમાન-ઉપબૃંહણા કરવી. સૂર્યાસ્તથી ચઉવિહારમાં ચારે આહારનો ત્યાગ. તિવિહારમાં પાણીની છૂટ, દુવિહારમાં પાણી + દવાની માત્ર છૂટ.

**રાત્રિભોજન ત્યાગ : પ્રતિજ્ઞાપત્ર**

સં.......... (અષાઢ સુદ-૧૪ થી કારતક સુદ-૧૪)

હું પૂજ્ય ગુરુભગવંત શ્રી ..........................................ના સદુપદેશથી અનેક દોષોથી બચવા રાત્રિભોજનનો ચાર માસ માટે ......... સમય માટે ત્યાગ કરું છું.

પ્રતિજ્ઞા કરનારનું નામ ............................................

ઉંમર ............ સરનામું ..........................................

સંઘનું નામ ...........................................

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૪૩,તા.૧-૮-૧૯૯૨

● **કરબટીયા :** મહેસાણા જિલ્લાના નાનકડા આ ગામમાં પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જગચ્ચંદ્રસૂરિવર મ. આદિ ઠા. તથા સાધ્વીજી મ.નો ચાતુર્માસ પ્રવેશ શાનદાર થયો. પ્રવેશ પર ૨૫૦ જેટલા ગામના ભાવિકોની ઉપસ્થિતિ, વીશ દિવસથી રીસાયેલા મેઘરાજાની સુંદર અમીવર્ષા વગેરેથી ઇતરો ખૂબ આકર્ષિત થયા. સાંકળી અઠ્ઠાઈ, સાંકળી અઠ્ઠમ, આયંબિલ વ્યાખ્યાનશ્રવણ વગેરેમાં ઇતરોનો પણ ઉલ્લાસ વાતાવરણને આનંદિત બનાવી રહ્યો છે. ગ્રંથો વહોરાવવાની બોલી ખૂબ સારી થઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૦,અંક-૪૭,તા.૨૯-૮-૧૯૯૨

● **અમદાવાદ :** અત્રે પંકજ સોસાયટીમાં પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ.ના પ્રવચનોથી સારી ધર્મજાગૃતિ આવી. એક રવિવારે સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજાનું આયોજન થતાં ભાવિકોએ ખૂબ ઉલ્લાસપૂર્વક લાભ લીધો. ઉછામણી સારી બોલાઈ, આભૂષણપૂજામાં પણ ભવ્યો મન મૂકીને વરસ્યા... ઊગતા



મુનિશ્રીનો ધર્મપ્રભાવનાનો આ પ્રયત્ન પ્રશંસનીય છે.

● **શિરપુર :** પં.શ્રી વિદ્યાનંદ વિ.મ. તથા પૂ. સાધ્વીશ્રી કીર્તિપૂર્ણાશ્રીજી મ.ના ચાતુર્માસ પ્રવેશથી સંઘમાં અનેરી આરાધના ચાલી રહી છે. અઠ્ઠમતપની આરાધનામાં ૯૦ આરાધકો હતા. એમાં ૪ વરસના પુનીતકુમાર કલ્પકકુમારે પણ અઠ્ઠમતપ કરી સૌના હૈયા હિલોળે ચઢ્યા હતા. ત્રણ વ્યક્તિઓ તરફથી ત્રણ સોનાની ચેઈન અર્પણ કરવામાં આવી. ૨૭ સિદ્ધિતપની આરાધના ચાલુ છે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૪,તા.૩-૧૦-૧૯૯૨

● **સુરત વડાચૌટા જૈન ઉપાશ્રય : પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.** તથા મૃદુભાષી પૂ.મુનિશ્રી ગુણસુંદર વિ.મ. આદિની નિશ્રામાં પર્યુષણા સુંદર ઉજવાયા. સંઘમાં સિદ્ધિતપ, ધર્મચક્રતપ-નિગોદ આયુનિવારણતપ, ૧૬-૧૫, અનેક અઠ્ઠાઈઓ વગેરે તપશ્ચર્યા થઈ. ઉપાશ્રયનિર્માણ તથા સાધારણખાતા અને જીવદયાની ટીપ સારી થઈ. કલ્પસૂત્ર-બારસાસૂત્ર વગેરે વહોરાવવાની તથા જ્ઞાનપૂજનની ઉછામણી

સારી થઈ. પોળના અગ્યાર દેરાસરજીની ચૈત્યપરિપાટી, સાધર્મિકવાત્સલ્ય વગેરે ખૂબ ઉલ્લાસપૂર્વક થયા.

● **વિલેપાર્લા (ઈસ્ટ) મુંબઈ :** મધુરભાષી પૂ. આચાર્યદેવશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં માસખમણ - સિંહાસનતપ - ધર્મચક્રતપ, - મોક્ષદંડકતપ-૧૬-૧૧ વગેરે તપશ્ચર્યા સારી સંખ્યામાં થઈ. દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યની ઉપજ સારી થવા પામી. ડિસેમ્બર માસમાં તેઓશ્રીની "આહારશુદ્ધિ" પુસ્તકની બૃહદ્ મુંબઈમાં લેખિત પરીક્ષા લેવાનાર છે. પૂ. મુનિશ્રી ધર્મયશવિજયજી મ. જુહુસ્કીમ, ૪ થા રોડ ઉપર પર્યુષણા માટે અને પૂ. મુનિશ્રી દેવેન્દ્રવિજયજી મ. ચકાલામાં આરાધના માટે પધારેલ. પાર્લા ઈસ્ટ અને પાર્લા વેસ્ટ સંઘના આગેવાનોએ એકમત થઈ રથયાત્રા વરઘોડો અને સ્વામીવાત્સલ્યનો કાર્યક્રમ નક્કી કર્યો.

● **માલેગામ :** શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન દેરાસર - ઉપાશ્રયે પૂ. મુનિરાજશ્રી શીલરત્નવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી પુણ્યસુંદર વિજય મ. ના ચાતુર્માસ પધારવાથી સંઘમાં અનેરો ઉલ્લાસ રહ્યો. ધર્મચક્રતપ, સિદ્ધિતપ, ૧૬-૧૧-૯-૮ વગેરે તપશ્ચર્યા સારી થઈ ભા. સુદ-૧૧થી અઢ્ઢાઈ મહોત્સવ ચાલુ છે.

● **દાદર :** આરાધનાભવનમાં પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણાપર્વ રૂડી રીતે ઉજવાયા. માસખમણ અને સિદ્ધિતપના તપસ્વીઓને રૂા. ૧૨૫૫/- ની પ્રભાવના તેમજ ૧૬ ઉપવાસના તપસ્વીઓને ૫૫૧/- તેમજ ૧૫-૧૧-૮ વગેરે તપસ્વીઓને પણ સારી પ્રભાવના થયેલ. શત્રુંજયતપ, મોક્ષદંડકતપ વગેરે તપો થયા. પર્યુષણામાં વર્તક હોલમાં પ્રવચન રખાતા લોકોએ ઉલ્લાસપૂર્વક લાભ લીધેલ. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય-પાઠશાળામાં પ્રભાવના, સાધારણ નિભાવ ખાતે, જીવદયા વગેરેની ટીપો સારી થઈ. ચૈત્યપરિપાટી વરઘોડામાં બેલગામનું પ્રસિદ્ધ બેંડ આવતા ભક્તિની રમઝટ મચાવેલ. મુનિશ્રી હર્ષબોધિવિજયજી મ. શ્રી શાંતિનાથ સંઘમાં પર્યુષણામાં પધારતા વાર્ષિક પાંચ કર્તવ્યોની સામુદાયિક આરાધના થઈ. દાદર-શાંતિનાથથી ચૈત્યપરિપાટી ભાયખલાતીર્થની થઈ. દેવદ્રવ્ય આદિની ઉપજ સુંદર થઈ. દેવનાર કતલખાના વિરોધાર્થે જીવદયાની ટીપ પણ સારી થઈ. મીતેશ ધીરજલાલ હરિયા (ઉં. ૧૦) અઢ્ઢાઈ કરેલ.

● **કરબટીયા :** પીપલધન- (ઉ.ગુ.) પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. આદિ ચાતુર્માસ પધારતા નાના જૈન સંઘમાં અપૂર્વ ઉલ્લાસ આવ્યો. પ્રવચનમાં જૈન-જૈનેતરો સારી સંખ્યામાં આવતા. ચાતુર્માસની સાધર્મિક



ભક્તિ તેમજ અઠ્ઠમ-અઢ્ઢાઈ-આયંબિલ આદિ તપસ્વીના પારણા-અત્તરવાયણા સીરોયા પરિવારે લીધેલ. શત્રુંજય આરાધના, મોક્ષદંડક તપ, ૧૬ ઉપવાસના ૧૩ આરાધકો અને ૫૧ અઢ્ઢાઈ થયેલ. ઠાકોર-પટેલ-દરજી-પંચાલ કોમનાઓએ માસખમણ-અઢ્ઢાઈ કરેલ. મુનિરાજશ્રી અભયચંદ્રવિજયજી મ.ના ઇતરોની શાળામાં પ્રવચનો દ્વારા સારી જાગૃતિ આવી.

● **બોરીવલી વેસ્ટ - જાંબલીગલી મુંબઈ :** પ.પૂ. મુનિરાજશ્રી અભયશેખર વિજયજી મ. આદિ ઠા. ૮ અત્રે ચાતુર્માસ પધારતા સંઘમાં અનેરો ઉલ્લાસ આવ્યો છે. પર્યુષણા પર્વમાં માસખમણ ૬, ૨૨-૧૬/૧૬-૧૧/૧૦-૧૦-૯-૮ ઉપવાસવાળા ૨૫૦ ઉપરાંત, શત્રુંજય તપમાં ૧૭૫ આરાધકો જોડાયેલ. અગીયાર ઉપવાસથી ઉપરના અને શત્રુંજય તપના આરાધકોને શત્રુંજય-શંખેશ્વરાદિની તીર્થયાત્રા કરાવવાનું નક્કી થયેલ. પૂ. મુનિરાજશ્રી મુક્તિવલ્લભવિજયજી મ. આદિને પર્યુષણા માટે ભાઈંદર મોકલતા ત્યાં ૪૦૦ અઢ્ઢાઈ થવા પામેલ. મુનિશ્રી મેઘવલ્લભવિજયજી મ. **ગોરેગામ**-જવાહરનગર પર્યુષણા પર્વ માટે પધારેલ તેમજ મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ. તથા મુનિશ્રી જયદર્શનવિજયજી **બોરીવલી** કાર્ટર રોડ પધારેલ, ત્યાં લગભગ ૪૫૦ આરાધકોએ નવ લાખ નવકારમંત્રનો નિયમ લીધો. જીવદયાની ટીપ પણ સારી થયેલ.

● **બોટાદ :** પ્રવર્તકપ્રવર પૂ. ધર્મગુપ્તવિજયજી મ. બોટાદ પધારતાં આરાધનાની હેલી વરસી રહી. ધર્મચક્ર તપમાં સારી સંખ્યામાં આરાધકો જોડાયા. તેના ઉપલક્ષમાં ધર્મચક્રપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ-મહાપૂજા-સાધર્મિક વાત્સલ્ય વગેરે સુંદર થયા. બાલમુનિ રવિદર્શનવિજયજી (ઉં.વર્ષ ૧૨) સાંવત્સરિક સૂત્ર સ્પષ્ટ ઉચ્ચારણ સાથે બોલ્યા હતા તેમજ વ્યાખ્યાન પણ કરેલ તેથી સંઘ બહુ પ્રભાવિત થયેલ.

● **સુરત-હરીપુરા :** પૂ. મુનિરાજશ્રી પદ્મરત્ન વિ.મ., પૂ. સૂર્યકાંત વિ.મ. તથા પૂ. મુનિશ્રી સત્યકાંતવિજયજી મ. અત્રે પર્યુષણ પર્વ માટે પધારતાં સંઘમાં આરાધના-તપસ્યામાં અનેરો આનંદ-ઉલ્લાસ રહ્યો. નાના બાળક સહિત શ્રી સંઘમાં ૨૦ અઢ્ઢાઈઓ થઈ.

● **સુરત-સગરામપુરા :** પૂ. મુનિરાજશ્રી સત્યસુંદરવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ. મ. આદિ પર્યુષણા માટે અત્રે પધારતાં સંઘમાં તપસ્યા-આરાધનાની જાણે છોળો ઉછળી. ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે એક શ્રાવકે જ સંપૂર્ણ લાભ લેવાનું નક્કી કર્યું.

• **સુરત-ઉધના :** પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રેશ્વર વિ. તથા પૂ. મુનિશ્રી શીવસુંદરવિજયજી મ. પધારતા સંઘમાં અનેરો ઉલ્લાસ થયો. પર્યુષણામાં તપસ્યા આદિ સારા થયા. પૂજ્યશ્રીની પ્રેરણાથી પાઠશાળાની શરૂઆત થઈ છે. બાળકો સારી સંખ્યામાં લાભ લે છે. નૂતન જિનમંદિર તથા ઉપાશ્રય બાંધવા સંઘ પ્રયત્ન કરે છે.

• **સાંગલી :** પૂ.મુનિશ્રી કીર્તિદર્શનવિજયજી મ. તથા મુનિશ્રી કલ્પતિલકવિજયજી ચાતુર્માસાર્થે અત્રે પધારતાં સંઘમાં આરાધનાની હેલી વરસી રહી. શનિ-રવિવારની શિબિરો તેમજ શત્રુંજયતપમાં ૫૭ આરાધકો, માસખમણ-૧૬/૨, ૧૧/૩, ૯/૬ અને ૯૧ લગભગ અઠ્ઠાઈ થવા પામેલ.

• **કોરેગામ :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી ચાતુર્માસ પધારતા એઓશ્રીના "શાંતસુધારસ" ગ્રંથ આધારિત મધુર મંજુલ પ્રવચનો સાંભળવા જૈન-જૈનેતરો સારી સંખ્યામાં આવતા સાંકળી અઠ્ઠમ, શંખેશ્વર ભગવાનના અઠ્ઠમ, નમસ્કાર મહામંત્ર જાપ, શિશુશિબિર તેમજ પર્યુષણમાં માસખમણ ૨૧-૧૫-૧૧ અને અઠ્ઠાઈઓ સારી સંખ્યામાં થઈ. શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ ભવ્ય થયો.

• **શીરપુર (ધુલીયા) :** પ.પૂ.પં.શ્રી વિદ્યાનંદવિજયજી ગણિવર મ.ની પ્રેરણાથી પર્યુષણ પર્વમાં ૧૦ હજારની વસ્તીવાળા આખા ગામમાં અભક્ષ્યત્યાગ-સદાચાર - પાણી ગાળીને પીવું વગેરે આઠ નિયમાવલીની સાથે બુંદીના પેકેટ પ્રસાદરૂપે અપાયા. ૬૦ માછીમારોના કુટુંબને આઠે દિવસ રોજી આપીને આખો દિવસ ઉપાશ્રયે બેસીને અમારિનું પાલન કરાવ્યું. વરઘોડો પણ ભવ્ય નીકળેલ. આસો માસમાં ઉપધાન થવાનું નક્કી થયું છે.

• **કાકીનાડા :** અત્રે પૂ. તપસ્વી દિવ્યરત્નવિજયજી મ. તથા પ્રવચનકાર પૂ. મુનિશ્રી અજિતશેખરવિજયજી મ. આદિ ઠા. ૩ ની નિશ્રામાં ૫૪ સિદ્ધિતપ, ૧ માસખમણ, ૪ વ્યક્તિએ એકવીસ ઉપવાસ-પંદર અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યા સારી થઈ. કતલખાનાના વિરોધમાં પૂજ્યશ્રીએ જંગી સભાને સંબોધી હતી.

• **નિપાણી :** પૂ.પં. શ્રી જગવલ્લભવિજય મ.શ્રી આદિની નિશ્રામાં ૨૪૦ આરાધકોએ ધર્મચક્રતપ કર્યો. ૨ માસખમણ, ૧ લાખ નવકારનો વિધાનપૂર્વકનો જાપ વગેરે આરાધના સુંદર થઈ. દેરાસરના શતાબ્દિ મહોત્સવની તડામાર તૈયારી ચાલુ છે. ધર્મચક્ર વરઘોડાની તથા શતાબ્દિ મહોત્સવની ઉછામણી રેકર્ડબ્રેક થઈ.

• **અંધેરી વેસ્ટ (મુંબઈ) :** તપસ્વીરત્ન પૂ.પં. શ્રી જયસોમવિજયજી ગણિવર મ. તથા મુનિશ્રી આદિત્યસોમ વિ.મ. ના ચાતુર્માસ પધારવાથી અંધેરી ગુજરાતી



જૈન સંઘમાં ઉલ્લાસ ઘણો આવ્યો. મોક્ષદંડક તપમાં ૪૧ આરાધકો, શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ તેમજ ૧૦૮ પાર્શ્વનાથપૂજન, ૧| લાખ નવકારનો સામુદાયિક એકાસણા સાથે જાપ, સામુદાયિક વીસસ્થાનક તપ વગેરે સુંદર થયા.

• **ગોરેગામ વેસ્ટ (મુંબઈ) :** પૂ. મુનિશ્રી વિશ્વાનંદવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણા પર્વ તેમજ વરઘોડો વગેરેમાં સંઘે સારો લાભ લીધેલ.

• **અમદાવાદ :** સંવેગી જૈન ઉપાશ્રય (હાજા પટેલની પોળ) તપસ્વી મુનિશ્રી કનકસુંદર વિ.મ. તથા પૂ. પદ્માનંદવિજયજી મ. પધારતાં સાંકળી અઠ્ઠમ, વર્ધમાનતપના પાયા, ધર્મચક્રતપ, નવ એકાસણા, સામુદાયિક દર રવિવારે વિશિષ્ટ આરાધનાદિ સુંદર થયા. બાળ સંસ્કારવર્ગ શિબિરમાં ૨૫૦થી ૩૦૦ બાળક-બાળીકાઓએ લાભ લીધેલ. પૂજ્ય શ્રી કનકસુંદર વિ.મ.ને શ્રી ભગવતીસૂત્રના મોટા જોગ ચાલુ છે.

• **વ્યારા :** પૂજ્ય મુનિરાજશ્રી અશ્વસેનવિજયજી મ.ની નિશ્રામાં ઓજસ્વી વ્યાખ્યાનકાર પં.શ્રી વીરરત્નવિજયજી મ.ની પ્રેરણા પામી ૫૦૦ વર્ષ પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર તથા પૂ. સિદ્ધાંતમહોદધિ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના ગુરુમંદિરના નિર્માણનો તેમજ પાઠશાળાનો શુભારંભ થયો. માસખમણ-સિદ્ધિતપ-૧૬-૧૫-૧૧-૯-૮ ઉપવાસની તપશ્ચર્યા સાથે પર્વાધિરાજ પર્વ અપૂર્વ ઉલ્લાસ સાથે ઉજવાયા. તેની અનુમોદનાર્થે પાંચ મહાપૂજનો સહિત શ્રી અર્હદ્ મહાપૂજન-સ્વામિવાત્સલ્યાદિ સહિત ભા. સુદ-૯ થી શરૂ થયેલ.

• **સાંતાક્રુઝ (વેસ્ટ) મુંબઈ :** પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ., પૂ. મુનિરાજશ્રી વિવેકસારવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણા મહાપર્વમાં માસખમણ ૨, ૧૬/૧૫, ૧૦/૩, ૮/૮૫, ૯/૪ ચત્તારિઅઠ્ઠ સમોવસરણ-ધર્મચક્ર-ખીરસમુદ્ર - ૬-૫-૪ વગેરે તપશ્ચર્યા સારી થઈ. દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યની ઉપજ, તપશ્ચર્યાનો વરઘોડો-સ્વામીવાત્સલ્યાદિ સારા થયા.

• **ઔરંગાબાદ :** પૂ. મુનિરાજશ્રી જિનહંસ વિ. મ. તથા પૂ. મુનિશ્રી નંદીશ્વરવિજયજી આદિની નિશ્રામાં પર્યુષણા મહાપર્વમાં માસખમણ-૧, સિદ્ધિતપ, ધર્મચક્ર-૨૪, ૧૧-૮ વગેરે તપશ્ચર્યા થઈ. પૂ.મુનિશ્રી કલ્યાણસુંદરવિજયજીને લાગટ ૭ થી ૧૨ વર્ધમાન તપ ઓળી ચાલુ છે. સાધારણ ખાતે ૧૫-૧૫ દિવસના ખર્ચની ઉછામણી થઈ. ભા.સુદ પૂનમથી અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય થયો છે. પાઠશાળાની શરૂઆત થઈ. શ્રી દિનેશભાઈ સારી સેવા આપી રહ્યા છે.

• **પિંડવાડા :** પ.પૂ. આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી અત્રે ચાર્તુમાસ પધારતાં

સંઘમાં તપનો જુવાળ આવ્યો. પ્રવેશ નિમિત્તે ૪૨૫ આયંબિલ, સાંકળી અઠ્ઠમ, પચરંગીતપ, શંખેશ્વરપાર્શ્વનાથના અઠ્ઠમ, નિગોદ-આયુનિવારણતપ, ધર્મચક્રતપમાં ૮૦ આરાધકો, મોક્ષદંડકતપ, ચિંતામણીતપ, સ્વર્ગ સ્વસ્તિકતપ આદિ અનેક આરાધના સુંદર થઈ. પર્યુષણપર્વમાં માસખમણો ૧૫-૧૧-૯-૮ વગેરે તપસ્યા થઈ. પૂ. સાધ્વી શ્રી કનકપ્રભાશ્રીજી મ. ધર્મચક્રતપ તેમજ પૂ. સાધ્વી શ્રી પદ્મસેનાશ્રીજીએ ૫૧ મી વર્ધમાનતપની ઓળી ૫૨-૧૭ ઉપવાસ, શાસનરેખાશ્રી, પરાગરેખાશ્રીએ ૩૦ ઉપવાસ કરેલ કુલરેખાશ્રીજીએ ૩૧ મી ઓળી ૫૨ ૧૮ ઉપવાસ તેમજ સાધુભગવંતોમાં પણ ૧૫-૧૧-૯ વગેરેએ પણ તપસ્યા કરેલ. પાલી-સિરોડી-સિરોહી-પાદરલી-તખતગઢ-ધારવાડ-છાણી આદિ દૂર-સુદૂર પ્રદેશથી આરાધકો પધાર્યા હતા. ભા. સુદ-૭ થી ભા. સુદ-૧૩ સુધી ચિંતામણી પાર્શ્વનાથ પૂજન શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય ઉજવાયો.

પૂ. મુનિરાજશ્રી રવિરત્નવિજયજી મ. આદિએ નાંદિયા તથા પૂ. મુનિશ્રી રશ્મીરત્ન વિ. મ. આદિએ ઝાડોલીમાં પર્યુષણાપર્વની સુંદર આરાધના કરાવી.

● **ઘાટકોપર સંઘાણી એસ્ટેટ :** પ.પૂ. મુનિરાજશ્રી ઈન્દ્રયશવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી ભદ્રયશવિજયજી મ. અત્રે ચાતુર્માસ પધારતા સંઘમાં સાંકળી અઠ્ઠમ, કર્મસુદનતપ, દિપક-એકાસણા-નમસ્કાર મહામંત્રના અખંડ જાપ સહિત ૨૦ દિવસ ખીરના એકાસણા-શત્રુંજયતપ, સમવસરણ તપ, ભદ્રતપ વગેરે સારી તપશ્ચર્યા થઈ. રવિવારીય શિબિર સુંદર ચાલી રહી છે. પર્યુષણાપર્વની આરાધના નિમિત્તે સિદ્ધચક્ર પૂજનાદિ સહિત અષ્ટાન્હિકા મહોત્સવ ભવ્ય ઉજવાયો.

● **જાલના :** પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર થઈ. પૂજ્યશ્રીની ૬૫ મી ઓળીનું પારણું થતા તેની અનુમોદનાર્થે ઉછામણી-સંઘપૂજનાદિ સુંદર થયા. મુનિશ્રી શિવભૂષણવિજયજી તથા મુનિશ્રી ત્રિભુવનતિલક મ. ને પ્રવેશથી આયંબિલ ચાલુ છે.

● **રિંછેડ :** પ.પૂ.આ.શ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૮ તથા પૂ. સાધ્વી શ્રી પુણ્યરેખાશ્રીજી આદિ ઠા. ૨૨ ચાતુર્માસ પધારતા ચતુર્વિધ સંઘમાં તપસ્યાનો રંગ જામ્યો છે. મુનિશ્રી ધર્મેશરત્નવિજયજી મ.ને ૨૪, સાધ્વી શ્રી દર્શિતરેખાશ્રીજીને ૩૬ ઉપવાસ થયા. સાધ્વી શ્રી સિદ્ધાંતરેખાશ્રીજી તથા આગમરેખાશ્રીજીને સિદ્ધિતપ તેમજ સંઘમાં અનેક તપશ્ચર્યાઓ થયેલ. તપશ્ચર્યાની અનુમોદનાર્થે અષ્ટાહ્નિક, પ્રભુભક્તિ મહોત્સવ સારો થયો.

● **વડોદરા નિઝામપુરા :** પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ.મ. આદિ ઠા. ૩ અત્રે ચાતુર્માસ પધારતા સંઘમાં આરાધના સુંદર થઈ. ભા. વદ-૧ ના મહાપૂજાનો કાર્યક્રમ થતા ઝવેરાતની અંગરચના, ફૂલોનો શણગાર, ચિત્તાકર્ષક રચનાઓ વગેરે અનુપમ હતું. દેવદર્શન માટે મોડે સુધી લાઈન લાગેલી.



● **ટુમકુર : કર્ણાટક :** પ.પૂ.આ.શ્રી ધનપાલસૂરીશ્વરજી મ. તથા પં. શ્રી ચતુરવિજયજી મ. આદિ ચાતુર્માસ પધારતા સંઘમાં અનેરો ઉલ્લાસ વધ્યો છે. મોક્ષદંડકતપ, ક્ષીરસમુદ્રતપ વગેરે તપશ્ચર્યા થઈ. દરરોજ છોકરાઓની શિબિર અને પ્રભાવના તેમજ વ્યાખ્યાનમાં દરરોજ સંઘપૂજન થાય છે. રવિવારે હિંદી-કન્નડભાષામાં પૂ. પંન્યાસજી મહારાજના પ્રવચનોમાં લોકો સારા પ્રમાણમાં આવે છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૫,તા.૧૦-૧૦-૧૯૯૨

● **નડીયાદ :** તપસ્વી પ.પૂ. મુનિરાજશ્રી વરબોધિ વિજયજી મ. આદિ અત્રે સંસારી વતનમાં ચાતુર્માસાર્થે પધારતા સંઘમાં તપશ્ચર્યાની હેલી વરસી. વર્ષીતપમાં ૭૫ આરાધકો જોડાયેલ. પર્યુષણ પર્વમાં માસખમણ-૫-૧૦-૮-૯-૬ ઉપવાસાદિ સંખ્યા સારી થઈ. તપસ્વીઓનું બહુમાન-વરઘોડો-ચૈત્યપરિપાટી આદિ કાર્યો સુંદર થયા. તપસ્વીને ૮૯ મી ઓળી તથા પૂ. મુનિશ્રી કૈવલ્યબોધિ વિજયજી મ.ને ૭૦ ઉપર ૭૧ મી ઓળી લાગટ ચાલુ છે.

● **નાંદિયાતીર્થ :** પ.પૂ. સાધ્વી શ્રી મુક્તિરેખાશ્રીજી આદિ ચાતુર્માસાર્થે પધારતા સંઘમાં ૧૮-૯-૮ વગેરે તપશ્ચર્યા થયેલ. પર્યુષણ પર્વમાં પિંડવાડાથી પ.પૂ. મુનિશ્રી રવિરત્ન વિજયજી મ. આદિ પધારતા કલ્પસૂત્ર-બારસાસૂત્રનું વાંચન કરેલ. દિપક એકાસણા-ભવ્ય વરઘોડો તેમજ કુમારપાલ રાજાની આરતીનો કાર્યક્રમ થતાં આનંદ પ્રસરી ગયેલ.

● **અમદાવાદ (બાપુનગર) :** પ.પૂ. મુનિશ્રી અક્ષયબોધિ વિ.મ. તથા મહાબોધિ વિ.મ. પર્યુષણાર્થે પધારતા મહાપૂજા-ચૈત્યપરિપાટી ભવ્ય નીકળી. જીવનમાં પ્રથમવાર ઘણા આરાધકોએ અઠ્ઠાઈ કરેલ.

● **મુંબઈ-કોટ :** પ.પૂ.પં.શ્રી વિમલસેનવિજય મ. તથા પ્રવચનકાર પૂ.મુનિશ્રી નંદિભૂષણવિજયજી આદિ ચાતુર્માસાર્થે પધારતા તપસ્યાઓ. વિવિધ અનુષ્ઠાનો આદિ સુંદર થયા. પૂજ્યશ્રીના પ્રવચનથી શ્રોતાઓ મંત્રમુગ્ધ થતા. પૂ. મુનિશ્રી જયતિલક વિ.મ. તથા મુનિશ્રી કીર્તિરત્નવિજય મ.ને શ્રી ભગવતીસૂત્રના યોગ સુખપૂર્વક ચાલે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૧૦,તા.૨૧-૧૧-૧૯૯૨

● **સુરત :** પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.ને હાલ હાર્ટની, બ્રેઈનની અને થાયરોડની દવા ચાલુ છે. મુંબઈના હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડૉ. એસ.આર. શાહ સુરત મુકામે આવી તપાસી ગયા છે. એમની સલાહ અનુસાર રોગની વધુ સારી તપાસ, નિદાન અને સારવાર માટે મુંબઈ જવું અત્યંત જરૂરી છે, એથી વડોદરા મુકામે મુનિરાજશ્રી જયસુંદરવિજય મ.ની ગણિપંન્યાસપદવી પર એઓશ્રી જઈ શક્યા નથી.

અત્રસ્થ વૃદ્ધો પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી ગણિ, પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી શોભનવિજયજી મ.ની દવા પણ સારી રીતે ચાલે છે, ચિંતાજનક કાંઈ જ નથી.

● **વડોદરા :** મુકામે માગશર સુદ છઠ્ઠનો પૂજ્ય મુનિરાજશ્રી જયસુંદરવિજજી મ.ને ગણિ-પંન્યાસપદ પ્રદાન પ્રસંગ પૂ. સિદ્ધાંત દિવાકર આચાર્યશ્રી વિજય જયઘોષ-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉજવાશે. તેઓશ્રીએ વડોદરા તરફ વિહાર કર્યો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૧૨,તા.૫-૧૨-૧૯૯૨

● **સુરત :** ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીને આચાર્યપદવી"ના ૨૦ વર્ષ પૂર્ણ થઈ ૨૧ મા વર્ષમાં માગશર સુદ-૨ ને તા. ૨૬-૧૧-૯૨ ના પ્રવેશ પ્રસંગે ૐકારસૂરિ આરાધના ભવનમાં ઉજવણી થઈ. વ્યાખ્યાન પ્રસંગે પૂ. મુનિરાજશ્રી ગુણસુંદર વિજયજી મહારાજે "પૂજ્ય આચાર્યદેવશ્રીના જીવનમાં પંચાચાર કેવો વર્ણાયેલો છે" તેનું વર્ણન કરતા સભા ગદ્ગદ થયેલ. મુનિશ્રી સત્યસુંદર વિજયજી તથા મુનિશ્રી ધર્મબોધિ વિજયજી મ.એ પ્રાસંગિક પૂજ્યશ્રીના જીવનની પીછાણ કરાવેલ. ત્યારબાદ સંઘના ટ્રસ્ટી શ્રી સેવંતીભાઈએ પોતાને પૂજ્યશ્રીના સહવાસથી જાણવા અને માણવા મળેલ ગુણોનું ઉદ્બોધન કરેલ. ત્યારબાદ પૂજ્ય આચાર્યદેવશ્રીનું "જીવનનું લક્ષ શું હોઈ શકે અને શું છે" તેના પર પ્રવચન થયા બાદ ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીને કામળી ઓઢાડી પૂજ્યશ્રીના સંસારી કુટુંબીઓ ભરતભાઈ ચતુરભાઈ આદિ અને જુદા જુદા છ ભાઈઓ તરફથી ગુરુપૂજન અને ૬ સંઘપૂજન થયેલ. આ પ્રસંગે શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરે સોનાના વરખથી ભવ્ય આંગી કરવામાં આવેલ. પૂજ્યશ્રીની તબીયતમાં સુધારો છે



માગશર સુદ બીજી બારસે નવસારી તરફ વિહાર કરવા વિચારી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૧૫,તા.૯-૧-૧૯૯૩

● **કરબટીયા-પીપલધન :** અત્રેના શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી પૂ.આ.શ્રી વિજય જગચ્ચંદ્રસૂરિજી મ. આદિ ચાતુર્માસ પધારતા પીતાંબરદાસ બેચરદાસ શીરોયા પરિવાર તરફથી ચાતુર્માસની આરાધનાદિનો સંપૂર્ણ લાભ લીધેલ. ઉપધાનતપની આરાધના સુંદર થતા મા.સુ. ૫ ના માળારોપણ પ્રસંગ પણ ભવ્ય ઉજવાયો. શીરોયા (શશીકાંત) પરિવાર તરફથી માળના ૪૨ આરાધકો અને પાત્રીસાવાળાનું બહુમાન ખૂબ સુંદર કરવામાં આવ્યું. ખેરાળુના રાજેન્દ્રકુમાર ફકીરચંદના સુપુત્ર સુકેતુકુમારે (ઉંમર વર્ષ ૬૧/૨) ઉપધાનતપની આરાધના ઉલ્લાસથી પૂર્ણ કરતા અનુમોદનીય બન્યું હતું. ઉપરાંત જૈનેતર ૬ ભાઈઓએ પણ નવકાર-લોગસ્સ શીખીને ઉપધાન તપ કરેલ. જૈનોના ખુલ્લા ઘર પાંચ જ છતાં બહારગામથી ૨ થી ૨૧/૨ હજાર મહેમાનો માટે જૈનેતરોએ પોતાના ૪૦ મકાનો અને સ્કૂલો રહેવા આપેલ. માળારોપણ પ્રસંગે ૨૨ છોડનું ઉજમણું તેમજ મહાપુરુષોના જીવનની ચલ રચનાઓ ગોઠવેલ. ભવ્ય વરઘોડો નીકળેલ. ગામના ૭૦૦૦ જૈનેતરોને જમણ આપ્યું. ગ્રામપંચાયતે ગામનું નામ બદલી ગામનું નામ "ધર્મપુરી" રાખ્યું. ૬।। વર્ષના સુકેતકુમાર માટે હંસમુખી પાલખી બનાવી. એને ઉપાડવા માટે લોકોએ પડાપડી કરી જાણે કે તેનો દીક્ષાનો વરઘોડો ન હોય ! આ પ્રસંગે જીવદયાની પણ પચીસહજારની ટીપ થયેલ. પ્રસંગ શાસન પ્રભાવક બન્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૧૬,તા.૨૩-૧-૧૯૯૨

● **નિપાણી :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય જયશેખરસૂરિજી મ. તથા પં.શ્રી જગવલ્લભવિજયજી ગણિ મ. આદિની નિશ્રામાં જિનમંદિરનો શતાબ્દિમહોત્સવ તથા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ૧૮ દિવસ સુધીનો રંગેચંગે પાર પડ્યો. ધર્મપ્રભાવના તથા શાસનપ્રભાવના અનેરી થઈ. બાદ પૂ. પંન્યાસજી મ.ની નિશ્રામાં કુંભોજગીરીનો છ'રી' પાળતો સંઘ નીકળ્યો. પોષ દશમીના ૧૪૦ અઠ્ઠમનાં આરાધકોની આરાધના સુંદર થઈ. ચૈત્રી ઓળીની સામુદાયિક આરાધના પ્રથમવાર પૂજ્યશ્રીની નિશ્રામાં કરાવવાનું નક્કી થયું. તે પૂર્વે તાસગાંવ, રહીમતપુર, વીટા

આદિ ગામોમાં પ્રતિષ્ઠાદિ કાર્યોનું આયોજન થયું છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૧૮,તા.૬-૨-૧૯૯૩

**બાળ તપસ્વી સુકેતુ રાજેન્દ્રકુમાર શાહ ગામ (ખેરાલુ)**
**ઉંમર ૬ વર્ષ ૬ માસ માતા-દક્ષાબેન**

પરમ પૂજ્ય આચાર્યશ્રી જગત્‌ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુનીત નિશ્રામાં કરબટીયા ખાતે ઉપધાનતપની મહામંગલકારી આરાધના કરી. ધન્ય તપસ્વી.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૧૮,તા.૬-૨-૧૯૯૩

ગુજરાત સમાચાર તા. ૨૯-૧-૧૯૯૩

● **રાજસ્થાન :** જૈન શ્વેતાંબર મંદિર જીર્ણોદ્ધાર કમિટીના માધ્યમથી સર્વશ્રી કુમારપાળ વિ. શાહના માર્ગદર્શનથી મંદિર જીર્ણોદ્ધારનું અનેક ગામોમાં કામ પૂરજોશથી ચાલી રહ્યું છે. જીર્ણોદ્ધાર થઈ ગયેલ ખેજડી જિ. ભીલવાડા. નાગોલા અને ચાંપાનેરી જિ. અજમેરના મંદિરોનો પ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૧૨-૧૨-૧૯૯૨ અને ૧૬-૧-૧૯૯૩ ના દિવસે પ.પૂ. આચાર્યશ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજની પુનીત નિશ્રામાં હર્ષોલ્લાસપૂર્વક ઉજવાઈ ગયો.



## ● માનવસેવાનું કાર્ય

વર્ધમાન સેવા કેન્દ્ર ધોળકા-મુંબઈના ઉપક્રમે અમદાવાદ જિલ્લાના ૬૦ ઉપરાંત ગામડાઓના નિરાધાર, અપંગ એક હજાર કુટુંબોને શિયાળાની ઠંડીથી રાહત આપવા અર્થે ગરમ બ્લેન્કેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્રણસો કુટુંબોને બ્લેન્કેટ સાથે દરેકને એક એક મણ અનાજ પણ આપવામાં આવ્યું હતું.

● ● ●

● **તપોવનથી સુરત :** ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.શ્રીની પુણ્ય નિશ્રામાં તપોવનના શ્રી શાંતિનાથ જિનાલયની છઠ્ઠી સાલગીરીની ઉજવણી ભવ્ય થઈ. પૂજા-સાધર્મિકવાત્સલ્ય તેમજ પ્રભુજીને લાખેણી અંગરચના થયેલ. નવસારી-કાલીયાવાડી-બારડોલી વગેરે આજુબાજુના ગામોથી તથા મુંબઈ-સુરત-અમદાવાદ વગેરે ગામોથી સારી સંખ્યામાં ભાવિકો આવેલ તપોવનના બાળકોએ ભવ્ય સ્નાત્ર ભણાવેલ. પૂ. આચાર્યદેવશ્રીને મગજમાં બ્લડ સપ્લાય ઓછો થવાના કારણે નોર્મલ પેરાલીસીસનો જમણા પગે હુમલો થયેલ પણ તાત્કાલિક નવસારીના ડૉક્ટર અશોકભાઈ જે. શાહની તાત્કાલિક સેવા ઉપલબ્ધ થઈ. સ્વતંત્ર ઊભા રહેવાની, સ્વતંત્ર ચાલવાની તેમજ ઉઠ-બેસ કરવાની શક્તિ બંધ થયેલ હતી. દવા વગેરે ઉપચારોથી વધુ નુકસાન થતું અટકી ગયું. થોડા દિવસ ઉપચાર બાદ ડૉક્ટરોના અભિપ્રાયથી સી.ટી. સ્કેનિંગ વગેરે કરાવવા સુરત પધાર્યા. નાનપુરા સંઘની આગ્રહભરી વિનંતી તેમજ તે અંગેનું મશીન વગેરે નજીક હોવાથી પૂજ્યશ્રી સુસ્વાગત નાનપુરા-અઠવાગેટ જૈન ઉપાશ્રયે પધાર્યા. સ્કેનિંગના રીપોર્ટમાં પણ મગજની નસ ડેમેજ થયાનું કહે છે. હાર્ટ વગેરેમાં કોઈ તકલીફ નવી ઊભી થઈ નથી. દવા અને યોગ્ય માલીસ કરવાથી સારું થઈ જશે એમ સુરતના ડૉક્ટરોનું કહેવું થયું છે. પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય સારું જલદી થાય તેવી શાસનદેવને પ્રાર્થના.

● **જામનગર :** પ.પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજય મ. તથા જોશીલા પ્રવચનકાર પૂ. મુનિશ્રી મહાબોધિવિજયજી આદિ ઠા. અમદાવાદથી વિહાર કરી સુરેન્દ્રનગર પધારતા વિશ્વશાંતિ નિમિત્તે આયંબિલ ૨૫૦ જાહેર પ્રવચન થયું. વાંકાનેર થઈ જામનગર કામદાર કોલોનીમાં સ્વાગત સહિત પ્રવેશ - પ્રવચનો સુંદર થયા. ઓસવાલ કોલોની સંઘની આગ્રહભરી વિનંતીથી પધારતા જાહેર પ્રવચન તેમજ કુમારપાળ રાજાની આરતી વગેરેમાં સંઘે સારો લાભ લીધો. જામનગરથી આરાધના ધામની રથયાત્રા ગોઠવાતાં પ્રથમ દિવસે જ ૮૦૦ ભાવિકો જોડાયા.

જૈન જૈનેતરો રથયાત્રાનું સ્વાગત તેમજ પ્રવચનમાં જોડાયા. ૧૦ દિવસમાં ૨૪ ગામોમાં રથયાત્રાનું સ્વાગત તેમજ શાસનપ્રભાવના થયેલ.

● **વડોદરા :** ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞા અને આશીર્વાદપૂર્વક વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મહારાજ સાહેબને પંન્યાસપદ અર્પણનો સમારોહ નિજામપુરા જૈન સંઘના ઉપક્રમે વડોદરા ખાતે સિદ્ધાંતદિવાકર પૂ. આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પ્રવચનકાર આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુનીત નિશ્રામાં માગશર સુદ-૬ સોમવાર તા. ૩૦-૧૧-૯૨ ના રોજ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઈ ગયો.

મૂળ વડોદરાના નિવાસી બહુશ્રુત અને બહુસુજ્ઞ મુનિશ્રી જયસુંદરવિજયજી મહારાજનો આ પ્રસંગ વડોદરાના આંગણે ઉજવવાનો અવસર પ્રાપ્ત થવાથી એમના સંસારી કુટુંબીજનો શ્રીસંઘ અને સમગ્ર યુવાવર્ગમાં ઉલ્લાસ અને ઉત્સાહ વ્યાપી ગયો હતો. અને આ પ્રસંગે પરમાત્મભક્તિ, જીવદયા અને અનુકંપાના અનેકવિધ કાર્યો અને કાર્યક્રમોનું આયોજન કરી સફળ બનાવ્યો હતો.

મુંબઈ સહિત મહારાષ્ટ્ર, ગુજરાત ઈત્યાદિ જૈન સંઘના અગ્રણીઓની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી.

● **અમદાવાદ (વાસણા) :** તપસ્વી પ.પૂ.આ.શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં સકલાગમરહસ્યવેદી આચાર્યદેવશ્રી વિજય દાનસૂરીશ્વરજી મ.ની સ્વર્ગારોહણતિથિ પ્રસંગે વ્યાખ્યાનમાં સ્વ. પૂ. આચાર્યદેવશ્રીના જીવન વિશે ગુણાનુવાદ થયેલ. બપોરે પંચકલ્યાણક પૂજા તેમજ પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૨૧,તા.૨૭-૨-૧૯૯૩

● **બાર્શી** (મહારાષ્ટ્ર) : લગભગ ૭૫ વર્ષ પ્રાચીન જિનાલયનો મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનને હલાવ્યા વગર સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરાવીને અહીંના સંઘે સુંદર નયનરમ્ય શિખરબંધી દેરાસર નિર્માણ કરેલું છે. એમાં શ્રી વિમલનાથ ભગવાન આદિ જિનબિંબોનો અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પોષ વદ-૧૩થી મહા સુદ સાતમ સુધી ભવ્ય રીતે ઉજવાયો. વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ પૂ.આ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદ ને અનુજ્ઞાથી એઓશ્રીના પ્રશિષ્યરત્ન શ્રી સૂરિમન્ત્ર પંચપ્રસ્થાન આરાધક પૂ.આ. શ્રીમદ્ વિજય જયશેખર



સૂ.મ.સા.ની પાવન નિશ્રામાં ઉજવાયેલા આ મહોત્સવમાં ભાવુકોએ તન, મન ને ધનથી જે ઉદારતાપૂર્વક લાભ લીધો તથા વહેલી સવારના પ્રભાતીયાથી માંડીને રાત્રે ભાવના સુધીના દરેક કાર્યક્રમોમાં ભરચક હાજરી હોવા છતાં કોઈની કોઈ જ પ્રકારની ફરીયાદ નહીં... વગેરે જોઈને મુંબઈ, બેંગ્લોર વગેરે શહેરોથી આવેલા સેંકડો શ્રાવકોના મુખમાં પણ આ ઉદ્ગાર હતા કે "જબરદસ્ત ઉછળતા ભાવોલ્લાસ અને આવી વ્યવસ્થાવાળી અંજનશલાકા તો જવલ્લે જ જોવા મળે." મહા સુદ પાચમના દીક્ષાકલ્યાણકનો વરઘોડો ભવ્યાતિભવ્ય રહ્યો અને મહા સુદ છઠ્ઠના ખૂબ જ આનંદ-ઉછરંગ ને ઉમંગ ભરેલા વાતાવરણમાં પ્રતિષ્ઠા થઈ. પૂજ્યપાદ આચાર્ય મહારાજ થોડા દિવસ બાદ અહીંથી વિહાર કરી પૂના તરફ પધારશે. તળેગાંવ સ્ટેશન પર તેઓશ્રીની નિશ્રામાં વૈશાખ સુદ છઠ્ઠના અંજનશલાકા-પ્રતિષ્ઠાની જય બોલાવવામાં આવી છે.

● **વાસણા-અમદાવાદ :** અત્રેના નૂતન જિનાલયમાં પ્રભુજીનો પ્રવેશ તથા તપસ્વી મુનિશ્રી કનકસુંદરવિજયજી મ.ની પંન્યાસપદવી તપોનિધિ પૂ.આ.શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. તથા તપસ્વી પ.પૂ.આ. શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ખૂબ ઉલ્લાસપૂર્વક થઈ. ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની શિબિરોના પ્રવચનશ્રવણથી વૈરાગી બનેલ ૨૧ વર્ષની ઉંમરે વિ.સં. ૨૦૨૫ મહા સુદ-૯ એ પોતાના વતન બોટાદ (સૌરાષ્ટ્ર)માં દીક્ષા લીધી. પૂ. ગુરુદેવોની કૃપાથીવૃદ્ધ સાધુ ભગવંતોની વૈયાવચ્ચ સાથે ૮-૯-૧૪-૧૭-૩૩ ઉપવાસો સાથે વીસસ્થાનકતપ. સળંગ ૫૦૫ આયંબિલ - હાલ વર્ધમાન તપની ૯૭મી ઓળી ચાલુ છે. સંસ્કૃત-પ્રાકૃત-ન્યાય આગમ આદિ ગ્રંથોનો અભ્યાસ કરેલ. ઘણા ગામોમાં જૈન પાઠશાળાઓની સ્થાપના-શિબિરના આયોજનો દ્વારા હજારો બાળ-યુવાનોને સુસંસ્કારી બનાવ્યા છે. તેમના શિષ્ય મુનિશ્રી પદ્માનંદ વિ.મ.ને ૭૩ વર્ષની ઉંમરે પણ ૮૪ મી ઓળી ચાલુ છે. અત્રે અંજનશલાકા-પ્રતિષ્ઠા વૈ.સુદ ૫-૬ ના થવાનું નક્કી થયેલ છે.

● **પાલીતાણા :** સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય સૂત્રધાર સુવિશાળ ગચ્છાધિપતિ સ્વર્ગીય ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સંસારી કુટુંબી ભાઈઓ પિંડવાડા નિવાસી ગુરુભક્ત સંઘવી જયચંદજી ભભુતમલજી, સંઘવી શ્રી બાબુલાલજી ચુનીલાલજી અને સંઘવી જુહારમલજી ભભુતમલજી સાદરિયા પરિવારે પાલીતાણા તળેટી રોડ ઉપર પૂજ્યશ્રીની પાવન સ્મૃતિભક્તિ નિમિત્તે **'શ્રી પિંડવાડા પ્રેમસૂરિ વિહાર'** યાત્રિકભવન અને તેમાં આરસનું ભવ્ય ગુરુમંદિરનું

નિર્માણ કરાવ્યું છે.

જેમાં આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની દેહપ્રમાણ ગુરુમૂર્તિ ભરાવીને એની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૪૯ મહા સુદ-૬ ના દિવસે શ્રી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવપૂર્વક પૂજ્યશ્રીના પરમકૃપાપાત્ર વર્ધમાન-તપોનિધિ સકલસંઘહિતચિંતક ગચ્છાધિપતિ આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની શુભ આજ્ઞા અને આશીર્વાદથી તેઓશ્રીના પ્રશિષ્યરત્ન આચાર્યશ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.ના શુભ હસ્તે થઈ.

મહા સુદ-૫ના દિવસે પૂજ્યશ્રીની ગુરુમૂર્તિની ભવ્યાતિભવ્ય રથયાત્રા પાલીતાણાના જાહેર માર્ગમાં નીકળેલી. જેમાં બાલીભવનનો વરઘોડો પણ સમ્મીલીત થવાથી સોનામાં સુગંધ જેવું વાતાવરણ સર્જાયું હતું. રથયાત્રા અને પ્રતિષ્ઠા પ્રસંગે પાલીતાણા બિરાજમાન અનેક પૂ. આચાર્ય ભગવંતો તથા મુનિભગવંતો અને સાધ્વીજી ભગવંતો સારી સંખ્યામાં પધારતા શાસનની ભવ્ય પ્રભાવના લોકોના મોઢે ગવાતી હતી. ધન્ય છે ગુરુભક્ત સાદરિયા પરિવારને !

• **મુંબઈ-કોટ :** અત્રેના શ્રી શાંતિનાથ જિનમંદિરની ૧૮૫મી સાલગીરી તથા પૂ. મુનિશ્રી જયતિલકવિજયજી મ. અને પૂ. તપસ્વી મુનિશ્રી કીર્તિરત્નવિજયજી મ.ની પંન્યાસપદવી નિમિત્તે શ્રી શાંતિસ્નાત્રસહિત આઠ દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ પૂ.આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિજી મ., પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિજી મ. તથા પૂ.પં.શ્રી વિમલસેનવિજયજી મ. આદિ ઠા. ૫૩ની નિશ્રામાં સુંદર ઉજવાયો. આ પ્રસંગે ૩૧ છોડનું ઉદ્યાપન-રંગોળી પ્રદર્શન તેમજ ૪૫ આગમનો ભવ્ય વરઘોડો નીકળેલ. આ પ્રસંગે પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી આદિ ઠા. ૪૦ પધારેલ.

• **મુંબઈ-મલાડ ઈસ્ટ :** પ્રવક્તા પ.પૂ.પં. શ્રી હેમરત્નવિજયજી મ.ના સંસારી ભાણેજ (જિજ્ઞેશ) પિન્ટુની ભાગવતી દીક્ષા અત્રે હીરસૂરિ તપગચ્છ જૈન સંઘમાં ભવ્ય રીતે થઈ. અષ્ટપ્રકારી પૂજાનો ભવ્ય કાર્યક્રમ તેમજ વરસીદાનનો વરઘોડો. સન્માન-સમારંભ-સ્વામિવાત્સલ્યાદિ સારી રીતે થયા. દીક્ષાર્થીનું નામ મુનિશ્રી મોક્ષેશરત્નવિજયજી રાખી પંન્યાસજીના શિષ્ય તરીકે જાહેર કરાયા.

• **સુરત :** ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સુરત પધાર્યા બાદ તેઓશ્રીના મગજ-હાર્ટ વગેરેના સ્કેનીંગ ફોટા વગેરે કરાવવામાં આવ્યા બાદ મુંબઈ અંધેરી ઈસ્ટના શ્રી જીતુભાઈ સંઘવી તથા મલાડના કે.સી.શાહે રીપોર્ટ વગેરે મુંબઈના ડૉ. સિંઘલને બતાવ્યા અને ડૉ. સિંઘલને અત્રે



લાવવામાં આવ્યા. સાથે સાથે નવસારીના સેવાભાવી ડૉ. અશોક જે. શાહ, અત્રેના ડૉ. ભૂતરા, ડૉ. સી.કે. વોરા વગેરેએ આવી પૂજ્યશ્રીને તપાસ્યા અને ડીસકસ કરી ટ્રીટમેન્ટ શરૂ કરવામાં આવી, તેનાથી સારો ફાયદો થતો આવે છે. પૂજ્યશ્રી હવે જાતે ઉઠ-બેસ કરી શકે છે. ચાલવામાં પણ ધીમે ધીમે પ્રયત્ન ચાલુ કર્યા બાદ મકાનમાં ચાર પાંચ વખત રાઉન્ડ લગાવવામાં આવે છે. સાથે સાથે પૂજ્યશ્રીના લોહીનું જાડુ-પાતળું કેટલું છે તે અંગે ૧૦-૧૨ દિવસ લોહીની તપાસ કરીને ગોળી-દવાનું માપ નક્કી કરનાર છે. તે નક્કી થયા બાદ ડૉક્ટરની સલાહ મુજબ અમદાવાદ તરફ વિહાર કરવા સંભવ છે. અત્રે નાનપુરામાં પંન્યાસ શ્રી રત્નસુંદરવિજયજી ગણિવર મ.ના પ્રવચનો સુંદર ચાલી રહ્યા છે. સંઘ પૂજ્યશ્રીની સેવામાં તત્પર છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૨૨,તા.૬-૩-૧૯૯૩

• **સિરોડી :** પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિજી મ.ની નિશ્રામાં સુમેરપુરમાં જીરાવલા-પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા મહા સુદ-૬ ના ખૂબ ધામધૂમથી થઈ. ભગવાન બિરાજમાન થતા ભગવાનના મુખમાંથી અમીઝરણા થયેલ. સૌને જોઈને પ્રભુ પ્રત્યે ભાવનામાં વૃદ્ધિ થઈ. સુમેરપુરથી વિહાર કરી ખીવાંદી પધારેલ. ત્યાં ૧૭-૧૮ વર્ષથી મતભેદ પડેલ તે પૂજ્યશ્રીની સમજાવટથી સંઘમાં આનંદ પ્રસરતા પૂજ્ય આચાર્યદેવશ્રીની નિશ્રામાં વૈ.સુ. ૬ ના પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય થયો. બાદ સિરોડી કુ. વીણાકુમારીની ભાગવતી દીક્ષા સંપન્ન થઈ. ચૈત્રીઓળી બાલદાતીર્થમાં થશે.

• **સુરતથી અમદાવાદ તરફ વિહાર :** ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીની તબિયતમાં દિનપ્રતિદિન સુધારો સારો થતો આવી રહ્યો છે. લોહીને પાતળું કરવાનો કોર્સ પૂર્ણ થતાં ડૉક્ટરોની અમદાવાદ તરફ જવાની મંજૂરી થતા પૂજ્યશ્રી નાનપુરાથી ગોપીપુરા-ૐકારસૂરિ આરાધના ભવન પધાર્યા. ત્યાં ત્રણ દિવસ સ્થિરતા કરી ફા.સુ. ૫ ના અમદાવાદ તરફ વિહાર કરેલ છે. તા. ૩ ના ભરૂચ અને તા. ૭-૮ પાલેજ પહોંચવા વકી છે.

• **મુંબઈ-મુલુંડ :** મુમુક્ષુ રોહિતકુમાર રામજીભાઈની ભાગવતી દીક્ષા સિદ્ધાંત દિવાકર પૂ.આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિજી મ. આદિની નિશ્રામાં ભવ્ય રીતે થઈ. સંઘમાં અનેરો ઉત્સાહ હતો, દરેકને એમ લાગતું કે અમારે પોતાને આંગણે ઉત્સવ છે. વરસીદાનનો

વરઘોડો ૨ કિ.મી. લાંબો હતો. હજારોએ દીક્ષાર્થીને વરસીદાન દેતા નિહાળ્યા. દીક્ષાર્થીનું નામ મુનિશ્રી રત્નબોધિવિજયજી રાખી પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિજી મ.ના શિષ્ય જાહેર કરાયા. સાધર્મિક વાત્સલ્યમાં ૨૦ થી ૨૨ હજારની મેદની હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૨૪,તા.૨૦-૩-૧૯૯૩

• **અહમદનગર** : સ્વ. તપસ્વીરત્ન પૂ. આચાર્યશ્રી ત્રિલોચનસૂરીશ્વરજી મ.ની ૧૪ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શાંતિસ્નાત્રાદિ પંચાહ્નિકા મહોત્સવ પૂ.આ.શ્રી ધનેશ્વરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં સુંદર ઉજવાયો. પુ.મુનિરાજશ્રી શિવાનંદવિજયજી મહારાજે સ્વ. આચાર્યદેવશ્રીના પવિત્ર જીવન અંગે સુંદર બ્યાન આપેલ.

• **રહીમતપુર** : અત્રે પ્રતિષ્ઠા મહોત્સવ પૂ.પં.શ્રી જગવલ્લભવિજયજી મ. આદિની નિશ્રામાં સુંદર ઉજવાયો. ત્યાંથી પૂજ્યશ્રી પુંસેસાવલી પધારતા ગૃહમંદિરની પ્રેરણા કરતા સંઘે પ્રેરણા ઝીલી લેતા સુરતથી પ્રભુજીને લાવી ભવ્ય પ્રવેશ થતાં ગ્રામપંચાયતે પ્રભુજીનું મંદિર બનાવવા માટે જમીન ભેટ કરી. વીટા પ્રતિષ્ઠા મહોત્સવ થયો. ત્યારબાદ ઓળીની આરાધના કુંભોજગીરીમાં એઓશ્રીની નિશ્રામાં થશે. પૂ. મુનિવર શ્રી કીર્તિદર્શનવિજયજી મ.શ્રી આદિએ પણ સાથે રહી શાસન-ધર્મપ્રભાવનામાં વૃદ્ધિ કરી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૨૫,તા.૨૭-૩-૧૯૯૩

• **વડોદરા** : ગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.થી આદિ સુરત ગોપીપુરાથી વિહાર શરૂ કર્યો. અનેક ભાવિકો પૂજ્યશ્રીના સ્વમુખે મંગલિક સાંભળવા આતુર હતા. પાણીગેટ આગળ હિતશિક્ષા ને પ્રથમ માંગલિક સંભળાવ્યા બાદ ભાવિકો આગળ ને આગળ પૂજ્યશ્રીની સાથે વિહારમાં ચાલ્યા. ચોકમાં ફરી બીજી વાર મંગલિક સંભળાવી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરે દર્શનાદિ કરી અમરોલી પધાર્યા. ત્યાંથી સાયણ પધારતા પ્રવચન થયું. ત્યાંથી કોસંબામાં નૂતન ઉપાશ્રયે પૂજ્યશ્રીને પધરાવી પ્રવચન સાંભળ્યું. અંકલેશ્વર થઈ ભરૂચ પધારતા શ્રી સંઘે કબીરાપુરાથી સામૈયું ચડ્યું. પૂ.આ.શ્રી રાજયશસૂરિજી મ. આદિ પૂજ્યશ્રીને



લેવા પધારેલ. સામૈયું ઉતર્યા બાદ પૂજ્યશ્રીએ પ્રવચન આપતા સંઘ ગદ્ગદ થઈ ગયેલ. ત્યાંથી વિહાર કરી પૂજ્યશ્રી પાલેજ-કરજત સુસ્વાગત પધાર્યા. કરજતમાં શાસનપ્રભાવક પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.નાં પ્રવચન જૈન વાડીમાં સુંદર થયા. મુંબઈથી ખાસ પૂજ્યશ્રીને વંદનાર્થે અને તબીયતની શાતા પૂછવા પૂ.પં.શ્રી વિમલસેન-વિજયજી મ. તથા નૂતન પં.શ્રી જયતિલકવિજયજી મ. આદિઠાણા ૫ ઉગ્ર વિહાર કરી પોર મુકામે ભેગા થયેલ. વડોદરા-માંજલપુર પધારતા પ્રવચન તેમજ સુરેશભાઈ વસંતલાલ કલકત્તાવાળા તરફથી સંઘપૂજનાદિ થયા. ત્યાંથી અરોટામાં બાબુભાઈ અરોવાળાના ત્યાં ગૃહમંદિરના દર્શન આદિ કરી મંગલિક પ્રવચન થયું.

શ્રી વર્ધમાન સંસ્કૃતિવૃંદ, શ્રુતોપાસકગણ તથા શ્રી અલકાપુરી જૈન સંઘના ઉપક્રમે જાહેર પ્રવચનશ્રેણી ન્યુ સ્ટોક એક્સચેંજના વિશાળ હોલમાં ગોઠવાઈ. પંન્યાસજીએ વિશ્વદર્શન, ભારતદર્શન વગેરે સમજાવ્યા બાદ આજની કૌટુમ્બીક પરિસ્થિતિ પર વેધક પ્રવચન બાદ આત્મદર્શન ઉપર ભાર મૂક્યો હતો. લેમેન, જેન્ટલમેન, ગ્રેટમેન અને સુપરમેન એમ ચાર વિભાગના મનુષ્યના લક્ષણ બતાવી આપણે શેમાં છીએ તેનું નિરીક્ષણ કરવા સૂચવ્યું હતું. સુપરમેન ન બનાય તો છેવટમાં ગ્રેટમેન બનવા પ્રેરણા કરી હતી. પૂજ્યશ્રી તા. ૨૩-૨૪ નડિયાદ તથા તા. ૨૮-૨૯ વાસણા પહોંચવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૨૬,તા.૩-૪-૧૯૯૩

## ૧૦૦ મી ઓળીનું પારણું

• **હસ્તગીરી** : પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.શ્રી આદિની પવિત્ર નિશ્રામાં શાંતમૂર્તિ પ.પૂ.આ.શ્રી ધનપાલસૂરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તી તપસ્વીની સાધ્વીશ્રી શુભગુણાશ્રીજી મ.ની ૧૦૦ મી વર્ધમાનતપની ઓળીનું પારણું મહોત્સવપૂર્વક ઉજવાયું. એઓશ્રીના સંસારી કુટુંબી શ્રાદ્ધરત્ન શ્રી નરોત્તમદાસ છગનલાલ મોદી રાણપુરવાળા પરિવાર તરફથી શાંતિસ્નાત્ર આદિ જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. આ પ્રસંગે પૂ. સાધ્વીશ્રી વિનિતાશ્રીજી આદિ મુંબઈથી પાલીતાણા-હસ્તગીરી પધારેલ. પૂ.મુનિશ્રી ગુણચંદ્રવિજયજી મહારાજ કે જેઓ શ્રી નરોત્તમભાઈના લઘુબંધુ પણ પોતાની નાજુક તબીયતમાં પણ હસ્તગીરી પધારતા ૨૫ મુનિરાજો અને ૪૦ સાધ્વીજી ભગવંતોની નિશ્રા પ્રાપ્ત થયેલ.

## વિવિધ જૂથો અને પક્ષો સાથે ચર્ચા કરી ગુજરાતમાં ગૌહત્યા પર ટૂંક સમયમાં પ્રતિબંધ : ચીમનભાઈ

**અમદાવાદ, ૫ એપ્રિલ, રવિવાર**

ભગવાન શ્રી મહાવીરના જન્મ કલ્યાણકની ઉજવણી નિમિત્તે આજે આંબાવાડી જૈન સંઘના શ્રી વાસુપૂજ્ય સ્વામીના દેરાસરને આંગણેથી નીકળેલી શોભાયાત્રાના આરંભે જૈન ગચ્છાધિપતિ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં તેમના શિષ્ય શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબે જણાવ્યું હતું કે, ૨૫૯૧ વર્ષ પહેલાં જેમનો જન્મ થયો હતો તે ભગવાન મહાવીર સૌના વહાલા છે. પરંતુ ભગવાન મહાવીરને તો સમસ્ત જીવસૃષ્ટિ વહાલી છે. મનથી અને વાણીથી હિંસા કરશો નહીં એવો ઉપદેશ આપનાર ભગવાન મહાવીરને વહાલી છે અહિંસા. મુખ્યપ્રધાન શ્રી ચીમનભાઈ પટેલને અનુરોધ કરતાં શ્રી ચંદ્રશેખર મહારાજે સમગ્ર ગુજરાત રાજ્યમાં ગોવંશ વધ પ્રતિબંધનો કાયદો કરી તેનો કડક અમલ કરવા માગણી કરી હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૩૩,તા.૧૨-૬-૧૯૯૩

## સ્વ. ગચ્છાધિપતિશ્રીની અનુમોદનાર્થે જિનભક્તિ મહોત્સવ સહિત અનેક કાર્યક્રમો તથા ગુણાનુવાદની ભવ્ય સભાઓ થયાના સમાચારો આવતા જાય છે. એની સવિસ્તાર માહિતી લેવાને બદલે માત્ર નોંધ લઈએ છીએ.

• મલાડ (મુંબઈ) : શ્રી હીરસૂરીશ્વરજી જગતગુરુ શ્વેતાં. મૂ. તપગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ તરફથી તા. ૧૩-૫-૯૩ થી ૨૦-૫-૯૩ સુધી ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાઈ ગયો. ગુણાનુવાદ સભા, પ્રભુજીને અંગરચનાઓ, રોશનીઓ, સંઘપૂજનો, ભાવનાઓ તથા જીવદયા અનુકંપા દાનના વિવિધ કાર્યો કરવામાં આવ્યા હતા. નૂતન ગચ્છાધિપતિ આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી જિનભદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ મુનિભગવંતો અને સાધ્વી



મહારાજોની પુનીત નિશ્રામાં ઉજવાયેલ પ્રસંગ ગૌરવવંતો બની રહ્યો હતો. સંઘ અગ્રણી શ્રી કાન્તીલાલ છગનલાલ, શ્રી હિંમતભાઈ ઈત્યાદિએ પ્રસંગને સફળ બનાવવા માટે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

• **ભારતનગર મુંબઈ** : સ્વ. પૂજ્યશ્રીની પ્રથમ માસિક પુણ્યતિથિ પ્રસંગે શ્રી ભારતનગર શ્વેતાં. મૂર્તિ. જૈન સંઘે મુંબઈ સમાચાર દૈનિકમાં સંપૂર્ણ એક પાનાની શ્રદ્ધાંજલિઓ આપી લાખો વાચકો સુધી પૂજયશ્રીના સંયમ જીવનની સુવાસ પ્રસરાવી હતી.

• **ડોંબીવલી** : પ્રખર પ્રવચનકાર પં.શ્રી હેમરત્નવિજયજી ગણિની પુનીત નિશ્રામાં સ્વ.શ્રીની સંયમ જીવનની અનુમોદનાર્થે કાર્યક્રમો યોજાયા તથા ભવ્ય ગુણાનુવાદની સભાનું આયોજન થયું હતું.

• **નવસારી** : પૂ.પં. શ્રી વિમલસેનવિજયજી ગણિ તથા ધર્મપ્રભાવક પૂ.પં. શ્રી રત્નસુંદરવિજયજી ગણિ આદિની પુનીત નિશ્રામાં શ્રી આદિનાથ શ્વે.મૂ. જૈન સંઘ નવસારી તરફથી આઠ દિવસનો પ્રભુભક્તિ મહોત્સવ, અષ્ટાપદજીની પૂજા, પૂજનો, અંગરચના, શ્રી રામભાઈ કાગનો કાર્યક્રમ તથા ગુણાનુવાદનો કાર્યક્રમ સાનંદ ઉજવાયો હતો.

• **વડોદરા** : શ્રી શ્રુતોપાસક ગણ વડોદરા દ્વારા ૧૯-૫-૯૩ના રોજ બપોરે ૨-૩૦ કલાકે એક એક સાથે એક જ સમયે વડોદરાના તમામે તમામ ૩૫ દેરાસરો ખાતે પંચકલ્યાણક પૂજાનું આયોજન કરીને સ્વ. ગચ્છાધિપતિશ્રી પ્રત્યે તમામ સંઘોએ અનુપમ ભક્તિ વ્યક્ત કરી હતી. પૂજ્યશ્રીની પ્રથમ માસિક પુણ્યતિથિની **ઉજવણી નોખી અનોખી રીતે ઉજવીને** યુવાનોને એક વિશિષ્ટ આયોજનને સાનંદ સફળતાપૂર્વક ઉજવી એમની કાર્યદક્ષતાનું અનેરું દર્શન કરાવ્યું છે. શ્રી ચંદ્રકાન્તભાઈ શાહ, શ્રી વિક્રમ શાહ, શ્રી હરીશ કાપડિયા, શ્રી રાજેશ ગાંધી, શ્રી પ્રદીપ શાહ, શ્રી યોગેશ ઘીયા અને શ્રી હસમુખ શાહનો શ્રમ અનુમોદનીય બની રહ્યો હતો.

• **મદ્રાસ** : મદ્રાસ સકળ શ્રી સંઘ તરફથી શ્રી જૈન આરાધનાભવન ખાતે ૫-૫-૯૩ થી ૧૨-૫-૯૩ સુધી ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાઈ ગયો. મદ્રાસના મુખ્ય પાંચ જિનાલયોમાં ભવ્ય અંગરચનાઓ કરવામાં આવી હતી. મહોત્સવ પરમ પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિની પુનીત નિશ્રામાં ઉજવાયો હતો.

• **કોલ્હાપુર** : શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ શાહુપુરી તરફથી તા. ૧૧-૫-૯૩ થી ૧૩-૫ સુધી પરમાત્મભક્તિ મહોત્સવ ઉજવાઈ ગયો. પરમ પૂજ્ય પં. શ્રી જગવલ્લભવિજયજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં ઉજવાયેલ પ્રસંગ

અનેક રીતે યાદગાર રહેશે. ત્રણે દિવસ સ્વ. ગચ્છાધિપતિશ્રીના ગુણાનુવાદ, અર્હદ્ મહાપૂજન, અંગરચના, પ્રભાવના, ભાવના ઇત્યાદિ કાર્યક્રમો થયા હતા.

**• સીયા (જી. દેવાસ) :** પરમ પૂજ્ય પં.શ્રી વીરરત્નવિજયજી ગણિવર્યશ્રીની પાવન નિશ્રામાં તા. ૨૫-૪-૯૩ ના રોજ ગુણાનુવાદની સભાનું આયોજન થયું હતું. શ્રી સંઘ સીયા તરફથી વિમલચંદ જૈન, કમલચંદ જૈન, પારસ જૈન, સંજય જૈને શ્રદ્ધાંજલિ આપેલ.

**• રાયપુર (મ.પ્ર.) :** પરમ પૂજ્યા સાધ્વી નિપુણાશ્રીજી મહારાજ તથા પરમ પૂજ્યા સાધ્વી મણિપ્રભાશ્રીજી મહારાજની નિશ્રામાં રાયપુર શહેર સંઘે ભવ્ય ગુણાનુવાદ સભાનું આયોજન કર્યું હતું. અનેક વક્તાઓએ પૂજ્યશ્રીના ઉપકારો અને ગુણસભર જીવનને શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રી કમલકુમાર બેગાનીએ સ્વરચિત હિંદી ગુરુગુણ ગાથાનું ગીત ગાઈને સૌની આંખો ભીંજવી દીધી હતી.

## મુંબઈ નગર ઉપનગરોમાં ચોતરફ ગુણાનુવાદની સભાઓ અને મહોત્સવો

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આપણી વચ્ચે નથી એમ દિલ માનવા તૈયાર નથી. સતત હરપળ આશ્રિતોના સંયમ પાલનની તકેદારી રાખનાર ગુરુદેવ ગુણરૂપી સૂક્ષ્મ દેહ વડે સાથે જ છે. આ અનુભૂતિને જીવંત બનાવવા ગુરુદેવશ્રીના ગુણોના ઉત્કીર્તન સ્વરૂપ ગુણાનુવાદની સભાઓ થઈ રહ્યાના સમાચારો આવતા જ જાય છે.

મુંબઈ નગર અને ઉપનગરોમાં ઠેર ઠેર ગુણાનુવાદ સભા, મહોત્સવોનાં આયોજનો થયા છે. થઈ રહ્યા છે.

ચૈત્ર વદ-૧૪ ના રોજ બોરીવલી જામલીગલીના ઉપાશ્રયે,
વૈશાખ સુદ-૨ બોરીવલી મંડપેશ્વર રોડ,
વૈશાખ સુદ-૧૦ મલાડ (ઇસ્ટ) ઉપાશ્રયે અને મુલુંડ,
વૈશાખ સુદ-૧૧ ઈર્લા અંધેરી ઉપાશ્રય,
વૈશાખ સુદ-૧૪ પાર્લા (ઇસ્ટ) ઉપાશ્રય,
વૈશાખ સુદ-૧૪ ગોરેગામ (જવાહરનગર)
વૈશાખ વદ-૫ મલાડ (વેસ્ટ) ઉપાશ્રયે,
વૈશાખ વદ-૩૦ શાંતાક્રુઝ ઉપાશ્રયે,
જેઠ સુદ-૨ દાદર જ્ઞાનમંદિર અને આરાધના ભુવન
જેઠ સુદ-૧૦ ચંદનબાળા ઉપાશ્રય,



જેઠ સુદ-૫ ડોંબીવલી ઉપાશ્રય.

ઉપરોક્ત ભિન્ન ભિન્ન સ્થળોએ ઉજવાયેલ મહોત્સવો અને ગુણાનુવાદની સભાઓમાં ગચ્છાધિપતિ આચાર્ય જયઘોષસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ પૂજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજ, પૂ.પં. શ્રી જયસુંદરવિજયજી મહારાજ સા., પૂજ્ય પં. શ્રી હેમરત્નવિજયજી મહારાજ સાહેબ, પૂજ્ય મુનિશ્રી ભદ્રેશ્વરવિજયજી મહારાજ, પૂજ્ય મુનિશ્રી કલ્પરત્નવિજયજી મહારાજ, પૂજ્ય મુનિશ્રી નંદીભુષણવિજયજી મહારાજ તથા અગ્રણી શ્રાવકો જુદા જુદા સમય અને સ્થળે ગુરુદેવશ્રીની સાધના આદર્શભૂત અને આલંબનભૂત બનેલી તેનું દિગ્દર્શન કરાવેલું. પરમ પૂ. પં. શ્રી જયસુંદરવિજયજી ગણિવર્યે શ્રોતાઓના દિલો દિમાગને થંભાવી દે એવી વાણીમાં ગુરુદેવશ્રીના જીવનના એક એક પાસાને ખોલતી ઘટનાઓનો ક્રમબદ્ધ ચિતાર આપ્યો હતો. ચારિત્રપાલનમાં કઠોરતા, પ્રભુભક્તિમાં કોમળતા, શાસ્ત્રાભ્યાસમાં તન્મયતા, ગુરુભક્તિમાં તત્પરતા, ક્ષણે ક્ષણ આજ્ઞાપાલનમાં અપ્રમત્તતા, યુક્ત અગણિત ગુણોનું શ્રવણ કરાવી સૌના હૈયા ભીંજવી નાખ્યા હતા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૩૬,તા.૧૦-૭-૧૯૯૩

## સિદ્ધાંત મહોદધિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના સાધુ-ભગવંતોનું વિ.સં. ૨૦૪૯ ના ચાતુર્માસનું લિસ્ટ

॥ નમો નમઃ શ્રી ગુરુ ભુવનભાનુ સૂરયે ॥

(૧) આચાર્યશ્રી હિમાંશુ સૂ.મ., આચાર્યશ્રી નરરત્ન સૂ.મ.,
પં.શ્રી કુલચન્દ્ર વિ.મ., બુદ્ધિસાગર સૂરિ આરાધનાભવન,
નવકાર ફલેટ પાસે, વાસણા, **અમદાવાદ**-૩૮૦૦૦૭.

(૨) આચાર્યશ્રી ધનપાલ સૂ.મ., પં.શ્રી ચતુર વિ.મ.
પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર, કાર સ્ટ્રીટ, **બેલરી**-૫૮૩૧૦૧ (કર્ણાટક)

(૩) ગચ્છાધિપતિ આચાર્યશ્રી જયઘોષ સૂ.મ., પં.શ્રી જયસુંદર વિ.મ.
હીરસૂરિ જૈન ઉપાશ્રય, દેના બેંક પાસે, દફતરી રોડ, મલાડ (ઇસ્ટ), **મુંબઈ**.

(૪) આચાર્યશ્રી ભદ્રગુપ્ત સૂ.મ., આદિનાથ જૈન દેરાસર-ઉપાશ્રય,
મેઈન રોડ, **સેલવાસ.** વાયા-વાપી, દાદરાનગર હવેલી-૩૯૬૨૩૦.

(૫) આચાર્યશ્રી રાજેન્દ્ર સૂ.મ., શ્રી કુંથુનાથ જૈન દેરાસર,
એન્ડુઝ રોડ, શાંતાક્રુઝ વેસ્ટ, **મુંબઈ**-૪૦૦૦૮૦.

(૬) આચાર્યશ્રી હેમચંદ્ર સૂ.મ.,
શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), **મુંબઈ.**

(૭) આચાર્યશ્રી જીતેન્દ્ર સૂ.મ., શ્રી જૈન શ્વે. મંદિર,
મહાવીર બજાર, **વિજયનગર**-૩૦૫૬૨૪.

(૮) આચાર્યશ્રી જયશેખર સૂ.મ., જૈન ઉપાશ્રય,
૮૬, જવાહરનગર, ગોરેગાંવ (વેસ્ટ) **મુંબઈ**-૪૦૦૦૬૨.

(૯) આચાર્યશ્રી જગત્ચન્દ્ર સૂ.મ., જૈન દેરાસર ઉપાશ્રય,
રીસાલા બજાર, **નવાડીસા**-૩૮૫૫૩૫ જિ. બનાસકાંઠા.

(૧૦) આચાર્યશ્રી ગુણરત્ન સૂ.મ., જૈન શ્વે. મૂ. સંઘ,
જૈન ઉપાશ્રય, **જાલોર** (રાજસ્થાન)

(૧૧) આચાર્યશ્રી ધનેશ્વર સૂ.મ., શ્રી ઋષભ સંભવ જૈન પેઢી,
કાપડ બજાર, **અહમદનગર.**

(૧૨) ઉપાધ્યાય શ્રી યશોભદ્ર વિ.મ., પં.શ્રી ચન્દ્રશેખર વિ.મ.
શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન મંદિર, રામનગર, સાબરમતી, **અમદાવાદ.**

(૧૩) પ્રવર્તક પ્રવર શ્રી ધર્મગુપ્ત વિ.મ.
તપગચ્છ જૈન પેઢી, વાણિયાવાડ, **ભુજ** (કચ્છ)-૩૭૦૦૦૧.

(૧૪) પં.શ્રી વિમલસેન વિ.મ., મુનિશ્રી નંદીભૂષણ વિ.મ.
બાબુ અમીચંદ પનાલાલ જૈન દેરાસર,
૪૧-રીઝ રોડ, વાલકેશ્વર, તીન બત્તી, **મુંબઈ**-૪૦૦૦૦૬.

(૧૫) મુનિશ્રી નંદીઘોષ વિ.મ., પં. શ્રી કીર્તિરત્ન વિ.મ.
જીવણ અબજી જૈન ઉપાશ્રય, અરોરા સિનેમા પાસે, માટુંગા, **મુંબઈ.**

(૧૬) પં.શ્રી પદ્મસેન વિ.મ., મુનિશ્રી ભુવનસુંદર વિ.મ., જૈન શ્વે.મૂ. સંઘ,
જૈન ઉપાશ્રય, કૃષ્ણનગર, નરોડા રોડ, **અમદાવાદ**-૩૮૨૩૪૫.

(૧૭) પં.શ્રી વિદ્યાનંદ વિ.મ., જૈન ઉપાશ્રય,
નિઝામપુરા, **વડોદરા**-૩૯૦૦૦૨.

(૧૮) પં.શ્રી જયતિલક વિ.મ., શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર,



નવરોજ લેન, ઘાટકોપર (વેસ્ટ), **મુંબઈ**-૪૦૦૦૮૬.

(૧૯) પં.શ્રી જયસોમ વિ.મ., આરાધના ભવન,
એસ.કે. બોલે રોડ, દાદર (વેસ્ટ), **મુંબઈ**-૪૦૦૦૨૮.

(૨૦) પં.શ્રી જગવલ્લભ વિ.મ., પાંગુલ ગલી,
શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન મંદિર, **બેલગાંવ** (કર્ણાટક).

(૨૧) મુનિશ્રી અશ્વસેન વિ.મ., પં. શ્રી વીરરત્ન વિ.મ., શ્રી જૈન શ્વે. મૂ. સંઘ,
જૈન ઉપાશ્રય, નવાવાસ, તપાગચ્છ ઉપાશ્રય, **સાંચોર**, જિ. જાલોર.

(૨૨) મુનિશ્રી જયચંદ વિ.મ., તપોવન સંસ્કારધામ
**ધારાગિરી**, કબીલપોર નવસારી (ગુજરાત)-૩૯૬૪૨૪.

(૨૩) મુનિશ્રી શીલરત્ન વિ.મ., શ્રી સંભવનાથ જૈન દેરાસર,
ટાગોરનગર, હરિયાલી વિલેજ, વિક્રોલી (ઈસ્ટ) **મુંબઈ**-૪૦૦૦૭૯.

(૨૪) મુનિશ્રી દેવસુંદર વિ.મ., પં.શ્રી રત્નસુંદર વિ.મ.
સીસોદરાવાલા આરાધના ભવન, સ્ટેશન સામે, મહાવીરનગર, **બારડોલી.**

(૨૫) પં.શ્રી હેમરત્ન વિ.મ.
૮૭, આરાધના ભવન, ખંભાલા હીલ રોડ, ગોવાળીયા ટેન્ક, **મુંબઈ.**

(૨૬) પં.શ્રી કનકસુંદર વિ.મ., શ્રી પ્રેમસૂરિ ગુરુમંદિર,
**પીંડવાડા** (રાજસ્થાન) ૩૦૭૦૨૨.

(૨૭) મુનિશ્રી વિશ્વાનંદ વિ.મ., પગથીયાનો ઉપાશ્રય,
રીલીફ રોડ, હાજા પટેલની પોળ, **અમદાવાદ.**

(૨૮) મુનિશ્રી ચન્દ્રજીત વિ.મ., શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર,
અમીઝરા ચોક, **સુરેન્દ્રનગર.**

(૨૯) મુનિશ્રી નિપુણચન્દ્ર વિ.મ., મુનિશ્રી જિનહંસ વિ.મ.
ૐકારસૂરિ આરાધના ભવન, ગોપીપુરા, સુભાષચોક, **સુરત.**

(૩૦) મુનિશ્રી રાજપાલ વિ.મ., મુનિશ્રી મહાબોધિ વિ.મ. આદિ ૩
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘ,
દેવચંદનગર, ભાયંદર (વેસ્ટ) **મુંબઈ**-૪૦૧૧૦૧.

(૩૧) મુનિશ્રી ઈન્દ્રયશ વિ.મ., શ્રી શીતલનાથ જૈન મંદિર,
તેલી ગલી, **ધુલિયા** (મહારાષ્ટ્ર)-૪૨૪૦૦૧.

(૩૨) મુનિશ્રી વરબોધિ વિ.મ.
લાવણ્યસૂરિ જ્ઞાન મંદિર, અંબાજી ચોક, **બોટાદ**-૩૬૪૭૧૦.

(૩૩) મુનિશ્રી ગુણસુંદર વિ.મ.
જૈન તપગચ્છ પેઢી, નાની બજાર, **ધાંગ્રધા**-૩૬૩૩૧૦.

(૩૪) મુનિશ્રી મુક્તિદર્શન વિ.મ.
કરમચંદ જૈન પૌષધશાળા, ૧૦૬, એસ.વી. રોડ, ઈર્લા બ્રીજ, **મુંબઈ.**

(૩૫) મુનિશ્રી દિવ્યરત્ન વિ.મ., મુનિશ્રી અજીતશેખર વિ.મ.
જૈન શ્વે. મંદિર, સોમવાર પેઠ, **બાર્શી**-૪૧૩૪૦૧ જિ. સોલાપુર.

(૩૬) મુનિશ્રી નંદીશ્વર વિ.મ., મુનિશ્રી કલ્પરત્ન વિ.મ.
અભિનંદન સ્વામી જૈન મંદિર, સાયન, **મુંબઈ.**

(૩૭) મુનિશ્રી વિશ્વકલ્યાણ વિ.મ.
શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન મંદિર, ગુરુવાર પેઠ, **પુના.**

(૩૮) મુનિશ્રી અક્ષયબોધિ વિ.મ.
અજન્ટા કમ્પાઉન્ડ, જૈન દેરાસર, **ભીવંડી**, જિ. થાણા.

(૩૯) મુનિશ્રી નેત્રાનંદ વિ.મ.
જૈન ઉપાશ્રય, સાંઈનાથ નગર, ઘાટકોપર (વેસ્ટ), **મુંબઈ.**

(૪૦) મુનિશ્રી મુક્તિવલ્લભ વિ.મ., શ્રી આદિનાથ જૈન મંદિર,
મંડપેશ્વર રોડ, બોરીવલી (વેસ્ટ), **મુંબઈ**-૪૦૦૦૯૨.

(૪૧) મુનિશ્રી મલયકીર્તિ વિ.મ.
ધુડાલાલ મગનલાલ જૈન ઉપાશ્રય, કાનજીવાડી, **નવસારી.**

(૪૨) મુનિશ્રી ધર્મબોધિ વિ.મ.
કોઠારી જૈન ઉપાશ્રય, શેઠ ફલીયા, **વલસાડ** (ગુજરાત).

(૪૩) મુનિશ્રી સંયમબોધિ વિ.મ.
શ્રી દેવકરણ મૂલજી જૈન દેરાસર, આનંદ રોડ, મલાડ (વેસ્ટ), **મુંબઈ.**

(૪૪) પં. પદ્મસેન વિ.મ., મુનિશ્રી યશોભૂષણ વિ.મ.
જૈન શ્વે. મંદિર ઉપાશ્રય, નવરંગપુરા, **અમદાવાદ.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૩૬,તા.૧૦-૭-૧૯૯૩

● **મલાડ ઈસ્ટ-મુંબઈ :** હીરસૂરીશ્વરજી જૈન સંઘ ટ્રસ્ટની આ વર્ષના ચાતુર્માસાર્થે સ્વ. પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ને વારંવારની અમારી વિનંતીથી અમારા સંઘ ઉપર ઉપકાર કરી પોતાના પટ્ટાલંકાર આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.ને ચાતુર્માસાર્થે મોકલવાની અનુમતિ આપી હતી તેથી સંઘ આનંદવિભોર થયો હતો. પૂ. આચાર્યદેવશ્રીનો ચાતુર્માસ પ્રવેશ અ.સુ. ૮ રાખેલ છે. તેઓશ્રી અમારા સંઘ ઉપર અનુગ્રહ કરી જૈનાગમોના રહસ્યોને સવારે ૮-૧૫ થી ૮-૫૫ સુધી સરળ રીતે સમજાવશે તેમજ તર્કસમ્રાટ પં. શ્રી જયસુંદરવિજયજી મ.ના વિશિષ્ટ દેશનાશક્તિથી દરરોજ ૯ વાગે તેમજ દર રવિવારે જાહેર પ્રવચનો થશે. ચાતુર્માસ દરમિયાન આયંબિલ તપ જાપ વગેરેનું સુંદર આયોજન થયેલ છે.

● **પિંડવાડા :** સંઘહિતચિંતક પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના સુદીર્ઘ નિર્મલ સંયમજીવનની અનુમોદનાર્થે તેમજ પં. શ્રી કનકસુંદરવિજયજી મ.ની ૯૮ મી ઓળીની આરાધનાની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો. નૂતન મુનિશ્રી હિતસુંદરવિજયજીની જે.વ. ૧૦ ના વડીદીક્ષા સારી રીતે થઈ. તા. ૨૦ થી ૨૬/૬ સુધી યુવા શિબિરમાં યુવકો સારા જોડાયેલ.

● **અમદાવાદ-નવરંગપુરા : પ.પૂ.પં.શ્રી પદ્મસેન વિજયજી મ.** તથા ૯૫ મી વર્ધમાનતપ ઓળીના આરાધક તપસ્વી પૂ. મુનિશ્રી યશોભૂષણવિજયજી મ. તથા ૭૩ મી ઓળીના આરાધક તપસ્વી પૂ. મુનિશ્રી ધર્મરક્ષિતવિજયજી મ.નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૮ ના દબદબાભર્યો થયો. પૂજ્યશ્રી નવરંગપુરા-મિલનપાર્ક પધારતા બેંડવાજાના સૂરોથી આકાશ વ્યાપી ગયેલ. ત્યાં રમણલાલ જ્ઞાનચંદ તરફથી ગુરુપૂજન-સંઘપૂજનાદિ થયેલ. ત્યાં મંગલાચરણ કરી પૂજ્યશ્રી નવરંગપુરાના રાજમાર્ગે ફરી શ્રી મુનિસુવ્રતસ્વામીના દેરાસરે પધારેલ. સામૂહિક ચૈત્યવંદન કરી શુભ મુહૂર્તે ઉપાશ્રયમાં પ્રવેશ કરેલ. બાદ મંગળ પ્રવચન પૂ. તપસ્વી યશોભૂષણ વિજયજી મહારાજે ફરમાવેલ. બાદ સંઘપૂજનો તથા સાઠાની પ્રભાવના થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૩૮,તા.૨૪-૭-૧૯૯૩

● **સાબરમતી :** પ્રવચન પ્રભાવક પૂ. પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મ. આદિના ચાતુર્માસ પ્રવેશમાં વિશાળ મેદની એકઠી થયેલ. ચિંતામણી પાર્શ્વનાથ મંદિરેથી સામૈયું રાજમાર્ગે ફરી ૯-૩૦ વાગે આયંબિલભવનના વિશાળ મંડપમાં ઉતર્યું હતું. વિશાળ મંડપ પણ નાનો પડેલ. પૂજ્યશ્રીને કામળી વહોરાવવાનો ચઢાવો સારો થયો. પ્રવેશ નિમિત્તે સમસ્ત સાબરમતી સંઘનું સ્વામિવાત્સલ્ય રાખેલ. પૂ. પંન્યાસજી મ.ને નાના મગજમાં બ્લડ સરક્યુલેશન ઓછું થવાને લીધે ડૉક્ટરોએ

થોડા દિવસ પરિશ્રમ ન લેવાનું કહેલ બાકી દવા-ઉપચાર ચાલુ હતા. આરામ લીધા બાદ અષાઢ વદ-૧૧ થી શ્રી તત્ત્વાર્થસૂત્રકારિકા ઉપર નૂતન વિશાળ મંડપમાં જોરદાર પ્રવચનો ચાલી રહ્યા છે. સંઘની વિનંતીથી પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી મ. આદિ રામનગર સંઘના જૂના ઉપાશ્રયમાં બિરાજમાન છે. ત્યાં પં. શ્રી કુલચંદ્રવિજયજી મહારાજ વહેલી સવારે પ્રવચન આપી રહ્યા છે.

● **અમદાવાદ :** શૈફાલી એપાર્ટમેન્ટમાં પૂ.આ. શ્રી ધનપાલસૂરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તી સાધ્વીશ્રી સ્વયંપ્રભાશ્રીજી આદિ ઠા. ૮ ના ચાતુર્માસથી બેનોમાં સારી ધર્મપ્રભાવના થઈ રહી છે. દર રવિવારે સામુહિક આરાધના થઈ રહી છે. અરિહંતપદની આરાધનામાં સાધ્વીશ્રી દર્શનરત્નાશ્રીજી મહારાજે અરિહંતપદનું મહત્ત્વ રોચક શૈલીથી સમજાવેલ. રોજ નિત્યનિયમો પણ અપાય છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૪૦,તા.૧૪-૮-૧૯૯૩

● **સાંતાક્રુઝ-વેસ્ટ મુંબઈ :** સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર મધુરવક્તા પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. આદિનો જેઠ વદ-૯નો ચાતુર્માસ પ્રવેશ સુખરૂપ થયો. પ્રવચન બાદ ૧૬ રૂપિયાનું સંઘપૂજન તેમજ લાડુની પ્રભાવના થઈ. પૂજ્યશ્રીની નિશ્રામાં ચાતુર્માસમાં પૌષધની આરાધના માટે નક્કી થયું. સાંકળી અઠ્ઠમ તેમજ પાંચે મહિના રાત્રિભોજન ત્યાગની પ્રેરણા ૩૦૦ આરાધકોએ ઝીલી લીધી. સાંકળી અઠ્ઠાઈની આરાધના કરનારને રૂા. ૧૦૦૮ ની પ્રભાવના નક્કી થઈ. ૯૬ જિનની આરાધના ચારે રવિવારના એકાસણા-નીવિ-આયંબિલાદિથી ૩૦૦ ભાઈબેનોએ કરી. મોક્ષદંડક તપમાં પણ ૫૫ આરાધકો જોડાયા. તપસ્વી મુનિશ્રી ધર્મયશવિજયજી મ. ને ૮૦ મી ઓળી સુખરૂપ ચાલે છે. પૂજ્યશ્રીના ચાતુર્માસથી સંઘમાં અનેરો ઉલ્લાસ પ્રગટ્યો છે.

● **બારડોલી સ્ટેશન :** જોશીલા પ્રવચનકાર પૂ.પં. શ્રી રત્નસુંદરવિજયજી મ. આદિ ચાતુર્માસ પધારતા શ્રી ધર્મરત્ન પ્રકરણ શાસ્ત્ર પર અદ્ભુત પ્રવચનો ચાલી રહ્યા છે. શનિ-રવિવારે તત્ત્વજ્ઞાન સરળ ભાષામાં સમજાવી રહ્યા છે. બારડોલી ગામથી દરરોજ બે બસો ભરી પ્રવચન સાંભળવા યુવાનો ખાસ શાસ્ત્રશ્રવણ કરવા આવે છે. રવિવારે મંડપ નાનો પડી જાય છે. શ્રી નેમનાથ ભગવાનના ૧૦૫ જેટલા અઠ્ઠમો નાના ગામમાં થયા. દરેકને ૧૫૧ રૂપિયાની પ્રભાવના થઈ. પર્યુષણ બાદના રવિવારોની શિબિર નક્કી થઈ છે.



● **વિક્રોલી ઈસ્ટ-મુંબઈ :** પૂ. મુનિરાજશ્રી શીલરત્નવિજયજી મ. આદિ ચાતુર્માસાર્થે પધારતા સંઘમાં અનેરો ઉલ્લાસ આવ્યો છે. પ્રવેશદિને ૫૧ આયંબિલ થયેલ. રવિવારના અરિહંતપદની આરાધનામાં ખીરના એકાસણાથી ૧૦૦ આરાધકોએ કરેલ.

● **પુના - મુકુંદનગર :** ચંદનબાળા એપાર્ટમેન્ટમાં સ્વ. ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિશ્રી વિશ્વકલ્યાણવિજયજી મ.ની પ્રેરણા પ્રાપ્ત થતા અત્રે સુંદર જિનગૃહમંદિરનું નિર્માણ થયેલ પૂજ્યશ્રી આદિ ઠા. ૫ નો ચાતુર્માસ પ્રવેશ શ્રી ગોડીજી પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટના આંગણે થનાર દિવસે જ શ્રી નમિનાથ ભગવાન આદિનો ગૃહમંદિર પ્રવેશ થયો. અને તે જ સમયે પ્રભુપ્રતિષ્ઠાનું મંગલ મુહૂર્ત પણ શ્રા.સુ. ૧૫ નું પ્રાપ્ત થયું. આ મંગળ પ્રસંગે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. વિધિવિધાન માટે શ્રેષ્ઠીવર્ય શ્રી ભિખુભાઈ કટારિયા પધારેલ. ચંદનબાળા એપાર્ટમેન્ટના ભાઈઓએ પ્રસંગને સારો દીપાવેલ.

● **અમદાવાદ-નવરંગપુરા : પૂ.પં. શ્રી પદ્મસેન વિજયજી મ.** આદિ ચાતુર્માસાર્થે પધારતા સંઘમાં ધર્મચક્રતપ, પાર્શ્વગણધર તપ, નેમનાથ ભગવાનના અઠ્ઠમ મોક્ષદંડકતપ સારી રીતે ચાલી રહ્યા છે. પૂ. તપસ્વી યશોભૂષણવિજયજી મ.ની પ્રેરણાથી તેમના સંસારી બેનશ્રી કાંતાબેન ચીમનલાલના નવરંગ ફ્લેટમાં નૂતન ગૃહમંદિરમાં શ્રી આદિનાથ પ્રભુજીનો પ્રવેશ ધામધૂમથી થયો. પૂ. પંન્યાસજી મહારાજ આદિ તથા શ્રી નવરંગપુરા જૈનસંઘના ટ્રસ્ટીઓ શ્રી લલીતભાઈ કોલસાવાળા, શ્રી બાબુભાઈ સકરચંદ શાહ આદિ સંઘના ભાઈ-બેનો પધારેલ. પ્રભુજીની પધરામણી બાદ સામૂહિક ચૈત્યવંદન - સંઘપૂજનાદિ થયેલ. દર રવિવારે શિબિરમાં સારી સંખ્યામાં બાળકો લાભ લઈ રહ્યા છે. પીસ્તાલીશ આગમતપની આરાધના શ્રા.વ. ૪ થી શરૂ થનાર છે.

● **ઈરોડ-તામિલનાડુ :** સ્વ.પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે તેમજ અમારા સંઘ ઉપરના અનુપમ ઉપકારની સ્મૃતિ અર્થે શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. શ્રી મનોજકુમાર હરણ પોતાની મંડળી સાથે પધારેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૪૧,તા.૨૧-૮-૧૯૯૩

● **દાદર : આરાધનાભવનમાં** તપસ્વીરત્ન પૂ.પં. શ્રી જયસોમવિજયજી મ.

આદિ ઠા. ૩ નો ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી સંઘમાં તપની રેલમછેલ ઉછળી રહી છે. પ્રવેશથી જ સાંકળી દરરોજનો અઠ્ઠમ તેમજ ૧ આયંબિલ ચાલુ છે. પરમાત્મા મહાવીરદેવના ૧૧ ગણધરતપની આરાધનામાં ૮૫ ભાઈબેનો જોડાયેલ. તેની પૂર્ણાહુતિ શ્રા.સુ. ૧૩ ના ૧૪ છોડના ઉજમણાસહિત ભક્તામરપૂજન તેમજ ૧૧ કળાઓની રચનાપૂર્વક ગણધરભગવંતના જીવનને સ્પર્શતી કથાપૂર્વક થયેલ, સૌને ઈનામો પણ સારા અપાયેલ. રવિવારીય શિબિરમાં પણ બાળકો સારો લાભ લે છે.

● **અહમદનગર :** શાંતમૂર્તિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ધનેશ્વરસૂરિજી મ.ના ચાતુર્માસથી સંઘમાં આનંદ વર્તી રહ્યો છે. પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી શિવાનંદવિજયજી મ.ની પ્રેરણાથી શત્રુંજયતીર્થના છઠ-અઠ્ઠમની આરાધના સુંદર રીતે ચાલી રહી છે. સંઘ પારણા આદિની વ્યવસ્થામાં સારો લાભ લે છે.

● **વિજયનગર - (જીલ્લા અજમેર) :** મેવાડ દેશોદ્ધારક પૂ.આ. શ્રી જિતેન્દ્રસૂરિજી મ. આદિનો અત્રે ચાતુર્માસ પ્રવેશ ઠાઠથી થયો. દરરોજ આયંબિલ તેમજ અરિહંતપદની આરાધના, મગના એકધાનના આંબેલની આરાધનામાં સારી સંખ્યા જોડાયેલ. મુનિશ્રી પદ્મભૂષણવિજયજી મ.ને ૭૭ મી વર્ધમાનતપ ઓળી, સાધ્વીશ્રી કુમુદરેખાશ્રીજી મ.ને ૫૦૦ સતત આયંબિલ ચાલી રહ્યા છે. સ્વ. વર્ધમાનતપોનિધિ પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે તથા સ્વ. પૂજ્યશ્રીની પ્રેરણાથી અજમેર નિવાસી દોલતચંદજી છાજેડ તરફથી સામૂહિક ૨૦ દિવસના એકાસણા સહિત વીસ સ્થાનકતપની આરાધના ચાલુ છે તેની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, ચિંતામણી પાર્શ્વનાથ પૂજન, શ્રી શાંતિસ્નાત્ર સહિત જિનેન્દ્રભક્તિ મહોત્સવ તા. ૧૭-૮ થી તા. ૨૧-૮ સુધી રાખવામાં આવેલ છે. પૂ. સાધ્વીશ્રી ગુણજ્ઞરેખાશ્રીજી આદિના ચાતુર્માસથી બેનોમાં પણ ઉલ્લાસ ઘણો આવેલ છે.

● **પિંડવાડા :** વર્ધમાનતપની ૯૯ મી ઓળીના આરાધક પૂ. પંન્યાસ શ્રી કનકસુંદરવિજયજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે ૩૫૦ આયંબિલ થયેલ. સ્વ.પૂ. ગુરુદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની તૃતીય માસિક તિથિએ ૩૦૦ આયંબિલ થયેલ. સાંકળી અઠ્ઠાઈ-૩ અઠ્ઠમ અને ૧૨ આયંબિલ રોજના સામૂહિક ચાલુ છે. ૬૮ દિવસનો નવકારતપ તેમજ વર્ધમાનતપના પાયામાં તેમજ યોગશુદ્ધિતપ અને કષાયજયતપની આરાધના સારી સંખ્યામાં ચાલી રહી છે. પૂજ્યશ્રીના દરરોજ સવારે તેમજ બપોરે પ્રવચન અને રવિવારીય બાળ શિબિર ચાલુ છે.

● **બેંગલોર-ચીકપેઠ :** વર્ધમાનતપોનિધિ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.ના કાળધર્મના સમાચાર મળતાં અત્રે બિરાજમાન વિદ્વદ્વર્ય પૂ.



અરૂણવિજયજી મ.શ્રી ની નિશ્રામાં ગુણાનુવાદ સભા રાખવામાં આવેલ. પૂજ્યશ્રીએ સ્વર્ગસ્થના અનેકાનેક ગુણોનું વિશદવર્ણન સાંભળતા સંઘ વિસ્મિત બન્યો. પૂ. આચાર્યદેવશ્રીના ચાતુર્માસ દરમિયાન સાક્ષાત્ ગુણોનું જે દર્શન થયેલું તેમાં અનેરો ઉલ્લાસ આવ્યો. શ્રમણસંઘ અને શાસનમાં જે કાળે અતિ જરૂર હતી તેની ખોટ પડ્યાનું ઘણું દુઃખ વ્યક્ત કરેલ. પૂ. શાંતમૂર્તિ પૂ.આ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ. આદિ ચાતુર્માસ પધારતા પ્રવેશદિને જ એઓશ્રીની નિશ્રામાં પણ સ્વ.પૂ. આચાર્યદેવશ્રીના જ્ઞાન-તપ અને ચારિત્રની અદ્ભુત વિશેષતાઓનું વર્ણન કરેલ.

● **મુંબઈ-સાયન :** નૂતનગચ્છાધિપતિ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.ના આશીર્વાદથી પૂ. મુનિરાજશ્રી નંદીશ્વરવિજયજી મ. તથા વ્યાખ્યાનકાર પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ. અત્રે ચાતુર્માસ પધારતાં સંઘમાં અનેરો ઉત્સાહ વધ્યો છે. સંઘમાં પ્રથમવાર શ્રી મહાવિદેહક્ષેત્રની ભાવયાત્રાનો કાર્યક્રમ રાખતા સંઘનો ભાવોલ્લાસ વધી ગયો. ભરતક્ષેત્ર-પુષ્કલાવતી વિજય - અને સાક્ષાત્ વિચરતા શ્રી સીમંધર ભગવાન પાસે આપણે પહોંચી ગયા છીએ અને વંદનાદિ કરી રહ્યા છીએ એનું આબેહૂબ દર્શન પોતાની મધુરી ભાષામાં કરાવેલ. જીવનમાં એક અમૂલ્ય લાભ મળ્યાનો સંઘને સંભારણું બની ગયું. પૂજ્યશ્રીના દૈનિક પ્રવચનોમાં દિનપ્રતિદિન શ્રોતાની સંખ્યા વધી રહી છે.

● **ભુજ :** (કચ્છ) પ્રવર્તકપ્રવર પૂ. ધર્મગુપ્તવિજયજી મ. આદિ ચાતુર્માસ પધારતા સંઘમાં આરાધના સુંદર ચાલી રહી છે. અઓશ્રીની નિશ્રામાં સ્વ.પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની ચતુર્થ માસિક તિથિ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા શાંતિસ્નાત્ર સહિત દશાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. જયંત શાહ શિહોરવાલાએ રોજ નવી નવી પ્રભુની અંગરચના કરેલ. રવિવારે ૪૫ આગમનો ભવ્ય વરઘોડો નીકળતા પાટણનું પ્રસિદ્ધ રાજકમલ બેન્ડ પાર્ટીએ લોકોનું આકર્ષણ જમાવેલ. રાત્રે કુમારપાળ રાજાની સમૂહ આરતીનું ભવ્ય આયોજન થયેલ. શ્રા.વ. ૪ ના કચ્છ વાગડદેશોદ્ધારક પૂ.આ. શ્રી કનકસૂરીશ્વરજી મ.ના ગુણાનુવાદ તથા ૫૬ દિક્કુમારી સહિત ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયેલ.

● **બેલગામ :** પં.શ્રી જગવલ્લભવિજયજી મ. આદિ ચાતુર્માસ પધારતાં શ્રી ધર્મચક્રતપની આરાધનામાં ૧૭૫ આરાધકો જોડાયેલ. તપસ્વીઓને સવારના બેસણા સામુદાયિક થઈ રહ્યા છે. મુનિશ્રી દર્શનવલ્લભવિજયજી મ.ના મરાઠી ભાષાના રવિવારે પ્રવચનોમાં જૈન-જૈનેતરો સારી સંખ્યામાં લાભ લે છે. મુનિશ્રી ચારિત્રવલ્લભવિજયજી મ.ને ધર્મચક્રવાલતપ (૧૨૩) દિવસનો ચાલી રહ્યો છે.

● **બેંગલોર : આદિનાથ શ્વે.મૂ. સંઘ-ચીકપેઠ સંઘમાં** પૂ. આચાર્યદેવશ્રી

હેમપ્રભસૂરીશ્વરજી મ.શ્રી ની નિશ્રામાં સ્વ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના ૫૮ વર્ષના નિર્મલ સંયમ જીવનની અનુમોદનાર્થે ચતુર્થમાસિક પુણ્યતિથિના ઉપલક્ષમાં શ્રી ભક્તામરપૂજન સહિત નવ દિવસનો મહોત્સવ સુંદર ઉજવાયો. પત્રિકામાં ઉપકારની સ્મૃતિ કરતા જણાવ્યું હતું કે અમારા સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકારી કુંભોજગિરિથી છ'રી' પાળતા સંઘ સાથે દક્ષિણમાં પધાર્યા અને બેંગલોર ચાતુર્માસ કર્યું ને આપશ્રીની નિશ્રામાં શાસન પ્રભાવક કાર્ય થયા. તેમજ હમારા પાઠશાળાની આદર્શ વિદ્યાર્થીની અને સંઘની ગૌરવરૂપ કુમારી ચંદ્રકાંતાબેનની ઐતિહાસિક દીક્ષાનો મહોત્સવ આપની નિશ્રામાં થયો તેમજ અનેક યુવાનોના રાહબરી બન્યા હતા... સાથે સાથે એઓશ્રીના જીવન અંગે જણાવ્યું હતું કે વર્ધમાનતપની ૧૦૦ ઓળીના આરાધક મહાતપસ્વી, સૂરિ પ્રેમના અનન્ય કૃપાપાત્ર વિદ્વાન મહાજ્ઞાની, ૨૦૦ ત્યાગી તપસ્વી વિદ્વાન વક્તા મુનિઓના પ્રિયગુરુ, ૧૯-૧૯ કલાક સુધી જ્ઞાનધ્યાનની મસ્તીમાં મસ્ત મહાયોગી, દિવ્યદર્શન દ્વારા વૈરાગ્યની રસધારા વહાવનાર મહાવૈરાગી, પોતાના પ્રત્યે કઠોર અને અન્યો પ્રત્યે વાત્સલ્ય વરસાવતા વારિધિ, કલાકો સુધી પરમાત્મભક્તિમાં મસ્ત બની ધૂન મચાવતા અનન્ય પરમાત્મપ્રેમી એવા ભુવનભાનુસૂરિ મ.ના ચરણે વંદન જણાવ્યા હતા. દેરાસરના વિશાળ કંપાઉન્ડમાં શ્રી લબ્ધિસૂરિ સંગીતમંડળ દ્વારા **'ભક્તિકી એક શાન ગુરુ ભુવનભાનુ કે નામ'** સંગીતથી યુક્ત વિશેષ કાર્યક્રમ ભવ્ય થયો.

● **મલાડ :** શ્રી હીરસૂરિ જગદ્‌ગુરુ જૈન શ્વે.મૂ. સંઘ ઉપાશ્રયમાં ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ચાતુર્માસિક આરાધના સુંદર ચાલી રહી છે. પૂજ્યશ્રીના પ્રવચનમાં રોજ - નવું નવું જાણવા મળતું જાય છે. ઉપરાંત જૈનાચાર અને જૈનશાસન વિશે ફેલાયેલી ગેરસમજોને દૂર કરવા માટે અને શુદ્ધ સમજને કેળવવા માટે શ્રોતાવર્ગના આગ્રહથી ત્રણ રવિવારીય તત્ત્વબોધ પ્રવચન શ્રેણીનો કાર્યક્રમ ગોઠવાયો છે. એમાં **'વિશિષ્ટ જૈનાચાર'** એ વિષય પર પૂ. આચાર્યદેવશ્રી તથા **"જૈનશાસનના મહત્ત્વના સ્તંભો"** એ વિષય પર પૂજ્ય પંન્યાસશ્રી જયસુંદરવિજયજી મ. તા. ૧૫-૮, તા. ૨૨-૮ અને તા. ૨૯-૮ ના બપોરે ૧-૩૦ થી ૪-૩૦ સુધી પ્રવચન આપશે. સંઘ તરફથી પ્રવચન શ્રેણીમાં પધારનારની સાધર્મિક ભક્તિ કરવામાં આવનાર છે.

● **બેંગલોર-ગાંધીનગર :** અત્રે પૂ.આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.ની ૩૨ મી પુણ્યતિથિ તથા વર્ધમાન તપોનિધિ પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ૫૮ વર્ષના સંયમ જીવનની અનુમોદનાર્થે આચાર્યદેવશ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં કલ્યાણમંદિર મહાપૂજન સહિત ઉત્સવ તથા અહિંસા દિવસ ભવ્યતાથી ઉજવાયો.





● **ગોરેગામ-જવાહરનગર :** સંઘના આંગણે શ્રી સૂરિમંત્ર પંચપ્રસ્થાન આરાધક પૂ.આ.શ્રી જયશેખરસૂરીશ્વરજી મ. આદિ ચાતુર્માસ પધારતા સંઘમાં સાંકળી અઠ્ઠમ, ધર્મચક્રતપ, શાંતસુધારસ ગ્રંથ તથા શ્રી ભીમસેન ચરિત્ર પરના રોચક પ્રવચનો તથા શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ૬૦૦ અઠ્ઠમો તથા ધાર્મિક રવિવારીય શિબિરો ચાલુ છે. સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની ચતુર્થ સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે તેમજ મુનિશ્રી સંયમશેખરવિજયજી મ. ૩૧ ઉપવાસની આરાધના નિમિત્તે પંચાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો.

● **બાર્શી :** તપસ્વી મુનિશ્રી દિવ્યરત્નવિજયજી મ. તથા પ્રવક્તા પૂ. મુનિશ્રી અજીતશેખરવિજયજી મ. આદિની નિશ્રામાં અમારા સંઘના મહાન ઉપકારી કે જેઓશ્રી નિશ્રા પ્રેરણા અને માર્ગદર્શન પામીને કેટલાંય વર્ષોથી દેવદ્રવ્યની અવ્યવસ્થાના દોષથી મુક્ત થઈ અમને ઋણમુક્ત કર્યા એવા આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.ના સંયમ જીવનના ગુણાનુવાદની સભા રાખવામાં આવેલ. પૂ. તપસ્વી મ.ની ૯૩મી ઓળીની પૂર્ણાહુતિ તેમજ સામુદાયિક અઠ્ઠમના પારણા, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ સુંદર થયેલ.

● **ભાઈંદર-વેસ્ટ :** અત્રે દેવચંદનગર જૈન સંઘમાં તપોનિધિ સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની ચતુર્થમાસિક તિથિ તેમજ એઓશ્રીના શિષ્યરત્ન સમતાસાગર પૂ.પં. શ્રી પદ્મવિજયજી મ.ની ૩૧ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ચાતુર્માસ પધારેલ પૂ.મુનિશ્રી રાજપાલવિજયજી મ. તથા પ્રવચનકાર મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.શ્રીની નિશ્રામાં ગુરુગુણાનુવાદ કાર્યક્રમ રાખેલ હતો. મલાડના બાળકલાકાર શ્રી નિમિષભાઈએ કોકિલ કંઠે ગુરુગુણગીત રજૂ કર્યા બાદ પાઠશાળાના નાના બાળકોના મુખેથી ગુરુગુણ સંવાદ તેમજ પૂજ્યશ્રી સ્વર્ગસ્થ આચાર્યદેવશ્રીના જીવનના સુંદર પ્રસંગો પોતાની જોશીલી શૈલીમાં રજૂ કરેલ. બપોરે સમગ્ર ભાયંદરની પાઠશાળાના ૧૦૦૦ થી વધુ બાળકો વિવિધ વેશભૂષામાં સજ્જ થઈ શાસનવંદના કરેલ. ગહુંલી સ્પર્ધા તેમજ સમસ્ત દેરાસરોમાં પ્રભુજીને ભવ્ય અંગરચના કરવામાં આવેલ.

● **બલ્લારી :** પૂ.આ.શ્રી ધનપાલસૂરીશ્વરજી મ.શ્રી તથા પં.શ્રી ચતુરવિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસની આરાધના, સાંકળી અઠ્ઠમ, સિદ્ધિતપ, ધર્મચક્રતપ વગેરે આરાધના સુંદર થઈ રહી છે. વર્ધમાન તપોનિધિ સ્વ.પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની સંયમ અનુમોદનાર્થે તેમજ નમસ્કાર મહામંત્રના અખંડ જાપની આરાધનાર્થે પાર્શ્વ પદ્માવતીપૂજન ભવ્ય વરઘોડો આદિ થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૪૩,તા.૪-૯-૧૯૯૩

**• મુલુંડ (મુંબઈ) :** પરમ પૂજ્ય આ.શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની પુનીત નિશ્રામાં પ.પૂ.સ્વ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની ચતુર્થ માસિક તિથિની ભવ્ય ઉજવણી થઈ...

પ્રારંભમાં સુપ્રસિદ્ધ સંગીતકાર અશોક ગેમાવતના સૂરીલા સંગીત સાથે ગુરુભક્તિ ગીતો ગવાયા બાદ પ્રસિદ્ધ વક્તા હરીભાઈ કોઠારીનું પ્રવચન... પૂ.મુનિશ્રી કલ્યાણબોધિ વિ.મ.નું પ્રવચન - વચ્ચે વચ્ચે ગીતો ને અંતે પૂજ્ય આચાર્ય ભગવંતનું હૃદયદ્રાવક પ્રવચન થયું. જીવદયાની ટીપ માટે સુંદર આયોજન થયું. ૯ થી ૧૨-૩૦ સુંદર કાર્યક્રમ થયો. વાતાવરણ સ્વ. આચાર્યભગવંતમય થઈ ગયું હતું...

**• મુંબઈ-ગોવાલીયા ટેંક :** જૈન સંઘના આંગણે પં. શ્રી હેમરત્નવિજયજી મ. આદિ ચાતુર્માસ બિરાજમાન છે. તેઓશ્રીની નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અટ્ઠમતપની આરાધનામાં નાના બાળકોથી મોટી ઉંમરના ભાગ્યવાનો ૧૧૦૦ની સંખ્યામાં જોડાયા, યુવા ઉત્કર્ષ શિબિરમાં ૨૫૦૦ શિબિરાર્થીઓ જોડાયા. જગ્યાના અભાવે અનેકોને પાછા જવું પડ્યું હતું. પૂજ્યશ્રીએ જિનશાસનની ભવ્યતાના, જૈનોની ખુમારીના દર્શન કરાવીને સહુના હૈયા ભીંજવી દીધા હતા. મોટી સંખ્યામાં બિલકુલ નવા યુવાનો જોડાયા હોવાથી પ્રવચનના એક વિષયમાં ખમાસમણ-ગુરુવંદન-ચૈત્યવંદન-કાઉસ્સગ્ગ આદિનો પ્રેક્ટિકલ એક કલાક રાખેલ. બીજા પ્રવચનમાં વર્તમાન સળગતા પ્રશ્નો,- ટી.વી., વ્યસનો, હિંસાચાર, ગર્ભપાત-કુટુંબકલેશ, બાળસંસ્કરણ લેવામાં આવતા. ૨-૩૦ થી ૪ જૈન મહાભારત પાત્રાલેખન લેવામાં આવતું. શ્રી સંઘનો ઉત્સાહ આસમાને ચઢ્યો હતો. જન્માષ્ટમનીના દિવસે તીનબત્તી વાલકેશ્વર દેરાસર ચૈત્યયાત્રામાં ૩૦૦૦ યુવકો જોડાયેલ. મુંબઈનગર-મહાપાલિકા દ્વારા રોજ ૪૦૦ કૂતરાને ઈલેક્ટ્રીક શોક આપતા હત્યાકાંડને રોકવા એક વિશાળ મોરચો કાઢી કેબિનેટ મંત્રીને મેમોરંડમ આપ્યું હતું. 'ચાલો જિનાલયે જઈએ'ની ૭મી ૮મી આવૃત્તિ પુસ્તકના આધારે તા. ૧૭-૧૦-૯૩ના ઓપનબુક એક્ઝામ રાખેલ છે. નવ લાખ નવકાર મહામંત્રની આરાધનામાં ૧૫૦૦ આરાધકો જોડાયેલ. શિશુશિબિરમાં ૧૦૦૦ બાળકો લાભ લઈ રહ્યા છે.

**• અમદાવાદ-નવરંગપુરા :** પૂં. પંન્યાસ શ્રી પદ્મસેન વિજયજી મ. આદિની નિશ્રામાં બાળકોની રવિવારીય શિબિર સંસ્કરણનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. એમાં આ રવિવારે ભગવાનનું પૂજન, સત્કાર, સન્માન કેવી રીતે અને કયા કયા શ્રેષ્ઠ દ્રવ્યોથી કરાય તેનું બાળકોએ પોતે જ પોતાના ઘરેથી લાવેલી ચીજોથી કરી બતાવેલું.



ભવ્ય અંગરચના જોવા માટે લાઈનમાં ઊભું રહેવું પડેલ. સકલ સંઘમાં બાળકોની આ પ્રગતિ જોઈ આનંદ વ્યાપી ગયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૧,અંક-૪૪,તા.૧૮-૯-૧૯૯૩

**• મલાડ ઈસ્ટ :** હીરસૂરિ તપગચ્છ ઉપાશ્રયમાં ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ. આદિ પધારેલ ત્યારથી સંઘમાં ઉલ્લાસ વધતો ચાલ્યો છે. પૂજ્યશ્રીની નિશ્રામાં સકલ મલાડ દેવકરણમૂળજીની વાડી સંઘના ઉપક્રમે અટ્ઠમતપની આરાધનામાં ૬૦૦ આરાધકો જોડાયેલ. અખંડ નવકારજાપ-તીર્થંકર જ્ઞાનતપ-મોક્ષદંડક તપ આદિની આરાધના ચાલુ છે.

**• પુના :** શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજયજી મ. આદિના ચાતુર્માસમાં અનેરો રંગ જામ્યો છે. સંસ્કાર શિબિરોના આયોજનથી ભાવિ પેઢીમાં જાગૃતિનું વાતાવરણ નિર્માણ થયું છે. પુનામાં પ્રથમવાર થતી શ્રી શત્રુંજયતપની આરાધનામાં ૨૫૦ આરાધકો જોડાયા. પૂ. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજા કૃત **સ્યાદ્વાદ રહસ્ય** નામના ગ્રંથ પર અભ્યાસુઓના સુગમતા માટે મુનિશ્રીના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજે સંસ્કૃત ટીકા અને હિંદી વિવેચન કરેલ છે તે ગ્રંથના ભાગ ૧ નું વિમોચન બેંગલોરવાલા શ્રી રતનલાલજી હિરણવાળાના હસ્તે થયેલ. તેમજ સ્વ. પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની ચતુર્થમાસિક તિથિ નિમિત્તે ભક્તામરપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો.

**• બારડોલી :** તપ ત્યાગ અને જ્ઞાનના ત્રિવેણી સંગમ સમા પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે સ્વજીવન દરમિયાન શિબિરોના પ્રભાવશાળી માધ્યમથી હજારો નવયુવકોના જીવનમાં જિનશાસનની પ્રતિષ્ઠા કરીને એક યુગનું નિર્માણ કર્યું છે. અમારા શ્રી સંઘ ઉપરના પણ એમના ઋણ અને ઉપકારોની સ્મૃતિ નિમિત્તે શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવનું ત્રણ દિવસ આયોજન કરેલ. એમાં ભા.સુદ-૧૩ ના રવિવારે શાંતાબેન દેવચંદ સીસોદરાવાળા તરફથી ભવ્ય સ્નાત્ર મહોત્સવના આયોજનમાં મુંબઈ મલાડથી શ્રી ધર્મેન્દ્રભાઈ શાહની મંડળીએ ભક્તિરસની રમઝટ મચાવેલ. પૂ.પં. શ્રી રત્નસુંદરવિજયજી મ. અવસરોચિત સ્નાત્રપૂજાના રહસ્ય સમજાવેલ. બાદ સકળ સંઘનું સ્વામિવાત્સલ્ય થયેલ.

**• અમદાવાદ :** શ્રી સંવેગી જૈન ઉપાશ્રય-(પગથીયાનો ઉપાશ્રય) સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. મુનિરાજશ્રી વિશ્વાનંદવિજયજી મ.શ્રી આદિની નિશ્રામાં

આરાધના સુંદર ચાલે છે. પાઠશાળાના બાળકો અતિચાર સૂત્ર સુધી સારી પ્રગતિ કરી રહ્યા છે. દર રવિવારે શિબિરમાં તેમજ પ્રતિક્રમણમાં સારી સંખ્યામાં બાળકો લાભ લે છે.

● **ભીવંડી :** ઓસવાલ ઉપાશ્રયે પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ. આદિ ચાતુર્માસ પધારતા સંઘમાં અનેરો ઉલ્લાસ આવ્યો છે. પ્રથમ દિવસે જ ચાતુર્માસિક સાંકળી અઠ્ઠાઈની પ્રેરણા થતા બધી અઠ્ઠાઈઓ તુરત નોંધાઈ હતી. શ્રી સીમંધરસ્વામીના અઠ્ઠમમાં ૫૦૦ આરાધકો જોડાયેલ. એમાં ૧૫ વરસથી નાના ૩૦ બાળકોએ અઠ્ઠમ કરેલ. સૌથી નાના ૩ બાળકોનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવેલ. સંઘમાં ધર્મચક્રતપ, સિદ્ધિતપ, મોક્ષદંડકતપ વગેરેની આરાધના સુંદર ચાલી રહી છે.

● **મુલુન્ડ (મુંબઈ) :** વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ.શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. ચાતુર્માસ પધારતા સંઘમાં અનેરી આરાધનાઓ ચાલી રહી છે. ૧૦૦૦ ઉપરાંત અઠ્ઠમ તપની આરાધના થઈ. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની ચતુર્થમાસિક તિથિ નિમિત્તે તેમજ પૂ.પં. શ્રી પદ્મવિજયજી મ.ની તિથિની આરાધના પ્રસંગે ગુણાનુવાદ સભામાં પૂ. આચાર્ય ભગવંતના ગુણોનું અદ્‌ભુત રસપાન કરાવેલ. સાથે સાથે સંગીતકાર અશોકભાઈ ગેમાવતે ગુરુવર્યના જીવનને જ્વલંત કરતા ભાવવાહી ગીતો ગાયેલ. પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ.

● **વલસાડ :** પ.પૂ. મુનિરાજશ્રી ધર્મબોધિવિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ આરાધના, ધર્મચક્રતપ, અઠ્ઠમ વગેરે સુંદર ચાલી રહી છે. રવિવારના અષ્ટપ્રકારી મહાપૂજાનો સામુદાયિક કાર્યક્રમ સુંદર થયો. તે પ્રસંગે પરમ ઉપકારી પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીની આબેહૂબ રંગોળી રચના કરેલ. તેનો સૌએ દર્શન કરી કૃતજ્ઞતા બજાવેલ. રાત્રે સામૂહિક કુમારપાળ મહારાજાની આરતીનો કાર્યક્રમ થયો.

● **મુંબઈ-તીનબત્તી વાલકેશ્વર :** જૈન ઉપાશ્રયમાં તપસ્વી પ.પૂ.પં.શ્રી વિમલસેનવિજયજી મ. શ્રીની નિશ્રામાં પાંચ રવિવારીય આરાધના ભક્તિ મહોત્સવ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની સંયમ અનુમોદનાર્થે ચાલુ હતો એમાં તા. ૧/૮ પ્રથમ રવિવારે ૯૬ જિનની આરાધના તથા મગના આંબેલ તા. ૮/૮ ના નંદીશ્વરદ્વીપ ભાવયાત્રા સાથે દીપક એકાસણા, સિદ્ધચક્રપૂજન, સામૂહિક આરતી, તા. ૧૫/૮ ના અષ્ટાપદજીની પૂજાના કાર્યક્રમમાં પ્રવક્તા મુનિશ્રી નંદીભૂષણવિજયજી મહારાજે પૂજાના રહસ્યો સમજાવતાં પૂજા ૪।। કલાક સુધી સૌ સાંભળતાં રહ્યા જ. તા. ૨૨/૮ ના પંચનમસ્કાર પૂજન ખૂબ ઠાઠથી ભણાવ્યું તેમજ છેલ્લો રવિવાર તા. ૨૯/૮ ના સામુહિક અષ્ટપ્રકારી પૂજાના કાર્યક્રમ માટે ચેંબુરથી



૨૦ વિહરમાન ભગવંતના પ્રતિમાજી લાવેલા, જેથી મોટી સંખ્યામાં સારી રીતે અષ્ટપ્રકારી પૂજામાં સૌને લાભ મળે. વર્ધમાન જૈન સેવા મંડળે સારી ગોઠવણ કરેલી. પૂજ્યશ્રીએ વચમાં વચમાં નવાંગીતિલક, અષ્ટપ્રકારી પૂજાના રહસ્ય તેમજ જિનમંદિરની વિધિ વગેરે સમજાવેલ. સંઘે સારો લાભ લીધો. પૂ. મુનિરાજશ્રી સૂર્યોદયવિજયજી મ.ના દરરોજ શ્રી સુપાર્શ્વનાથ જૈન દેરાસર સંઘના ઉપાશ્રયમાં સુંદર પ્રવચનો ચાલી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૧,તા.૨૫-૯-૧૯૯૩

● **મલાડ ઈસ્ટ :-** હીરસૂરી તપાગચ્છ ઉપાશ્રયમાં સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ આદિ ચાતુર્માસ પધાર્યા છે. પૂજ્યશ્રીના તાત્ત્વિક પ્રવચનોએ સંઘમાં અનેરૂ આકર્ષણ ઊભું થયું છે. જૈનશાસનના ઉત્સર્ગ અને અપવાદમાર્ગની જાણકારી પ્રાપ્ત થતા નિત્યધર્મમાં વધુ દઢ બનવાની જાગૃતિ મળી. તેમાં ય ત્રણ રવિવારીય તત્ત્વાવબોધ પ્રવચનશ્રેણીમાં ૧૦૦૦ થી ૧૨૦૦ ભાવિકો "જૈનાચાર" વિષય ઉપરના પ્રવચનો તેમજ પૂ. પંન્યાસ શ્રી જયસુંદરવિજયજી મ. ના 'જૈન શાસનના મહત્ત્વના આધારસ્થંભ' વિષય પરના પ્રવચનોના લાભ લેતા હતા. પ્રવચન બાદ શ્રી સંઘ તરફથી સાધર્મિકભક્તિ કરવામાં આવતી. પર્યુષણા મહાપર્વની આરાધના વિશેષમાં આઠે ય દિવસ શ્રી શ્રેયાંસનાથ સ્નાત્રમંડળના યુવકો દ્વારા પ્રભુજીને ભવ્ય અંગરચના તેમજ જન્મવાંચન દિવસે મીની મહાપૂજા જ ન હોય એવી ભવ્ય આંગી થતા ભાવિકોને દર્શન માટે લાઈનમાં ઊભું રહેવું પડતું. દેવદ્રવ્યની પણ ઉછામણીઓ સારી થવા પામેલ. નાના ૮ થી ૧૦ વર્ષના બાળકોએ અઠ્ઠાઈ તપની આરાધના કરેલ.

● **અમદાવાદ-નવરંગપુરા :- પૂ. પં. શ્રી પદ્મસેન વિજયજી** મ. આદિની નિશ્રામાં પર્યુષણા મહાપર્વ રૂડી રીતે થયાં. વિશેષમાં સંઘમાં સાધર્મિકવાત્સલ્યની કાયમી યોજના થતા પાંચ લાખ જેવી રકમ નોંધાયેલ તેમજ ઉપાશ્રયના મોટા દરવાજા મુકાવવાની યોજના પૂર્ણ થઈ. દેવદ્રવ્યની ઉપજ દર વર્ષો કરતા ચારગુણી થયેલ છે. મેમનગરમાં પૂ. મુનિ શ્રી ધર્મરક્ષિતવિજયજી મ. જન્મવાંચન તથા બારસાસૂત્ર વાંચન પ્રસંગે પધારતાં સંઘમાં દેવદ્રવ્યાદિની ઉપજ સારી થયેલ. પૂ. મુનિ શ્રી યશોભૂષણવિજયજી મ. સંવત્સરી પ્રતિક્રમણ શરૂ થતાં પહેલા પ્રતિક્રમણના હાર્દને સમજાવતાં લોકોનો ઉલ્લાસ અનેરો થયો. ૮ થી ૯ વર્ષના ૪ બાળકોએ અઠ્ઠાઈ તેમજ ધર્મચક્રતપ અને પીસ્તાલીશ આગમતપ તેમજ ૧૬-૧૧-૧૦-૮

ક્ષીરસમુદ્ર વગેરે તપશ્ચર્યા સુંદર થઈ. આયંબીલખાતા અંગે પણ પૂર્વેની ખોટ પૂર્ણ કરી કાયમી તિથિઓ નોંધાયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૩,તા.૯-૧૦-૧૯૯૩

● **બેલ્લારી :-** શાંતમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય ધનપાલસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પર્યુષણા પર્વ રૂડી રીતે ઉજવાયા. મોક્ષદંડક તપમાં ૪૦ આરાધકો તેમજ ૨૫ અઠ્ઠાઈ સિદ્ધિતપ-ક્ષીરસમુદ્ર પચરંગી તપ, નમસ્કાર મહામંત્રના અખંડ જાપમાં ૧૨૫ આરાધકોએ સુંદર આરાધના કરી.

● **સાયન-મુંબઈ :-** પૂ. મુનિરાજ શ્રી નંદીશ્વરવિજયજી મ. તથા મુનિ શ્રી કલ્પરત્નવિજયજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણા તેમજ મેરુમંદિર તપમાં ૩૪, નિગોદનિવારણ તપ-ધર્મચક્ર-અક્ષયનિધિતપ તેમજ ૨૦-૧૬-૧૦-૯-૬૦ અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યા સારી થઈ.

● **મુલુંડ-મુંબઈ :-** પૂ. આચાર્યદેવ શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. શ્રીની દેશનાથી તપશ્ચર્યાનું પ્રચંડ મોજું આવેલ. જેમાં ૭૦ આરાધકોએ માસખમણની તપશ્ચર્યા કરેલ. સંઘમાં ૧૬ ઉપર ઉપ. /૨૦, ૧૫/૨, ૧૧/૩, ૧૦/૧૦, ૯/૨૭, ૮/૧૦૦૮ તેમજ ૨૫ ખીરસમુદ્રના તપસ્વી હતા. સુશ્રાવક માવજીભાઈ આસુભાઈ કેનીયાએ રોજ ૧-૧ ઉપવાસનું પચ્ચકખાણ કરી ૯૨ ઉપવાસની અંતિમ આરાધના કરેલ. ૯૨ દિવસ સુધી સ્વસ્થતાપૂર્વક નિર્યામણા ઉપયોગપૂર્વક સાંભળતા. ધન્ય તપસ્વી !

● પર્યુષણાના છેલ્લા ચાર દિવસ માછીમારોની જાળો બંધ રખાવી લાખો માછલાઓને અભયદાન અપાયું. દરેક તપસ્વીઓનું વિશિષ્ટ બહુમાન કરાયું. નવકારમંત્રનો અખંડ જાપ શ્રી સીમંધર ભગવાન સમક્ષ બે માસથી ચાલુ છે. મુનિ શ્રી કલ્યાણબોધિવિજય મ.ની ૭૩મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયું.

● **બાર્શી :-** તપસ્વી પ. પૂ. મુનિ શ્રી દિવ્યરત્નવિજયજી મ. તથા પ્રવચનકાર મુનિ શ્રી અજિતશેખરવિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં પર્યુષણાપર્વમાં શ્રેણીતપ-૨ તેમજ સિદ્ધિતપ ૫૧ આરાધકોએ કરેલ. ૧૭-૧૬-૧૧ અઠ્ઠાઈ ક્ષીરસમુદ્ર વગેરે તપશ્ચર્યા સુંદર થઈ તેમજ આસો સુદ ૧૨ થી શા.મોહનલાલ જસરાજજી માંડોત તરફથી ઉપધાનતપની આરાધના થનાર છે. પર્યુષણાપર્વની આરાધના નિમિત્તે



૧૦૮ પાર્શ્વનાથપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૪,તા.૧૬-૧૦-૧૯૯૩

● **વિક્રોલી :-** પૂ. મુનિ શ્રી શીલરત્નવિજયજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણપર્વમાં તપસ્યાદિ સુંદર થયા. પ્રશ્નપત્રોમાં પણ સંઘના ભાઈબેનોએ સારો લાભ લીધેલ. સ્વ. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ૫૮ વર્ષના દીર્ઘ સંયમપર્યાયની અનુમોદનાર્થે તેમજ અમારા સંઘ મંદિરના પ્રતિમાજીઓ અંજનશલાકા એઓશ્રીના વરદ હસ્તે થઈ હતી તેની કૃતજ્ઞતારૂપ શ્રી સિદ્ધચક્રપૂજનાદિ સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો.

● **જાલોર :-** યુવક જાગૃતિપ્રેરક પૂ. આ શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ. શ્રી આદિ ઠા. ૧૯ ચાતુર્માસ પધાર્યા ત્યારથી સંઘમાં શત્રુંજય ભાવયાત્રા તપ ક્રોધકષાય જપ, તપ, દીપક એકાસણા-અઠ્ઠમ-પચરંગી તપ, મોક્ષદંડક તપ આદિ અનેક તપશ્ચર્યા થઈ. પર્યુષણા પર્વમાં પણ સિદ્ધિતપ, ૧૬-૯-૮ શ્રેણીતપ, ધર્મચક્રતપ સારી સંખ્યામાં થયા. કા. વ. ૧૦ થી માલગાંવથી છ'રી પાળતો પાલીતાણાનો સંઘનું આયોજન પૂજ્યશ્રી નિશ્રામાં નક્કી થયું છે.

● **માટુંગા :-** શાંતમૂર્તિ પૂ. મુનિરાજ શ્રી નંદીઘોષવિજયજી મ. શ્રીની નિશ્રામાં ચાતુર્માસ આરાધના તેમજ પર્યુષણા પર્વ રૂડી રીતે થયા. દેવદ્રવ્યાદિની ઉપજ પણ સુંદર થઈ. પૂ. પં. શ્રી કીર્તિરત્નવિજયજી મ. શ્રીને અઠ્ઠમતપની આરાધના સારી ચાલે છે. અષ્ટાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવવાનું નક્કી થયેલ છે.

● **નવાડીસા :-** પ. પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી આદિની નિશ્રામાં પર્યુષણા પર્વ સુંદર ઉજવાયા. જુનાડીસા, રાજપુર તથા નેમીનાથ સોસાયટીમાં સાધુઓને મોકલવાથી આરાધના બધે સારી થઈ. શિશુશિબિરમાં ૪૫૦ બાળકો લાભ લઈ રહ્યા છે. ત્રણ દિવસની ચૈત્યપરિપાટીમાં રાજપુર પધારેલ ત્યાં નવી પાંજરાપોળ શરૂ કરેલ છે, જ્યાં ખોડા ઢોર તથા કતલખાને જતા ઢોરોને બચાવી લગભગ ૬૫૦ ઢોરોની સુંદર કાળજી લેવાઈ રહી છે. શ્રી રમણભાઈ વડેચાએ પાંજરાપોળની રૂપરેખા આપ્યા બાદ પૂજ્યશ્રીએ માંગલીક સંભળાવી પ્રેરણા કરતાં સારું ફંડ થયેલ.

● **દાદર** (મુંબઈ) :- આરાધના ભવનમાં પૂ. પં. શ્રી જયસોમવિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં પર્યુષણા પર્વમાં માસખમણ-૨, સિદ્ધિતપ, ૧૬-૧૧-૧૦

અઠ્ઠાઈઓ થઈ. ગણધરતપમાં ૮૦ આરાધકો જોડાયેલ. સવાલાખ નવકારમંત્ર બોલીને ૨૦૦ આરાધકોએ જાપ કરેલ.

• **ધ્રાંગધ્રા** :- પ. પૂ. મુનિ શ્રી ગુણસુંદરવિજયજી મ. આદિ ઠા. ૩ની નિશ્રામાં પર્યુષણા પર્વમાં ૨ સમવસરણતપ, સિદ્ધિતપ, ચોસઠપહોરી પૌષધ વગેરે તેમજ દર રવિવારે પરીક્ષાપેપરો, શત્રુંજય ભાવયાત્રાદિ સારા થયા. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી દર્શનસાગરજી મ. તથા ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના દીર્ઘ સંયમી જીવનની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્રપૂજન પંચાહ્નિકા મહોત્સવ ઉત્સાહપૂર્વક થયો.

• **ધુલીયા** :- પૂ. મુનિરાજ શ્રી ઈન્દ્રયશવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી ભદ્રયશવિજયજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણા પર્વમાં સિદ્ધિતપ-અક્ષયનિધિતપ, વર્ધમાનતપ પાયા, અઠ્ઠાઈ આદિ સારી સંખ્યામાં થયા. શનિ-રવિએ બાળકોની શિબિર સુંદર ચાલી રહી છે. એક સાડા ત્રણ વર્ષની બાળકીએ છઠ્ઠ કરતા સંઘ તરફથી રૂા. ૧૪૦૦ થી બહુમાન કર્યું.

• **મુંબઈ-સાંતાક્રુઝ** :- શાંતમૂર્તિ પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણા પર્વમાં માસખમણ-૨, ૧૬-૧૫-૧૧-૯-૮ વગેરે તપશ્ચર્યા તેમજ નિગોદાયુનિવારણ તપમાં ૭૫ આરાધકો હતા. ભુકંપ રાહત માટે ૨ લાખ. ૬૫ હજારની ટીપ થઈ. મુનિશ્રી ધર્મયશવિજયજી મ. ને ૮૦મી વર્ધમાનતપ ઓળી સુખરૂપ પૂર્ણ થઈ.

• **ભીંવડી :- હાલારી ઉપાશ્રયમાં** પૂ. મુનિ શ્રી અક્ષયબોધિવિજયજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણામાં ૬૦૦ અઠ્ઠાઈમાં ૩૦ બાળકોએ અઠ્ઠાઈ કરેલ. ૫ માસખમણ, અષ્ટપ્રકારી પૂજાની ઉછામણી તેમજ જીવદયા આદિની ટીપ સારી થયેલ. થાણા-મુલુંડ તેમજ સમગ્ર ભીવંડીની ચૈત્યપરિપાટી ભવ્ય નીકળેલ. પર્યુષણા પર્વ તેમજ સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે નવાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો. ભા. વદ ૯ના સ્વ. આચાર્યદેવશ્રીના ગુણાનુવાદ સાંભળતા સૌ ગદ્‌ગદ થઈ ગયેલ.

• **અમદાવાદ** :- કાળુશીની પોળ જૈન સંઘના ઉપક્રમે સકલસંઘહિતચિંતક ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. કે સંસારીપણે અમારા પોળના જ તેમજ અમારી પોળના શ્રી અજિતનાથ ભગવાનના દેરાસરનો તેમજ ઉપાશ્રયના જિર્ણોદ્ધાર જેમની પ્રેરણાથી થયો તે આચાર્ય ભગવંતની ૬ઠ્ઠી માસિક તિથિ નિમિત્તે શ્રી ભક્તામરપૂજન, શાંતિસ્નાત્રાદિ સહિત શ્રી અષ્ટાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો.



• **મુંબઈ-સાયન** :- પૂ. મુનિ શ્રી નંદીશ્વરવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી કલ્પરત્નવિજયજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણા પર્વમાં ૩૫ મેરુમંદિરતપ આદિ સારા થયા. સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. શ્રીની ૬ઠ્ઠી માસિક તિથિ નિમિત્તે શ્રી પરમાત્મભક્તિ સહિત પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

• **સાચોર** :- પં. શ્રી અશ્વસેનવિજયજી મ.શ્રીની નિશ્રામાં પર્યુષણામાં ૪ માસખમણ-અઠ્ઠાઈઓ વગેરે તપશ્ચર્યા સારી થઈ.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૫,તા.૩૦-૧૦-૧૯૯૩

• **વિજયવાડા** :- પ. પૂ. મુનિરાજ શ્રી કીર્તિરત્નવિજયજી મ. શ્રી આદિ ચાતુર્માસ પધારતા સંઘમાં સાંકળી અઠ્ઠમ, નિગોદ આયુ નિવારણતપ-ધર્મચક્રતપ, શ્રેણીતપ, અઠ્ઠાઈઓ આદિ તપશ્ચર્યા સુંદર થઈ. વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ૫૮ વર્ષના સંયમ-જીવનની તેમજ અમારા સંઘ ઉપર એમની કૃપાથી શિષ્ય પ્રશિષ્યો દ્વારા થયેલ અનેક ઉપકારની સ્મૃતિ તથા ચાતુર્માસિક આરાધના નિમિત્તે શ્રી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો. વિધિવિધાન સુશ્રાવક પનાલાલજી દેવીચંદજીએ સારી રીતે કરાવેલ.

• **બોટાદ** :- વર્ધમાનતપ ૯૨મી ઓળીના આરાધક તપસ્વી પૂ. મુનિરાજ શ્રી વરબોધિવિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં ચાતુર્માસિક આરાધનામાં ભારતભરમાં પ્રથમવાર જ ૧૦૮ આયંબિલતપમાં ૨૪ આરાધકો જોડાયેલ સાંકળી અઠ્ઠમ, દર રવિવારે સામુદાયિક અનુષ્ઠાન, પર્યુષણપર્વમાં ૬૮ થી વધુ અઠ્ઠાઈ થયેલ. દર રવિવારે મુનિશ્રી કુલબોધિ વિ. મ.ના મહાભારતના પાત્રો પર જાહેર પ્રવચન થયા. બાળકોની શિબિર પણ ચાલુ છે. સ્વ. પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.નો અમારા સંઘ ઉપર અનન્ય ઉપકાર છે. તેમની સંયમજીવનની અનુમોદનાર્થે તેમજ સંઘમાં થયેલ તપ નિમિત્તે સિદ્ધચક્રાદિ ૫ મહાપૂજનો સહિત ૧૨ દિવસનો મહોત્સવ ચાલુ છે. મહોત્સવમાં પૂ. આચાર્યદેવશ્રીની બે જીવંત રંગોળી પ્રદર્શન તેમજ શ્રીપાલકુમાર મયણાસુંદરીની નવપદ મહિમા વર્ણવતી રંગોળી તેમજ ૭ છોડનું ઉજમણું છે.

• **સોલાપુર** :- પ. પૂ. મુનિરાજ શ્રી પૂર્ણચંદ્રવિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ આરાધનામાં શત્રુંજયતપ, દીપકવ્રત, વીસસ્થાનકતપની સામુદાયિક આરાધના ભવ્ય રીતે થઈ. દરરોજ પ્રવચનમાં સંઘપૂજનાદિ ચાલુ છે. સ્વ. પૂજ્યપાદ

આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે ભક્તામર મહાપૂજન, ૨૪ તીર્થંકર મહાપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો. દર રવિવારે ૩૫૦ બાળકો શિબિરમાં લાભ લઈ રહ્યા છે. પર્યુષણાપર્વમાં ૧૬-૧૨-૧૧-૧૦ અઠ્ઠાઈ વગેરે સારી સંખ્યામાં થયા. તે નિમિત્તે અર્હદ્ અભિષેક, શાંતિસ્નાત્રાદિ આસો સુદ ૧૦ થી સાંકળચંદજી ચુનીલાલ કાલંદ્રીવાલા તરફથી થનાર છે.

● **અમદાવાદ :-** પગથીયાના ઉપાશ્રયે પરમ તપસ્વી પૂ. આ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ.ની ૩૪ મી તથા પરમસહિષ્ણુ સ્વ. આ. શ્રી મેઘસૂરીશ્વરજી મ.ની ૫૦મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શ્રી સિદ્ધચક્રપૂજન-શાંતિસ્નાત્રાદિ સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો. ભા. વદ ૧૩ ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની ૬ ઠ્ઠી માસિક તિથિ નિમિત્તે **પૂ. પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં** ગુણાનુવાદ રાખવામાં આવેલ. પૂ. પં. શ્રી કુલચંદ્રવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ., મુનિ શ્રી જિનેન્દ્રવિજયજી મ., મુનિ શ્રી અનંતબોધિવિજયજી મ. આદિએ પૂજ્યશ્રીની ગુણગરિમાને અને પૂ. મુનિ શ્રી હંસદર્શનવિજયજી મહારાજે વિરહવ્યથાને વર્ણવતા સભા અશ્રુભીની થયેલ.

આસો સુદ ૧ ના ૫. પૂ. આ. શ્રી મેઘસૂરીશ્વરજી મ.ના ગુણાનુવાદ સકલસંઘહિતદૃષ્ટા પૂ. આ શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં થયેલ. પાઠશાળાના બાળકોનું સમુહસામાયિક ચૈત્યપરિપાટી આદિ કાર્યક્રમ ભવ્ય રીતે થયા.

● **કૃષ્ણનગર-અમદાવાદ :-** પૂ. તપસ્વી મુનિરાજ શ્રી ભુવનસુંદરવિજયજી મ. આદિ ઠા. ૪ અત્રે ચાતુર્માસ પધારતા સંઘમાં શત્રુંજયતપ-ધર્મચક્રતપ-અઠ્ઠાઈઓ વગેરે સારી થયેલ. ૮ વર્ષના ૩ બાળકોએ અઠ્ઠાઈ કરેલ. પ્રત્યેક શનિ-રવિવારે શિબિરના આયોજનથી બાળકોમાં ધર્મસંસ્કરણ સુંદર થયું. બાળકોની પરીક્ષા લઈ ભવ્ય ઈનામો અપાયેલ. પર્યુષણમાં થયેલ આરાધના તેમજ સ્વ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના સુનિર્મળ સંયમ-જીવનની અનુમોદના તથા સાધ્વીજી ભગવંતોની તપશ્ચર્યા નિમિત્તે શ્રી ભક્તામર પૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ સુંદર થયો.

● **સાબરમતી :-** શાસનપ્રભાવક પૂ. પંન્યાસજી શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજશ્રીના પર્યુષણા બાદ ''તત્ત્વાર્થ કારિકા'' ઉપર પ્રવચનો સુંદર ચાલી રહ્યા છે. તેમજ રવિવારના 'રામાયણનું પાત્રાલેખન' ઉપરના પ્રવચનોમાં વિશાળ મંડપ ભરાઈ જાય છે. પૂ. સાધ્વીશ્રી કલ્પનિધિશ્રીજી તથા પૂ. સાધ્વીશ્રી અપૂર્વનિધિશ્રીજી



મ.ના સળંગ ૫૦૦ આયંબીલ મહાન તપશ્ચર્યા નિમિત્તે અમલનેરવાળા મગનલાલ જવરીલાલ કોઠારી તરફથી સિદ્ધચક્ર મહાપૂજનાદિ મહોત્સવ સુંદર ઉજવાયો.

● **સુરત :-** ૐકારસૂરીશ્વરજી આરાધના ભુવનમાં પૂ. મુનિરાજ શ્રી નિપુણચંદ્રવિજયજી મ. તથા પૂ. મૂનિ શ્રી જિનહંસવિજયજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણા પર્વમાં માસખમણ-૧૦૦ ઉપરાંત અઠ્ઠાઈ, ૧૧૮ ચોસઠપ્રહરી પૌષધ-દેવદ્રવ્યાદિની ઉપજ શાસન ભાવના વગેરે સુંદર થયા.

● **અહમદનગર :-** પૂ. આચાર્યદેવ શ્રી વિજય ધનેશ્વરસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં પર્યુષણમાં ચોવિહાર અઠ્ઠાઈ પૌષધ સાથે ૧૪ ભાગ્યશાળીઓ કરી. શ્રી કલ્પસૂત્રના વાંચન ઉપર પેપરના ઉત્તરો લખવામાં ઘણા ભાવિકો જોડાયેલ. સૌને ઈનામો સારા અપાયા. ૨૪ ભગવાનની ભવ્ય અંગરચના હરિફાઈ કાર્યક્રમ-મહાપૂજાના કાર્યક્રમમાં ગીરનાર પર્વતની રચના ગુફા બનાવાયેલ. તેમાં નાના બાળકો જુદા જુદા વેશમાં સુંદર શોભતા હતા. રંગોળી રચના પણ આકર્ષક થયેલ.

## ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૪૨,અંક-૮, તા.૨૭-૧૧-૧૯૯૩

● **વડોદરા-નિઝામપુરા :-** પં. શ્રી વિદ્યાનંદવિજયજી ગણિવરની ૯૯મી ઓળીની આરાધના તેમજ સ્વ. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની ૭મી માસિક તિથિ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત પંચાન્હિકા મહોત્સવ સુંદર ઉજવાયો. તેમજ ૯૯મી ઓળીની અનુમોદનાર્થે વિશ્વશાંતિ કલ્યાણાર્થે આસો સુદ ૧૩-૧૪-૧૫ વડોદરા તેમજ છાણી-નડીયાદ, ખેડા આદિ આજુબાજુના ગામોમાં શ્રી બલસાણા તીર્થાધિપતિ વિમલનાથ ભગવાનના અઠ્ઠમ કરાવાયા. દરેક તપસ્વીનું પાંચ ગ્રામના ચાંદીના સિક્કાથી બહુમાન કરાયું. કા. વદ ૧૦થી શ્રી પ્રેમજી શામજી હરીઆ આદિના સહકારથી સંઘ તરફથી ઉપધાનતપ થનાર હોઈ આરાધકોએ પોતાના નામ ઉપધાનતપ સમિતિ જૈન ઉપાશ્રય-પરિમલપાર્ક, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૧ મોકલી આપવા એમ જણાવાયું છે.

● **નવાડીસા :-** ૫. પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં નવપદજીની આરાધના તેમજ સ્વ. પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ૫૮ વર્ષના સંયમજીવનની મહોત્સવ સુંદર ઉજવાયો. પ્રશ્નપત્ર તેમજ ગહુલી હરિફાઈમાં સારી સંખ્યામાં લાભ લીધો.

● **મલાડ (ઈસ્ટ) :-** સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય

જયઘોષસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણમાં થયેલ આરાધના તેમજ સ્વ. ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીના નિર્મલ સંયમજીવનની અનુમોદનાર્થે પંચરવિવારીય મહોત્સવનું આયોજન થયેલ. તેમાં આસો સુદ ૧૦ના થયેલ મહાપૂજામાં ચારે મજલામાં બિરાજમાન સર્વે ભગવંતોની ભવ્ય અંગરચના થયેલ. મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ પ્રભુ જાણે મયુરવાહી દેવવિમાનમાં બેઠેલ છે અને ઉડવાની કોશીશ કરી રહ્યા છે એવું દૃશ્ય શ્રેયાંસનાથ યુવક મંડળે આબેહૂબ રચના કરેલ. સ્નાત્રપૂજા-ભક્તામર મહાપૂજનાદિ કાર્યક્રમ પણ સુંદર ઉજવાયા.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૪૨,અંક-૯, તા.૪-૧૨-૧૯૯૩**

● **અમદાવાદ (વાસણા) :-** નવકારફલેટ શ્રી સંઘમાં તપસ્વી સમ્રાટ પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં આ. શ્રી ધનપાલસૂરિજી મ.ના આજ્ઞાવર્તી સાધ્વી શ્રી જિનકૃપાશ્રીજીની વડીદીક્ષા સારી રીતે થઈ. પાંચ ભાગ્યશાળીઓએ મૂળવિધિએ ઉપધાનતપની આરાધના શરૂ કરી. પૂજ્યશ્રીને લાગટ ૨૦૦૦ આયંબીલ થયા છે અને આગળ આયંબીલ ચાલુ છે. ધન્ય તપસ્વી ! મુંબઈ મુલુંડમાં કા. વદ ૨ના દીક્ષા લેનાર સુનિલભાઈનો પ્રથમ વરસીદાનનો વરઘોડો પૂજ્યશ્રીની નિશ્રામાં ખુબ શાસનપ્રભાવક રીતે નીકળેલ.

● **મુંબઈ-મુલુંડ :-** પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્યરત્ન વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં કા. સુદ ૧૫ ના સવારે ૯ થી ૨ સુધી ભવ્યાતિભવ્ય **'મેરુ મહોત્સવ'** થનાર છે. જેમાં વિશાળ મેરુપર્વત ૬૪ ઈન્દ્રો સહિત ૨૫૦ ઈન્દ્ર-ઈન્દ્રાણીના અભિષેક, વિશિષ્ટ આઠ જાતિના કળશો, તીર્થોના જળના અભિષેક સહિત મહારાષ્ટ્ર ગુજરાતની નૃત્યમંડળી, પ્રસિદ્ધ બેન્ડની સૂરાવલિઓ શંખનાદ તેમજ મલાડ, લાલબાગ મંડલોનો ભરચક ભક્તિભર્યો કાર્યક્રમ થશે. સોનામાં સુગંધ ભળે તેમ કા. વદ ૩ના મુમુક્ષુ સુનિલકુમાર (ઉ.વ.૨૧)ની ભાગવતી દીક્ષા ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ. આદિના નિશ્રામાં થનાર છે. દીક્ષાર્થી પરિવાર શ્રી અમુલખભાઈ પ્રાગજીભાઈ મહેતા ઘેટીવાળા તરફથી કા. સુદ ૧૫ના સાધર્મિકભક્તિનો લાભ લીધેલ છે.

● **બેંગલોર :-** પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ. ની પ્રેરણા શુભાશિષથી બેંગલોરમાં **શ્રી આદિનાથ જૈન તત્ત્વ પ્રશિક્ષણ કેન્દ્ર**માં ૮ વર્ષમાં સારી સફળતા મળી છે. આ સંસ્થામાં અભ્યાસ કરી ગુજરાત-કર્ણાટકની અનેક



પાઠશાળામાં શિક્ષકો સારું સંચાલન કરે છે. નવા સત્રમાં માત્ર ૪ વર્ષમાં ધાર્મિક શિક્ષક બનાય છે. માસિક વાર્ષિક સ્કોલરશીપની યોજનામાં વિદ્યાર્થીને ૧૧૦૦૦ બહુમાન કરવામાં આવે છે. અધ્યયન દરમિયાન ભોજન, રોજીંદી ઉપયોગી તમામ ચીજવસ્તુઓનો ખર્ચ સંસ્થા આપે છે. ચાર વર્ષમાં વિદ્યાર્થી શાસનદાઝ અને ધર્મપ્રેમથી ધમધમતો શિક્ષક તૈયાર થાય છે.

● **તપોવન :-** સંસ્કારધામ (નવસારી)માં એક નવલું આયોજન તપોવન સંસ્કૃત પાઠશાળા યાને અધ્યાપક યોજના શાસન પ્રભાવક પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મ. શ્રીની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલ છે. એમાં ૪ પ્રકરણ ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ, સંસ્કૃત-પ્રાકૃત-ન્યાય-વ્યાકરણ વગેરેનો સરળ શૈલીથી અભ્યાસ ૨-૩ કે ૫ વર્ષનો અભ્યાસ કોર્સ રહેશે સંગીત, બેંડ, એકાઉન્ટન્ટ શાંતિસ્નાત્રાદિ વિધિવિધાન તેમજ અંગ્રેજી ભાષા વગેરેનું મરજીયાત જ્ઞાન અપાશે. અત્રેના નૈસર્ગિક વાતાવરણમાં વિદ્યાર્થીઓને આ યોજનામાં ભાવભર્યું આમંત્રણ છે. રહેવા-જમવાનું નિઃશુલ્ક રહેશે.

**● ગૌવંશ હત્યા નિષેધના વટહુકમ માટે**
**૧૦૧ જેટલી સંસ્થાઓ વતી મુખ્યપ્રધાનનું થયેલું અભિવાદન**

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ, રવિવાર

વિવિધ જૈન સંઘો અને હિન્દુ ધર્મના અન્ય સંપ્રદાયોની અનેક ધાર્મિક સંસ્થાઓ, જીવદયાની સંસ્થાઓ, વેપારી મહામંડળો અને મહાજનો સહિત ૧૦૧ જેટલી સંસ્થાઓ તરફથી આજે સાબરમતી ખાતે ચાતુર્માસ બિરાજમાન પંન્યાસ શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં મુખ્યપ્રધાન શ્રી ચીમનભાઈ પટેલને કુમકુમ તિલક કરી, મોતીની માળા અને શ્રીફળ અર્પણ કરી જૈનશાસનની પરંપરા મુજબ પાઘડી પહેરાવી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તામ્રપત્રમાં ચાંદીની પ્લેટ ઉપર સુવર્ણાક્ષરે અંકિત કરાયેલા અભિવાદન પત્રમાં, કલ્યાણ રાજ્યના શાસક તરીકે અહિંસા અને જીવદયાના હિતકારક કામ ઉઠાવીને ગુજરાત સરકારના સુકાની તરીકે સાડાત્રણ વર્ષના શાસન સમયમાં ભારતીય સંસ્કૃતિને શ્રી ચીમનભાઈ પટેલે ગૌરવ બક્ષ્યું છે એમ જણાવ્યું હતું.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૪૨,અંક-૧૧, તા.૧૮-૧૨-૧૯૯૩**

● **નડીયાદ :-** અત્રે દેવચકલામાં લગભગ ૪૦૦ વર્ષ જુનું શ્રી અજિતનાથ

દેરાસર જે માટીના બાંધકામવાળું હતું તેને વરસાદના કારણે અસર થવાથી શ્રી સંઘે તેનો મૂળ પાયામાંથી જીર્ણોદ્ધાર કરાવવાનું નક્કી થયું. આ દેરાસર પણ પ્રાચીન પાંચ મંદિરોનું એક દેરાસર બનેલ છે. જેથી શ્રી અજિતનાથ ભગવાન આદિ જિનબિંબોને ઉત્થાપન કરી હાલ મહેમાન તરીકે બેસાડવા આદિ પ્રસંગે પૂ. આ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના શિષ્ય **પૂ. પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી મ.** તથા પૂ. મુનિ શ્રી અનંતબોધિ વિજયજી મ. સ્વાગત સહિત નડીયાદ પધાર્યા. પૂજ્યશ્રીની નિશ્રામાં ઉત્થાપન-સ્થાપન અંગેની ઉછામણી સારી થતા સંઘમાં ઉલ્લાસ ઘણો વધ્યો. શ્રી ચતુર્વિધ સંઘની ભરચક મેદનીમાં કા. વદ ૧૦ ના મંગળ મુહૂર્તે વિધિવિધાન થયા. આ પ્રસંગે આયંબિલની પ્રેરણા થતા ૧૦૮ ઉપર આયંબિલ થયેલ. અત્રેના શ્રી આદિનાથ પ્રાસાદ પણ અતિજીર્ણ થયો હોવાથી તે જિનાલયનો શ્રી અજિતનાથ ભગવાનના દેરાસરમાં સમાવેશ કરી વિશાળ જિનમંદિર બનાવવાની સંઘની ભાવના છે. અમદાવાદ શ્રી નવરંગપુરા શ્વે. મૂ. જૈન સંઘે ૨૫૦૦૦૧ દેવદ્રવ્યમાંથી આપવાની મંગળ શરુઆત પૂજ્યશ્રીની નિશ્રામાં કરી હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૧૩, તા.૮-૧-૧૯૯૪

## એક યાદગાર વન-ડે મહોત્સવ

• વર્ધમાન તપોનિધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાના સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ. પંન્યાસપ્રવર શ્રી હેમરત્નવિજયજી મહારાજની પ્રેરણાથી ગોવાલિયા ટેંક શ્રી સંઘના આંગણે રવિવાર તા. ૫-૧૨-૯૩ ના રોજ ઓગષ્ટ ક્રાંતિ મેદાનમાં વિશ્વશાંતિની મંગલકામના સાથે એક આધ્યાત્મિક મહોત્સવ ઉજવાયો. જેમાં દશથી પંદર હજાર જૈનો પૂજાના રેશમી વસ્ત્રો પહેરી હાથમાં અષ્ટપ્રકારી પૂજાના થાળ લઈને જોડાયા હતા. વિશાળ ગ્રાઉન્ડમાં કુલ ૧૦૮ જિનાલયોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સવારે ૮।। થી ૧।। વાગ્યા સુધી પ્રભુભક્તિનો કાર્યક્રમ ચાલ્યો. તે દરમિયાન ભક્તિનૃત્ય, બેડાનૃત્ય, દીપકનૃત્ય, મયુરનૃત્ય, થાળીનૃત્ય આદિ પ્રોગ્રામ રજુ થયા હતા. પંન્યાસ શ્રી હેમરત્ન વિ.મ. પૂજાના રહસ્યો સમજાવી સહુના હૈયા હલાવી નાખ્યા હતા. આ પ્રસંગે દૂરદૂરથી વિહાર કરીને પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ. મ., પૂ. આ. શ્રી જયશેખરસૂરિ મ., પૂ. પં. શ્રી વિમલસેન વિ. મ., પૂ. પં. શ્રી કીર્તિરત્ન વિ. મ., પૂ. મુનિરાજ શ્રી નંદિઘોષ વિ. મ., પૂ. મુનિશ્રી નંદિભુષણ વિ. મ., પૂ. મુનિશ્રી અક્ષયબોધિ વિ. મ., પૂ. મુનિશ્રી મહાબોધિ વિ. મ., પૂ. મ., શ્રી રાજપાલ વિ. મ., પૂ. મુનિશ્રી



શીવસુંદર વિ. મ., પૂ. મુનિશ્રી હંસરત્ન વિ. મ., પૂ. મુનિશ્રી તત્ત્વદર્શન વિ. મ. આદિ અનેક મુનિવરો પધાર્યા હતા.

શનિવારે સ્વ. પૂજ્યશ્રીની ગુણાનુવાદ સભામાં પૂ.આ. શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મ. આદિ અનેક પૂજ્યોએ પૂજ્યશ્રીના ગુણાનુવાદ કર્યા હતા. ઉપાશ્રય હોલમાં સ્વ. પૂજ્યશ્રીના જીવન પ્રસંગની ત્રણ રંગોળી તથા દિવ્યદર્શન સાહિત્ય પ્રદર્શન, નવકાર રચના કરવામાં આવી હતી.

સંધ્યા સમયે પરમાત્માની સમૂહ આરતીના કાર્યક્રમમાં લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સવારે પૂજાનો અને સાંજે આરતીનો લાભ શેઠ શ્રી રણછોડદાસ શેષકરણ પરિવારે લીધો હતો. સભામાં પધારેલ તમામને પ્રભાવના આપવાનો લાભ ત્રણ યુવાનોએ લીધો હતો.

• **સિરોહી** (રાજસ્થાન) :- યુવક જાગૃતિપ્રેરક જૈનાચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ વગેરે બે દીક્ષા માટે જાલોરથી સિરોડી તરફ વિહાર કર્યો. ત્યારે જાલોરના કલેક્ટર શ્રી રુદ્રપાલસિંહજી ધારીવાલે જૈનાચાર્યશ્રીની સાથે વિહાર કરીને ધાર્મિક્તાની આશ્ચર્યકારક લાગણી બતાવી હતી. જૈનાચાર્યશ્રી ૨।। દિવસમાં ૮૫ કિલોમીટરનો ઉગ્ર વિહાર કરીને સિરોડી પહોંચ્યા હતા. ત્યાં મુમુક્ષુ હંજીબેન અને વંદનાબેનનો દીક્ષા મહોત્સવ ધામધૂમથી થયો. બંનેના નામ અનુક્રમે સા. હેમાંગરેખાશ્રીજી અને સા. ધર્મરેખાશ્રીજી મ. આપવામાં આવ્યા છે અને સા. પુણ્યરેખાશ્રીજીના પ્રશિષ્યા બન્યા. અહીંથી વિહાર કરીને માલગાંવથી પાલીતાણા સંઘમાં પધારનાર છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૧૬, તા.૨૯-૧-૧૯૯૪

• **સેલવાસ** :- દાદરાનગર-વાપીથી શ્રી શત્રુંજય મહાતીર્થ પદયાત્રાસંઘ સ્વ. પૂ આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન શાસનપ્રભાવક પૂ. આ. શ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ. શ્રી આદિ ઠા. ૧૩ની નિશ્રામાં કા. વદ ૨ના શા. ફુલચંદજી ઝવેરચંદજી નહાર પરિવાર દાદરા તથા હર્ષદલાલ અમૃતલાલ શાહ વાપીવાળા તરફથી નીકળેલ. દરરોજ સવારે પરમાત્મસ્તવ સ્તોત્રપાઠ તેમજ બપોરે પ્રવચનમાં તેમજ સાંજે પ્રભુભક્તિમાં રમઝટ જામતી, મુંબઈવાળા શ્રી અરૂણાબેન કંપાણી તરફથી અલીપોરતીર્થમાં પૂજાની ચાંદીની વાટકીની પ્રભાવના થયેલ. તપોવન વગેરે થઈ કઠોદરા સંઘ પધારતા સ્વામીનારાયણ ગુરુકુળમાં પૂ. આચાર્યદેવશ્રીનું પ્રવચન સુંદર થયું. સર્વે વિદ્યાર્થીઓને ''ગુણવૈભવ'' નામની

ધર્મરત્નના ૨૧ ગુણોના વર્ણનવાળી પુસ્તિકા ભેટ અપાયેલ. ભરૂચ તીર્થે શાસનપ્રભાવક પૂ. આ. શ્રી રાજયશસૂરિજી મ. તથા પૂ. આ. શ્રી હીરણ્યપ્રભસૂરિ મ.નું મિલન થયેલ. બનેજરા ગામમાં એક પટેલના ખેતરમાં ઉતારો થતા પટેલની ભાવના એટલી બધી વધી ગયેલ કે તે દિવસની ભક્તિનો લાભ પોતાને મળે તે માટે આગ્રહ કરી લાભ મેળવેલ. ખંભાત સ્થંભન તીર્થે સંઘ પધારતા જૈન અમરશાળા, વિસાઓસવાલ આદિ ખંભાતના ૬ સંઘ ભેગા મળી અપૂર્વ સામૈયું કરી ગુરુપૂજન-સંઘપૂજન કરી પૂજ્યશ્રીને કામળી વહોરાવી. પૂજ્યશ્રી તથા આ. શ્રી મહાનંદસૂરિ મ. નું મૌનએકાદશી પર્વ વિશે પ્રવચન થયું. પૂજ્યશ્રી આદિ બેંડવાજા સહિત ચતુર્વિધ સંઘ પરમ ગુરુદેવ સ્વ. પ્રેમસૂરીશ્વરજી મ.ના સમાધિ મંદિરે દર્શનાર્થે પધારેલ ત્યાં ગુરુવંદના ''ગુણ ગાવો પ્રેમસૂરીશ્વરના...'' એ ગીત સહુએ ઝીલેલ તથા પૂ. મુનિશ્રી ભદ્રબાહુવિજયજી મ. તથા પૂજ્ય આચાર્યદેવશ્રીએ સ્વ. આચાર્યદેવશ્રીના જીવનની વિશેષતા ઉપર પ્રવચન આપેલ. સહુના આંખે વિરહના આંસુ ઉભરાયેલ. ધોલેરા તીર્થ થઈ વલભીપુર થઈ પાલીતાણા સંઘ પધારતા ભવ્ય સામૈયું થયું. પાલીતાણામાં બિરાજમાન દરેક સમુદાયના પૂજ્ય મુનિરાજો સામૈયામાં આવેલ. દાદાના દરબારમાં સંઘમાળ આદિ સુંદર થયું. પન્નારૂપા ધર્મશાળામાં ૫૬ દિક્કુમારી ઈન્દ્ર-ઈન્દ્રાણી સહિત સ્નાત્ર મહોત્સવ શ્રી દલપતભાઈ નવસારીવાળાની કોમેન્ટ્રી સહીત ભવ્ય ઉજવાયો.

**• માલગાંવથી શ્રી શત્રુંજયનો પદયાત્રા સંઘ**

પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન યુવક જાગૃતિપ્રેરક પ. પૂ. આ શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. આદિ ૧૫૦ સાધુ-સાધ્વીજી તેમજ ૨૭૦૦ યાત્રિકો સહિતનો વિશાળ સંઘ (રાજસ્થાન-સિરોહી) માલગાંવથી તા. ૮-૧૨-ના દિવસે સંઘવી ભેરમલજી હુકમીચંદજી બાફના દ્વારા આયોજિત થયો હતો. વિશેષમાં બે હાથી, શાસનધ્વજ સહિતના અશ્વારોહી, પ્રભુજીનો ભવ્ય રથ કે જેમાં મૂળનાયક શ્રી શીતલનાથ પ્રભુજીની પ્રતિમા આકર્ષક હતી. ૧૮ ઉંટગાડીઓમાં શત્રુંજય તીર્થોદ્ધારની પ્રદર્શની, વ્યસનમુક્તિ પ્રદર્શની, સમરાશાહ ઓસવાલ આદિ મહાપુરુષોના ચરિત્રો વગેરેથી સુશોભિત કરેલ. ૪૧ દિવસનો આ સંઘ શ્રી શંખેશ્વરતીર્થે પધારતા ૨૩૦૦ આરાધકોએ અઠ્ઠમ, ૧૫૦૦ આયંબીલ અને શત્રુંજય ભાવયાત્રા કરાવવામાં આવી. અમદાવાદ જૈન સમાજના પ્રમુખ લાલભાઈ દેવચંદે સંઘવીને ''દાનવીર'' પદવી તરીકે નવાજ્યા. સંઘ દરમિયાન ઉપરિયાજી તીર્થે અને બજાણા ગામે પ્રભુજી અને દેરાસરમાં અમીઝરણા થતા જોઈ સૌ ભાવવિભોર બનેલ. કીર્તિધામ-પીપરાળામાં સકલ સંઘનું વિશિષ્ટ સંઘપૂજન



થયેલ. તા. ૧૫-૧-૯૪ ના શુભ દિવસે વિશાળ સંઘનો પાલીતાણામાં પ્રવેશ થતાં પ્રથમ મોતીશા શેઠ જૈન પેઢી અને આણંદજી કલ્યાણજી પેઢી તરફથી સંઘવીઓનું હારતોરાથી બહુમાન કરેલ. મુંબઈ ગોડીજી જૈન બેંડના સૂરિલા સૂરો અને મીલન બેંડ તથા પ્રતાપ બેંડના ગગનભેદી અવાજોથી સામૈયું આગળ વધ્યું. ગુજરાત રાજ્ય મહેસુલ ખાતાના મંત્રી શ્રી દલસુખભાઈ ગોધાણી, કલેક્ટર શ્રી લાલચંદભાઈ વગેરે સામૈયામાં જોડાયા. સામૈયામાં માનવમેદની હકડેઠઠ નજરે પડતી હતી. ઠેર ઠેર ગહુંલીથી પ્રભુજીને તથા આચાર્યદેવશ્રીને વધાવ્યા. પાલીતાણા સ્થિત દરેક સમુદાયના આચાર્ય ભગવંતાદિ મુનિરાજો સામૈયામાં જોડાયેલ. સ્વાગતયાત્રા તળેટી રોડ થઈ ''જયતલેટી'' પહોંચતા ઉલ્લાસ-ઉમંગ તે દાદા આદીશ્વરને ભેટવાની ઉત્કંઠા અલગ તરી આવતી. સંઘવીઓએ વિશાળ ફળ-નૈવેદ્યના થાળ અને સોનારૂપાના ફૂલડે ગીરીરાજને વધાવતાં અનેરૂ દૃશ્ય ખડું થયેલ. સંઘવી ભેરમલજી તરફથી કરાવેલ 'સંઘવી ભેરુવિહાર' ધર્મશાળાનું હીરા ઉદ્યોગપતી શ્રી રશ્મિભાઈ મહેતા દ્વારા દીપ પ્રાગટ્ય, મુખ્ય અતિથિ દાનવીર શેઠ શ્રી દીપચંદભાઈ ગાર્ડી તથા જૈન સંઘના અગ્રણી શેઠશ્રી શ્રેણિકભાઈ દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પ્રાસંગિક પ્રવચન બાદ સંઘવી શ્રી ભેરુમલજી તરફથી જીવદયા માટે સારી રકમનું દાન જાહેર કરાયેલ. સંઘની શરૂઆતથી પૂર્ણાહુતિ સુધી દરેક ગામમાં સંઘવીએ ઉદારતાપૂર્વક દાનની સરવાણી કરેલ. શ્રી શ્રેણીકભાઈએ આ કાળમાં આટલો મોટો વિશાળ સંઘ કાઢી જૈન શાસનનું ગૌરવ વધાર્યું છે, જણાવીને સંઘવીનું અભિવાદન કરેલ. સાંજે સંઘવીજી અને તેમના સુપુત્રો તારાચંદજી, મોહનલાલજી, લલીતજી વગેરેએ રાજા કુમારપાલ વગેરેની વેશભૂષામાં સામુહિક આરતી ઉતારી હતી. બધા યાત્રિકો હજારો દીપમાલાની શ્રેણીથી આરતીનું દૃશ્ય અલૌકિક બનેલ. ૫૦૦૦ની મેદની ભક્તિના આનંદથી ઝુમી ઉઠી હતી. તા. ૧૬ના બપોરે પ્રવચનમાં તમામ સાધુ-સાધ્વી ભગવંતોને ઉપકરણ વહોરાવી ભક્તિનો લાભ ઉઠાવેલ. રાત્રે માળારોપણની ઉછામણી પણ રેકર્ડરૂપ થઈ. તા. ૧૭ ના દાદાના દરબારમાં માળારોપણ પ્રસંગ ઉજવાયો. દરેક યાત્રિકોની સંઘવી તરફથી તેમજ બીજા ભાવિકો તરફથી સારી પહેરામણી કરાયેલ. આ દિવસે પૂજા માટેની લાઈન દાદાના દરબારથી ઠેઠ રામપોળ સુધી પહોંચી હતી. ફુલોવાળાના બધા ફુલો લઈ રકમ ચૂકવવામાં આવેલ. સંઘના સમાપન પછી યાત્રિકોને સંઘવી તરફથી બસો દ્વારા કચ્છ ભદ્રેશ્વરની પંચતીર્થીની યાત્રા કરાવીને ૧૩૬ ગામોના યાત્રિકોને રાજસ્થાન પોતાના ગામ સુધી પહોંચાડવામાં આવેલ. પૂજ્ય આચાર્યદેવશ્રીએ નમ્રતાપૂર્વક પોતાના પ્રવચનમાં જણાવેલ કે **આ બધી શાસનપ્રભાવના સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી**

**મહારાજના આશીર્વાદથી થઈ છે.** જ્યારે સંઘ કાઢવાનું નક્કી થયેલ ત્યારે માલગામથી અમદાવાદ થઈ પૂજ્યશ્રીની નિશ્રા પ્રાપ્ત કરી પાલીતાણા આવવાનું વિચારેલ પણ પૂજ્યશ્રી અમદાવાદ કાળધર્મ પામતા તે ઈચ્છા અધુરી રહી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૧૮, તા.૧૯-૨-૧૯૯૪

● **મહુવા :-** યુવક જાગૃતિ પ્રેરક પ. પૂ. આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ. પાલીતાણાથી વિહાર કરી ભાવનગર શાસ્ત્રીનગર, નૂતન ઉપાશ્રય ગોડીજી ઉપાશ્રયે સસ્વાગત પધારતા પ્રવચન-સંઘપૂજનાદિ થયા. દાદાસાહેબ સામૈયા સહિત પધાર્યા. ૧૨૫૦ આયંબીલ સહિત ૫૦૦૦ ભાવિકોને શત્રુંજય ભાવયાત્રામાં ભક્તિરસમાં ઝીલાવ્યા. અત્રેના દીક્ષિત તપસ્વી પૂ. મુનિરાજશ્રી જિનહંસવિજયજી મહારાજ પણ સાથે પધારેલ હોઇ સંઘમાં ઉલ્લાસ અનેરો હતો. કૃષ્ણનગર પધારતા પ્રવચન-સંઘપૂજનાદિ સુંદર થયા. ત્યાંથી દાઠાતીર્થે યાત્રા કરી મહુવા કુ. મિલનકુમારી તથા કુ. નયનાકુમારીની ભાગવતી દીક્ષા પ્રસંગે સસ્વાગત પધાર્યા. પૂજ્યશ્રીની દીક્ષાની ૪૧મી તિથિ તેમજ તેઓશ્રીના વરદહસ્તે **૧૦૦મી દીક્ષા** થતી હોઈ સંઘમાં ઉત્સાહ અને આનંદ વ્યાપી ગયો. દીક્ષાર્થીબેનોની સગી બેન રશ્મિકુમારી કે જેઓએ ૩ વર્ષ પૂર્વે દીક્ષા લઈ સાધ્વીશ્રી રક્ષિતરેખાશ્રી બનેલ તેઓ પણ પોતાના ગુરુણીશ્રી સાધ્વીશ્રી પુણ્યરેખાશ્રીજી આદિ ઠા. ૪૫ સાથે પધાર્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૧૯, તા.૨૬-૨-૧૯૯૪

● **અમદાવાદ :-** ગચ્છાધિપતિ સિદ્ધાંતદિવાકર પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.ની અનુજ્ઞાથી ગીરધરનગર જૈન ઉપાશ્રયમાં પૂ. ઉપાધ્યાયશ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય આદિની નિશ્રામાં મહા સુદ ૬ ના પાંચ મુનિરાજોને શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહનમાં પૂ. મુનિશ્રી ચંદ્રજીતવિજયજી મ., પૂ. મુનિશ્રી ઈન્દ્રજીતવિજયજી મ., પૂ. મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી મ., પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજય મ. તથા પૂ. મુનિશ્રી ગુણસુંદરવિજયજી મ.ને સકલ સંઘ સમક્ષ નાણ મંડાવી પ્રવેશ થયેલ છે. તે પ્રસંગે પાંચ સંઘપૂજનો તથા કચ્છ વિસ્તારના દુકાળના હિસાબે લગભગ ૬૦ હજાર ઢોરો ધોળકા-બગોદરા વિસ્તારમાં લાવેલ છે તેને ઘાસચારા માટે ૫૧, હજાર રૂપિયાની ટીપ થયેલ.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૨૨, તા.૨૬-૩-૧૯૯૪

● **મુંબઈ-બોરીવલી ઈસ્ટ :-** હાઈવે કૃષ્ણનગરમાં **નૈનશી કોલોની** સ્વ. પૂ. ગચ્છાધિપતી આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન વૈરાગ્યદેશનાદક્ષ પ્રભાવક પ્રવચનકાર પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.ની પ્રેરણા અને માર્ગદર્શનથી તથા શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના સહયોગથી સુંદર જિનાલય નિર્માણ થયું. મૂળનાયક શ્રી મહાવીર પરમાત્માની પ્રતિમા ભરાવવાનો તથા પ્રતિષ્ઠાનો લાભ સેંદરડા નિવાસી (હાલ મુલુન્ડ) શ્રી સમજુબેન ઉત્તમચંદ દોશી પરિવારે લીધેલ. દોલતનગરથી ભવ્ય રથયાત્રા નિકળી નૈનશી કોલોની પહોંચેલ. કાંદીવલીના વીતરાગ જૈન બેંડે પ્રભુભક્તિની રમઝટ મચાવેલ.

● **મુંબઈ - વિલેપાર્લા વેસ્ટ :-** ગચ્છાધિપતી સિદ્ધાંતદિવાકર પૂ. આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ. શ્રી આદિની નિશ્રામાં શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલયની ૨૯મી સાલગીરીની ઉજવણી ભવ્ય રીતે થઈ. ઉપાશ્રયની જમીન પ્રાપ્ત થતા શ્રી કાંતીલાલ લક્ષ્મીચંદ શેઠના પરિવારે નૂતન ઉપાશ્રયના નિર્માણ માટે સારો સહયોગ પ્રાપ્ત થતા "શ્રી કાંતીલાલ લક્ષ્મીચંદ શેઠ જૈન ઉપાશ્રય" નામ જાહેર થયું. તેમજ સ્વાધ્યાય મંદિર, જ્ઞાનમંદિર વગેરે સહિત સંપૂર્ણ ભવનનું નામ કલા-કાન્તિ ભવન રાખેલ. કુ. ભાવનાબેન પ્રભુલાલ શાહની ભાગવતી દીક્ષા શાસન પ્રભાવના પૂર્વકની થઈ. શ્રી શાંતિચંદ્ર બાલુભાઈ ઝવેરીના નૂતન ગૃહમંદિરની પ્રથમ સાલગીરી તેમજ વિલેપાર્લા ઈસ્ટમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયની સાલગીરી પણ પૂજ્ય આચાર્યદેવશ્રીની પુણ્ય નિશ્રામાં ઉજવાઈ.

● **અમદાવાદ - ગીરધરનગર :-** અત્રે પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. ઉપાધ્યાયશ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય, પ્રવર્તક પ્રવર પૂ. તપસ્વી યોગેન્દ્રવિજયજી મ., પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મ. આદિએ અમારા સંઘની ચાતુર્માસ વિનંતિ સ્વીકારવા કૃપા કરી છે. ચરલીવાળા (રાજ.) જુહારમલજી પુનમચંદજી (હાલ ગોરેગામવાળા) પરિવાર તરફથી પાલીતાણા ચાતુર્માસ આરાધના કરાવવા સૂરિમંત્ર પંચપ્રસ્થાન આરાધક પૂ. આ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ. આદિ પરિવારને વિનંતિ થતા ચાતુર્માસ નક્કી થયું. તેમજ પૂ. પ્રવર્તક પ્રવર યોગેન્દ્રવિજયજી મ. ને ૯૨માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે તેમના પૌત્ર-પ્રપોત્ર કનકરાજ તેજરાજ ખીચીયા પરિવાર ઘાણેરાવવાળા તરફથી પ્રભુજીને ભવ્ય અંગરચના સકલસંઘ સહિત પ્રભુભક્તિ, સંઘપૂજન, પાઠશાળાના બાળકોને વિશિષ્ટ પ્રભાવના, સામાયિક જીવદયા વગેરેના સુંદર કાર્ય થયેલ. બલસાણા

તીર્થોદ્ધારક પૂ. પં. શ્રી વિદ્યાનંદવિજયજી ગણિવર્યની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ ચૈત્ર વદ-૧૩નો પ્રસંગ શ્રી લાવણ સોસાયટી (વાસણા) જૈન સંઘમાં ઉજવવાનું નક્કી થયું.

● **મલાડ ઈસ્ટ :-** ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં વિલેપાર્લામાં કુ. ભાવનાબેન (B.Sc)ની દીક્ષા અજોડ થઈ. દીક્ષા પ્રસંગે અનેકાનેક પૂજા-પૂજનો, પ્રભુજીને અવનવી અંગરચનાઓ, વિવિધ સંગીતકારો-મંડપો દ્વારા ભાવના, વર્ષીદાન પ્રસંગે મયૂરાસનની અતિઆકર્ષક શિબિકા, મન મૂકીને વર્ષીદાનનું અનેરું આકર્ષણ રહ્યું. અંતિમ વિદાય તિલક-ઉપકરણની ઉછામણી અને જીવદયાની બારલાખ જેવી ટીપ તેમજ વિવિધ વાનગીથી સાધર્મિકભક્તિ થયેલ. કુ. ભાવનાબેનનું નામ પૂ. સાધ્વીશ્રી ભાવનંદિતાથી રાખી પૂ. સાધ્વીશ્રી અક્ષયાનંદાશ્રીજીના શિષ્યા બન્યા. પૂજ્યશ્રી પાર્લાથી વિહાર કરી શ્રી હીરસૂરિ જૈન શ્વે. મૂ. સંઘ મલાડ (ઈસ્ટ)ના આંગણે વૈશાખ સુદમાં થનાર અંજનશલાકા મહોત્સવની ઉછામણી તેમજ આગામી ચાતુર્માસનો નિર્ણય તા.૬/૩ના જાહેર કરવાનું નક્કી થયેલ હોઈ મલાડ પધાર્યા. ત્યાં પૂજ્યશ્રી તેમજ પૂ. આ શ્રી રાજેન્દ્રસૂરિજી મ. તથા પૂ. આ શ્રી હેમચંદ્રસૂરિજી મ. આદિની નિશ્રામાં અંજનશલાકા મહોત્સવમાં માતા-પિતા ઈન્દ્ર-ઈન્દ્રાણી બનવાની ઉછામણી સારી થઈ. તેમજ અંજનશલાકાની વિધિ ૧૫ ઈંચના નિલમના ભગવાન ઉપર થનાર છે તે ભગવાનની ઉછામણી શરૂ કરાવી તેનો આદેશ તેમજ બીજા આદેશો ફા. સુ. ૮ના આપવામાં આવનાર છે. પૂ. ગચ્છાધિપતિશ્રીજીનું ચાતુર્માસ ગોરેગામ - જવાહરનગરની જય બોલાતા શ્રી ગોરેગામ સંઘમાં અનેરો ઉલ્લાસ થયો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૨૪, તા.૯-૪-૧૯૯૪

## ઉનાળા દરમિયાન અછતગ્રસ્ત વિસ્તારોમાં ઘનિષ્ઠ આયોજન

ગાંધીનગર, તા. ગુરુવાર

રાજ્યના કચ્છ, જામનગર તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પ્રવર્તતી અછતની પરિસ્થિતિમાં અને ખાસ કરીને કચ્છમાંથી માલધારીઓ દ્વારા લવાતા પશુઓને ઘાસચારો તથા વૈકલ્પિક આયોજન કરીને ખાણદાણ આપવા અંગે સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે મહેસુલમંત્રી શ્રી દલસુખભાઈ ગોધાણીના અધ્યક્ષપદે અને મહેસુલ રાજ્યમંત્રી શ્રીમતી ચંદ્રિકાબેન ચુડાસમાની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં વિસ્તૃત ચર્ચા - વિચારણા થઈ હતી.



### કચ્છમાંથી સ્થળાંતર કરી આવેલા હજારો પશુઓને ઘાસચારો અને ખાણદાણ અપાશે

મહેસુલમંત્રી તથા મહેસુલ રાજ્યમંત્રીશ્રીએ ધોળકા તાલુકાના દેવસ્થળ અને સાંઢીયા ખાતે આવેલા કચ્છના ૪૦૦૦ જેટલા માલધારીઓ તથા ૪૬ હજાર જેટલા પશુધનને ઘાસચારો, અનાજ તથા કપડાની સહાય કરવાના મુંબઈની **વર્ધમાન સેવા કેન્દ્ર** સંસ્થા અને તેના સંચાલકો શ્રી કુમારપાળ વિ. શાહ, શ્રી કલ્પેશ શાહ તથા જયેશભાઈ ભણશાળીના ઉમદા કાર્યને બિરદાવ્યું હતું, વ્યક્તિગત દેખરેખ અને સંભાળ દ્વારા અંદાજે રૂા. એક કરોડના ખર્ચે સંસ્થા દ્વારા કરાયેલી સહાયની બંને મંત્રીશ્રીઓએ નોંધ લીધી હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૨૮, તા.૭-૫-૧૯૯૪

## મલાડ (ઇસ્ટ) નગરે અંજનશલાકા મહોત્સવ

અત્રે ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રી હીરસૂરીશ્વરજી જગતગુરુ શ્વે. મૂ. તપાગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ તરફથી ચૈ. વ. ૬ થી વૈ. સુ. ૬ સુધી ભવ્ય અંજનશલાકા મહોત્સવ થનાર છે. અમારા સંઘ ઉપર અનરાધાર કૃપા વરસાવનાર સકલસંઘ-હિતૈષી પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ ચૈ. વ. ૧૩ના દિને વિશિષ્ટ જલયાત્રાનો વરઘોડો, ગુણાનુવાદ સભા તેમજ પૂજન વગેરે આયોજન થનાર છે. ચૈ. વ. ૧૩ કુંભસ્થાપનાદિ વિધિ થશે. વૈ. સુ. ૧ થી ચ્યવન કલ્યાણકાદિ ઉજવણી રામલીલા મેદાન, ગૌશાળાલેન મલાડ (પૂર્વ) ના નયનરમ્ય મનમોહક વિશાળ મંડપમાં ઉજવાશે. દરરોજ વીરમગામનું મશક બેંડ, બેલગામનું સુપ્રસિદ્ધ બસવનપ્પા બેંડ ભક્તિની ધૂનોથી દિલડાં ડોલાવશે. શ્રી શ્રેયાંસનાથ સ્વામી સ્નાત્ર મંડળ - સ્વયંસેવક મંડળ પ્રભુભક્તિ ગીતોની રમઝટ મચાવનાર છે. શ્રી મોહનલાલ જૈન નૃત્યકાર વિવિધ પ્રકારના નૃત્ય, પ્રભુજીને ભવ્ય અંગરચના થશે. મલાડ વગેરે વર્ધમાન સંસ્કૃતિધામના યુવાનોની વ્યવસ્થામાં ભક્તિધગશ માણવા મળશે. વૈ. સુદી ૫ ના **નીલમના પ્રતિમાજી** વગેરે જિનબિંબોની પ્રતિષ્ઠા-અષ્ટોત્તરી સ્નાત્ર વગેરે ભવ્ય રીતે ઉજવાનાર છે. સાથે વિવિધ પ્રસંગોની રચનાઓ અને રંગોળીઓ દ્વારા પૂર્વ મહાપુરુષોની મહત્તાની ઝાંખી આબેહૂબ થશે.

● **લુણાવા :-** ભદ્રંકરનગરમાં શ્રી નાગેશ્વર તીર્થમાં મેવાડ દેશોદ્ધારક પૂ. આ.

શ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મ. તથા તાર્કિક શિરોમણિ પૂ. આ. શ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચૈ. સુ. ૪ના ૧૦૦ ઉપરાંત પ્રભુપ્રતિમાઓની અંજનશલાકા અને ૧૨૫ આરાધકોની ઉપધાનમાલા પ્રસંગ ભવ્ય ઉજવાયો. મંદિરના શિખરમાં ૧૨૫ કિલો વજનના ધાતુમય શ્રી નમિનાથ પ્રભુ પધરાવવામાં આવ્યા.

● **અમદાવાદ-વાસણા-નવકારફલેટ** જૈન ઉપાશ્રયમાં બિરાજમાન તપસ્વી સમ્રાટ પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ.ના વર્ષોથી ચાલી રહેલા લાગટ ૨૧૦૦ આયંબિલ તપ તથા શ્રી નેમીનાથ ભગવાનની પ્રતિષ્ઠાની પાવન સ્મૃતિની અનુમોદનાર્થે શ્રેણીકભાઈ કાંતીલાલ મોહનલાલ પરિવાર તરફથી શ્રી શાંતિસ્નાત્ર, શ્રી ભક્તામર પૂજન, શ્રી સિદ્ધચક્રપૂજનાદિ સહિત અષ્ટાહ્નિકામહોત્સવ સુંદર ઉજવાયો.

પૂજ્ય આચાર્યદેવશ્રીના સંઘહિતાર્થે ચાલી રહેલ અખંડ ૨૧૦૦ આયંબિલ ઓળંગી આગળ ચાલુ રહેલ આયંબિલ તપની અનુમોદનાર્થે સંપૂર્ણ અમદાવાદમાં શાશ્વતી ચૈત્રી ઓળી કરનાર તપસ્વીઓને સદ્ગૃહસ્થો તરફથી ૧૧, પહેરામણી કરાઈ.

● **દહાણુ રોડ** :- પૂ. મુ. શ્રી **દેવસુંદર વિ. મ.** તથા પૂ. પં. શ્રી **રત્નસુંદર વિ. મ.** આદિ ઠાણા ઉમરગામથી વિહાર કરી સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ શ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પ્રથમ વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ,** પાંચ સાધ્વીજી ભગવંતોને **વરસીતપના પારણાં** તથા ખંભાત નિવાસી (હાલ મુંબઈ) **હેમંતકુમાર** તથા નાસિક નિવાસી **સોનલબેનની દીક્ષા** નિમિત્તે યોજાયેલ મહોત્સવ અંગે **દહાણુરોડ** પધારી રહ્યા છે. સમસ્ત મહોત્સવ પૂ. પં. શ્રી **વિમલસેન વિ. મ.**ની પાવન નિશ્રામાં ઉજવાનાર છે. પૂજ્યશ્રી સાથે હવેથી પત્રવ્યવહાર કરવાનું સરનામું.

**પ. પૂ. પ. રત્નસુંદરવિજયજી C/o. દિનેશ અમરચંદ શાહ**

એચ ૧૧, સામ પ્લાઝા, **દહાણુરોડ,** જિલ્લા થાણા - ૪૦૧ ૬૦૨

તા. ક. : દીક્ષા વૈ. સુ. ૫, તા. ૧૬-૫-ના રોજ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૨૯,તા.૧૫-૫-૧૯૯૪

● **અમદાવાદ - વાસણા** :- શ્રી નવકાર ફલેટ જૈન ઉપાશ્રયમાં તપસ્વી સમ્રાટ પૂ. આ. શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. શ્રીની પુણ્ય નિશ્રામાં ચૈ. વ. ૬ના શાસનપ્રભાવક પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના શિષ્યરત્ન તપસ્વી વર્ધમાન તપની ૯૬ + ૯૭ મી ઓળીના આરાધક પ. પૂ. મુનિરાજ શ્રી યશોભૂષણવિજયજી



મ.ની ગણિપદવી પ્રસંગ સુંદર ઉજવાયો. પૂ. પંન્યાસજી મહારાજે ગણિપદવીની મહત્તા સાધુજીવનના ૩ મુખ્ય ગુણ અને સમેતશિખરજી તીર્થ રક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. નૂતન ગણિવર્યશ્રીના સંસારી કુટુંબી પરિવાર તરફથી રૂા. ૫/- થી સંઘપૂજન તેમજ પૂજ્યોને કાંબળી પાત્રાદિ ઉપકરણ વહોરાવેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૩૧,તા.૨૮-૫-૧૯૯૪

● **પિંડવાડામાં મહોત્સવો** :- પૂ. આ. શ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પાંચ મહોત્સવની ઉજવણી શાસન પ્રભાવના પૂર્વક થનાર છે. એઓશ્રીના શિષ્યરત્ન તપસ્વી પૂ. પં. શ્રી કનકસુંદરવિજયજી મ.ની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે તેમના સંસારી પિતાશ્રી સ્વ. કાંતીલાલ જગજીવનદાસ પરિવાર તરફથી શ્રી વીસસ્થાનક પૂજન ઠાઠથી થયેલ. ચૈ.વ.૧૩ ના સંઘહિતચિંતક વર્ધમાનપોનિ ગચ્છાધિપતિ સ્વ. આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પ્રથમ વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સવારે ચૈત્યપરિપાટી, ગુણાનુવાદસભા, સામુદાયિક આયંબિલ તથા શ્રી ચિંતામણિપાર્શ્વનાથ મહાપૂજન શા. જયચંદજી માણેકચંદજી પરિવાર તરફથી થનાર છે. પાંચ જિનાલયોની વર્ષગાંઠ નિમિત્તે શાંતિસ્નાત્ર ભણાવાશે. વૈ. સુ. ૧૦ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણકની રથયાત્રા સહિત ધાર્મિક સ્પર્ધા, અનુકંપાદાન સહિત થશે. અધ્યાત્મયોગી પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સવારે સ્તોત્રપાઠ, ગુણાનુવાદ સભા, સામુદાયિક આયંબિલ થશે. શા. મિલાપચંદજી સુરચંદજી તરફથી થશે. વૈ. વ. ૧૧ના પિંડવાડાના કોહીનુર, સુવિશુદ્ધ સંયમી; કર્મસાહિત્ય-સૂત્રધાર સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. ની ૨૬મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સવારે પ્રભાતફેરી, ગુણાનુવાદ સભા, શ્રી પ્રેમસૂરીશ્વરરાસનું ગીત-સંગીત પાર્ટી સાથે ગવાશે, સાંજે કુમારપાળ મહારાજાની આરતીનો ભવ્ય કાર્યક્રમ, બપોરે શ્રી ભક્તામર મહાપૂજન શ્રી વિજય પ્રેમસૂરી જૈન યુવક મંડળ તરફથી થશે. દરેક પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ થનાર છે. ૧૧ છોડનું ઉજમણુ, ભારતભરના ૧૦૦ ઓળીના આરાધકોનું વિશિષ્ટ બહુમાન, રંગોળી રચનાઓ તેમજ ધાર્મિક પાઠશાળાના શિક્ષકોનું યોગ્ય બહુમાન થશે. શ્રી સંઘ તરફથી તા. ૨૦-૫-૯૪ થી ૩૦-૫-૯૪ સુધી બામણવાડજી તીર્થમાં ધાર્મિક શિબિર થનાર છે, જેમાં ધોરણ ૮ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને લેવામાં આવનાર છે.

● માઉન્ટઆબુ-અચલગઢ ઉપર શિબિર

પૂ. આ શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજીમ. શ્રી રાજીકાવાસમાં ભવ્ય પ્રતિષ્ઠા ઉજવ્યા બાદ અચલગઢ વાચના આપવા પધારનાર હોઈ તા. ૨૭-૫- થી ૫-૬-૯૪ સુધીની આધ્યાત્મિક શિબિરનું આયોજન થયેલ છે. સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓને ખાસ લાભ લેવા જેવો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૩૨,તા.૪-૬-૧૯૯૪

## 'દહાણુંરોડમાં દીક્ષા મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો'

શ્રી શાંતિનાથ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ દહાણુંરોડના આંગણે શાસન પ્રભાવક પૂ. પં. શ્રી વિમલસેનવિજયજી મહારાજ, તપોમૂર્તિ વયોવૃદ્ધ, મુનિરાજ શ્રી દેવસુંદર વિ. મ. હજારો નવયુવાનોના રાહબર સુપ્રસિદ્ધ પ્રવચનકાર પૂ.પં. શ્રી રત્નસુંદરવિજયજી મ. તથા મહોત્સવના મુખ્ય માર્ગદર્શક પૂ. મુનિરાજશ્રી નંદિભૂષણ વિ. મ. સા. આદિ ઠાણાઓની નિશ્રા તથા પાંચ સમુદાયના પૂ. સાધ્વીજી મ.સા. આદિ ઠાણાઓની નિશ્રા તથા પાંચ મંગલ સાનિધ્યમાં વતન ખંભાત મુંબઈ નિવાસી મુમુક્ષુ હેમંતકુમાર ભદ્રિકભાઈ શાહ, તથા વતન નાસિક નિવાસી કુમારી સોનલબેન નવિનચંદ્ર શાહના જૈન ભાગવતિ પ્રવજ્યા મહોત્સવ સહિત વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો હસ્તિનાપુર નગરીમાં, ખંભાત, અમદાવાદ, મુંબઈ, થાણા જિલ્લા સહિતના મહારાષ્ટ્રના સેંકડો ગામોના જૈન, જૈનેતરોની વિશાળ માનવ મેદનીની ઉપસ્થિતીમાં ઉજવાયેલ છે. બપોરના સમયે એકસો પચાસ (૧૫૦) બાલક-બાલિકાઓની જ્ઞાનસંસ્કાર શિબિરમાં પૂ. મુનિરાજ શ્રી પદ્મસુંદરવિજયજી મ.નું પ્રેરક ઉદ્‌બોધન તથા શિબિર સંચાલક શ્રી નરેન્દ્ર કામદાર ગઢડાવાળા દ્વારા 'માની મમતા' હૃદયસ્પર્શી સંવાદ રજુ થયેલ.

પૂજ્ય ગુરુદેવોએ તા. ૪ મે ના ભવ્ય સામૈયા સાથે પ્રવેશ કર્યો ત્યારથી સતત ૧૫ દિવસ સુધી જાહેર વ્યાખ્યાનોમાં હિન્દુ-મુસ્લીમ, શીખ, પારસી આદિ બુદ્ધિજીવીઓનો માનવ મહેરાણ ઉમટયો હતો, વર્ધમાન તપોનિધી સ્વ. પૂ.આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ની ચૈત્ર વદી-૧૩ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ પ્રસંગે શ્રી રત્નસુંદર વિ. મ. સા. લીખીત પુસ્તક "મૃત્યુ જ્યારે ખુદ મરે છે"નું વિમોચન શ્રી બીપીનચંદ્ર ચીમનલાલ શાહ નંદરબારવાળાના હસ્તે થયેલ. હંમેશા સવારના નૌકારશી તથા બપોર તથા સાંજના મહેમાનો વગેરેના સ્વાગત માટે સ્વામિવાત્સલ્ય વિવિધ પૂજા, આંગી તથા અબોલ જીવોના માટે જીવદયા



ફંડમાં દાતાઓએ અતિ ઉદારતાથી દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો. અખાત્રીજના દિવસે પાંચ પૂ. સાધ્વીજી મ. સા. સહિત તપસ્વી ભાઈ-બહેનોના મહાન વરસીતપ વ્રતના પારણા થયેલ.

તા. ૧૫-૫-૯૪ રવિવારે બન્ને દીક્ષાર્થીના વરસીદાનનો ભવ્યાતિભવ્ય વરઘોડો બપોરે પૂ. શ્રીના જાહેર પ્રવચન સાથે લોકકવિ શ્રી રામભાઈ કાગનું જાહેર વકતવ્ય તથા લાયન્સ પાર્કના વિશાળ મંડપમાં શ્રેષ્ઠીવર્ષ હિંમતમલ રૂગનાથજી બેડાવાળાના પ્રમુખસ્થાને અને શ્રીમાન ભાણાભાઈ સોમચંદ ચોકસી તથા શ્રી મીશ્રીલાલજી કોઠારી અમલનેરના અતિથિપદે દીક્ષાર્થી તથા તેમના માતાપિતા અને વિશિષ્ઠ વ્યક્તિઓના સન્માન સમારોહમાં દિવ્ય દર્શનના તંત્રી શ્રી કુમારપાળ વિ. શાહ, રત્નત્રયી ટ્રસ્ટના શ્રી કલ્પેશભાઈ શાહ, બારડોલીના યુવા અગ્રણી શ્રી દીપકભાઈ શાહ તથા શ્રી અશોકકુમાર રમણલાલ વજેચંદ શાહ તથા શ્રી જયેશભાઈ ભણશાલી અમદાવાદ વગેરે મહાનુભાવોના સારગર્ભિત પ્રવચનો થયા હતા. રાત્રે ભક્તિભાવનાની રમઝટ જામી હતી.

દહાણુંરોડના ઈતિહાસમાં અત્યંત યશસ્વી એવા આ ધાર્મિક કાર્યક્રમો શ્રી સંઘના ટ્રસ્ટીઓ તથા દીક્ષા મહોત્સવ સમિતિના કર્મઠ કાર્યકર્તાઓ, ઉત્સાહી નવયુવાનો, મહિલા મંડળની બહેનો વગેરે સર્વના અનુપમ સહયોગથી ધાર્મિક ઉલ્લાસ સાથે દરેક પ્રસંગો ભવ્યતાથી ઉજવાયેલ છે.

● **સુરત :-** ૐકારસૂરી આરાધના ભવન ખાતે પૂ. આ. શ્રી ભદ્રગુપ્તસૂરિ મ.સ, પૂ. આ શ્રી પ્રબોધચંદ્રસૂરિ મ., મુનિશ્રી પૂર્ણાનંદસાગરજી મ. આદિની નિશ્રામાં યુગપ્રવર્તક, શાસન શિરોમણી, યુવા પ્રતિબોધક પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પ્રથમ વાર્ષિક તિથિ નિમિત્તે ગુણાનુવાદ સભા થયેલ. જેમાં પૂજ્યશ્રીને વંદના કરતા જણાવેલ કે 'સમસ્ત જૈન શાસનની યુવાપેઢીને ધર્મ દેશનાના અમૃતસિંચન દ્વારા સંસ્કાર સભર કરી છે આપે... શાસ્ત્રદોહન દ્વારા આપ જે સત્યોને જાણી અને માણી શક્યા હતા તે સત્યોને શાસન સ્થાપીત કરવા સ્વસ્થપણે, પૂર્ણસાધુતા સાથે, જીવનભર આપ દૃઢતાપૂર્વક પ્રયત્નશીલ રહ્યા હતા... આપનું જીવન, આપની પુન્યવંતી યાદો અમને તારશે જ ગુરુવર્ય... સાદર... કર જોડી વંદના કરીએ છીએ આપને આજે...' આ આયોજન શ્રી જૈન શ્વે. મૂ. તપાગચ્છ ગોપીપુરા સંઘ, શ્રી કૈલાસનગર જૈન સંઘ, શ્વે. મૂ. જૈનસંઘ નાનપુરા, શ્રી ભટારરોડ જૈન સંઘ, શ્રી ધાણધાર જૈન મિત્રમંડળ, શ્રી નવકાર યુવા ગૃપ તથા સુરતના અનેક સંઘોના અગ્રણીઓએ કરેલ. બપોરે શ્રી છનાલાલ નહાલચંદ પરિવાર તરફથી શ્રી ભક્તામરપૂજન, રાત્રે ભાવના આંગી વગેરે ભવ્ય રીતે ઉજવાયા.

• **નડીયાદ :-** અત્રેના નૂતન મંદિરની શિલાસ્થાપન વિધિ તપસ્વી પૂ.મુનિશ્રી વરબોધિવિજયજી મ.શ્રીની નિશ્રામાં થતા શ્રી સંઘ તરફથી સવારે નવકારશી તથા બપોરે સ્વામીવાત્સલ રાખવા ઉપરાંત ૪૬૦ આયંબીલો મંગળ નિમિત્તે થયેલ. દરેક તપસ્વીને રૂા. ૩૫ અને મીઠાઈના પેકેટથી ભક્તિ કરેલ. પૂજ્યશ્રીની પ્રેરણાથી રૂા. ૫૧૨૧,ની કાયમી સાધારણ ફંડની તિથિ નક્કી કરતા ટપોટપ ૫૪ તિથિ તુરત નોંધાઈ. બપોરે શ્રી સિદ્ધચક્રપૂજન ભણાયેલ.

• **અમદાવાદ-નરોડા :-** હરિપાર્ક સોસાયટીમાં શ્રી ગૌતમ શ્વે. મૂ. જૈન સંઘના ઉપક્રમે **નૂતન જૈન મંદિર અને ઉપાશ્રયના ખાતમુહૂર્ત અને શિલાસ્થાપન વિધિ પૂ. પં. શ્રી પદ્મસેનવિજયજી મ.શ્રી આદિની નિશ્રામાં સુંદર રીતે થઈ.** મધુરવક્તા પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.શ્રીની પ્રેરણાથી ઉપાશ્રય માટે પ્રાથમિક સારી રકમ પ્રાપ્ત થઈ છે. દાનવીર દાતાઓને દેરાસર અને ઉપાશ્રય માટે રકમ નીચેના સરનામે મોકલી આપવા વિનંતી કરેલ છે. ગૌતમ શ્વે. મૂ. જૈન સંઘ હરિપાર્ક સોસાયટી, નીકોલરોડ, નરોડા-અમદાવાદ-૩૮૨૩૨૫.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૩૩, તા.૧૧-૬-૧૯૯૪

• **ગીરધરનગરમાં ચાતુર્માસપ્રવેશ અને ગણિપદ-પ્રદાન મહોત્સવ :-** ગચ્છાધિપતિ સિદ્ધાંતદિવાકર પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.ની અનુજ્ઞા શુભાશિષથી સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ વર્ધમાનતપોનિધિ આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય મ. સા., તપસ્વી પૂજ્ય શ્રી યોગીન્દ્ર મ. સા. આદિ ઠાણાનો ચાતુર્માસ ભવ્ય પ્રવેશ ગીરધરનગર (અમદાવાદ)માં જેઠ સુદ ૪, સોમવાર તા. ૧૩-૬-૯૪ના શુભ દિવસે થશે. ગીરધરનગરમાં જેઠ સુદ ૧૨, સોમવાર તા. ૨૦-૬-૯૪ના શુભ દિવસે મુનિ શ્રી ભુવનસુંદરવિજયજી મ. તથા મુનિ શ્રી ગુણસુંદરવિજયજી મ.ની ગણિપદવી થશે. આ પાવન પ્રસંગે સૌને પધારવા નમ્ર વિનંતી છે. ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ થનાર છે.

• **પુના :-** સિદ્ધાંતમહોદધિ પૂ.આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ની ૨૬ મી વાર્ષિક તથા સંઘહિત-ચિંતક પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની ૧૪મી માસિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ. પં. શ્રી જગવલ્લભવિજયજી મ.શ્રી આદિની નિશ્રામાં મહાપૂજનો સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર ગુરુવાર પેઠમાં ગુણાનુવાદ સભા મંત્રાધિરાજ પાર્શ્વનાથમહાપૂજન, શ્રી ગૌતમલબ્ધિપૂજન તથા શ્રી પાર્શ્વપદ્માવતીમહાપૂજન થયું. શ્રી આગમમંદિર કાત્રજમાં ત્રણ દિવસનું શ્રી અર્હદ્‌મહાપૂજન થયું. વિધિવિધાન માટે શ્રી ભિખુભાઈ કટારીયા, અરવિંદભાઈ શાહ નિપાણીવાળા તથા જયેશભાઈ બોરસદવાળા પધારેલ. શ્રી ધર્મચક્ર ઓર્કેસ્ટા પાર્ટી, જિન સેવામંડળ નિપાણીવાળાએ પ્રભુભક્તિની રમઝટ મચાવેલ. ૐ ધર્મચક્ર ભક્તિમંડળના બાળકોએ ભક્તિનૃત્યો કરી સૌને ભક્તિમાં ગુલતાન કરેલ.

• **રાઉ :-** મધ્યપ્રદેશ - ઇંદોરથી માત્ર ૧૧ કિ.મિ. દૂર આવેલ રાઉ નગરે દેવાસવાસી શાંતીલાલજી ચોરડીયા તથા રતલામવાસી શ્રી ચેતનજી કશ્યપના શુભ હસ્તે **'શ્રી પ્રેમસૂરિ ઉપાશ્રય'** નું ઉદ્‌ઘાટન તથા શંખેશ્વરપાર્શ્વનાથ મંદિરનું ભૂમિપૂજન પૂ. મુનિરાજ શ્રી અશ્વસેનવિજયજી મ. તથા માલવરત્ન પૂ. પં. શ્રી વીરરત્નવિજયજી મ. શ્રીની નિશ્રામાં વૈ. વ. ૧૨ના દિવસે ભવ્ય રીતે થયું. શ્રી નવપદજી પૂજા તથા સાધર્મિક વાત્સલ્ય આદિ સુંદર થયું.

• **મલાડ (ઈસ્ટ) :-** શ્રી હીરસૂરિજી જૈન શ્વે. મૂ. તપગચ્છ ટ્રસ્ટ તથા નવકારપીઠના આરાધકો તરફથી શ્રી નમસ્કાર મહામંત્રના ચિંતક - આરાધક - સાધક પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ.ના મનનીય ગ્રંથોનો સંગ્રહ કરી **'ત્રૈલોક્યદીપક મહામંત્રાધિરાજ'** નામનો ૭૫૦ પાનાનો દલદાર ગ્રંથ તૈયાર કર્યો છે. તે ગ્રંથનું વિમોચન વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન મધુરવક્તા પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. શ્રીની નિશ્રામાં શ્રેષ્ઠી શ્રી શશીકાંતભાઈ મહેતાના શુભ હસ્તે થયેલ. નવકાર મહામંત્રના આરાધક શ્રેષ્ઠી શ્રી હિંમતભાઈ બેડાવાળા, અતુલભાઈ આદિએ **"નવકાર કરે ભવપાર"** વિષય ઉપર સુંદર ઉદ્‌બોધન કરેલ. હીરસૂરિ ઉપાશ્રયે છેલ્લા બે વર્ષથી ચોવીસે કલાક અખંડપણે નવકાર મહામંત્રનો જાપ ચાલી રહ્યો છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૩૪, તા.૧૮-૬-૧૯૯૪

• **શાહપુર :-** અત્રેના જિનમંદિરની ૭૫ મી વર્ષગાંઠની ઉજવણી તથા સ્વ. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની વાર્ષિક તિથિ નિમિત્તે દશાહ્નિકા જિનેન્દ્રમહોત્સવ યુવાસમ્રાટ પૂ. પં. શ્રી હેમરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં ભવ્ય ઉજવાયો. પૂજ્યશ્રીએ ગુણાનુવાદ સભામાં સ્વ. આચાર્યદેવશ્રીના

જીવનની અનોખી ઘટનાઓ અને એમના ચારિત્રજીવનની સ્મરણગાથાઓને જણાવતા શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા. શાંતિસ્નાત્રજલ ધારાવાડી નીકળતા જૈનેતરોએ શાંતિકળશને પોતાના ઘરઆંગણે ચોખા-પતાસા અને પૈસાથી વધાવેલ. પંન્યાસજીના પ્રવચનોથી યુવાનોએ પાન મસાલા વગેરેનો ત્યાગ કર્યો હતો. ભીવંડીનગરે થનાર તા. ૧૦-૧૧-૧૨ ની યુવા ઉત્કર્ષ શિબિરમાં યુવાનોએ સારી સંખ્યામાં લાભ લીધેલ છે.

● **ઈડર :-** દીર્ઘસંયમી પ. પૂ. સાધ્વી શ્રી ઉમંગશ્રીજી મ. સા છેલ્લા ૧૦ માસથી બીમારીને સમ્યગ્ રીતે સહન કરતા વૈ. સુ. ૧૦ના નશ્વરદેહનો ત્યાગ કર્યો. પૂજ્યશ્રીએ ૧૯૮૯ કા. વ. ૫ના ૨૪ વર્ષની ભરયૌવને દીક્ષા અંગીકાર કરી જીવનમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની સુંદર આરાધના કરી ગયા. (શ્રદ્ધાંજલિ)

**"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૪૨,અંક-૩૫, તા.૧૫-૬-૧૯૯૪**

● **સુરત :- ૐકારસૂરી આરાધના ભવન**-પ્રવર્તક પ્રવર પૂ. ધર્મગુપ્તવિજયજી મ. તથા તપસ્વીરત્ન પૂ. પં. શ્રી જયસોમવિજયજી મ. શ્રીની નિશ્રામાં વૈ. વ. ૧૧ સ્વ. સિદ્ધાંતમહોદધિ આ. વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની ૨૭મી વાર્ષિક તિથિ નિમિત્તે ગુણાનુવાદ સભા યોજાયેલ. પૂજ્યશ્રી તેમજ ટ્રસ્ટી શ્રી સેવંતીભાઈ આદિ તેમજ ધાણધાર મિત્રમંડળના પ્રમુખશ્રીએ આચાર્યદેવશ્રીના જીવન પ્રસંગ પર સુંદર પ્રકાશ પાથરેલ. સમકિતમંડળની બેનોએ પૂજા ભણાવેલ. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ દેરાસરે ઝવેરાતની આંગીની રચના થતા દર્શનાર્થે સારી સંખ્યામાં લોકો પધારેલ.

● **વાકૃગામ (પુના) :-** અત્રે પુનર્નિર્મિત શિખરબંધી જિનાલયમાં શ્રી ચંદ્રપ્રભસ્વામિ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા નિમિત્તે પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણ-વિજયજી મ. શ્રી આદિની નિશ્રામાં દસ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. પૂજ્યશ્રી વડગામ નગરે શ્રી સંભવનાથ ભગવાનના જિનાલય તથા ભૂમિપૂજન પ્રસંગે પધારશે.

● **અમદાવાદ - ગીરધરનગર :-** અત્રે શ્રી આદીશ્વર ભગવાનની ૪૧ મી વર્ષગાંઠ-ગણિપદવી પ્રસંગ સુંદર ઉજવાયો. ૧૮ અભિષેકપૂજન તેમજ મંદિરના શિખર પરના કળશો સોનાથી મઢીને ચઢાવ્યા. વરઘોડામાં પ્રભુજીનો રથ શણગારેલ. ૪૫ આગમ તથા નૂતનધ્વજાઓને ૫ બગીઓ શણગારી પધરાવેલ. ૬ ઠ્ઠી બગીમાં આગમપુરુષનો ભવ્ય છોડ તથા સાતમી બગીમાં સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય



ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની વિશાળ પ્રતિકૃતિ રાખવામાં આવેલ. વરઘોડો ઉતર્યા બાદ નૂતનધ્વજ ચડાવ્યા બાદ સાધર્મિક વાત્સલ્ય થયું. સુદ ૧૨ના સવારે ૮ વાગે વિશાળ મંડપમાં પૂ. મુનિ શ્રી ભુવનસુંદરહવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી ગુણસુંદરવિજયજી મ.ને ગણિપદ પ્રદાનની ક્રિયા પૂ.ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી મ., પ્રવર્ત્તક યોગેન્દ્રવિજયજી મ., પૂ. પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી મ., પૂ. પં. શ્રી કુલચંદ્રવિજયજી મ. આદિ ૮૩ સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં શરૂ થઈ. મંગળમુહૂર્તે ગણિપદ - ગણિવિદ્યાયંત્ર અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે જીવદયાની ૪૮, હજારની ટીપ થયેલ. ૩૦-૩૦, ત્રીસ રૂપીયાથી કુટુંબી તરફથી ગીરધરનગર સંઘના સભ્યોને ૫૦૦ ગ્રામ સાકરના પડીકા અપાયા, ૪૫ છોડની રચનાપૂર્વક શ્રી પીસ્તાલીશ આગમની પૂજા ભણાવાઈ.

● **વાટી- (ઉદયપુર-રાજસ્થાન) :-** શાસનપ્રભાવક તપસ્વી મેવાડ દેશોદ્ધારક પ. પૂ. આચાર્યદેવશ્રી વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની પુણ્યનિશ્રામાં વૈ. વ. ૭ના પ્રતિષ્ઠા મહોત્સવ ખુબ સુંદર રીતે ઉજવાયો. નાનું ગામ છતાં સંઘનો ઉલ્લાસ અવર્ણનીય હતો. પ્રતિષ્ઠાની ઉછામણી કલ્પના બહાર ખૂબ સારી થઈ. વૈ. વ. ૧૦ના રાવલીયા મુકામે પ્રતિષ્ઠા પ્રસંગ પણ શાસનપ્રભાવના પૂર્વક ઉજવાયો. પૂજ્યશ્રીને ઉદયપુર સંઘની ચાતુર્માસની જોરદાર વિનંતી છે.

● **ચાતુર્માસ પ્રવેશ :** મુંબઈ, ગોરેગાંવ (જવાહરનગર) જૈન શ્વે. મૂ. ત. સંઘની ચાતુર્માસની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા, પૂ. પ્રવર્તક શ્રી જિનરત્નવિજયજી મ., પં. શ્રી જયસોમવિજયજી મ. આદિ પરિવાર સાથે **અષાઢ સુદ-૨, રવિવાર તા. ૧૦-૭-૯૪** ના સવારે ૮ વાગે સામૈયું થશે.

❋ બહારગામથી પધારનાર મહાનુભાવોની સાધર્મિક ભક્તિ શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ છે.

❋ ચાતુર્માસ દરમિયાન રોજ સવારે ૯ થી ૧૦ પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી **ધર્મ બિન્દુ** ગ્રન્થ પર મધુરી દેશના આપશે તેમજ દર રવિવારે ૮-૪૫ થી ૧૦-૦૦ સુધી **જિનાજ્ઞાના મર્મો** આ વિષય પર જાહેર પ્રવચનો આપશે...

**હવેથી પૂજ્યશ્રી સાથે પત્રવ્યવહારનું સરનામું**

C/o. **શ્વેતાંબર જૈન ઉપાશ્રય,** ૯૫, જવાહરનગર રોડ નં. ૫, **મુંબઈ-ગોરેગાંવ** (વેસ્ટ)

● **મુંબઈ-ઘાટકોપર :-** શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસર ઉપાશ્રયમાં ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ. તથા મધુરવક્તા પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. શ્રી આદિ ઠા. ૫૦ની નિશ્રામાં પૂ. મુનિરાજ શ્રી ઈન્દ્રયશવિજયજી મ.શ્રીની ગણિપદવી મહોત્સવ સુંદર ઉજવાયો. પાંચ દિવસના જિનેન્દ્રભક્તિ મહોત્સવમાં પૂજ્યશ્રીના પ્રવચનો - પ્રભાવનાદિ થયા. નૂતનગણિશ્રીના સંસારી કુટુંબીઓનો ઉત્સાહ અજોડ હતો.

● **અમદાવાદ :- પંજક સોસાયટી** જૈન સંઘમાં **પૂ. પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી મ.** આદિનો ચાતુર્માસ પ્રવેશ તા. ૧-૭-૯૪ના સવારે ભવ્ય સ્વાગત સાથે થયો. સામૈયું શ્રી લક્ષ્મીવર્ધક જૈન ઉપાશ્રયેથી ચડી મુખ્ય માર્ગે આવતા ઠેરઠેર ગહુંલીઓથી પૂજ્યશ્રીને વધાવ્યા. સામૈયું સ્વ. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના. અગ્નિસંસ્કાર કરેલ પુણ્યભૂમિએ પધારેલ. ત્યાંથી શ્રી સંભવનાથ દેરાસરે થઈ ઉપાશ્રય પધારતા વ્યાખ્યાન હોલ ચિક્કાર ભરાઈ ગયેલ. પૂ. મુનિરાજ શ્રી ભદ્રેશ્વર વિ. મ. તથા પૂ. મુનિરાજ શ્રી જિનહંસવિજયજી મહારાજે મંગલ પ્રવચન ફરમાવેલ. રૂ. ૪, થી સંઘપૂજન થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪૨,અંક-૩૮,તા.૧૬-૭-૧૯૯૪

● **રાજકોટ :-** માંડવીચોક પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી પ. પૂ. પં. શ્રી વિદ્યાનંદવિજયજી મ. શ્રી આદિ ૫નો ચાતુર્માસ પ્રવેશ ધામધૂમપૂર્વક થયો. બાદ પ્રસિદ્ધ વક્તા પૂ. મુનિ શ્રી ચંદ્રજીતવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી નિપુણચંદ્રવિજયજી મ.ને ગણિપદવીથી વિભુષિત કરવામાં આવેલ. પંન્યાસજી મ.ના ગુરુદેવ (સંસારીપણે પિતાશ્રી) મુનિ શ્રી જયવર્ધનવિજયજી મ.ની ૨૭મી પુણ્યતિથિ નિમિત્તે અષાઢ સુદ ૪ના શ્રી સિદ્ધચક્રમહાપૂજન ભણાવાયું.

● **મલાડ-ઈસ્ટ :-** અત્રે હીરસૂરિ જૈન ઉપાશ્રયે મુનિ શ્રી નંદીશ્વરવિજયજી મ. તથા પ્રવચનકાર પૂ. મુનિ શ્રી કલ્પરત્નવિજયજી મ.નો ચાતુર્માસ પ્રવેશ સુંદર થયો. પ્રવચન પ્રસંગે સ્વ. ગચ્છાધિપતિ આ. વિજય ભુવભાનુસૂરીશ્વરજી મ. લિખિત **"સમાધિનો ખજાનો"** પુસ્તિકાનું સંપાદન પૂ. મુનિ શ્રી કલ્પરત્નવિજયજી મહારાજે કરેલ છે તેનું વિમોચન કરવામાં આવેલ.





## સિદ્ધાંત મહોદધિ-સ્વર્ગસ્થ પ.પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના સાધુ ભગવંતોની વિ.સં.૨૦૫૦ની ચાતુર્માસ સૂચિ...

## વર્તમાન ગચ્છાધિપતિ : સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ.પ.પૂ.આ.શ્રી વિજયભુવનભાનુ સૂ. મ.સા.ના પટ્ટધર-સિદ્ધાંત દિવાકર પ.પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.

૧. પ. પૂ. આ. શ્રી હિમાંશુ સૂ મ. પ. પૂ. આ. નરરત્ન સૂ મ. આદિ-૪ સેફાલી એપાર્ટમેન્ટ, સી-૨ લાવણ્ય સોસાયટી પાછળ, વાસણા, **અમદાવાદ**

૨. Pujya Acharya Shree DhanpalSoorishvarji Maharaj P. Shree Chatur V. M. Others-4, Shree Shantinath Jain Mandir, Kanchnagar Gali, **HUBLI,** Karnataka-580028

૩. પ. પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી જયઘોષ સૂ.મ., પ્ર. શ્રી જિનરત્ન વિ.મ.પં. શ્રી જયસોમ વિ.મ.ઠા.-૧૪, શ્વેતાંબર જૈન ઉપાશ્રય ૯૫, જવાહરનગર રોડ-૫, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૨, સંપર્ક ફોન નં. ૮૭૨૧૮૯

૪. પ. પૂ. આ. શ્રી ભદ્રગુપ્ત સૂ.મ. પૂ.આ.શ્રી ધર્મગુપ્ત વિ.મ. આદિ-૮, ચિંતામણી પાર્શ્વનાથ જૈન પેઢી, મધુમતિ, નવસારી-૩૯૬૪૪૫.

૫. પ. પૂ. આ. શ્રી રાજેન્દ્ર સૂ.મ. આદિ-૩, મહાસુખ ભવન, ૧૬, સરોજિની રોડ, પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

૬. પ. પૂ. આ. શ્રી હેમચંદ્ર સૂ.મ. આદિ-૮, જૈન દેરાસર, સાઈનાથનગર, સંઘાણી **ઘાટકોપર** (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

૭. પ. પૂ. આ. શ્રી જીતેન્દ્ર સૂ.મ. જૈન શ્વે. મૂ. સંઘ આદિ-૫, આરાધના ભવન, માલદાસજી કી સહરી (રાજસ્થાન) **ઉદયપુર**-૩૧૩ ૦૦૧.

૮. પ. પૂ. આ. શ્રી જયશેખર સૂ.મ.ગ.શ્રી અભયશેખર વિ.મ.આદિ-૧૨, સાંડેરાવ જૈન ધર્મશાળા, તલાટી રોડ, **પાલીતાણા**-૩૬૪૨૭૦.

૯. પ. પૂ. આ. શ્રી જગત્ચન્દ્ર સૂ.મ., મુ.શ્રી નિર્વાણ વિ.મ. આદિ-૬, (જિ.સિરોહી), **પિંડવાડા**-૩૦૭૦૨૨ (રાજસ્થાન)

૧૦. પ. પૂ. આ. શ્રી ગુણરત્ન સૂ.મ. આદિ-૧૮, વાસુપૂજ્ય સ્વામિ, જૈન દેરાસર,

અમીઝરા ચોક, **સુરેન્દ્રનગર**-૩૬૩ ૦૦૧.

૧૧. પૂ. ઉપા. શ્રી યશોભદ્ર વિ. મ. પ્ર. શ્રી યોગીન્દ્ર વિ.મ., ગ.શ્રી ભુવનસુંદર વિ. મ., ગ.શ્રી ગુણસુંદર વિ.મ. આદિ-૬, ૯૮, ગીરધરનગર, જૈન ઉપાશ્રય, શાહીબાગ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૪.

૧૨. પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ.મ.ગ. શ્રી ઈન્દ્રજીત વિ.મ. ઠા.-૭ જૈન દેરાસર, ઉપાશ્રય, કૈલાસનગર, **સુરત**-૩૯૫ ૦૦૨.

૧૩. પૂ. પં. શ્રી વિમલસેન વિ. મ. મુ. શ્રી નંદીભૂષણ વિ.મ. ઠા.-૪ શીતલનાથ જૈન દેરાસર, ન્યુપ્લોટ, (જિ. જલગાંવ), **અમલનેર**-૪૨૫ ૪૦૧

૧૪. પૂ. મુ. શ્રી નંદિઘોષ વિ.મ., પં.શ્રી કીર્તિરત્ન વિ.મ. આદિ-૨, જૈન શ્વે. મૂ. પેઢી, જૈન દેરાસર, **કલોલ**-૩૮૨૭૨૧ (ગુજરાત)

૧૫. પૂ. મુ. શ્રી પદ્મસેન વિ.મ., મુ. શ્રી જિનહંસ વિ.મ. આદિ-૫, જૈન ઉપાશ્રય, પંકજ સોસાયટી, પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭, ફોન ૪૩૧૮૪૬

૧૬. પૂ. પં. શ્રી વિદ્યાનંદ વિ.મ. ગણિ શ્રી ચન્દ્રજીત વિ.મ. ગણિ શ્રી નિપુણચન્દ્ર વિ.મ. આદિ-૫, જૈન ઉપાશ્રય, માંડવી ચોક, **રાજકોટ**-૩૬૦ ૦૦૧

૧૭. પૂ. પં. શ્રી જયતિલક વિ.મ. મુ. શ્રી તત્ત્વદર્શન વિ.મ.ઠા.-૫ જીવણઅબજી જૈન ઉપાશ્રય, અરોરા ટોકીઝ પાસે, કીંગસર્કલ, **માટુંગા, મુંબઈ**-૪૦૦ ૦૧૯

૧૮. પૂ. પં. શ્રી જગવલ્લભ વિ.મ. આદિ-૩, પ્રેમસૂરિજી જૈન આરાધના ભવન, ૨૪, જુના બજાર, **પુના-ખડકી**-૪૧૧૦૦૩ (મહારાષ્ટ્ર)

૧૯. પૂ. મુ. શ્રી અશ્વસેન વિ.મ. પં. શ્રી વીરરત્ન વિ.મ. આદિ-૩, પ્રેમચંદજી વિમલચંદજી લુણાવત, મુ. **માતમોર** જિ. દેવાસ, તા. બાગલી (મધ્યપ્રદેશ)

૨૦. પૂ. મુ. શ્રી ગુણવર્ધન વિ.મ. આદિ-૨, જૈન મંદિર, જિ. રાજસમંદ, **દયાલશાહ કિલ્લા**-૩૧૩ ૩૨૬ (રાજસ્થાન)

૨૧. પૂ. મુ. શ્રી જયચંદ્ર વિ.મ. મુ.શ્રી પદ્મદર્શન વિ.મ. આદિ-૫, તપોવન સંસ્કાર ધામ, **ધારાગિરિ,** પો. કબીલપોર, નવસારી-૩૯૬૪૨૪.

૨૨. પૂ. મુ. શ્રી દેવસુંદર વિ. મ. પં.શ્રી રત્નસુંદર વિ.મ.આદિ-૮, મુનિસુવ્રત સ્વામિ જૈન દેરાસર, (સ્ટે.ધોલવડ), **બોરડી**-૪૦૧ ૭૦૧.

૨૩. પૂ. પં. શ્રી કુલચંદ્ર વિ.મ. મુ. શ્રી વરબોધિ વિ.મ. આદિ-૭, જૈન મહાજન પેઢી, ખજુરી પોળ, મોટા દેરાસર પાસે, **ઉંઝા**-૩૮૪૧૭૦.

૨૪. પૂ. પં. શ્રી હેમરત્ન વિ.મ. આદિ-૫, મોતીશા શ્રી આદીશ્વર જૈન દેરાસર ટ્રસ્ટ, ૧૦૮, મોતીશા લેન, **ભાયખલા,** મુંબઈ-૪૦૦ ૦૨૭



૨૫. પૂ. પં. શ્રી કનકસુંદર વિ.મ. આદિ-૨, વિજય ગચ્છ જૈન પેઢી, જૈન શાળા, **રાધનપુર**-૩૮૫૩૪૦ (બનાસકાંઠા)

૨૬. પૂ. પં. શ્રી જયસુંદર વિ.મ. આદિ-૩, કુંથુનાથ જૈન દેરાસર, એન્ડ્રુઝ રોડ, **શાંતાક્રુઝ** (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪

૨૭. પૂ. મુ. શ્રી વિશ્વાનંદ વિ.મ. આદિ-૨, સુપાર્શ્વનાથ જૈન મંદિર, નવી ચાલ, બજાર પેઠ, **ભીવંડી**-૪૨૧૩૦૨ (મહારાષ્ટ્ર)

૨૮. પૂ. મુ. શ્રી રાજપાલ વિ.મ. આદિ-૨, ૧૮૭, જૈન સોસાયટી, અભિનંદન સ્વામિ જૈન દેરાસર, હોસ્પિટલ પાસે, **સાયન** (વે.) મુંબઈ-૪૦૦ ૦૨૨.

૨૯. પૂ. ગ. શ્રી ઈન્દ્રયશ વિ.મ. મુ. શ્રી ભદ્રયશ વિ.મ. આદિ-૨, દેવકરણમૂળજી જૈન દેરાસર, આનંદ રોડ, સ્ટેશન સામે, **મલાડ** (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૬૪.

૩૦. પૂ. ગ. શ્રી યશોભૂષણ વિ.મ. આદિ-૩, આરાધના ભવન, નવકાર ફલેટ પાસે, વાસણા, **અમદાવાદ**-૩૮૦૦૦૭

૩૧. પૂ. મુ. શ્રી મુક્તિદર્શન વિ.મ. આદિ-૨, વાસુપૂજ્ય સ્વામિ જૈન દેરાસર, ૪૫, ઝવેર રોડ, **મુલુંડ** (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦

૩૨. પૂ. મુ. શ્રી નંદીશ્વર વિ.મ.મુ.શ્રી કલ્પરત્ન વિ.મ. આદિ-૨, શ્રી હીરસૂરિ જૈન ઉપાશ્રય, દફતરી રોડ, દેના બેંક પાસે, **મલાડ** (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭

૩૩. પૂ. મુ. શ્રી વિશ્વકલ્યાણ વિ.મ. આદિ-૩, ગોડીપાર્શ્વનાથ જૈન મંદિર, મેઈન બજાર, **ઘોડ નદી**-૪૧૨ ૨૧૦ (જિ.પુના) (મહારાષ્ટ્ર)

૩૪. પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિ.મ. મુ.શ્રી મહાબોધિ વિ.મ. ઠા.-૩, બાબુ અમીચંદ પનાલાલ જૈન દેરાસર, ૪૧, રીઝ રોડ, તીનબત્તી, વાલકેશ્વર, **મુંબઈ**-૪૦૦૦૦૬

૩૫. પૂ. મુ. શ્રી નેત્રાનંદ વિ.મ. આદિ-૨, સુપાર્શ્વનાથ જૈન ઉપાશ્રય, ઈન્દ્ર ભુવન, ૧૦૧, વાલકેશ્વર રોડ, **મુંબઈ**-૪૦૦ ૦૦૬

૩૬. પૂ. મુ. શ્રી મુક્તિવલ્લભ વિ.મ. આદિ-૫, શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર, દોલતનગર, **બોરીવલી** (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬

૩૭. પૂ. મુ. શ્રી કીર્તિદર્શન વિ.મ. આદિ-૨, જૈન શ્વે. મુ.સંઘ, ગાંધીચોક, (જિ. સાંગલી), **ઈસ્લામપુર**-૪૧૫૪૦૯ (મહારાષ્ટ્ર)

૩૮. પૂ. મુ. શ્રી મેઘદર્શન વિ.મ. આદિ-૬, જૈન દેરાસર-ઉપાશ્રય, રીસાલા બજાર, **નવા ડીસા**-૩૮૫ ૫૩૫

૩૯. પૂ. મુ. શ્રી જિનસુંદર વિ.મ. આદિ-૨, ૐકાર સૂરિ આરાધના ભવન,

ગોપીપુરા, સુભાષ ચોક, **સુરત**-૩૯૫ ૦૦૧.

૪૦. પૂ. મુ. શ્રી હંસકીર્તિ વિ.મ. આદિ-૬, તપોવન સંસ્કાર પીઠ, પો.સુઘડ, વાયા : ચાંદખેડા, જિ. ગાંધીનગર, **અમીયાપુર**-૩૮૨૪૨૪ (ગુજરાત)

૪૧. પૂ. મુ. શ્રી ધર્મરક્ષિત વિ.મ. આદિ-૨, આરાધના ભવન, ૨૮૯, એસ.કે. બોલે રોડ, **દાદર** (વે.), મુંબઈ-૪૦૦ ૦૨૮

૪૨. પૂ. મુ. શ્રી સંયમબોધિ વિ.મ. આદિ-૩, ૪૫, એમ.જી. રોડ, ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર, **પાર્લા** (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭

૪૩. પૂ. મુ. શ્રી હેમદર્શન વિ.મ. આદિ-૨, ૧૦૬, કરમચંદ જૈન પૌષધશાળા, એસ.વી. રોડ, **ઈર્લા બ્રીજ**, મુંબઈ-૪૦૦ ૦૫૬

## ● આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વર જૈન સ્મૃતિમંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે આમંત્રણ ●

સાધર્મિકબંધુ...સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્યનિષ્ણાત સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર શ્રી સંઘ હિતચિંતક, વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ મુકામે વિ.સં. ૨૦૪૯ ચૈ.વ. ૧૩ના સમાધિપૂર્વક કાળધર્મ પામેલ. એઓશ્રીનો અગ્નિસંસ્કાર શ્રી પંકજ જૈન શ્વે. મૂ. સંઘની પુણ્યભૂમિમાં કરવામાં આવેલ.

પૂજ્યશ્રી સી.એ.ની સમકક્ષ જી.ડી.એ.ની ફર્સ્ટ કલાસથી ડીગ્રી પ્રાપ્ત છતાં એનો ત્યાગ કરી ભરયુવાનીમાં સંયમી બનેલા. વર્ધમાનતપની ૧૦૮ ઓળીની આરાધના સાથે દર્શનશાસ્ત્રના નિપુણ બની ન્યાયવિશારદ તરીકે જૈન શાસનમાં બહુમાન પામ્યા. વ્યાખ્યાન-વાચના અને શિબિરો દ્વારા હજારો ગુમરાહ યુવાનોને શ્રાવકો તથા અનેકને ચારિત્રમાર્ગે વાળીને કુશળ વક્તા-લેખક-ચિંતક અને સુસંયમી સાધુઓની જૈન શાસનને ભેટ આપી છે. સવા બસોથી અધિક શ્રમણોના તેઓ કુશળ શિલ્પી હતા. **"દિવ્ય દર્શન"** સાપ્તાહિક દ્વારા ૪૨ વર્ષથી લાખો વાચકોને વૈરાગ્યરસમાં ઝીલતા કર્યા છે. એમને કરેલા ઉપકારો ભારતભરના સંઘો કદાપી નહિ વિસરે. અમોએ એમના ઉપકારોની કાયમી સ્મૃતિ રહે તે અંગે ગુરુમંદિર તથા ભવ્ય ઉપાશ્રય નિર્માણ કરવાનું નિર્ધાર્યું છે. તે અંગે કાર્યક્રમ આ પ્રમાણે-

● **સમય** : વિ.સં. ૨૦૫૦ અષાડ સુદ ૧૧ મંગળવાર તા. ૧૯-૭-૯૪ સવારે કલાક ૫-૩૦ મિનિટે.

● **નિશ્રા** : અત્રે ચાતુર્માસ બિરાજમાન **પૂજ્ય પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી ગણિવર્ય** તેમજ અમદાવાદ બિરાજમાન પૂ. આચાર્યભગવંત આદિ સૌને વિનંતિ કરેલ છે. અનુકૂળતા મુજબ પધારશે.

**-: ખાત મુહૂર્ત કરનાર ભાગ્યશાળીઓ :-**

શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ

લલીતકુમાર રતનચંદ કોઠારી-મુંબઈ

રજનીકાંત કેશવલાલ શાહ-મુંબઈ

બીપીનચંદ્ર ચીમનલાલ (નંદરબાર)

લક્ષ્મીચંદભાઈ નાનજીભાઈ ગડા-મુંબઈ

વર્ધમાનભાઈ મોહનભાઈ શેઠ

નરેશભાઈ અમૃતલાલ શાહ-માટુંગા

આ પ્રસંગે આપ સૌને પધારવા ભાવભર્યું આમંત્રણ શ્રી પંકજ સોસાયટી, જૈન સંઘ (પાલડી-ભઠ્ઠા) તરફથી કરવામાં આવેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૪૨,અંક-૪૨,તા.૧૩-૮-૧૯૯૪**

● **બોરડી** :- પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી જયઘોષસૂરિજી મ.ની આજ્ઞાથી પૂ. મુનિશ્રી દેવસુંદરવિજય મ. તથા પ્રખરવક્તા પૂ. પં. શ્રી રત્નસુંદરવિજયજી મ.નો ચાતુર્માસ પ્રવેશ ઠાઠથી થયો. પૂ. પંન્યાસજી મ. લિખિત 'પાનખર જ્યારે વસંત બને છે' પુસ્તકનું ઉદ્‌ઘાટન થયું. પૂજ્યશ્રીએ ગુરુદેવ શ્રી આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના ઉપકારોને યાદ કરવાપૂર્વક ચાતુર્માસની આરાધના કેવી રીતે કરવી તેના પર અદ્‌ભુત પ્રવચન કર્યું. વ્યક્તિઓ તરફથી સંઘપૂજનો કર્યા બાદ સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું.

● **ગોરેગામ** :- ગચ્છાધિપતિ સિદ્ધાંતદિવાકર પૂ. આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૧૪નો ચાતુર્માસ પ્રવેશ દબદબાભરી રીતે થયો. બૃહદ્ મુંબઈના અનેક સંઘોના આગેવાનોની હાજરી તરી આવતી હતી. સ્વાગતગીતમાં શ્રી શ્રેયાંસ યુવક મંડળે જમાવટ કરેલ. સંઘના પ્રમુખ શ્રી શનાભાઈ તથા પ્રકાશભાઈ ઝવેરીએ પ્રાસંગિક પૂજ્યશ્રીના ઉપકારોને યાદ કર્યા હતા. ૫૨/- રૂપિયાથી સંઘપૂજન-મીઠાઈ પેકેટની પ્રભાવના તથા બહારથી પધારેલા સાધર્મિકોની ભક્તિ કરવામાં આવેલ.

● ● ●

## દિવ્ય દર્શન સાપ્તાહિક પ્રકાશનની સમાપ્તિ સમયે અંતરની વાત

મિલનના લલાટ પર હંમેશા વિરહનું તિલક હોય છે. આરંભ-શરૂઆતની કોઈ કુંડળી એવી નથી જેમાં અંત-સમાપ્તિનો ગ્રહ ન હોય. છૂટા પડવું વસમું છે એટલે વિદાય વેળાએ શું કહેવું ? છૂટા પડતી વખતે બોલવાનું શું ? શબ્દોમાં હૈયાને ખોલવાનું શું ? આમ પણ શબ્દો બહુ બહુ તો લાગણીનો અનુવાદ જ માત્ર હોય છે.

આપણા-અમારા ગુરુદેવશ્રી ગયા. સ્થૂલ દેહથી એ હવે હયાત નથી. પૂજ્ય ગુરુદેવશ્રી ગયા એ ન ગમે એવી પણ હકીકત છે. છતાં ય એ રહ્યા છે, એમની કૃતિઓમાં અને આપણી સ્મૃતિઓમાં ચીરસ્થાયી રહેવાના છે.

ગુરુદેવશ્રીએ દિવ્ય દર્શન સાપ્તાહિકના માધ્યમથી દર સોમવારે લગાતાર ૪૨-૪૨ વરસ સુધી આપણને ઢંઢોળવાનું કર્યું છે. દૈનિક જીવનમાં રોજ રોજ ઊભા થતા સંક્લેશોને ઓછા કરવા સમતારસનું રસપાન કરાવ્યું છે. આપણને પ્રમાદમાંથી બેઠા કરવા અને આપણા આત્મા પરમાત્માનું દિવ્ય દર્શન તેઓશ્રીએ પોતાની તપોવાણીથી કરાવ્યું છે. દિવ્ય દર્શન પત્ર કેટલા ગ્રાહક વાચક પરિવારોને પહોંચતું હતું. તેના કરતાં ગ્રાહક-વાચકને તે કયાં પહોંચાડે છે તેને પૂજ્યશ્રી મહત્વની બાબત માનતા હતા.

એથી તો આપ સૌ કોઈએ વરસોના વરસોથી દિવ્ય દર્શનને આપના પરિવારના કલ્યાણમિત્ર તરીકેનું સ્થાન અને માન આપ્યું છે. અમે તંત્રી તરીકે માત્ર એક પ્લમ્બરની જેમ પાઈપલાઈન ફીટ કરી આપવા જેવી જવાબદારી અદા કરી છે. એમાં આગમગંગા તો પૂજ્યશ્રીએ જ વહેતી રાખી હતી. અમે સમજદારી અને વફાદારીનું યત્કિંચિત્ પાલન કરી શક્યા એમાં પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપા અને આપ સૌના સાથ સહકારનો ફાળો નાનો-સૂનો નથી જ. એથી જ આજે આપનું અંતઃકરણપૂર્વક અનુમોદન કરવાપૂર્વક આપનો આભાર માનીએ છીએ.

હવે **દિવ્ય દર્શન** સાપ્તાહિકના માધ્યમથી આપણે નહી મળી શકીએ, તે છતાંય પૂજ્યશ્રીનું પ્રકાશિત થતું અને થનાર સાહિત્ય, તમામ આજીવન સભ્યોને ઘેર બેઠાં પહોંચતું કરવાની અમો ખાત્રી આપીએ છીએ.

સાપ્તાહિક પત્રના સંચાલનગાળા દરમ્યાન અમારી ક્ષતિઓને કારણે દુઃખ પહોંચાડ્યું હોય તે સૌ કોઈ સ્વાધ્યાય પ્રેમીઓની અંતરના ય અંતરથી ક્ષમા માગી વિરમું છું.

લિ. કુમારપાળ વિ. શાહના પ્રણામ તંત્રી, **દિવ્ય દર્શન સાપ્તાહિક**

• • •